

જીવ પર જોરાવરી.

એક પારસી સંસારી વાર્તા.

(૨૩ ફોટોગ્રાફીક ચીત્રો સાથે.)

રચનાર—મી૦ ફીરોઝશાહ જહાંગીર મરઝબાન,
એમ. એ.

તે "કોચીનો સાહુકાર," "વારેસે ના-કબુલ," "અંગ્રેમેન્યુસ સાથ એગ્રીમેંટ," "નસીબની લીલી," "આઇતાંપર કોઇતું," "મોહબત કે મુસીબત," "હેન્ડસમ બ્લેગાર્ડ," "ઘડી ચપકો," "માસીનો માકો," "અફલાતુન," ઇત્યાદી ઇત્યાદીના કર્તા.

GIVE AND TAKE

આ પુસ્તક મી૦ ફીરોઝશાહ જહાંગીર મરઝબાને જામે જમશેદ ઓફીસ કોટ–મુંબઇમાં રચ્યું છે, અને એ પુસ્તક મી૦ દીનશા એદલજી કરકરીઆએ પોતાને માટે 'માણેક પ્રીન્ટીંગ પ્રેસ' [ગ્રાંટરોડ મુંબઈમાં] છાપ્યું તેમજ ત્યાંથીજ પ્રગટ કર્યું છે.

૧૯૧૬.

પ્રગટ કર્તાનો ખુલાસો.

ખુદાની મેહરથી આજે આ મારી કબુલાત મુજબ આઠમી ચોપડી પ્રગટ થયલી જોઇ વાંચનારને સંતોષ પામ્યા વીના રેહશે નહિ એવી મને પુરેપુરી ખાત્રી છે.

સાહીત્યની સેવા બજાવવાનું કામ મહારા ધારયા કરતાં પણ વહેલું બનાવવાને હું નશીબવાન નીવડયો છું એ ખરે-ખર મને પોતાને પણ તાજુબી લાગે છે.

માહરી ભલી ઉમેદો પાર પાડવાને માટે રાત અને દીનની મહારી કાળજીભરી ઉલટ મને વખતસર કામ કરવાને ખુદરતી રીતે ઉસ્કેરે છે તેમાં નસીબ સંજોગે મુંબઇની અંદર એક વગવાળું મીત્રમંડળ મહારી આસપાસ મેં એકઠું કર્યું છે કે જેઓની મહેરબાની વગર એક દગલુંબી હું આગળ ચાલી શકું નહીં.

ઘણી મગરૂરી સાથે આ ખુલાસો લખતાં મને કહયા વીનાં ચાલતું નથી કે મહારાં ઉલટમંદ કામની કદર મહારા માનવંત મીત્ર અને હમારા વડીલ ભાઇબંધ 'જામે–જમસેદ' તથા 'ગપ–સપ' નાં અધીપતી મી૦ ફીરોઝશાહ જાંહગીર મરઝબાન એમ. એ. એ પોતાની લખેલી આ વાર્તા 'જીવપર જોરાવરી' અને એની અંદર આવેલાં સઘળાં ચીત્રો એક્વાર પ્રગટ કરવાનો હક હમુને આપ્યો છે એટલુંજ નહીં પણ બીજી દરેક રીતે સારી સમજ આપીને હમુને મોટા ઉપકારમાં મેલ્યા છે તેથી એવણનો આ તકે મોટો આભાર માનું છું. ચોપડી દરેક રીતે કાળજીથી ઉલટમંદ દીલે બનાવી છે અને અંદરની

સરશ વાર્તા તેમજ ચીત્રો વિગેરે સઘળો 'ગેટ-અપ' ઘણો ઉંચો હોવાથી વાંચનારની જરૂર પસંદગી પામશે એમાં સંદેહ નથી. જો હમારી આ ઉલટમંદ નેમને વાર્તાના સોખીન વાંચનારાઓ પોતે અકેકી નકલ ખરીદી વાંચશે, તો સેંકડો સારી નશીયતો વાંચવા સાથે દુન્યાંપર ચાલતાં ઘતીગો ઇનિશાન જાતને દરેકને જાણવા તેમજ શીખવાનું જરૂરજ મલશે એટલુંજ નહીં પણ લેખકને તેમજ પ્રગટકર્તાને સંગીન જોર મળશે કે જેથી બીજી ચોપડીઓ પ્રગટ કરવાનું અને વાંચનારી આલમનું નસીયત સાથ બે ઘડી દીલ બેહલાવવાનું જે મુખ્ય સાંધન વાર્તાઓ વાંચવાનું છે તે પાર પાડવાને હમેશાં શક્તીવાન થઇશું.

લી૦ દુવાગીર સેવક,

દીનશા એદલજી કરકરયા.

માણેક પ્રિન્ટીંગ પ્રેસ
ગ્રાંટરોડ મુંબઇ.

બેહેશ્ત મુકામે શાંતીથી સુતેલી

તું

મારી અશો બેહન

ભલી, ભોલી અને નીરદોશ

પુટલી !

તારી પવીત્ર યાદને

આ મારૂં કમીનું પુસ્તક

ભીણાયલી આંખ્યો સાથે

અર્પણ કરૂં છું.

તા૦ ૭ મી ડીસેમબર ૧૯૧૫.



મી૦ પીજામ.

મી૦ રૂ. પે. કરકરયા તરફનો દીબાચો.

આ પુસતકનો એક ટુંક દીબાચો લખી એક મારી લાંબા વખતની ઇચ્છા પાર પાડું છું. તેથી જે ખુશાલી ઉપજે છે તેમાં આ બાબદથી બહુ વધારો થયો છે કે મારા મીત્રની આ નવલ કથા બાહેર પડવાના ઘણા વર્ષ આગમજ એવણના પેહેલાં લખાણોની મેં એક સેહેજ તપાસ લીધી હતી અને તેમાં નવલકથા લખવાની એમની શકતી વીષે ભવિષ્ય માટે ઘણી સારી આશા બાંધનારો અભીપ્રાય મેં દરશાવ્યો હતો. "ગપ-સપ" ચોપાન્યાંના બે ત્રણ પુસતંકોનો એ "રીવ્યુ" હતો અને તેઓમાંની એક લાંબી વાર્તા નામે "કોચીનો સાહુકાર" વાંચી હું લગાર અજબ થયો હતો, કારણ કે એટલી જવાન વયમાં—હું ભુલતો નહિ હોવું તો તે વખતે મી૦ પીજામ એકવીસ વર્ષથી ઝાઝી વધુ ઉમરે પુગ્યા ન હતા—વાર્તાનું વણું અને તેના પાત્રો ખીલવવાની શકતી તેમાં બરોબર માલમ પડતી હતી. તેજ વખતે મેં આશા બતાવી હતી કે એ વાર્તા એક ચોપાન્યાંની ફાઇલોમાં ઝાઝો વખત પડી ન રેહેતાં એક પુસતકના આકારમાં બાહાર પડશે તો તે વાંચક વર્ગનું ધ્યાન ખેંચયા વગર રેહેશે નહિ, અને વળી સાથે એમ પણ કહયું હતું કે આ શકતીનો વધુ ઉંપયોગ આપણા સાહીત્યની ખીલવણી અને વધારા માટે થવો જોઇએ છે.

એ બન્ને આશાઓ આજ લગભગ પંદર વર્ષ દરમ્યાન

ફ્લેલી મે જોઇ અને તેથી ખરેખર મને ઘણો સંતોષ ઉપજ્યો છે. "કોચીનો સાહુકાર" નામની તે વાર્તા મારા "રીવ્યુ" પછી થોડે વર્ષે એક પુસતકના આકારમાં બાહાર પડી અને આપણા વાંચનારાઓમાં વંચાઇ અત્યાર આગમજની લોક-પ્રીય થઇ પડી છે. એ પુસતક પછી એના કર્તાએ બીજાં ચાર પુસતકો બાહાર પાડયાં છે, અને હાલમાં આ એવણનું પાંચમું બાહાર પડે છે. મારા મીત્ર મી૰ ફીરોજશાહ જેહાંગીર મરઝબાન હજુર તો ત્રીસના દાહેકામાં છે અને તેટલી જવાન વયે પાંચ પુસતકો પ્રગટ કરી ચુકયા છે, એ ખરેખર એમણે માટે મુબારકબાદી લેવા જોગ છે. આ પાંચ પુસતકો તો પ્રગટ થઇ ચુકયાં છે, પણ આ બીના કાંઇ એવણની સઘળી અત્યાર સુધીની સાહીત્યની સેવાઓનો જુમલો દરશાવતી નથી, કારણ કે બીજી ત્રણ નવલકથાઓ જેઓ દરેક એકેકું પુસતક પોતા માટે રોકે તે એવણે રચી કટકે કટકે પોતાના "ગપ-સપ" ચોપાન્યામાં પ્રગટ કરી ચુકયા છે. એ ઉપરાંત એઓનો લખાયલો હાસ્યરસ નાટક "માસીનો માકો" અને એઓનાં રમુજી લખાણોનું હવે ટુંક મુદતમાં બાહેર પડનારૂં નવું પુસ્તક "ઘડી ચપકો" ગણતાં ૧૦ ગ્રંથોનાકર્તા તો મી૰ ફીરોજશાહ મરઝબાન થઇ ચુકયા છે. વળી મેં સાંભળ્યું છે કે આ એમની હમણા પ્રગટ થતી વાર્તા એઓએ પારસી નાટક મંડળીને માટે "ડ્રામેટાઇઝ" કરી છે, અને એઓનો તે નવો નાટક "અફલાતુન" નામે જે વખત જાય છે તેમાં નાટક તખતા ઉપર રજુ થનાર છે. એક લેખક જે હજુર ચાલીસ વર્ષની ઉમરે પુગ્યો નથી તે આટલી વાર્તાઓ, નાટકો અને બીજાં ગ્રંથો લખે એ આપણામા લગાર અસાધારણ ગણાવું જોઇએ. પણ જ્યારે એજ લેખકની બીજી રોકાણો હું ધ્યાનમાં લઉં છું ત્યારે એ બીના મને કાંઇક તાજુબીજ ઉપજાવે છે.

એના કર્તા કાંઇ ધંધેદાર વાર્તાનવેશ નથી. એવણની મુખ્ય રોકાણ બીજીજ છે, અને જેમ મારા વાંચનારાઓ જાણે છે તેમ એવણ એક વરતમાન પત્રના અધીપ્રતિ છે. વળી તે વરતમાન પત્ર અઠવાડીક નહિ પણ દૈનીક છે, અને તે "જામે જમશેદ" જેવું બોહોલો ફેલાવો પામેલું તેમજ ઘણું ફતેહમંદ થયેલું પત્ર છે. એવા ફતેહમંદ પત્રની ફતેહ અને મોભાને ટેકાવી રાખવાનું અતી જોખમદાર અને બાહોશ કામ એવણ આજ છેલ્લા અગ્યાર વર્ષો થયાં કરે છે. "જામે જમશેદ" જેવું એક રોજીંદું પત્ર પોતાના મુખી અને દોરવનાર ઉપર કેટલો બોજો મેલે છે તે જેઓ જાણે છે તેઓ આ વાતથી હેરત થાય તો નવાઇ નહીં કે એના અધીપતિને એ સીવાય બીજું કાંમ કરવાની સેહેજ પણ ફુરસદ મળેછેજ કેમ. પણ વખતની વેંહેંચણી નીયમીત કરવાની ઘણી સારી ટેવ રાખ્યાથી શું શું થઇ શકે છે એનો મારા મીત્ર 'પીજનમ'ની કારકીર્દી ઘણો સારો દાખલો આપે છે. વાર્તા લખવામાં એવણ પોતાની ધંધાદારી રોકાણો અને ઘસડબોરાથી એક જાતની દીલપસંદ મુક્તી મેળવે છે. બીજાઓ સાધારણ રીતે પોતાના કામની રોકાણોમાંથી એવી મુક્તી મેળવવા માટે કેટલોક વખત સુસતીમાં કાહાડે છે, એવું સમજીને કે એવી આળસાઇ તેઓને પાછળથી વધુ કામ કરવા માટે શકતીવાન બનાવે છે.

પણ એ વીચારમાં ઝાઝુ વજુદ નથી. કામ કર્યાથી જે હાક લાગે છે તે પાછળથી વખત ફોકટનો ગુમાવ્યા-થીજ માગ ઉતરી જતી નથી. એક પ્રકારના કામની હાક બીજા પ્રકારના કામ કરીનેજ ઉતારવાની રીતી જેઓને માલમ છે તેઓ તેમ કરીને બેવડો ફાયદો પોતાને કરે છે. મારા મીત્રે એવી ટેવ પોતાને પાડેલી હોવાથી આટલી ટુંક વયમાં આટલું

બધું કામ ફતેહમંદીથી એઓ આટોપી શકે છે. એવણુ વાર્તાઓ તથા નાટકો લખીને તેમજ 'ગપ સપ' જેવું એક રમુજી ચોપાન્યું પરવરતાવીને પોતાની ધંધાદારી ફરજો અને રોકાણોની હાક ઉતારે છે. અને આસાએશ મેલવે છે. એક રોજીંદા પત્રની લગામ દોરવવી એ ઘણાકોને મનસે એક એવું પુરૂ અને પુરતું કામ છે કે બીજી રોકાણો અને જંજાળો માથે હોરવાની તેના અધીપતીને બીલકુલ જરૂરજ હોવી ન જોઇયે અને વખત પણ મળી શકવો ન જોઇએ. પણ મારા મીત્રના દાખલા ઉપરથી સ્પષ્ટ રીતે માલમ પડશે કે એ વીચાર ભુલભરેલોછે.

આપણા કેટલાક બીજા વરતમાન પત્રોના અધીપતિઓએ એવો દાખલો આગળ આપ્યો છે. આપણા ઘણા ફતેહમંદ વાર્તાનવેશ કેખશરૂ કાબ્રાજીનો ધંધો અધીપતિનો હતો, તે છતાં એવણુ સંખ્યાબંધ વાર્તાના પુસતકો લખી શકયા—તે એજ ટેવથી કે પોતાના પત્રના કામથી જે હાક ઉપજતી હતી તેને વાર્તા લખવાના કામથી ઉતારતા હતા. કોઈ કેહેશે કે કાબરાજીનું પત્ર અઠવાડીક હતું, એટલે એવણુને વાર્તા લખવા માટે ઘણો વખત ફાલતુ પડેલો હોવો જોઇએ. રોજીંદા પત્રોના અધીપતિઓના દાખલા પણ મોજુદ છે. કે જેઓ પોતાના પત્રને અતી ફતેહમંદીથી ચલાવ્યા ઉપરાંત વાર્તાનવેશો તરીકે નામ કાહાડી શકયા છે. અત્રેના "ટાઇમસ ઓફ ઈંડયા"ના મરહુમ અધીપતિ હેનરી કરવને આ નામીચાં પત્રને ફતેહમંદ બનાવવા માટે ઘણું કર્યું હતું, જે ઘણાઓને માલમ છે; પણ આ વાત ઝાઝી બધાંઓને માલમ નથી કે કરવન એક ઘણા અચ્છા નવલકથા રચનાર હતા, અને ઘણાં વાર્તાના પુસતકો એવણે પ્રગટ કર્યા હતાં જે શરમાળ સ્વભાવને લીધે સઘળાં એવણુના નામ વગર બાહાર પડતાં હતાં. તેજ મીસાલ અત્રેનાં એક બીજા રોજીંદા પત્રના અધીપતિ માણેકજી માનોચેહેરહોમજીએ પણ ઘણી

વાર્તાઓ પોતાના નામ વગર બાહાર પાડી હતી. પણ હું આગળ શા માટે જાઉં છું? સર્વેથી સરસ અને વળી ઘણો લાગુ પડતો દાખલો આપરા ગ્રંથકર્તાના પીતા પુરો પાડે છે. મી૦ જેહાંગીર બેહેરામજી મરઝબાન લગભગ પા સદી સુધી "જામે જમશેદ" પત્રના અધીપતિ હતા અને તે પત્રની આગળી હાલતમાંથી હાલની ફતેહમંદ હાલતે લાવવા માટે એવણે ઘણી જેહેમત ખેંચી હતી. અધીપતિ તેમજ માલેક તરીકે બોહોલી જંજાળો છતાં એવણે સાથે સાથે ત્રીસ ઉપર વાર્તાના તેમજ બીજાં પુસતકો રચયાં છે. એમ કરવાનો ભેદ મેં જણાવ્યું તેમ એક કામ કરીને બીજાં કામની ઠાક ઉતારવાની ટેવમાં સમાયલો છે. એ બાપીકો ભેદ દીકરાએ પણ સમજી લઇ તેનો ઉપયોગ કર્યાથી આવાં પુસતકો આપણને વાંચવાની તક એવણ આપે છે.

આ બાપીકો ભેદ દીકરાએ લીધો એ બાબદ ઉપરથી મને યાદ આવે છે કે એમાંજ નહિ બીજી કેટલી બાબદોમાં આપણા કર્તા પોતાના પીતાને મળતા આવે છે. જે મરઝબાન કુટુંબને લગતા એવણ છે તે કુટુંબમાં લખાણ કળાના ગુણ પેહેડી દર પેહેડી ઉતરેલો છે. ફરદુનજી મરઝબાન (૧૭૮૭–૧૮૪૭) આપણા હીંદી છાપાનો પાયો નાંખનાર તરીકે મશહુર છે. તેવણ વરતમાનપત્રના અધીપતિ હતા, અને તેવણ પણ પોતાની પાછળ સંખ્યાબંધ પુસતકો મુકી ગયા છે જે ગ્રંથોએ એવણની યાદગારી એવણના સ્થાપેલા "મુંબઇ સમાચાર"ના પેહેલાં વર્ષોની ફાઇલો ઉપરાંત ત્રણ ઓલાદ સુધી જાળવી રાખી છે. એવણના દીકરા બેહેરામજી (૧૮૨૫–૧૮૯૫) જો કે વરતમાન પત્રના અધીપતિ નહિ હતા તોપણ 'રાસ્તગોફતાર'ના માલેક તરીકેની રોકાણો તેવણને માટે કાંઇ થોડી ન હતી; તે છતાં એવણ પણ સાહીત્યના પુંજારી હતા અને કેટલાંક વખણાયલા

પુસતકો પ્રગટ કર્યાં હતાં. એવણના દીકરા મી૦ જેહાંગીર (જનમ ૧૮૪૮) આપણે જેમ જોયું તેમ એક અધીપતિ અને માલેક હોવા ઉપરાંત સંખ્યાબંધ વાર્તાઓ અને મુસાફરીના પુસતકો લખી આપણા સાહીત્યની સેવા બજાવી શક્યા છે, અને મી. જહાંગીરની પુઠે હવે તેમના બેટા મી૦ ફીરોઝશાહ (જનમ ૧૮૭૬) પોતાના બાપદાદાઓની કુટુંબી કલમ સાથ આપણી સમક્ષ ઉભા છે.

એ રીતે જોતાં આપણા કર્તામાં સાહીત્યનો શોખ જે આપણી નજરે પડે છે તે ચોડી પેહેડીએથી ઉતરી આવેલો છે. મેં જેમ આગળ આપણા કર્તાના પેહેલવેહેલાં લખાણોની તપાસમાં જણાવ્યું હતું તેમ આપણામાં બીજાં કોઇપણ કુટુંબમાં કલમકશી અને સાહીત્યનો શોખ એટલી પેહેડી સુધી ઉતરેલો જણાતો નથી. "હેરેડીટી"ના બાબમાં મારા મીત્ર 'પીજામ'નો દાખલો આપણામાં ખરેખર અનુપમ ગણાવો જોઇયે છે, અને હું ઇચ્છું છું કે આવતી પાંચમી ઓલાદમાં પણ એ ગુણ દીપી નીકળે. ખરેખર, આ એક અતી હેરત પમાડનારી બીના છે કે એકજ કુટુંબની ચાર પેહેડીઓએ વરતમાનપત્રોની સાથ સંબંધ ચાલુ રાખ્યો અને વળી આપણા ગુજરાતી સાહીત્યને સંખ્યાબંધ પુસતકોથી ફળદ્રુપ બનાવ્યું.

આપણા કર્તા "જામે જમશેદ" જેવાં આગેવાન પારસી પગના અધીપતિ થઇ વાર્તાઓ લખવા માટે વખત ફાલતું પાડે છે. પણ એવણની અધીપતિ તરીકેની ફરજો આ વાર્તા લખવાના એવણનાં કામમાં મદદ કરતી રહી છે એમ કહી શકાશે. એક વરતમાન પગના અધીપતિને જીંદગીની ઘણી બાજુ જોવાની તક મળે છે, કે જેવી તક બીજા સાધારણ લખનારને કવચીતજ જડે છે. "જામે જમશેદ" પગ પારસી સંસાર સાથ આજ

ઘણાં વર્ષ થયાં સમાગમમાં આવેલું છે. એના આગળા અધીપતિ મી૦ જેહાંગીર મરઝબાને એ પત્ર પા સદી ઉપર પોતાના હાથમાં લીધા પછી તુરતજ પારસી સંસારના પોતાના આગળા અનુભવ ઉપરથી એ પત્ર મારફતે તેની કેટલીક નહિ જણાયલી અથવા થોડી જણાયેલી બાજુઓ અને સ્વરૂપો આપણી નજરે લાવ્યા હતા. તેનણે પોતાના સંસારના ઓહોળા અનુભવથી પોતાના વખતમાં કોમને વેહેવારૂં રીતે જેમ સંગીન ફાયદો કેટલાંક ખાતાંઓ ઉભાં કરીને તથા ચલાવીને કર્યો છે તેમ સાહીત્ય મારફતે વાર્તાના અને બીજાં પુસ્તકો રચી કોમનું ધ્યાન સંસાર ઉપર મજબુત રીતે ખેંચ્યું છે. એવી રીતે "જામે" પત્રની પારસી સંસારની માહીતી તેનું એક ખાસ લક્ષન થઇ પડયું છે, અને પારસી જીંદગીનાં કોઇકજ સ્વરૂપો તેની જાણમાં આવ્યા વગર આજે રહયાં હશે. આપણા કર્તાએ અધીપતિ થયા પછી "જામે" ની એ "સ્પેશીએલીટી" ચાલુ રાખી છે અને વધારી પણ છે. એક અધીપતિ તરીકેની ફરજે 'પીજામ'ને પારસી સંસાર સાથ ઘાડા સંબંધમાં લાવતી રહી છે, અને કુદરતી રીતે તેથી તેની એઓ આજે લગાર ઉંડી માહીતી ધરાવે છે. જો એવણની જવાન ઉમર તરફ કોઇ નજર કરે તો આટલી બધી સંસારી વાર્તાઓ તથા નાટકો લખવાનું જ્ઞાન કેમ મેળવ્યું તે માટે સ્વભાવીક રીતે શંકાસીલ બને, પણ તે જ્યારે જાણે કે આપણા વાર્તાનવેશ એક આગેવાન પારસી પત્ર સાથ તેના સુકાની તરીકે જોડાયલા છે અને તે પત્ર "જામે"ને બહુ ઓહોલી તકો પારસી જીંદગીના ઊંડાણમાં બારીકીથી ઉતરવાની ચાલુ મળે છે, ત્યારે તેની બેશક ખાત્રી થાય કે આ વાર્તાઓ પારસી સંસારના સંગીન જ્ઞાન અને અનુભવ ઉપર ઘણી અચ્છી રીતે રચાયેલી હોવીજ જોઇયે.

અલબત, આ વાર્તા તેમજ આપણા કર્તાની આગલી વાર્તાઓનું બંધારણ તદન "ઓરીજીનલ" નથી, અને "ઓરીજીનેલીટી"નો દાવો પણ મારા મીત્ર કરતા નથી. પણ તેમ આ વાર્તાઓ કાંઇ ઈંગ્રેજી અથવા ફ્રચ નોવલનું ભાષાંતર માત્ર નથી. પારસી સંસારને લગતી નવલ કથાઓ ઇંગ્રજી નોવલોના માત્ર ભાષાંતર હોઇ શકેજ નહિ, અને તેનું કારણ દેખીતું છે. પારસી સંસાર અને ઇંગ્રેજ સંસાર બહુ વેગળા છે. એક ઇંગ્રેજ લખનાર પોતાના લોકોની જીંદગી અને સંસાર એક નવલકથામાં ચીતાર્યો ગયો હોય તો ઇંગ્રેજોને બદલે પારસી નામો માત્ર મેળી તેનો તરજુમો કરી લેવામાં આવે તો તે હસવા સરખુંજ લાગે.. પણ આપણા કર્તા એવા ધોરણ ઉપર બીલકુલ કામ લેતા નથી. વાર્તાનું ચોકઠું એવણ જુદી જુદી ઘણી ઇંગ્રેજી નવલકથાઓમાંથી ગુંથી લઇ ઉપજાવે છે. જુદા જુદા પાત્રોની ખીલવણી એવણ પોતાની ઢબે કરે છે. પાયો અલબત બે ત્રણ ભેગી ઇંગ્રેજી નોવલો ઉપરથી લે છે, પણ તેની ઉપર જે ઇમારત એવણ ઉભી કરે છે તે પોતાની રીતનીજ તદન પારસી ઢબની બનાવે છે. એવી રીતે કામ લીધાથી પારસી સંસારને એવણ આપણી આગળ ફતેહમંદીથી રજુ કરે છે. આ વાર્તાઓની એક ખુબી આ જણાઇ આવે છે કે તેઓ ઇંગ્રેજી યા બીજી કોઇબી નોવલોના તરજુમાં છે એમ જણાઇ આવતું નથી, તેમજ પારસી સંસારનું જે સ્વરૂપ આપણી આગળ રજુ થાય છે તે ઇંગ્રેજી ઉપરથી ગોઠવ્યું હોય એમ પણ બીલકુલ લાગતું નથી. ઘણી ઇંગ્રેજી વાર્તાઓ ઉપરથી આપણા તરાહેન પડતા પારસી સંસારને આબાદ લાગુ પડતું એક વણું ઉપજાવવું અને તેના પાત્રોનો પરિવાર પારસી નર-

નારીઓ માફક ચીતારવો–એ કામમાં જે ખુબી સમાયલી છે તે "ઓરીજીનેલીટી"થી ઝાઝી ઉતરતી નથી બલકે ઘણી વેળા તેથી પણ ચહડયાતી છે. એક વાર્તાનું ચોકઠું અને પાયો વાર્તાનવેશે પોતાના મગજમાંથી ઉપજાવી કહડાયલો હોય–પણ તેના ચોકઠાંમાં રસ ન હોય અથવા તો જેમ ઘણી વેળા આપણી "ઓરીજીનલ" નોવલોના બાબમાં બને છે તેમ પાત્રોને ખીલવવામાં અને વાંચનાર આગળ રજુ કરવામાં તે પાછળ પડતી હોય, તો તેની "ઓરીજીનેલીટી" તેને ફત્તેહમંદ બનાવી શકતી નથી. એવી લુલી અને લુખી સુકકી "ઓરીજીનેલીટી" કરતાં એક અચ્છા બીજા ઉપરથી લીધેલા 'પ્લોટ'ને કુશળ રીતે પારસી પોશાકમાં સજ કરી વાંચવાજોગ બનાવવો એ વધારે પસંદ કરવા જોગ છે.

પારસી સંસારનું આબેહુબ ચીત્ર કાંઇ ઘણી વેળાએ આપણી સનમુખ રજુ કરવામાં આવતું નથી, અને વળી એવા ચીત્રો દોરવાં કેટલીક વેળા મુનાસેબ પણ નથી. પારસી જીંદગી અને સંસાર જેમ છે તેવાનોજ વાંચનારને વાર્તાઓ લખી ખ્યાલ આપવો એ અલબત બનવાજોગ છે, પણ એમ કરવામાં એક રીતનો જોખમ સમાયેલો છે, જે જોખમમાથી ફત્તેહમંદીથી બહાર પડવું સાધારણ તો શું પણ મોટા લખનારાઓ માટે પણ મુશકેલ થઈ પડે છે. જીંદગીની કેટલીક બાજુઓ આજે જેમ હસતી ધરાવે છે તેમ ચીતારવી એ નવલકથાના સાહીત્યની મોટી મુશકેલી છે, અને તેને પોતાના માર્ગમાંથી દુર કરવાને એક ડીકન્સ જેવો લખનારાઓનો શાહજ જોઇએ. પણ પોતાની "નોવેલો"માં realism દરશાવવાની આપણા કર્તાની મકસદ નથી; તેવણ તો મેં જેમ જણાવ્યું તેમ Idealism તરફ વધારે ઢલેલા છે. પારસી સંસાર આજે કેવો છે તેના કરતાં તે સંસાર કેવો

હોવો જોઇયે તે બતાવવા 'પીજામ' વધારે આતુર દીસે છે. એવણુના પોતાનાજ બોલોમાં જણાવયે તો "એક જુવાન પારસી અબળા **આજે કેવી છે** તેનું એક ફીકકું, રસકસ વગરનું ચીત્ર વાંચનારનાં હાથમાં મેલવા કરતાં એક જુવાન પારસી અબળા મારા વીચાર મુજબ ચોકકસ મુશકેલ સંજોગો વચ્ચે કેવી **હોવી જોઇએ** તેનું કાંઇ જોશદાર ચીત્ર વાંચનાર સનમુખ ધરવાનો મેં મારી કથાઓમાં હંમેશા વધારે અભખરો રાખેલો છે." લખાણના એક કીસબી કારીગર તરીકે આ Idealism નો અભખરો જે એવણે રાખ્યો છે તે આ વાર્તામાં એવણુની આગલી વાર્તાઓ કરતાં પણ વધારે અંશે પાર ઉતરેલો દીસે છે. આ વાર્તાની નાયકા "કટી દાવર" એ સારી રીતે બતાવે છે. કેટીનું ચીત્ર ઘણી મજબુત કલમથી દોરાયું છે તેમાં શક નથી, અને જેમ એક નાયકાના બાબમાં બનવું જોઇયે તેમ આપણું ધ્યાન પેહેલેથી છેલ્લે સુધી તેણી ખેંચેંલુ રાખે છે. એ ચીત્રમાં અતિ ઘણા રંગોનો ઉપયોગ કરવામાં આવ્યો છે, અને તે સઘળાજ આપણા સંસારને તેની હાલની હાલતમાં બંધબેસતા છે એમ કદાચજ કેહેવાઇ શકાય,—ખુદ એના ચીતારનાર પણ એમ કેહેવાનો દાવો કરતા નથી. પણ એ આખું ચીત્ર આપણા મન ઉપર જે છાપ બેસાડે છે તે ખરેખર આપણા હાલના સંસારને અનુસરતોજ છે. "કટી દાવર" ના કેટલાંક કામો હાલની પારસી જુવાન બાનુંઓ કરતી નથી—પણ જે સંજોગો વચ્ચે આ અબળા ફરતી બતાવવામાં આવી છે, તેમાં તે અસાધારણ લાગતાં નથી, અને એક પારસી બાનુ એવી રીતે વરતે તેમાં ાવાઇ ઝ.ઞી રીતે લાગતી નથી.

આ દીબાચો ખતમ કીધા અગાઉ એક બાબદ ઉપર જે મારે ધ્યાન ખેંચવુ છે તે એના ચીત્રો સંબંધી છે. આપ

ણામાં વાર્તાઓના પુસ્તકો ચીત્રોથી શોભાવવાં અને ખેંચાણ-
કારક બનાવવાં એ પેહેલાં તો અસાધારણ છે. કદાચ જો એવાં
ચીત્રો કોઇક વાર્તામાં આપવામાં આવે છે તો તે ઢંગધડા વગ-
રના અને ઘણી વેળા તો વાર્તા સાથ બીલકુલ સંબંધ નહિ
ધરાવતાં અહીંતહીંથી ઊંચકી અમસથાં ગોઠવી દીધેલા "બ્લોકો"
માત્ર હોય છે. ચીત્રો આપવામાં આવ્યાં છે એમ કહી શકાય
તે ખાતરજ ચીત્રો આપવામાં આવે છે એમ ખુલ્લું દીસી આવે છે.
એવાં નકામાં ચીત્રો હજુર નહિ આપવામાં આવે તો તેથી
કાંઇ પણ નુકસાન થાય નહીં, અને ઘણા વાંચનારાઓ એવાં
ચીત્રોની કાંઇ પણ પરવા કરતા નથી; એટલુંજ નહિ—તેઓનો
જીવ એથી સાંમો કચવાય છે. આપણા કર્તાએ આ બાબદમાં
ઘણો આવકારદાયક સુધારો દાખલ કર્યો છે જે હું આશા
રાખુંછું કે બીજા વાર્તાનવેશો પણ પોતાના પુસ્તકોમાં હવે પછી
આમેજ કરે. જીવતા નમુનાઓપરથી ખાસ પડાવેલાં જે
સુંદર ફોટોગ્રાફીક ચીત્રોની હારમાળા આ પુસતકને ખરે-
ખર શોભાવે છે તે વાંચનાર માટે એક મોટું ખેંચાણ થઇ પડશે
એમાં શક નહિ. કર્તાએ પોતાની વાર્તાને એ ચીત્રોથી જેટલી
શોભાવવાની મકસદ રાખી નથી તેટલી વાર્તાને સમજાવવાની
રાખી છે એમ ખુલ્લું દીસે છે. એ ચીત્રો ફોટોગ્રાફીના મદદથી
ઘણાં ઉત્તમ રીતે બનાવવામાં આવ્યાં છે, અને તેમાં પાત્રોને
તેમની લાયક પડતી ઢબે ગોઠવવામાં ઘણી કાળજી તથા મેહેનત
લેવાઇ છે. પોતાના પુસતકોને શોભીતાં અને હાથમાં લેવા
ગમે તેવા બનાવવા માટે મારા મીત્ર જે ખંત ધરાવે છે તે
આ એવણના પાંચમાં પુસતકમાં આ બે ડજન ફોટોગ્રાફીક
ચીત્રાની હારમાળાથી એક ઘણા ઉંચ્ચા તબકકા ઉપર
પુગી છે. બીજા વાર્તાનવેશો એવણને પગલે ચાલી એવાં

ચીત્રોથી પોતાની વાર્તાને દીપાવશે તો ખરેખર એવણુની મેહેંનત ગતે પડેલી કેહેવાશે. કદાચ આ દાખલાની નકલ બીજાઓ કરે તેટલાં તો આપણા કર્તા પોતાની સદા આગળ વધવાની ખંત મુજબ આવતાં પુસતકોમાં કાંઈ બીજો એના કરતાં પણ વધારે ખેંચાણુકારક અને આવકારદાયક સુધારો આમેજ કરશે. પણુ તે થાય તેની અગાઉ હું આપણા પારસી વાર્તાનવેશોને મજબુત ભલામણ કરૂં છું કે તેઓએ આવા પ્રસંગને અનુસરતા અને ઉત્તમ ધપે પાડેલાં ચીત્રોથી પોતાની વાર્તાઓને શોભાવવી, તેમજ સમજાવવી.

કર્તાએ સાડાત્રણુ વર્ષ ઉપર પોતાનું એક પુસતક પોતાના તે વેળાના હૈયાત માતાને અર્પણ કર્યું હતું. એક તાબેદાર હેતવંતા બેટાના આભાર અને વાહલની લાગણી તેમાં દીસ્તી હતી. આ "જીવપર જોરાવરી"નું અરપણપત્રીકા વાંચનારમાંઅને તેથી વધારે તેના લખનારમાં અફસોસની ગમગીન યાદની લાગણી ઉતપન્ત કરે છે. જે વાહાલી બહેનની ભલી યાદને આ પુસતક અરપણ કરવામાં આવ્યું છે તેણીનાં અકાળ મરણથી જે ગમ અને અફસોસ આજ ત્રણ વર્ષ ઉપર મરઝબાન કુટુંબને અને તેમના મીત્ર-મંડળને ઊપજ્યો હતો તે ફરી એકવાર તાજો થાય છે. જે ગુલાબ પુરેપુરૂં ખીલવા અગાઉ અચબુચ કરમાઈ ગયું તેની ઉપર કર્તા મીસાલ આપણાથી પણ આંસુ નાંખ્યા વગર ઈસારો થઈ શકતો નથી. તે ભલી, નીરદોશ, હસમુખી લાગણીવાલી પુતલી બેહનની પવીત્ર યાદ તાજી રાખવાને એક હેતવંતા ભાઈ તરીકે 'પીજામે' બહુજ ટુંક પણ જોશદાર શબ્દોમાં જે કોશેશ કરી છે તેને મારૂં દીલ ઘણું ખેંચ્યું છે. આ પુસતકથી એ કરમાયેલાં ફુલનો પમરાટ લાંબો વખત સુધી ચાલુ રેહે એજ મારી દુવા છે

રૂસતમજી પેસતનજી કરકરીયા.

મારૂં પાંચમું પુસ્તક.

તે કરીમ રહીમના હઝારો હઝાર શુગરાના કરૂં છું કે તેણે આજે મને મારી આ લાડકી કથાને એક પુસ્તકના આકારમાં બાહેર પડેલી જોવા માટે યારી બક્ષી છે. મારી 'સીરીઝ' નું આ પાંચમું પનોતું પુસ્તક છે. ખુદા જીવતો રાખશે તો હજી ટપ્પો લાંબો કાપવાનો છે. મારાં જીગરના ભીત્તરમાં જે બે ત્રણ ઉમેદો મેં આજ વર્ષો થયાં દાટી રાખી છે તે માંહેલી એક મોટામાં મોટી મારી ઉમેદ ખરેખર બસ એજ છે કે મારા મુરબ્બીજીને પગલે ચાલી હું બી મારી પછવાડે ત્રીસ વોલ્યુમોની એક હારમાળા મુકી જાઉં. ઓ પરવર! મારાં મનની તે મુરાદ બર લાવવા તું મને તાકાત બક્ષજે!

મારા માનવંત મીત્ર અને દીલસોજ ખેરખાહ મી૦ રૂસ્તમજી પે. કરકરયાના ખરેખરા લાયકીભર્યા દીબાચા પછી મારે આ "જીવપર જોરાવરી" વાર્તા માટે બોલવાનું કાંઇબી રહયું નથી મી૦ કરકરયા સરખા એક પ્રખ્યાત લેખક અને સાહીત્યના સેવક તરફથી મુજ અદના આદમી માટે એટલા બધા ઉત્તેજનના શબ્દો ઓચરાય એ હું માત્ર મારાં એક સારાં નસીબનીજ વાત સમજું છું. એ મારા વડીલ કલમકશ

ભાઇનો તેઓએ લીધેલી તકલીફ માટે અને મારા સંબંધમાં તેઓએ જે ભલાઇના સખુનો કહયા છે તે માટે હું સાચ્ચાં અંતકરણથી ઉપકારી છું.

પાક પરવરની મેહરથી આ "જીવપર જોરાવરી" વાર્તા બી—મારી આગલી નોવેલોની માફકજ—એકાદ "ઓરીજીનલ એખરો" નથી. એ કથા "ઓરીજીનલ"(!) **નથી** તેથી મારાં અંતરમાં જે ખુશાલી ઉભાય છે તેમાં મી૦ કરકરયા જેવા એક કાબેલ 'લીટરરી' ગ્રહસ્થને ભાગ લેતાં જોઇ આજે મને બેવડો સંતોષ ઉપજે છે. રાત દહાડાનો મારો એજ ધડક ધુજારો છે કે રખેને મને બી કોઈ અવર ઘડીએ એકાદ ધડપુછડાં વગરનો "ઓરીજીનલ"(!) કચરો બાહેર પાડવાનો દલદર ચેપ લાગુ પડી જાય. ના—અત્યાર સુધી તો તેમ થયું નથી. જ્યાં સુધી આ નાનકડું ભેજું સાબુત છે ત્યાં સુધી તેમ થશે બી નહી. આ કથાનો આધાર મેં ચાર જુદાજુદા ઇંગ્રેજી વળાંઓ ઉપર રચ્યો છે, અને મારી કમીની તાકાત મુજબ તેપરથી એક; શીલસીલ્લાબંધ પારસી સંસારી કાહણી બનાવવાનો પ્રયાસ કર્યો છે. તમો મેહરબાન વાંચનારાંઓ હરહંમેશ આ ગરીબડી કલમ માટે જે મમતા રાખતાં આવ્યા છો—તેથી દીલે હામ ધરી આ પુસ્તક હું તમારા હાથમાં મેલું છું, પછી તેને માટે તમો જેબી અભીપ્રાય આપશો તે હું સર ઝુંકાવીને માન્ય રાખવાને અલબત બંધાયલો છું.

સેહુજ બે ચાર લીટીઓ મારે ઉપકારની અત્રે લખવાની છે. પ્રથમ તો આ મારૂં 'વોલ્યુમ' આબાદ મારી 'સીરીઝ'નાજ 'સેટ'નુ આટલુ સ્વચ્છ અને આટલું અચ્છી તરકીબથી પ્રગટ કરીને બાહેર પાડવા માટે માણેક પ્રીંટીંગ વર્કસના મારા ભલા મીત્ર મી૦ દીનશા એદલજી કરકરયાનો હું આભારી બન્યો છું. બહુજ ટુંક વખતમાં આટલી સરસ છપામણી અને 'ગેટ-અપ' સાથે ભાઇ દીનશા કરકરયાએ આ પુસ્તક છાપીને પબલીશ કર્યું છે, અને "મુબઇના પારસી મેકમીલન" હોવાનો પોતાનો દાવો વાજબી રીતે પુરવાર કરી દેખાડયો છે.

બીજો મારો આભાર—ખરેજ ઉંડો અને પ્રમાણીક આભાર—મારા રૂડા અને સાચ્ચા દોસ્ત ભાઇ જહાંગીર એસ. તારાપોરવાલાનો માનવાનો છે. બીરાદર જહાંગીરની મારી તરફની હેતભરી લાગણી કાંઇ ખચીતજ ઓર છે. ભાઇ સમાન પ્રીતીથી એ પ્રખ્યાત હુન્નરમંદ આર્ટીસ્ટ સદા મને સહાય થતો આવ્યો છે અને આ 'નોવેલ'ના ચીત્રોના બાબમાંબી એજ કુશળ ફોટો-આર્ટીસ્ટે બીલકુલ બીનહાંસલ મને એક એવી તો દીલકસ ફોટોગ્રાફીક આર્ટ-સીરીઝ બનાવી આપી છે કે તેને ખચીત હું મારી ચોપડીની એક મોટામાં મોટી શોભા સમજુ છું. આ "જીવપર જોરાવરી"ના ત્રેવીસે ત્રેવીસ "ઈલસ્ત્રેશનો" 'લાઇફ' પરથી 'પોઝીઝ' આપીને આ નોવેલ માટેજ ખાસ ભાઈ જહાંગીર તારા-

પોરે પોતાના ફાંકડા જંગી સ્ટુડીઓમાં બનાવ્યાં છે. પોતાના ધંધાની જબરદસ્ત જંજાલો અને રોકાણ છતાં એ વાહલા બીરાદરે શ્રમ ખેંચી–અને પૈસાનો ભોગ આપી–એ કામ પોતાના આર્ટના અઠાગ પ્યારને ખાતર તેમજ મારી તરફની એની પ્રીતની સાચ્ચી લાગણીને ખાતર હાર પાડયું છે. હું એ મારા અઝીઝ રફીકનું હેશાન પુરેપુરૂં કેમ માનું તે ખરૂં કહું છું કે મને સુજતું નથી.

ફોટોગ્રાફીક ઇલસ્ત્રેશનો એક નવલકથામાં આપવાનો આ અખતરો મારો પહેલોજ છે. હું ધારૂં છું કે હીંદુસ્તાનમાં તો ગુજરાતી શું પણ ઇંગ્રેજીબી કોઇ નોવલના બાબમાં તે સદંતર નવો છે. મેં મારી આગલી કથાઓ નામીચા આર્ટીસ્ટ મી૦ ધુરનધરને હાથના ચીત્રોથી સંણગારી હતી–પણ ત્યાર પછી આ રીતે લાઇફ પરથી લીધેલા ફોટોગ્રાફોથી નોવેલને "ઇલસ્ત્રેટ" કરવાનો મને વીચાર સુજ્યો છે. દરેક પીકચરમાં અમુક પાત્રોના મ્હોડાં, ચેહરા ઇત્યાદી એક સરખાં રહે એજ મકસદથી આટલી મહેનતે આ ફોટો પીકચરોની હારમાળા મેં તમો સમક્ષ ધરી છે. આશા છે કે તે તમને પસંદ પડશે. ચાર મારી મુખ્ય કેરેકટરો—કેટી, જાલ, અદી, શીરીન—ના ખરા ફોટોગ્રાફો આપી તમને તેઓ સાથ બરાબર 'ઇનટ્રોડયુસ' કરવાનો મારો પ્રયોગ બી હું ધારૂંછું કે તમારી પ્રસંશા પામશે.

આ ફોટોગ્રાફો લેવાડવાના કામમાં મને જે યુરોપીયન બાનુઓ તેમજ ગ્રહસ્થો સહાય થયાં છે તેઓનું હેશાન માનવાને મારે વીસરવું જોઈતું નથી. વળી એજ મારી કોશેશમાં મને દીલોજાનીથી અત્રેની જાણીતી પરશીયન એમેચ્યુઅર ડ્રામાટીક કલબના લાયકીવાળા ભાઈઓએ–ખસુસ કરી એ કલબના સદાના ઉત્સાહી પ્રમુખ મી૦ મેરવાન બી. ઈરાનીએ–જે મદદ કરી છે તે માટે તેઓને હું ખાસ આભારી બન્યો છું.

આ ચીત્રોના બ્લોકસ હંમેશ મુજબ મારા હમશરીક ભાઇ જીજીભાઈ બરેગાટે પોતાની રાબેતાની કુશળતાથી આવા અચ્છા બનાવી આપ્યા તે માટે તેઓનો હું થોડો ઉપકારી થયો નથી.

ચાલો હવે—આપણે મારાં છઠ્ઠાં વોલ્યુમ "ઘડી ચપકા"માં ચંદરોઝમાં પાછાં મલયે તેટલાં–ખુદા હાફેઝ!

પરવર તમારૂં ભલું કરો!

લા૦ દુવાગીર,

પીજામ.

{ ન્યુ ચરનીરોડ મુંબઈ.
તા૦ ૧૭ મી ડીસેમબર ૧૯૧૫.

ચીત્રોનું સાંકળ્યું.

સફે.



તમારા હકમાં દુવાની માંગનારી—
મીસ કેટી એજનજી દાવર.

જીવ પર જોરાવરી.

પ્રકરણ ૧ લું.

એ દુકતી શું ઉંડા પાણીમાં ફરેછ?

“માયરેએએએ! તું મરેરે ચાચીઆરીનો પારતો! ભસ્તે ગીયો તો કાનમાં જાણે કસારાં બોલાવેછ!”

ખરેખર-અમદાવાદની પેસેનજર ત્રેનના એનજીને વાંદરાનું સ્ટેશન છોડતાં એવી તો મજબુત સીપટી મારી કે સેકંડ કલાસના લેડીઝ કમપાર્ટમેંટમાં બેઠેલાં બીચારાં ઘરડાં સુનામાસીએ ખુબ ચોંકીને પોતાના બે કાનો ઉપર જોરથી હાથ દાબી દીધા, અને સામેની ‘સીટ’ પર બેઠેલી એક હસમુખી દેખાવલી જવાન છોકરી ગમ ડઘાયલે ચેહેરે જોયું.

“અં, કેહની, દુકતી—એ મુવો ઇનજીનવારો એમ કાંય આજે દોરા બારતો હોશે? ઓજીયો આય સુદ્ધાં દસેક વખત તો પોતીકી માય મમઇનો જીવ કાહરી રેહયો.”

“લે ચાલો, માસી; વરી હવે છેકજ એમ કાંગલાં કુંસલાં ના થઈ જાઓ,” તે છોકરી પોતાની બેઠક ઉપરથી

ઉઠી સુનામાસીની પાસે બેસતાં ખુશ મીજાજે બોલી, "એનજીન જરા "વ્હીસ્ટલ"બી નહીં કરે કે? વસઇનો પુલ પસાર કરતાંબી તમે એમજ ધ્રુજી ધરકીને સીના સેરવીયા કીધાં."

"જા, જા—દાહડાબરી! તું ઘણી મોહટી હીમતવારી છે તે હું બધું જાણુંછ. તુને શું છે—તું તો હજુર હુલ્લર બચ્ચું છે ને તારા—"

"બચ્ચું? હીહીહીહી! માસી, તમેબી નંબર વન સુધલો છેઓ જો! બાવીસ વરસનો ઉપરો થઇ તોબી બાવાજીનું બુચ્ચુંજ છેઉં કેમ?"

"લેવો! બાકી આય મોકું બઇરૂં મનીખ તો જાવ! અરે તમે આજકાલની દુકતીઓ તો બચ્ચાં કરતાંબી નપેતરસમજી? ધમ ધમ કરતી મુઈ આખી આગ ગારી પુલ પરથી દોરી ગઈ તોબી આસ્તે રેહીને કેહેજે બીહો ના! પુલનો એકુ દાંનડો બાંનડો નીકરી પરીયો કે ચાલ ઓજન! મરેરે, ભઇજીએબી મને તારા જેવું નાદાન વાજાું કાંહને કાંહ સોંપી આપ્યું?—ઓ! વરી એ સાનો અભાગીઓ ચીસ પારેછ? જોની અમીના, જરા ડોકું બાહાર કાહદીને જોની—સાવજ જેવી રાન બેસી શું રેહીછ—સીગનલ તો બરાબર પરેલી છે કેની?"

"બાઈ રાતનાં મને શું દેખાએ?" આયાએ જવાબ દીધો.

"હારે હા માસી! અમથાં કાંય અકરાવોછ, જો? સીગનલ બરાબર છે—લેવો આય દાદરબી આયું! બીજા અરધા કલાકમાં કોલાબા આવી લાગશે."

"હારે મરે, હવે જઇને પાંડેલની ધરમશાલામાં ઠર પરીએ તો સારૂં. આપરે બપોરના નીકરીઆંછ તેહરથી મુવું આઠ કલાક ઠણુઠણુ કરતાં બરડોબી અકરી રેહયોછ ને આંગ તો

જાણે ગુનરોટલો થઈ ગીયુંછ. તેમાં આય ચીચારી સાંભળતાં બરીયું ખાધેલું પુરૂં છાતીપર ડોહવાઈ આવેછ."

લાડકી જવાન ખોરશેદ ગેલમાંજ હતી. પોતાના ૫૬ વર્ષનાં બુઢ્ઢાં માસીને એમ ઠાકથી અને ખોટી બીકથી અકરવકર કરતાં જોઈ એ છોકરીને હસ્વું આવતું હતું. તેણીનો નીરદોશ મીઠ્ઠો હસ્વાનો સાદ ચાલતી ગાડીએ વટીક મારીના તથા વીશવાસુ મુસલમાની આયાના કાનપર પડયો.

"મરેરે—મુવું હસવુંબી આવેછ. ઓય દેતાં કે આપરે તાંહાં પુગશું ને પછી—હહી,હી,હી,હી,હી !—પછી કેવી મજાહ પરશે, અં ?"

"જો છોકરી, તું એમ દાંત ના કાહરીયા કર, હું—જેમ જેમ મુવું સેનીટેરીયમ નજદીક આવેછ તેમ તેમ પેટમાં ધસક પરેછ. રોક જાણેરે ! હું ઘરડી ડોહીને તું એમ અહીં ઘેલાં કહરાવવા માગશે એવું જો જાણતે તો હું તારી સાથ મુંબઈ ઘસરઈ આવતેજ નાહી ને તારા બાપને સાફ કેહતે કે તારી પોરીને કોઈ બીજાને અસ્તક સોંપ, મારૂં તો કંઈ માનતીજ નાહી, ને છે તે—"

"ચાલો હવે, ચુપ રેહી જાઓ, યુ ડીયર ઓલ્ડ સુના-માસી !" ખોરશેદ તેવણુના ખભાં ઉપર એક હાથ મેલીને વચ્ચે બોલી પડી, "આખે રસ્તે તમુને સમજાવતાં ભેજું ચરી આયું ને મારી મરજી પરમાણે કરવા દેવાને તમે વચનબી આપ્યું. હવે છેલ્લી ઘરીએ કાંસી કરાંજીને એમ પાછાં ફરી જવા માગશો તો—તો—આય જોઇ ?"

આમ કહી ખોરશેદે સુનામાસીના ડાબા હાથપર જોરથી એક ઝીણી ચમટી તોડી.

"ઓ તું હરવાઈ જાયરે ! બધું ખોટુંબી કાહરીયું. જાબા—મને ઘણું લાગેછ જો—એમ મસ્તી ના કર."

"તારે જલદી પાછી કબુલાત આપો કે મારી ખુશી પ્રમાણે મને કરવા દેશો—ને મેં તમુને સમજાવીયું તેજ રીતે ડાહ્યાં થઇને ચાલશો."

"પણ દુકતી તું—છે તે—એ વાતમાં એક દમજ હુલ્લર—"

"અરે! પાછાં ચકાસીયાં કે? બખીઓ અમરાઉં કે તરી પાછો!"

"નહી—નહી—ચાલ ચેરાં ના કાહર! બલા જાણે મારી, હું કાંઇ એ તારી આપદામાં ફસી? તારા બાપે તુને તદન છગાવીને કોરીની કરી નાખીછ, દુકતી. મારે શું?—તું નહીંજ સમજતી તેરે હું તો અદબ વારી બધું રોખરૂ જોયા કરશ."

"હા—જો હવે કેવાં ડાહ્યાં ને મીઠ્ઠાં મધ જેવાં લાગોછ! મરૂરે મરૂ—મારાં કેવાં મજાનાં હીરા જેવાં માસી છે!" ખોરશેદ તેવણુનો બરડો પસવારી પટામણે સાદે બોલી, "બસ તમે ને અમીના મુંગાં મંતર ગગરીને બધો તમાશો જોયા કરજોની—બાકીનું હું બધું જોઇ લેવશ."

"પણ શું ધેફર જોઈ લેશે? બેવકુફ! એવી વાતમાં તે કંઈ આસનાઈ—"

"કેમ, વરી પટપટારો કરવા માડયો કે માસી? ચાલો જલદી હોઠ બીરી નાખો—વેકી જાઓ—જોઉંછ, તો?"

"અરે પણ દીકરી, કંઈ કામ બગરીયું તો ભઇજી મારી ઉપર કેવો દહવારો પારશે—"

"કંઈ કામ બગરતું નથી ને કોઈ દહવારો પારવાનું નથી. બસ હું તેની જોખમદાર છેઉં, માસી."

"તારૂં કીધેલું તું જાણ, બા! તું એવું જીદનું ખોરીઉ છે કે તારી સાથ તકરાર કરતાં મારૂં માથુંબી દુખી આયું. હું જાણુંછની કે તારાં મગજમાં ધખારો આયો કે પછી તું સગા

બાપની બી અરે નથી કરવાની. બચ્ચાંને એકદમજ લાર લરાવે પછી એમજતો! જરા તારી કોઇએ ખુશી નહી રાખી કે તું ઉડતા વા સાથબી લરવા નીકરી પરેછ—એ તે કંઈ રીત છે !!'

ખોરશેદે હવે મીજાજથી ભવાં ચઢાવ્યાં, "માસી, મને તમારૂં એવું લંબાણ લેકચર નથી જોઇતું. બસ તમારે મારી ગોઠવણ પ્રમાણે થોરા દાહરા ચાલવુંજ પરશે. ને જો પછી નાહીજ તો કાલની કાલ જરૂર અમીના સાથે હું મેલ ટેનમાં પાછી સુરત ચાલી જાઉંછ. હં—વરી એણી ગમ મારોબી ફાંટો છે, સમજ્યાં?

"ઓ વાય, ઓંજ્યો જુલમજ તો!"

"હા—જુલમજ! પેલાં લોકબી હમણા દોહર બે મહીના થયા પાંડેની સેનીટેરીયમમાંજ ઉતરીયાંછ. માય દીકરા ઘણે વરસે અહીં પાછાં ફરીયાંછ એટલે તે લોક આપુને કાંહથી ઓરખવાના ઉતાં, માસી?"

"અરે પણ ઘેલી, ભઇજી તો તાંહથી એ લોકને લખશે કેની કે તું ને હું પાંડેલની સેનીટેરીયમમાંજ——"

"નહી—બાવાજીને હું સમ સોગન આપી આવીછ કે એ લોકની ઉપર આપરે વાસ્તે કંઇબી લખે નહીં."

"મુવાં કોટક! એવો બરીયો જાનપુતલાંનો નાચ નચાવ્યા વગર તારા જીવને ચેન કાંહથી પરે? ફોર તારે ગમે તેમ માથું દુકતી! તું જેમ ફારસ કરાવશે તેમ હું ઘરડી ખોખા કરયા કરશ."

ખોરશેદનું હમેશનું હસ્તું મોહડું પાછું ખુલી ગયું. તેણીએ સુનામાસીની બોઝોર્ગ ગરદન આસપાસ પોતાના બે નાજુક હાથો વીંટાળી ચાંપીને કોટી કરી.

"શાબાશ માસી—હવે તમે મને કેવાં ગમોછ! પછાડેથી બાવાજી જારે થોરા દાહરા રેહી મુંબઈ આવશે તારે જરા

કુહરીને રેહશે—પણ તેટલાં કેવી ગમત પરશે! આય સુના જેવી તક મલીછ તેટલાં મારે બધો રાહઘાટ જોઈ લેવોછ. ચાલો, ચર્ચગેટ આયું ને પાંચ મીનીટમાં બીજું સ્ટેશન કોલાબા! જે માસી, બરાબર યાદ રાખજે હું—ને અમીના, તુંબી ખુબ હુસ્યારી રાખજે. જો કંઇ ભાંગરો વાટીયોછ તો તું જાણે! મારૂં નામ—છે તે—ખરસેદબાઈ! હું પારડીના ખેતીદાર બમનજી મેહેતાની દીકરી! તમે મારાં માસી સુનામાય. આપરે જરા હવા ફેરફાર કરવા થોરા દાહરા મુંબાઈ આયાંછ—કેમ ધ્યાનમાં ઉતરીયું?"

"અરે હારે હા—માથું ખાઈ ગેઇ! લે ચાલ ઇસટેસન આયું?"

પ્રકરણ ૨ જું.

ઓહો! જી ભરૂં ડાકટર અરદેશર વજીફદાર તો નાકપર માખબી નહી બેસવા દેતા!

ખરસેદબાઈ બમનજી મેહેતા!

કોઈ પારડીના ગરીબ જમીનદારની છોકરી પોતીકી માસા સાથ નંબર ૧૨ માં ગઈ રાતે આવી ઉતરી છે એ વાત આખા સેનીટેરીયમ મધે ફેલાઇ જતાં કેટલી વાર?

"છેએએએ—બીચારી આપરા જેવીજ સાદીમાદી 'છોબઈ ગોટા' છે. એનું અસલવારેનું ખસેદબઈ નામબી જોયું કેની? છોકરીમાં લાલાજી લાભ જેવું જરાબી નથી—ચીકનની પોહરી કોરવાલી કાંદા ભાતી સારી પહેરેછ ને સીઆન સલુકથી વચમાં સેંટો પારી આગલવેરથી માથુબાનું બાંધેછ."

"પણ વરી તેમ છેકજ સક્કર ડલ્લેબી નથી જો, માય મજેની રમકરાં જેવી સોવામણી ને બોલકણી ને ભેસરાઉ છે. કેહજે પોતાની સાથે સુરતી તાજી નાનખટાઈ લાવીતી તે પોતીકે હાથે જઇને નંબર ૯ માં આલીબઈ મુકાદમને અને નંબર ૧૩ માં હમાબાઈ વજીફદારને આપી આવી."

ઉપલી કીસમની નુકતેચીની સેનીટેરીયમના રહીશો તરફથી ખોરશેદ માટે ચાલી રહી હતી. અને હતુંબી તેમજ. પારડી ગામડાંની આ ઘટમારી ગોરીએ બીજે દહાડે બપોર સુધીમાં તો કેટલાંક ભરભાડુતોમાં ઓલખાન પીછાનબી પાડી મેલી હતી. તેણીનો વળવળતો જીવ એટલીવારમાં આખી ધર્મશાળાના ફરતા ઓટલાની પ્રદક્ષીણા કરીબી ચુકયો હતો. સુનામાસી તો ટાઢને લીધે ઓરડામાંજ ભરાઈ રહ્યાં હતાં, પણ ખોરશેદને એમ મરવાંની કાની ગોંધાઇ રહેતાં જીવને કળ પડે એમ નહી હતું. અમીના આયાને પોતાની સાથે ધસડી તેણી બીજે દહાડે દસેક વાગતે સેનીટેરીયમના વીશાળ વરંડા ઉપર અહીં તહીં લટાર મારી આવી હતી અને પોતાના હસમુખા ખુશ મીજાજી સ્વભાવથી ત્યાં રહેતાં થોડાંક બઇરાંઓ સાથ એલાર પેલારના સટાકા બી હાંકી ચુકી હતી.

ખોરશેદ ખચીત એક ઘટમદાર ચેહરાની ગામડયણ ગોરી હતી. સેહેજ શામળા ઘઉંવાળા રંગની હોવા છતાં તેણીનું સીધ્ધું કદ, ખુશનુંમાં હસતો મુખડો અને છુટથી પણ મલાહજાસર વાતચીત કરવાના તેણીના ખવાસથી તેમજ તેણીના લગાર 'ઓલ્ડ ફેશન' દેખાવથી સામા આદમીનું ધ્યાન તુરત તેણી ઉપર ખેંચાઈ જતું હતું. એજ કારણથી હમાબાઇ વજીફદાર જેવાં નંબર ૧૩ ઓરડાવાળાં એકમારગી અને એકલવાયાં ભાડુતેબી ખોરશેદ સાથ વાતચીત કરી ઓલખાણ પાડવાની દરકાર કરી હતી.

હમાબાઈ વજીફદાર એક વીધવા હતાં અને પોતીકા દીકરા સાથે દોઢેક મહીનો થયો ચીનથી મુંબઈ આવી સેનીટેરીયમમાં ઉતર્યાં હતાં. તેવણ ઉંમરે પંચાવનેક વર્ષનાં હશે. લાગટ સત્તર વર્ષો હાંગકાંગમાં કહાડેલાં હોવાથી તેવણ સેનીટેરીયમનાં ભર ભારુત સાથ ઝાઝાં ભેળાતાં નહી હતાં.

તે દહાડે બપોરના બારેક વાગતે ખોરશેદ સેનીટેરીયમમાં અહીં તહીં ડમકીને પાછી ફરી ત્યારે હમાબાઈ પોતાના ઓરડાની બહાર એક ખુરસીપર બેઠેલાં હતાં. ખોરશેદ જ્યારે સવારના હમાબાઇને એક ડજન નાનખટાઈ ભેટ આપી આવી ત્યારથીજ આ ગામડેની છોકરીનો સાદો દેખાવ, ખુશમીજાજી ઢબછપ અને દેખાવળો ચેહરો હમાબાઇને ગમ્યો હતો. આથી ખોરશેદને આ-ફેરી આવતાં જોઈ તેવણે હસીને તેણી ગમ ડોકું કરયું.

"કેમ ખરસેદબાઈ, બધે ઓટલાપર ફરી આયાં કે?"

"હાજી. ધરમશાળાબી કેવી મોટી ધંધાર જેવી છે. સારૂ થયું કે માસીને મેં સાથે નહી ઘસરયાં. બીચારાં થાકી ગીયાં તે જરા અરેટાયલાં છે—બુઢ્ઢું મનીખ તે જરા એમજ તો!"

"તારે તમારાં માય બાવા હમણા પારડીજ—"

"મારાં માયજી ગુજરી ગીયાંછજી—ને મારા બાવાજી બમનજીનાં પારડીમાં નાહલ્લાં બે ત્રણ ખેતરો છે, પણ હમણા વખત મુવો એવો ખરાબ છે કે વરસાદની અછતથી બધું ભાત બાત કરમઈ જાયછ ને—હી, હી, હી!—જરા એમ અવકરા તો ખરાજ તો, હમાબાઈ માય."

હમાબાઇએ ધારી ધારીને આ છોકરીના ભડભડયા ચેહરા ગમી જોયું. કેવી અજબ જેવી ખુલ્લાં દીલની છોકરી! પોતાની ગરીબાઇથી જરાબી તેણી શરમાતી નહી હતી!

"છ તે ખરસેદબાઈ, તમારી નાનખટાઇ ખરેખર મજેની

છે. હું–દાંતમા હજુર સવાદ રહી ગીયોછ. મારો અદી તો હોંસે હાંસે એક આખી ખાઈ ગીયો."

"તમારો અદી?" ખોરશેદ સવાલ પુછવાની ઢબથી બોલી. તેણી છેક વાંકી વળીને પોતાની ભરેલી સપાટ જોયા કરતી હતી–એટલે આ સવાલ પુછતાં તેણીના મોહડાંપર સેહજ રતાશ ચઢી આવ્યો તે હમાબાઇના દીઠામાં આવ્યો નહી.

"હા ખરા, તમે કાંહથી જાણો?" હમાબાઇએ ખુલાસો કર્યો, "મારો દીકરો અદી એક ડાકટર છે. અમે લોકો હાંગ-કાંગમાં ઘણાં વરસ ઉતાં ને તાંહ મારા વર ગુજરીયા કે અદીના મામા——"

"એ આવો સુનામાસી"–(ખોરશેદનાં માસી ઓરડામાંથી બાહેર નીકળી બંને વાત કરતાં હતાં ત્યાં આવી લાગ્યાં હતાં.) "એવણ મારાં માસી, હમાબઇજી–આય હમાબઈ વછ્છુદારને ઓરખોછ કે, માસી? બેસોની, જરા એવણ પોતાની હાંગકાંગની વાત કરેછ તે તો સાંભળો. અં પછી શું–તમે હવે અહીં મુંબઇમાંજ જાથુકનાં રેહશો કે, માય?"

"હા, મારો અદી હવે અહીં નહીં તો સુરતમાં પ્રેકટીસ ચલાવવા માગેછ."

"તારે એવણનાં બૈરી છોકરાં તો હાંગકાંગમાંજ રહેલાં હોશે. તે લોકને—"

"બૈરી છોકરાં? મારો અદી તો અખ્ખઇ રેહયો હજુ પણવા અદરાવાનો છે, ખરશેદબાઇ," હમાબાઈ સેહેજ હસીને વચ્ચે બોલી ઉઠયાં, "ઓંજીયો ઘણો મલતાવરો નથી. હમણા પોતીકા દોસ્તને તાંહ બહાર સધાવ્યોછ. ઓય આવતો હોશે. માય, ૨૭ વરસનો હવે દાહરે વારેનો થયો, હવે એને ઠેકાણે પારવા તો હું એને અહીં લઈ આવીછ."

"મરેરે—તારે હાંગકાંગમાં પારસી છોકરીઓ મલતીજ નહી હોશે?" ખોરશેદે ખુબ ગેલથી હસીને પુછ્યું.

"અરે નહીરે—તલાવ પુરઈ જાય તેટલી બરેલી છેને!—પણ મારા અદીનું તો ઘણુંકરીને એના મામાની છોકરી સાથે થશે."

"મામાની છોકરી? અં તમારા ભાઈ તારે—છે તે—હાંગ-કાંગમાં હમણા—"

"નહી માય—મારા ભઈ બેજનજી દાવર તો સુરતમાં આજે વરસો થયાં રહેછ. તાંહના મોટા લક્ષાપતી શેઠ્યા છે ને મોટા મેહેલ જેવા બંગલામાં વાડી વજીફા સાથે નવાબી ઠાઠમાં રહેછ. તેવણને પેટે બસ એકપુરી દીકરી છે—કેટી તેનું નામ—તેની સાથ મારા અદીનું ગોઠવવાને એવણે પોતાની મરજી દેખારીછ. મારો અદી પાસ થયો કે એવણે અમુને હાંગકાંગ લખીયું ને અદીનો ફોટો મંગાવ્યો તે પછી મને કાગલમાં જણાવ્યું કે "તમારા અદીની સારી ચાલની ખબર મેં કહારીછ ને એ ડાકટર હવે થયોછ ને મજેનો દેખાવલો છોકરોબી છે તેથી મારી કેટી સાથ હું એનું કરવા ખુશી છેઉ.?"

"ચાલો સુગરાના! તમારા દીકરા નસીબવાલા છે. એવણને પોતાને કેટી દાવર ગમેછ કેની, હમાબાઇ? તે છોકરી મજેની ખુબસુરત હોશે?"

હમાબાઇ જરા મગરૂરીથી મનમાં હસી પોતાની ખુરસી ઉપર અઢેલાઇ બેઠાં.

"માય, અમે આજે સત્તર વરસે હાંગકાંગથી આયાં. એટલાં વરસ મેં મારા ભઇ બેજનજીનું ને મારી ભતરીજી કેટીનું મોહનુંબી કાંહ જોયુંછ? અદીએબી તે લોકને જનમમાં નથી જોયાં."

"પણ કેટીનો કંઈ ફોટોગ્રાફ તો તમે મંગાવ્યો હોશેની?"

"નહીં માય—ભઇએ લખ્યુંછ કે જે વખત જાયછ તેમાં બેઉ



નેકટાઇ કાલર અને મોગલ કેપમા સજ્જ થયલો ડા૦ અરદેશર મધ્યમ ઉંચાઇનો ને તે સાથે ગોરા સોહામણા ચેહેરાનો દેખાવડો જવાન હતો. તેના મ્હોંડા પર એક ફાંકડી મુછ હતી અને આંખે સોનાનો આઇગ્લાસ હતો. (જુવો સફા ૧૧ મો.)

જણા અહીંજ આવવાનાં છે ને–ને પછી શું વરી–સીધીભરુ ચાન દેખો તો—"

"આપસે નજર આવેગા!–હીહીહી!–અરે પણ હમાબઈ માય, કેટી દાવર મારા જેવી કોઈ બીચારી ઓડલું ગોડલું ડોણું હોશે તો?"

"તે તો હવે જે અમારા નસીબમાં હોય તે ખરૂં. છોકરી જારે હોશે તારે બાપની ૧૫ થી ૧૬ લાખની દોલતની વારસ છે–ને મારો અદી દુન્યાદારીનો દાવંકો છે, ને આજે પંદર–વીસ લાખ કંઈ ઉચકીને ગટરમાં નાખી દેવાના નથી તે મારો દીકરો બરાબર સમજેછ. એ તો–ઓ લેવો! મરૂરે–આઇસના લાંબા છે! નામ દેતાને વારજ આવી લાગા. અદી! આવની દીકરા નારીજ વાત કરીયેછ. ખરસેદબઇ, આય મારો દીકરો ડાકટર અદેસર. અદી, આય આપરાં પરોસી કાલે રાતે પારડીથી આયાં તે–મીસ ખરસેદબઈ બમનજી મેહેતા ને આય એવણના માસી સુનામાય."

ડા૦ અદીએ બંને બાઇઓને દુરથી ભપકામાં સેહેજ ડોકુ નમાવી સલામ કરી. ખોરસેદે પાછું ડોકુ કર્યું અને તે જવાનના ચેહેરા ગમ બે ઘડી કાલી ભમ્મર આંખ્યો ઠેરવીને જોયું. બેશક! નેકટાઇ કાલર અને મોગલ કેપમાં સજ થયેલો ડા૦ અરદેસર મધ્યમ ઉંચાઇનો ને સીધો ગોરા સોવામણા ચેહેરાનો દેખાવલો જવાન હતો. તેના મોહોડાંપર એક ફાંકડી મુછ હતી અને આંખે સોનાનો આઇગલાસ હતો.

ખોરશેદે એક તડાકામાં જોઈ લીધું કે અદી મીજાજે જરા મગરૂર અને ટેકાવદાર હતો. ખોરશેદની પોહોળી પટાક કોરવાળી કાંદાભાતી સાડી તથા વચમાં સેંટા સાથે હોરેલા બાલ ઉપર આગળવેરથી બાંધેલાં તેણીના માથાબાના ગમ તેણ બે ઘડી

સુંચી આંખ્યો કરીને જોયુ અને પછી વાત ધ્યાનમાં નહી ઉતરી તેમ જરા દમ્માંજ ડોકું ઉંચુ રાખી પીઠ મરડી ઓરડામાં ચાલી ગયો. ખુલ્લે ખુલ્લી રીતે તેના ચેહેરા ઉપર પ્રગટી નીકળેલો છાપ કહી આપતો હતો કે એવાં ગામડ્યાં ગમારોની સાથે વધારે ભેજાં દુખણ કરવાને તેને દરકાર નહી હતી.

"લે ચાલો માય, ભોનું કહરાવો–તાસા સેકાયછ." તેણે અંદરથી લગાર તોરમાંજ બુમ મારી.

હમાબઇ અંદર જવા ઉઠ્યાં. ખોરશેદ અને સુનામાસી પોતાના ઓરડામાં ચાલી ગયાં. ઓરડામાં જતાંજ ખોરશેદ તો ઢોલ્યાપર બેસી જઇ કલવાઇને હસવા પડી.

"માસી ડીયર–કેવું ફક્કડ ચોકડું બેસેછ, હં! ડાકટરજી તો જી ભરૂ નાકપર માખ નહીં બેસવા દેતા! હીહીહી! લે ચાલો–એમ વસણાયલુ ડાચું ના કરો–મુવું મને પુરૂ હસવું આવેછ."

સુનામાસીએ ઉંડો નીસાસો નાખ્યો, "તું તો તદન મેટ મુઇછ!" તેવણ માથે હાથ દઇને નખાઈ ગયલે સાદે બોલ્યાં. "મને કંઇ સમજ નથી પરતી–છોકરી, તારૂં શું થશે?"

"આંહણું!" ખોરશેદે ખડખડ હસતાં જવાબ વાળ્યો અને એક નાનખટાઇનો કટકો મોહડાંમાં માર્યો.

પ્રકરણ ૩ જું.

ધાંખરા પાસ દહલો છે, જો–બચ્ચા અહી, સંભાળ!

એબી અજબ જાતનો પારસી! ગીરગામના લત્તાપરના લોકો ચાવાચીવી કરે તેમાં કાંઈ નવાઈ છે? ત્યાં ત્રામ ટરમીનસ

આગલ આવેલી મોટી "ગુલાબવાડી"ની વચ્ચોવચ ઉભેલા ત્રણ મજલાવાળા દમામદાર બંગલામાં તદન એકલા અટુલા રહેલા મેહેરનોશજી વજીફદાર બેશક એક ભેદી ઉખ્યાણુજ હતા.

છેલ્લાં બે ત્રણ વર્ષ થયાં આ એકલ ડોકલ ડોસો પોતીકા વખાર જેવી ઇમારતમાં ચંપાઇ રહી એક માંદા મરઘાની માફક ઝુરયા કરવાની જાણે બાધા લઈ બેહેલો હતો. નહી બૈરી મળે નહી છોકરાં હૈયાં મળે; બસ નજદીકના સગામાં એક એકપુરો ભત્રીજો હતો. આ ભત્રીજો તે આપણો હાંગકાંગવાળો જવાન મીત્ર ડા૦ અરદેશર વજીફદાર! હા, વાંચનાર, તું તેને ઓળખી ચુકયો છે. પાંડેની સેનીટેરીયમમાં જે ડા૦ અદીને આપણે જોઇ આવ્યા તેનો આ ઘરડો મેહેરનોશજી સગો કાકો થતો હતો. અદીબી જબરો નસીબવાળો, બા! એક ગમથી જે વખત જાય છે તેમાં પોતાના ગબ્બર સુરતી મામા બેજનજી દાવરની પંદર સોળ લાખની દીકરી કેટીનો ધણી થવાનો—અને વળી બીજી ગમથી જ્યારે હશે ત્યારે આ ખખડી વખડી ગયલા કુંવારા કાકાની માયાપુજીનો એકલો વારેસ બનવાનો!

લગભગ સાઠની ભરતીમાં આવી ચુંકલા આ કાકાજી પાસે સારો જેવો દલ્લો હતો એમાં તો ફેર નહી! હાંગકાંગ સત્તર વર્ષ દેશનીકાળ પડવાથી અદીએ તેવણને એક વખતબી જોયા નહી હતા—તેમજ કાકા ભત્રીજા વચ્ચે એક આંકડોબી પત્ર-વ્યહવાર આટલી મુદત દરમ્યાન ચાલ્યો હતો નાહી. કયાંથી ચાલે? છેલ્લાં બે ત્રણ વર્ષો થયાં મુંબઈ હર પડ્યા અગાઉ મેહેરનોશજી વજીફદારનો ભરૂસો અને ભુતનો ભરૂસો એકજ હતો. તેવણ ટાંટીયો ઠેરવીને જરા એક ઠેકાણે ઠરીઠામ થાય તો પોતાના ભત્રીજાની ખબર લેવાને તેવણને સુઝ પડે કની? પણ નહી—મેહેરનોશજીની આખી કારકીર્દીજ ગોયા જીવપર જોરાવરીનો એક અદભુત કાહણી કીસ્સો હતો.

જુના વખતના જાણકારોના કહેવા મુજબ મેહેરનોશજી વજીફદારે પોતાની જવાનીમાં ધંધા અર્થે આખું હીંદુસ્તાન, અરબસ્તાન, કાફ્રીસ્તાન, બરમાહ, ચીન, જાપાન વગેરે ખુદારી માર્યું હતું. સાહસીક બુદ્ધીના આ પારસીએ અનેક જોખમનાં કામોમાં ઝીપલાવી દઇ જીવ સટોસટ હાડમારીઓ વચ્ચે આસ્તા વણી બાસ્તા વણીને સોલસેં વેપાર કર્યા હતા! એકવાર ટ્રાન્સવલ ખાતે મોતીનો વેપાર, તો બીજી વાર કાબુલની લડાઇમાં કોમીસેરીયટ ખાતાં સાથે કુચ! થોડો વખત કાઠીયાવાડની સોનેરી ટોળીમાં સામેલ તો થોડી મુદત પંજાબમાં એક મોટી ઉરદુ નાટક મંડળીના માલેક અને આગેવાન એકટર! ઘડીમાં ટીકંકા લાગ્યો તો એકદમજ ન્યાલ અને પળકવારમાં એકાદ ગોદો લાગતાંજ પાછા સુક્કા તાટ! એવા ભમતા ભુત કાકાની ખબર અંતર હાંગકાંગમાં દુરદરાજ પડેલા ભત્રીજા અદીને મળે તે શી રીતે?

પણ ડા૦ અદી જ્યારે પોતાની માતા સાથે મુંબઇ આવ્યો ત્યારે તેણે પોતાના આ નેકબખ્ત કાકાજી વીશે ખબર કહાડવા માંડી. તેણે જાણ્યું કે ઘરડા કુંવારા મેહેરનોશજી કાકા રખડ રઝડની જીંદગીનો તમામ લીલો સુકકો લાહવો ચાખીને ધરાઇ જવા પછી —બે પાંચ પૈસા ગાંઠે બાંધી છેલ્લાં ત્રણેક વર્ષ થયાં 'ગુલાબવાડી'માં પોતીકાં હાડકાંને આશાયશ દેતા એકાંતવાસ ગુજારતા હતા. તે હકીકતથી વાકેફ થતાં અદીબાએ એટલુંબી ખાત્રી-પુર્વક નક્કી કરી લીધું કે ધાંખરા પાસે નાખી દેતાં પાંચ સાતેક લાકરીનો જીવ હતો. પણ ગામના લોકનો સાધારણ અભીપ્રાય તો એવો હતો બુધ્ધો જરા ચાકલેટ હોવો જોઇએ—કારણ કે હજીબી તેની કેટલીક વીચીત્ર ચાલચલણ અને હીલચાલો ખુદ તેના પોતાના નોકરોને સમજ પડતી નહીં હતી. વળી જે ધણી



ણે ચુંચી આંખ્યો કરીને જોયું અને પછી દમમાં ડોક ઉંચું રાખી પાછી મરડી ચાલી ગયો.

(જુવો સફ્હે ૧૨ મો.)

આટલા પૈસા છતાં કુંવારો રહી પોતાનો આખો ભવ કુંજરા-પણામાં બાળી નાખે—જે માણસ એક અરીમધરીમ જેવું મોટું મકાન પોતાના એકલા જીવ માટેજ બીલકુલ ઉજડ રાખી મેલે—જે આદમી તબેલામાં ચચાર મોટા આસ્ટ્રેલીયન ઘોડાઓ ખાઇ ખાઇને પેંડા જેવા બન્યા કરે તે છતાં ચાંદરાત ચાંદરાતે બી ગાડી જોડાવી જરા બાહેર સસરે વસરે નહી—જે શખ્સ પોતાની ગંજાવર 'ગુલાબવાડી'માં ઝુલાઇ જતી ફળફળાદી અને રેવ રેવ થતી તરતરકારી ગમ જુદાઇએ ઝાંખીને જુએબી નહીં—તે પારસી વળી ચાકલેટ નહી તો બીજો કોણ કહેવાય?

આવા ઘણ ઘણ ઘેરી કાકાની નેકનામીની વાતો સાંભળી ડા૦ અરદેશરે પોતાનું નાકનું ટીચકું ઘણીવાર ચઢાવ્યા કર્યું હતું. હાંગકાંગથી આવ્યાને તેને બે મહીના થઇ ગયા તોયે બીજાજમાંજ મરી રહેલા ભત્રીજાજીએ કાકાની હજી મુલાકાત લીધી નહી હતી. અને એણીમેર મેહેરનોસજીબી પોતાના વારેસની મુંબઇમાં પધરામણી કે ખુદ હસ્તીની જાણે માહીતીજ ધરાવતા નહી હોય તેમ મુંગા ગગડી રહ્યા હતા. જ્યારે અભાગ્યા કાકાજી તરફથી કાંઇજ તેડું આવવાની નીશાની રખાઇ નહી ત્યારે અંતે બભરી ચટકીને ભત્રીજાએ ભપકામાંજ ટુંક કાગલ લખી પોતાના મુંબઇ આવી પુગવાની ખબર તેવણને પહોંચાડી. એ કાગળ પોસ્ટમાં પડવાનેબી દહાડાઓ નીકળી ગયા—પણ કાકા બાકા તરફથી તો એક લીટી સરખીબી નહી મળે!

મગરૂર પ્રકૃતીના અદીને ચટકો તો ખુબ લાગ્યો—પણ કરેબી શું? એવા ઘસેલા કાકા માટે ગમે તેવીબી "ડાન્ટકેર" થઇ શકે, પણ—પણ—તેનો પેલો છાંદો? તેની "ડાન્ટકેર" કેમ થાય? આહ યાર! કાકાના પાંચ સાત લાખ રૂપીઆ ગમ ટીચકું ચઢાવવા ડા૦ અરદેશર વજીફદાર તૈયાર નહી હતો. પોતે

ડાકટર થવા પછી અદીના ભેજામાં ઘણી રાઈ વધી ગઈ હતી. બસ લાખ લાખનાજ હવે તેને સ્વપના આવતા હતા અને ગરીબાઇનું નામ સાંભળતાંજ તેના મોહડાં ઉપર તીરસકાર ફેલાઇ જતો. પેલી દોઢીયાંવાળી કેટીનો ભરથાર પોતે થવાનો–પણ અદીની પોતાની પાસેથી તુર્ત વેળા તો બાંધી મારે તોબી આખા હજાર રૂપીયા નીકળે નહી એવો મામલો હતો. મુંબઇમાં પ્રેકટીસ ચાલે અને પાછળથી કમાણી વધે ત્યારની વાત! પણ તેટલાં જે આય કાતરીયાંનો ગીયેલો કાકો તાકો ઘડી કરીને કંઇ ડલ્લો અદીને આપી જાય તો લક્ષાપતી બેજનજી મામાનો જમાઇ થતાં તેની હાલત હમણા જેવી છેકજ કઢંગી થઇ નહી પડે.

એવી ગણત્રીમાં કાકાના જવાબની વાટ જોતાં જોતાં અદીના ડોળા તણાઇ આવ્યા. આણી ગમથી હમાબાઇ તેનું રોજ માથું ખાઇ જતાં હતાં કે કાકાને મળી આવવું. આખરે બસીયાણો પડી તેણે એક દીવસે મેહેરનોશજીને ફરી લખી ચેતવણી આપી કે બીજે દહાડે સવારે દશ વાગતે તે તેવણને "ગુલાબવાડી"માં મળવા આવનાર છે.

પ્રકરણ ૪ થું.

ખોરનું દાર!–કાકો મરેરે એમ નો એમ!

ખોરશેદ મેહેતા પોતાના માસી સુનામાસી સંગાત સેનીટેરીયમમાં આવી ઉતરી તેની ત્રીજે કે ચોથે દહાડે આ બનાવ બન્યો હશે. ડેડવેલે દહાડે ખુબ સ્ટાઇલમાં કાળો સુટ, ઉંચો

કાલર, નેકટાઇ તથા મોગલ કેપ લટકાવી ડાકટર અરદેશર વજીફદાર ટ્રામમાં બેસી 'ગુલાબવાડી' ગયો. અદી જ્યારે દરવાજામાં પેઠો ત્યારે ઘણા સારા સ્વભાવમાં તો હતોજ નહીં. ભેજાંના ખીસેલા કાકાએ તેની મગરૂરીને ફટકો માર્યો હતો એટલે મનમાં ખુબ ખભરીને અદી રોહસા ભેર 'વાડી' માં પેઠો અને પોતાના વીચારમાં લીન થઇ તેણે ધસારાબંધ બંગલા ગમ ચાલવા માડયું.

દશેક ડગલાં આમ નીચું જોઇને તે ધડાકા સમેત ચાલ્યો હશે તેટલાં સામેથી આવતા કોઇ માણસ સાથ તે જોરથી અથડી પડયો અને એક જબરા આંચકા સમેત જમીન ઉપર ધમ્મ દઇને અફળાઇ પડયો. તેની મોગલ કેપ ઉડી જઇને પાણીના ખાબોચીયાંમાં ગબડી પડી તથા નાક પરનો આઇગલાસ જમીન પર પટકાઇ જવાથી બેઉ કાચનો ખુરદો થઇ ગયો. કાળો ડગલો પાટલુન તો બધું ધુળથી લપટાઇ ગયું હતું.

અદીનો મીજાજ રસ્તામાંજ બરખેલાફ હતો તેમાં હવે તેની આવી સુરીયાની હાલત થવાથી તથા ડાબા હાથની કોણી બધી છોલાઇ જવાથી તેનો પીત્તો પુરો ઉછળી આવ્યો. છલાંગ મારીને તે ઉભો થયો અને સામા ધણી તરફ એક છેડાયલા પોશાગીરની માફક ડોળા કકડાવ્યા.

'યુ ગધ્ધા!" અદીએ દાંત પીસીને બુમ પાડી, "આંધરા ભાતની કાની ચાલી મરેછ! સામે જોઇને ચાલતાં આંખ ફુટી જનયછે કે?"

પણ સામો આદમી તો કોઇ નકરું ઠંડા પાણીનું માટલું નીકળ્યું! કંઇબી દલગીરી દેખાડવાને બદલે તેણે અદબ વાળીને સેહેજ મુછમાં હસ્તા જઇ તે જવાનનાં ઉસકેરાયલા ચેહરા ગમ તથા તેના એવા અવતાર બે અવતાર ગમ ઝીણી ઝીણી આંખ્યોએ જોવાજ માંડયું. દેખઇતી રીતે તે કોઇ બગીચાનો પારસી કારભારી

યા તો કાકાનો પારસી બબરચી અદીને લાગ્યો—કારણ કે દીલમાં એક મેલો સદરો લેંઘો અને માથે એક જુની પુરાણી ફાટી તુટી કીનખાબની ટોપી સીવાય તેણે બીજું કશું પેહેરયું નહી હતું. તેના મેલા અખંતર પગમાં સપાટ વટીક નહી હતી. તે ઉમરે આશરે પંચાવન સાઠેક વરસનો લાગતો હતો પણ તે છતાં અંગે પતલીયો સરખો અને લાકડી જેવો સીધો દેખાતો. માથુ છોલાવી નાખેલું હતું તેમજ દાહડીબી બીલકુલ મુડાવીને સાફ કરી નાંખેલી તદન સક્કર ગંદેરી જેવો લાગતો હતો.

આવો અગરગચ્ચો બેબદામનો નોકર આમ સાહુકારીથી સામો ઉભો રહી નફટ નાકે ટીકયા કરે એ તે કેવી પાક બેવફાઇ! અદીથી હવે ગુસ્સો તામોશ થઇ શકયો નહી. પેલા માણસના આંગ ઉપર તે અડોઅડ ગયો અને લાલચોળ બની જઇ તણાઇને કહ્યું—

"કેમ એઇ! બેઅદબ કુતરા! તારૂં મોહત ભમેછ કે? તું મનમાં સમજેછ શું?"

"હમજે હું? કાંઇએ હમજતો નથી, અહુવે!" પેલાએ ઠંડે કલેજે જવાબ વાળ્યો.

"હેં! એટલે? યુ......ફુલ! તું ચાહે શું પીએછ? લે આય તારી બેઅદબીનો બદલો!" આમ કહી અદીએ પેલા બુઢ્ઢાંના ડાચામાં એક કકડાવીને મુક્કી મારી અને પછી તેને બાજુમાંથી એક એવો તો જબરદસ્ત ધક્કો માર્યો કે તે પાંચ છ પગલાં પાછલ હડસેલાઇ જઇ જમીન ઉપર બહુજ સખત રીતે પછડાઇ પડયો. અદી તો જાણે ખુનપરજ ચઢયો હતો. પેલા ભોંય ઉપર પડેલા માણસના આગળ ધસી જઇ પોતાનાં ભારી બુટ વડે તેણે જોરથી આડી અવળી બે ચાર લાત તેના પાંસરાંમાં ઝાડી કહાડી અને ઉપરથી પોતાની મલાકા કેન વડે

ઉપરા સાપરી પાંચેક મજબુત ઝપેટા લગાવી તેનો બરડોજ ખોખરો કરી મેલ્યો.

"હરામખોર! બદમાશ! તું મારી સામે બન્નજી કરવા આયો 'તો!" અદી તેને શીક્ષા કરી રહેવા પછી હાંફતાં હાંફતાં બોલ્યો, "તારૂં માથું ભાંજી નાખું!–તું મને ઓળખતો નથી. તારાં હાડકે હાડકાનો ચુરો કરી નાખશ! તારી મકદુરજ શું કે મારી સાથે તું એમ પતરાજી કરે!"

પણ આ બધો માર અને ખોફ વ્યર્થ હતો. પેલો પારસી તો ખરેખર સીકસ્તે સેહેતાનની જાતનોજ હતો! ભોંય ઉપર પડયો પડયો તેણે આટલો માર ખાધો પણ જરા હાલ્યો ચાલ્યો નહી કે જરા ચું ચાંબી કરી નહી. જ્યારે અદીના ગુસ્સાનો "ઇસટીમ" બધો પુરો થઇ રહયો કે પોતાની બાજુ અને કમ્મર દાબતો તે બુઢ્ઢો આસ્તેથી પાછો ઉઠી ઉભો થયો અને મુગો મુગો અદીની મોગલ કેપ ખાબોચીયાંમાંથી ઉચકી સેહેજ હસ્તે મોહોડે પોતાના સદરા વડે તે ઉપરનો કાદવ સાફ કરવા પડયો. અદીનું અતીયંત પાકી આવ્યું. આટલાં ડપેણા પડવા છતાં એ નાપાક અદીનું ખામખા જાણે પાકવવાજ માંગતો હતો. હદ બાહેર ચીરડાઇ જઇ અદીએ પાછી તેના હાથના ટાંચા ઉપર કકડાવીને પોતાની લાકડી મારી. પેલાના હાથમાંથી અદીની ટોપી ફરીથી દુર ઉડી ગઇ. ફટકો ગરમાગરમ હતો અને તે પારસીના હાથમાંથી સાબુત લોહી નીકળી પડયું.

"હાએબ, તમે કોણને પુછો?" પેલાએ જરાબી છેડાયા વગર ઘણીજ ધીરજથી પુછ્યું, અને મુછમાં હસ્તો જઇ પોતાના મેલા સદરાવડે લોહીથી ગગરતો હાથ વીંટાળવા લાગ્યો.

"કારા ચોરને!" અદીએ તપી જઇ જવાબ વાળ્યો, "તું કોણ છે?"

"હીઆંજ રહેતો છું-'વાડી'નું મનીખ થાઉં, હાએબ"

અદીએ બહુજ ધીક્કારથી તેના 'જેક પુડીંગ' જેવાં એબી-અલ ડાચાં ગમ એક મીનીટ જોયું અને પછી મનમાં કાંઇ હલકા શબ્દો બડબડયો.

"હાએબ, કંઇ મને કહેતા છો?" સામા ધણીએ પોતાની રાબેતાની શાંત રીતે પાછું પુછ્યું.

"હા-હું કહેતો 'તો કે કાકાનેબી બીજા ધુંવડા મળતાંજ નથી કે તારા જેવા 'અગલી બ્રુટો'ને અહીં લાવી વસાવીયાછ? બાગમાં પક્ષીઓને બીધરાવી ઉરાડવા વાસ્તે 'સ્કેરક્રો' તરીકે તુને ઉભો રાખતા હોશે! ચાલ નીકળ આરી આગળથી, યુ સ્ટુપીડ એસ! તારૂં વાંદર જેવું મોહનું જોઇનેજ મને ધધરીને તાપ ચહરેછ" આમ કહી અદી ગુસ્સામાં પીઠ ફેરવી બંગલા ગમ ઝડપમાં ચાલ્યો.

પેલો ધણી શું ખરેખર દીવાનો હશે? સેહેજ મુછમાં હસી તેબી અદીની પુઠે ચાલ્યો. બંગલાના ડ્રાઈંગ રૂમમાં જઇ અદી એક ખુરસીપર દમમાંજ બેઠો. બે મીનીટમાં તેની મોટી અચરતી વચ્ચે પેલોજ ફુવડ બુધ્ધો પારસી ખરડાયલા લપટાયલા સદરા લેગા તથા અખંતર ટોપી અને ઉઘાડા મેલા પગ સાથેજ હોલમાં ચાલી આવી અદીની બરાબર સામે સેટીનના એક સોફા કાચ ઉપર મજેહથી ગોઠવાયો. અદી તો હરણફાર થઇને આ ચકાસેલા છેલબટાઉની સામે ટગર ટગર જોવાજ લાગ્યો. નક્કી તે ધણીનું માથુ ખીસેલું હતું.

"આપ સાહેબનું નામ શું?" પેલાએ અગાઉના જેવીજ નરમાસથી પુછ્યું. પણ આ ફેરી તેના આગલા ગામડયન ઉચ્ચારને ઠેકાણે એક મુંબઇગરા પારસીના શુદ્ધ ઉચ્ચાર સાંભળી અદી સેહેજ ચોંકીને ખુરસીપર ખડો બેઠો.



અદી હવે ગભરાટને ફરાક દેતો ઉભો થયો. વીજલીના એક ઝટકાની પેઠે તેને બધી વાત સમજ પડી ગઈ હતી.

"સાહેબ! તમે—તમે—!"

(જુવો સફો ૨૧ મો.)

"મારૂં નામ ડાકટર અરદેશર વજીફદાર" તેણે સામા આદમીને માથાથી પગ સુધી ધારી ધારીને જોઇ હજી તોરમાંજ જવાબ આપ્યો, "હું મારા કાકા મેહેરનોશજી વજીફદારને મળવા માગુછ."

"બહુ સારૂ, શું હોકમ છેજી, ફરમાવો," પેલાએ જરાબી હાલ્યા વગર ઠંડે પેટે પુછ્યું.

અદી હવે ધબસાઇને ફરાક દેતો ઉભો થયો. વીજળીના એક ઝટકાની પેઠે તેને બધી વાત સમજ પડી ગઇ હતી.

"સાહેબ—તમે—તમે——"

"હું મેહેરનોશજી વજીફદાર ખુદ બ ખુદ પોતે! બોલો ડાકટર સાહેબ, તમુને મારૂં શુ કામ પડયુંછ?"

અદી તો ફગલાઇને પાછો ખુરસીપર ધબ દેતો કે બેસી ગયો. તેનાથી બરાબર બોલીબી શકાયું નહી.

"સાહેબ—હું મને—મકુંજે—તમે મારા કાકા! મને માફ કરજોજી—મેં તમુને ઓળખ્યા નહી—આય કપરાંમાં—"

"કંઇ નહી બા, કંઇ નહી. એવા તો મેં મારી જીંદગીમાં સેંકડો વખત માર ખાધેલા. ઘીસ જમતાં જમતાં જનમ ગીયો ને દીલમાં બધે ગોબા—"

"મારી ભુલ થઇ, સાહેબ—"

"અરે ભુલ શાની, બા. તમે આવવાના છઓ તે જાણી હું ખામખા આય કપરાંમાં તમારી સાથે જોરમાં અથડી પરીયો. પછી—જે છે તે—એક ગરીબ માણસને તમે લાત મુકકી મારીને ગાળ દેઓછ ને પૈસાવાળા કાકાને 'સાહેબ સાહેબ' કરોછ તે જાણી લીધું. બીજું વધારે એમ જાણીયું કે ભોંયપર પડેલા એક ગરીબ બુઢ્ઢા માણસ ઉપર ફરાફર લાકડી ઉગામતાં સારી આવરેછ. બીજું કંઇ કહોછ, ડાકટર સાહેબ?"

અરરરર ! તોબાહ ! આ શું છબરડો ! લોહીનો ગોટ ગળીને અદી થોડો વાર નીચી મુડીએ મુગો બેઠો. તેના કપાળ ઉપર શરમીંદગીના ઝરાં ફુટી નીકળ્યાં હતાં. અંતે તેણે પાછું ચલાવ્યું.

" સાહેબ, બે મહીના થયાજ હું હાંગકાંગથી આયોછ. આટલા દાહરા તમારી આગળ અવાયું નહી તેથી—"

" અરે તેથી શું ? તમે કાંહ મુંબઇ આવતાંને વાર જાણતાતા, બા, કે મારી પાસે પૈસા છે ?"

અલબત આવી કીસમના તાણા અદી જેવાના કાનમાં તીરની પેઠે ભોકાતા હતા, તેનો મીજાજ જરા પાછો જવા માંડયો. ઘણીજ નાખુશીથી તેણે પોતાના કાકા ગમ જોયું. આવી ઠંડે કલેજેની તાણા જાણી સાંભળતાં તેનું લોહી ઉકળી આવતું હતું.

" નહીંજી, હું તો આજે તમુનેજ મળવા આયોછ. ઘણે વરસે તમુને—"

" એ બધી. લભ્ભાસ જવા દેવો—તમે તમારા ગબ્બર કાકાની દોલતના સુઘારા લેવા આયાછ તે હું બરાબર સમજુંછ."

" સાહેબ, તમારા પૈસાની વાત લાવ્યા કરી તમે મને અપમાન કરોછ." અદીએ હવે સેહેજ તરડાઇને કહયું, "તમે પૈસા–પૈસા શું બોલ્યા કરોછ ? તમારા પૈસા વગર હું કાંઇ બેસી રહેવાનો નથી, સમજીઆ ?"

"કેમ, બા ? પાછો ભેજાંમાં પવન ભરાયો કે ? પાછી મારી ઉપર હાથ ચાલાકી કરવી હોય તો જરા અગાઉથી હવે તો કહેજો."

" મેહેરનોશજી કાકા, જરા મારૂં સાંભળો—તમે મને ગેર-ઇનસાફ કરોછ. તમે મને અઢરી પરીયા તારે હું કાંહ જાણતો તો કે તમે મારા કાકા છેઓ ?"

"નહીંરે, તમે તો ફક્ત એમજ જાણતાતા કે હું એક હરામખોર ને બદમાશ ને–છે તે–એઅદબ કુતરો ને ઘુવડ ને અગલી બૂટ છેઉં. પણ હવે બધી પંચાત છોરો, ને તમે કહેવા શું માગોછ તે બોલી દેઓ, અરદેશર બા?"

"હું એમ કહેવા માગુંછ કે મારે લાયકનું કંઇ કામ હોય તો—"

"તમારે લાયકનું કામ? હા છે. મારા બાગમાં પક્ષીઓને બીધરાવી ઉરાડવા વાસ્તે એકુ "સ્કેરક્રો" જોઇયેછ. આપરે છે તે--જો ઉમેદવાર તરીકે તમે–ઓ! કેમ સીધારોછ કે?"

એક ધડાકા સમેત અદી ઉઠીને નાકના ફીફડાં ફફડાવતો પોતાના કાકા સામે ઉભો થયો હતો.

"તમે ખરેખરા ભેજાના કડક છેઓ! તમુને કંઇ અક્કલજ નથી! હું અહીં આયો તારે જુદા આવકારની મેં આશા રાખીતી–પણ હું હવે જોઉંછ કે લોક તમુને માથાથી ગીયેલા કહેછ તેમાં જરાબી નવાઇ નથી. તમારા પૈસા? તમારા એવા નજીવા પૈસાની મને આટલીબી દરકાર નથી." આમ કહી અદીએ મેહેરનોશજીના મોહોડાં સામે ટચાકડી ફોડી અને સાહેબજી સલામ કરયા વગર પીઠ મરડી ઝપાટામાં ત્યાંથી ચાલ્યો ગયો.

તેના જવા પછી મેહેરનોશજી ખડખડ હસી પડ્યા.

"પોરીયો તો ઘોડે ચઢીનેજ આયો તો!" તેવણ જીવ સાથ બડબડયા, "પણ કમબખત જાણતો નથી કે બંદાનેબી બધા વા વાગી ચુકાછ. બાપરે, એને જો પૈસા બૈસા મળે કની તો મારો વહાલો રોજ અરધો ડજન ખુનો કર્યો જાય! છટ—મારો ઠરાવ હવે મજબુત થયોછ. એ દુકતો મારે મનથી જીવતોજ નથી. પેલી છોકરી શીરીનનોજ વીચાર હવે તો સટલ! કાલે પેલા ચંડાળ ગુસ્તાદને જરૂર બોલાવું!"

પ્રકરણ ૫ મું.

"છટ ! જાલ ઉમરીગરની જુતી સાફ કરવાનેબી એ તમારો અરહેસર લાયક નથી !"

"ઓહ માઇ ! શું ફાંકડો "વોલ્ઝ" છે!......ટ્રરરરામ ટીટીરીટીઇઇ ! વાહ વેલ પ્લેડ શાબાશ !"

બેંડે "સ્વેનગાલી વોલ્ઝ"નો છેલ્લો બાર ખતમ કર્યો કે જાલે ખરે મને રાજી થઇ તાલી ફોડી. અને વાતબી ખરી—વીકટોરીયા ગારડન્સમાં તે રવીવારે સાંજે "આઇરીશ ગ્રાનેડીયરસ"નું પંકાયલું બેંડ મ્યુઝીકના સમજદારોને એક ખરે ખરાંજ ફાંકડાં પ્રોગ્રામથી રીઝવ્યું જતું હતું.

"વોલ્ઝ" પુરો થયો અને બેંડવાળાઓએ વીસામો લેવા પોતાનાં વાજીંત્રો બાજુ મેલ્યાં કે જવાન જાલ ઉમરીગરે "રાણીના બાગ"માં પોતાની લટાર પાછી શરૂ કરી. તે ઉધરતા તરૂણ બારીસ્ટરનો હમેશનો સોહામણો મુખડો આજે ઓરબી ખુલી ગયલો હતો. તે દહાડે સહવારનાજ પોતાના હોવાઇ નવાઇના પહેલાં કુલ તરફથી ૭ "ગોલ્ડ મોહર" તેના ખીસામાં આવીને પડી હતી—અને તેમાં વળી આ છેલ્લા "વોલ્ઝ"ના મધુર શરોદે તેને પુરો ખુશ મીજાજમાં લાવી મેલ્યો હતો. મોહડેથી સીસોડીમાં આએજ "સ્વેનગાલી વાલ્ઝ" પાછો લેહરે લેહરે ફુકતો જઇ પોતાની માનીતી પાતળી "વોકીંગ સ્ટીક"ને જમણા હાથના આંગળાઓમાં આમ તેમ ફેરવતો જાલ ઉમરીગર બગીચાની લીલોતરી વચ્ચે ધીમે ધીમે કદમ ભરતો આગળ વધ્યો. તેના દેખાવળા ચંચળ ગોરા ચહેરા



જાલ ઉમરીગરના દેખાવડા, ચંચલ, ગોરા ચહેરા ઉપરના અમુક છાપજ જોનારને પહેલી નજરે કહી આપતો કે છવ્વીસ સતાવીસ વર્ષના આ મધ્યમ ઉંચાઈવાળો ગભરુ જવાન્યો કોઈ આજ કાલનો છાલકો ચાલીમ ચાલાકયો નહીં પણ ખરે કમાવાયલો ગ્રહસ્થ હોવો જોઇયે. (જુવો સંકો ૨૫ મો).

ઉપરનો અચુક છાપજ જોનારને પહેલી નજરે કહી આપતો કે છવીસ સત્તાવીસ વરસનો આ મધ્યમ ઉંચાઇવાળો ગભરૂ જવાન્યો કોઇ આજ કાલનો છાલકો ચીલીમ ચાલાકયો નહીં પણ ખરો કેળવાયલો ગ્રહસ્થ હોવો જોઇયે. અને ખચીત–જાલે ખરા ટેસ્ટથી સજેલો કાશમીરનો સુટ, "બોસ્ટોક"ના તેના નવાં બુટ, "સ્ટાંન્ડીગ કોલર," તથા "હેન્ડકરચીફ સ્કારફ," માથે અને પહેરેલો બંધએસ્તો ફેંટો એકી વેળા ગવાહી પુરતાં હતાં કે એ નવજવાન કોઇ પૈસાદાર સારા ખાનદાનનો નબીરો હતો.

ચાલતાં ચાલતાં જાલની સીસોડી ઘણીજ ધીમી થઇ જઇને પછી એકદમજ બંધ પડી ગઇ. જમીન તરફ નજર ફેરવી નીચી ડોકે ચાલતાં તે દેખઇતી રીતે કાંઇ ઉંડા વીચારમાં ઉતરી પડેલો હતો.

"અરે યાર! કાંઇ મુદતે આજે આટલું કમાયો!" તે મન સાથ બડબડયો. "મારી પહેલવહેલી "ફ્રીફ"ના પહેલાજ નેવું રૂપ્યા કેવા મીઠા મધ જેવા લાગેછ! વેલાતથી બારીસ્ટર થઇ આયાને વરસ ઉપર થઇ ગીયું ને આજ સુધી અકુખરાની કાની હાઇકોરટમાં લાંબો જભ્ભો પેહરીને ધકકા ખાયા કરતાં શરમભી લાગતીતી—પણ હવે આએ હોવાઇ નવાઇનો પેહેલવેહેલો "ડફેમેશન" કેસ મળ્યોછ. આહ! જો તેમાં જીત્યો બીત્યો તો ગાડુ ગબડવા માંડયું એમ સમજવું. બાકી આજને કાલ તો ચોખ્ખા બાવાજીને માથે પડેલા છૈયે. દુવા માંગ, બચ્ચા જાલ, કે ડોસાજી પાસે દોહરીયાં છે–નહીં તો "બેડમ પાર્ઇલ"ના કાલરને ઠેકાણે "ચીપજેક"ને તાંહના રૂપ્યે દજનવાળા સેકંડહેંડ કાલરોનાબી વાંધા પરતે!"

જાલની જીણી તાજી મુછ ઉપર રમુજનું હસ્વું ફેલાઇ ગયું. "યેહ—હે—હે! બાવાજીને હવે કોણ સમજાવે!" તે

સેહેજ હસીને જીવ સાથ પાછો વાત કરવા લાગ્યો, " તે દહાડે ખરેખુટ સીરીયાઉસ બનીને મને કહેજે ' જાલ, મારી કલબના દોસ્તદારો અવારનવાર અસેમસે તારે વરે પુછ્યા કરેછ, તે હું બધું સમજુંછ– તારી ઉપર આજને કાલ બધી અધાંધર છે !' ? મને કેહે કે 'દીકરા, જરા ઉભો રહે, હું તુંને એવે સારે ઘેરની છોકરી અપાવું કે તુંજ જોયા કરશે.' આહાહાહા ! બીચારા બાવાજી ! એવણ બસ મનમાં એમજ મલીદો જમ્યા કરેછ કે મુંબઇમાં જેટલી ચીચોરાવાળી ખુબસુરત છોકરીઓ છે તે બધી મારે વાસ્તે દાંતમાં આંગળાં ઘાલીને બેસી રેહીછ ! એવણને ઉલટ તો ઘણી છે ને હવાઇ કીલ્લાઓબી એકેકા જબરદસ્ત છે–પણ–પણ એવણ બસ ખાઇ પીને બધાં ચીકા-સદાર ઠેકાણાઓ ઉપરજ ખાટી મીઠી નજર રાખેછ તે, બા, આપુને કાંઇ ઘણું ગમતું નથી. બાવાજી પાસે ખોદા રાખે ચાર પાંચેક લાખનો આશરો છે ને બચ્ચાંઓમાં તો અરૂં ને મરૂં હું ને નાજાં બેહનજ—ને તોબી એવણ જ્યારે ત્યારે લગન જેવી જીવ સટોસટ ગંભીર વાતમાં પૈસા પૈસા પૈસાનીજ ગણત્રી કાંય———!"

" ઓ માયરે ! આએ શું ! મરેરે હવે કેમ કરૂં ? હમાબાઇ–હમાબાઇ ! કાંહ જતાં રેહયાં ?"

ઉપર મીસાલ એક કોમળ અવાજ જાલને કાંને પડયો અને તે પોતાના તુરંગોમાંથી ચમકીને ચાલતો ચાલતો એકાએક અચકી ઉભો. આ સાદ ઝાડીની પેલીમેર રસ્તાની જુદી વળાણ ઉપરથી આવેલો હોવાથી તે બોલનાર કોણ હતું તે જાલ જોઇ શકયો નહી. પણ નકકી એક ઓરતનો તે અવાજ હતો અને કાંન ઉંચા કરીને કાંઇક વધારે સાંભળવા માટે જાલ પોતાની જગ્યાએ સ્થંભ થઇ ઉભો. પેલોજ નાજુક હસવાનો સાદ પાછો આવ્યો—

"હીહીહી! રોગ જાનેરે! આ શી ફેસ્તા! હરવઇ જાય તું અમીના! એમ મુઇ હેન જેવી કાહું શું જોયા કરેછ? કાહરની, આએ મુવા કાંટા બધા મારી સારીમાં વીટરાઇ ગુટરાઇ ગીયા-જની! ઇહીહીહી!"

ઝડપમાં બે ચાર પગલાં ભરી જાલ અવાજ આવતો તે દીસા ગમ ચાલ્યો. રસ્તાની એક વલાણુ લેતાં બે ત્રણ કદમને છેટે નજદીકમાંજ પક્ષીનાં પીંજરાં આગળ એક જુવાન પારસી બાઇ વાંકી વળીને પોતાની સાડીમાં ભેરવાઇ ગયલી કાંટાની ઝાડી કહાડવામાં રોકાયલી હતી. તેની આયાબી પોતાની શેઠાણીને છુટી કરવા ભોંય ઉપર બેસીને ફાંફાં મારતી હતી. જાલ તેઓની લગભગ નજદીક ગયો, અને અજાયબીથી તે દેખાવ એક મીનીટ જોતોજ ઉભો. તે જવાન બાઇની સોડ નીકળી ગઇ હતી અને અકરાટ ગભરાટને મારે તેણીના ઘટમદાર મોહોડાં ઉપર રતાશ ચહડી આવ્યો હતો. બીચારી કોઇ ગરીબ ઘરની ગામડયણ છોકરી લાગતી હતી—પણ તેણીના સાદા દેખાવે અને તેણીના હસમુખા ખુબસુરત ચેહરાએ જાલને તેણીના ગમ ડોળા ફાડી ટગર ટગર ટીકતો ઉભો રાખ્યો. તે છોકરીની નજર હજી જાલ ઉપર પડી નહી હતી—કારણ તેણી નીચે જમીન ઉપર પોતાની સાડીમાં ગુંચવાઇ ગયલી કાંટાની ડાંખલી છુટી કરવામાં મશગુલ થયલી હતી.

"અમીના, તું તો રાન છેકજ ઘેલું ગધેરૂં છે જો! ખીસ, એમ તો ઉલટું કલ્લીમાં વધારે ભેરવઇ જાયછ. મુઇ તું કાહરતી! સામણુ વધારે ગુંચવી નાંખ્યું. જા, દોર, પેલાં હમાબઇ ને અરદેશર આગળ ચાલી ગીયાંછ તે લોકને જરા બોલાવ. હું તે લોકને પકરીબી કેમ પારૂં, જો! મરે કાંહની કાંહ હું પછવારે રેહી ગઇ! કોઇ આગળ પાછળબી——ઓ!"

ખોરશેદ (હા, તેણી આપણી લાડકી ખોરશેદજ હતી)–હવે વધારે ફાંફાં મારવાનું છોડી સીધી ઉભી થઇ હતી. એમ કરતાંજ તેણીની નજર પાસે ઉભેલા જાલ ઉપર પડી અને શરમને મારે તે છોકરીનો ચેહેરો બમણો લાલ થઇ આવ્યો. પણ આટલું છતાં ખોરશેદનો બોલકણો હસમુખો જીવ જેવો ને તેવોજ હતો. પોતાની આવી હાલત ગમ તેણી પોતે હસવા પડી.

"હીહીહી! જી, તાહરના મારો રકાસ જોવા ઉભાછ કે? મરેરે, મેટની કાની હુંબી પક્ષીઓ જોવા પરી તેથી મારી સાથવાળાઓ આગળ ચાલી ગીયાં."

જાલે સહેજ વાંકા વળી તે કાંટાની ડાંખલી જોઇ. "શું એ નહીજ નીકળતી કે, જી?" તેણે મુછમાં હસીને પુછ્યું.

"નહી–મુવું નીકળતા નીકળતું નથી. રસ્તાની વચ્ચોવચ એ પરેલું ઉતું તે મેં જોયું નહી ને હું ફસી ગેઇ. જોવની, કેશું બધું વીટરઇ ગીયુંછ તે!" આમ કહી ખોરશેદ પાછું જીણે સાદે હસી અને કાંટા સાથનો સાડીનો છેડો જાલ ગમ ધરયો.

પોતાની આટલી ઉમરમાં જાલ ઘણીબી છોકરીઓ સાથ બેલાયલો હતો–ઈંગ્લંડ તેમજ મુંબઇમાં તે જાતજાતની રીતભાત. ચાલચલણ, સ્વભાવવાળી જવાન બાનુઓની "સોસાયટી" માં ફરયો હતો–પણ આવી બોલકણી, ખુશ મીજાજી, રઠ્ઠી અને હસમુખા ચેહેરાની છોકરી તેણે હજી કાંઇ જોઇ ન હતી.

મુછમાં હસતો જઇ તેણે ખોરશેદના મોહડાં ગમ થોડા વાર જોયા કર્યું, અને પછી જાણે અચબુચ કાંઇ ઠરાવપર આવ્યો હોય તેમ ઢબ દેતો કે તેણીના પગ આગળ ગુંથણપર બેસી જઇ ધીમેથી અને સંભાળથી ખોરશેદની સાડીમાં ગુંચવાઇ ગયલી કાંટાની ઝાડી કહાડવા પડયો. લુચ્ચી ખોરશેદ જો કે શરમાઇને લાલ લાલ થઇ ગઇ હતી તોયે મીનઠી થઇને ચુપચુપ



પણ હતો કે જનલ તેણીના પગ આગળ ગુંઠણ પર બેસી જઇ ધીમેથી અને સંભાળથી બારશેહની સાડીમાં ગુંચવાઇ ગયલી કાંટાની ઝાડી કાઢવા પડ્યો.

(જુવો સફા ૨૮ મો)

ઉભી રહી પોતાના જવાન મદદગારને તેનું કામ પુરૂં કરવા દીધું. એટલો વખત તેણી પોતાની કાળી ભમર સરખી આંખ્યો જાલના મીલનસાર ખાનદાની ચેહેરા ગમ ફેરવીને અજાયબીથી જોયાજ કરતી હતી.

એ ત્રણ મીનીટમાં જાલે તે કમબખ્ત કાંટાની ડાંખળી ખોરશેદની સાડીમાંથી મોકળી કરી અને ફરાક દેતી કે તે બાજુએ ઉરાડી નાખી પોતે ઉઠી ઉભો થયો.

"લેવો," તે હસ્તાં હસ્તાં બોલ્યો, "તમારાં બંદીખાના-માંથી તમે છુટાં! આટલી સરખી ઝાડીએબી તમુને ઘણી બુમ પડાવી હં! પગમાં કાંટો બાંટો તો ભોકાયો નથીની?"

"અરે નહીંરે, કાંટા કંઇ નથી ભોકાયા પણ તમુને ઘણી મેહેનત પરી—માફ કરજોજી."

આમ કહી ખોરશેદે એવું તો મીઠાસ અને નરમાશથી જાલ ગમ ડોકું નમાવ્યું કે તે જવાનના જીગરમાં પહેલ વહેલી-વાર એક ન સમજ પડે તેવી ખુશાલી ફેલાઇ ગઇ. પહેલેથીજ આ છોકરીની સાદાઇ, હસ્તા સ્વભાવ, ખુશ અને નીરદોશ ચેહેરા, મસ્તીખોર એ કાળી આંખોથી જાલના મન ઉપર સારી અસર થઇ હતી—અને દર મીનીટે તેણી સાથની ઓળખાણ કાંઇ અજબ મનપસંદ રીતે આગળ વધતી જતી હતી. અસલી ફાશીનનાં કપડાંમાં આવી રૂપાળી બોલકણી પુટલી કોણ હશે? દેખાઇતી રીતે તેણી કોઇ ગરીબ ગામડની જુવાન તંદરોસ્ત નાર હતી—અને તેણીનું નામ જાણવા માટે જાલના જીવ ટપુ ટપુ થતો હતો. પણ તેમ મોહડે ચઢીને એક બાનુને પુછાય કેમ? ઇંગ્રેજી 'એટીકેટ' જાલ ઘણી સારી રીતે જાણતો હતો.

"તમારી સાથવાળાંઓ કાંહ ગીયાં?" તેણે લગાર ગુચ-વાઇને પુછ્યું, "તમુને વીસરી જઇને ઘેર ચાલીઆલી ગીયાં કે શું?"

"નહીરે–હું ને મારાં માસી સુનામાય છેની તેવણુ અમારી સેનીટેરીયમમાં પાસેનાજ ઓરડામાં ડા○ અરદેશર વજીફદાર ને તેવણુનાં માય હમાબાઇ સાથ——"

"ઓહ અદી? એ તો મારો ફ્રેન્ડ થાય ને દુરનો સગો બી છે. હાંગકાંગથી આયા પછી અમે એલફીનસ્ટન કલબમાં દરરોજ મલ્યેછ. તે શું એ લોક તમારી સાથે અહીં આજે આયાંછ?"

"હાજી–સુનામાસી તો ગારીમાંજ બહાર બાગના દરવાજા આગળ બેસી રેહ્યાંછ. તે અમે ત્રણુ જણુ ને આયા કરી ફરવા નીકળ્યાં. જરા મને આય પક્ષીઓ જોતાં વાર લાગો કે અરદેશર ને હમાબાઇ તો મને એખલી આયા સાથ અહીં મુકીને ભારમાં ને ભારમાં આગળ ચાલી ગીયાં. ડાકટર સાહેબનો તાપ જરા વધારે છે. જતી વખત મને મીજાજમાં કેહી ગીયા કે એમ પાંચ પાંચ મીનીટ ઉભા રહેતાં તેવણુને નહી પરવરે."

જાલના કપાલ ઉપર નાખુશી અને ગુસ્સાની સેહેજ કરચલી ચઢી, "અનમેનરલી બ્રૂટ!" તે ખરેખર કચવાઇને બોલી પડયો, "અદી એવો 'પ્રાઉડ બીસ્ટ' છે એમ હું નહી જાણુતો તો!"

ખોરશેદ ખડખડ હસી પડી "જી, તમે શું કામ ચીરડાવોછ? એ તો અમે ગરીબ ગામરયાં બોચ એટલે અમારી કોણુને દરકાર હોય? હું પારડીના બમનજી મેહેતાની છોકરી–મારૂં નામ ખરસેદબાઇ છે. હીહી–મારૂ નામ તમે કોઇ દહાડેબી સાંભળ્યું તું? અમે ગરીબ મનીખ પરીયાંને એસકી મેસકી થતાં નહી આવરે એટલે બધા અમુને હીણે. પણુ જી, તમે કોણુ?"

છેલ્લો સવાલ સાંભળતાંજ જાલે ડોળા ઉઘાડીને આ અજબ કીસમની છોકરીના મોહડાં ગમ પાછું એક ચીતે જરા વાર જોયું, "મારૂં નામ જાલભાઇ ઉમરીગર," તે ધીમા નમ-નતાઇભર્યાં સાદે બોલ્યો, "તમારી સાથ એમ નવાઇ જેવી રીતે

આંજે ઓલખાણ પડીછ તેથી હું ખરેખર ખુશી છેઉં, મીસ મેહેતા. અમારો બંગલોબી વચલે કોલાબેજ છે. ચાલોજી, હું તમારી સાથે ગારી સુધી મુકવા આવું."

જાલ અને ખોરશેદ જોડેજોડ ચાલતાં બાગના મોટા દરવાજા આગળ ડા૦ અદીની વીકટોરીયા ઉભેલી હતી ત્યાં આવી પુગ્યાં. ગાડી અંદર હમાબાઇ અને સુનામાસી બેઠેલાં હતાં અને બાહેર બાજુએ અદીબા ઈંગલીશ ડરેસમાં ખુબ દમામથીજ ઉભેલા હતા.

"સાહેબજી, અદી. કેમ છેઓ, હમાબઇજી?" નજદીક આવતાં જાલે માય દીકરાને સલામ કરી.

અદીએ જવાબમાં ભપકાથી જરા ડોકું ધુણાવ્યું, "અલ્લો, જાલ! યુ હીઅર? આય અમારાં બીચારાં ખસેદબાઇને કાંહથી પકરીયાં? આય એવણના સુંનામાસી જોયાં? કાહરના ખરીયાની જેલીની માફક ધુજેછ! સુનામાસી, આય મારો દોસ્તદાર જાલ ઉમરીગર—એવણ બેરીસ્ટર છે, પણ હજુર લુખ્ખા છે—કોઇ બીચારાને કેસજ નથી સોંપતું."

ખોરશેદ મોટે સાદે ખડખડ હસી પડી, "તારે તમે વરી ઘણા બાકી મસાલેદાર છેઓ—તમુને કેટલા કેસ મલીયાછ જે!"

અદીને ચટકો આબાદ લાગ્યો હતો. તેણે દમામથી નાકનું ટીચકું ચઢાવી પોતાનું મોહડું ફેરવી નાખ્યું અને ખુબ ખભરીને બોલ્યો, "ગામરેના બૈરાંઓને જો વાઉની કાની મરાવા મુક્યાં હોય તો ધાન ખાવા નહી માગે. જાલ, બીચારાં ખસેદબઇ છે તો ગોલ્લા ગપાટજો, પણ પોતાને ઘણા હુશીયાર——"

"નોનસન્સ, નોનસન્સ! અદી, તારે એમ એક લેડીને વાસ્તે બોલતાં શરમાવું જોઇયે. મીસ મેહતા જેવાં ખરેખરાં ચબરાક ને બોલકણા યંગ લેડી બીજાં મેં થોરાંજ જોયાંછ." જાલે ફ્ફડીને જવાબ દીધો.

"હલ્લો! જાલઆ તો કેહા ખસેદબઇની સુરીયાની સારીપર ખુશ થઇ ગીયાછ! ભલે બા ભલે—તમારાં ચબરાક યંગ લેડીને ધુર જેવીબી ચીજ સમજાવતાં જારે આજે મારૂં ભેજું ચરી આયું તારે તો કંટાલીને મેં એવણુને છોડી દીધાં ને અહીં ચાલી આયો. પણુ તુને કેમ એવણુ મલી ગીયાં?"

જાલ અદીની મીજાજી મગરૂર વર્તણુક અગાઉથી જાણુતો હતો. પણુ તે ખોરશેદ જેવી એક ગરીબ છોકરી તરફબી એવો તુંમાખથી વરતશે એમ તેણે વકી રાખી હતી નહી. અદીની અમરયાદા જોઇ જાલ ખરેખર અંતઃકરણથી કચવાયો અને તેના મોહડાં ઉપર નાખુશી સ્પષ્ટ પ્રગટી નીકળી. તેણે બહુજ ટુંકમાં ખોરશેદ શાથની પોતાની મુલાકાત કહી સંભળાવી.

અદીના હોઠ ઉપર આખો વખત તીરસ્કારનું હસવું ફેલાઇ રહેલું હતું, "એમ તે કેમ આંધરાં ભીતની કાની તમે ચાલ્યાં, ખસેદબાઇ, કે કાંટાની દાંખરીબી તમુને નહી દેખઇ?" તેણે મશકેરી અને ઠઠ્ઠાની ઢબે પુછ્યું.

"ઓવાય, અદી!" હમાબઇ હવે હસીને વચ્ચે પુરાયાં. "આજે એમ કાંય ખરવાયાં તોરેછ? જાલભઇ, આય બે જણાને જરાબી બનતું નથી—રાસજ નથી મલતી!"

"બા, આજ ને કાલ તો આપરે બધાંજ જણાં આંધરાં ભીત છઇયે કેની?" ખોરશેદે ખુશ સ્વભાવે હસીને ઉત્તર વાળ્યો, "જોવની, ડાકટર, તમારા આય આઇગ્લાસ છતાં તમે પોતેબી કેવા આંધરા ભીત છેઓ! તમુને દેખાતું હોતે તો હમાબાઇ કહેતાંતાં તેમ તમે તમારા કાકા સાથ તે દાહડે અહરી પરીને કચુંબર કરી નાંખતે?"

અદી તો ચાટ પડીને મુગો મુગો ગાડીમાં ચઢી બેઠો અને જાલને સલામ કરી ગાડી હાંકવાનો હુકમ આપ્યો. ખોરશેદ

તેની અજાયબી અને સુનામાસીના હદબાહેર ગભરાટ વચ્ચે જાલ ગમ પોતાનો નાજુક હાથ લંબાવી હસ્તે મોહડે શેકહેંડ કરી અને ઉપકારના ફરીથી એ ચાર શબ્દો કહ્યા. અદી રસ્તે વીચારમાં પોતાની મુછ મરડવા લાગ્યો.

"વાહ! આય તો નવું કૌતક! ગામરેની ખસેદબાઇને શેકહેંડ કરીને 'થેંક' સઉ કરતાં આવરેછ! અવાસ બરી ગીયા ને કોયલા રેહી ગીયા! હે—હે—હે!"

આણીગમ જાલ બાગના લોખંડી દરવાજાને અઢેલી એક પુતલા મીસાલ જડ થઇને ઉભો અને પોતાનાં આ મીત્રોની ગાડી જ્યાં સુધી નજરે પડતી બંધ નહી થઇ ત્યાં સુધી તે તરફ એકકી ટગરે જોયા કીધું. જ્યારે ગાડી દેખાતી બંધ પડી ત્યારે એક ઉંડો દમ ખેંચી તેણે નાચી મુડીએ ઘર તરફ ચાલવા માડયું,

"અપોન માઈ વર્ડ!" તે મન સાથ બોલ્યો, "સપ્લેનડીડ ગર્લ છે! એની આંખમાંજ બધી કરામત ભરઇછ. હું ઇચ્છુંછ કે એને કોઈ વખત હું પાછો મલી શકું!"

* * *

"કેમ, માસી ડીયર, આજે રંગ જોયો?" ખોરશેદ જ્યારે સુનામાસી સાથે એખલી પોતાના ઓરડામાં તે રાતે ખાવા બેઠી ત્યારે તેણીએ વાત છેડી.

"મર મર!" સુનામાસી છીંકી પડયાં, "આજે સાંજથી હું બધું રોખરું જોવુંછ તાહારની મારા પેટમાં ફાર પરીછ કે ભઇજી——"

"વરી ભઇજીને વચમાં લાયાં કે? તેવણ શું કરશે—મને ઉંચકીને કુંવામાં નાખી દેશે? બલા લેતી!"

" પોરી ! તારા બાપનો દાહડાબરીઓ મીજાજ તું નથી જાણતી ? એવણુની મરજીની સામએ થનારાંને કેમ વાહી નાખેછ તેનો જરા વીચાર કર ! જો મરી જાઉં, છોકરી, હજુરબી સમજ, તારે લીધે મને કેવું સાભરવું પરશે—ઓ ખોદાય ! મારાં તો હારેહાર ધ્રુજેછ !"

ખોરશેદે ઉઠીને સુનામાસીના ખભાંપર જોરથી હાથ મેલ્યો. તેણીનો હસ્તો ચેહરો હવે તદન ગંભીર બન્યો હતો અને આંખ તો અંદર દાબી રાખેલા ગુસ્સાથી ચમક ચમક થતી હતી.

" આજે બે ત્રણ દાહરા થયા ડા૦ અદેશર આપરાં જેવાં ગરીબ ગામરીયાંઓ સાથ જે રીતે વરતેછ તેથી તમારાં હારેહાર નહીં ધ્રુજતાં કે ?" તેણીએ સુનામાસીના કાનમાં પુછયું.

" અરે પણ એ જાણતો નથી તેથી——"

" હા હા—જાણતો નથી તેથીજ ! જાલ ઉમરીગરબી જાણતો નથી તેથીજ તે આજે એક સાચ્ચા ગ્રહસ્થની માફક મારી સાથ વરત્યો ! સાંભળો માસી, બાવાજી જોઇયે તો મને કાપીને કટકા કરી નાખે તોબી હું તો તેવણુના મોહનાપર કેહવા તૈયાર છેઉં કે આય ડા૦ અદી પેલા—પેલા જાલ ઉમરીગરની જુતીબી સાફ કરવાને લાયકનો નથી. ચાલો, હવે પાણીનો ગોટ પીને મુંગા મુંગા પોહરી જાઓ. મને વધારે તમારી ટકટક નથી જોઇતી."

પ્રકરણ ૬ ઠ્ઠું.

"બનાવ મારૂં વીલ, ગુસ્તાદ કાનફ્ત્યા! તું લુચ્ચો છે તો હું લુચ્ચાનો પીર છેઉં?"

સહવાર પરોઢીયાંનું પોહર છે. "ગુલાબવાડી"ના બંગલાને બીજે માળે એક બેડ રૂમમાં બંધ બારણે બે "કલેજાના કટકાઓ" કાંઇ ખાનગી ગુફ્તેગોમાં ગીરફ્તાર છે. પુર એખલાસથી આ બંને બુઢ્ઢાઓ એક બીજાને "તું તાં" કરે છે એટલે દેખઇતી રીતે તેઓ પુરાણા દોસ્તદારો છે. સદરા લેંગાનાજ ફુલ ડ્રેસમાં ઘોલ્યાપર અરડાયલા એક જણને તો તમે ઓળખો છો. તેવણ અલબતાં આપણા માનવંતા મેહેરનોશજી વજીફદાર ત ડા૦ અદીના પેલા કાપરબરાસ કાકાજી છે–પણ આ તેમની સાંમે ચુસીયાં જેવાં એબલગામણાં ડાચાં વાળો બીજો ઘરડો વકટલેન પારસી કોણ બેહેલો છે?

કોણ પુછોછો? લ્યો ત્યારે વલસાડના જાણીતા પ્લીડર ગુસ્તાદજી કાનફ્ત્યા સાથ હું તમને 'ઇનટ્રોડયુસ' કરાવું. જાણો તમો સઉ કાંઇ કે આ પ્લીડર સાહેબ મેહેરનોશજી વજીફદારના જવાન જીંદગીના એક સોબતી અને એજ મેહેરનોશજીના અનેક પાછલાં હાડમારી અને હેજગારીભર્યાં પરાક્રમોના ગોઠીયા છે. ગુસતાદજીબા સુમારે પાંસેઠક દીવાળી જોઇ ચુક્યા હશે–પણ તોબી તેમની જરા જરા પાકવા માંડેલી હોરાજી જેવી બેઠ્ઠી સફેદ દાઢી અને કાપેલી ઠુમકી મુછ, ગાજર જેવું પોહળુ લાલ ચનોઠી નાક અને શરમાઉ બીલાડી જેવી બે ચુંચી આંખ

જોતાંજ કોઇબી એક તડાકે કહી આપે કે આ વલસાડા વકીલજી દરેક નેકનામીમાં સોએ સો ટચ પુરા હોવા જોઇયે!

* * *

"લે ચાલ, એઇ–કાફીના સહરકા પછી મારીયા કરજે, ગુસ્તાદ" મેહેરનોશજી બોલ્યા, "તુને વલસાડવેરથી કંઇ કાફી પીવા નથી બોલાવ્યો. હવે પ્યાલું મુકી દેઈ મરેછ કે નહી?"

ગુસ્તાદજીએ ફુરરર ફુરરર રકાબીમાં ફુંક મારીને ઉની ઉની કાફી પીવાનું ચાલુજ રાખ્યું. "ઉભો રેહ, મેહલ્લા–આખી રાત ટ્રેનમાં ઉજાગરો થયોછ ને જીવ નાખછાટ થાયછ. પહેલાં જરા દીલમાં હોશીઆરી આવવા દે, પછી વીલ ફીલની વાત. અહીંયા ટોપચાં વીચાઈ જાયછ ને તું તારા ભત્રીજાને કાંહ દાર દોધીમાં નાંખ્યા કરેછ?"

મેહેરનોશજી હોઠ બીડીને બીજી પાંચ મીનીટ થોભ્યા. કમબખ્ત ગુસ્તાદ પોતાના પેટનું ટાહરૂં કરવા વગર સગા બાપને ખાતરબી જરા હીલનારો નહી એમ તેવણ જાણતા હતા. કાફી પુરી થઇને વકીલ સાહેબે મજેહથી એક દીલ બેહલાઈ જાય એવો અડકાર ખાધો અને પછી મોહડું નુછી એક આખી બટર બીસકોટ મોહડાંમાં ઠેસવી દીધી.

"કેમ–હજી પુરૂ નથી થયું? હવે સાંભળશે નહી તો બોટ દઇને એક એવો ધપ્પો મારશ કે ઉંઘ ને ભુખ બધું ઉડી જશે," મેહેરનોશજીએ ચીરડાઇને બુમ પાડી.

ગુસ્તાદજી મોહડાંમાં બીસકીટના ડબુસા સહીત પેટ હીલવી હસવા પડયો, "અરે ત્તારી! મેહલ્લા, હજી તું અગાઉના જેવોજ ખાઉ કરડું રેહી ગીયો. દીકરી, ૭ સાત વરસે આજે આપરે પાછા મલીયા, તાહરે જરા કુરમ કુરમ મોહનું હીલવતા જઇને સુખ દુઃખની વાત કરવાને બદલે વીલની ઘેં ઘેં શાનો કરીયા કરેછ?"

"તું તો ઓડાની છે, યાર! તુંને કોણે વકીલ કીધો? પહેલાં આટલો મારાં માથાં પરનો બોજો ઉંચકી નાખી મર–પછી તારૂં હોજરૂં ફાટી જાય એટલું જોભરીયા કરજેની."

"પણ તુંને છે શું મેહરનોશ, કે એમ વીલ કરાવવાની અફરાતફરીમાં પરીયોછ? ખાસ્સો દેવ જેવો તો મુવોછ–તુંને બીજાં દશ વરસ શું ધાર આવવાની છે, હેં?"

"ગુસ્તાદ કાનફત્યા, તારા જેવો ઘેલસપ્પો મેં કોઇ જોયો નહી હોશે. માણસની જીંદગીનો કંઇ ભરૂસો છે? હમણાં તું એધીની કાની ડબુસા મારેછ–કાલે ઘરી ચપકામાં તુંજ દંડાગાર બનીને પથ્થરપર પરે તો શું નવાઇ?—"

"હટ! દુવાર! સવારના પોહોરમાં એવી અવર વાણી ના કાહર! પથ્થરપર પરેની તું ને તારો બાપ સાથે! એમ રરતો ચનાવારો તું કાયે દાહારથી થયોછ?"

"જે દાહારથી મારૂં લીવર પાકવા માંડયું તે દાહારથી ડાકટરોએ મને સાફ કહી મુકયુંછ કે કોઇબી મીનીટે મને ચાલતી પકરવી પરશે. જો ગુસ્તાદ, તૈયારીમાં રહેવું સારી ચીજ છે. તું તારે મુંગો મુંગો જેમ કહૂં તેમ વીલ બનાવી આપની—તેમાં તારા બાપનું શું જાયછ? મારા આગલા જાની દોસ્ત તરીકે તુંને ખાસ વલસાડવેરથી તેડાવી મંગાવી આએ મારૂં વીલ ઘડી કહાડવાનું કામ હું તુંનેજ સોંપુંછ, તેની મારી મતલબ એજ કે મારી મનપતીજ રીતે આબાદ બધું કામ તું કરે ને–ને–હું મરી જાઉં તાંહ સુધી તું બધી વાત તદન છુપી રાખે. હા, તું એમ તારૂં પટેટા જેવું નાક ના ધવડ. હું રજેરજ જાણુંછ કે તું કેવો વીટીપરનો નંગ છે. તેં ચંડાલે અતયાર સુધીમાં સેંકડો અસીલોને રરાવી માર્યાછ—તેં ફાર-જરીઓ કીધીછ—ખોટાં વીલો બનાવ્યાંછ. ખોટા સાક્ષીઓ

ને ખોટા દસ્તાવેજો ઉભા કરવામાં તારી બીજી જોડી નથી તે આખી બી. બી. ની લાઇન ઉપર એકકે એક જણ બરાબર જાણેછ——"

"કેમ ?–કેમ ?–વરી છેકજ આરો ફાટેછ કે, મેહેરનોશ ?"

"ગધેરા ? તેમાં ખોટું શું છે ? એતો વકીલનો ધંધો એવો પરીયો ! તારા જેવાં ગૌહરની પરીક્ષા તો મારા જેવો ઝવેરીજ કરી શકે. બચ્ચા, પેલી કાઠીઆવાડમાં નવાબઝાદા સુલતાનઅલી વારી સોનેરી ટોલીમાં તું મારી સાથે ઉતો તારેજ મેં તારૂં પાણી જોઈ લીધેલું ! ભીલ લોકોની સાથે ધરમપોરમાં ધાર પારનારોબી તું—મકરાનીઓની સંઘમાં સચીન ખાતે બખેડો ઉઠાવનારબી તું—બરોડામાં આપરી ઇસુફજાન-વારી જુગારી ટોલકીનો નાયકબી તું—"

"બસ બસ, મેહેલ્લા ! પંદર વીસ વરસની વાત હવે તાજી કરવામાં શું લાભ ? જુવાનીના વખતની નાદાનીઓ તો ઘણી બી થઈ ગેયલી——"

"હા, અબકારી સતાવાળાઓના માણસોને કસરી જમારેલી, પરવાના વગરનો દારૂ પસાર કરતાં સેંકરો વખત દીલપર ઘા લાગેલા, પેલા નાપાક લક્ષમણ નાયકની જીનીંગ ફેકટરીને આગ લગારેલી—"

ગુસ્તાદજીનાં મોહોડાં ઉપર સેહેજ રમુજ તથા સેહેજ અધીરાઇ વ્યાપી રહી.

"અરે પણ ઘેલા, એ બધું હમણાં યાદ દેવારીને શું કરેછ જો ? હા બા ઉતા—અમે અમારા વખતમાં બધી વાતે પુરા ઉતા. તેથી કરાવેછ શું ? એને વાસ્તે હવે મને જેલમાં તો નહી મોકલવા——"

"જેલમાં ? કલેજા, તેં ઓછામાં ઓછાં બે ત્રણ ખુન

તો જરૂર કીધાં હોશે—તેથી ખરૂં કેહું તો તું ફાંસીએ જવો જોઇએ! તું ડાહયો દોહરો ને વરીઆવનો હોરો થઇને ડીસ્ત્રીકટ પ્લીડર બની ગીયોછ ને વલસાડમાં હાલ હરીઠામ થયોછ એટલે તારે મનથી તું પોતાને ઘણો આબરૂદાર સમજેછ કે? કેટલાં જણના એસટેટ હજુરબી હાઉ કરેછ—કેઇ કલબમાં હજુર જુગાર રમેછ–બોલતો સહી? ને બાવાજાન, તારો પેલો ધન ધન ઘોરી ડબરડીંગ ભત્રીજો ચાનજી શું કરેછ? પેલી બેંક ફાડવામાં સપડાઇ ગીયા પછી હજુર થારોડાની હવા ખાયાજ કરે છે કે? હે હે—તારો ચાન તો એક ચાનજ નીકળયો હો! કાકાનું નામ રાખે તેવોજ પોરીયો છે!"

"મેહલ્લા, તું ઘણો ફાસ્ટ જાયછ, હં. તુંને મારીપર એટલો અવીશવાસ છે તારે મને બોલાવ્યો શું કામ?"

"માથું ફેરવા! પેલી છોકરી શીરીન ગાંધી મેં કહયું તેમ અહમદનગરમાં પોતાની વીધવા માય સાથ હમણા રહેછ. તેના લાભમાં વીલ કરવુંછ—મારી છ લાખને સુમારે પુંજી છે તે એજ પોરીને આપવા માગુછ–મારી પછી તુંને એ શીરીનનો ગારડીયન બનાવવોછ. એના કાયદાના સલાહકાર અને વાલી તરીકે તુંને દર મહીને બેઠા બસો રૂપીઆ મલ્યા જાય તો પછી બસ કેની?"

ગુસ્તાદજી પોતાની ઝીણી આંખ્યો સેહેજ ઉંઘાડીને હવે ટટણખાર બેઠો, "મેહલ્લા, અજબ છે કે એ કામ તું–તું મારી આગલી પાછલી જાણનાર—મને સોંપેછ! બચ્ચા, તારા મુવા પછી ઠાગો કરીને આય દુકતીને હું રખરાવશ એવી તુને બીહીક નથી લાગતી?"

"નહી–મેહેરનોશજી વજીફદાર જેવા તારા બચગીના દોસ્ત સાથ તું દગલબાજી કરવાનો નથી, ગુસ્તાદ. તું તેમ કરી શકવાનોજ નથી—તારી મકદુરજ નથી."

"પણ ઇડીયટ, હું દગો રમું તો તું થોરો ઘોરમાંથી ઉઠીને——"

"ભસ્તામાંથી પાછો જીવતો ઉઠી આવી તારો ટોટો પીસું! અહીંયાં હું છુપી રીતે બીજી મારી સાબુત ગોઠવણ કરીજ રાખશ તો! તું મારી મરજી માફક વીલમાં ફરમાવવા મુજબજ શીરીન ગાંધીને મારો વારસો આપી તેણીના ગારડીયન તરીકે બરાબર કામ કરેછ કે નહી તે ગુપચુપ તપાસનારા તારા બીજા ચાર પાંચ બત્રીસ દાંતવાળા દાદાઓ તારા જીવ ઉપર ટાંપી રહેશે—સમજ્યો?"

"વારૂં, વારૂં—તું ઘણો હુશીયાર છે તે જાણુંછ. ચાલ, હવે શું કહેછ? વીલ બનાઉ—તેમાં તારા ભત્રીજા ડા૦ અરદેશરને તું સબરદબર રખરાવી નાંખવા માંગેછ?" આમ કહી ગુસ્તાદજીએ કાગલની એક કાપલી ઉપર થોડીક નોટસ ઉતારવા માંડી. "અને મેહલ્લા, તારી બધી અસ્કામત, મીલકત, નાણું જે તે ને—તે પેલી કોણ? શીરીનબાઈ કોણ?"

"શીરીન ગાંધી."

"ઉંહ—તે તારી શું સગી થાય?"

"સગી બગી કોઈ નહીં. જો જરા ધ્યાનથી સાંભળ, ગુસ્તાદ—ખોદાયને ખાતર અવાચીઓ ખાવાનું જરા બંધ કર. મારી જુવાનીમાં એક વખત એવો ઉતો, દોસ્ત, કે જ્યારે આય છાતીમાં જીગર જેવી ચીજ ઉતી ને તે એક ઓરતે લુટી લીધી'તી. પણ પછવાડેથી તે ઓરત મારી મોહબતને બેવફા થઇ—ને—મારી સ્કુલના, મારા કલાસનાજ મારા જીવેજાનના દોસ્ત સોરાબ ગાંધી સાથ પરણી ગેઇ. તે લોકને તાંહ એક છોકરી અવતરી—તે આય શીરીન ગાંધી. આહ, ગુસ્તાદ—તું મુછમાં હસેછ, પણ આય ફટકા પછી દુન્યાદારીની માયા

ઉપર હું થુકવા લાગો. તે—તે—દીલમાંનો જખમ રૂઝાવવા મેં કેમ મારી જીંદગી રખડપટા તથા હાડમારીમાં અટવાવી નાંખી તે તું જાણેછ."

"ચાલ જા, મેહરનોશ! તું તો, બેટા, કવીતાની ધુણમાં આવી ગાયોછ!"

"ગમે તે કેહ—પણ જારે હવે મરવાનો વખત આયોછ તારે એજ સોરાબ ગાંધી અને તેજ મારી—તેની ધણીઆણી—ગમ મારાં દીલની રગેરગ ખેંચાઇ રેહીછ. મારા જેવા રદ બાતલ અભાગ્યાંનાં દીલમાં બી લાગણી છે, ગુસ્તાદ. મેં હમણાજ ચાંપતી ખબર કાહડી તો જણાયુંછ કે બીચારો મારો સોરાબ હાલ બે એક વર્ષ થયાં ગુજરી ગીયોછ. તેની વીધવા પોતાની દીકરી શીરીન સાથે હાલ અહમદનગર ખાતે ઘણી ગરીબાઇમાં રીએછ. આજે વર્ષો થયાં મેં માય દીકરીને જોયાં નથી—પણ મારા વાહલા સોરાબ ગાંધીની આગલી દોસ્તીની યાદમાં ને—ને—જુવાનીની ઘડીભરની મારી મોહબતને ખાતર હું આય પગળું ભરવાની હવે મારી ફરજ સમજુછ. તેમાં પેલો મારો મીજાજી ભત્રીજો મને ઘેર બેઠાં અહીં આવીને બફ્તાદી ઝીલાવી ગીયા પછી મારો ઠરાવ મક્કમ થયોછ. આય બધાં કારણો તું વીલમાં વીસ્તારીને તારી ધારા કાયદાની એલારપેલાર ભાષામાં લખી લાવ, દીકરા. ને ખરા—વીલમાં લખજે કે શીરીન ગાંધી ૨૩ વરસની થાય તાંહ સુધી તું તેનો ગારડીયન થાય ને ઉંમરે પુગતાં તેને તું કાંઇ લાયક ઠેકાણે પરણાવી આપે ને બધો વારસો તેને સપુરદ કરે તેટલાં તુંને તારી મેહેનતના બદલામાં મહીને દાહારે રૂપીઆ ૨૦૦ મળતા જાય."

ગુસ્તાદજીએ ચપચપ નોંધો કરી લીધી. "તારે તારા પેલા ભત્રીજાને તો એક ફુટી બદામ બી નહીજ કે? ઠાર

મુવો બીચારો !" તે સેહેજ મુછમાં હસ્તાં બોલ્યો, "નખોદ ગીયો નાસીપાસીથી ઘેલો થઇને કુવોબુવો તો નહી પુરે !"

"જાહનમમાં કાંય નહી જાય—તેમાં મને શું? પણ કેમ બા, મારા ભત્રીજાનું તમુને ઘણું લાગી આવીયા કરેછ? કંઈ તમારી કુમારી પણવા લાયક એકુ છોકરી બરેલી છે કે?"

"છોકરી? હે–હે–હે! બૈરી છોકરીમાં તારો સેવઃજ! મારા જેવા ફુલકસુર ઘરડાને બૈરી કોણ આપતું 'તું.? ગધ્ધો છે—ગધ્ધો!"

મેહરનોશજીએ ગુસ્તાદજી કાનફૂત્યાના ચીમરાઇ ગયલા તથા જઇફીથી લેવાઇ ગયલા ચેહેરા સામે બે મીનીટ ધારી ધારીને જોયું.

"હા ખરેખર! આપરે કાઠીયાવાડમાં પાંચ સાત વરસ પર સાથે ઉતા તારે તુંબી મારા જેવોજ બાવા નાહે ને તાપે તેવો છરો ઉતો–હવે યાદ આવી. પણ ગુસ્તાદ–હજુબી, ચંડાલ, તું–છે તે–કોઇ સાહુ બીલ્સ મલ્યું તો——"

"હવે માથું ના ખા, મેહલ્લા. આપરે જે છે તે—મકુંજે–આય શીરીનની ઉંમર હમણા શું હોશે?"

મેહેરનોશજી એકદમ મોટેથી બે અખત્યાર હસી પડ્યો– "ઓ તારૂ સત્યાનાશ થાય! હજુ તો હું બોલું તેટલાંમાજ કે, નાપાક? એકાએક તાંહ કાંહ લાધી ગીયો?"

ગુસ્તાદે ખુબ ફફડીને ભવાનો ચીલ્લો ચહાવ્યો, "એટલે? તારૂં માથું ખીસેલું લાગેછ, મેહેરનોશ; તું કહેવા શું માગેછ?"

"એજ કે નખોદ ગીયા તેં એટલી વારમાં તો શીરીન ગાંધી સાથ પરણી જવાની ગણત્રીબી——"

"ચુપ ચુપ! દેવાનો કેમ બની ગયોછ? કંઇ બનવા જોગ વાતબી કરશે કેની?"

"અરે તારા જેવા ચશમાચોરની આગળ બધુ બનવાજોગ થઇ જાય. શીરીન હમણા ઓગણીસ વીસ વરસનું ખીલતું ગોલાબ હોશે. તારા જેવા મકાઈ બુટ્ટાપર તો તે થુકેબી નહી–પણ તે છતાં વીલમાં એક કલમ ચપ દેતી કે ઉમેરી દે કે શીરીન ગાંધી જો ગુસ્તાદજી કાનફત્યા સાથ પરણે તો મારા વારસામાંથી તદન રદ બાતલ બની જાય ને બધી મારી દોલત ડા૦ માસીનાની ઇસપીટાલમાં એક નવો બ્લોક બાંધવા માટે ટ્રસ્ટમાં જાય. ચાલ જા, હવે તારે ગમે એટલા કારીના ધીચારા ધીચ ને પેટ ફુગી આવે તેટલી બીસકોટ જોભર."

ગુસ્તાદજીએ લગાર મોહ કુમલાવીને મેહેરનોશજીની આ છેલ્લી સરતબી કાગલપર ટપકાવી લીધી અને પછી તે કાગલીયું ઘડી વાળીને સંભાળથી ગજવામાં મુકયું.

"ઠીક છે–તારૂં વીલ કાલે કમપ્લીટ કરી આપીને પછી વલસાડ જાવું તો બસ કેની?" તે ઓરડામાંથી બાહેર જતાં બોલ્યો.

"હા, વીલ અહીં મારી પાસે સલામત રહેશે. મારા મરણ પછી થોડે દહાડે મારો વીશવાસુ બુઢો ઇસરાયલ કારભારી મુસો તુને જાતે મળીને વીલ સોંપી જશે–તે તું એકઝીકયુટ કરજે. તું પોતે અહમદનગર જઇને માય દીકરીને અહીં 'ગુલાબ વાડી'માં લાવી 'સેટલ' કરજે–પણ જો કમબખ્ત, કાંઈ જરાબી ઘાલમેલ કરવાની આશા ના રાખતો હું. તારી પછવાડે દશ જાસુસો ફરતા મુકી જવશ–તે યાદ રાખજે. ચાલ, નીકલ હવે અહીંથી, તારો ઓરડો પેહલે મારે તૈયાર રખાવ્યોછ. જરા નાહી ધોઈ લે–બ્નો ખાટ્ટોબટ્ટ વાસ મારેછ."

ગુસ્તાદજી ઓરડામાંથી બાહેર પડ્યા પછી અરધોએક કલાક મેહરનોશજી ઘણુાજ ઉંડા વીચારમાં પોતાના ચોલ્યા ઉપર

માથે હાથ દઈ થંભ બેસી રહ્યા, અને મન સાથ બડબડ કરવા પડ્યા.

"મારે એમ કરવું ને ફર કરવું! ગુસ્તાદ ઉઠાઉગીર છે તો હું ઉઠાઉગીરોનો શાહ છેઉં. એને બાલેબાલ પુરો નહી પડું તો મારૂં નામ મેહેરનોશજી નહી. ઘેરમાં એમ મરઘાંની માફક ટોપલે ઢંકાઈ રેહતા મોહને ફીકરબી આવી ગેઇછ—બસ આય મારો તાગડો હવે જીવતરમાં કાંઈ નવોજ રસકસ રેડશે. જરા જોખમનું ને મુશકેલ બીડું ઝડફ્યુંછ તો ખરૂં, પાર—પણ મારે વાસ્તે કીયાં બચ્ચાં છોકરાં વાટ જોતાં બેરી રહેવાના છે? જોઇયે તો ખરા—બધો રંગ કેમ મળેછ? આય બદમાશ ગુસ્તાદની સાથ ટક્કર લરવામાંબી ઓર મજાહ છે. એ તે એજ! મારા જેવા ચટપટીયા જીવને જો એમ હળામણ નહી હોય તો હું તો જરૂરજ ઝુરીને મરી જાવું! બાકી લીવર કોણ એવા તેવાનું પાકુંછ, ને મુસો કારભારી કોણ નખોદ ગીયો મુવોછ! હે હ! પેલાં—પેલાં—બાઈ સાહેબનેબી તો જરા લાંબે વખતે પાછાં જોઇયે. ને—ને—પેલો દુકતો અદી કેમ હાથ ને પગ હવે અફારેછ તેબી બાજુએ ઉભા રેહી જોવાની ગમત છે!"

પ્રકરણ ૭ મું.

"કરી લે બધી ભલાઈ, ડા૦ અદી! તારે ખાતે સઘળું હમણા જમે થાય છે!"

કાલાબાની સેનીટેરીયમની પડોશમાંજ આવેલા 'લીલી કોટેજ'માં આજ રોજે કાંઈ લગરીક ગડબડ સડબડ છે ખરી.

બારણે તોરણો છે અને ઓટલો બધો ચોકના સફેદ ડપકાંઓથી લપેટાઇ ગયલો છે. આજે ત્યાં વસ્તાં જવાન પારસી જોડાંએ એક ઇવનીંગ પાર્ટી આપેલી છે, કારણ સાલગરેહનો ખુશ બખ્તી-ભર્યો પ્રસંગ છે. પોતાના ધણીજીની વર્ષગાંઠને દીને મીસીસ જરબાનું મોદીએ કેટલાંક પોતાના દોસ્તો અને સઇઓને સાંજે "ટી" પર નોતર્યાં છે.

'લીલી કોટેજ' ના રમકડાં સરીખા કમપાઉંડમાં 'લાઇટ રીફ્રેશમેંટ'ની ટેબલો કોરનેલીયાને ત્યાંની ફ્રેન્ચ કનફેકશનરીથી સીંચાઇને ચા કાફી આઇસક્રીમ સાથ ઠસડસી રહી છે. અહીં-તહીં સોફા અને ખુરસીઓ ઉપર ગોઠવાઇ ગયલાં કેટલાંક પરોણાએ આઇસક્રીમ, કેક બીસકીટ ને લેમનેડ ઉપર મારો ચલાવવામાં મશગુલ છે—કેટલાંક બાગમાં ધીમે ધીમે લટાર મારતાં જઇ સ્ત્રીંગ બેંડનું મ્યુઝીક સાંભળવા પડયાં છે—જ્યારે તે દહાડાના મેહેમાન મીસીસ જરબાનું મોદી પોતે તો પોતાની નવી માનીતી ગામડયણ સઇ ખરશેદબાઇ બમનજી મેહેતા સાથ બગીચાના દરવાજા આગળ ઉભા રહી કાંઇ વાતચીતમાં રોકાયલાં છે.

જવાન મીસીસ મોદી જાતે મળતાવડી હોવાથી ખારશેદ જેવી છોકરી સાથ થોડીજ મુદતમાં તેણીને ઘાડી મીત્રાચારી બંધાઇ ગઇ છે. અસલી રૂપની આ સાદી ગામડેની ગોરી તરફ મીસીસ મોદીને અજબ ચાહ લાગ્યા છે, એટલે આજની પાર્ટીમાં ઓહોંસ હોસ કરીને ખરશેદબઇને તેમજ સુનામાસીને તેડું કરેલું છે.

"ચાલ, તું આવી તેથી હું ઘણીજ ખુશી થઇ, ખર-શેદબાઇ," જરબાનું મોદી બોલી, "એમ ઓસકાયા શાની કરતી'તી? તારાં પારડી ગામની રીત પ્રમાણે જો ઘેરમાં ભરઇ રહેશે તો અમારી મુંબઇની સોસાયટીમાં ભેરાતાં કાહરે શીખશે?"

"એ અમે સીખ્યાં! મુવાં કોઇ દાહરે ફરેલાં હરેલાં નહી ને એમ જંહ તાંહ ઘસરઇએ તારે તરેહવાર ફેસ્તા અમારેથી થઇ જાય ને અમસા પોતીકાં વસા ગુમાવીયે. જોની, પેલાં માહરાં સુનામાસી તાંહ બેઠાં બેઠાં ખાસ્સી રકેબીમાં ચાહે નામીને કેવાં સહરૂકા મારેછ! હી–હી! વરી ડાકટર અદેસર જોય તો કહેશે એટીકેટ ફેટીકેટ નહી આવરતી!"

"પણ એટીકેટ નહી આવરે તો સીખો કાહરે? જરા તુ કેથે જાવઆવ કરે તો——"

"ઓ લે! મરેરે કોઈ દાહરે કેથે સસરૂં નહી ને તે દાહરે ધુર નાખવા વીકટોરીયા ગારડનમાં ફરવા ગઇ તો તાંહબી બરીયા ફજેતા કરીને આવી પેલા કોઇ બારીસ્ટર જાલભાઇ ઉમરીગર અહીં કેથે નજીકમાં રહેછની તેવણ નહી હોતે તો મારી પુરીજ લેવરી થઈ જતે. મકુજે, જરબાનું, એ–એ જાલભાઇ આજે આવવાના છે કે?"

"જાલ ઉમરીગર? હારે, મારા જહાંગીરના મોટા દોસ્તદાર થાય. એ ને નાજાંમાય બોય બોય આવતાં હોસે–મને હા કેહવારીયુંછ."

"નાજાંમાય કોણ?"

"જાલની વરી બેહન–બીચારી પાંત્રીસ વરસની રંડાયલી છે. પણ, ખરસેદબાઇ, વીકટોરીયા ગારડન્સમાં શું થયું તે મને નહીં કેહ્યું."

ખુશ મીજાજે હસતી જઇ ખોરશેદે રાણીના બાગમાં બનેલો બનાવ પોતાની સઇને કહયો. કાંટાની ઝાડી સાડીમાં ભરાઇ ગયલી જાલ ઉમરીગરે કેમ કહાડી તેનું વર્ણન આપતાં તેણીના ગાલ ઉપર સેહેજ રંગ ફરી વળ્યો–પણ જરબાનું તો વાત સાંભળીને ખુબ હસવાજ પડી ગઇ હતી.

"ખરેખર! જાલભાઇ નહી હોતે તો પીરા પરતે જો!" જરબાનું હસતું પુરૂં કરી બોલી, "પણ એ જાલ છેજ ઘણો મજાનો લાયકીવાળો છોકરો. એનામાં કાંઇ મીજાજ કે ટેંહકરાઇ નથી. જે લોક એને ઓરખેછ તે બધાં એક અવાજે એની તારીફ કરેછ, તું શું ધારેછ, ખરસેદબાઈ, સાચ્ચું કેહ!"

ખોરશેદે પોતાની બે આંખ્યો પોરપરાક ઉંઘાડી જરબાનું મોઢી ગમ જોયું, "ઓ વાય! જરબાનુ, એમ કાંય ડોરા બારોછ? વરી હું શું ધારૂં?"

"નહી—મશકેરી નહી. બધાં એક મોહને કહેછ કે જાલ આગળ ચાલતાં નામ કાહડશે. મારા જાંહગીરને તો એને વાસ્તે ઘણુંજ ઉંચું મત છે ને હમેશ મને કેહછ કે એ થોરા વખતમાં પોતાના બારીસ્ટરના ધંધામાં એટલો વધી જશે કે જોયાજ કરશું. અસ્તો તદન નવોજ છેની તેમાં—બાકી કેહજે એનું કાયદાનું ગ્નાનબી ઘણું સારૂં છે, ને બોલેછ તો એક અંગ્રેજનીજ કાની."

ખોરશેદના ચેહેરા પરથી હવે હસવાનું ઉતરી ગયું હતું. તેણીનો મુખડો એકાએક વીચારવંત અને ગંભીર બની ગયો. "ઓ માય," તેણીએ ધીમેથી જવાબ દીધો, "એટલાબધા હુશીયાર છે એમ જાણતે તો તે દાહરે——"

"અરે નહીરે. એનામાં પેલા ડા૦ અરદેશર જેવી મોટાઇ કે મગરૂરી છેજ નહી. એ તો હીરો છે—હીરો! ને વરી લખેછ કેવું મજાનું! એના હાથની લખાયલી બે ત્રણ ગુજરાતી વાર્તાઓ એવી સરસ છે કે હાથમાંથી મુકવા નહી ગમતી."

"એમ કે? તમારી પાસે કાઇ એવણની ચોપડી હોય તો મને વાંચવા આપશો? હું બે દહાડામાં પાછી મોકલાવશ.

તે દાહરેજ મનેબી લાગુ'તું કે એવણુ—ઓ લેવો, એ લોકજ બધાં સામેથી આવેછ!"

ખોરશેદ ઝટ બગીચામાં જઇ સુનામાસી આગળ બેસી ગઇ. એક મીનીટમાં ડા૦ અદી, હમાયજી, જાલ અને નાજાં માય આવી પુગ્યાં. જાલે દુરથી ખોરશેદને જોઈ હતી, એટલે આવતાનેવાર તે તેણીની આગળ ગયો અને ઘણીજ ખુશાલીથી તેણી સાથ શેકહેંડ કરી.

"મીસ મેહેતા, તમેબી આજે આવવાના છેઓ એમ હું નહી જાણતો'તો," જાલ તેણીનો હાથ પોતાના હાથમાં પકડી રાખીને બોલ્યો. "તમુને પાછો મળવાથી હું એટલો ખુશી થયોછ કે બોલ્યાની વાત નહી. કેમ, ખુશીમાં તો છેઓની?"

"હાજી, સારી કાંની છેઉં. તમારીજ વાત હમણા હું ને જરબાનુ કરતાં'તાં. તમારી વાતની ચોપરી એવણુ મને વાંચવા મોકલવાનાં છે—કેહજે તમે ઘણું સરસ લખાણ કરોછ—"

"મશકેરી કરોછ કે, ખરશેદબાનુ? ગરીબ આદમીની જેવી તેવી ચોપરી છે—હું કાલે તમુને એક 'સેટ' જરૂર મોકલી આપશ—વાંચીને પછી તમારૂં મન આંપજો.——"

"મત? હા—હા—હા! ખરશેદબઇ બીચારાંને વાંચવાની જાત કાંહ હોશે? જાલ—કાંય તારૂં માથું ઝીકેછ?"

પછવાડે આ રીતે બોલનારનો અવાજ જાણીતો હતો. જાલે અને ખોરશેદે ઝટ પછવાડે ફરીને ત્યાં પુર દદેરાથી કમરે હાથ દઇ ઉભેલા અદીગમ જોયું. ખોરશેદે તુર્ત સેહેજ ડોકું નમાવી સલામ કરી. પણ અદીએ પાછું ડોકું કર્યું નહી. તેને બદલે પોતાની મુછના આંકડા મરડતો ઉભો રહી તેણે ખોરશેદના ઓલ્ડ ફાશીન ડ્રેશ ગમ નશકોરૂં ચઢાવીને ચુંચી આંખ્યો સાથ જોયાજ કીધું.

જાલને "અભરમચી" તો ખુબ આવ્યા પણ જેમ તેમ ગુસ્સો દબાવી તેણે એક પ્યાલાંમાં ચાહે રેડી ખોરશેદને આપી.

ખોરશેદે તે પ્યાલું લીધું અને એવા મીઠાસથી જાલ ગમ જોયું કે તેનો ચેહેરો ખુલી ગયો. પણ એ લુચ્ચી છોકરી હજી પોતાની મસ્તી છોડતી નહી હતી.

"મરેરે આય અંગુંઠી જેટલાં પીઆલાંમાં ચાહે પીજીએ તો જીવ કેમ ધરાય?' તેણી ખુબ ગેલથી હસ્તાં બોલી, "ને એ કેમ પીવાનું—ડાકટર, જરા શીખવોની?"

ડાકટર અરદેશરે પોતાના પાટલુનના બે ગજવામાં હાથો ખોસ્યા અને મુછમાં હસવા લાગ્યો. "જરબાનુ," તે મીસીસ મોદી તરફ ફરીને બોલ્યો," "એક બે પીતળના મોટા કાંસીઆ હોય તો મંગાવોની—ગામરાંના ભાઠેલાંઓને તો મસ મોટું ચાહેનું બહગાનું જોઇયે. એ લોક ભોંયપર બેસીને ટાંટીઓ ચહરાવી ને કાંસીઓ ભરી સુહરૂક સુહરૂક અરધીએક ગેલન જેટલી ચાહે——"

"શટઅપ, અદી!" જાલ ચીરડાઇને વચમાં બોલી ઉઠયો, "આય લેડીને વાસ્તે તુંને જેમ ગમે તેમ બોલવા હું દેવાનો નથી–ટેક કેર!"

"લેડી? હેહે–હે! બા, તારાં સોભઇતાં 'લેડી' ને જરા પેહેલાં કાંઇ રીતભાત શીખવ. આપરે છે તે, ખરસેદબાઈ, આએ કાચનાં વાસણ છે તેને ઇંગ્રેજીમાં 'ફીંગર બોલ્શ' કહેછ–એમાં પાણી છે તે ફક્ત હાથ ધોવાને વાસ્તે છે, હું કે—ભુલચુકમાં તે ઉંચકી પીવા બીવા——"

"વોટ નોનસન્સ, અદી! ગધેરાનીકાની એ શું બકયા કરેછ? તારે ને મારે પંચાતી થશે—હું તુને ચેતાવી મુકુંછ!" જાલે મીજાજ ખોઇ દીધો, તેનું મોહડું કચવાટ અને ક્રોધથી

સેહેજ લાલ થઈ ગયું હતું અને અદીગમ ડોળા કકડાવીને તે જોતો હતો.

આ 'ડેનજર સીગનલ' જોઇ હમાયજીએ અદીને બાજુએ તાણીને ખીસાડી નાખ્યો. આસપાસનાઓબી ખસીયાણાં પડીને ત્યાંથી ચાલી ગયાં. જાલ ખોરશેદની પાસે સોફા ઉપર બેઠો અને અત્યંત મમતાથી તેણીને કાંઇ રીફ્રેશમેંટ લેવાનો આગ્રહ કરવા લાગ્યો.

"ખોરશેદબાનુ, આય બેવકુફ અદીના બોલવાનો મુજાકો ના કરતાં,' તે પટામણે સાદે બોલ્યો, "એ તો એવોજ પાજી ને મીજાજી છે. તોબી ખરેખર કેહુછ કે તમારો સ્વભાવ અજબ જેવો ઠંડો ને મીઠો છે. કોઇ જેવું હોય તો શું નું શું કરી નાખે–ને તેને બદલે તમે તો હસીયાજ કરોછ!"

ખોરશેદ ખચીત બહુજ મગન અને ખુશ દીસ્તી હતી. અદીએ કરેલાં આટલાં અપમાન છતાં તે છોકરીના ચેહેરાપર ફરી વળેલો હમેશનો ખુશ મીજાજી છાપ જેમનો તેમ ટકી રહેલો જોઇ જાલ મનમાં આફ્રીન કરવા લાગ્યો.

"તમે કાંય મારે લીધે વીજોકું લઇ પરીયા, જાલભાઇ?" ખોરશેદ હસીને બોલી, "અમુને તો એમ ખાસરાં ખાવાની આદત પરીજ ગીએલી–તેથી ગમે તેવાંબી દીક્ષાં પરે તોબી મુવું હસઇજ જવાયછ. એ તો અરદેસર ડાકટર જીભરાયા પેલી લક્ષાપતણ કેટી દાવર સાથ પરણુવાના છે કેની તેથી અમારાં જેવાં ભીખારડાંઓને જોઇને એવણુને સુગ લાગેજ તો! પણ લેઓની, તમે પોતે તો કંઇ ખાતાજ નહી–મારીજ ગોરસી કરીયા કરશો કે?"

*   *   *

જાલની છાતી કાંઇ વાચીત્ર લાગણીથી ધડક ધડક થતી

હતી. એક ગોરાંણીના પોશાકમાં સજ થયલી આ હસતી પુતળીએ તેનું ચીત્ત ચોરી લીધું હતું. આખો વખત તે સાંજે જાલ તેણીની આગળનો આગળ ભમ્યા કીધો ખોરશેદનો મુખડો બી જાલની સાથ વાત કરતાં અજબ રીતે ખીલી રહેલો હતો. ડા૦ અદી ભારમાં ને ભારમાં દુરનો દુરજ ફટક્યા કીધો, અને સુનામાસી તો બીચારાં એક ખુણામાં સોફા કોચ ઉપર ઢગલા મીસાલ બેસી રહીને ઝુરયાં કરતાં હતાં. પણ ખોરશેદ તર્ફ જાલની આવી દેખઇતી કાળજી ચગોર આંખ્યોથી છટકવા શી રીતે પામે? ત્યાં મેળાવડામાં હાજર રહેલી અનેક કુમારી છોકરીઓનાં દીલમાં અદેખાઇનો ચટકો લાગ્યો અને અનેક મુખમાંથી તરેહવાર અસેમસેના ટીકા કાને કાન ઉઠ્યા! એવાંજ—એવાંજ નાકદર, નીંદાખોર આપણા લોકો છે!

ઘણીક બાનુઓએ પ્યાનોફોર્ટ ઉપરના "એકમ્પનીમેંટ" સહીત જુદાં જુદાં ગીતો ગાઇ એક નાનો જેવો "કોનસર્ટ" કર્યો હતો. જ્યારે કોઇ વજાડનાર બાકી નહી રહ્યુ અને સઉ કોઇએ જ્યારે કાંઇ વધું વજાડવાના આગ્રહને ના પાડી ત્યારે વળી પાછી અદી વજીફદારને કાંઇ ચુર થઇ આવી. તે કમબખ્તને સખ્ખે ગગડવા ગમતું નહી હતું. ભર મેળાવડામાં તેણે એકાએક મોટેથી ખોરશેદને હાંક મારીને કહ્યું—

"આપરે છે તે ખસેદબાઇ! ચાલો હવે જાલ સાથની ઘુસઘુસ પુરી થઇ હોય તો તમે કંઇ લલકારો! કંઇ પારડીની તમારી શોભીતી ગોયનોનો ગરબો ચલાવો, જોઉંછ તો!

આસપાસ બેઠેલાં બેચાર અક્કલનાં ઓથમીરો આ સાંભળી હસી પડ્યાં. ખોરશેદ મોહડે રૂમાલ દાબીને મુંગીજ બેસી રહી.

"લેઓ જાલને વરી લાગી આયું!" અદી ખડખડ હવે હસીને બોલ્યો, "એનાં માનીતાં ખસેદબઇ સાથ જરા વાત કરૂંછ કે એ વાઘના જેવા ડોરા કાહરવાજ મંડી જાયછ."

જાલનો પીત્તો ઉછળી આવ્યો હતો. અદીના છેલ્લા કઢંગા ટીકાથી જાલની આંખમાં ક્રોધનો જે ચમકાટ નીકળ્યો તે ખોરશેદે એક સપાટે જોયો.

"ચાલો સાહેબજી, જાલભાઇ—હું જરા પાર તરફ દરીયે કીનારેથી લટાર મારી આવવા માંગુછ. અહીં બેસી રહેતાં પગબી ભરાઇ આયા. માસી, તમે એ લોક સાથ જજો—હું અમીના લઇને જરા પાંચ મીનીટ ફરી આઉંછ."

આમ કહી તેણીએ ઉઠીને જરબાનું મોદી તથા જહાંગીરજી મોદીને શેકહેંડ કરી અને બીજા કોઇની તરફ જોવા વટીક વગર તેણી દરવાજાની બાહેર પડી, રસતાપર બે કદમ તેણી ગઇ નહી હશે તેટલાં ડા૦ અદીનો અવાજ પાછો ખુલ્લો સંભળાયો.

"અરરરર!" તે હસ્તાં હસ્તાં બોલતો હતો, "ફુરાઇનો તો મીઝાઝ ઝટો રેહો! એણાનને ગરબો ગાવા નહી કેહું તો શું પ્યાનોપર 'ફેનટાઝીયા' વજારવાના ઉતાં—હાહાહા.!"

બાગમાં પાછી દાખલ થઇ કાંઇ સખત પગલું ભરી દેવાની અણીપર ખોરશેદ હતી—તેટલાં જાલ ઉમરીગર તેણીની સફેદ સ્યાલ હાથમાં લઇને તેણીની સોડે આવી ઉભો.

"આય તમે સોફાપરજ ભુલી ગીયાં!" તેણે નરમાસથી કહ્યું, "લેઓ, તમારાં ખભાંપર એમ નાખો—ખરાબ પવનબી ફુંકછ."

જાલે તે સ્યાલ ખોરશેદનાં માથાંપર સંભાળથી ઓઢાડી અને તેણીની બાજુએ મુગો મુગો ચાલવા લાગ્યો.

પાંચેક મીનીટ વીચારમાં ગુપચુપ ચાલવા પછી આખરે ખોરશેદનોજ સાદ પહેલો નીકળ્યો,



એક શબ્દ બોલ બોલે તે અગાઉ ખોરશેદે તેના ડગલાના બટન હોલમાં તે ફુલ પોવ્યું અને ચુંચી આંખ્યો કરી ડોકું ખભાં પર એક બાજુએ ઢલાવી તે જોવા લાગી. (જુવો સફા ૫૩ મો).

"મારે લીધે તમે કેટલી બધી મેહેનત લેઓછ! મને ઓસકબી લાગીયા કરેછ!"

જાલ સેહેજ અચકીને ઉભો અને એક મીનીટ તે છોકરીની મધુર આંખ્યોમાં ધારી ધારીને જોયું.

"તમે કેહો તો હું જતો રેહું—તમુને મારી સોબતથી કંટાળો તો નથી આવતો કેની, ખોરશેદબાનુ?"

ખોરશેદ વળી પાછી પોતાની રીત મુજબ ઝીણે સાદે હસી પડી,

"હીહીહી! તમે મને બાનુને તાણું કરોછ તે ઘણું રમુજી લાગેછ. મને અમથી 'ખોરશેદ'જ કાંય નહી કહેતા? ને જોવોની, જાલ—હુંબી તમુને હવેથી અમથી 'જાલ' કરીનેજ બોલાવશ હં કે—તમારી સાથ વાત કરવા મનેબી ઘણું ગમેછ. પણ બા, મને ફીલસુફીની વાત કરતાં કંઇ આવરતી નથી જો. જોવોની આય મારા હાથમાં ગોલાબની કલી જરબાનુએ આપેલી તે હજુર છે—એની ઉપર કંઇ ભાષણ કરવા કેહો તો આપરે તો કોથુંજ જોયા કરીયે! પણ, જાલ, લાવો એ હું તમારા ડગલામાં ખોસું."

એક શબ્દ જાલ બોચરે તે અગાઉ ખોરશેદે તેના ડગલાના બટન હોલમાં તે ફુલ પોયું અને ચુંચી આંખ્યો કરી ડોકું ખભાં પર એક બાજુએ ઢલાવી તે જોવા લાગી.

જાલ તો દીંગમુઢજ બની ગયો હતો. આ પ્યારી પુતળીનો ઉપકાર માનવાનેબી તેની જીભ ઉપડી નહી. તેણે વાંકો વળી અચબુચ ખોરશેદનો હાથ પકડયો અને પોતાના હોઠ ઉપર ઘણાજ જુસ્સામાં દાબ્યો. તે બચીત ચકભમ બની ગયો હતો. તેમ વળી ખોરશેદનુંબી ધ્યાન ક્યાં ઠેકાણે હતું? તેઓ બંને જણાં લુડહાઉસ બ્રીડજ ઉપરથી સાથે ચાલતાં હતા—પણ બંનેનું

ધક કોણ જાણે ક્યાં ચરવા ગયલું હતું. પછવાડેથી એક ગાડી ધમ ધમ કરતી ધસીને જ્યારે છેક અંગ ઉપર આવી ત્યારેજ એઉ જણાં પોતાના તુરંગોમાંથી ચમકીને સાવધ થયાં.

કોચમેને મોટેથી બુમ પાડી અને ગભરાઇ ગયલી ખોરશેદથી એક નાની ચીસ પડાઇ ગઇ. ખરેખર! ગાડી એવી તો જોરમાં ઝપાટાબંધ પુલ ઉપરથી આવતી હતી કે જો જાલે જરા સમયસુચકતા રાખીને ખોરશેદને કમરમાંથી પકડી એક બાજુએ ખેંચી લીધી નહી હતે તો જરૂર કાંઇ ગંભીર અકસમાત થઇ જવા વીના રહેતે નહી.

ગાડી દોડમાર નીકળી ગઇ અને ખોરશેદ તો જાલના ડગલાની બોહે મજબુત પકડીને હરણફાર જેવી ઉભીજ રહી. જાલે તેણીનો ડંડોગાર હાથ પોતાના હાથમાં લીધો!

"ખોરશેદ–ડીયર, તું જરામાં બચી ગેઇ!' તે ધીમા માયાભર્યા સાદે બોલ્યો.

"હા–ચાલ બા હવે ઘેર જતે. આજે મારૂં ભેજું ઠેકાણે નથી, જાલ."

પાંખડી વળગી એઉ જણા મુંગા મુંગા સેનીટેરીયમપર પાછાં ફરીયાં. દરવાજા આગળ અદી, હમાયજી, સુનામાસી. નાજામાયનું ટોળું વાટ જોતું ઉભેલુંજ હતું. જાલના ડગલામાં ખોસેલો ગુલાબ જોઇ અદી મુછમાં હસીને કોર મરડી પોતાના માય સાથ અંદર ચાલી ગયો. નાજામાયનો લગાર થોભરો ચહડેલો હતો–એટલે તેવણ જરાક દમમાંજ ડોકાં કરી જાલ સાથ ઘેરે જતાં રહ્યાં, અને સુનામાસી! તેવણ તો નાટકમાં કાંઈ 'એકટીંગ' કરતાં હોય તે મીસાલ સ્થીર ઉભાં રહી કમર પાછળ એઉ હાથ મેલી ખોરશેદ ગમ મસ મોટા ડોળા કહાડી ટગર ટગર જોયાજ કરતાં હતાં.

ખોરશેદબી તેવણ ગમ થોડોવાર જોયું. તેણી સમજી ગઇ કે ડોસાંનો તોફાનનો વાવટો પાછો ચહડેલો હતો. પોતે ગમે તેવા અંદેશામાં હતી તોબી આ ચવીત્રી છોકરીથી સુનામાસીનું ધુખરાયલું ડાચું જોઇને હું કરી હસી પડાયું.

પ્રકરણ ૮ મું.

ગરીબાઇના ગારમાંથી સીધી ચાલી જા ધનના ઢગલાપર !

ઓ દલીદ્રતા ! તારા ડંખનો ચટકો તો જેણે સેહયો છે તેજ પીછાને છે. દીવસના બજારના વાંધા,—કનીયાના આંકડાના હાયસોસારા—ઘરવાળાની ધાંધળના રોદરા ! રે વાંચનાર—તુંજ સુખવાસી ચસ્મો આજે જરા દુર્દશા, તંગી, કંગાલ્યતના એક ધામ તર્ફ ફેંક. જો—અહમદનગરની એક કંગાળ, હાલહવાલ ચાલીને ભોંયતળીયે એક અંધારી ઓરડીમાં પીરોજબાઇ ગાંધી માથે હાથ દઇને જીવ સાથ નીસાસા નાંખતી બેઠી છે. અંગ ઉપર જુનો ઘસાઇ પીસાઇ ગયલો સદરો, મેલી અખંતર ઇજાર અને ચીંદડેહાલ માથાંબાણાના રીવાય બીજું કશું વસ્ત્ર નથી. ઓરડામાં સરસામાનનુંબી ઠેકાણું નથી. જમાનાની ગીરદેશ તળે કચડાઇને પોતીકાં જીવતરને કહુવા દેતું તે સંકટનું એક સીહા સ્વરૂપ છે. હાથમાં અનાજવાળાની ધધરાવીને લખેલી છેલ્લી ધાટકી નોટીસ તરફ બીધેલે ચેહરે

અને સુક્કા ટસ થયલા ફાડફાટ ડોળા સાથે ટીકતી ચાલી-સેકની ભરતીમાં આવી ચુકેલી અઘોર ઉમરની આ અભાગણી ઓરત દોરંગી દુન્યાના દગા ઉપર લોહીનાં આંસુ ખેરવતી ત્યાં પોતાની ભાંગી તુટેલી ખાટલી પર ફસડાઇને બેઠેલી છે.

"હવે એ નહી થોભે!" પીરોજબાઈ બડબડી, "આએ અટ્વાડીએ તો જેમ તેમ જીવપર જોરાવરી કરી જુની ઘોલક્ઝા બાર આનામાં વેચીને ખેમચંદ પાસે અરધી પાએલી ચોખા નખાવીયા—પણ હવે શું કરશ? મુવો રન પર ચહરયોછ. ને ઉધરાનીવાળોબી કાલે વરી પાછો અધયર જેવો ઘેરનું ભાડું લેવા આવી ઉભો રહેશે. આય તીજો મહીનો ચહરશે—ને મારી પાસે બે આનાબી બરેલા નથી. એ લોકને ના કેહવશ તો ઝારેઝાર તોરી પારશે. ઓ ખોદાએ! બીચારી મારી ગરીબરી શીરીન અરધી અરધી રાત સીવતાં પટકાઇ જાયછ—"

"માયજી, કોઇ પારસી તમુને મળવા માગેછ. કહેજે શીરીનબાઇ ગાંધી કાંહ છે—તે મેં કહ્યું કે આએ રહી હું! બહાર ઉભાછ. માયજી. વરી કોણ હોશે—મરે હવે તો ધુજવાનું ચેનબી નથી રેહ્યું!"

એક કોમળ જીણા અવાજે ઓરડીની બાહેરથી આ મુજબ પીરોજબાઇના હાય અફસોસમાં ખતરો નાખ્યો. અને તુર્ત સાડી વગરની—બદીયાન તથા માગુબાનામાં સજ થયલી—જુવાન રૂપાળી એક મડમ જેવી ગોરી સુંદરી પોતાની માતા સામે આવીને ઉભી.

પીરોજબાઇએ મોહ કુમલાવ્યું, "શીરીન, પેલો મંચેરજી બ્યાજખોરો હોશે. એને મેં આઠ દહારા રહીને આવવા કહયું તે——"

"નહી, માયજી, એતો કોઇ કહજે મુંબઇથી આયાછ. બોલાવું?"

પીરોજબાઇ જવાબ દે તે અગાઉ તે નવો આવનાર આદમી પોતેજ લેહરે લેહરે અંદર ચાલી આવ્યો અને ઓરડાની વચ્ચોવચ્ચ કમરે બે હાથ દઇ ઉભો રહયો.

"શીરીનબાઇ ગાંધી નામની છોકરી અહીં કોણ છે? આએજ કે! ને તમે કોણ? એના માય? તમે–એંહ? કોણ પીરોજ! નવલકાકાની પીરોજા——!!—"

પીરોજબાઇને પીસતોલની ગોળી લાગી હોય તેમ તેણી ઉછળીને ઉભી થઇ,

"ગુસ્તાદજી!——"

"હા. હુંજ ગુસ્તાદજી–પણ તું પીરોજ, અહીં! આએ તારી છોકરી!"

પીરોજબાઇ ધમ દેતી કે ખાટલીપર પાસે બેસી ગઇ અને ડઘાઇને ટગર ટગર ગુસ્તાદજી કાનફટયાનું મોહ જોવા લાગી,

"કેટલે વરસે તમુને પાછા જોયા. ગુસ્તાદજી, તમુને મારી કોણે ખબર આપી?"

'એ આએ તારા શું હાલ! તેનો મને પેહલાં જવાબ દે, પીરોજ. વીશ વરસપર તું અમારી આગળથી જતી રહી પછી તારો પત્તો કાંહાં ઉતો? અરે આએ તારૂં મકાન! તોબાહ! પણ મેં તુંને વીસ વરસેબી પાછી ઓરખા. તું પાછી પરણી? પીરોજ, હું ભુલ તો નથી કરતો?"

"નહી, ગુસ્તાદજી, તમે ભુલ નથી કરતા. હુંજ તમારી કાકાની દીકરી અભાગણી પીરોજા છેવું. આએ મારી દીકરી શીરીન. એની સાથે તમુને શું કામ છે?"

મેલાં વારકુટપરજ પોતાની સામે ઉભેલી વીસ વરસની આ મનમોહન જોબનવંતી કુમારીકા ગમ ગુસ્તાદજી જેવો દુન્યા ખાઇને ઘેરાઇ ગયેલો બુઢ્ઢો બદમાશબી ડોળા ફાડી જોયા

કરતો હતો. આહ! કંગાળ્યતના કાંટામા કેવું ખીલતું ખુબ-સુરત ગુલાબ! શીરીન ગાંધી! એજ પેલી શીરીન ગાંધી? રે પરવરદેગાર! તેમજ જો હોય તો તારી કુરબાની ખરેજ યોગ્ય ઠેકાણે ઉતરી છે. તેણે શીરીનના અને તેની માતાના ચેહેરા તરફ એકેક પછી ધારી ધારીને જોયું. ચેહેરા તો તેજ! બેશક માના મુખડાંનો કલ્લો દીકરીમાં ઉતરેલો હતો એમાં ફેર નહી–પણ આ પીત્રાઇ પીરોજ મેહેરનોશજીની માશુક! અરે, એ અનેજ કેમ? ધાલમેલ બધી છે શું?

"પીરોજ," ગુસ્તાદજી આખરે માયાભર્યા ધીમા સાદે બોલ્યો, "તારી હાલત સુખી દેખાતી નથી. એ આએ તારા ઓરડાના શું હાલ! તમારાં બેઉ જણનાં કપડાનાં શું અવતાર! કાંઇ ઘણા વાખા પરના દેખાયછ?"

નીરાશીનો પીરોજબાઇએ એક ઉંડો દમ ખેંચ્યો. "હા, ઘણોજ ખરાબ વખત આયોછ," તેણી દબાયલા સાદે બોલી. "ખોદા અમારી શરમ રાખે! ગુસ્તાદજી, અમારૂં શું થશે? સોરાબજી ગુજરી ગયા પછી છેકજ હું ખાખાવરખી થઇ ગેઇછ. આટલી આએ પોરી છે તે ને હું સીવી સાંધીને જેમ તેમ એક ઈડાને રોટલીપર દાહરો પુરો કરીયેછ. શું કરૂં? બહાર કેહે આએ ગોધા જેવી છોકરીને મોકલાતી બી નથી ને એ કાચ્ચી કુમારી દુકતીને એખલી ઘેરમાં નાખીને હું કાંહ જાઉં? હું તો તદનજ ઘેરાઇ ગેઇછ—"

પીરોજબાઇની આંખ્યોમાં પાણી ભરાઇ આવ્યાં. શીરીન દીવાલને અઢીંગીને જમીન તરફ જોતી મુંગી મંતર ઉભી હતી. ગુસ્તાદજી ઓરડામાં આમથી તેમ એકાદ બે મીનીટ ચાલ્યા કરી અચણુચ પીરોજબાઇની સામો પાછો આવીને

અટકી ઉભો અને તેણીનું સોહોરાઈ ગયલું મોહડું એક ચીતે ટીકયા કર્યું.

"પીરોજ, એક ચીજ હજુ મને સમજ પડતી નથી. તું મને સાચું કહેશે? મારા પુછવાની મતલબ છે. ઘણું અગતનું કામ છે,—સાચું કહેતો પુછું."

"પુછોની, એવું તે શું અગતનું કામ છે?"

"તાહરે તારી આય છોકરીને જરા બાહેર જવા કેહ— મને કાંઇ ખાંનગી પુછવુંછ."

શીરીન ગુપચુપ ઓરડામાંથી બાહેર ગઇ. તેણીના જવા પછી ગુરતાદજીએ ગંભીરાઇથી પુછયું, "પીરોજ, નવસારીથી તું જારે અમુને છોરીને ચાલી ગઇ, તાહરે તું કાંહ ગેઇ? તેં—તું કોણ સાથ પરણી?"

"સોરાબ ગાંધી કરીને મોટે ફ્રીયે એક દેખાવળો છોકરો નકી રેહતો 'તો? બાવા સાથ પંચાતી થઇ તે દાહરો હું રાતો રાત એ સોરાબ સાથે સુરત નાહસી ગેઇ ને તાંહ અમે બીજેજ દાહરે આશીરવાદ સરાવી નાંખ્યા. બીચારા સોરાબજી! છેલ્લી ઘરી સુધી બેહેસ્તી મારી અરાસે ઉભા રહયા. મારીપર એવણુનો ઘણો જીવ હતો તે શીરાંને જોઇને હમેશ ખુશ ખુશ થતા 'તા. એવણુ ઉતા તાંહ સુધી દાર રોટલીએ અમે સુખી ઉતાં. એવણુના ૪૫ રૂપીઆના પગારપર અમે કોઇના ઓસીઆરાં નહી ઉતાં. પણ હોણુને સાલ ગુજરીઆ પછીથી દાહરામાં એક વખતબી ખાવાનું મેળવતાં લોહીનું પાણી કરવું પરેછ——"

"છટ પીરોજ—તું આરૂં અટારૂં બકેછ. તુને હમણા કેવા અવકરા પરેછ તે હું પુછતો નથી. તુંને બલસાર કે કોઇ બીજે ઠેકાણે મેહરનોસજી નામનો કોઇ પારસી ઓરખતોતો? તું પરણી તેની અગાઉની વાત પુછુંછ, પીરોજ."

"મેહરનોસજી! તે કોણ? હું તો કોઇ એવ ધણીને ઓરખતી'તી નહી. નામથી આજેજ સાંભળુંછ."

ઝડપમાં ડોકું ફેરવી નાખી ગુસ્તાદજીએ બહુજ ઉતરી ગયલે મોહડે ભવાં ચઢાવીને વળી પાછું ઓરડામાં આમથી તેમ ફરવા માંડયું. પીરોજબાઇ હાદેસાથી સુકાઇ ગયલી પોતાની આંખ્યો સાથે તેની ગમ અચરતીથી જોયા કરતી હતી. આ કાકાનો ગુસ્તાદ આવા સવાલો શા માટે પુછતો હશે? છેક વીસેક વર્ષે આ પીત્રાઇ દાબડામાંના ભુતની પેઠે પાછો ફુટી નીકળ્યો અને ચાલી ચલાવીને અહમદનગર સુધી તેણીના જેવી દુખ્યારી બાપારી સગીને મળવા આવ્યો! અને તેબી વળી આ કોચીનો શાહુકાર ગુસ્તાદ! અજબ વાત!

કાંઇ વીચારમાં બે ચાર આંટી ઓરડામાં મારી ગુસ્તાદજી અચણુચ તેણીની પાસે ધોલકી ઉપર બેસી ગયો અને તેણીનો એક હાથ પોતાના હાથમાં લીધો.

"પીરોજ, તું મને ખરૂં નહી કેહશે તો તુંને મોટું નુકશાન થશે. તું જુઠું બોલેછ, દીકરા. તું મેહરનોશજી નામના કોઇ ધણીને ઓરખતીતી ને ફર ઓરખતીતી! કદાચ તું હવે વીસરી ગઇ હોશે. જો જરા ફરાથી યાદ કર."

પીરોજબાઇના ચેહરા ઉપર ગમગીનીનું સેહજ હસવું પથરાયું.

"ઓરખતી હોતું તો મને કેહતાં શું થાયછ? આજે મારા જનમમાં પહેલીવાર તમારે મોહને એ નામ સાંભળુંછ. હું ઘણીજ દુખી થઇ ગઇછ, ગુસ્તાદજી. કંઇ વરી—"

"સોરાબ ગાંધીની બઇરી મેહરનોસજી વજીફદારનું નામ બી નહી જાણે? હું પુરવાર કરી આપશ, પીરોજ, કે તું ને મેહરનોસજી અગાઉ લયલા અને મજનુંન ઉતાં. બોલી, હવે

શરમાયછ શાની? બોલ, તાહરાજ ફાયદાની કંઇ વાત છે."

"અરે પણ શું બોલું–કાંય અમથી મને સતાવોછ! મારા જીવના સમ, મારી જીંદગીમાં કોઇ દાહરે મેહરનોસજી વજીફદાર જેવા માણસને મેં જોયાબી નથી ને સાંભરયાબી નથી. તે લયલા મજનુનની વાત તો માડીજ વારજે–સોરાબજીને પણવા અગાઉ કોઇબી બીજા ધણીનો વીચારબી મેં કીધેલો નહી–એવા કોઇને હું ઓરખતીજ નહી."

"એ શું બકેછ? મેહરનોસજી વજીફદાર પોતે મને મરતી વખતે કહ્યું કે તેવણની એક માશુક સોરાબ ગાંધી સાથે પરણી ગઇ ને તેને પેટે શીરીન નામની એક છોકરી બી થઇ."

પીરોજબાઇનો ચેહેરો હવે એકાએક ઉપડી ગયો, "ઓ હવે સમજી! તે તો સોરાબજીની પહેલી પરણેતર હોશે તેનું નામ તો મેહેરબાઇ ઉતું, ને–હા ખરા–હવે યાદ આવેછ, તે લોકને પેટેબી એક છોકરી થયલી ને તેનું નામબા શીરીનજ આપેલું. પણ તે છોકરી તન વરસની થઇને મરી ગેઇ ને છ મહીના પછી મેહેરબાઇબી ગુજરી. પછી સોરાબ મને વલસાડમાં મલ્યો ને નવરોજજી બાવાની ને તમુ લોક બધાની ઉપરવારી થઇને હું તેની સાથે નાહસીને પરણી ગઇ તે તો તમે જાણોછ. પછી મારે પેટે આએ પોરી અવતરી તેનું નામબી સોરાબની ખુશીથી શીરીનજ અમે રાખીયું."

ગુસ્તાદજી ભટાક દેતો કે ઉઠયો અને જોરથી પોતાનાં ગુડણ ઉપર મુક્કા મારી બુમ પાડી પડયો, "બાજી હાથથી ગઇ! બસ તારે ખલાસ! પીરોજ, તું અભાગણી તે અભાગણીજ!"

પીરોજબાઇબી ડઘાઇને ઉઠી ઉભી થઇ. "પણ શું છે? મને જરા સમજાવોની?"

બહુજ થોડા શબ્દોમાં ગુસ્તાદજીએ પીરોજબાઇના કાનમાં મેહેરનોશજીનાં વીલની તમામ વાત કહી.

"મેહેરનોશજીનો ઘરડો મુસલમાન કારભારી મુસો બલસાર વીલ મારા હવાલામાં સોંપવા માટે લઇને આયો.–ઘાંખરો વીલ કીધા પછી પંદર દહાડામાંજ સક્કાચક થઇ ગીયો. મુંબઇના નુસપેપરમાં મેં એ ચક્કરનું મરત્યુંક વાંચીયું કે મેં મોહનું મટમટાવીયું કે ચાલ બચ્ચા ગુસ્તાદ, તીફ્ફોરી પરી! છ લાખની એસ્ટેટ! યાલ્લાહ! શીરીન ગાંધીનો વાલી બનવાના ખ્યાલોમાં હજારો હવાઇ કીલ્લા બાંધતો જીવ નાખતો કે હું અહીં આયો. પણ આએ તું શું મને મોહોકાણના સમાચાર કહેછ! કમબખત પીરોજ! તારૂં નસીબ એક ડગલું આગળ ને આગળજ છે! તારી પોરી શીરીન ગાંધી મેહેરનોશજીની ધારેલી વારેસ નથી. લક્ષ્મી તારા ઉંબરપરથી પાછી ચાલી જશે. જા, હવે જઇને માથું કુટીયા કર!"

પીરોજબાઇ ધમ દેતી કે પાછી ઘોલકીપર ફસડાઇ બેઠી અને બે હાથે પોતાનું મોહડું ધાકયું. "હું મુઇ–હું મુઇ! મારી સરજતજ ફુટેલી છે! છ લાખ તો બાજુએ રહયા પણ છ રૂપયાનીબી આજે નવાઇ છે, અરે છ આનાને વાસ્તે હું ટવલુંછ. જો આએ દુકતી નહી હોતે તો હું એવી રોજની હારમારીથી કંટાળી ગેઇછ કે જીવપરબી કરતે. ઓ ખોદાય! મેં પેલી જાહનમાં શું પાપ કીધાં હોશે? માંગનારાઓ મારૂં લોહી પીએછ, ને ભર ભારતો વચ્ચે તે લોકના ધસોરા સાંભળતાં માહરૂં મોત થઇ જાયછ."

આટલું બોલતાં ગરીબ બીચારી પીરોજબાઇનો ડીઓ તણાઇ આવ્યો અને બે હાથમાં મોહોડું ઢાંકી તેણી ધસાધસ રડવા લાગી.

પણ ગુસ્તાદજી તો પોતાનાજ વીચારમાં ગુંગળાતો, બારીની બાહેર ખાલી હવામાં ટીકતો, નખાઇ ગયલાં મોહોડાં અને ટસટસ થતી આંખ્યો સાથે બેઠો હતો. ૭ લાખની કારસાજી જતી મુકવી! મુઠીમાં પકડાયલી સુન્નાની ચલ્લી શું પાછી ઉરાડી દેવી! મેહેરનોશના પેલા અકુ્ખરા ભત્રીજા ડાકટર અદીને ગુપચુપ બધું સોંપી દઇ વલશાડમાં પાછું 'પીનલ કોડ' સાથ માથું ભીકવા જવું! પાંચ મીનીટ એઉ જણાં મુગાં મંતર પથરના બાવલાં મીસાલ જડ થઇને બેસી રહ્યાં. એઉનો કહણ શ્વાસોસ્વાસ ઓરડાની ચુપકીદી વચ્ચે આબાદ સંભળાતો હતો. મોહોડાંમાં આવેલો બુક આમ છેલ્લી ઘડીએ પાછો ખેંચાઇ લેવાતો જોઇ એઉના છાતીમાં એક સરખીજ અફસોસની લાગણી ઉભરાતી હતી.

દશેક મીનીટ આમ બહુજ ઉંડા વીચારમાં વીંટળાઇ રેહેવા પછી ગુસ્તાદજી પીરોજબાઇની પાસે અંડાઅડ પાછો આવીને બેઠો અને તેણીનાં ખભાં ઉપર ધીમેથી એક હાથ મેલ્યો. "પીરોજ, એક વખત—ઘણા વરસ અગાઉ—આપરાં બાવાજીએ આપુને એકમેક સાથ પરણાવવા માગતાં'તાં તે તુંને યાદ છે?"

"હા, પણ તેનું શું?—તે વાતને તો જમાનોબી વહી ગીયો."

"જમાનો વહી ગીયો, ને તું તો પરણીને એક છોકરીની માય થઇ, પણ હું તો લખ્ખા જેવો હજુ કુમારોજ છેઉં. આહ! પીરોજ, જો આપ્એ ૭ લાખ રૂપ્યા આપુને—મકુંજ, તારી શીરીનને—મલ્યા હોતે ને હું તેના બાપ જેવો—તેનો વાલી થઇને એ ગોરા રમકરાં જેવી પોરીની સંભાળ લેવા પામ્યો હોતે તો વારી, ગારી, મહેલ જેવાં મકાનમાં તમુ

લોકોને પૈસા ટકાની રેલછેલ સાથ—પણ છટ ! ગેઇ, તાલ હવે હાથથી ગેઇ !"

પીરોજબાઇએ પાછો ઉંડો નીશાસો નાંખ્યો અને અત્યંત ગમગીનીથી ડોકું છાતીપર નાખી દીધું.

"પણ નહીં !" ગુસ્તાદજી પોતાનો હોઠ બીડીને જોરથી હાથ મસળતાં બોલ્યો, "નહીં પીરોજ, એકવાર હાથમાં સપરાએલું બીસ્નું છોરી દેવું એવો હું પોચો નથી ! ૭ લાખનો વહીવટ—દર મહીને બેઠ્ઠા બસો રૂપ્યા—ગુલાબવાડી જેવા મહેલની અમનચમન ને આએ 'ડોલ' જેવી દુકતીની સોબત હું છોરી દેવું ? નહી, કદી નહી ! સાંભર પીરોજ, એ ૭ લાખ રૂપ્યા હું તુને અપાવું તો કેમ ?"

એક ઝટકા સમેત ઉઠીને ફરીથી ઉભી થઇ હરણફાર ચેહેરે પીરોજબાઇએ મસ મોટા ડોળા સાથ ગુસ્તાદજી ગમ જોવા માંડયું.

"બેવકુફ ! એમ એટલી ધુજેછ શાની ?" ગુસ્તાદજીએ કચકચાવેલા દાંત સાથ બહુજ ધીમા અવાજે પાછું ચલાવ્યું, "કોણ મુવો જીવતો આજે જાણેછ કે તું સોરાબ ગાંધીની બીજી પરણેતર છે ? પેલો કડક મેહેરનોશ તો દખમે ચહડીને ગીધથી ટુપઈબી ગીયો ને આએ તેનો મુસલ્લો કારભારી કોઇ મુસાજી છે ને તેના બીજા વકીલો જો હોય તો કાંહથી તે લોક જાણવાના છે કે આએ તારી છોકરી શીરીન ગાંધી મેહેરનોશજી વજીફદારની ખરેખરી ધારેલી શીરીન ગાંધીજ નથી ? આએબી શીરીન ગાંધીજ છે ને એબી સોરાબ ગાંધી તે મેહ-રનોશજીના આગળા દોસ્તની છોકરી છે ! યા પરવર ! તુંને ને તારી દુકતીને હવે મારવાં કે જીવારવાં તે મારા હાથમાં છે. બોલ, પીરોજ—ઝટપટ બોલ, તું શું કહેછ—?"

કહે શું ? પીરોજબાઈ તો અકળાઇને ગાફેલ બનેલા ઉજળાવાખ ચેહરા સાથ અકડીને થંભ થઇ ઉભી હતી. શું બોલવું તેબી તેણીને સુજ પડતું ન હતું. અત્યંત ઉશકેરણીથી તેણીના હોઠ ફડફડ ધુજતા હતા.

"ગરીબાઇના ઠારમાં ખુવાર થવુંછ, માંગનારાઓને હાથે ટુપઈ મરવુંછ, કે પાદશાહી દોલતમાં લેહરે લોટવુંછ ? તારી છોકરીને ખાતર તું બધું કરવા તૈયાર થશે તે હું જાણુંછ, પીરોજ—મને જવાબ દે, જોઇયેછ તુને છ લાખ રૂપીયા ?"

"ગુસ્તાદજી ! મારૂં——"

"ચુપ—મને પુરેપુરો સાંભળી લે ! તમારે વાસ્તે આટલું બધું હું કરૂં તે અગાઉ મારીબી હાલત વધારે મુસ્તાક બનવી જોઇએ. તું છક્કાં ઉડાવે ને હું ખરતો થઈ જઈ બસો રૂપરડી લઇને ડાચું જોયા કરૂં એમ બને નહી. પીરોજ. તારી છોકરીને ધનના ઢગલાપર લઈ જઈ બેસાડું પણ લગામ બધી મારા હાથમાં સાબુત પકડાયલી હોવી જોઇએ આહ ! તારી પોરી ફાંકડી છે. આજે તેને હું મારી ધણીયાણી તરીકે ઉઠાવી જતે પણ—સર સંડાસમાં જાય પેલા મહેલ્લાનું !—એ ચાકલેટના વીલ પરમાણે હું શીરીન સાથ પરણી શકતો નથી ! એ ઢુકતીને તો હું પેલા મારા નાપાક ભત્રીજા ચાનજી સાથ પાછળથી ગોઠવી દેવશ. પણ તે કંઈ પુરતું નથી—તમારા લોકપર મારો કંઇ વધારે મજબુત કાબુ જોઇયે. પીરોજ—બોલી મરની, તું શું કહેવા માંગેછ ?"

"શું કેહું ? તમે કેહવારવા શું માંગોછ ? મને કંઈ સમજ પરતી નથી."

"કેવી અપટ છે !" ગુસ્તાદજી બહુજ અધીરાઇથી ડોકુ ધુણાવીને જુસ્સામાં બોલ્યો, "એકજ રસ્તો છે. પીરોજ,

કોઇબી રીતે તમારા લોકની જીંદગી ઉપર મારો કંઈ મજબુત હક પહેલાં સ્થાપવો જોઇયે. જો સાંભર——"

આમ કહી ગુસ્તાદજીએ પીરોજબાઇના કાન ઉપર પડી કાંઈ થોડાક ખાનગી શબ્દો હલુસે કહ્યા. કાંઈ બહુજ જાલમ ભયાનક શબ્દો તે હોવા જોઇયે, કારણ એક નાની બુમ સાથ પીરોજબાઇ ચાર પાંચ પગલાં હઠી જઇ ગભરાટને મારે હાંફવા પડી.

"ઓ ગુસ્તાદજી! હું——"

"બસ! હા કે ના? નાનો એક તુકારો કહાર ને હું અબઘડી અહીંથી સદાને માટે ચાલી જાઉછ!"

"અરે પણ——"

"ચુપ! અરેબી નહી ને બરેબી નહી! બોલ મારી માગણી કબુલ છે કે નહી? આએ છેલ્લો જવાબ માગુંછ—નહી તો હું જતો રેહુંછ. એક વખત ગીયો કે પાછો આવવાનો નથી. છ લાખનો દલ્લો જોઇતો હોય તો મારી સરત કબુલ રાખવીજ પડશે."

"પણ જરા મારૂં સાંભળો તો——"

"તું ટક ટક કરયા કરેછ! રાન—તું સદાની હેમક છે! જા—તારે જીવતરે જીવ! કુતરાને મોહતે મર—હું આય ચાલ્યો!"

આમ બોલી ગુસ્તાદજીએ ઝડપમાં કોર મરડી ત્યાંથી ચાલવા માંડયું. એક નાની ચીસ સમેત પીરોજબાઇએ પછવાડે દોડી તેને દગલાની બોંહેમાંથી પકડયો.

"ઉભા રેહો—ખોદાયને વાસ્તે ઉભા રેહો! તમે કેહશો તેમ કરશ—પણ મને મુકીને ચાલી ના જાવો. તમારે પગે લાગું, ગુસ્તાદજી—મને છોરીને જતા ના રેહો."

* * *

અતે દલદર મુફલેશી ઉપર દોલતનો દોર ફાવ્યો હતો. ગુસ્તા-

દજીની જબરદસ્ત ન ધારેલી માગણીબી પીરોજબાઈને ફરજ્યાત કબુલ રાખવી પડી હતી. પેટને ખાતર એક તરકટમાં તેણી આ બદમાશ વકીલ સાથ સામેલ થઈ હતી.

તરકટ ? હા—શીરીન ગાંધી મેહેરનોશજીની ખરી વારેસ નહી હતી તે છતાં તેણીને તે પૈસાના તખ્તો તાજપર ચઢાવી ડાૅ અદીનો ખરો હક ઝુંટાવી—એજ જરના જોરે પોતીકી જીંદગી વધારે રસદાર બનાવવાનું આ મજબુત તરકટ હતું. પીરોજબાઈએ લોહીનો ગોટ ગળી સ્વીકારો લીધો કે એ બધું બીચારી શીરીનને માટેજ તેણીએ કીધું હતું—અને શીરીન ખરી હકીકતનો એક હરફબી ક્યાંથી જાણવાની હતી ? ના—ગુસ્તાદજીએ આ છોકરીને સાચ્ચી બીનાનો સંસારો વટીક આપવાની સાફ મના કરી હતી.

પ્રકરણ ૯ મું.

ખબરદાર ! ખુદ ઝાડના પાદડાંનેબી કાનો હોય છે !

પાંડે સેનીટેરીયમના બગીચાને નાકે એક એકાંત ખુણામાં ગીચ ઝાડોને ઓથે બેસી દરીયા સાગરની છોળ કીનારે અફળાતી જોતાં ખોરશેદ મેહેતા પોતાના તુરંગોને શાંતી દેવાનો યત્ન કરતી હતી. એક ગમથી હાથમાં ફડફડતું પોતીકા પીતા તર્ફથી તેજ સહવારના આવેલું કાગળ આ છોકરીનાં ભવાં ઉપર કાંઇક ચીંતાનો ચીલ્લો ચઢાવી રહ્યું હતું—બીજી મેરથી આજે બે ત્રણ દીવસો થયા નજર સામે ભમ્યા કરતો પેલો એક ચોક્કસ મમતા ભર્યો ચહેરો અને મીઠાસ ભર્યો અવાજ

તેણીનું ભાન કોણ જાણે ક્યાં લુટી જતો હતો. કાગળના એક ભાગ ઉપર ખોરશેદે પાછી આંખ્યો દોડાવી અને એક નીસાસો નાખ્યો:——

"તું લખેચ કે એની સાથે તુંને સારી ઓરખાન પરીચ તેથી ખુસી છેઊં, પણ એ દુકતો તાહરે વાસતે એક લીટીબી લખતો નથી તેથી મને કંઇ સમજ પરતું નથી. ને વરી તુંબી એને વાસતે એવી બેદરકારીથી લખેચ કે હું વીચારમાં પરૂંચ. દીકરી એ છોકરા સાથે મેં તાહરૂં ગોઠવી મુક્યુંચ. તમુને બંનેને પરનાવી આપવાના મેં હરહરતા સોગન લીધાચ તે તું જાનેચ. મરતાં સુધી હું મારી મકસદ છોરવાનો નથી. એ કેહવો ડાહયો છોકરો છે કે એક બોલે મારા લખવાથી તુને જોયાબી વગર એને પોને ખુસી દેખારીચ. તેંબી એને જોયા પછી તારી આનાકાની છોરી દીધી હોસે. હીરા જેવો એવો શીખેલો ભણેલો અંગરેજ જેવો સોભીતો[illegible]વરી આપરી સગઇમાં ખાતરીનો છોકરો બીજો કીયો મલવાનો છે? હું થોરા દાહારામાં પોતે મુંબઇ આવસ તેટલાં તમે લોકો ધરમસારામાંજ રેહેજો. મને તું ગીયા પછી બે વખત પાછાં છાતીમાં આકરાં આયાં તેથા હું તો બીહ ગીયોચ, ને ડાકટર પેસ્તનજીબી મને મુંબઇ જઇને કોઇ મોહોટા ડાકટરની સલાહ લેવા મજબુત ભલામન કરેચ. હું આવસ તે દારે અગાઉથી લખસ. તાહરે જોઉચ તો હું આવું તેટલાં એ પોરીયાનું દીલ જીતી લેજે. તું તો હંમેશની એસ્કી મેસકી ને ફાસીનેબલ છે તેથી એ મુબઇગરો પોરીયો સેહેજમાં લતી જશે. એક વાત યાદ રાખજે, કેટી, કે હું ધના ખરાબ સ્વભાવનો માનસ છેઉં. વરસોની મારી ગનતરી તારા જેવી નાદાનના ફાંટાથી હું ઉંધી વરવા દેવાનો નથી. તું માહરી એકપુરી દીકરી છે તોબી હું તાહરી બેસતન માયના ફરીથી

સોગંદ ખાઇને કેહુંચ કે મારી મરજીની જો તું આરે જસે તો હું તુંને મોહલામાંના કુતરાંની કાની રખરતી કરી નાખસ ને તુંને કદુવા દેઇને જેહર પી મરી જવસ."

ખોરશેદે અધીરાઇથી તે કાગળ કુચો કરીને પોતાના બદીયાનના ગજવામાં મેલી દીધું. તેણીના મ્હોંડાં ઉપર લગાર તીરસકાર અને રમુજનું ભેગું હસવું ફેલાઇ ગયું હતું.

"કુતરાંની કાની રખરતી કરી નાખશે! ઓઇજી પીરા!" તેણી જીવ સાથ બોલી, "બાવાજી તો દહારે દહારે છેકજં મીજાજના દાધાબરયા થતા જાયછ. આએ એવણને ઘરી ઘરી "હાર્ટ ક્રેમ્પસ" આવેછ તેમાં એવણનો સ્વભાવ પુરો ખાઉ કડકુ થઇ ગીયોછ. જરા ઓછું પરીયું કે એકદમ ઉસ્કેરાઇ જઇને એવું ઘેરમાં રોખરૂં કરી મુકેછ કે જાણે દુસ્મેનને કંઈ રીટ થઇ આયું હોય. તે દહારે પેલો મુવો અમારો ગોવીંદ ઘોરાવાળો દારૂ પીને છાકટો થયો તાહરેબી એવણ કેવા ઝનુનપર આવી જઇ લાત મુકીથી તેને દોદરો કરી મુકયો! ને આએ કાગલ જોયું કેની! બરીઆ એવણના લખવાના સકાર! વરી કંઇ કોઇ સાથ વીજોરૂં લઇને મને લખવા બેઠા હોશે! તેથીજ એમ ફાટું ફાટું લખ્યુંછ. પણ મોહલામાં રખરતાં કુતરાનેબી ખોદાય ભુખે મરી જવા દેતો નથી. ને તે કુનરૂં સારી જાતનું હોયછ તો કોઇ ભુકાચુકાનો માબાપ તેને બગલમાં મારીને—"

ખોરશેદ પોતાના વમાસણમાં અહી અટકી પડી અને સેહેજ ચોંકીને ખડી બેઠી. પાસે ઝાડીની પેલી ગમ કોઇ બે ત્રણ જણાનો વાત કરવાનો સાદ પહેલાં બહુજ ધીમેથી અને પછી લગાર પરગરો તેણીને કાને પડયો. ગુંચગુંચવાલા વેળાનો મજબુત ઓડો હતો એટલે એ નવાં આવનાર કોણ હતાં તે ખોરશેદ જોઇ શકી નહી, પણ એક મીનીટમાં અવાજ ઉપરથી

તેણીએ પારખી લીધું કે સેનીટેરીયમમાંથી બાહેર કમપાઉંડમાં આવીને બેસનારાં તેઓ ત્રણ જણા ડાકટર અદી, જાલ ઉમરીગર તથા જાલના બેહન નાજાંમાય હતાં.

"અંદર ઉકળાટ પરેછ ને માયજીનું માથું દુખેછ. આવો જરા પવનમાં મજેહથી તાહેલું કરીએ," અદીનો સાદ સંભળાયો. "કેમ જાલ આ, પછી તે દાહરનો રોહોંસો ઉતરયો કે? તુંબી યાર, એમ જરાજરામાં ચીકલીસ શું થઇ જાયછ?"

"તારી તે દહારની દેખઇતી અસભ્યતાથી કોઇનીબી ધીરજ ખુટી જાય, અદી. નાજુ અહીં મને બોંહસહોંસ કરીને ઘસરી લાવીછ. તારી ચાલથી મને એવો ગુસ્સો આયો 'તો કે હું તો નહી આવવાનો ઉતો, પણ——"

"લે ચાલ, જાલ, હવે કંઇ બીજી સીઆનસલુકની વાત કરવાની છે કે નહી?" નાજાંમાય વચ્ચે પડી.

અદી ખડખડાટ હસી પડયો. "જાલ નહીજ આવવાનો ઉતોરે—પણ શું કરે બીચારો! અહીં કોઇ એના બીજાં દોસ-દાર હોશે તેને મલવા જીવ ઘણોજ ભરઈ રહયો તેથી જેમ-તેમ કરીને આયોછ—અહેહેહે!—"

"અદી!" જાલનો ઘાડો અવાજ આવ્યો, "તારે ગમે તેવા ચેષ્ટા કર—પણ સાંભળી લે કે તમે લોકો બધાં માથું ફોડીને મરી જશો તોબી એ છોકરીને વાસ્તે મારો ઉંચો વીચાર એક તસુબી ઉતરવાનો નથી. હા—બચીત—આજે હું સેનીટેરીયમમાં ખોરશેદનેજ મળવા આયોછ, તુને નહી! હવે શું કેહછ?"

"શું કેહું? કાંઇબી નહી," અદી બોલ્યો, "એટલુંજ કે તું અહીં બેસીને તોવાયા ના કર. તારાં ખરશેદબાઈ તો રોજ સહવારના આયા સાથ કેડે ફરવા નીકળી પરેછ. છે તો

ગામરેની લોહી પણ પગે સાવરની ભારી છે. જા બા જા–જાલ તારો જીવ ભકભક થાયછ તે હું જાણું છ."

"નાજુ, હું જરા ફરી આવું છ. તું તાહરે ઘેર જજે. હું અહીં વધારે વખત બેસશ તો અમે નકામા અટેરી પરશું. સાહેબજી."

જાલ આમ કહી ત્યાંથી ચાલી ગયો તે ખોરશેદે સ્પષ્ટ સાંભળયું. ઉઠીને બંધે જણાની આગળ જઈ જાહેર થઇ જવાની તેણીની ઘણી મરજી થઇ, પણ કાંઇ અજબ ખેંચાણે તેણીને તે જગ્યા ઉપર મુગી મંતર એક પુતલાં મીસાલ બેસાડીજ રાખી.

"નાજાંમાય, આય ઢંગ જોયા?" અદી હસતાં બોલ્યો. "એ મીયાં બીબીનો ફારસ કોણ જાણે કાહરે પુરો થશે?"

"હારે–મરેરે! જાલબી હવે છેકજ પોતાની અક્કલ ખોહી બેસતો જાયછ, જો." નાજાંમાયે તેને ટેકો આપ્યો. "આય દુકતી સાથે ઓળખાણ પરીછ તાહરનો સુનો બાવરો જેવો બની ગીયોછ ને ઘેરમાંબી આખો વખત ખેમાન કરીયા કરેછ. બાવાજી માયજી જાણતાં નથી, નહીં તો વરી નવું રમખાણ જાગે."

"પોરીયો મેટ થઈ ગીયોછ! એ પેલા સુલેમાન સાટકા જેવાંસા...ગાંમરેના ડોબામાં એવું તો શું બરીસુછ કે જાલ એમ ઉઠલાઈ પુઠલાઈ જતો હોશે! કેવો સમજુ ને ડાવકો છોકરો છે આય વખત એ એમ કાંય પોતાના વરસ વેચેછ?"

"કોણ જાણે! એને બાવાજીએ કેવી પૈસાદાર ઘેરની છોકરીના નામો બતાવીયાં પણ હરવાયાના ધ્યાંનમાંજ કાંઇ ઉંતરતું નથી ને હવે આય——"

"આય ભીખારી જુનું પુરાણું વાજું એને ગમી આયુંછ!

મારા સમ, નાજાંમાય, આય દુન્યામાં પૈસા વગર ગળે એક ટોક ઓલવવી એ દુન્યાદારીના કાચ્ચા હેમકો ને આંધરા ભીત અરુંગોનું કામ છે. પૈ વગરની આય અભણ ગામરીયનની વેઠ ઉપાડવા જાલ તૈયાર થયોછ—એ ગધ્ધો છે ગધ્ધો!"

"હાસ્તો! અમે તો એને એ વાત કેહી કેહીને થાકાં. હું ઇચ્છુંછ કે તમારી અકકલનો પા ભાગબી એનામાં હોતે, ડાકટર. પણ—પણ તમે તો ભાગયશાળી છેઓ. તમારી કેટી દાવર પાસ તો———"

"નાજાંમાય, હું તમારા જાલ જેવો ઇડીયટ નથી. કોઇ મારો મામો થતો ભુલાચુકાનો માબાપ મને પોતાની પંદર વીસેક લાખની વારસ છોકરી સાથ પરણાવવા નીકલ્યો તે મેં તો તેજ દાહરે વળતા ટપાલમાં હા ભણી દીધું. બાઈ જોવ! વીસ લાખ!! એટલી રકમને ખાતર બંદો તો માટીના કારાં ઠીકરાં સાથબી પણવા તૈયાર છે!"

"પણ ડાકટર, તમારી કેટી દાવર દેખાવમાં એવા ખેરસલ્લા છે એમ કે?"

"બલા જાણે મારી! જોઇછ કોણે જે? પણ ગમે એવી રાતે સપનામા બીહીક લાગે તેવી હોય તોબી આપુને શું? આપરે તો વેલાત પરીને મજાહ કરયા કરશું. પણ નહી, નાજાંમાય—મેં સુરત મારા કેટલાક ઓરખીતાઓને પસગવત લખીને સાર મેળવ્યોછ ને જે રીપોર્ટ મને મળયો તેથી તો હું હેબતાઇજ ગીયોછ. કેહજે છોકરી જરા ઘઉંવાળા રંગની છે પણ ઘણીજ "એકોમપલીશડ" છે. એક મડમની કાનીજ અંગ્રેજીમાં વાત કરેછ ને ફ્રેન્ચમાબી એકકી છે. મારા એક પુરાણા સ્કુલ ફ્રેન્ડના લખવા મુજબ તો કેટી દાવર સુરતની એક ખુબસુરતી છે. લેડી કરઝનની સ્ટાઇલમાં બાલ રાખેછ ને

'લેટેસ્ટ ફેશન' ડ્રેસ પેહરેછ. કેહજે એટલી 'ફાશીનબલ' છે કે સુરતની યુરોપીયન સોસાઇટીમાંબી ફરહર કરેછ."

"વાહ—ચાલો સુગરાના! હું તમુને મુબારકબાદી આપુંછ. પણ ડાકટર, મારા જાલને કાંઇ બે બોલ કેહો—જો મરી જાઉં, એ છોકરો હુલ્લરઇ કરીને કંઇ—"

"હેહેહે! એને જોવાની આંખ નથી? એ ઉઘારા ડોરાએ જઇને ખારામાં પરે તેમાં હું શું એને કેહુ—પથરા? શું જઇને એને ચોખે ચોખુ કેહું કે આય ગામરેની વંડોરા જેવી પોટ્ટી સાથે ગુલબદન હાંસબનનો નાટક નહી કરે? તમેબી નાજાંમાય!"

"અરે નહીરે—અભાગીયો એવો બોહસીલો ને જીદ્દી છે કે તમે એમ બેમ કેહશો તો ઉલટો વધારે ઘોરે ચહરી બેસશે. મરે! ઘેરમાં વાત જણાશે તો મોટી પંચાત છે. ને વરી એની ઉપર અમે બાંધેલી બધી ઉમેદો ધુર મળી જશે તે તો જુદી. જો, ડાકટર અરદેશર, તમારા દોસ્તદારને ખાતર કંઇબી કરો—તમારે પગે લાગું!"

અદી મોટેથી હસી પડયો. "એમાં હું શું કરી શકું તે મને સમજ પડતું નથી. તમે કહો તો પેલી ખરસેદબાઈ હુસ્સાને જરા ખખરાવીને બે બોલ કેહું. એ ઓડાની બીચારી એવી ભોટ અને બેવકુફ છે કે હું મારી રીત પ્રમાણે ગરીબાઈનાં સંકટો ને જાલની ખુવારીની લમ્ભાસ હાંકશ કેની તે—બો ખરશેદબાઈ!"

અદી બોલતાં અચકીને એકાએક ચમકી પડયો. બાજુની ઝાડીમાંથી ખોરશેદ ઝડપથી ચાલી આવી તેઓની સામે ઉભી હતી.

"તમે અહાંયાં—તમે કાંહ ઉતાં—ફરીને આયાં કે!"

અદીએ ખશીયાણો પડીને ચકીત થયલે ચેહરે લગાર ગભરાટથી પુછ્યું.

"નહીજી—હું અહી પાસે ખરકપર બેસીને વાંચતી'તી તેટલાં કાંઈ મારૂં નામ સંભળાયું તેથી મકું જે ચાલો જરા જોવું. તમારી વાતમાં હરકત થઇ તે માફ કરજોજી." આમ કહી હસ્તે મોહડે સેહજ ડોકું નમાવી ખોરશેદ ત્યાંથી સેનેટોરીયમ તરફ ચાલી ગઇ.

અદી અને નાજામાય એકમેકનું મોહડું જોતાં થોડોવાર વીચારમાં પડયાં.

"એ છોકરીએ ભરાઇને બધી વાત સાંભળી હોશે?"

પ્રકરણ ૧૦ મું.

એ નવું રમકડું વળી કોણ છે?

પૈસા ટકાનું સુખ—એ શું ચીજ છે? એક જીવડાને હેવાન્યતમાંથી ઇનશાન્યતમાં લાવનારૂ તે સર્વોત્તમ સાધન છે. અહમદનગરની કંગાળ દલદેસરીને છેલ્લી સલામ કરી શીરીન ગાંધી અને તેણીની માતા ગુસ્તાદજી કાનફટયા વકીલ સાથ મુંબઇ આવી ધોબીતલાવ ખાતેની "ગુલાબવાડી"નાં એશઆરામમાં દરીડામ પડયાં તેને ભાયગે એક અઠવાડયું પસાર થયું હશે—પણ તેટલામાંજ આ નસીબ દેવીની લાડકી પુત્રીના કરમાઇ ગયલા દેખાવમાં કેવો ચમત્કાર! હાય સોસારાથી નખાઇને સુકકા થયલી આંખોમાં કેટલો ફેરફાર!



ગોરીન ગાંધીનાં ગોરા ગાલો જવાનીના જોબનથી પાછા ભરાઈ આવ્યા હતા.

(જુઓ સફો ૭૫ મો.)

એટલીવારમાંજ શીરીન ગાંધીના ગોરા ગાલો જવાનીના જોબનથી પાછા ભરાઈ આવ્યા હતા. જીંદગીની બદતર જંજાલો ગઇ—તેને ઠેકાણે અમન ચમનનું ન ધારેલું, ન દીઠેલું સુખ પાયું—એટલે અત્યાર તુલીક કીસમતના કેહેર તળે કચડાઇ ગયલી આ કન્યાની અસલ ખુબસુરતી તેના પુર જોશમાં ખીલી રહી હતી. સારાં ખાનદાની લોહીની પણ બચપણથીજ ગરીબાઇમાં ઉછરેલી આ છોકરી જાતે નમાની અને રાંક હતી—એટલે સરજતનો પાછો સવળો પડી જતાં તેણીએ પોતાનું સમતોલપણું ખોહી દીધું નહી. અલબતાં ચીંઠરેહાલ સદરા, કંગાલ મેલા બદીયાન અને ફાટી તુટી સુકકી સપાટોને ઠેકાણે તેણીના બદનમાં નવી રેસમી સાડી, બંધએસ્તો પોલકો તથા વીલાયતી શુઝ શોભી રહેલાં હતાં. આહ! 'ગુલાબવાડી'માં આવી રહેવાને આઠેક દહાડા પછી એક સહવારના જ્યારે શીરીન ચોપાટી તરફ એક ફુટપાઠ ઉપર પોતાની આયા અને પોતાના નવા માનીતા ફોક્ષ ટેરીયર કુતરા "પ્રીન્સ" સાથે ધીમા ચાલે કદમ ભરતી હતી ત્યાર તેણીનો સુંદર મુખડો તેણીની ગુલાબી ઉંઘાડી 'પેરેસોલ' હેઠળ સંતોષ અને સુખથી અજબ દીપી નીકળયો હતો.

ઉલટાનું સુલટું બધું એકાએક શું થઇ ગયું તે બીચારી આ નીરદોષ ભોળી છોકરીને બરાબર માલમ નહી હતું. તેણી માત્ર એટલુંજ જાણીને સંતોષ પામી હતી કોઈ મેહેરનોશજી વજીફદાર તેણીને સઘળી દોલતની વારેસ ઠેરવીને મરી ગયા છે અને બીજાં એક બે વર્ષ પછી તેણી ઉમરમાં આવે ત્યાં તુલીક આય ગુસ્તાદજી વકીલને તેણીના વાલી ઠેરવવામાં આવ્યા છે. વધારે જાણવા શીરીનને ઝાઝી દરકાર ન હતી—તેમજ વળી તેણીની મા પીરોજબાઇ વધારે કાંઇ વીગતો આપવાને ઇંતેજારબી નહી હતી. શીરીને એટલું જોયું હતું કે પીરોજબાઇ

માય પોતાની જીંદગીમાં થયલા અદભુત ફેરફારથી કાંઇ ઘણાં હરખાઇ ગયલાં તો હતાંજ નહી. તેવણ "ગુલાબવાડી" માં ત્રણું કરી ભરાઇ રહેતાં અને જાણે ગુસ્તાદજીથી બીહ ધ્રુજીને ચાલતાં હોય તેમ દરેક વાતે તેવણને રાજી રાખવા માગતાં તથા શીરીનનેબી તેમ કરવાની સલાહ આપતાં.

બેશક, ગુસ્તાદજી પહેલાંથીજ આ છોકરીને ગમ્યો નહી હતો. તેમાં 'ગુલાબવાડી'માં આવી વસ્યા પછી તો એ વકીલ વાલીએ બે ત્રણ વખત શીરીન સાથે ને પીરોજબાઇ સાથે એવી તો તોછડાઇથી કરડી વર્તણુંક ચલાવી હતી કે શીરીનને એ પારસી તરફ કાંઇ અજબ છુપો અભાવ બેસી ગયો હતો. ગુસ્તાદજી 'ગુલાબવાડી'માં રહેતા નહી હતા—પણ પાસેનાંજ કમપાઉંડમાં આવેલી એક નાની બેઠી બંગલી તેવણે ભાડે લઇ ત્યાં મુકામ કરયો હતો. મરનાર મેહેરનોશજીના ઘરડા કારભારી મુસા તરફબી ગુસ્તાદજીએ પહેલે દહાડેથી ઘુરકવા માંડયું એટલે તે તો બીજે દીવસેજ ગેપ થઇ ગયો હતો. રોજ ગુસ્તાદજી આ મા દીકરીની ખબર લેવા, ઘરનો કારભાર ચલાવવા અને એસટેટના વહીવટ માટે કેટલાક દસતાવેજો ઉપર શીરીનની સહીઓ લેવા આવ્યા કરતા હતા.

એ ગુસ્તાદજી શીરીનના વાલી તરીકે આમ તેણી ઉપર સત્તા ચલાવી ઘરમાં આવજાવ કરતા, પોતાનુંજ ઘર હોય તેમ ખાતાપીતા, કાઇવાર રાત્રે ત્યાંજ સુતા હતા. એમ કરવાનો એ વકીલને દરેક હક હતો એમ પીરોજબાઇએ તેણીને વારંવાર કહયું હતું. અને એ કફોડા પારસીને જોતાંજ શીરીનને એની બીહીક તથા અણગમો પેદા થતો હતો કે તેવણ જે કહેતા તે મુગી મુગી કરતી ને જે ચેક પર સહી માગતા તે ગુપચુપ કરી આપતી. આવી તેની તાબેદારીમાં ઉતેજન આપવાને પીરો-

જબાઇ રોજ રાત ને દહાડો શીરીનને લેકચર આપતાં. પણ તે દહાડે ચોપાટી ઉપર લેહેરે લેહેરે લટાર મારતાં શીરીનના મગજમાં એ નાપસંદ વીચારો ઘોળાતા હતા નહી—તેણી તો મલબાર હીલના રમણ્ય દેખાવ અને ચોપાટી તરફ આવેલી ફાંકડી ઇમારતો ગમ મગન થયલી નજર ફેંકતી જઇ ધન દોલતના ખુશ ખ્યાલોમાં ચકચુર જીવે પોતાના લાડકા 'પ્રીન્સ'ને પછવાડે બોલાવતી આગળ વધતી હતી. તેણી પોતાના ખુશ ખ્યાલોમાં એવી લીન બનેલી હતી કે પછવાડે થોડે છેટે કોઇ બે બદમાશ જેવા લફંગા દેખાવના પારસીઓ કેટલો વખત સુધી ચાલ્યા કરતા હતા તે તેણીએ જોયું નહીં. શીરીન ઘરથી નીકળી ત્યારનાજ આ હાડાં માસતર જેવા બે લટપટ શખસો તેણીની પુઠે પુઠ લાગ્યા હતા.

"મારા હહરીનાએ મને ઠેઠ નવહારીથી ખેંચી મંગાવેલો! કેહજે ગરાં રૂંહાઇ જાય તેવું કામ છે. વરી હું ઉંડા પાણીમાં રમે કોણ જાણે."

આમ બોલનાર સુમારે ચાલીસએક વરસનો અરીમ-ધરીમ જેવો કોઇ ગામડયો હતો. તેણે એક સુતરાઉ દગલો, પોહલા પાયજાનો લેંગો, પગમાં ઘસાઇ ને ફાટી તુટી ગયલાં જુના બુટ તથા બે ગુચ્છાવાલાં બોડેલાં માથાં ઉપર એક બેટ્રી કીનખાબની ટોપી પેહેડેલી હતી. તેનું પોહલું પટાક જેવું મોહડું, ઉપસી આવેલી દુમ, બે ત્રણ દહાડાની બોડયા વગરની દહાડી તથા એક લફંગાની કાણી ચાલવાની લદણ ગહવાહ પુરતાં હતાં કે આ કોઇ આબરૂદારનું ફરજંદ હતુંજ નહી. તેની સાથે ચાલતો બીજો ધણી તેવોજ પોશાગીર હતો. બેટ્રી કાળી દહાડીવાળો બે લગાર ઉમરે પુગેલો માણસ કમ્મરમાંથી વાંકો વળેલો અને બેસી ગયલાં દાચાં સાથનો સ્હેરજ એક કોરગો દેખાઇ આવતો હતો.

"ચાન, મારો હારો તું કાલે પવનચકીપર બારચોકમાં પન્નર રૂઇપા મારી ઉચકો, તીકાં આપરી ઓરખ પરેલી, તીયારનો તું મને બહુ ગમે. તારો કાકો કોઇ બે હાઉ બીલ્લુને ઉઠાવી લાવેલો ને ધોબીતરાવ 'ગુલાબવાડી'માં રહેતાં છે. એએએ જોને ઓલી દહીતરાં જેવી પોત્તી, તીકાંથીજ નીકરેલી—ઓલી લટકો કરતી ચાલતી છે એ !"

શીરીનને પછવાડેથી જોઇ ચાનજીની આંખ ચમકવા લાગી. "ચેહ! એની લચકને હું કેહું! રાખ માંકા, લગરીક ગમ્મત કરૂં—આપરો પાહારયો ઓય પેલાં કુતરીઆંને એક બાચકે પુરૂં કરી લાખબે! પાહરીયા, પાહરીયા! શુઉઉટ—શુઉઉટ!"

આમ કરી આ બદમાશ ચાનજી ઝડપથી ફલાંગો ભરી શીરીનની લગોલગ ગયો અને પોતાના ખવીસ જેવા એબીવલ પાહરયા મોટા જંગલી કુતરાને શીરીનના પ્રીન્સની ઉપર છોડી મેલ્યો.

એક પળમાં બીચારા નાના 'પ્રીન્સ'ની ઉપર પાહરીયો તુટી પડયો અને તેની ચીચીઆરી અને કલાબકોર વચ્ચે તેને બાચકાં ભરવા મંડયો. બેઉ જણાં એવા ઝનુનપર આવીને એકમેકને વળગી પડ્યા હતા કે શીરીન તો ફગળાઇને એક બાજુ દયામણે મોહડે ઉભીજ રેહી ગઇ. ચાનજી તેણી ગમ ઝાતો કાહાડી પોહલાં પટાક ડાચાં સાથ અમરયાદાથી હસવા લાગ્યો. પેલો બીજો સખ્શ તો છેટેથીજ તમાશો જોતો હતો.

"એને હાંકી કાહરો—મારા કુતરાને મારી નાખસે—પ્રીન્સ! પ્રીન્સ!" શીરીને બુમ પાડી.

તેજ ઘડીએ એક બાઇસીકલ ઉપર કોઇ જવાન સાઇકલીસ્ટ પવનની ઝડપે તે જગ્યાએ ધસી આવ્યો અને પોતાના મશીન ઉપરથી એક છલાંગ સમેત કુદી પડી—બાઇસીકલને

જોયપર બાજુએ ઉરાડી નાખી—આંખના એક પલકારામાં શીરી-
નની સામે કમરે હાથ દઈ ખડો ઉભો.

"શું બધી ગડબડ છે?" તેણે તોરથી મોટા અવાજે
હાંફતાં હાંફતાં પુછયું.

"જી મારા પ્રીન્સને બચાવો—આય મુવા કુતરાને મારીને
હાંકી કાઢો! ઓ માય—હવે શું કરૂં! પ્રીન્સ!"

એક બોલ બોલ્યા વગર ઝડપથી ડા૦ અદી તે મરાતાં
કુતરાઓ ગમ ધસ્યો અને પોતાના બુટની એકજ જબરદસ્ત
લાત પાહરીયાના પેટમાં કકડાવીને મારી તેને પ્રીન્સની ઉપરથી
ખીસાડયો. એક ચીસ સમેત પાહરીઓ ત્યાંથી નાઠો અને પ્રીન્સ
બીચારો લોહીથી ઝઝરતો કીઆંઉ કીઆંઉ કરતો શીરીનના
પગ આગળ પુછડી વાળીને દબાઈ ઉભો.

હા—ઇંગ્રેજી સાઇકલીંગ ડરેસમાં ત્યાં આમ કટોકટ વેળાએ
શીરીનની મદદે દોડી આવનાર આપણો મીત્ર ડા૦ અરદેશર
વછીફદારજ હતો. સાઇકલ ઉપર જતાં દુરથી તેણે આ જવાન
છોકરીની મુશકેલી જોઇ હતી અને લફંગા ચાનજીનો દેખાવજ
તેને ગમ્યો હતો નહી. તેમાં જ્યારે તેણે શીરીનની બુમ સાંભળી
ત્યારે તે ત્યાં પોતાના આકળા સ્વભાવ મુજબ ધસી આવ્યો હતો.

એક અરધી મીનીટ ડા૦ અદી અને ચાનજી વચ્ચે ધુરકા
ધુરકી ચાલી. મોટા દેગરા જેવા ચાનજી સાથ હાથ ચાલાકીમાં
અદીનું વળે તેવું તો નહીજ હતું—પણ સારે નસીબે ચાનજી
પોતેજ આવડા આવડા ડોળા કહાડી મનમાં કાંઈ બડબડતો
ત્યાંથી કાર મરડીને ચાલી ગયો. તેનો પેલો બીજો સાથી તો
કયારનો કોણ જાણે કયાં પાર થઇ ગયલો હતો.

"તમારા કુતરાંને સખત ઇજા થઇછે. આય ચંડાળ કોણ
ઉતો?" અદીએ હવે લગાર નરમ સાદે પુછયું.

"જી—હું નહી જાણુતી. મરી ગીઆએ એકદમ પોતાના કુતરાને મારા પ્રીન્સપર છોરી મુકીઓ. તમે આયા તેથી ઘણું સારૂં થયું, નહી તો એને મારી નાખતે."

એક ગુઠણુપર બેસી અદીએ કુંઉંઉં કુંઉંઉં કરતાં પ્રીનસને ગરદનમાથી પકડી તેના ઘા તપાસ્યા. "નહી—કંઇ ઘણું જોખમ જેવું નથી" તે શીરીનના મોહ્ડાં ગમ જોઇ બોલ્યો, "થોડા દાહાડામાં રૂઝાઇ જશે. પેલો પોશાગીર જો ઉભો રહેતે તો હું સવાદ ચખાડતે. એવા ભામટાઓને પોલીસમાં આપવા જોઇયે. તમે એકલાંજ છેઓ કે?"

"હાજી—સાથે મારી આયાજ છે."

"હું તમારી સાથ ઘેર વેર મુકવા આઉં?"

"નહીજી—હું જવશ. તમે તસદી ના લેવો. તમારો મોટો ઉપકાર થયોજી. તમારૂં નામ શું જી?"

"મારૂં નામ અરદેશર વજીફદાર—સાહેબજી, હું રજા લઉંછજી."

આમ કહી પોતાની કરઝન હેટ ઉંચકીને ડા૦ અદીએ શીરીનને સલામ કરી અને પળવારમાં સાઇકલ સવાર થઇ ત્યાંથી નીકળી ચાલ્યો. તે નજરથી દુર થયો ત્યાં સુધી શીરીને તેના આકાર તરફ ઉભી રહીને જોયું, અને પછી મુંગે મોહડે ત્યાંથી આયા સાથ ઘરે જતી રહી.

જેવી શીરીન ત્યાંથી થોડેક દુર થઇ કે તુર્ત પેલો ચાનજીનો સાથી માકો સામેની ગલીમાંથી નીકળી આવ્યો અને તે છોકરીને પાછ્વાડેથી ધારી ધારીને જોઇ એકલો મન સાથ બડબડવા લાગ્યો.

"બચ્ચા મેહરનોશ, આય નવી મીસી બાબા સાથબી લાંબી વાત લેવાની છે. ચંડાલ ગુસ્તાદે આખરે મને દગો

દીધો ! પેલી ભલતી પીરોજબાઇને મારી મેહરબાઇ તરીકે થોડી બેસારી અને ભલતી શીરીનને પોતાનું રમકડું બનાવ્યુંછ ! આહ ! પેહેલે દાહડે એ લોક ગુલાબવાડીમાં પગ મેલ્યો તાહરે એક તડાકેજ મેં જોયું કે આય શીરીન ગાંધી કંઇ મારી ધારેલી છોકરી નથી. બીચારી માય દીકરીને અને નાપાક ગુસનાદને થોડી ખબર ઉતી કે 'ગુલાબવાડી' માં તે લોકને આવકાર દેનાર મુસલ્લો મુસો કારભારી બીજો કોઇજ નહી પણ બંદો મેહરનોશજી છે ! હું વેશ બદલું તો સગો બાપ નહી ઓળખે–તો આય હરામખોર ગુસ્તાદ કાંહથી પારખવાનો ઉતો ! જેની આય એના ભત્રીજા ચાનજીની બલાબી જાણતી નથી કે આય ખોટી દાહરી પેહરીને મેં ખામખા એની સાથ પવનચક્કીની જુગાર ટોળકીમાં દોસ્તી પાડીને એને શીરીનની પુઠે લગાવ્યોછ. ને ચોકરું બી ખુબ બેસેછ યાર ! જાણે એક નાટકનો ગોઠવેલો ખેલ ચાલેછ ! અહી આજે અહીં ! આબાદ આય ચ્રડીએ ! શાબાશ–હવે કંઇ વાતમાં રસ આવશે ખરો. અગુતો ચલીએ ! ચશમચોર ગુસ્તાદ, સંભાળ ! તું મનમાં મલીદા જમેછ તેમ તારો મેહલ્લો કંઇ ખરેખર ભસ્તે ગીએલો નથી —પણ તારામાં કેટલી શેતાન્યત છે તે જોવા હડતો કરડતો બત્રીસ દાંતનો જીવતો બેઠેલો છે !"

પ્રકરણ ૧૧ મું.

અરે તું કોણ? મારી જુલમગાર કે મારી દીલદાર?

વાહ! અલ્લાહએબી શું મીયાં મહાદેવની જોડી બનાવી હતી! "ગુલાબવાડી"ની પડોશમાં પોતીકી બેઠી બંગલીના 'વરંડા'પર વલસાડા વકીલ ગુસ્તાદ કાનફાટયો જ્યારે સદરા લેંગાના 'ફુલ ડ્રેસ'માંજ બેસીને પોતાના સુન્ના મોહર જેવા ભત્રીજા ચાનજી સાથ વાતે વળગેલો હતો ત્યારે એકમેકના કાન કાપે તેવા આ બે મુજીઓમાંથી ચઢીયાતો પોશાગીર અને વધારે પાકકો ઉઠાવગીર કોણ હતો તે કેહવું અશકત હતું.

"લે હવે હું કેહ, કાકા!" ચાનજી જવાને માટે ઉઠતાં બોલ્યો, "હું તો નીહ રેહવાનો. નવહારીથી પાહર જેવો ધકેલો આઇપો તે હુંએ તો જાયણું જે કાંઇ બે પાંચ પૈહાનો દાવ લાઇગો ઓહે—પણ નીકરેલી તે વારે તો આય તારી હોટીયાં જેવી હીરીન! તુંબી હું યાર!"

ગુસતાદજીએ પોતાનું માથું ધવડતાં ચાનજીગમ એવાં તો ઝનુની ડાચાંએ જોયું કે જો ચાલતું હોય તો તે નાપાકને આખેઆ ને આખેઆ ઉચકીને બારીથી બાહર ફેંકી દે. પણ ખુની ખવીસ ચેહરાના ગરાડ સરીખા આ મલંગ ઠંગ ભત્રીજાના ટસટસ થતા લાલ ડોળા અને બબ્બાથી બેહક બેહક થતી ફૂરેકારે ગુસ્તાદજીને દાંત પીસ્તો મુંગો બેસાડી રાખ્યો. તે બરાબર જાણતો હતો કે ચાનજી કાનફટયા સાથ એક ઘડી બી અંગબળની આસનાઇનો વીચાર કરવો સીફ હેમાકત હતી—કારણ તે બદમાશની બળાગત સમાન બાજુ, હાથનો હથોડા

જેવો મુક્કો અને કકડધસ કાંડી કામ પડે તો શું કરી બતાવવાને શકતીવાન હતા તે ગુસ્તાદજી કાકાને પુરતું રોશન હતું.

" તારે જોઇયે તો માથું ફોરીને લોહી કાંય નહી કાહરતો!" ગુસ્તાદજીએ ચીરડાઇને દાંત પીસ્યા, "આય શીરીનના પૈસા સુંઘીને અભડાઇએ મુકી છાનવાના નથી. એક વરસ પછી દુકતી ઉમરમાં આવશે કે બાજી હાથથી જશે. એ બુક તારા મોહમાં મુકું—જોઇયે તો લે નહી તો જઇને મોટો જેવો કુવો પુર!"

ચાનજીએ પોતાની ડબરડીંગ કુમ પસવારીને વીચારમાં ડાકું ધુણાવ્યું, "એ બલારીને કાલે હવારના જોયલી, ઠીક: લોહરકું હોબીતું તો ખરૂં! પણ છે તે આજ દી લગીન હું હું કોરો કુમારો ફઇરા કએરો ને હવે——"

" હવે એ છોકરીના પૈસાને ખાતર તારે ગળામાં ટોક નાખવીજ પડશે, ચાન. ગધેરો ના થા—એ પોરીને હું આંગળામાં રમાડશ. એણે ગરીબાઇ અને સાદાઇમાં આટલાં વરસ કાહરીયાંછ, તેથી તારા સપાટામાં ચપદેતી આવી જશે. તું મારી સાથ અહીં રેહ—એ લોક સાથ ઓલખાન પાર, 'ગુલાબવાડી' માં આવતો જતો થા—ને બાકીનું હું જોઇ લેવશ."

" ઉંહ ? ને ખાઉં કહું હું ? તારા હાથ પગ ?"

" બાકી નવસારી તો તું કમરને કોદાર બાંધેછ ! આજે એવી આરી અટારી શું વાત કરીયા કરેછ, ચાન ?"

"જો કાકા, નહારીમાં મારા હત્તર ધંધા પરેલા. તીફાં મારા રહતા કેવા છે તે તું જાણે ને–છે તે–કેમ પૈહા કુટી કાહરૂં તેબી જાણે. તીયારે ઇફા રેહીને તારી હીરીનપર હીજરાયા કરતાં મન નીહ પરવરે. જામીનગીરી હું કે એ મારા હાથમાં આવહે ? ના—કાલે હું તો નહારી જવાનો. એ પોરીને તીફાં ઉંચકા લાવ નો વરી કાંઇ જોઇહું."

ગુસ્તાદજીએ અત્યંત ખેજાલતથી ડોળા કકડાવી કાર મરડી. "તારે જા જાહનમમાં! મુવો તું—તારો દાગજ ફાંસીને લાકરે છે! તુંને ચાલી ચલાવીને આવી સરસ તક મલેછ તારે તુંને નસકોરાં સુજેછ. નીકળ મારી આગળથી. ને તારો નામીચો પેશો નવસારીમાં ચલાવ. તારી દાદુમીયાંની જુગારી ટોળી તારા વગર ઝુરી જશે ને સાહુકારોની પેહેડી ફાડવાનાં કામમાં—"

"રાખ, રાખ, કાકા! એ હું બકવા માંડે?"

"સત્યાનાસ* ગીયા, આય. શીરીન તુને પહેરાવીને હું મારોબી ભાગ કહારી લેવા માંગતો'તો—પણ તું અકકલવારૂં માણસ નથી, જંગલી ભુંડ જેવો બેસમજ હેવાન છે. જા, એ પોરી સાથ હું મારૂં સુજયું કરી લેવશ. પણ યાદ રાખજે, ચાન, તારી મુંડી મારા હાથમાં છે. પેલી બેંકમાંથી જે ઓચ-રીયાં તું ઉપાડી લાવેલો તે મારી પાસે—હેં, એ કોણ? પેલો ડા૦ અરદેસર વજીફદાર! જા ચાન, એ ધરણુ મને મળવા આવેછ—તારૂં અહીં કામ નથી."

ડા૦ અદી પારસી પોશાકમાં માથે મોગલ હેટ સાહીત તાપમાંજ બંગલીના કંમપાઉંડમાં ચાલી આવતો હતો. ચાનજી એક મીનીટ ત્યાં રહયો. એકજ બીજી પળ—અને બંનેની નજર સામસામી મળી. એક વરૂ અને એક પાડા વચ્ચે જેમ ઘુરકા ઘુરકી ચાલે તેમ આ બેઉ જણા થોડો વખત સ્થીર ઉભા રહી એકમેકને એવા તો ડોળા કકડાવીને જોવા પડયા કે ગુસ્તાદજીબી અજબ થઇને તેઓ આગળ ઉઠી આવ્યો.

અરીમ ધરીમ જેવા ઉંચા ને પોહળા ડુંગર સરખા ચાનજી આગળ અદી તો ખરેખર કદમાં એક ટીંગુજીજ લાગતો હતો. તે વગર શકનો પોશાગીર જો જરાબી ઓછા કદનો માણુસ હતે તો એક બાનુને ગઇ કાલે અપમાન કરનાર

ચંડાળને અદી જરૂર પોતાની હુલ્લડાઇ પ્રમાણે કાંઈ આડું અટારૂં મારી બેસતે—પણ ચાનજીનો દેખાવ જોઇનેજ તેના પેટમાં પોપટી બોલી. બાપરે, એના ખવંડી પંજાએ જો એ એકજ કાન સલાપ મારે તે અદી પાછો ભોંય ઉપરથીજ ઉઠવાજ નહીં પામે! અદી દાંત પીસીને આ માસ અને ગાંઠના ડુંગરા ગમ જોતો થંભ થઈ ઉભો. પણ અજબ રીતે ચાનજીએ આ બીજી વારબી અદીને દેખઈતા તુચ્છકાર સાથ પડતો મેલ્યો.

"કાકા, એ આ લોંકરી હરખો પોએરો હું મરચાં ખાએ?" તીરસકારથી હસીને અદી ગમ હાથ કરી ચાનજી બોલ્યો, 'મારો હારો ચેહરા હાના ચીતારે? એને માંહે લઇ જા, કાકા—એવી કરાકરી બીહકોટપર હાથ લાખવા નીહ ગમે. એઈ દીવાહરી માહટર, તમે છે તે તમારે રહતે અમોલા ચાયલા જાવો—મને છેરતા રખે, નીહ તો આ એકજ પાંહરાંમાં પહેરાવા કેની તો હડ્ડીનો ચુરો કરી લાખા."

આટલું કહી ચાનજીએ અદીને માથાંથી તે પગ સુધી જોખમભર્યા ડોળા સાથ થોડીવાર જોયું અને પછી બહુજ હળવેથી કાંઈ નજીસ ગાળ ભાંડીને પીઠ મરડી ત્યાંથી ચાલવા માંડ્યું. ગુસ્સાને મારે અદી તો લાલ તુતી જેવો થઇ આવ્યો હતો. ગમે તેબી ભોગે તે રાથોડી પોશાગીરના અંગ ઉપર જઈ કંઇ એરનું દોર કરી નાખવાની અણી ઉપર હતો—પણ તેટલાં આણીમેર ગુસ્તાદજીએ તેના મોહડાં ઉપરની "ડેનજર સીગનલ" જોઈ તેને બાજુમાંથી મજબુત ધરી રાખ્યો.

"નહી–એ તો મેટ મુવોજ, ડાકટર," ગુસ્તાદજી અદીને વરંડા પર ઘસડી જઇને એક ખુરસીપર બેસાડતાં બોલ્યો, "એની સાથ જોર અજમાવવાની બેવકુફઇ કરતા ના."

"પણ એ કોણ લફંગો છે? મારે પોલીસને ખબર આપવીજ, ગુસ્તાદજી."

"પોલીસને નવસારી ખબર હવે તો આપજો બા. ને તેબી તમે તમારી જીંદગીથી ધરઇ ગીયા હોવો તોજ! મી. અરદેસર, તમે આય ચાનજીનો સદરો ઉંચકી જોતે તો એની ઓટીમાંથી એક નાહલી ડબલ બારની રીવોલવર ને એક બે પાનાની મોટી 'હટીંગ નાઇફ' નીકલી આવતે. એ મારો હીરાને તોલ નો સગો ભત્રીજો થાય—ને બપાવાને કેહુ જે આખી ગાયકવારીમાં એ ખુની, જુગારી, ગળાં ફાંસુ ભામટાની બીજી જોડી નથી!"

"હેં!"

"હા—ઠીકજ થયું કે તમે એ હરામઝાદાની સામે મુંગાજ ગગડી રહયા. પણ ચાલો હવે આપરે આપરી વાત કરીયે. તે દહારે મેં તમુને તમારા કાકાના વસીયતની બધી વાત કેહી તેના સંબંધમાં હવે સેવટની બધી ગોઠવણ થઇ ચુકીછ. તમે વીલ તો તે દાડરે ધ્યાનથી વાંચ્યું——"

'હું તે વીલફીલની વાત કરવા આજે આયો નથી. મારા ચકડોલ કાકાએ એક ભલતી છોકરીને ખાતર મને પરતો મુકયો તેની મને ઝાઝી તુંભા નથી. એવા કડક બેજાંગેપો તરફથી વધારેની શું વકી હોય? ગુસ્તાદજી, થોરા વખતમાં એક બનાવ મારી જીંદગીમાં એવો બનવાનો છે કે જેથી પૈસાના બાબમાં મને હમણાની માફક મુઝાવું પડશે નહી.——"

"ઓહો! સબ્બર શીકાર હાથ લાગોછ કે, બાવા?"

"હા—પણ તેને હજુર થોરો વાર છે. તેટલાં મને થોરા પૈસા જોઇયેછ. હું અહીં નવો આયોછ ને મારી પ્રેકટીસ બરાબર ચાલતાં હજુ સેહજ વખત લાગશે. તમે આય શીરીન ગાંધી કોણ મુઈછ તેના વાલી છેઓ—તેથી હું તમારીજ

પાસે માગું છ કે એ છોકરીના પૈસામાંથી મને હાલ તુરત સાત ટકાના વ્યાજે પાંચ હજાર રૂપીઆ આપો."

ગુસ્તાદજીએ અચરતીથી ડોળા ઉંચકી અદી ગમ જોયું અને પછી વીચારમાં પડી પોતાનું નાક મસળી ધીમેથી પુછ્યું—

"પાંચ હઝાર રૂપીઆ? શું જામીનગીરીપર, બા?"

અદીએ ભવાં ચઢાવ્યાં, "એટલે? તે હુંબી શું કંઈ તમારા પેલા મુજી ભત્રીજા જેવો લુચ્ચો છેઉં કે? મારૂં નામ, મારૂં ખાનદાન, મારો ધંધોજ, મારી જામીનગીરી છે. હું કંઇ ભીખ નથી માંગતો—હું તો સાત ટકાનો તમુને ડાહમ દેવશ, સમજ્યા?"

"ઠીક છે ડાકટર, એ ઉપર હું વીચાર કરીને——— કયું, કયું, બીંદા? કયા હુવા?"

પાસેની "ગુલાબવાડી"નો ચોકીપર ભૈયો બીંદા દોડતો કે ગુસ્તાદજી અને અદી બેઠા હતા ત્યાં આવી ઉભો અને લગાર ગભરાટથી હાંફવા લાગ્યો.

"શેઠજી—બડે બાઇજીકુ તાણ હુવા હય. શીરીનબાઇ બાહેર ફરનેકુ ગઇ, ઇસ લીયે બુટલેરને હમકુ ભેજ દીયા—બોલા શેઠજીકુ જલદી બુલા લા."

ગુસ્તાદજીએ મોહ કુમળાવ્યું. "એનું સત્યાનાસ થાય!" ને અદી ગમ જોઈ ફફડીને બોલ્યો, "વરી પેલી ઘાંખરીને હીસ્ટીરીયા થયોછ. અહી આયા પછી પીરોજ વરી એ બેમાન લઈ બેઠીછ."

"પીરોજ? પીરોજ કોણ?" અદીએ અજબ થઇને પુછ્યું.

ગુસ્તાદજી મુછમાં હસ્યો, "એ પીરોજ તો છે તે શીરીનની માય. બેઉ જણા પાસે 'ગુલાબવાડી'માંજ રહેછ, ને હું

શીરીનનો વાલી ને વકીલ થઇને અહીં રેહુંછ તેથી જરા જરામાં મને તેડાવી મંગાવેછ. પણ હા ખરા, ડાકટર, છતા અહીં તમે છેઓ તે જરા આવોની. જોવોની, આય ડોસીને કંઇ ધીચારો પાઇને સમી કરોની ! પાંચ પાંચ દાહરે એમ હીસટીરીયા થશે તે કેમ પરવરશે ? આવો ડાકટર, તમારી ફી હું આપશ."

એક મીનીટ અદીએ આનાકાની કરી. જે ઓરતે તેના ખરા હક ઉપર લાત મુકીને આન તેને રખરાવ્યો હતો તેનો ઉંબર અદી કેમ ઓળંગે ? પણ નાહી—પોતાના મોતેબર ધંધાની ગરૂરી અદીને હૈડે ચઢી. એક ડાકટર તરીકે તેને કોઈ પીડાતા આદમીને રાહત આપવા બોલાવવામાં આવ્યો હતો—અને તે ફરજ ના પાડવી એ ડા૦ અદી પોતાના ' સાયન્સ'ને ઝાંખ લગાડવા બરાબર સમજતો હતો. ગુપચુપ ઉઠીને ગુસ્તાદજીની પુઠે તે " ગુલાબવાડી "માં ગયો.

એક ' બેડરૂમ 'માં ગુસ્તાદજી તેને લઇ ગયો. ત્યાં ઘોલ્યાપર પીરોજબાઈ હીસટીરીયાના જોશમાં ખેંચાઇ તણાઇ જતી હતી. પીરોજબાઇ સીવાય ઓરડામાં કોઇ બીજું હતું નહીં. શીરીન તો માણસોના જણાવ્યા મુજબ બહાર રાએતા પ્રમાણે ફરવા ગઇ હતી. અદી હીસટીરીયાથી ખેંચાઇ જતી પીરોજબાઇ આગળ ગયો અને કોલંગવોટર, ઠંડું પાણી, પોતાની કનેનાં ' સ્મેલીંગ સોલ્ટ ' વગેરેથી થોડીવારમાં તે બીમારને શાંત પાડી. પીરોજબાઇએ સાવધ બનીને અદી ગમ ટગર ટગર જોયું ત્યારે તે ડાકટરે સેહેજ મમતાથી હસી તેણીનાં માથાં ઉપર હાથ ફેરવ્યો અને ધીમે સાદે બોલ્યો—

" ચાલો બાઇજી—હવે તમે હુશીયાર થઇ ગીયાં ! લેવો જરા આય———"

અદી આગળ બોલતાં અચકી પડયો. ઓરડાની બહાર ચાલમાં કોઇ જવાન સ્ત્રીનો ખુશ મીજાજી તીણો અવાજ કાને પડયો—અને હજી તો અદીને વીચારવાનો વખત મળે તે અગાઉ એડ રૂમનું અલગું બંધ કીધેલું બારણું ફડાક દેતું ઉઘડી ગયું અને તેજ ઘડીએ પોતાના હાથોમાં નાના 'પ્રીન્સ' કુતરાને ઉંચકી ઉંબરની ઉપર શીરીન ગાંધી આવીને ઉભી રહી.

"માયજી, આજે સ્કેનડલ પોઇંટ જઇ આવી. હરવાયા 'પ્રીન્સે' તો તોબાહની તાલી———ઓ, એ કોણ ?"

ઓરડામાંના માણસોની હાજરી જાણ્યા વગર શીરીન હસ્તી રમતી નાચતી કુદતી અંદર પોતાની માતા આગળ આવવા ગઈ ખરી પણ ડા૦ અદીપર નજર પડતાંજ તેણી ત્યાં ઉંબરપરજ અટકીને જડ થઇ ઉભી અને 'પ્રીન્સ'ને હાથમાંથી છોડી દીધો. બારણાની વચ્ચો વચ આમ લાજ, ગુંચવણ અને ગભરાટથી શરમાઈ ઉભેલી આ સુંદરીનું ચીત્ર ખચીત દીલપઝીર હતું. ડા૦ અદી તો ડોળા ફાડીને બારણામાં ઉભેલા તે મનમોહક આકાર ગમ એક ચીતે જોયાજ કરતો હતો.

ગુસ્તાદજીએ આ બંને જવાન જીવડાઓનો ચમકતકાર દીઠો. તેણે અદીની બાંહે ખેંચીને તેની ગાફેલીમાંથી સાવધ કર્યો.

"યે ? વરી એ શું થઇ આયું ! ડાકટર સાહેબ, એ પોરીને ઓરખો કે ? એ પેલી શીરીન ગાંધી ! હોરી આવ શીરીન."

મુંગે મોહડે ડોકું નીચું કરી તથા પોતાની ખોરાઇ ગયલી સાડીની સોડ સરખી કરતી શીરીન ઓરડામાં દાખલ થઇ. લાંબી લટારથી તુરતની આવેલી હોવાથી છોકરીના ગોરા ગાલો ઉપર અજબ સુરાખી પંથરાઇ રહી હતી અને તેમાં પોતાના આગલા દીવસ ના આ જવાન શુરવીરને પાછો એકાએક ત્યાં ઉભેલો દેખા

તેણીના ચેહેરા ઉપર બમણી લાલીનું જોશ ફરી વળ્યું. ડા૦ અરદેશર વજીફદારનેબી જીંદગીમાં પહેલી વખત છાતીમાં કાંઇ નહીં સમજ પડે તેવો જુસ્સો લાગી આવ્યો. તેણે એક ઘેલા આદમીની પેઠે થંભ ઉભા રહી શીરીનના મોહોડાંગમ ધારી ધારીને જોયાજ કર્યું. અરે! એ પ્રીતમની પુતલી અહીં? એ કોણ—હકદારનો હક લુટી બેઠેલી એક જુલમગાર કે ચાહાનારનું ચીત્ત લુટી બેઠેલી એક દીલદાર?

"શીરીન, આય ડા૦ અરદેસર વજીફદારને ઓરખેછ કે! તું એવણના કાકાના પૈસા પચાવી બેઠી તેથી એવણ તારી ઉપર વાઘ જેવા ડોરા કાહારીને જોયછ! હે—હે! બા અરદેસર, એમાં એ ખલેરીનો શું વાક? તારો કાકો કાતરીયાંનો ધસેલો તેમાં શીરીન શું કરે?"

આવી ભાષાથી અદીને કંપારી છુટી. શીરીનને વધારે ગુંચવાતી જોઇ તેણે વાત ફેરવી નાખી, "મીસ—મીસ ગાંધી, આપરે કાલે મલ્યાતાં—ચોપાટી—"

"હાજી." શીરીને શરમાઇને ઘણોજ આસ્તેથી જવાબ વાળ્યો.

"એંહ, ગઇ કાલે મલ્યાંતાં! વાહ–આય સારા ઢંગ!" ગુસ્તાદજી બોલી ઉઠયો. "લે પીરોજ, આય તારી દુકતી તો જુવાન જવાન પોરીઆ સાથે બધે બધ નાચતી ફરે ને તું માંદી ગધેરાની કાંની અહીં પરીને કાંસે! બા અરદેશર ડાકટર, આય મસકલી જેવી ડોકરી પરથી મીઠો ગારો મુકજો હો–તમારા જેવા મઉલ્લાબહોને પુછવું નહીં પરે તો! પણ ખરા—તમે તો કાંઇ ગબ્બર લકરાં સાથ લાધવાના છેઓ—હેહેહે!"

અદીને એવી તો ચીડ ચહતી હતી કે ગુસ્તાદજીને જરૂર

તેની ચકલાપરની ભાષા માટે એક લપડાક ખેંચી કહાડતે–પણ પીરોજબાઇ હવે ઉઠીને ટટાર બેઠી.

"શીરીન–આય ડાકટરે મને હીસટીરીયામાંથી મજાની હુશીયાર કીધી. એવણુને કંઈ ચાહે પાણી——"

"નહીજી માફ કરો–મને કંઇ જોઇતું નથી, ઠેક્યું શીરીનબાઇ–તસદી ના લેઓ. હું રજા લેઉંછુંજી–સાહેબજી, મીસીસ ગાંધી." આમ બોલી ડાં૦ અદી જવા ઉઠયો.

"માયજી, ડાકટરની દવાથી તમુને આટલો ફાયદો થયો. તારે એવણુને કોઇકોઇ વખત આવીયા કરવા કેહોની," શીરીન શરમાઇને પીરોજબાઇને વળગી બોલી.

"હા, બા, ડાકટર, જરા આવ્યા કરજો, મરૂં." પીરોજબાઇએ પોતાની દીકરીની ઇચ્છા સ્વીકારી "તમારા હાથથી મને ઘણોજ ફાયદો લાગેછ–ગુસ્તાદજી જરા તમેબી કેહોની. તમુને કંઈ વાંધો નહી હોય તો."

"ગુસ્તાદજીને વાંધો શાનો હોય જી?" અદી મુછમાં હસીને વચ્ચે બોલી પડયો, "ને વાંધો હોય તોબી મને એવણ સાથે કાંઇ કામ નથી. તમો માય દીકરીની મરજી છે તો હું તમો માયજીની તબીયત પુછી જયા કરશ ચાલો, તનદરૈસ્તીમાં રેહો–સાહેબજી."

આમ કહી અદી ઝપાટામાં ઓરડાની બહાર પડયો. પહેલે માળથી ઉતરી તે ભોંય તળીયે એક બારી આગળ સેહેજ દમ ખાવા અને પોતાના ઘુમતાં માથાંને જરા સ્થીર કરવા બે મીનીટ થોભ્યો.

"આય શીરીન ગાંધી!" તે 'ગુલાબવાડી'ના ઘાસ ઉપર નજર ફેરવી મન સાથ બકબકવા પડયો, "એની ઉપર કેહર છુટવાને બદલે મારૂં દીલ જાણે એની ઉપર એવું–આહ! બચ્ચા

અદી! એ છોકરી પેલી કેટી દાવરને જગે હોતે! ઓ ખુદા! ગુલાબની આય કાચી કલી પેલા નાપાક ગુસ્તાદજીના ફાંદામાં એકલી અટુલી છે! શું કરૂં, મને કંઇ સુજતુંબી નહી—"

"જી, માયજીએ આય તમારી ફી મને આપવા મોકલીછ. માફ કરજોજી, અમે ભુલી ગીયાં."

આમ કહી અચણુચ પછવાડેથી ઝડપમાં આવીને શીરીને એક દસ રૂપીયાની નોટ સહેજ શરમાયલે ચેહેરે અદી સામે ધરી અને પોતાના લાંબાં પાપણો ઉંચકી અદી ગમ જોયું.

"ફી? તમારી પાસથી ફી લેઉં? તમારી પાસથી, શીરીનબાઇ!—નહી કેંકયું—એ હું લઇ શકતો નથી. એક્ષકયુઝ મી હું અહીં મારી ફીને વાસ્તે નહી ઉભો'તો. હું તો પુછવા ઉભો'તો કે તમારો લાડકો 'પ્રીન્સ કેમ છે?"

"સારી કાની છેજી—તમારી દુવાથી પાછો તટાર થયોછ."

"એમ કે—ચાલો, એને હવે ઘણો લાર ના લરાવતાં, નહી તો છેકજ ચીઓ થઇ જશે. હું રજા લેઉંછ, સાહેબજી." આમ કહેતાં અદીએ શીરીનનો હાથ પોતાના હાથમાં શેકહેંડ કરવા માટે લીધો અને કેટલોક વાર તે પકડી રાખ્યો. આહ! બંને જવાન જીવોના ચેહેરા ઉપર તે વારે પ્રગટી નીકળેલા છાપ વર્ણવાને એક કવી કલમકસ ક્યાં છે? શીરીનના મોહોડાં ઉપર રતાસ ફરી વળ્યો.

"આય ફી નહી લેતા, ડાકટર? મારે ખાતર લેવો—હું ઘણી ખુશી થવશ," તેણી ધીમા સાદે કાલાવાલા કરતી બોલી.

"નહી, એ પૈસાને હું આંગળી નહી લગાડું—તમારે ખાતરબી નહી!"

"તમે માંરી પર ગુસ્સે તો નથી કેની, ડાકટર? મને તમારી—મને આય તમારા કાકાના વીલની વાત ખબરજ નહી ઉતી."



"આપ ફી નહીં લેતા, ડૉકટર? મારે ખાતર લેવા—હું ઘણી ખુશી થઈશ." તેણી ધીમા સાદે કાલાવાલા કરતી બોલી.

"નહીં', એ પૈસાને હું આંગળી નહીં લગાડું—તમારે ખાતરે નહીં!" (જુવો સફો ૯૨ મો)

અદીએ શીરીનનો હાથ પોતાની અંદર ખાનેની લાગણીના ખરાં જોસ સમેત સેહજ દાબ્યો.

"શીરીન—શીરીનબઇ—પરવરદેગારનો હું મોટો ઉપકાર માનુંછ કે મારા કાકાએ તમુને પોતાના વારેસ તરીકે પસંદ કાધાં! ગુસ્સે થવાની વાત કરોછ! આહ—તમારી ઉપર ગુસ્સે થાઉં! શીરીનબઇ, એકજ ગરીબની સલાહ યાદ રાખજો—આય ગુસ્તાદજી વકીલથી ચેતેલાં ચાલજો. બસ ચાલો હું જાઉંછ—ખુદા તમુને સુખી રાખે."

"કાલે પાછા આવશો કની, અદેશર! —જરૂર આવજો, અં!"

"હા જરૂર આવશ—સાહેબજી."

પ્રકરણ ૧૨ મું.

"તું કેટી દાવરને પરણવાનો છે?-જા,જા, તુને તે છોકરીનું ખાસરૂંબી મળવાનું નથી."

સહવારનો ઠંડો પોહોર છે. મલબાર હીલ ઉપરના હેંગીંગ ગારડન્સમાં ખુશનુમા લીલોતરી વચ્ચે એક માંડવા તળે બેઠેલાં માસી ભાણેજને વાંચનાર ઝટ ઓળખશે. ધીમે અવાજે વાત કરતાં એ બે જણાં ખોરશેદ અને સુનામાસી છે. સુનામાસી આજે પોતાની રાજી ખુશીથી ખોરશેદ સાથ ફરવા નીકળી પડયાં છે ખરાં—પણ તેમના બુઝોર્ગ ચેહેરા ઉપર ઉદાસી, ચીંતા અને નીરાશીનો છાપ છે—અને કાંઇક ગભરાટથી બીચારાં ક્યારના અકરવકર કર્યા કરે છે. ખોરશેદબી માસી સાથ વાત કરતાં દેખાતી બેચેન છે—કારણ દર પાંચ મીનીટે માડવામાંથી ડોકું

બાહેર કહાડી કોઇના આવવાની રાહ જોતી હોય તેમ તેણી રસ્તા ભણી પોતાની આતુર ચસ્મો ફેંક્યા કરે છે.

"ઓ વાય! એ એમ શું કાહારની હાંસના જેવાં ડોકાં તાણીયા કરેછ?" સુના માસીનું પાકી આવ્યું.

"સવા આઠ થયા ને હજુર જાલ નહી આયો——"

"જાલ! તેણાણ આજે અહીં આવવાના છે કે? મરે, આય છોકરીનું માથું ખીસ્તું જાયછ."

ખોરશેદના મોહ ઉપર હસ્તું ફરી વળ્યું, "લેવો ચાલો–વરી રડાકુટો મુવો શરૂ થયો! તમુને તો બરીયું કંઇ કેહવાનુંજ દુઃખ, માસી! જાલ આએ જગાએ મને મળવા કાંઇ પહેલ વહેલોજ આવવાનો નથી, સમજ્યાં?–તે તો આજે આંઠ દહારા થયા રોજ સવારના અહીં આવેછ."

"સારૂં! ગમે તેમ હાથે હાથે ડોહરાં ડાહવીયા કરો! ભઇજીઓ પરમ દાહરે સવારના આવી ઉભા રહેશે, ને—"

"ને પોતાની રીત પ્રમાણે જરા બુમ બરાડા પારી ગોઘીયારાં કરશે ને પછી ડપટ પરી જશે. પણ એમ ડોરા ધુરકીઆથી ને ઘાંટા પારવાથી કંઇ તેલને પાણી એક થવાનું છે, વારૂં?"

"અરે ખદાય! આય દુકતી મારાં હાર ધ્રુજવેછ તે થોરાં! એક તો ભઇજીની તબીયત પાધરી નથી ને તેમાં દુશમેનનો મીજાજ દાહડાબરીઓ છે! મને ધ્રુજરાં છુટેછ—બા, ચાલ ઘેર જતે."

સુનામાસી ઉઠવા જતાં હતાં, પણ ખોરશેદે હળવેથી તેવણને બાજુમાંથી પકડી બેસાડી રાખ્યાં.

"નહી માસી, ઓય જાલ આવશે. તેને મલીયા વગર હું ઘેર નથી જવાની. જરાવાર બેસો, મારા સમ! જરા થોરા

વખત વધારે ધ્રુજરાં ખમો—ને પછી ઘેર જઇને જોઇએ તેટલો વખત બંદુસ ઓઢીને પોહરી જજો."

લાઇલાજ થઇને બીચારાં સુનામાસી ત્યાં પાછાં બેઠાં. માથાંની ફેરાવણુ આ ભાણેજ આગળ તેવણ બીચારાંનું દેખઇતી રીતે કશું ચાલતું નહી હતું. તેવણનું મ્હોં છેકજ કુમલાઇ ગયલું જોઇને લુચ્ચી ખોરશેદ હસ્તે મોહડે તેવણનો બરડો પસવારવા પડી.

"મારાં માસી," તેણી પટામણે અવાજે બોલી, "તમે શું કામ અકરાવોછ? હું છેઉ ને બાવાજી છે,—અમે અમારૂં ફારી લેઇશું. તમે તમારે કાને હાથ દેજોની કે મેં તમારૂં કંઇજ માનીયું નહી—એટલે થયું! તમે બસ બધો ટોપલો મારે માથે નાખજો કે હું મુઇએ પહેલે ઘરથી હાથે કરીને ખામખા ડા૦ અરદેશર સાથ બીઆબારૂં કીધું."

"બીઆબારૂ?" સુના માસીએ મીજાજ બોઇ દીધો, "હરવર્ફ ગેર્ફ તેં અતેરૂંજ કીધુંની? કંઇ વેશ બદલીયા ને મુવું કંઇ ભલતું નામ——"

"બસ—વરી બેજાં દુખાણ નહી જોઇએ. મેં મારૂં સુજ્યું કીધું ને તેનો જોખમ મારે માથે છે."

"તે બીચારાને તું વાહી નાખે ને પછી ઓજીઓ તારી સાથ તરછોર કરે તેમાં શું નવઇ? તારામાં તસુ જેટલીબી અક્કલ હોય તો તું એ અભાગીયાના મોહનાની બરાબર સામએજ આય જાલની સાથે ખેલાં ચેરાં નહી કાહરે. દીકરી, તુને ખબર નથી કે એ ઉમરીગરના કટમ સાથ તો. આપુને લામબા વખતની અંટસ બરેલી છે. આએ જાલની માય દીનબાઇ તો મારી દુરની સગી થાએ—ને તારી બેસ્તન માયને એ ઉમરીગરવારાંઓને વાસ્તે દીલમાં ઘનો અનગમો ઉતો. વાસ્તે

જો દુકતી, હજુબી સમજ ! તું મુવા અંગરેજ લોકોની સુજે ઢીગલાં ગુંઢીઆના ફારસ કરેછ પણ યાદ રાખ કે એમાંથી મોટી પંચાતી થશે—તારા બાપને તું ઓરખતી નથી, હા.”

“તમારા કરતાં વધારે ઓરખુંછ. એવણનું હું એકપુરૂં બચ્ચું છેઉં, માસી—પણ એવણના ગમે તેવાબી ધખારા અને ફાંટાની આગળ નમી જાઇને મારી આંખી જીંદગી જાહનમના ગારમાં નાખવાને હું કંઇ બંધાયલી નથી. બાવાજી જો અક્કલમાં ઉતરે તેવી વાત કરે તો તેને તાબે થવાની મારી ફરજ છે, પણ તેવણ જો ધાક ધમકીથી મને ડબરાવી પોતાની મતલબ કાહરી લેવા માગશે તો હું સોગંદ ખાઉંછ કે હું તેવણને દેખારી આપશ કે મારાં દીલમાંબી તેવણનુંજ લોહી દોરેછ. પણ કંઈ થવાનું નથી, માસી—બીહો ના. બધી વાત જાણીને બાવાજી ગમે તેટલા કુહરશે પણ મને થોરા ઘેરમાંથી હાંકી કહારી મોહોલ્લામાં——

“જા જા દાહડાબરી ! સવારના પોહોરમાં એવી અવર વાની ના કાહાર—બલા જાણે !”

“જો માસી, તમે પોતે તો જરા ઇનસાફ કરો. આય ડા૦ અદીએ કંઇ પચીસ વખત પોરપરાક બધાંને કહ્યુંછ કે એવણ અખઇ રેહયાને તો બસ પૈસાદાર બૈરી જોઇયેછ—પછી તે મુઇ ગમે તેવું કારૂં કબાડું તુરીયુંબી કાંય નહી હોય ! ડાકટર-જીએ મને આય એબલગામણી સારીમાં ને આય અગલી હેલ જેવાં બદીયાનમાં જે ઘરીએ જોઇ તાહરથી કેમ નાક નસકોરાં કીધાંછ ને કેમ દરેક વખતે મને ‘ઇનસલ્ટ’ કીધુંછ તે તમે જાણોછ.”

“પણ બેસીરે——”

“અણુર, મારૂં સાંભળી લેવો. એજ તમારી પાસથા

માંગી લીધેલા સુરીયાના ડ્રેસમાં આજની ઘરી સુધી હું જાલની બી સામ્મે ઉભી રહીછ—ને જોવો તમેજ એક સાચ્ચા ગ્રહસ્થ અને એક મગરૂર બીજાજી બુઅપ વચ્ચે ફેર! જોવો, માસી, જોવો તમેજ—એક રીતની ભીખનાં લાલચુ ઇડીયટ અને એક ખરી લાગણીના નમાના જવાન વચ્ચે તફાવત! નહી, એટલુંજ નથી—જરા ઉભાં રેહો, માસી—એ ચીજ હજુર કહેવાની છે. પહેલે દાહરે મેં ડા૦ અદીને જોયો તાહરથીજ મને એના ઘરણના ખાધણીયાં જેવો થોભરો ગમીયો નહી—ને હવે મારાં દીલમાં એને વાસતે કંઇ અજબ ધીકકાર ફરી વલીયોછ. બીજું તો એ કે ડા૦ અરદેશર તો જીભરૂં એક બીજી ખુબસુરત છોકરી નામે શીરીનબાઇ ગાંધી કરીને છે તેની સાથે કાહરના પ્યારમાં પરી મજનુનનો અવતાર લઇબી બેઠાછ!"

"ઓવાય!"

"એ ઓવાય ને ઓવાય! આજે કેટલાક દાહરા થયા હું સાંજે અમીના સાથ ભારેની વીકટોરીયામાં કાંહ જાઉંછ તે જાણોછ? હું કંઇ ફરવા નથી—જતી હું તો ગીરગામ 'ગુલાબવાડી' કરીને એક બંગલો છે તાંહ કોઈ શીરીન ગાંધી કરીને છોકરી પોતાની માય સાથ આવી રેહીછ તેને પીયાનો શીખવવા જાઉછ."

"હેં! અરે તારો બાપ જાણશે તો——"

"જાણવા દેઓ—મારી ઉપર ખુબ તરેહથી કલ્લા પારીને રેહશે. જરા સાંભળી લેવો, માસી. મેં આય ડાકટરજીને પુરેપુરા તપાસવાના સોગંદજ લીધા'તા! આજે આઠેક દાહરાપર હમાયજીને મોહને મેં .અછરતું સાંભલીયું કે અરદેશર બાને તો કોઇ સદ્ધર ઘરાક મલીયુંછ. તે લોક ગીરગામ ગુલાબવારીમાં રેહછ ને તાંહ રોજ સહવારના ડાકટર જાયછ. થોરા* દાહરાપર એક સહવારના મેં એવણને ચોપટી આય શીરીનની પાસે બાજટપર

બેસી ધુસ ધુસ કરતા જોયા. હું ગારીમાં પસાર થઇ ગેઈ તેથા એ લોકે મને જોઇ નહી. વરી બીજે દાહરે પેલી નંબર બત્રીસ ઓરડાવાળી રતઇ એદલકાકા વાતમાં ને વાતમાં બોલી કે ડા૦ અરદેસર કોઇ પીઆનો શીખવનારી માસ્ટર સોધેછ. હું સમજી ગેઇ કે કોણને વાસ્તે પીઆનો માસ્ટર જોઇએછ. તેજ સાંજે હું જરા હીમત પકડીને 'ગુલાબવારી'માં પોતે જઇ શીરીનને અને તેની માયને મલીને પીઆનો માસટર તરીકે રોજ સાંજના શીખવવા જવા પચીસ રૂપીયે પગારે રહેવા માંગીયું."

"મરેરે આય સા કોટક! હવે કાંહ જાઉં?"

"બીચારી માય ને દીકરી બેઉ જણીઓ ઘણી અસરાફ છે. મેં કહ્યું કે હું ઘણી ગરીબ છેઉં ને ગુજરાણ કરવા માગું છ તેથી તે લોકે મારી સાથ ઘણી મજાની વાત કીધી ને શીરીન નો પીઆનો શીખવાની ઉલટમાં થોરી થોરી થઇ ગેઇ. પછી બીજે દાહરે મને સાંજે જવાબ આપવા કેહયું. બીજે દાહરે હું ગેઇ તારે જોઉંછ તો નવો પીઆનો લાવીને મુકેલોબી. તે દાહરથીજ મેં લેસન આપવાનું શરૂ કીધું. અરે મેં એકુ એ 'ડાન્સ મ્યુઝીક'ના 'પીસીઝ' વજારીયા કે શીરીન તો ઓવરઈ ઓવરઇ ગઇ. બીચારી ફુલ સમાન કુમળું ને ભોળું બચ્ચું છે. એટલીવારમા મારી સાથ એવી પરોટઇ ગેઇછ કે બધી પોતાના દીલમાંની વાત મને કેહી દેછ. તેમાં આય ડાકટર અરદેશરપર એ છોકરીનો કેવો જીવ છે તબી એણે મને ગરે વરગીને સરમઇ સરમઇને કેહયું, માસી—હીહીહી!'

"દુકતી, તું એમ લોકને ઘેર ચાકરીએ રેહી! અરે, તારી આગરી બાગરી ખીસી ગઇછ કે શું? ભઇજી એ વાત જાણશે તો—"

"વરી ભઇજી વચમાં આયા! માસી, ચાલો, જીવ ના

કુહરાવો ! એ મારી ચાકરીનો આવતી કાલે છેલ્લો દાહરો છે. મને ડા૦ અરદેશરનો રાહધાટ જોવાનો ઉતો તેથી મેં એ પગલું ભરીયું. રોજ સહવારના કેહજે દસ વાગતે એવણુ પોહરા ચોહરા થઇને તાંહ સધાવેછ—કાલે હું બી તાંહ સારા નવ વાગતેથી જઇને બેસવાની છેઉં. ઓ ! લેવો, જાલ આયો !—"

પ્રકરણ ૧૩ મું.

"તારે ખાતર તારી છેજવાળોબી થવા તૈયાર છેઉં હુવે જવાબ દે !"

"લેવો જાલ આયો !" આ શબ્દો હજી તો ખોરશેદનાં મલકાયલાં મોહડાંમાંથી બાહેર પડે તે આગમજ તે હસમુખો જવાન પોતાના કાલા વેહેલર ઘોડા ઉપરથી ઊછલીને માસી ભાણેજની સનમુખ ઉભો રહયો.

"અરે વાહરેવાહ ! બસ એટલાજ દોરા બરાવીયા કે, જાલ ? સુનામાસી કાહરના ઘેર જવા વેજ વેજ કરેછ; એવણુને બેસારી રાખતાં રાખતાંબી હું અરધી થઇ ગેઇ." ખોરશેદ ખુશ મીજાજે જાલને શેકહેંડ કરતાં બોલી.

"શું કરૂં ? કોઇ કારામાય ટાહેલું આવીને બેઠો તે નીઠતા નીઠયો નહી. તેર હજાર રૂપીઆની ખટપટ છે. તુંને અને માસીને ખોટી થવું પડયું તેથી ઘણો દલગીર છેઉં. જો ખોરશેદ, હું જરા જોરેથીબી મારતે ઘોડે આયો કેની ?"

ખચીત—લીચ એંડ વેબોરનીના ફાકડાં કડરાઇટના રાહ-

ડીંગ બ્રીચીઝ અને ટોપ બુટસમાં સજ થયલો જાલ લાંબી સવારીથી મોંહ ઉપર પંથરાયલી લાલી સાથ ખરેખર સોવાહ-મનો લાગતો હતો. તેણે પોતાનો રૂમાલ કહાડી ખુબ જોસથી મોહું નુછ્યું, અને ખુલાસાથી વાતચીત કરતાં દેખઇતો અચ-કાયા કર્યો. બુઢાં સુનામાસી એક કવાબમાં હાડકાં મીસાલ ત્યાં બેઠેલાં હતાં. સેહજસાજ સાધારણ ડાહી ડાહી વાતોમાં ભાગ લેવા ઉપરાંત ત્રણે જણાં બરાબર ખુલાસાથી પોતાના દીલ-માના વીચારો ડાબી રાખીને બેઠાં હોય તેમ ગુગળાયાં કીધાં. સુનામાસી તો જાલને જોઇને ભડકણ ભરાયું હોય તેમ લગાર થોબરો ચઢાવીને બેઠાં અને જાલબી ડોસાંજીનું તેવું ડાચું જોઇને ગુચવાયા કરયો.

"ચાલ જાલ, આપણે જરાક અહીં કયારાઓ વચે લટાર મારીએ. માસી અહીં બેશી રહેશે. અમીના, તું એવણની આગલ અહીંજ બેસજે હું કે? અમે પાંચ મીનીટમાં અહીં નીચેના ફુટપાથો ઉપર લટાર માંરી આવ્યેછ."

આમ કહી સુનામાસીને જવાબ દેવાની તક પણ આપ્યા વીના ખોરસેદે જાલને ઇસારત કરી ઝડપમાં ત્યાંથી ચાલવા માંડયું. ભુસ્કો મારી જાલ પણ તેણીની સાથે ચાલ્યો.

હેંગીંગ ગારડન્સની ચઢણ ઉપર આવેલા આડા તીડા ફુટ-પાથો ઉપર પાંખડી વળગીને ચાલતું આ જવાન જોડું લગ-ભગ અરધોએક કલાક સુધી કોણ જાણે શું ધુસધુસ કરતું ડમકયા કર્યું. ઘડીમાં અહીંતહીં પથરાઓ ઉપર આસાએશ લેવા બેસી, ઘડીમાં ઉભાં રહી નીચે ચોપાટીનો દેખાવ જોતાં જઇ, ઘડીમાં ધીમે પગલે ઉતરાણ પરથી નીચે ઉતરી બંનેએ ખાસો અરધોએક કલાક ગાળી કાહાડયો. આખરે વહી જતા વખતનું ખોરશેદને પહેલું ધ્યાન આવ્યું.

"હવે મોરૂં થયું જો, ચાલ પાછાં ફરતે. સુનામાસી એહાં એહાં બધા દાતયાં પીસી નાખતાં હોશે."

"અરે જરા ઉભી રહે, ખોરશેદ. અસતો હું હમણાજ આયો. ફરતાં થાકી ગેઇ કે?"

"હા, જરાક તાંટીઆ દુખવા માંડયા તો ખરા."

"આહ! જો મારૂં ચાલતું હોય કેની ખોરશેદ, તો હમણા તારાં મારીને ઘેર મોકલાવી દેઉ! ને પછી આપરે આસતે રહીને ભારેની ગારીમાં જઇયે. તારી સાથે હજુર મને કેટલી બધી વાત કરવાનીછે, ડીયર!"

ઝીણે સાદે ખોરશેદ હસી પડી. "મરેરે, જાલ, તારી વાતજ પુરી નહી થતી કે? ચાલ બા હવે તો કાલે—પણ ઓ માયરે, એ આય શું? વરસાદ આવેછ!"

હતુંબી તેમજ. એકાયક વાદળ ચઢી આવી ઠંડા પવનના ફુંકારા સાથ ઝીણા વરસાદના છાંટા તુટી પડયા. ખોરસેદ પોતાની સાથ છત્રી લાવેલી નહી હોવાથી જાલ તેણીને ખાતર અંદેશામાં પડયો. ઝડપમાં પાછું ઉપર દોડી જવાય તેમબી નહી હતું. તુરત તેણે પોતાનો જાડો 'રાઇડીંગ કોટ' કહાડીને ખોરશેદના ખભાં ઉપર ઓઢારયો અને નજદીકમાંજ એક માળીનું ઝુપડું હતું ત્યાં તેણીને જલદી દોડાવી ગયો. દશેક મીનીટ તેઓ એ કોટરાંના ઝાવલીના છાયાં તળે વરસાદથી આશરો લેતાં ઉભાં. પણ વરસાદ જ્યારે ઉઘડી ગયો ત્યારે જાલે મુછમાં હસી ડોકું ધુણાવ્યું.

"કમબખ્ત વરસાદબી દગો દેછ. નહી તારે કલાકના કલાક સુધી ઝીખાયા કરે ને જોની હમણા જરા છીપછાપ કરીને ઉઘડી ગીયો."

ખોરશેદે ડોળા ઉઘાડીને તેના મોહડાં સામે જોયું. તેણી

કને એ રીતે જોવાડવા માટે જાલ છેલ્લો. અરધો કલાક થયો પછાડા મારતો હતો.

"તું નહી સમજતી? મારી કહેવાની મકશદ એ કે આપરે અહીં ઉભાં તેટલાં બે ત્રણ કલાક વરસાદ મારમારનો પડયા કરતે તો કેવી મજાહ પડતે? આહ! ખોરશેદ, આજની સવાર હું ભુલવાનો નથી. મારી જીંદગીની સઉથી સુખી ઘડી તરીકે હું આજના વરસાદને હું યાદ રાખશ."

ખોરશેદે શરમાઇને નીચે જમીન તરફ જોયું. તેણીના ગાળ ઉપર કંઇક રતાસ ફરી વળતો હતો. જાલે તેણીનો એક હાથ પોતાના બે હાથોમાં લીધો.

"મારા બોલવાથી તુંને જરાબી ખોટું લાગે તો મને તરત કેહજે, ખોરશેદ. મને એશકી ભાશણો કરતાં આવરતાં નથી. પણ હું તો મારી છાતીમાં જે જુસ્સો થઇ આવેછ તે ભડ દઇને બોલવામાં કાહરી નાખુંછ. આએ વરસાદમાં લાવીને મેં તુંને ઉભી રાખી તેથી તું ગુસ્સે તો નથી થઇની? કેમ મુંગી કેમ થઈ ગેઇ? કંઇ વાત કરની તો?"

બહુજ ખુલી ગયલે ચેહેરે ખોરશેદે જાલના ખબાંપર હાથ મુકયો "હું બીજી છોકરીઓના જેવી કાંગલી કુંગલી નથી, જાલ. આપરે અહી સાથે ઉભાંછ એ મનેબી એટલું ગમેછ કે ખીસવાજ નહી ગમતું. મરે, અહી કેવું ખુશ લાગેછ! આવું ઝુપરૂં ને આવા ઝારપાન મારાં પારડી ગામમાં તમે માંગો તેટલાં છે, પણ તાંહ તે મુવું બધું કડવા આવે ને અહીં—"

"અહીં તુને ગમેછ! મુંબઇ આવી તેથી તું ખરેખર ખુશી થઇછ કે—સાચ્ચું બોલ? નહી તો કે વરી પાછી તારાં ગામડામાં અમુને છોડીને નાસી જશે? તું જતી રહેશે તો હું બેરીસટરનો ધંધો છોડી તાડી છેજનારો થવશ—તુને સાફ કેહુંછ."

'ઓહો એટલું બધું ? તાડી છેજતાં આવરેછ કે ? ને આવાં ઝાવલીના છાપરાંમાં સુતાં "કોલ્ડ" લાગશે તારે ? મરેરે, ગરીબાઇમાં સુખ શું જરાબી નહી હોશે ? અહીં મુંબઇના પૈસાદાર લોકોની ગરબર સરબર જોઇને હું તો બીહ ગેઇછ. મુંબઇમાં મુવું બધુંજ ઉલટાનું સુલટું ને સુલટાનું ઉલટું. હીહી ! જોની જાલ, તારીને મારી વચ્ચે ઓળખાણ પડશે એમ કોણે જાણયું 'તું ? જોની, મારા બીચારા બમનજી બાવા પરમ દારે સવારના આવેછ. તેવણને પૈસાના લાલચુ પોરીઆઓ અને બઇરીના આઇતા દલ્લાપર ટાંપી રહેલા જમઇઓને વાસતે ઘણો જ ઘણોઓઓજ ધીકકાર છે. મને કેહ, જો વરી–એક ગરીબ ઝુપરાંમાં પચાસ સો રૂપીઆમાં માટી બઇએરથી શું સુખમાં નહી રહેવાય ? ખરૂં કહેની ? બીચારી બઇરી સીવે સાંધે ને ધણી ચાકરીએથી આવીને સાંજને વખતેબી જરાક ઘેરમાં ભરઇ વધારાનાં કામનું વઇતરૂં કરે—પણ બેઉના ચેહેરા પર કેવો સંતોસ ! મારા બાવાએ તેવીજ જીંદગી ગુજારેલી, જાલ."

દુર હવામાં જોઇને સેહેજ હસતા હોઠો સાથ ખોરશેદ ડોકું ટટણખાર રાખી આ પ્રમાણે જાણે પોતાના જીવ સાથ ટકટક કરતી હતી. તે વેળાએ તેણીનો હાથ પકડી પડોશમાં ઉભેલા જાલના જીગરમાં શું ઉથલપાથલ થતી હતી તે તો એ એ છોકરી કયાંથી જાણે ? હવે જાલથી વધારે વાર રહેવાયું નહી. તેણે ખોરશેદને સહેજ પોતાની નજદીક ખેંચી.

"ખોરસેદ," તે ઘાડા અવાજે કગલીને બોલ્યો "તારા બાવાએ કેવી જીંદગી ગુજારી તે સાથ મને કામ નથી. તુંને પોતાને કેવી જીંદગી ગુજારવીછ તે મને આજે જાણવુંછ. ખરૂં કહે, ખોરશેદ—શું એવાં ઝુપરામાં એવા સંતોશથી રહેવા તુંને ગમેછ ?"

"મને ? તે તો કોણ જાણે ? કોણની સાથે જીંદગી ગુજારવાની છે તેપર—તેપર આધાર."

"ને મારી સાથે એવી જીંદગી ગુજારવાની હોય તો ?"

ખોરશેદે નીચું જોઈ લાજથી લાલ થયલે મોઢે ધીમેથી ઉપર ચાલવા માંડ્યું. જાલની છાતી ધડક ધડક થતી હતી. તેણે ખોરશેદને હાથ પકડી ઉભી રાખી.

"બે મીનીટ વધારે. ખોરશેદ, મારી વાહલી, હવે મને ટવલાવ ના. હું જે વાત કહેવા માગુંછ તે કેદારનો હું કેહી ચુકયો હોતે. સાંભળ, છોકરી. પરમદારે સવારનાજ હું તારા બાવા આગળ આવી આય ઝુપડાંની જીંદગીનો અખતરો તારી સાથે અજમાવી જોવાની માગણી કરવાનો છેઉ. બોલ, આઉં કે નહી ?"

ખોરશેદનું મ્હોંડું એક પળ લગાર ઉતરી ગયું. તેણીએ એક બહુજ નાનો નીસાસો નાખ્યો.

"જાલ, ઉપર સુનામાસી વાર જોતાં હોશે—"

"નહી, મને મારો જવાબ પહેલાં જોઇશે. ડારલીંગ, તું મારાં મનની વાત જાણેછ, પણ એમ ઉડાવીયા કરેછ. જો વાહલી, ખોદા રાખે મારા બાવા પાસ મારો જીવ છે. પરવરદેગારને હાજર નાજર જાણી કેહુંછ કે મને બીજા કશા વધારે પૈસાની તુંભા નથી. જવાબ દે તારા બાવાની આગળ હું—"

"બાવા સાથે તું થોરો પણવાનો છે, જાલ ? હું રજા આપું તો નહી ચાલે ?" આટલો જવાબ દઇ ખોરશેદે એકાએક જાલના પાસાંમાં ભરઇ, તેની છાતી ઉપર પોતાનું ડોકું ટેકવી તેના ખભાં ઉપર પોતાનો હાથ મેલ્યો.

"મારા જાન !"

જાલ માત્ર આટલું બોલી શકયો. બેશક જવાબ પુરતો

અને અચુક હતો. તેણે હરખનો મારે ખોરશેદનો હાથ પોતાની આંખમાં ચાંપીયો અને પછી ધ્રુજતે હાથે પોતાના સ્કાર્ફમાં પહેરેલી ઝીણી સોનાની વીંટી છુટી કરી ખોરશેદના આંગળામાં પોઇ.

"આય એક સાદી ને સસ્તી ચીજ છે. મારાં જીગર– પણ એનો અરથ તું શું સમજેછ—મને કેહ?"

"હા–એ મારી જીંદગીની બેડી છે. ઓ સુનામાસી, તમે અહીં ઉભાંછ કે?"

કમ્મરે બે હાથ દઇ સુનામાસી એક ગજ જેટલું લાંબુ ડાચું કરીને કયારના આ સઘળો તમાશો જોતાં ફુટપાથને છેડે ઉભેલાં હતાં. ખોરશેદે તેવણના નાકની સામે પેલી વીંટીવાળી આંગળી ઉંચકીને દેખાડી અને ખડખડાટ હસી પડી.

"આન્ટી! આજે ગુનેહગાર સપરાઇ! એરીસટરે આખરે આજે મને બેડી પેહરાવી. ઉભા રેહો, મી० જાલ! એનો સવાદ હું ચખારશ તમુંને ગરીબઇ ભાવેછની?——ગરીબઇ તો એવી દેખારૂં કે જન્મ સુધી યાદ રહે. ચાલો, સાહેબજી?"

પ્રકરણ ૧૪ મું.

તું મને સમજેછ કોણ?

ખરેખર! એક બુલબુલની આમદે ગુલશનમાં કેવો બહાર આવી જાય છે! હસ્તી રમતી શીરીનની વસ્તીથી 'ગુલાબવાડી' નું ગુલશન કાંઇ ઓર ખીલી રહયું છે. તેમાં

ખસુસ કરી આજે એ સૌભાગ્ય સુંદરીની ૨૦ મી વર્ષગાંઠ હોવાથી રોજ કરતાં ગડબડ જરા વધારે છે. બારણે ચોક, તોરણ છે—અને શીરીન પોતે ખુબ સ્ટાઇલથી સજેલા નવા મોઘા દાટ પોશાકના ઠઠેરામાં અજબ દીપી નીકળી છે. ડ્રોઈંગ રૂમમાં પોતાની નવી માનીતી પીઆનો માસ્ટર સાથ વાત કરતાં એ છોકરીથી હસાઇ હસાઈ જવાય છે;—કારણ—કારણ ખોરશેદ મેહેતા ઉપરાંત કોઈ બીજુંબી એકજણ આજે 'ગુલા બવાડી' માં નાસ્તા ઉપર આવવાનું છે!

શીષ્ય અને શીક્ષક—શીરીન અને ખોરશેદ—ને એક સોફા ઉપર પાસે પાસે બેસીને દીલખુશ ગુફતેગોમાં ગુંટાયલાં જુવો! એ ચીત્ર શું વીચીત્ર નથી? એકના અંગમાં છે શ્રીમંતાઇનો ડ્રેસ, બીજીના દીલપર છે સાદાઇનો વેશ! ખોરશેદે આજે પોતાની પુરાણી કાંદાભાતી સારીને રૂખશદ આપી છે— તેને બદલે આજે તેણીએ એક લાલ ચટક સુઇસનો ગારો પહેરેલો છે. દીલમા એક સાદું સફેદ સુતરાઉ ટાઇટ બાંહેનું અને અસલી હપનું બદીયાન છે. પગમાં સફેદ મોજાંપર વાર- નીસની સપાટ છે તથા બરાબર વચમાંથી સેંટો પાડેલાં માથાં ઉપર છેક આગળ વેરથી તાણીને માથુબાનું બાંધેલું છે. અને શીરીન? નવીદોર ઝીકની બધી ભરેલી સાડી, એસ્કી રેશમી પોલકા તથા સફેદ સેટીનનાં વીલાયતી શુઝમાં સજ બનીને તેણીએ ખુબ ટેસ્ટથી બાલને આગળથી 'ફ્રીંજ' કરી હોરેલા છે. આ જોડે જોડ બેઠેલી બે કુમારી કન્યાઓ માહેલી ખુબસુરતીમાં કઇ ચઢીયાતી છે તેનું નીણર્ય આપણે કરતું નથી. માત્ર એટલુંજ જાણીશું કે સામેજ એક નીચી ખુરસીપર બેસીને કાંઇ સીવતાં પીરોજબાઈ દર પાંચ પાંચ મીનીટે પોતાની પુત્રા ગમ બાડી આંખે જોઇ મનમાં મલકાઇ, મલકાઇ જાય છે.

"તમે આયાં તેથી હું ને માયજી ઘણુંજ ખુશી થયાંછ, ખરસેદબાઇ," શીરીને ખોરશેદનો હાથ પોતાના હાથમાં લઇ કહયું, "તમે આવોછ તારે મને ઘણુંજ ગમેછ. નાસ્તાપર આપરે ચારજ જણુ છેઇયે—ઓય ડાકટરબી આવતા હોશે. માયજી, હજુર એવણુ કેમ નહી આયા?"

"ઓવાય શીરીન!" પીરોજબાઈ બોલ્યાં, "આય સુદ્ધાં પચીસ વખત તો પુછી રેહી! આવશે—પોતાને વખતે આવશે—એમ ખાભર ગોધામાં શું પરીછ? ખરસેદબાઇ, આય દુકતી ડાકટરમાં ને ડાકટરમાં ઘેલી થઈ જશે. રાન આજે સવારના પોહરથી——"

"માયજી! તમેબી શું અમથાં——"

"અમથાં શાનું?" પીરોજબાઇએ બોલવું ચાલુ રાખ્યું, "રોજ સહવારના ડાકટર આવવાનો વખત થાય કે એ છોકરી બારીએ જઇ જઇને ટીંગાયા કરેછ, ખરસેદબઇ."

"પણુ તેમાં ખોટું શું છે?" ખોરશેદ હસીને શીરીન તરફથી બચાવ કરવા પડી, "શીરીનને આય ડાકટર ઘણા ગમતા હોય તો હવે કાજ ગોઠવી દેઓની? શીરીન, લગન વેહા કરે તો મને ના વીસરતી, જો."

લાજથી શીરીન લાલ લાલ થઇ મુંગી બેઠી, પણુ પીરોજબઇનો ચેહેરો ગંભીર બની ગયો.

"કેવો મજાનો છોકરો છે," તેવણુ દલગીર અવાજે બોલ્યાં, "પણુ એના નામથી ગુસ્તાદજીને કોણુ જાણે શું ભરકણુ ભરાયછ! ગેઇ કાલેબી મારી સાથ ચીથરાં ફારીયાં કે અદેસરને બોલાવીયોજ શું કામ?"

"આપરે તાંહ ગમે તેબી આવે તેમાં એવણુને શું પંચાતી, માયજી?" શીરીન પોતાના કમાનદાર ભવાંનો

ચીસ્લો ચહાવી મીજાજથી બોલી, "એવણુને તમે અમથો લાહરો આપયા કરોછ. એવણ આપરા વકીલ થયા તેથી શું—"

"ચાલ, હવે સપરમે દાહરે જીવ ના કુહરાવ, શીરાં," પીરોજબાઇએ વાત ફેરવી નાખવા માંગી.

"બાયલાની કાની એવણ આપરી પર જારે હોયછ નાહરે ઘસોરા કરીયા કરેછ—તે એક દાહરે ડાકટરનેજ કાંય નહીં કેહતાં?" શીરીને છેડાઇને બોલવું ચાલુંજ રાખ્યું. "માયજી, તમે બીહીયા કરોછ તેમાં એવણ ફાવી જાયછ, બાકી અદેસરની આગળ એમ હુશીયારી કરે તો—"

"અરે નહીંરે,—મરેરે; જવા દેની. કાલનો દુકાલ આજે કાંહ પારેછ."

"ઓહો, ડા૦ અદેસર એટલા બધા મીજાજના ખરાબ છે?" ખોરશેદે પુછ્યું.

"હારે માય," પીરોજબાઇએ જવાબ વાળ્યો, "તે દાહરે મુવું જરા મારેથી અમસ્થું હસતામાં ડાકટરને કેહવઇ જવાયું કે તમે રોજ આવોછ તે ગુસ્તાદજીને ગમતું નથી, તારે એવણ એકદમ ઉશકેરઇ ગીયા ને સાફ કહેજે 'ગુસ્તાદજી કોણ એવો થાયછ. મારા કાકાની વારસની સંભાળ લેવા હું બંધાયલો છેઉં—ને મને અહીં આવતાં અટકાવવાની કોઇની મકદુર નથી.' મરે, હું તો ગભરાઇને મુગીજ ગગરી રેહી."

બે મીનીટ ત્રણે જણ વીચારમાં ચુપ બેઠાં. આખરે ખરશેદેજ પાછું પુછ્યું, "આજે ગુસ્તાદજીબી નાસ્તાપર આવવાના છે કે?"

"નહી—ડાકટર આવવાના છે તેથી એવણ નથી આવવાના." પીરોજબાઇએ ઉત્તર વાળ્યો.

"ઓછી પીરા!" શીરીન છણકો કરીને બોલી, "ચાલો

ખરસેદબઈ, જરા પીઆનો વજાસ—તમે વજારોછ તે એવું મજાનું લાગેછ કે જીવ ખુશ થઇ જાયછ. જો વરી કંઇ વજાસે."

ભોળી શીરીન ખોરસેદને ગળે વળગી કાલાવાલા કરવા પડી. અને પીરોજબાઇએબી પોતાની દીકરીની અરજને ટેકો આપ્યો—એટલે ખોરશેદ મુગી મુગી પ્યાનો ઉપર જઇ બેઠી.

હજી તો તેણી 'મ્યુઝીક સ્ટુલ'પર ગોઠવાઇને પ્યાનો ઉઘાડી રહે તેટલાંમાં ડાકટર અરદેશર વજીફદાર લેહેંકા કરતા આવી લાગ્યા. ડાઇંગરૂમનાં બારણાગમ ખોરશેદની પીઠ હતી એટલે પ્યાનોપર બેઠેલી બાઇનું મોહોડું તેના જોવામાં આવ્યું નહી. તેવણે કેશમીરનો સુટ, બોસ્ટોકનાં બુટ, કાલર તથા સ્કારફ, મોગલંકપ અને આઇગ્લાસ લટકાવી બટન હોલમાં ફુલ ખોસ્યું હતું અને રોઝ અત્તરથી પમરતા મધમઘતા બનેલા હતા. હસ્તે મુખડે તેવણ બારણાના ઉંબર ઉપરજ નાટકી ઢપે કમરે હાથ દઇ ઉભા.

શીરીન ઝટ તેની આગળ દોડી ગઇ. અને જોરથી શેક-હેંડ કરવા પડી. પીરોજબાઇના "આવો બા, આવો ડાકટર" ના જવાબમાં ભપકાથી સેહેજ ડોકું કરી ડા૦ અદી અંદર દાખલ થયો અને પોતાના હાથમાં કાગજથી બાંધેલું બંડલ છોડતાં બોલ્યો.

"સાલ મુબારક ઇચ્છુંછ, શીરીન; ને મારી તરફથી આટલી નજીવી બર્થ ડે પ્રેઝંટ તારે વાસ્તે લાયોછ."

તે એક રૂપાના હાથાની કીમતી અને શોભીતી રેશમી છત્રી હતી. આ ભેટ હાથમાં લેતાં શીરીનની આંખમાં હરખના પાણી ભરાઇ આવ્યાં. તેણી દબાયલે સાદે શું ઉપકાર માનતી હતી તે અદીને પોતાનેબી સંભળાયું નહીં, કારણ પ્યાનો ઉપર બેઠેલી 'લેડી'એ જોરથી પ્યાનાની ચાવીઓ દાબી


અતી બીકટ અને પ્રખ્યાત "ઝામપા ઓવરચર" વગાડવાનું શરૂ કર્યું હતું.

એક પળ ડા૰ અદીએ ચોંકીને તે વગાડનારી બાઇ ગમ જોયું—પણ તેણીનો ચેહેરો તેને દેખાયો નહીં. અદી કાન ઉંચા કરીને ધ્યાનથી તે મ્યુઝીક સાંભળતો સ્થીર ઉભો. તે પોતે વાયોલીનપર ઇંગ્રેજી મ્યુઝીક અચ્છી રીતે વગાડી શકતો હતો એટલે આ ખરેજ મુશકેલ ઉત્તમ ઓવરચર આવા જુસ્સા, આવી રૈનક અને આવી અદાથી વાગતો સાંભળતાં તેનો શ્વાસો શ્વાસ જાણે બંધાઈ ઉભો.

ઓવરચર પુર ઝમકમાં વાગતો આગળ વધ્યો. આહા! શું ઉંચા નીચા સરોદની મધુરતા અને નાજુકાઇ! વગાડનાર પોતે અદભુત કાબુથી 'ટાઇમ' જાળવીને આખા પ્યાનો ઉપર આંગળાં જાણે કાંઇ વીજળીની કરામતથી દોડાવતી હતી. એક ખોટી નોટ નહી—પ્યાનોના "બેઝ પાર્ટ"માં એક તલભાર ખામી નહી. ઘડીમાં જોસબંધ ઝડપી અવાજથી 'હોલ' ધમ-મતો રહેતો—ઘડીમાં શાંત, નસોસ, ધીમા સાદથી દીલની નસેનસ ઝણઝણી રહેતી.

અદી તો દબાઇને ચુંચી આંખ્યો સાથ પોતાના આઈ-ગ્લાસમાંથી મ્યુઝીકના આ અથંગ ઉસ્તાદને પીઠ તરફથી ટીકતો ઉભોજ રહયો. તે પીઆનીસ્ટની મહા શકતીથી છક થઇ તે મન સાથ આફરીન પોકારી રહે તેટલાં 'ઝામપા ઓવરચર' પુરો થયો. અદીએ પોતાનું કપાળ નુછયું અને ખરી વખા-ણના આવેશમાં ડોકું ધુંણાવ્યું.

"માઇ ગોડ!" તે ધાડા અવાજે શીરીનના કાન પર પડી બોલ્યો, "આય લેડી ખરેખર એક 'મ્યુઝીકલ જીનીઅસ' છે. એવણ કોણ, શીરીન?"



" ખરસેદબઇ ! " ડા૦ અદી આંચકો ખાઇને એક બુમ મારી ઉઠયો.

ખોરશેદે હસ્તે ચેહેરે તેની ગમ જોઈ ડોકું કર્યું હતું.

(જુવો સફો ૧૧૧ મો.)

"મારાં પીઆનો માસ્ટર. તમે નહી ઓરખતા?"

"નહીં—મને એવણ સાથે ઇનટ્રોડયુસ' કરાવ—એવણને અરચણ નહી હોય તો."

શીરીન અદીને પોતાના પ્યાનો માસ્ટર આગળ લઇ ગઇ.તે પીઆનીસ્ટ બાનુ હજી મીણના એક પુતળાંની કાની મોહડું ફેરવ્યા વગર ખાલી નોટસ વગાડયા કરી સ્થીર બેસી રહેલી હતી. શીરીને તેણીનાં ખભાં ઉપર હાથ મેલ્યો.

"ડા૦ અદેસર તમારી સાથ ઓરખાન કરવા માંગેછ—"

"ખરસેદબાઇ!" ડા૦ અદી આચંકો ખાઇને એક મોટી બુમ મારી ઉઠયો. ખોરશેદે હસ્તે ચેહરે તેની ગમ જોઇ ડોકું કર્યું હતું.

"હાજી–કેમ છેઓ, ડાકટર અદેસર?" તેણીએ ખુશ મીજાજથી કહયું. "એવણને હું ઘણી સારી રીતે ઓરખુંછ, શીરીન—પણ એવણ હજુ મને બરાબર ઓરખતા નહી હોશે!"

અદી ધમ દેતો કે પાસેની ખુરસી ઉપર બેસી ગયો. "તમે—તમે—આવું સરસ વજારોછ!—ખરસેદબાઇ તમે? Goodness me! You are an extra-ordinary girl!" તે અકળાઇને બોલ્યો.

પણ ખોરશેદ હસી પડી અને પ્યાનાપરથી ઉઠી ડાકટર અરદેસરની સામે આવી ઉભી.

"Yes Doctor" તેણી એક મડમના જેવાં શુદ્ધ સ્વચ્છ ઉચ્ચારે બોલી, "It is my curious lot to be out of the common run. But if my performance has upset you so much, I would rather not worry you any more."

આટલું કહી ખુબ ગુસ્સામાં ખોરશેદ ત્યાંથી ચાલી ને 'ડ્રોઈંગ રૂમ'ના ખુણામાં મેલેલી એક ખુરસી ઉપર જઇ બેઠી.

બીચારો અદી! લાકડાં જેવો બનીને તે આ અદભુત ઓરત ગમ એકકી ટગરે જોયા કરતો હતો. એક યુરોપ્યન લેડીની પેઠે ખરા ઇંગ્લીશ ઉચ્ચારે આ હીણેલી અણઘડ ભાઠેલીને આમ પરાપર ઈંગ્રેજીમાં વાત કરતાં જોઇ તો ખરેખર ડંગજ થઇ ગયો હતો. તેને આવી રીતે ભખરાઈ ગયલો જોઇ શીરીનબી વીચારમાં પડી.

"શું છે, અરદેશર," તેણીએ સેહેજ હસીને પુછયું, "મારાં મ્યુઝીક માસ્તરને જોઇને એમ અજબ કાંય થઇ જાઓછ?"

"તારાં માસ્તર સાધારણ માણસ નથી, શીરીન." અદી પોતાનું કપાળ લુછતાં બોલ્યો, "ગામરીયા બોચ લોકોબી એમ પ્યાનો વજાડેછ ને એમ ઇંગ્રેજી બોલી શકેછ તે તો મારા જન્મમાં મેં આજેજ જાણ્યું!"

ખોરશેદ વળી ઝીણે સાદે ખડખડ હસી "જી, તે દહાડે તમે મને બધાં લોકના દેખતાં જરબાનું મોદીની પાર્ટીમાં ગામરેની ગોયનોનો ગરબો ગાવા કહયો'તો તે યાદ છે કે? મારી મશ્કેરી કરીને તમે મોટી હુસ્યારી તો મારી પણ તેને બદલે જો પ્યાનો વજાડવા મને કહેતે તો તેજ દહાડે જાણતે કે ગામરીયાં બોચોબી થોડું ઘણું મ્યુઝીક જાણેછ, ને અંગ્રેજીમાં તો શું પણ ફ્રેન્ચમાંબી વાત કરેછ. તમે ફ્રેન્ચમાં વાત કરોછ કે ડાકટર?"

"ફ્રેન્ચમાં?———"

"Oui, parlez vous francais, monsieur? Je peux causer avec vous en cette langue, s'il vous plait."

"એ શું બોલોછ——!"

"ઓ લેવો, તમે તો કેથા એમાંથી ભપ્પુ છઓ! મારી સામબે સાવજની કાની ટીકયા શું કરોછ, ડાકટર! હું તમુને પુછુંછ કે તમે ફ્રેન્ચમાં વાત કરી શકોછ કે? તમે માંગો તો હું એ ભાષામાં તમારી સાથે વાત કરૂં."

હવે એ છોકરીને અદી શું જવાબ દે? તેને કાંઇ સુજ્યું નહી એટલે મુંગો મુંગો ઉઠીને એક નાકેની બારીએ જઇ ઉભો અને રૂમાલ વડે પવન ખાવા પડયો.

આ બે જણા વચ્ચે શું ગોળા લડાઈ ચાલ્યા કરતી હતી તે બીચારાં પીરોજબાઈ અને શીરીન ક્યાંથી સમજે? એવી રીતની ટપાટપીનો નીકાલ લાવવા મા દીકરીએ નાસતો કહડાવવાનો હુકમ આપ્યો અને ચારે જણ શીરીનની સાલગરેહની ખુશાલીનો "બ્રેકફાસ્ટ" લેવા ટેબલ પર ગોઠવાયાં.

ખુશાલી? અદીની ખુશાલી તે દાહડે ખોરશેદે બીગાડી નાખી હતી. તે આખો વખત થોભરો ચઢાવીને જમ્યા કર્યો અને શીરીન સાથ સેહેજસાજ વાત કરવા ઉપરાંત કાંઇ વધારે બોલ્યો નહી. પીરોજબાઇ સાથ ખુશ મીજાજે એલારપેલાર ટકટક કરતી ખોરશેદ ગમ તે સઘળો વાર બાડી નજરે જોયા કરતો હતો. આ પારડીની પટરાણી જે ઢબ છબ અને અદાથી છરી કાંટા વડે ખાતી હતી તે એક ભલી યુરોપીયન લેડીની રીતભાતને ટક્કર મારે તેવી હતી. ચકભમ થયલા ડોળાએ તેણીની આવી સફાઇ નીહાળતાં જરબાનુ મોદીની પાર્ટીમાં પોતે આ ખરશેદબાઇની કરેલી મશકેરી અદીને સાંભરી આવી. પોતે ઉતાવળથી તે વેળા ઓચરેલા તાણા ટપલા માટે તે આજે એવો તો ખસીયાણો પડયો હતો કે ખોરશેદની ગમ હીમતથી જોવાનાબી તે અખાડા કરતો હતો.

જેમ તેમ આ નાસ્તોબી પુરો થયો. ખોરશેદની વીકટોરીયા તૈયારજ હતી એટલે તેણીએ ડા૦ અદીનેબી તેજ ગાડીમાં સેનીટેરીયમ સુધી સાથે જવાને હસીને માગણી કરી. આ છોકરીની વધુ સોબતમાંથી છટકવાની અદીની ઘણી મરજી હતી, પણ તેને ભારી પડી ગયું. ખોરશેદની સાથેજ તે ગાડીમાં બેઠો, અમીના કોચબાક્ષ ઉપર ગોઠવાઇ અને સાહેબજી સલામ કરી તેઓ હંકારી ગયાં.

રસ્તે બેઉ જણ કેટલેક છેટે સુધી મુગાં મંતરજ હતાં. પોતાની પાસે બેઠેલી ખરશેદબાઇ ડા૦ અદીને મનથી એક ભેદી ઉખ્યાણું હવે થઇ પડી હતી—અને તે ઉખ્યાણું ઉકળાવવા અદી પોતાનું ભેજું ભખી નાખતો હતો. છકે ખુણે પડેલાં એક ગરીબ ગામડાંની ગમાંર ગોરી—આવી સુધરેલી, આવી કેળવાયલી! અરે એની પાસે જો પૈસા હોય તો મોહરદાર બનાવવા લાયક એ છોકરી હતી! પણ નહી—બીચારી ખુલ્લે ખુલ્લી રીતે કોઇ હાજતમંદ ગામડયાના ગરીબ છાયડાં તળે ઉધરેલી અને પૈસાના આકારમાં ઉછરેલી હોવી જોઇયે, કારણ તેણીનો સાદોમાંદો પોશાક!—છટ! અદીએ નાકનું ટીચકું પાછું સેહેજ ચઢાવ્યું.

"કેમ ડાકટર, શું વીચારમાં પરીયાછ? કાલે તમારા મામા આવવાના છે તેના ખ્યાલમાં છેઓ કે?" ખોરશેદે અંતે વાત છેડી.

વળી અદીને ચમકવા થઈ આવ્યો. "તમે કેમ જાણ્યું કે મારા મામા કાલે આવેછ?" તેણે ચકીત થઇને પુછ્યું.

ખોરશેદ હસી પડી, "મારા બાવાબી કાલે સવારના એજ ટરેનમાં આવેછ—કેવું એજબ જેવું! તેવણે મને લખ્યું કે સુરતથી બેજનજી દાવર તે દાહરે આવવાના છે. મકુંજે, ડાકટર, સાથે તમારી કેટીબી આવતીજ હોશે?"

"અં ? હા—કોણ જાણે. આવશેજ તો—કંઇ મામાએ ખુલ્લું લખ્યું નથી."

"ચાલો તારે કાલથી હવે તમુને 'ગુલાબવારી'માં જવાનો ફુરસદ નહી મળવાની. બીચારી શીરીન કેવી નાસીપાસ થશે! પણ ડાકટર, તમે ખરેખર ઘણાજ નસીબવારા છેઓ, હું—બધાં કેહછ કે તમે કેટી દાવર જેવી પૈસાવાળી છોકરીને તુ—તુ કરીને બોલાવોછ ને તે પાળેલાં કુતરાંની કાની દોરી આવેછ! કેહજે ઘણીજ હુશીયાર ને શીખેલી છે, ખરી વાત કે? મને જરૂર ઓરખાણ કરાવજે, અં."

ડા૦ બદી દમામમાંજ મોઢું ફેરવીને મુછના આંકડા મરડતો બેસી રહયો. ખોરશેદનો આવો પટપટારો તેને ઝાઝો ભાવતો નહી હતો—પણ તે ચવીત્રી પોરી મુગી ક્યાં ગગડતી હતી?

"મરેરે, મને કાહરનો એક અજબ ધખારો લાગીયા કરેછ—જો ગુસ્સે ના થતા, હું ડાકટર,—મકુંજે કેટી દાવર તમુને કબુલ નહી રાખશે તો?"

અચબુચ ડોકું ખોરશેદ ગમ ફેરવી બદીએ ભવા ચઢાવ્યાં, "મને નહી કબુલ રાખે? મને? તારે કેવા એકની સાથ પરણુવાની છે!" તેણે લગાર રોહસાથી પુછ્યું.

ખોરશેદે પોતાને મોહોડે રૂમાલ દાબ્યો, "ઓવાય, તે તમે એવા તે કોણ દેવનું ડોકું પરીયા કે કોઇબી છોકરી તમારીપરથી ઓવરઇ પોવરઇ જાય?"

"તમે ચેષ્ટા કરો તેની મને દરકાર નથી." બદી ખભરી પડયો, "હું સારાં ખાનદાનનો શીખેલો નબીરો છેઉં—જુવાન છેઉં ને હું ધારૂંછ કે દેખાવમાં કોઇ રીતે હું ઉતરતો નથી. હવે વધારે શું કહેવુંછ?"

"નહી બા—બેઅદબી માફ કરજો. પણ મારૂં મત તો

જુદું છે. તમે કોઇ વખત એવું ધુખરાયલું મોહડું લઇને ફરોછ ને ભેજામાં એવી સત્તર ખાંડીની રાઇ રાખોછ કે કેટી 'દાવર'ને વખતે તમે———"

"તમે હાથે કરીને મને આજે શું ફફરાવવાજ બેઠાંછ કે?" અદી ચીરડાઇને બોલ્યો, "તમે કહેવા શું માગોછ? હું છેઉં ને કેટી છેઇએ તેમાં તમુને વચ્ચે માથું મારવા કોણ કહેછ?"

"લેવો જોયું! હું જરા અમસથી હસુંછ તેમાંબી તમે છીંકી પરોછ. બા, મને તો જે લાગેછ તે હું કહુંછ. સમજો કે કેટી દાવરનું દીલ અત્યાર અગાઉનું બીજે કેથે લાગી ગીયેલું હોશે તો?"

"અરે પણ તેમાં તમુને શું પંચાત?"

"પંચાત શાની–કપ્પારની? ડાકટર, તમુને આજ કાલની છોકરીઓની રીત ખબર નથી. કાંહ ઉંડા પાણીમાં ફરે તે એ લોકના સગા બાપબી કોઇ વખત તો નહી જાણે! પણ તમે શું કામ ચીરડાઓછ? કેટી તમુને પસંદ નહી કરે તો બલા ગેઇ–શીરીનબી કેવી મજાની રમકરાં જેવી છોકરી છે—"

"બસ બસ, ખરસેદબાઇ—હું વધારે વાત કરવા નથી માગતો——"

"માય દીકરી બેઉ જણીઓ તમારી ઉપર જાન ખુરબાન છે, ડાકટર. તમારીબી ખાટ્ટી મીઠ્ઠી શીરીનપર નજર છે ને વરી શીરીન પાસબી તમારા કાકાનો આપેલો પૈસો છે. તમારી તો એવીજ ફીલસુફી છે કેની કે ઓછાંમાં ઓછા પાંચ છ લાખના દલ્લાવાળું બીલ્લું હાથ નહી લાગે તો પરણવુંજ નહી?"

અદીએ ખેજાલત અને ચીડને મારે દાંતે દાંત પીસી નાખ્યા.

આ છોકરી મુગી મરતીજ નહી હતી એટલે તે હવે ખરે મને છેડાયો.

"હા—હા! એજ મારી ફીલસુફી છે." તે તણાઇને બોલ્યો, "ને એજ મારી સઉને શીખામણબી છે. તમારા એવા અણકાથી હું બીહ જવાનો નથી. જાલ ઉમરીગરનેબી હું દશ વખત એ સલાહ આપી ચુકો ને હજુબી આપશ—"

"જાલ ઉમરીગરને?"

"હા જાલ ઉમરીગરને! એમ અણજાણાં શાના થાઓછ? એ છોકરો હજુ પોતાની લાઇનમાં 'સેટલ' થયો નથી. તેટલાંજ પોતાના બાપની ઉપરવારો થઇ એ કોઇ ગરીબ બઇરીની ઝુસરી ગળે ઓરવવા માંગે એના જેવી બેવકુફઈ બીજી કોઈ નથી—"

"બેવકુફઇ? અરે ઘેલાપણું—મેડનેસ!"

"એને એવી રીતે ખુવાર થતો—સદાનો ફસી પડતો—અટકાવવાની એના માય બાપની, ને નાજાંમાયની ને એક ખરા ફ્રેન્ડ તરીકે મારીબી ફરજ છે."

"અરે હાસ્તો—હાસ્તો!"

"એવા હુશીઆર ને ઉઘરતા છોકરાઓને ગબ્બર બૈરી મળવીજ જોઇયે—સમજ્યાં?"

ખોરશેદ હવે એકાએક ગંભીર મોહડું કરી નાખી ને ટટણખાર બેઠી અને ચકચક થતી પોતાની મોટી કાળી આંખ્યો અદીનાં મોહડાં ગમ ફેરવીને જોવા લાગી.

"હા—હું સમજી. કેટી દાવર જેવી ગબ્બર બૈરી જોઇયે—શીરીન ગાંધીના જેટલી પૈસાવાળીબી નહીં ચાલે!" તેણી અત્યંત તીરસ્કારથી હોઠ બીડીને બોલી, "ડાકટર અરદેશર વજીફદાર! પૈસાની ધુંધમાં તમે તમારી આહસ્થાઈબી ભુલી જાઓછ. દેખઇતી રીતે શીરીન તમુને ઘણી ગમેછ તોબી કેટી

દાવરની દોલતને ખાતર તમે તમારૂં અંતઃકરણ વેચી નાખવા—તે છોકરીનું જીગર કચડી નાખવા—તૈયાર થયાછો. તમારે શરમાવું જોઇયે !"

બાપજીરે ! ડાકટર અદી તો આ ધસારાથી ગંગોટાઇજ ગયો. ગુસ્સા અને જુસ્સાથી લાલ થઇ આવેલી ખોરશેદ ડોળા કકડાવીને નાકનાં ફીફડાં ફફડાવતી આમ બોલતી હતી તે સાંભળતાંજ અદી જાણે કાંઇ જાદુથી મુઢ થઇ ગયો હોય તેમ તેણીનાં મોહડાંગમ જોતો ગાફેલ જેવો બેસી રહયો. ગાડી સેનીટેરીયમના દરવાજાપર આવી ઉભી—પણ તેમાંથી ઉતરવાનુંબી તેને ભાન રહયું નહી.

"તમે તમારે મનથી ઘણા મોટા માણુસ સમજોછ." ખોરશેદે આગળ ચલાવ્યું, "પણ કેટી દાવરના પૈસાની ગરમી તમારાં ભેજાંપર એટલી ચહરીછ કે તમે પોતે કેવા એ બદામના આદમી છેઓ તે ભુલી જાઓછ. મારી સલાહ માનો તો કેટી દાવર આવે તારે તમે છેકજ ભીખારી થઇને તેની આંખમાં હલકા ના પરતા—કારણ હું ખાત્રીથી જાણુંછ કે કેટી તમારીગમ જુઠાઇએ ઝાંખીને જોવાનીબી નથી. જાઓ હવે. ડાકટર—સાહેબજી !

આમ બોલી ખોરશેદ ત્યાંથી પીઠ મરડીને ઝડપમાં અંદર ચાલી ગઈ. અને અદી———? તેણે નક્કી માન્યું કે યા તો તે પોતે દીવાનો થઈ ગયલો હતો કે યાતો આય ચકરમ ખરશેદબાઇનું માથું ખીસી ગયલું હતું !

પ્રકરણ ૧૫ મું.

"તારૂં હસવું મારૂં રડવુંજ થાય
વાલીડા મને અધવચ લુટાવી કાં દે?
તારે ભરોશે મેં કર્મ આરંભ્યું
વાલીડા મને અધવચ ફસાવી કાં દે?"

સવારના ઠંડે પોહરે કોલાબા સ્ટેશનના પ્લેટફોર્મને એક નાકેથી બીજે નાકે નીચી મુડી સાથ ધીમા કદમ ભરતો એ ભર જવાન કોણ છે? સુરતથી આવી પુગનારા પોતાના માતબર મામા અને તેવણની એક પુરી દીકરી કેટીને એસ્તકબાલ લેવા ખાતર એ તો ડા૦ અરદેશર વજીફદાર ક્યારનો સ્ટેશન ઉપર ખોટી થાય છે.

ધીરે, જીવ, ધીરે! આઠ ને વીસ તો થઇ—બીજી દશ મીનીટમાં અમદાવાદની "ડાઉન પેસેનજર ટ્રેન ફુંકારા મારતી આવી લાગશે. તેમાં લક્ષમી ચાલી ચલાવીને અદીને ચાંલ્લો કરવા દોડતી આવે છે! દીલ ધડકે છે,—પણ અરે દીલ હસતું કેમ નથી? જીંદગીની આવી બુલંદ ઘડી નજર સામે ઉભી છે તોય જીવ એટલો મંદ કેમ છે? આશ્ચર્ય!—અદીના ચેહેરા ઉપર ઉદાસી, બેચેની, અસંતોષીનો પડછાયો ફરી વળેલો છે. દોલત, ખુબસુરતી અને કેળવણી માટે આખાં ગુજરાતમાં વાખવાખી પામેલી કેટી દાવરનો હાથ જીતનાર ભાગ્યશાળી આ જવાનનું મોહ ઉલટ કે ઉમંગથી મલકાઇ જતું નથી. ના—ઉલટો તે પીઠે બેઉ હાથ મેલીં આમથી તેમ દબાયલો અને દલગીર જેવો ફરીયા કરે છે.

"બાપ જનમમાં બાપ દીકરીને જોયાં નથી!" તે ડોકું ધુણાવી મન સાથ ગોફ્તેગો કરવા પડયો. "પોતાના સગા ભઇ અને ભત્રીજીનાં કોઠાં વરસો થયાં માયજી જેવાંએ નથી જોયાં તો હું કાંહથી જોઉં? પણ એ લોક મને તરત ઓરખશે–કેમકે મેં મારો ફોટોગ્રાફ મોકલી આપ્યોછ. બધાં એક મોહને કેહેછ કેહેછ કે ડોકરો સ્વભાવનો કડક મુવોછ. સેવકની સાથ તો અત્યાર સુધી પાધરો ઉતરયોછ–પછીની વાત કોણ જાણે!"

અદી એક બાજઠ ઉપર બેસી જઇ બહુજ અંદેસામાં ભોંય ઉપર પોતાની લાકડી થોકવા લાગ્યો.

"ને મેમ સાબનું કામ તો બધુ ચલેજાવ બલેજાવ ને સરરર ફુસ છે," તે પાછો જીવસે બકવા પડયો. "બચ્યા અદા, ફુટીયાં ને ખાતર મુછ નીચીને નીચી રાખવી પડશે–નહી તો એ માજનદરાની સાથ કાશી સંગ જવો મુશકેલ જો! વીસ લાખ! બાપરે, પેટમાંબી ઉકરી કુકરી બોલેછ. કહેજે 'ગુડ લુકીંગ' ને 'એકોમપ્લીશડ' છે–પણ મારે મનથી તે કારી સીદ્દણ હોય તોબી બધું એકનું એકજ છે. આસમાન પરનું પરીઉબી કાંય નહી હોય. પણ–પણ–શીરીનને નથી પુગવાની."

છેલ્લા તુરંગથી મોહ કુમળાવીને અદીએ એક નીસાસો નાખ્યો.

"ખોદાય જાણેછ કે તે પ્યારી છોકરીને પરતી મુકતાં મારૂં કલેજું કેમ કપાઈ જાયછ! પણ મારા કાકાના પૈસા લઈ એહેલી છોકરીને વાસ્તે હું ઝાંખો વીચારબી કરૂં? ને તેબી આય સુરતણુ સગીનો તરનવાલો છોરી દેઇને! કબી નહી. હું કંઈ–હલ્લો જાલ! યુ હીઅર?"

સામેથી જાલ ઉમરીરને હળવે હળવે ચાલી આવતો જોઈ અદી લગાર અચરતીથી ઉઠી ઉભો થયો. છેલ્લે છેલ્લે

આ બે મીત્રોની દોસ્તી વચ્ચે સેહેજ ખતરો પડી ગયો હતો. પણ હવે જ્યારે અદી પોતેજ સામે પાછો વાત કરવા આડે ઉભો ત્યારે ભલો જાલ પોતાનો વીવેક ભુલી જવા રાજી નહી હતો.

"હું ટ્રેનની વાટ જોઉંછ—આજે જરા લેટ થઇછ." તેણે અદીના સવાલનો ટુંકમાં ઉત્તર વાળ્યો.

"મારા મામા બેજનજી દાવર સુરતથી આવેછ. તેવણુને લેવા હું આયોછ."

"ઓ તારી કેટી દાવરના બાવા! તારે તો સુરતની એ પ્રખ્યાત 'બ્યુટી'બી સાથે આવતી હોશે? જરા આપરેબી જોઇશું કે એવી તે કેવી—"

"પણ તું કાંય સહવારના પોહોરમાં અહીં ભુલો પરીયો, જાલ?"

"પારડીથી બમનજી મેહતા એજ ટ્રેનમાં આવવાના છે. ખોરશેદે મને કહયું 'તું કે હુંબી વખતસર સ્ટેશનપર આવશ—પણ હજુર એ આવી કેમ નહી? ચાલ—ટ્રેન આવી, સાહેબજી!"

જાલ ઝડપમાં ત્યાંથી ચાલ્યો ગયો અને ટ્રેન સ્ટેશન ઉપર આવી ઉભી. અદી ઝટ એક રીઝર્વડ કરેલા ફૂસ્ટ કલાસ આગળ ગયો. ત્યાં મારેલા કાર્ડ ઉપર બેજનજી દાવરનું નામ નજરે પડતાં તેની છાતી ધડક ધડક થવા લાગી. એક બાજુ તેને ગુપચુપ ઉભું રહેવું પડયું, કારણ પાસેના સેકંડ કલાસમાંથી કોઇ કારભારી જેવો અઘોર પારસી ઝપાટામાં નીકળી આવી ફૂસ્ટ કલાસનું બારણું ખોલીને સામાન બાહેર કહાડવાને હુકમ આપતો હતો.

બે ત્રણ મીનીટ આમ ધધુખરમાં પસાર થઇ નહી હશે

કે અંદર ફટાક દઇને કોઇ ઉપર લાકડીનો મજબુત ઝપેટો પડયો અને પછી તુર્ત એક ઘોઘારી પોકાર સંભળાયો.

"હરામખોર! નાપાક! કેટલો વખત લગારેછ! એક પેટી ઉંચકતાં એટલો વાર? કાંહ મુવો પેલો રતનજી? યુ ડે...ફુલ! બાહર શું ફાંફાં મારેછ?"

મુવા છુટા! લક્ષાપતી મામાએ તો મુરતમાંજ પોતાના સવભાવનો કાંઇક રંગ દેખાડી દીધો હતો. બીચારો કુલી ગરમાં ગરમ ફટકાના ચચવાટ પર હાથ પસવારી રહે અને અદી ડાંએબાંએ થઇને ડોળા ઉંઘાડી જુવે તે આગમજ એજનજી દાવર પોતે ગાડીમાંથી બાહેર ઉતર્યા.

સુમારે પંચાવણ વર્ષના, લગાર આંગે ફેલાયલા તથા લાલ તુતી સરખા આ મઘરડા મામાનો ખાઉં કરકું જેવો ચેહેરો, ફાટફાટ થતી બે આંખ્યો અને હાથમાંની જાડી ડાંગ જોતાંજ ડા૦ અરદેસરના મગજની બાકી રહેલી ધુંઇ પુરી ઉડી ગઈ. એજનજીએ અસલી ફારશીનના થેભીયા રાખ્યા હતા અને કાળો કોટ પાટલુન, ચીનાઇ પાગડી તથા વારનીસના બુટમાં તેવણ ખરેખરં કોઇ મોટા માણસ તુરત દેખાઈ આવતા હતા.

"એઈ ગદ્ધા! મારા ડરેસીંગ બેગને ધસારો નહી લાગે—નહી તો માથું ભાજી નાખશ. કાંહથી એવા હજામો મનેબી મળેછ.—કેમ બા? શું કેહોછ? એમ જીવપર ઉભા રહીને ગધેરાની કાંની ટીકયા શું કરોછ?"

આ છેલ્લો સવાલ ડા૦ અદીને માટે હતો. તેની ઉપર એજનજીની નજર પડી જવાથી તેવણે ભવાં ચહડાવીને મોટેથી પુછયું.

"હું અદેસર છેઉં, મામા."

મામાએ થોડીક પલ ભાણેજના ચેહરા ગમ આવડા આવડા ડોળા કાહડીને જોયું.

"અં ! તમે મારા ભાણેજ અદેસર છેઓ," તેવણે તરારો કર્યો, "તારે મારા સાહેબ ભસી મરીએ કેની ! એમ ઉજબખ જેવા સામબે ઉભા રહો તે હું કેમ જાણું ?"

"સાહેબ, હું મકું જે મારી સખી તમુને મલીછ એટલે—"

"ભેજું ના ખાઓ, બા ! એક તો આખી રાત ત્રેનમાં કાહરતાં દમ આખર આયોછ. તમારી સુરીયાની સખી શું હું હાથમાં લઇને ફરીયા કરૂં કે ? કેટી ! એ અંદર શું કરી મરેછ ? બહાર આવ જલદી ! છે તે, મી○ અરદેશર—તમારા જેવા ઇસ્ટુપીડ બીજા કોઇ નહી હોશે. કેટીને વાસ્તે મને કાગળમાં એક બોલ તો લખતે ! જાણે એ દુકતી જીવતીજ નથી ! તમે બેઉ જણાએ મને ઘણોજ નાસીપાસ કીધોછ. મારા સાહેબ, ઉજમારા જેવા અહીં આયા તારે એ પોરી સાથે વાંદરેજ કાંય નહી આયા ?"

"વાંદરે ? મામા, હું કંઇ સમજતો નથી. વાંદરે કાંહ—"

"તમારામાં અકકલ હોય તો સમજો કે ? એ દુકતી સવારના પોહોરમાં આયા સાથ એકલી વાંદરાના સ્ટેશનપર શ્રસરઇ આવી—જાણે બાપને અરધો કલાક પછી મળતે તો જીવ તુટી પરતે ! યેહ ! પણ એમ મેટની કાની ડોરા ફારીને મને જોયા શાનું કરોછ ? કેટી ! કેટી ! એકદમ બહાર આવેછ કે નહી.—"

અદી તો ગભરાટ અને ગુંચવણને મારે ચકભમ થઇ પોતાના મામાના વીક્રાલ મોહડાં ગમ એક્કો ટગરે ભોપતો થંભ થઇ ઉભો. એ આય બેજનજી મામા શું ફાટું ફાટું બકી ગયા હતા ? વાંદરે કેટીની સાથે આવે ? મામાનું માથું ખસી ગયું હતું કે શું ?

પોતાના વીચારોમાં ગુંગળાતો અદી એક શબ્દ ઓચરે તે અગાઉ કમપાર્ટમેન્ટમાંથી એક જવાન પારસી બાનુ બાહેર આવી. તેણી ઉતરી તેવારે અદીગમ તેણીની પીઠ હતી—પણ એક પળમાં અદી જોઇ શકયો કે તેણીએ બહુજ ટસ્સામાં ખુબ ટેસ્ટથી ડ્રેસ સજયો હતો.

"કેટી ! આય તારો સગો અહીં ઉભોછ !" બેજનજી બોલ્યા, "કાતરીઉ ઘસીયું હોય તેમ કમબખત કાહરનો મારૂં કોકુંજ ભોપીયા કરેછ ! જાણે મારા મોહનાપર હીરા જરીયા હોયની ! એને જરા સમજાવની !"

કેડી દાવરે હળવેથી ડોકું ફેરવીને ડા૦ અદી ગમ જોયું.

"ખરસેદબાઇ !—ઓહ માઇ !"

ધોધારી સાદે મોટી બુમ પાડીને અદી એકદમ એક બે ડગલાં પાછળ હટયો, અને પોતાની સામે ઉભેલી ગુલબદન નાર સામુ હરણફાર થઇ જોયા કર્યું.

"ખરસેદબાઇ ? અરે ! આય દુકતાએ સહવારના દારૂ-બારૂ લગાવ્યોછ કે શું ?" બેજનજી અત્યંત તાજુબ થઇને બોલ્યા, "એનું માથું ઠેકાણે નથી, કેટી."

"ડા૦ અદેસર વજીફદારનું માથું આજે કેટલા દાહરા થયા ખાસેલું છે, પપા" તેણી હસ્તે મુખડે બોલી, "કેમ, તબીયત કેમ છે, ડાકટર ?"

પણ ડાકટર અરદેસરની શુધ્ધી બુધ્ધી બધી કોલાબાની દીવાદાંડી ઉપર જાણે ઘાસ ચરવા ગઇ હતી ! ડાચું વકાસીને ખરેખરા એક દેવાના આદમીની પેઠે કેટી દાવરના મોહડાં સામે એક ચીત્તે જોતો તે લાકડાં જેવો તાટ થઇને ઉભોજ રહયો.

કેટી દાવર ! અરે આય કેટી દાવર !! યા પરવરદેગાર શું,

અદી ઉંઘતો હતો કે જાગતો? છેલ્લામાં છેલ્લી ફ્રેશનનું ફ્રાંકડું બ્લાઉઝ, કસબી સાડી અને ઉંચી એડીના વીલાયતી શુઝનો દસ્સાબંધ સણગાર કરી આવેલી ખુબસુરત અલબેલી નાર આ કોણ? ખુબ ટેસ્ટથી કપાળની બંને બાજુએ લેડી કરઝનની સ્ટાઇલમાં બાલ હોરીને તથા ગલાંમાં મોતીની બેમુલ માળા અને હાથમાં હીરાની બ્રેસલેટ પેહરીને દેરામાં સામે હસ્તી ઉભેલી એ છોકરી.........પારડીની ખરસેદબઇ મેહતા કે સુરતની કેટી દાવર!! ઓ નખોદ—નખોદ! એક ઝટકે ડા૦ અદી સઘળી મોહકાણ સમજી ગયો. તેનો ચેહેરો ફગ-લાઇને બીલકુલ ઝરદ મારી ગયો અને કપાલ ઉપર મસ મોટાં પરસેવાના ટીપાં ફુટી નીકળ્યાં. અદીનો અવતાર ખરેખર દયા ઉપજાવવા જોગ હતો. બેજનજીતો ચકીત થઇને તેના આવા ભખાઇ ગયવા દેખાવ માટે હાથ ને પગ અફાળવા પડયા.

"અદેસર!" તેવણ પોતાના ભાણેજ અને ભવીખના જમાઇને ખભાંમાંથી પકડી જોરમાં હીલવતાં મોટેથી બુમ પાડી ઉઠયા, "એમ ભખરઇ શા વરે ગીયો? શું છે? બોલની!"

પણ અદેસર શું બોલે—એનું તોડું? તેની જીભજ ટાળવાં સાથ બંધાઇ ગઇ હતી. તેણે એક ઉંડો નીસાસો નાખ્યો, ખુબ ઝનુનથી પોતાનું મોહોડું રૂમાલ વડે ઘસડીને નુછયું અને પછી અચબુચ બાપ કે દીકરીને સલામ અકરામ કરવા વીના ત્યાંથી પીઠ ફેરવીને ધડાકાબંધ ચાલ્યો ગયો.

"એંહ! એ છોકરો એમ શું કંઇ મેટની કાની ઘેલાં કાહરેછ!" બેજનજીએ કેટી ગમ જોઈ ખુબ ગુચવાઇને પુછયું, "સત્યાનાશ ગીયો એવોજ બેજાનો કરક મુવોજ કે? કાગળો તો ડાહયાં ડાહરાં લખતો'તો. એને શું વારૂં થઇ આયું, કેટી?

તારી સાથે વાત વગત તો બરાબર કરતો'તો કેની ? તમારાં લોકોના ઢીંગલા ગુંડીયાના એ બધા ફારસ છે શું ?"

"પપા, એ વાત કરવાની આય જગા નથી." કેટી પોતાના પીતાના બરડાપર હાથ મેલી પટામણે સાદે બોલી, "તમે વીકટોરીયામાં બેસીને સેનેટેરીયમપર જાઓ—તાંહ સુના માસી બીચારાં કાહરના તમારી વારેવાર જોતાં હોશે. અબ ઘરી હું અમીના સાથ પછવારે ચાલતી આવી લાગુંછ. ગારીમાં સામાનબી ઘણો છે ને મને ચાલવાનુંબી નાકના દાંડા આગળ છે. જાઓ, રતનજી, પપાને બરાબર લઈ જાઓ."

ગડબડ સડબડ કરીને મસ્તાન લુચી કેટીએ 'પપા ડીયર'ને આગળથી સેનીટેરીયમમાં મોકલી આપ્યા. ખભરતા અને બખાળતા બેજનજી રતનજીને કોચ બાક્ષપર બેસાડીને હંકારી ગયા ખરા—પણ તેવણને સ્વપને પણ થોડો ખ્યાલ હતો કે સ્ટેશનના દરવાજાપર ઉભેલી દીકરી તો દરેક પળે કોઈ ચોકસ જણના આવી પુગવાની ખાત્રીથી વાટ જોતી હાથે કરીને પછવાડે રહી ગઈ હતી !

કેટીની વકી ખોટી નહી હતી. હજી તો બેજનજીની ગાડી પચાસેક વાર ગઈ નહી હશે કે ઘણાજ નખાઈ ગયલાં મોહોડાંએ અને ધીમાં પગલાંએ જાલ ઉમરીગર તેણીની આગળ આવીને ઉભો. પ્લાટફોર્મ ઉપર અહીંથી તહીં ડમકીને બમનજી મેહેતાને શોધી કહાડવાના ફાંફાં મારતાં અચણુચ તેની નજર સુરતની વખણાયલી ખુબસુરતી લાખ્ખોની કેટી દાવર ઉપર પડી ગઈ હતી. અને તેનેબી અદીની પેઠેજ ચમક વા થઈ આવ્યો હતો. લોકોની ગીરદી વચ્ચે દુરથી એક ખુણામાં ભરાઈને જાલ દીગમુઢ જેવો ઉભો હતો અને ટસ ટસ થતી આંખ્ખોએ કેટી દાવર ગમ જોયા કર્યું હતું. એક પળ—ફકત એકજ પળ

બેઉ જણની આંખ્યો એકેક સાથ મળી હતી, પણ તુર્ત તેણીએ ઓળખાણનો જરાબી સંસારો આપવા વીના નજર ખસેડી નાખી બાકીનો આખો વખત જાલ ગમ જરાબી જોયું નહી હતું. પણ હવે?—હવે જ્યારે તે બીહતો અને અચકાતો નજદીક વાત કરવા આવીને ઉભો ત્યારે એ ચવીત્રી છોકરીને મનમાં ખુબ હસવું આવ્યું. તોય મોહડે રૂમાલ દાબેલો રાખી તેણીએ જેમ તેમ હસવું થોભાવી જાલ ગમ જોયું.

"જી, મને કંઇ કેહોછ?" તેણીએ પુછ્યું.

"મીસ દાવર!" જાલ જમીન ગમ નજર રાખી ગંભીર ચેહેરે આસ્તેથી બોલ્યો, "ખરી વાતથી હું તદન અણજાણો ઉતો—એટલે મારી ભુલ તમે માફ કરશો."

કેટી હવે ખડખડાટ હસી પડી. "હીહીહી! જન બા, ખોદાયને ખાતર એવું ધુખરાયલાં છાના જેવું ડાચું ના કર—મુનું મને હસુંજ આવેછ. મને શું કહેછ, જાલ?" તેણી અચબુચ જાલ આગળ જઇ તેના ખભાંપર પ્રીતીથી એક હાથ મેલીને બોલી, "શું તારી આય વીટી તુંને પાછી જોઇયેછ?"

"બોરશેદ!"

"હવે મારૂં નામ કેટી છે. બોલ, તું તારાં વચનથી હવે પસતાતો હોય તો આય મને વહાલાંમાં વહાલી ચીજ તુંને હું પાછી આપી દેઉં——"

"કેટી, તું મારી મશકરી કરેછ? મારા જેવો બે બદામનો માણસ તારા જેવી છોકરીની જુતી સાફ કરવા લાયક નથી. અરે આય વીટી તુંને આપવાનો મને હકજ નથી."

"ને પાછી માગવાનોબી હક નથી. તું મને હજુર બરાબર ઓરખી નથી શક્યો, જાલ. મેં એસકી કપરાં પેહરીયાંછ તેથી હું તો બદલાઇ નથી ગેઇ—બાકી તું જો ધરઇ ગીયો હોય તો—"

"શું બોલેછ–મારી કેટી, તું એ શું બોલેછ!" જાલ હરખથી આજેજ થઇને તેણીના હાથ પોતાના હાથમાં લઇ કગળી પડયો, "હું ફકત એટલુંજ ઇચ્છુંછ કે તારી ખરી હાલત તેં મને પહેલેથી કહી હોતે તો હું તારેથી દુરનો દુર રેહતે–"

"છટ છટ ! તાહરે ઝુપરાંમાં રહેવાની મીઠી મીઠી વાતો આપરે કેમ કરતે ? તું મારી સાથ ગરીબઇનાં સટાકા મારતો'તો તે મને એવું ગમતું'તું કે મારા પપાની ઢગલે ઢેર દોલતની મુઇ ઉબક આવે એવી વાતચીતથી તે બગારી નાખવાનો મારો જીવ ચાલયો નહી. તું મારી સાથ વાત કરતાં મારા પૈસાનો ઝાંખામાં ઝાંખોબી ખ્યાલ નહી કરતો'તો એ જોઇ મારા દીલમાં શું થતું'તું–મારા જાલ–તે તું કાંહ જાણેછ?"

"ને હવે જ્યારે ખ્યાલ કરૂંછ તારે મારા દીલમાં શું પસાર થાયછ! વાહલી, હું ઇચ્છુંછ કે તું મારી ગરીબરી ખોરશેદજ હજુર હોતે! આય વરી નવી પંચાતી છે."

"કાંય, હું આય સાડીમાં શોભતી નથી?"

'શોભતી? અરે અરે તું મારૂં માથું ફેરવી નાખશે! પણ પેલો અદી—તારા બાવા——"

"એ લોકને મારીપર છોર. મારા પપા અહીંના સેતારા અહીં લઇ આવશે તોબી હું પેલા મીજાજી અદીપર થુકવાનીબી નથી. હવે હું જાઉંછ, જાલ. આપરે પાછાં મળશું–સાહેબજી."

આટલું કહી જાલને ત્યાં ડઘાયલો છોડી કેટી દાવર પોતાની આયા સાથ ઝડપમાં સેનીટેરીયમ તરફ ચાલી ગઇ.

* * *

જેવી તેણીએ સેનીટેરીયમના પોતાના ઓરડા સામેની સીડીએ ચડી વરંડાપર પગ મેલ્યો કે તેણીએ શું જોયું ? યા

ખુદા ! કાંઇક ગડબડની કેટીએ વકી રાખી હતી ખરી પણ આટલું બધું ગોધીયારૂં જોઇ તે તો ઠસજ થઇને ઉભી.

એજનજી મોટે મોટે કલ્લા પાડી લાંબા લાંબા હાથો કરી આખી ધર્મશાળા ધ્રુજાવતા હતા; સુના માસી બાજુએ ખુરસી પર આંખે રૂમાલ દાબીને મુગાં મંતર બેઠાં હતાં; હમાયજી વચ્ચે ટાપસી પુરીને પોતાના ભાઇને ઠંડા પાડવાની તજવીજ કરતાં હતાં; અદી ત્યાં દેખાતો નહી હતો તેમજ સેનીકેરીયમનાં ભર ભાકુતબી આવી કલ્લાબકોરથી જાણે ડાંએબાંએ થઇ વગેસગે થઇ ગયાં હતાં.

કેટીને જોતાંને વાર એજનજીએ જોરથી જમીનપર ડાંગ અફાળી મોટી બરાડ મારી.

"અહીં આવ, રાન નાપાક ! તું તારા મનમાં ખાન શું ખાયછ ? આએ બીચારાંઓને જુઠાં નામે એટલો વખત વાહયાં ! તુંને શરમ નહી આવી ? તેં મનેબી ઠગયો—એ તું સમજેછ શું ? હું તુંને સાફ કેહુંછ કે મારો મીજાજ હાથથી જશે તો લાત મારી તમુને બધાંને ઘેરમાંથી કાહરી મુકશ. એ તે કંઇ મશકરી કરવાની રીત છે ? આય ઘેલું ગધેરૂં અહીં ગમે તેમ ડોહોરાં દોહોવે ને બેવકુફ જેવાં સુનાંબાઇએ તે જોયા કીધું ! એ તો નાદાન હિતી પણ આય બુઢી ડોસીને તો જરા અક્કલ જોઇયે——"

"પપા, એમાં બીચારાં——"

"ચુપ ! નહીં તો બરડો ભાંજીને કટકા કરી નાખશ ! વરી ચોરીપર સરજોરી કરેછ ! તારી મકદુર શું કે અદીની સાથ એવી બેઅદબ છુટ લે ? ઓ–બોલતાં મારી છાતીબી દુ:ખેછ– તું એવું કરવા અગાઉથી મુંબઇ આવી કે ? તું મારી મરજીની– ઓ !—સામબે થાયછ—નીમકહરામ ! હું તુને–ઓ–ઓ– કોઈ આવો !—"

બોલતાં બોલતાં ધમ દઇને બેજનજી નજદીકના એક સોફા ઉપર ટપકાઇ પડયા. તેવણુને હાર્ટમાં આંકરૂં આવ્યું હતું. આંખ્યો વીંચી દઇને તેવણે મોહોડું ચીમલાવી ધડ નાખી દીધું. કેટી, હુમાયજી, સુનામાસી તેવણુ આગળ દોડી ગયાં અને બુમાબુમ કરી મેલી. વફાદાર રતનજી જીવ નાખીને પાણી લેવા દોડયો, અને બુમ સાંભળીને પોતાના ઓરડા માંહેથી ડા૦ અદેશર વજીફ્દાર દોડી આવ્યો.

ડા૦ અદી ગમે તેવો હતો, પણ એક હુશીયાર અને ચબરાક તબીબ હતો. ઝપાટામાં તેણે બેજનજીને ચટા સુવાડી દીધા ને બદીયાનના બંધ છોડી નાખી અહીં તહીં તેમની છાતીપર હાથ મસળીને પલકવારમાં પોતાના ઓરડામાંથી કંઇ લાલ દવા લાવી તેમના ગળાંમાં રેડી. પાંચ મીનીટમાં બેજનજી સાવધ થયા. તેવણુના 'હાર્ટ ક્રેમ્પસ' નરમ પડયાં અને આંખ્યો ઉઘાડી તેવણુ પાસે બેઠેલા અદીના ચેહરા ગમ ઉપકારી લાગણી સાથ ધારી ધારીને જોવા લાગ્યા. એટલો જલદી તેવણુનો દુખારો અગાઉ કદી નરમ પડયો નહી હતો. સુરતમાં જયાંરેબી 'હાર્ટ ક્રેમ્પસ' આવતા ત્યારે બહુ લાંબો વખત તેવણુ સખત દુઃખને મારે અકળાઇને અરધા મરણતોલ જેવા થઇ જતા હતા. પણ આ જવાન ડાકટરે આજે એટલી ઝડપથી અને ચાલાકીથી તેવણુને રાહત આપી તે દેખી બેજનજી ખુશ ખુશ થઇ ગયા.

તેવણુ હળવેથી ઉઠી સોફાપર બેઠા અને અદીનો માથાથી બરડા ઠોકી ધીમા સાદે બોલ્યા.

"શાબાશ, દીકરા! જીવતો રેહ! તારે વાસ્તેની મારી આશાઓમાં હું ભુલ્યો નથી. હું તારે વાસ્તે મગરૂર છેઉં, અદી."

પ્રકરણ ૧૬ મું.

"પાપીરે, મુજીરે, પાજીરે, લાજી થા—દુર, દુર!"

"શું થયું—હજુર નહી આયો? સહવારની સાંજ્બા પરી! ને આજે ખરશેદબઇબી ટપકી મારી ગીયાં! ગેઇ કાલે એવણને નાસ્તા ઉપર જોઇને ડાકટરને કોણ જાણે શું ભરકણ ભરાયું'તું. ખભેથી હજુર ઉતરયું નહીં હોશે! સારાપાંચ તો થયા—હવે એ નહી આવે."

પોતાની સાલગરેહને બીજે દહાડે સાંજે શીરીન ગાંધી પોતાના ઓરડાની બારી આગળ ડા૦ અદીના આવવાની કાગને ડોળે રાહ જોતી ખાસ્સો કલાકેક ઉભી હશે. અંતે થાકીને તેના આવવાની આશા છોડી શીરીન દલગીર જીવે અંદર પોતાની કબાટ આગળ ગઇ અને માંહે સંભાળથી સાંતી મેલેલો એક કેબીનેટ ફોટોગ્રાફ બાહેર કહાડયો. તે ડા૦ અદીની ઇંગ્રેજી પોશાકમાં ખુબ ઠસ્સાથી પડાવેલી સબી હતી. આ તસ્વીર ગમ થોડોવાર ધારી ધારીને જોતાં શીરીનનો મુખડો પાછો ખુલી ગયો.

"કેવો હીમતવાન ને ખુલ્લાં દીલનો લાગેછ!" તેણી બડબડી, "પીકચરમાંબી એ એવો શોભીતો દેખાયછ—"

"શીરીન!"

પછવાડેથી આ ધોધારી અવાજ કાને પડતાં એક હરણીની પેંડે ચોંકી બીધેલે મોહોડે શીરીને પાછળ ફરી જોયું. ગુસ્તાદજી કાનફટયા વકીલ ત્યાં અરીમ ધરીમ જેવા કમરે હાથ દઇને ઉભેલા હતા. તેવણના વીહસ્કીથી બેહેક બેહેક થતા મ્હોંડાં અને લાલ બોટાં જેવી આંખ્યો જોતાંને વાર ધીક્કાર અને કચવાટથી કમકમીને શીરીન થોડાંક પગલાં દુર હટી ગઇ અને

ઓરડાની ભીતે જઇને અઢડી ઉભી. એ અણગમતા વાલી વકીલને ભુતડાની પેઠે આમ એકાએક પીઠ પાછળ આવી ઉભેલો દેખી તેણીના હોસકોસ ઉડી ગયા. વગર રજાએ તે તેણીનાં ખાનગી ઓરડામાં ચાલી આવ્યો હતો—અને વલી નફ્ફટ નાકે પછવાડે ચુપચુપ ઉભો રહીને શીરીનના ચેણચાળા તપાસવા પડયો હતો! ખરેખર એતો હવે શેખીની હદ થઇ હતી! પણ એવા નાપેકારની આગળ બીચારી એકલી અટુલી શીરીનનું શું ચાલે? દેહસ્તને મારે એક પળ તેણીએ બારણાં ગમ નજર ફેંકી. પણ ના—ત્યાંથી સટકી જવાય તેમબી હતું નહીં. ગુસ્તાદજી રસ્તો ઘેરી ખવીસની પેઠે તેણીગમ ફાટે ફાટે ડોળે જોતો વચમાં આડો ઉભેલો હતો.


"કેમ? મને જોઇને એમ સફેદ પુની જેવાં કેમ થઇ જાઓછ? કાલે પેલા ભુખરી બારસ ડાકટરને નાસ્તો જોભરાવીને એટલાંજ નાચ્યાં કુદીયાં?——"

કાનફટયા પ્લીડરનું એબીયલ મોહડું તે સાંજના ઝઝકળાંમાં ખચીત બીહામણું લાગતું હતું. તેનો આવો અવતાર જોઇ ધાસ્તીને મારે શીરીનનો જીવ ધુજવા લાગ્યો.

"તમે મારા ઓરડામાં શું કામ ચાલી આયા?" તેણી દબાયલા સાદે જેમ તેમ બોલી, "ખીસો, મને જવા દેઓ!"

"ઉભા રેહ! અહીંથી જવાશે નહી!" ગુસ્તાદજીએ બે હાથ પોહોળા કરી તણાઇને કહ્યું, "આય તારા હાથમાં શું છે,—લાવ જોઉં."

પીઠ પાછળ સાંતેલી તસવીર શીરીને વધારે જોરથી પોતાની મુઠ્ઠીમાં પકડી અને ડઘાયલે ચેહેરે આ મુજી ગમ જોયા કર્યું.



"હું નથી આપવાની–કશું નથી આપવાની!" શીરીને તરડાઇને મોટેથી બુમ પાડી, "મારી પાસેથી માંગવાવાળા તમે કોણ થાઓછ? છોડો હાથ, એકદમ!"

(જુવો સફો ૧૭૭ મો).

"એકદમ એ સળી મને આપ," ગુસ્તાદજીએ હાથ લાંબો કરી તેણીની આગળ વધી પોકાર માર્યો, "લાવ જલદી! તું મગજમાં એટલો પવન રાખેછ તે હું બધો કાહડી નાખુછ. આપેછ કે નહી!"

"નહીં! શીરીને હવે ઉસકેરાયલે અવાજે જવાબ આપ્યો, "એ હું નથી આપવાની. તમે ચાલી જાવો નહી તો માયજીને બોલાવશ | માયજી! માયજી!!"

"એ માયજી બાયજી હું કંઇ સમજતો નથી—લાવ બસ એક દમ! મારી સાથ એવો મીજાસ નહી ચાલશે—"

આમ કહી ગુસ્તાદજીએ શીરીનની એક કાંડી કકડાવીને પોતાનાં હાથમાં પકડી સળી ઝુટાવી લેવા માગી. એક મીનીટ વધારે—અને તે ચંડાળ આ બીચારી કમતાકાત છોકરીપર જોર કરીને ફાવી જતે—પણ શીરીનની મોટી બુમાબુમ સાંભળીને પીરોજબાઇ ઓરડામાં ધસી આવ્યાં.

"માયજી!" શીરીન રડમેસ સાદે માત્ર એટલુંજ બોલી શકી.

"ઓવાય શું છે? એ આય શું ફજેતા!" તેવણે ડધાઇને પુછ્યું, "રાન, એમ કલ્લા શાની પારેછ?"

"પીરોજ! તારી પોરીને કહે કે અબઘરી મને આય હાથમાંની સળી આપી દે—બસ અતરઘરી આપવા કહે, નહી તો એનું માથું છુંદી નાખશ!"

"હું નથી આપવાની—કબુ નથી આપવાની!" શીરીને તરડાઇને મોટેથી બુમ પાડી, "મારી પાસેથી માગવાવારા તમે કોણ થાઓછ? છોરો હાથ, એકદમ!"

આમ ખુબ જુસ્સાથી લાલચોળ મોહોંડ બોલી શીરીને પોતાના સઘળાં જોરથી એક ઝટાક મારી હાથ છુટો કર્યો.

પીરોજબાઇએ ગુસ્તાદજીને બાજુમાંથી પકડી રાખ્યા અને બેઉ જણની વચમાં આડાં પડયાં.

"ગુસ્તાદજી, બીચારીને શું કામ હારમાર કરોછ ?" તેવણ કરગરીને બોલ્યાં.

"હારમાર !" તે બદમાશે દાંત પીશીને શીરીન ગમ એક ખુનીની પેઠે ડોળા કકડાવ્યા, "હમણા એ દુકતી માથે શીંગરાં લેઇને ફરેછ. પેલા લોકરી જેવા અરદેશરની કુમકપર કુદેછ. મારૂં—આપરૂં એ બેઉ જણા સાથે મળીને નખોદ વારશે ! પીરોજ, એ છોકરીને સમજાવ કે મને છેરે નહી. નહી તો—યાહ !—બધું ફુંકી મારશ કેની તો પાછું અંધારી કોઠરીમાં—"

"ચાલો બસ કરો, દારૂ પીને શું બોલોછ તેનું ધ્યાનબી છે કે ? જા, શીરાં, તું બાહાર જા."

"હા—હું સાફ કેહુંછ ! એ છોકરી વરી ઘણી પતરાજી કરશે તો બધી આપરી વાત ઉંઘારી પારશ ! માંગવાવારો કોણ થાઉં પુછેછ ? ઓહ ! એ શું ચાહે પી મરેછ ? તારી પર સત્તા ચલાવવાને મને—મને શું હકછે ?—" ગુસ્તાદજીએ હવે જંગલી ભુંડની પેઠે ક્રોધથી નાંખનાં ફીફડાં ફફડાવી તથા ડોળા કાહડી ઘાંટો તાણ્યો, "આહ ! તારીપર સત્તા ચલાવવાને મને બધો હક છે, કેહ એને પીરોજ, એનો હું કોણ થાઉંછ તે કેહ ! હું એનો—"

પીરોજબાઇએ જોરથી ગુસ્તાદજીને બાજુએ ખેંચી તેવણુનાં મોહોડાંપર એક હાથ મેલ્યો. "અરે ! ચપોરે ! આજે એ શું—?"

"પેલા સા—હજામરાનો જો એ દુકતી પીછો નહી મુકશે તો હું તેને પીસતોલ મારશ. તે હરામઝાદો આવીને એને હુલ-

કાવેછ ને પોતાનું કામ કહારી લેવા માંગેછ. એ હું ચાલવા નથી દેવાનો ! અહીંથી તમો લોકોને ખડેરી કહાડું—હા, તોજ હું ખરો ! તું બી રાન અપટ મુંઇછ, પીરોજા ! તે નાપાક ડાકટરને ઘેરમાં ઘાલેછ તારેજ આ બેવકુફ આખ્ખો દહાડો તેની સબીનું ચીથરું લઇને એટની કાની ટીકીયા કરેછ કેની ! બસ, હવે એ ને એજ—બીજો ઉપાય નથી. તમે લોક બેઉ જણને નવસારી ઢેકલી દેઉંછ બસ ! હું કંઈ સાંભળવાનો નથી, મારું માથું તણકયુંછ—જવુંજ પરશે તાંહ !"

"નવસારી! અરે પણ તારે આય બંગલા, વારી——"

"જાહનમ જાય બંગલા વારી ! અહીયાં વધારે વાર રહીશું તો આય લોકો આપરું સત્યાનાશ વાળશે. તાંહ હુંબી રહેવશ ને મારી ગેરહાજરીમા મારો ચાન આય પોરીની સંભાળ લેશે. ચાલ નીકળ મારી સાંમેથી ! નહી તો ચીર ચહડશે તો—"

શીરીન વધુ સાંભળવા ઉભી રહી નહી. આટલો વખત ગુસ્સા ગભરાટ અને તીરસકારની ભેગી લાગણીઓ વચ્ચે ગુંગળાતી ઉભી રહી તેણીએ આ જફાકાર વાલીનો બકબકારો સાંભળ્યા કર્યો હતો. પણ હવે તેણી વધારે વાર ત્યાં ઉભી રહી શકી નહી. જેવી તેણી છોકરીને ઓરડામાંથી બાહેર ચાલી ગઇ કે ગુસ્તાદજીએ પીરોજબાઇનો હાથ કકડાવીને પોતાની મુઠ્ઠીમાં પકડયો.

સાંભળ, રાન અપટ !" તેણીના કાનપર પડીને તે હવે હળવેથી બોલ્યો, "એક વાછરડું મસતાન ગોધામાં ફેરવઇ જાય તે અગાઉ તેને મજબુત કાબુમાં લઇ લેવું જોઇએ. પેલા અદીને મેં શીરીનને નામે પાંચ હજાર રૂપીઆબી ધીરયા—હું જાણું કે તેથી એ અહીં ફરકશે નહી—પણ હરામખોર કોઇ બડો કાફર મુવોછ. ખોટું તરકત કરવાના વાંકના ગુનાહને વાસ્તે જો

સાત વરસ જેલમાં જવું નહી હોય તો સમજાવી, પટાવી, ધમકાવી, ખખડાવી મારી સાથે આય પોરીને લેઇ નવસારી આવતી રેહ. તાંહ પેલો અદી આવવાનો નથી, ને જો આવશે તો મારો ચાન તેનો રસ્તો કરી નાખશે. એ અહીં તો ખુબ મરચાં ખાયછ—ને આપરે લાઇલાજ છૈયે. તુને નવસારી થોરો વખતબી તો દુકતીને લઇને ચાલવુંજ પરશે. તું હા કેહશે તો પછી એ શીરીન જખ મારેછ- તું જો કબુલ નહી થશે તો—"

ગુસ્તાદજીએ પીરોજબાઇના કાનમાં કાંઈ થોડાક વધુ શબ્દો હલુસે કહયા અને તેણીને સફેદ ચાદર જેવાં ફીકકાં મોહડાંએ ત્યાં છોડી ધડાકા સમેત ઘરની બાહેર ચાલ્યો ગયો.

* * *

'ગુલાબવાડી'ના બગીચામાં એક બાજઠ ઉપર હાથનો ટેભો દઇ દલગીર ચેહેરે બેઠેલી શીરીનનાં માથાંમાંથી શું શું વીચારો પસાર થઇ જતા હતા! જરના ઝળકાટની પુઠે જફાનો કાળો કાટબી વળગેલો હતો તેનો તેણીને આ પહેલીવાર કાંઇ ખ્યાલ મળયો. બળ્યા એવા પૈસા! દોલતનું સુખ ભોગવતાં આવા કંગાળ નાતરસ વાલી—વકીલ સાથ કામ પાડવાનું હતું એટલે શીરીનને મનથી તમામ મજાહ અકારતી હતી. ગુસ્તાદજીને જોતાંજ તેણીને કંપારી છુટતી હતી—તેમાં આજે તો તેણી ખરાં જીગરથી માનવા લાગી કે એ પારસીના કાબુ તળે પૈસાદાર થવા કરતાં છુટથી રહીને ભીખારી હાલતમાં જીવવું બેહેતર હતું.

ગુસ્તાદજીના જવા પછી પીરોજબાઇ તેણીની આગળ બાગમા પટાવવા આવ્યાં હતાં—પણ શીરીને રૂસાઈ જઈ કોર મરડીને બેસી કંઇબી વાત કરી નહી, એટલે તેવણ ખશીયાણાં જેવાં પાછાં અંદર ચાલી ગયાં હતાં.

" કાલે અદી આવશે તાહરે હું એને બધી વાત કેહી આનો કાંઈ છેરો લાવશ." શીરીન મન સાથ બોલવા લાગી, "મને નવસારી મોકલેછ પણ એ મુવો વકીલનો થતો જાણતો નથી કે દુન્યાને છેરેબી મને મોકલશે તાંહબી મારો અદી આવીને ઉભો રહેશે."

" સલામ—બાઇ !"

મેહેરનોસજીનો આગલો ઘરડો મુસલમાન કારભારી મુસાજી એકાએક પાસેની ઝાડીમાંથી નીકળી આવી શીરીન બેઠી હતી તેની સાંમે ઉભો અને નમીને સલામ કરી.

"કોણ મુસાજી ?" શીરીને ચમકીને પુછ્યું. તેણીને આ જઇફ કારભારી તરફ પહેલે દીવસેજ કાંઇ વીચીત્ર વીશવાસ બેઠો હતો. તેમાં ખસુસ કરી ગુસ્તાદજીની તે સાંજની ચાલ પછી તો આ નરમાસભર્યા ચેહરાના બુઝરોગ મુસાજીને ઓચીંતો પાછો આવી લાગેલો જોઇ શીરીન ખરેખર ખુશી થઇ.

"જી હા, હું મુસો," તેણે સેહેજ હસીને કહ્યું. "પણ બાઈ તમે આવા વખતે અંધારે કંઇ બગીચામાં બેઠાં છો ?"

" જરા જીવ અંદર ગભરાઈ આયો તેથી બહાર આવી. પણ તમે કાંય પાછા આયા, મુસાજી ? તમે તો અમે લોક આયા પછી જતા રહેલાની ?"

" હા, બાઇજીની ખબર પુછવા પાછો આવ્યો છું. પણ આજે આમ દલગીર કેમ દેખાવો છો ?" મુસાજીએ લગાર હસીને સામો સવાલ પુછયો. " હમણા ગુસ્તાદજી વકીલ અંદર આવી ગયા નહી ? બહુ ભલાં માણસ, બાઇ ! બહુ હુશીયાર ! તમારાં માયજીને પુછી જુવો."

શીરીને કચવાઇને મોંહ કુમળાવ્યું, " તેવણુની વાત ના કરો–મને કંઇ થઈ આવેછ."

મુસાજી ખડખડ હસ્યો. "જુવો શીરીનબાઇ," તે ધીમા સાદે વાંકો વળીને બોલ્યો, "એ પારસી ઇનશાન નથી શયતાન છે—સમજ્યાં? જરૂર પડશે તો તમને ઉંચકીને આખાં ને આખાં કુવામાં ફેંકીબી દેશે. પોતાનું કામ પાર પડે તો એ બદકાર પોતાની શાવકી દીકરીનું ખુન કરવાબી અચકાવાનો નથી—"

"તારે શું એવણ પરણેલા છે?" શીરીને અજાયબાથી ડોળા ઉંચકી પુછ્યું.

"તમે નથી જાણતાં? કોણ જાણે હોય કે નહીબી હોય—પણ મારા જેવા ધરડા પુરાણા નોકરનું કહયું માનો તો એ માંણસથી બને તેટલાં દુર રહેજો, ને એને બનતાં સુધી ઓછો છેડજો. અને ખુદાને ખાતર માંગી લેઉંછું કે જો જરૂર પડે તો હું ગરીબપર ભરોસો મેલી મારી મદદ માગજો."

"તમારી મદદ? તમે હવે મને મદદ કાંહથી આપવા આવશો, મુસાજી?"

"ભસ્તામાથી! શીરીનબાઇ, મેહેરનોસજી શેઠને ખાતર હું તમારી ખીદમતમાં મારો જીવબી કાહડી આપીશ. તમારાં માતાજીએ એક ભયંકર ભુલ કીધેલી છે. પણ ખેર! બની તે બની! આ ચસમચોર વકીલને હું બાલેબાલ પુરો પડીશ. મારીપર પુરેપુરો ભરોસો મેલશો તેની ખાતરી આપો—અને પછી તમારૂં રક્ષણ કરવા હું નવસારી આવીશ—"

અચરતીને મારે શીરીન ઉઠીને ઉભી થઇ, "તમે કેમ જાણ્યું કે ગુસ્તાદજી અમુને નવસારી લેઇ જવા માગેછ? તમે અજાયબ જેવા માણસ છેઓ! મુસાજી! હું તમારીપર ભરોસો રાખશ—તમારેથી મને ઘણી હીંમત આવેછ."

"તો ઠીક! ત્રણ ચીજ યાદ રાખો. એક તો ગુસ્તાદજીના

કહેવાથી કોઇબી કામ કરો યા પગલું ભરો તે આગમજ મારી સલાહ લેશો. બીજું ગમે તેવીબી આફત યા દુઃખ આવી પડે તો ઉતાવળાં યાતો ઉછાછળાં થઇને નાદાન્યત કરશો નહીં. ખાતરી રાખજો કે હમેશ હું તમારી પછવાડે છેઉં. અને ત્રીજું તમારાં માતાજી પીરોજબાઇનાં કોઇબી હોકમને ઝાઝું વજન આપશો નહીં. ચાલો હવે હું જાઉં છું. સલામ, બાઈ—તમેબી અંદર સીધારો."

શીરીન જેવી બંગલાના બારણાંની અંદર પેઠી કે મુસાજીએ મુછમાં હસીને પોતાનાં બે હાથો જોરથી મસળ્યા, "મેહેલ્લા ! બચ્ચા, હવે બાજી જામેછ ! મેં ધાર્યું તું તેમજ આબાદ વાત રંગપર ચહરેછ. મારે આય પોઈરીને જીવની કાની સાચવવી પડશે—નહીં તો પેલો જાલમ દેવ એનું કાટલું જરૂર કાહરી નાખવાનો !"

પ્રકરણ ૧૭ સું.

"એજ મારો છેલ્લો જવાબ !"

'હાર્ટ કેમ્પસ'થી ચાહે ધાંટીમાંનો પ્રાણ ઉડીને નીકળી કાં નહી જાય—પણ હવે બસ બેજનજી દાવરને મનથી બધું અકારૂ ઝેર થઈ પડયું હતું. સુરતથી આવી પુગતાંજ તેવણે દીકરીજીના પરાક્રમની વાત સાંભળી સેનીટેરીયમનું છાપરૂંજ નીચે લાવવાનું બાકી રાખ્યું, અને તેની મોહકાણમાં તેવણના નેહેસ્ત દરદે પાછો ગલબો કર્યો. ડા૦ અદી જો પાસે તૈયાર

નહી હતે તો ? જે જોરથી આંકરૂં છાતીમાં ભરાઇ આવ્યું તે યાદ કરતાં બેજનજીએ દીવસમાં ઘણીવાર મોહ કુમળાવ્યું હતું. માનીતા ભાણેજે તેવણની સારવાર કરવામાં આવી ચબરાકી અને ઝડપ દેખાડી તેથી આ માતબર સુરતી શેઠીયાને પોતાની પુત્રીની નાફરમાન ચાલ માટે એવડો ક્રોધ ઉપજ્યો. પોતાના હુકમનો અનાદર થયલો જોવાની બેજનજી દાવરને તબેહ નહી હતી—પણ કેટીએ તો અતેરૂંજ કર્યું હતું, એટલે આ પાણી પીતાનો ચશકેલો મીજાજ છેક હાથથી જતો રહયો હતો.

આખો દાહાડો તેવણ ખાંઉ કરકું જેવા થઇને દરેક જણ સાથ ચીથરાં ફાડતા ઉંચે મોહોડે ફરયા કરતા હતા. એકુ બે વખત આખી ધરમશાળા સાંભળે તેમ સુનામાસી તથા રતનજીને ખુબ તરેહથી ઝંઝેરી નાખ્યાં; મસાલ સકારામને નજીવા વાંક માટે બેચાર થોબડફલાક લગાવી અને રીસાઇ જઇને બપોરના ખાધા વગર સુઇ ગયા. એવા સ્વભાવના ડાઘેલ મઘરડાજીને દંડા પાડવાની કોણ હીમત કરે ? હમાયજી અને સુનામાસી સવારનાં રોખરાંથી એવાં ગંગેટાઇ ગયલાં હતાં કે 'ભઇજી'ની સામું આંખ ઠેરવીને જોવાનેબી તેઓની છાતી ચાલતી નહી હતી. અદી તો સારો દીવસ પોતાના ઓરડામાં ભરાઇ રહયો હતો અને કેટીએબી ઠરસામાંજ ફરયા કરી પોતાના પપાના ખળભળાટને ઝાઝું કોહું દીધું નહી હતું.

નક્કી બેજનજીનો જીવ બેતાબ મારી ગયો હતો. જેમ જેમ વખત વધતો ચાલ્યો તેમ તેમ તેવણના ગુસ્સાનો 'સ્ટીમ' બી ચહતોજ ગયો. સાંજને છેડે અંતે તેવણે બુમ બરાડા પાડીને સુનામાસી તથા કેટીને ઓરડાની બહાર જવા કહયું અને રતનજીને મોકલી અદીને અંદર તેડાવી મંગાવ્યો.

"આવ, અદી—અહીં બેસ," તેવણ તેને પોતાની સામે બેસવાની ઇશારત કરી શોકાતુર અવાજે બોલ્યા, "આજે દીલ ઉચાટ પરી ગીયુંછ. આય દેરાનું ખાધું દરદ મારી પુઠે લાગુંછ, ને તેમાં તમે લોક મને મારી નાખવા બેઠાંછ. શું કરૂં—જાણે એવું થાયછ——"

"મામા, જરા ધીરા પરો" અદીએ તેવણને સધ્યારો આપ્યો, "હમણા તમારે મન બનતાં સુધી શાંત રાખવું જોઇયે."

"શાંત ? અરે શાંત મન કોણના બાપનું લાવે ? અહીંયા લોહી એવું ઉકરી આવેછ કે જાણે આય પોરીને ઉંચકીને દરીયામાં ફેંકી દેઉં! જો હું તુંને સાફ કહુંછ, અદી, કે મારી સાથ તુંબી પંચાતી કરવાનો હોય તો હું આજેજ રાતના પાછો સુરત ચાલી જાઉં. હું તાંહ મારા દુઃખમાંજ રીબીને પોહતો થઇ જવશ, ઝેર પીને મરી જવશ, તમો બેઉને કહુવા દેવશ—હા !"

બેજનજી દાવર ખુબ ચીચવાઇને આ પ્રમાણે શોર કરતા હતા. અદી ઉઠીને તેવણના ખભાં ઉપર હળવેથી હાથ મેળી પટામણા સાદે તેવણને ઠંડા પાડવા લાગ્યો.

"મામા સૌ સારૂં થશે. એમ તમે તણાવોછ તે એટલું—"

"અરે બેસ, છોકરી! તુંબી ઇડીયટ મુવોછ. તુંને હું મારો દીકરો કરવા માંગુંછ, આય દેખાવળી છોકરી ઉપરાંત ખોભા ભરીને પૈસા નાક આગળ ધરૂંછ ને તોબી તુંને કાંસન મોરા સુઝેછ !"

"પણ એ વાત આપણે ધીરેથી પછી કરશું."

"ધીરેથી ? પછી ? ગદ્ધા! કાલે ચટ દઇને હું ધપી ગીઓ તો—"

"અરે એમ શું બોલોછ! ખોદા તમુને અમારે માથે સલામત રાખે! તમે મારા મુરબ્બી બાવા જેવા છેઓ, મામા, ને જાંહ સુધી મારી અદના શકતીમાં છે તાંહ સુધી હું તમુને જરાબી અળવળ આવવા દેવાનો નથી. આવતા સનીવારે સાંજે પાંચ વાગે મેં મોટા ડાકટર સરજીયન મેકારથીને 'કનસલ્ટ' કરવા બોલાવ્યોછ."

"હેં! મને પુછતોબી નહી?"

"એમાં પુછવાનું શું? તમુને વારંવાર એમ આંકરૂ ભરાઇ આવેછ એ જોખમ ભરેલું છે. ડા૦ મેકારથી અહીંનો નામાંકીત મોટો સરજીયન છે. ખોદાની મદદથી હમે તમુને એ બલામાંથી સદાના છોરવશું."

બેજનજી આખ્યો ઢાંકી થોડો વાર મુગા બેઠા. અદીની આવી કાળજી જોઇને તેવણ ખરેખર અંદરખાનેથી રાજી થયા. કેવો લાયકીવાળો, લાગણીવાળો, ઘેર શોભીતો શીખેલો છોકરો! પેલી રાન અપટને શું અભાગ લાગીછ—કોણ જાણે!

"મામાજી, મારૂં કહ્યું માનો તો જરા—"

"ચાલ, હવે માથું ના ખા. હું તુંને પુછુંછ તેનો જવાબ દે. તું કેટી સાથ પણવા ખુશી છે કે નહી?"

અદી થોડો વાર ગુચવાયા કર્યો.

"કેમ જવાબ નહી આપતો? મોહનું ભાંગી ગીયુંછ કે?"

"આપરે હલ્લુ ધીરે એ વાત કરશું, મામા."

"યુ સુવ્વર! મારી સાથ એમ તકરાર કરેછ! એકદમ જવાબ આપ! તુંને એ પોરી ગમેછ કે નહી?"

"જી, હું ધારૂંછ કે કેટી—તમારાં દીકરી ખરેખર હુશીયાર તો છેજ."

"ને હું ધારૂંછ કે તું ખરેખર ઘેલસપ્પો છે! મને બસ મારો જવાબ જોઇયેછ—તું એને તારી બઇરી બનાવવા માગેછ કે નહી?"

"મામાજી, તમારો એ સવાલ વાજબી નથી. બઇરી બનાવવી એ કાંઇ માટીનું માટલું બનાવવા જેવું સેહેલું નથી. તમે દુન્યાદારીના પાહવરદા થઇને એમ કેમ કરોછ!"

"ચલ, ચલ—એવી ધાંધલ મને નહી જોઇયે. બઇરી બનાવવાનું એટલે સાથે બેસીને ચાર ચોખા છંટાવવાનું! એમ ગોળગોળ ફાંફાં શાનો માર્યા કરેછ? નહીં મરજી હોય તો તેમ ભસી મર—એટલે થયું? પછી હું તારૂં મોહનુંબી પાછું જોઉં કે?"

"નહીં સાહેબ, એમ ના બોલો. તમે પેહલાં એ સવાલ તમારાં દીકરીનેજ પુછો. તેના દીલની વાત શું છે તે તમે જાણોછ, ને તે છતાં મારી પાસે બોલાવીને મને કાંય હલકો પારવા માગોછ?"

બેજનજીએ બીજાઇને જબરી બાંગ મારી, "બેવકુફ, ગધેરા! તું શું એમ સમજેછ કે હું ફ્રેનીને તારી સાથ પરણવાનો હુકમ કરશ તો તે મોહને ચહરીને મને ના કહેશે? પછીજ તો! એ દુકની મને બરાબર ઓળખેછ—સમજ્યો! એની તાકાત નથી કે મારા એક સખુનનીબી સામબે થાય. નહીં,—અત્યાર સુધી એ પોતાના બાપની મરજીને તાબે રહેલી છે. નાદાન થઇને જરા હસવામાં એણે તારી સાથ તરછોર કીધી તેથી શું થયું? ઉભો રેહ, હમણા એને તારાં મોહના પર પુછીને તારી ખાત્રી કરૂં! ફ્રેની—ફ્રેની! અહીં આવ, ફ્રેની!"

"મામા! એ શું કરોછ! હમણા—"

"ચુપ! એ વાતનો આજે નીકાળ નહી લાવશ તો મને ઉંઘ નથી આવવાની. કેટી! અહીયાં આવી મર—જલદી!"

કેટી ગુપચુપ ઓરડામાં દાખલ થઇ અને ડોળા કહાડતા બાપની સામે જઇ ઉભી. તેણીનો સદા હસમુખો ચેહેરો એવો તો અજબ રીતે ગંભીર અને વીચારવંત બનેલો હતો કે બેજનજી પોતેબી એક પળ ચકીત થઇને તેણી ગમ જોવા પડયા.

"કેમ—જલદી નથી આવી મરાતું કે? કેટલો વાર લાગો!" તેવણે તરડાઇને બુમ મારી.

"શું કેહોછ, પપા?"

"હું પુછું તેનો સીધો જવાબ આપ—તુંને કેટલાં વરસ?"

"બાવીસમું ચાલેછ."

"ઉંહ—તેથીજ એવી અકકલ વગરની ઢોર રેહી ગેઇછ. આજે સવારના મને શું થયું? બીજાં બે ત્રણ એવાં આંકરાં આયાં કે મારો આંકો આવી જશે. બોલ હવે શું કહેછ?"

"મને શું પુછોછ?—સીધો સવાલ પુછો, પપા."

"ચાલ. એમ મોહનાપર ને મોહનાપર તરતર જવાબ ના આપી મર! તારી લાહેરી મારી આગળ નહી ચાલશે! તું હમણાં હમણાં છેકજ બેખત થઇ ગેઈછ! તું જાણે કે કાહરે ધાંખરો ધપે કે હાથમાં પૈસા આવે, પણ સુઝમાં રોજા બોલતી ના."

"તમે મને હજુર પાધરો સવાલ પુછતા નથી,——હું તાહરે બાહર જાઉં?"

"સબુર ! હું જાંહ સુધી હડતો કરડતો બેઠેલો છેઉં તાંહ સુધી તો તારાં ભવીષને વાસ્તે પાકકો બંદોબસ્ત કર્યા વગર જંપીને બેસવાનો નથી. છોકરી, તુંને પચાસ વખત મેં કહ્યુંછ કે મારી દોલત સાથ હું તારો હાથ એક એવા સમજુ ને ખાત્રીદાર ખાવીંદના હાથમાં આપી જવા માગુંછ કે જેથી મારૂં રૂહ પેલી જાહનમાં સદાનું નચીંત રહે. જો આય સાંબે ઉભેલો તારી ફુઇનો છોકરો—એના સારા ગુણોને વાસ્તે હું જામીનગીરી આપુંછ. કેટી હું શું કેહુંછ તે સમજેછ કે ?"

"હા,—સમજુછ. તમે હવે જે પુછવું હોય તે જે તે એક વખત પુછી લેઓ, પપા—હું ઘડી ઘડી એ પીજન પાટલો કરવાની નથી."

ક્રોઢને મારે બેજનજીએ પોતાના દાંત પીસ્યા અને કરડી નજરે કેટી ગમ ડોળા કકડાવ્યા, "એટલે ! એટલો બધો તુંને મીજાસ આયોછ ? શું મને કંઈ દમબમ ભરાવવા આવીછ કે ?"

"દમ તો તમે ભરાવોછ," કેટીએ ટેકથી કમરે હાથ દઇ ખુબ દમામમાં જવાબ આપ્યો, "તમે હમણા મારી સાથ એક બાપ તરીકે નહી પણ એક ઘાતકી વાલીની માફક વાત કરોછ. પપા—મારૂં સાંભળી લેઓ. તમે એમ મને ખુણે દાબીને ધાક ધમકીથી તમારૂં કામ કહાડી લેવા માંગશો તો મોટી ભુલ કરશો. હુંબી છેલ્લે પાટલે હવે બેઠીછ. તમે બસ શું પુછવુંછ તે પુછી લેવો ને મને જવા દેઓ."

બેજનજી તો હરણફાર થઇને આંખ્યો ફાડી પોતાની દીકરીના મોહડાં ગમ ટીકવા પડયા. હદ બહાર ગુસ્સાથી તેવણુની છાતીમાં કંઇ નહી સમજ પડે એવો ગુંગળાટ થતો હતો. ચીડને મારે તેવણુનું મ્હોં લાલ થઇ ગયું હતું અને હાથ ઠરઠર ધ્રુજતા હતા. કેટીએ તુફાનનો આ વાવટો જોયો,

પણ હંડે જીવે મોહડું શાંત રાખી તેણી પોતાના બાપની સાથ આંખ્યો સે આંખ્યો મેળવી મકકમ ખડી ઉભીજ રહી.

"તું શું મને મારી નાખવા માગેછ? નાપેકાર, તું એવી બેમરવત કાહરે ઉતી? પણ હું તુંને ઠેકાણે લાવશ—આય અહી સાથ તુંને પણવુંજ પરશે—એકદમ જલદી તારાં લગન કરવા માંગુછ."

ફ્રેટીએ પોતાનો હોઠ કરડયો અને ડા૦ અદી ગમ એક ઝડપી નજર નાખી. "પણવુંજ પરશે?" તેણી નાકનું ટીચકું સેહેજ ચઢાવી બેહદ તીરસકારથી બોલી, "ડા૦ અદેશર પોતે શું કહેછ?"

"તે ના નહી કહેશે—મારી ખુશીની વીરૂધ થવાની કોઇમાં મકદુર નથી."

"કોઇમાં નથી, તો મારામાં છે."

બેજનજી એકદમ ઉછળીને ઉભા થયા "હેં? એટલે! એ તું મનમાં શું ચાહે પીએછ?"

"હું ડાકટર અરદેશર વજીફદાર સાથે પરણવાને સાફ ના પાડુંછ. બીજું કાંઇ પુછવુંછ?"

"ફ્રેટી!" બેજનજીએ જોરથી પોતાની ડાંગ જમીનપર થોકી ગરજના કરી, "મારી મરજી પ્રમાણે નહી ચાલશે તો શું પરીણામ આવશે તે જાણેછ કે?"

"બધું જાણુંછ—બધું જાણુંછ. પણ તમે મને કાપીને ચાર ટુકડા કરી નાખશો તોબી આય તમારા ભાણેજ સાથ હું પણવાની નથી!"

"યા ખુદા! આય પોરીનું માથું ખાસી ગીયુંછ! વારૂ નથી પણવાનાં તેનું કંઇ કારણ?"

"કારણ—મારી ખુશી."



"હું ડાકટર અરદેશર વજીફદાર સાથે પરણવાને સાફ ના પાડું છું. બીજું કંઈ પુછવું છે"?

(જુવો સફા ૧૪૬ મો.)

"ખુશી! એ આજે શું બકી મરેછ! કેટીબઇ, તમે કોઇને 'પ્રોમીસ' થયાં હોશો?"

"હવે હું જાઉં, પપા?"

બેજનજી ખુબ ચીંચવાઇને કેટીની અડોઅડ ગયા, "બેઅકલી છોકરી! તું કંઇ ભરૂસે રહેતી ના. મારા કહયાસર ચાલશે નહી તો એક પઈ વગર તુંને ઘેરમાંથી ધકકા મારીને કહારી મુકશ. મારી બેહેસ્તનના સોગંદ ખાઉંછ—હું તુંને કુતરાંની કાની લાત મારીને હાંકી કહારશ. તું સમજેછ શું!"

"તમુને નાખુશ કરૂંછ તેથી દલગીર છેઉં—પણ આય એકજ બાબદમાં હું તમુને તાબે થઇ શકતી નથી. મને ગમે તે શીક્ષા કરજો, પપા; હું તે મુંગે મોહને ખમશ."

બેજનજી ધબ દેતા કે પાછા ખુરસી પર ફસડાઇ બેઠા. આવી જાતના ઠંડે કલેજેના જવાબની તેવણે સ્વપનેબી વકી રાખી હતી નહી. જે શાંતીથી અને મકકમપણાથી કેટીએ અરધાનો ખુરડો અને અરધો બાધો ચુકવી આપ્યો હતો તે જોઇ તેવણ તો ગભરાઇજ ગયા. અદીબી પસીને ગરકાવ થઇને નીચી મુંડીએ ઠસ થઇ ઉભો હતો.

"અદી!" બેજનજી ધુજતે રડમસ ચહેરે હવે તેની ગમ જોઇ કલવઈ પડયા, "મને પકર, દીકરા, મને કાંઇ થાયછ. આય રાન દદાને મારી આગળથી હાંકી કાહર. કાહર—એને મારી આગળથી દુર કર—નહી તો મારેથી આરૂં અટારૂં વાગી જશે. એણે મારી જીંદગીની ધુળ કરી નાખીછ. બસ તુંજ હવે મારો દીકરો છે. એ મારે મનથી મુઇ! એનું મોહનું હું જોવાનો નથી—એને બાહાર કાહર નહીં તો——"

"મામા! મામા!"

"ચંડાલ! હું કેહુંછ તેમ કેમ કરતો નથી? એ નીમક-

હરામ બેઅદબને જોઇને મને કંઇ થઈ આવેછ! નીકળ મારી આગળથી, ને ફરીથી તારૂં કાળું મોહનું મને ના દેખારતી–પણ સબુર, સબુર ઉભી રેહ!" બેજનજીએ મોટેથી પોકાર મારી કેટીને ઓરડાની બહાર જતાં અટકાવી, "હું જાણવા માગુંછ કે મારા પૈસાની લાલચ ઉપર કોણ બીજો મુજી બદમાશ તારી પર જાળ પાંથરી બેઠોછ? સુનાબઇ–સુનાબઇ! એવણ એ વાત જાણતાં હોશે—સુનાબાઇ!"

પાસેના ઓરડામાં બીચારાં સુનામાસી હમાયજીની સાથે બીહતાં ધ્રુજતાં બેઠેલાં હતાં. તેવણ ભઇજીના બોલાવવા છતાં આવ્યાં નહી, પણ કેટીએજ તેવણને બદલે ખુલાસો કર્યો—

"બીચારાં સુનામાસીને અકરાવી નાખવાની જરૂર નથી," તેણી ધીમા અવાજે ખુબ ટસ્સાથી બોલી; "લેઓ હું તમુને કેહુ. હું એદલજી ઉમરીગરના છોકરા જાલ સાથ 'એનગેજ' થઈ ચુકીછ. જોવ, આય રેહી નીશાની." આમ કેહી પોતાને આંગળે પહેરેલી સોનાની વીટી બેજનજીની ચકભમ થએલી આંખ્યો સામે કેટીએ દેખાડી.

જાણે કાંઇ અચબુચ પવન થઈ આવ્યો હોય તેમ બેજનજીએ ગાંડા આદમીની પેઠે કેટીને બાજુમાંથી કકડાવીને પકડી અને ખવીસની પેઠે તેણીને ધ્રુરકવા પડયા.

"શુઉઉઉ? કોણ સાથ 'એનગેજ' થઇછ? એદલજી ઉમરીગરના જાલ સાથે! મારા ખોદાય–શું હું ઘેલો થયોછ! હું બેઉનો જીવ પેહેલાં લેવશ! અરે! એ આપરા કુટુંબના મુંદઇઓને તાંહ મારી છોકરી આપું!—ઓ!—હવે શું કરૂં! અદા! વરી મને કંઇ છાતીમાં થાયછ–જરી દુખેછ! એ દુક્તી મેડ થઇછ. ઓ! તુને એક ભીખારડા સાથે–એક ભંગી સાથ

એ—એ—પરણાઉં, પણ આય ઉમરીગરને તાંહ—ઓહ! અરે! એને મારી આગળથી દુર કરો! અદી!!————"

ખલાસ! બેસુધ થઇને ધબ દેતા કે એકાએક બેજનજી દાવર પાછા ભોંયપર તુટી પડયા. તેવણને છાતીમાં બહુ જાલમ આંકરૂં ભરાઇ આવ્યું હતું.

પ્રકરણ ૧૮ મું.

દોલતના ડુંગર ઉપર કાંઈ અમથું જ જઇને બેસાય છે?

કોલાબા સેનીટેરીયમ,

તા૦ ૭ મી આગસ્ટ ૧૯૦૦.

મારી પ્યારી શીરીન,

આખરે મને મળવા વગર તું નવસારી ચાલી ગેઇ. તારાં ઉપરાસાપરી બેબે કાગલો મને મળ્યાં પણ તું ડીયરને છેલ્લી સલામ કરવાનું મારી સરજતમાંજ નહી એટલે લાચાર! મારા મામા બીજાને પટકાઇ પરીયાછ ને જનેઉં જાઉં કરી રેહયાછ. તેવણને એક ઘડીબી છોડીને તુંને મળવા અવાય તેમ નહીજ હતું. મારે માથે હમણા અવર સીતારો ઘુમેછ. બધું ઉંધુંજ થાયછ ને ચોમેરથી ચોઘડીઉ એવું આવી ઊભું છે કે શું કરવું તેબી સમજ પરતું નથી. તેમાં વળી પેલા ચંડાળ ગુસ્તાદજી વકીલે તુંને મારેથી દુર કરી નાંખીછ. મામાને ચીંતાતુર માંદગીમાં

છોડી મારેથા એક દાહરેબી મુંબઇની બહાર જવાય તેમ નથી, નહી તો તારી પુઠે નવસારી હું જરૂર આવતે. પણ વહાલી શીરીન, તારાં કાગલોની હું કાગને ડોળે વાટ જોવશ. તારાં સુખને વાસ્તે–તારી સલામતીને ખાતર–હું ઘણો અંદેશામાં છેઊ. તારો વાલી રજેરજનો એક બદમાશ છે–ને કમનસીબે તારી નાજુક ગરદન એના સપાટામાં એવી છે કે ગરજ પડવે એ કાંઇબી કરવાને અચકાવાનો નથી.

મારી શીરીન, રાતને દાહરે એ હરડતા લફંગાથી ચેતીને ચાલજે. તારાં માય એ ગુસ્તાદજીથી બીયેછ કે કોણ જાણે શું છે–પણ મારી તુંને સલાહ છે કે ગુસ્તાદજીની બાબદમાં તું બનતાં સુધી પીરોજબાઇનો આશરો ઘણો શોધતી ના. જરૂર પરે તારે એક ટેલીગ્રામ–નહી તો એક પોસ્ટ કાર્ડબી–નાખજે ને હું જીવ નાંખતો કે હજારો કામ મુકીને દોરતો આવશ. હાલ તો મારૂં ચીત્ત ચોકસ કારણોથી ચકભમ થઇ ગીયેલું છે. ખોદા જાણે જે વખત જાયછ તેમાં મારો શું અવતાર થશે. કાલે મોટો સરજીયન મેકારથી કનસલ્ટ કરવા આવવાનો છે. બીચારા બેજનજી મામા બેહાલ છે ને મને નથી લાગતું કે આય વખત હવે એવણ પાછા ઊઠે. મારૂં આખું ભવીશ હમણા તો અણઘણ એવણપર લટકી રેહયુંછ. એવણને ઊહારવાને હું જાન પટકી નાખુંછ–કારણ કે જો એવણ એમના એમ બેશુદ્ધીમાંજ ગુજરીયા તો મારી આશાઓની ધુણધાણી થઈ એમ સમજવું. એક તો ગુસ્તાદજી જેવા મુજીએ મને પાંચ હજાર રૂપીઆ તારે નામે ધીરેલા છે–ને મારી મુશકેલીમાં એ ચંડાલ મને થોડો દમ ખાવા દેવાનો છે? પૈસા તારા છે તોબા એકઝીકયુટર તરીકે એ મારી ઉપર દાંત રાખીને મારૂં જીવતું ચામરૂંબી ઉતારી લેશે.

પણ તું સુખી રેહજે, મારી વહાલી. કદાચ એકાદ બે દાહરામાં તારો જવાબ આવવા પછી હું પાછું લખશ. સલામ.

લી૦ તારો દુવાગીર.

અદી વજીફદાર.

મુંબઇથી નવસારી આવીને હરીકામ થયાને પાધરા ચોવીસ કલાક થયા નહી હશે તેટલાંમાં પોસ્ટનો સીપાઇ ઉપલો રૂકો શીરીનના હાથમાં મેલી ગયો. કેવો મુબારક પેગામ! ગુસ્તાદજીએ જ્યારે જબરદસ્તી સાથ મા દીકરીને 'ગુલાબવાડી'ના ચમનમાંથી નવ્સારીને છકે ખુણે એક બેઠ્ઠાં નાહનાં એબીયલ ઘરમાં લઇ જઇ નાખવાની નાંતલ કરી ત્યારે શીરીન ગાંધીએ આ ગોઠવણની વીરૂધ્ધ થવામાં કશું બાકી રાખ્યું નહી. પણ પીરોજબઇ માયેબી ગુસ્તાદજીના ફરમાનને તાબે થવાનો દઢ ઠરાવ જણાવ્યો એટલે એકલી અટુલી આ છોકરી લાઇલાજ થઇ પડી. તેણીએ કગલીને અદીને બબે કાગલો લખ્યાં પણ તે નહી પોતે આવ્યો કે નહી તેણે કશો જવાબ મોકલ્યો. રડમસ થઇને શીરીન પોતાની મા તથા વાલી-વકીલ સાથે નવસારી આવી. બીજો છુટકો નહી હતો. તેણીના મોટા ગભરાટ, ધીકકાર અને કમ-કમાટ વચ્ચે ગુસ્તાદજીબી તેજ ઘરમાં એક અલાહેદા ઓરડામાં ઉતર્યા. શીરીનની સઉથી મોટી ગુચવણ અને સર્વેથી મોટો બળાપો તો એ હતો કે આ નઠારા વકીલની આવી બેઅદબ આપખુદી સામે માયજી જરા વાંધાબી લેતાં નહી હતાં—એટલુંજ નહી, પણ સામુ ગુસ્તાદજી જાણે ઘેરનો ધણીજ હોય અને માય દીકરીપર રાજ કરવાને દરેક હક ધરાવતો હોય તેમ પીરોજ-બઇ દરેક વાતમાં તેની મરજીને હાજી હા કરતાં હતાં.

ગુસ્તાદજી કાનફાટયો એક આદમજાત નહી પણ એક

ઝેરી નાગ હોય તેમ શીરીન તેનાથી ડરીને દુરની દુર રહેતી. તેણી પોતે એ નાપાકને બરાબર પીછાનતાં શીખી હતી. અને અદીની તરફથી તેમજ મુસાજી તરફથી શું ઓછી ચેતવણી મળી હતી? નવસારી આવી તે દહાડેથી શીરીન આખો વખત ગુંગજ જેવી થઇને એક ખુણે ભરાયા કીધી. પીરોજબાઇ માય સાથબી તેણીએ બરાબર વાત કરી નહી એકગમથી અદીના નાહી સમજ પડે તેવી ચુપકીદી, બીજીગમથી અચબુચ મુંબઇથી લંકાને નાકે હંકરાઈ જવાનો અફસોસ, ત્રીજી તરફથી આ કંગાળ વકીલનો દહાડે દહાડે વધતો જતો જુલમી દોર—આ સઘળી આફત આગલી જાણે માથે તુટી પડી હતી.

પણ તેવામાં બીજે દહાડે સવારના પોસ્ટમેને આવીને ટપાલનું કાગલ પહેલું શીરીનનાજ ધ્રુજતા હાથમાં મેલ્યું. એક—બે—ત્રણવાર લાઇને લાઇન અક્ષરે અક્ષર ચીપી ચીપીને વાંચતાં બાપડી આ ઘેરાઇ ગયલી છોકરીની આંખ્યોમાં હરખ તથા સધીયારાનાં જાણે આંસુ ભરાઇ આવ્યાં. અદીને માટેનો વસવસો સફા થઇ ગયો એ કાંઇ જેવી તેવી ખુશાલી નહી હતી. પણ કાગલના બીજા ભાગે તેણીના બદનમાં ધ્રાસ્તીનું લખલખું પસાર કર્યું. ગુસ્તાદજીથી સાવચેત રહેવાનો અદીનો ગંભીર આગ્રહ વળી પાછો! ભલા મુસાજીના ભયંકર સખુનોનો ગોયા આ એક સ્પષ્ટ પડઘો હતો. શીરીને કાગલ ઘડી વાળી ખીસાંમાં મેલતાં સામે ન્યુસપેપર વાંચતા પડેલા ગુસ્તાદજી ગમ ઉડતી નજર ફેંકી. વકીલ—વાલી સાહેબ તો જડબું પીસીને શીરીન ગમ બારી નજરે જોતા ઇઝીચેરપર અરડાયલા હતા.

"આહ! એ દુકતીનો પીછો હજુર નહીજ છોડતો—નહીજ છોડતો!" ગુસ્તાદજીએ મનમાં કાંઇ ઘણીજ નજીસ ભયાનક ગાળ બડબડતાં દાંત કચકચાવ્યા. "વળી પાછું પેલા નખોદના

ગયલા ડાકટર અદી તરફથી કાગલ !"

વકીલે ચુંચી આંખ્યો કરી ન્યુસપેપરની કોર ઉપરથી શીરીનના ઉદાસ ચેહેરા તર્ફ જોયું.

"એ પોટ્ટીના મગજમાંની ધુંઇ હવેજ અવળી નીકળશે," તે મન સાથ બકવા પડયો. "પણ આય કાગલ પતરના ઢોંગ ઢાંગ પહેલાં બંધ થવા જોઇયે. બંદાએ એ મટુકલીને નવસારી સુધી ખડેરી મુકીને આય છાપરાંમાં ચાંપીછ તે લુખ્ખા સુક્કા હેમકો સાથ ચીઠ્ઠા ચીઠ્ઠી લખવા તો નહીજ ! હવે કાગલ લખતી ને વાંચતી ડોસી થઇ ! યેહ—એના નાકનું ટીચકું તો જોવ ! મારા વગર આય ઘરીએબી અહમદનગરમાં હાલ્લાં ઉજારતી હોતે ! એવકુફ નાદાન છે ! કોણ સાથ કામ પારવાનું છે તે આય ઘરડું ગધેરૂં પીરોજ બરાબર સમજેછ, પણ આય પોરી—"

ગુસ્તાદજીએ શીરીનપરથી પીરોજબઇપર નજર ફેંકી અને પાછું શીરીન ગમ ધારી ધારીને જોયું.

"કોપરબરાસ મેહલ્લુએ કાંય વીલમાં સરત નાખી નકામો મને આય રમકરૂં પરણી જતાં અટકાવ્યો હોશે !" તે એક ઉંડો શ્વાસ ખેંચી પાછો એકલે જીવે બોલ્યો, "સોટી સરખા આય છોકરીને મેં કાદવમાંથી ઉપાડી હરામના પૈસાથી નવાજી પણ મને તેથી ફાયદો કેટલો થયો ? એની દયાપર હાલને કાજ હું ને પીરોજ પરેલાં છઇયે. એ દુકતીના માથાંમાં વારૂં આયું ને આય પાજી પોરીયા અદીથી હુલકઇને મારી દાબ દબાવતને મચક બચક નહી આપી તો—પછી શું ? હાથ ઘસતા બેસી રહેવાનું ! એ પુઠે લાગેલા ભુખરી ડાકટર અદેશરને તો એનેથી ગાઉનો ગાઉ દુર રાખવોજ જોઇશે—નહી તો આપદા છે. નાપાક ચાન સાથ એક વખત જો એ ગોઠવઇ જાય તો એની મુડી આખી સપાટામાં આવે. ને પછી જીવને કરાર ! પણ હવે એ

છટકવાની કાંહ છે ? સીધીસીધી રસ્તે ઉતરાને કેહું તે ચેકોપર સહી કરી આપ્યાંકરશે તો ઠીક છે, નહી તો—નહી તો–ઉંહું ! તેટલી બધી હદે છેક જવું પરે એમ નથી લાગતું !"

ગુસ્તાદજીએ સેહેજ ડોકું ધુણાવી પોતાના મગજમાંનો છેલ્લો ભયાનક પાપી વીચાર ખંખેરી કાઢયો અને હાથમાંનું ન્યુસ જમીનપર નાખી દઈ ફડાક દેતો ઉભો થયો.

"શીરીન !" તેણે ઘાડા મોટા અવાજે પુછયું, "હમણા ડાકટર અદેશરનું કાગલ આયું તેમાં શું લખેછ ?"

શીરીન ઉજળી સપ મારી ગઇ–તોય જેમતેમ ચીત ઠેકાણે રાખી જવાબ આપ્યો, "કંઇ જાણવાજોગ નથી. એવણના મામા સીક છે તેથી રોકાઇ ગીયાછ એટલુંજ લખ્યુંછ."

"અં—તમે જવાબ પાછાં લખવાનાં હોશો ?" ગુસ્તાદજીએ ભવાં ચઢાવી અણકાથી પાછો સવાલ કર્યો.

"હા—લખવાની છેઉં."

"ઘણું સારૂં ! તારે જરા મારી તરફથીબી લખજે કે નવસારી બવસારી તણાઇ નહી આવે. નહી તો કે ટાલકીમાં ખાંડી ખાંડીનો મીનજ ભરયોછ તેનો કચરડો નીકળી જશે. ને એમબી લખજે કે પાંચ હજાર રૂપીઆપર પહેલા મહીનાનું બ્યાજ પાકુંછ તે સરત પ્રમાણે હજુર તોલતા નથી તે—"

"એ બધું હું કાંઇ લખવાની નથી !" શીરીન રોંહસો કરીને બોલી ઉઠી.

"નહી લખશો તો કાલ પરમ હું પોતે મુંબઇ જવાનો છેઉં તે મોહને મોહનું કેહવશ." ગુસ્તાદજી ડોળા કહાડીને મ્હોં ગંભીર બનાવી બોલ્યા, "હવે બધી તારી પતરાજી બાજુમાં મુક ને મારૂં સાંભળી લે. નવસારી કંઇ મુંબઇ નથી અને મને છેરશે તો મારૂં માથું અહીંથી ફરીને અહી આવશે. પછી તારા અદે-

સર બદેસર કંઇ અહીં આવી શકવાના નથી—સમજી ? તુંને હું સાફેસાફ બે હોકમ કરી જાઉંછ. એક તો એ કે તારે એકલી કદી બાહર અહીં ફરવા જવું નહી. મારો ભત્રીજો ચાનજી કદાચ આજકાલ અહીં આવશે—ને હું મુંબાઈ જવશ તારે અહીં રહેશે—તેનીજ સાથે તારે ફરવું. સમજી કે પીરોજ તુંબી? ખબરદાર તારા વગર યાતો ચાન વગર આય પોરીને એખલી અહીં રખરવા દીધીછ તો ! ને શીરીન, મારી તુને સખત તાકીદ છે કે પેલા રેંડીયાલ ડાકટરનો તારે હવે ઝાંખો વીચારબી નહી કરવો. એને એક આંકરોબી તેં લખ્યોછ તો તું જાણુ—મોટી ખતા ખાશે. કસમ ખાઇને કેહુંછ કે તારા પૈસાપર ભમતા એ સુખલાજામાસને હું તારી ભોળાઇનો લાભ લેવા દેવાનો નથી. ને આય તારા નજીસ કુતરાંને મારેથી દુર રાખ—નહી તો ઉંચ-કીને કુવામાં ફેંકી દેવશ ! ચાલ હટ !"

આટલું કહી ગુસ્તાદજીએ શીરીનના માનીતા કુતરા 'પ્રીન્સ' ને જોરથી લાત મારી દુર ઉરાડી નાખ્યો અને રણુપર ચઢેલા એક બલદયાની પેઠે ડોળા ચમકાવતા તથા ફીફરાં ફફડાવતા ઓરડામાંથી બાહેર ચાલ્યા ગયા. શીરીન ઉપરનો ખાર તે હીચ-કારો પોશાગીર તેણીનાં નાનાં નીરદોશ જાનવર ઉપરબી કહા-ડવાને ચુકયો નહી એ જોઇ તે છોકરીથી લગભગ રડાઇ પડાયું. ભારી બુટના ગોદાથી બુમાબુમ પાડતા 'પ્રાન્સ'ને ઉપાડી તેણીએ પાસાંમા દાબ્યો અને આંખે રૂમાલ દાબી ડચકાં ખાવા પડી.

બીચારી શીરીન ! છ સાત લાખની આ નસીબવંત વારસ આમ ખરે મને ત્યાં દીબો તાણી તાણીને રડી પોતાના દીલનો ઉભરો બહાર કહાડતી હતી ! શું કીસમતનીબી મજાખ હશે ! ઘણા દીવસો સુધી છાતીમાં ભરાઇ રહેલું દુઃખ સામટું ખાલી કરી નાખવા શીરીને એકવાર શરૂ કર્યું કે પછી પીરોજબાઇએ

તેણી આગળ જઇ ઘણીબી પટાવી પસવારી--પણ આ ફુગલા-ઇને ઉચાટ પડી ગયલી પૈસાની પુતળીની ગમખ્વારી થોભી નહી. તેણીએ પોતાની માનેબી ઝટાક મારી દુર કરી અને રડતી આંખ્યોએ પોતાના એકલા સાચ્ચા દોસ્ત 'પ્રીન્સ'ને ગોદમાં દાબી પોતાના ઓરડામાં જઇ ભરાઇ.

અરે પરવરદેગાર! આવા પાપી પોશાગીરના કબ્જામાં સપડાઇને રાત દહાડો ધડક ધુજારામાં ઓશીયાળું ભોજન ખાવું તેના કરતાં તો સ્વતંત્ર રહી અડધી સુકી રોટલી ઉપર સંતોષ પકડવો હઝાર દરજ્જે બહેતર! મુરતમાંજ જો આય ભામટો પારસી આટલી નેકનામી કરી ચુકયો હતો તો આગળ ચાલતાં ખુદા જાણે શીરીન ઉપર કેવી જફા પડવાની બાકી રહી હશે. મુસાજી અને અદીના વારંવારની એક સરખી ચેતવણી યાદ કરતાં શીરીન દેહેસતથી ઠરઠર ધુજવા લાગી. વફાદાર 'પ્રીન્સ' પોતાની વાહલી શેઠાણીની દલગીર ભીનાયલી ચસ્મો જોઇને તેણીના હાથ ચાટવા પડયો. તેની આવી મોહબત દેખી શીરીન જરા શાંત થઇ.

"મારા પ્રીન્સ!" તેણી તેનાં સુવાળાં માથાં ઉપર એક કીસ લઇને બોલી. "તારાં જેવાં જાનવરમાંબી કેટલી લાગણી છે! મારે ખાતર તું બીચારો હારમાર થાયછ. તે દાહરે ચોપાટી ઉપર પેલા મુવા રખડતા બદમાશે તારી ઉપર ખવીસ જેવા પારીઓ છોરી મુકયો ને આજે વગર કારણે તેં લાત ખાધી! બલા જાણે! પણ બીહતો ના, 'પ્રીન્સ,' આપરે એ જણાં મુગે મોહને બધું ખમીયા કરશું. કાલે એ ગુસ્તાદજી મુંબઇ કહરાશે. એનો ભત્રીજો ચાનજી કોઇ આવેછ તે કોણ જાણે કેવો હોશે. પણ છેક એના જેવો હૈયાંફુટો ઘાતકી હેવાન તો નહીજ હોશે."

શીરીનના મોહ ઉપર આ છેલ્લા વીચારથી સધીયારાનો

ઝાપ ફેલાઇ ગયો. 'ચાનજી જુવાન હોશે, એટલે મારા જેવી એકલી પરેલી છોકરી તરફ જરૂર નરમાશથી વરતશે. ગમે તેવો બી હોય તોબી હું તો પહેલે ઘરથીજ એના સાથ દોસતી રાખવાની કોશેશ કરશ. બીચારો કોઇ નોશાકરો ભાચાજી ભોટ હોશે તો સમજાવી લેતાં કેટલો વાર ? ને જો કોઇ શીઆન સલુકનો જુવાન ગ્રહસ્થ હોશે તો આય પોતાના ઘરડા લફંગા કાકાના ફાંટામાંથી મને બચાવ્યા વગર રહેવાનો નથી. ગમે તેમ હોવ પણ એ ચાનજી અહીં રહેવા આવેછ તેથી મને ઘણી ધીરજ આવેછ. ને ચાનજીની મદદ મળશે તો હું ગુસ્તાદજીના બોહોંસપર અદીને——"

" શીરાં–ઓ શીરાં !" બાહેરથી પીરોજબાઇએ બારણાપર ટકોરા લગાવી હાંક મારી. "બહાર આવ, દીકરી: નીચે ચાનજીભાઈ મળવા આયાછ તેથી ગુસ્તાદજી તુંને બોલાવેછ."

પોતાની માતાનો સાદ સાંભળતાં શીરીને ઝબકીને પોતાની ભીનાયલી આંખ્યો નુંછી નાખી. કોઇ બીજા ગમે તેવાંબી કારણુસર તેણી ગુસ્તાદજીના ફરમાવ્યાથી તે દહાંડ ઓરડામાંથી બાહેર પડતે નહી–પણ આ નવા હમશરીક થનાર ચાનજી સાથ મુલાકાત કરવાને તેણી એટલી ઇંતેજાર બની રહેલી હતી કે તુરત બારણું ખોલી પીરોજબાઇ સાથ મુગે મોંહાડે તેણી નીચે ભોંયતળીએ આગલા ઓરડામાં કાકા ભત્રીજા બેઠા હતા ત્યાં ચાલી.

ગમે તે પણ ચાનજી એક જુવાન શખ્સ હતો એટલે શીરીનને કાંઇ અજબ રીતે દીલમાં વીશવાસ બેસી ગયો હતો કે આ નવો મીત્ર તેણીનો એક મદદગારજ થઇ પડશે. નીચે જતાં તેણીનો બીધેલો મુખડો આશાથી જરા પાછો સમાધાન બન્યો. બની શકતા મીઠાસથી ચાનજીને આવકાર દેવાનો મક્કમ

ઠરાવ કરી તેણી ઓરડામાં દાખલ થઇ અને આતુરતાથી ગુસ્તાદજીની પાસે બેઠેલા ધણી ઉપર નજર ફેંકી.

" અહીં આવ શીરીન," ગુસ્તાદજી બોલ્યા. "આય મારો ભત્રીજો. એ હવેથી તારો દોસ્ત, ફીલસુફ ને રાહબર થઇને રહેશે. પણ એંહ ! એમ વરી અકરઇ શાની ગેઇ? અહીં નજદીક આવની———"

શીરીનને એકાએક જાણે દેવાનાપણું લાગ્યું હોય તેમ તેણી ઉંબર 'ઉપરજ હરણફાર થઇને એક થાંભાની પેઠે ઉભી રહી ગઈ હતી અને ગુસ્તાદજીના ભત્રીજા ગમ એકકી ટગરે જોવા પડી હતી. તે નામવર તો મેલા અખંતર પોહોળા લેંઘા, ફુગડ સદરા અને માથે ફાટી તુટી કીનખાબની બેઠી ટોપીનાજ 'ફુલ ડ્રેસ'માં સોફા ઉપર પગપર પગ ચઢાવી પોતાના પગના શાંમળાં આંગળાં મસળતા બેઠેલા હતા.

" શીરીન સમજેછ કે? ચાન જાણે ભુત પલીદ હોય તેમ બીયેછ શાંની? ચાન, એને કંઇ સલામઅકરામબી કરતો નથી કે, ગધેરા?"

" યે હેહેહે!" ચાનજીબા પોહોળું પટાક ડાચું ઉઘાડી દુમ હલાવતા હસ્યા. "કેમ હીરીન—મને દેખી તાટ કેમ થઇ ગીએલી? ઇફાં આવ—મને પહેલીવાર જોયલો હોય એમ હું કરે?"

ખરેખાટ કમકમીને શીરીન પીરોજબાઇની પડખે જઇને ભરાઇ ઉભી. ચોપાટી ઉપર 'પ્રીન્સ' ગમ પોતીકા પારીઆ કુત્રાને છોડી મેળનાર હાંડા માસ્ટર પોશાગીરને પોતાની સામે ચાનજી તરીકે બેઠેલા જોઇ તેણીના હોંશ કોશ ઉડી ગયા.

" માયજી," તેણીનાં ગળાંમાંથી મહા મુશકેલીએ ગુંગળાતો ધીમો અવાજ નીકલ્યો. "આય—એવણ કોણ? એવણ—"

" એવણ ચાનજી. એ આજે એમ શું ચેરાં કાહરેછ?" ગુસ્તાદજી ફ્ફડી પડયા.

"તું મને ચોપાટી મુંમબઇ નીહ મળેલી કે?" ચાનજી બેઅદબીથી ધવડખવડ કરતાં બોલ્યો "કાકા, એને પુછ કે એનું પીહતાં હરીખું કુતરીઉં ઉતું તેનો હહરીના પારીઆએ કેવો ભુકો કાહારી લાખેલો–હાહાહા!"

શીરીનને આંખે તમ્મર આવી ગયાં. અફસોસ! છેલ્લી આશાબી ભ્રષ્ટ! યા ખુદા–આય લુચ્ચો લફંગો ચંડાળ તે ગુસ્તાદજીએ શીરીનની સંભાળ માટે મુકરર કરેલો ચાનજી!! તેણીએ સ્થીર ઉભું રહેવા માટે પીરોજબાઇને મજબુત બાજુમાંથી પકડી રાખ્યાં.

"શીરાં, શું છે,–દીકરી–જીવને સારૂ નથી?"

"હા–મને અહીંથી લઇ જાઓ."

"અરે પણ મને કંઇ સમજ પડતી નથી. ચાનજીને જોઇને શીરીનને શું ભરકણ ભરાયું છ? કમબખ્ત, તુંબી એવાં ફરમાસુ કપરાંમાં આયોછ! બદીયન તો પેહરી મરતે!"

"અરે હું પેહરે! ગરમીએ બફાઇ ચાએલો! પણ લે. કાકા, તું પંચાની છોર. તું તારે મુમબઇ જા–એ તો રાંડીયાંઓ એમજ મચકાય. મને કીઆ હારા કુતરાએ કરએડો કે હીરીન એમ નહકોરાં ચહરાવે? વરી લાહેરી હાની કરી મરે, હેં?"

ગુસ્તાદજીએ ચાનજી ગમ એક ખવીસની પેઠે ઘુરક્યા કર્યું. તે ગુલામનો ખાધો પોતાંની જેટલી બને તેટલી નામદારી શરૂઆતમાંજ શીરીનને દેખાડી દેતો હતો.

"તમે બેઉ જણા બેવકુફના પાદશાહો છઓ. ચાનજી, તેં એની સાથ એક ઉલ્લુની કાની ચાલ ચલાવી–ને શીરીન, તેમાં મોટો વાંક તારો છે—તું એકલી ફરવા ગેઇજ શું કામ? પણ હવે તુંને ચાનજી વગર બહાર ફરવા દેવાનો નથી. ચાન મારી ગેરહાઝરીમાં તું એ પોરા સાથ દોસ્તી કરી નાંખજે.

એને સમજાવી લેજે. ને સત્યાનાશ ગીયા, ખોદાયને ખાતર જરા સલુકાઇથી કપરાં પેહેરજે. જા, પીરોજ, શીરીનને લઇ જા. મારે ચાન સાથ કંઇ ખાનગી વાત કરવીછ."

પ્રકરણ ૧૯ મું.

અભાગણી કેટી! તારી બદબખ્તીનું મંડાણ થઈ ચુકયું છે!

ચુપ—ખામોશ! જીવલેણ બીમારીમાં બીજાને પછડાઇ સુરતનો લક્ષાપતી શેઠયો મોહત જીવણ વચ્ચે ડોલા ખાતો હાલ બેહાલ પડેલો છે. ઉપરાસાપરી 'હાર્ટ કેમ્પસ'થી આજેજ બની બેજનજી દાવર એવા તો પટકાઇ પડયા છે કે કોઇબી પળે તેમનું નબળું પડી ગયલું હરદય ચાલતું અટકી પડવાની ચીંતામાં આખું કોલાબા સેનીટેરીયમ જાણે ભખરાઇને ધુવડ જેવું ગંભીર બની રહયું છે.

સુરતથી આવ્યા પછી બીજેજ દહાડે બેજનજીએ પોતીકી દીકરી કેટી સાથે ખુબ તરેહથી વહેંચી લીધું અને ખફ્ગીની ઝુમમાં છાતીએ સજજડ આંકરૂં ખાઇ પડયા—તે તો વાંચનાર જાણે છે. બસ—ત્યાર પછી આ આકળો ભુત પારસી પાછો ગુસ્સાથી ગુંગળાવા માટે ઉઠી શકયોજ નહી. બેભાન થઇને બેજનજી પડયા તે કલાકો સુધી બેસુદ્ધીમાંજ પડી રહયા. ડા૦ અદીની રાત દહાડાની ખડે પગની મેહનત પાણીમાં ગઇ. છેક ત્રીજે દહાડે સનીવારેજ બપોરના તેઓએ પોતાની

મેળે જરા આંખ્યો ઉંઘાડી અને નસોસ જીવે ઓરડામાં ડઘાઇને રડમેસ ચેહરે ચુપચાપ બેઠેલાં સુનામાસી, કેટી, હમાયજી તથા અદી ગમ જોયું. સઉ કોઇના કાળ ખાઇ ગયલા જીવમાં જરા જીવ આવ્યો. મોટો ડાકટર મેકારથી તો પાંચ વાગે આવનાર હતો તેટલાં અદીએ બની શકતા ચાંપતા ઇલાજો અજમાવ્યા. બેજનજી પોતાની દીકરીને જોઇને પાછા ઉંશકેરાય નહી તેટલા માટે ડા૦ અદેસરે હઠે પડી પોતાનાં માયજી, સુનામાસી અને કેટી સર્વેને દર્દીના ઓરડામાંથી બાહેર જવા કહી પાસેના પોતાના ઓરડામાં બેસાડયાં—અને હુકમ વગર કોઇએ બીમારના ઓરડામાં દાખલ નહી થવું એવી સખત તાકીદ કરી. અલબતે આ ગંભીર કેસની જોખમદારી સઘળી ડા૦ અદીને માથે હતી એટલે આવા ચીંતાતુર વખતે તેના ફરમાનની સામે થવાની કોઇએ હીમત કરી નહીં. બેજનજીના બીછાના આગળ ફકત વીશવાસુ પુરાણા નોકર રતનજીને ઉભો રાખી ડા૦ અદી પોતે બી બનતાં સુધી બાહેર વરંડા ઉપર દર્દીની નજરથી દુરજ રહ્યા કર્યો.

ધડક ધ્રુજારામાં અંતે બપોરની સાંજબી પડી. સુમારે ચારેક વાગ્યા હશે. ડા૦ મેકારથીની ડોળા કહાડીને રાહ જોતાં વીહલે મોહડે અદી બેજનજી વાળા ઓરડાની બાહેર માથે હાથનો થેભો દઇને બેઠેલો હતો તેવામાં એક પારસી ઝપાટામાં સીડી ચઢીને ઓટલા ઉપર ચઢી આવ્યો, અને ધબ દેતો કે અદીની પાસે બાજઠ પર બેસી ગયો.

"સાહેબજી, ડાકટર અરદેસર !"

"ગુસ્તાદજી કાનફટયા ? કેમ–શું કેહોછ ?" અદીએ ચકીત બની ને ભવાં ચઢાવી પુછ્યું.

"હું હમણાજ નવસારીથી આયો. તમે શીરીનબાઈ ગાંધીપર એક કાગળ લખ્યું તું ?"

"હા———"

"લેવો, તેનો આય જવાબ. મને હાથો હાથ પોંહચારવા અહીં તેવણે ખાસ મોકલીયોછ."

પરબીડું હાથમાં લઇ ઉખેડતાં અદીના આંગળાં ખુશીથી ધ્રુજવા લાગ્યાં. ઓ, તે મધુંરીનો મોહબતવંતો જવાબ આવ્યો ખરો! પણ તે કાગળ લાવનાર ગુસ્તાદજી પોતે? વાહ—એ વળી શું નવી ગડબડ હતી? એનવીલોપ ઉપર શીરીનના પોતાના અક્ષર હતા એમાં તો ફેર નહી. અદીએ ઝડપથી કાગળ ઉખેડયું. બહુજ ટુંકું ને ટચ તે કાગળ હતું. અંદરથી શીરીનના હરફ દેખઇતા હતા—લગાર સેહેજ ધ્રુજતા આ-વાર હતા. પ્રેમ પત્રીકા લખતાં તે બીચારીનો હાથ સ્થીર રહયો નહી હશે. સેહેજ મુછમાં હસી અદીએ કાગળ મનમાં વાંચવા માંડયું.

ડા૦ અદેસર વજીફદાર જોગ—

સાહેબ,

પૈસાદાર કેટી દાવર સાથ પણવાના છેઓ તોબી તમે મને આશાઓ આપી તે મેં હમણાજ જાણીયું. હવે આપરી વચ્ચે કશો સંબંધ નથી. તમે ગ્રહસ્થ આદમી નથી તેની મારી ખાતરી થઇછ. તમુને ધીરેલા પાંચ હજાર રૂપીયા જલદી પાછા ભરી દેજો. ઘટતાં પગલાં ભરવાને મી૦ ગુસ્તાદજીને મેં સતા આપી મુબઇ મોકલીયાછ.

ફરીથી મારી સાથ કશોબી વહેવાર રાખવાની તજવીજ કરશો તો હું પોલીસની મદદ લેવશ.

લા૦ **શીરીનબઈ ગાંધી.**

જેમ જેમ કાગળ વાંચતો ગયો તેમ તેમ અદીના કપાળ ઉપરનો ચીલ્લો વધતો ગયો. શીરીનનો આ જવાબ! એ શું કયામત આવી કે શું? ડા૦ અરદેસરના તો ડોળાજ બાહેર નીકળી પડતા હોય તેમ તે આ નાનકડાં કાગળ ગમ એક ખવીસની પેઠે જોવા પડયો. થોડીક મીનીટ તે કઠણાઇથી શ્વાસ લેતો હોઠ કરડી રાખીને આમ ચુપ બેઠો અને પછી એક ઉંડો નીસાસો નાખી તે લાલ તુટી જેવે મોહડે ઠડાક દેતો ઉઠી ઉભો થયો. હાથમાંનું કાગળ મુઠ્ઠીમાં ભચડી કચડીને અદીયાનના ખીસામાં ખોસી દઈ તેણે દાંત પીસ્યા.

"ઠીક છે, એવણુની મરજી માફક કરશું. મારૂં માથું હમણા ઠેકાણે નથી. બીજું કંઇ કહેવુંછ?"

"જી હા, કહેવાનું એટલુંજ કે આઠ દહાડાની મુદતમાં જો તમે પાચ હજારની રકમ ભરી નહી દેશો———"

"બાઇ જોવ! હમણા એ વાત કરવાનો વખત નથી. મી૦ ગુસ્તાદજી કાનફટીયા, મારા મામા આય ઓરડામાં ઘડી-પળ છે. જેવા તમે આયા તેવા અબઘડી ચાલી જવો, નહી તો પંચાતી થશે."

"ઉંહ! મામા બેહાલ છે? અરદેશર બા, ધાંખરા પાસથી કંઇ સારો જેવો——"

"ચુપ રેહો, મને તમારી લતરાજ સાંભળવી નથી. શીરીનબાઇનો જવાબ મને મળ્યો. તમારા રૂપીઆનો બંદોબસ્ત આઠ દાહાડામાં થશે."

"ને મેહેરબાન સાહેબ, વકીલ તરીકે નોટીસ આપુછ કે શીરીનબાઇ સાથ કાગળ પતર પાછું જો ચલાવશો, તો—"

ગુસ્તાદજી બોલતાં અટકી પડયા. ઓરડામાંથી રતનજીએ ગંભીર ચેહેરે જલદી બાહેર આવી અદીના કાનમાં કાંઇ કહ્યું.

"એક મીનીટમાં હું આઉંછ, રતનજી, તમારે બીજું કંઇ કહેવુંછ મી૦ કાનફુટયા?"

"હારે મુરબ્બી, મારે તો ઘણું કહેવાનું છે. જાવો અંદર જઇ આવો, હું અહીંયા બેસુંછ."

ગુસ્તાદજીને ત્યાં પડતો મેલી ભખરાયલે મોહોડે ડાકટર અદી ઓરડાની અંદર દોડયો. નસીબનાં નખરાંનો આ એક વધુ ઝટકો લાગયાથી તે સુનો બાવરો જેવો બની ગયો હતો. પરસેવાથી ભીનાયલાં કપાળને લુછતો ધડકતી છાતીએ તે બેજનજીના બીછાણા આગળ ગયો. બીમારની નાડી છેકજ નસોસ પડી ગયલી હતી અને હરૂદયનો ધપકારો બેસી ગયલો હતો. તોપણ શ્રીમંત મામા ત્યાં ઠરેલ આંખ્યોથી પોતાના ભાણેજગમ ટગર ટગર જોતા સુદ્ધીમાં પડેલા હતા.

"મામા, કાંઇ કહેવોછ?" અદીએ ગગળતા ઘાડા સાદે વાંકો વળીને પુછયું.

"અદી," તેવણ નખાઇ ગયલા અવાજે ધીમેથી જેમ તેમ બોલયા, "ડાકટર હજુર નહી આયો? કાહરે આવશે?"

"મામાજી, અબઘડી આવશે. તમે બોલ્યા ના કરો."

"મારો જીવ આજે ગભરાયછ, અદી, કોણ જાણે કાહરની મને અભત પેટમાં લાગ્યા કરેછ ને અંહી છાતીમાં દુખારો પાછો થવા માંડયોછ. કાલે સવારના આપરે નાનાભાઇ સોલીસીટરને વીલ કરવા બોલાવ્યાછની?"

"હાજી."

"પણ મને નહી લાગતું કે તેટલો વખત હવે હું જીવતો રહું. મારી આગળ આવ. અદી, અહીં બેસ. હું શું વીલ કરાવવાનો ઉતો તે તું જાણેછ?"

"મામા, ખોદાને વાસતે બોલ બોલ ના કરો. કહેવો તો હમણાજ નાના ભાઇને——"

"નહીં—ઓ નહીં! હવે વખત કાંહ છે? એ નાફર-માન પોરીને હું બરાબર ઠેકાણે—ઓહ—લાવવા માંગતો'તો. ઓ—તે કાંહ છે? એ કેટીએ મને મારી નાંખ્યો, અદી. એ દુકતી મારો કાળ થઇ લાગી. શું કરૂં? મારો જીવ ચુંથાય છ—ઓ, વરી પાછું ઘણુંજ દુખાયછ. નાનાભાઇને બોલાવવા—નહી, મારૂં આવી બનયું, હું મુવો—"

થાકીને બેજનજી લોહપોહ થઇને પાછા તુટી પડયા. તેવ-ણુના જીવના જમ "હાર્ટ ક્રેંપસ" હળવે હળવે પાછાં ભરાવા માંડતાં હતાં, અને તેવણુનો રાએતાનો લાલ ચેહેરો બીલકુલ જર્દ મારી ગયો હતો. અદીએ ઝડપમાં તેવણુના ગળાંમાં દવા રેડી એટલે બેજનજીના દબાઇ જતા પ્રાણુમાં પાછી કાંઇ તાકાત આવી.

"એ પોરી—તુને હરઘુત કરેછ. અદી, હું શું કરૂં? હું એને શું શીક્ષા કરૂં? મારૂં પેટનું બચ્ચું—મરતાં હું એને મારી નાઉં? ત્યાં મારૂં રૂહ નહી નાખુશ થશે? અદી, હજુરથી એને સમજાવી લે—ઓ—કોઇ સાથબી એને પરણા-વજે—પણુ પેલા જાલ સાથ—અરે, મને ઘણુંજ દરદ થાયછ."

ઘણીજ નાસીપાસીથી ડોકું છાતી પર નાખી હાથ જોડીને અદી આ કફોડે વખતે બકબક કરતા મામા આગળ લાઇલાજ થઇ ગયો. જેમ જેમ તેવણુ બોલતા હતા તેમ તેમ તેવણુ પોતાની અજલ નજદીક આણુતા હતા તે ડાકટર અર-દેશર આબાદ જોઇ શકતો હતો. પણુ તેમને મુગા કેમ રાખવા?

"તમે નાં બોલો, મામા—ના બોલો, જરા શાંત સુઇ

રેહો. એ તમે શું કરોછ?" અદી લોહીનો ગોટ ગળીને બેજનજીનું માથું પસવારતાં બોલ્યો.

"પોરીયા, હવે મરવાને—હું બીહતો નથી," તેવણુ એકદમ ઝીણા સાદે હાંફતાં હાંફતાં અદીનો હાથ પોતાના હાથમાં લઈ બોલ્યા, "પણ તું—મારો દીકરો મારી પછી એ જીદના ખોરીયાંને કેમ સમજાવશે? અરે મેં કાંય નહી વીલનો અગાઉથી વીચાર કીધો? હું વીલ કરવા માગુંછ, અદી, કે મારી પછી કેટીએ જાલ ઉમરીગર સીવાય કોઇનીબી સાથ પણવું—તારી સાથ કે પછી કોઇબી કારા ચોર સાથ—પણ જાલ ઉમરીગર સાથ નહી—નહીજ. જો એ નાપાંક દુકતા સાથ પરણે, તો હું એને એક પઇબી આપવા માગતો નથી; તો મારી બધી દોલત તુંને મળે. આહ—મને છાતીમાં ઘણીજ પેન મારેછ—ઓ—"

બેજનજીનો અંત આવી પુગ્યો હતો એમ જોઇ લેવાને ડાકટર અદીને કેટલો વીલંબ લાગે? ગભરાટ અને નીરાશીથી તે ઉજળો વાખ મારી ગયો. પોતાનું ભવીષ્ય એક તડાકે આમ ચોમેરથી ખુવાર બની જતું જોઈ તેના શરીરમાં ઠંડી વટીક ભરાઈ આવી. તેણે પોતાના તાસવીસ કરતા મામાના બંને હાથો કકડાવીને પોતાના હાથમાં પકડયા અને રડમેસ જીવે બોલ્યો,

"મામા, તેથી કેટી કંઇ સમજવાની નથી. તમે એનો મકકમ ઠરાવ બરાબર જાણતા નથી. મારી બધી આશા તમારીપર ઉતી અને ને હવે ધુળમાં મળી જાયછ."

બેજનજીએ એક લાંબો દમ ખેંચ્યો, "ધુરમાં મળેછ? એ સમજવાની નથી? મને ખરો બેસાર, રતનજી," તેવણુ મહા મુશકેલીએ આસ્તેથી બોલ્યા. "ડાકટર આવે યાં સુધી

હું જીવવાનો નથી. અદી, હું લખાઉં તેમ તું વીલ લખી કહાડ——"

અદી તો ડધાઈને ડંગ ઉભોજ રહયો. બેજનજી મામાનું વીલ લખી કહાડવા જેટલી સુદ્ધીમાં તે હતો નહી. તેના હાથ થર થર ધ્રુજતા હતા. એક મીનીટ તે અકળાઈને સ્થીર મુંગો ઉભો. પણ આખરે તેને અચાનક એક વીચાર સુઝયો. આહ, બાહેર ગુસ્તાદજી કાનફુટીયા બેઠેલા હતા! મામા વીલ કીધા વગર મરી જાય તે અગાઉ આ ભુલો ચુકો વકીલબી તેવણનું વસીયત ઘસડી કહાડે તો કેવું?

"સાહેબ, બાહેર એક વકીલ બેઠેલો છે, બોલાઉં?"

"ઓ તારે તો બોલાવ–જલદી તેને, તારનો બોલતો કેમ નહી? દોર રતનજી."

પણ રતનજી તો પોતાના શેઠને મોતની ઘડીએ સખત દર્દથી કળવાઈ ખેંચતાણ કરતાં જોઈ બોર બોર જેવડાં આંસુ પાડીને ધરાધર રડતો હતો.

"એ રરેછ શાનો?" બેજનજી ગમગીનીથી તેની ગમ જોઈ બોલ્યા, "વેક અદી, તું બોલાવી લાવ, કોણ વકીલ છે? ઓ,—અરે માયરે, હવે શું કરૂં?"

વીજળી ઝડપે અદી બાહેર ધસી ગયો અને ગુસ્તાદજીને બાજુમાંથી કકડાવીને પકડી અંદર તાણવા લાગ્યો, "જલદી અંદર આવો, તમે વીલ કરી શકોછ?" તેણે હાંફતા હાંફતાં પુછયું.

"અલબત—કોણનું વીલ?" ગુસ્તાદજીએ ચકભમ થઈને પોતાની ઝીણી આંખ્યો અદી ગમ ટાંકી પુછ્યું.

"મારા મામાનું. એકદમ જલદી લખી કહાડો. ગુસ્તાદજી."

ગુસ્તાદજી કાનફુટયાને બે વાર કોઈ ચીજ કેહવી પડે એમ

નહી હતું. તેવણુ પદુકરી મારીને ઉઠયા અને અદી સાથ ઓરડામાં જઇને બેજનજીના બીછાના આગળ એક ખુરસી ઉપર લાગલા ગોઠવાઇને બેઠા. મરતી વખતના વીલો કરવાનો માહવરો તેવણુને ઝાઝો હોવો જોઇયે, કારણ સપાટામાં અદીએ આપેલી શાહી, કલમ અને કાગજ હાથમાં લઇ સેહેજ નાક મસળી તેવણુ બેજનજીના બોલવાની રાહ જોતા તરા બેઠા.

વીલનો સાધારણુ ફારમ ચડચડાટ પહેલાં લખી કહાડી ગુસ્તાદજીએ એવી તો ચપળતા બતાવી કે બેજનજીનેબી તેવણુ ઉપર કાંઇ વીશવાસ આવ્યો. બેજનજીને કાંઇ લાંબુ લખવાનું નહી હતું, તેમજ લાંબુ લખાવવાનો અવકાશબી ન હતો. અદી અને રતનજીની સમક્ષમાં તેવણે ઓરડા માહેલા ત્રણે જણાની ઉંચે જીવની ચુપકીદી વચ્ચે નીચલું સાફ પણ સુતરૂં વસીયતનામુ ખટકતા દબાયલા અવાજે લખાવ્યું.

"અને મરતી વખત પુર સુદ્ધી બુદ્ધીમાં હું મારા વહાલા ભાણેજ ડાકટર અર્દેશર વજીફદાર તથા મારા પુરાણા વીશવાસુ નોકર રતનજી પોસ્ટવાળાની હાજરીમાં વસીયત કરી જાવું છું કે મારી તમામ માયા પુજી, દોલત તથા અસકયામત અને મુંબઇ, સુરત વગેરે ઠેકાણેની સ્થાવર અને જંગમ માલ મીલકતોની એકલી વારસ મારી એકપુરી દીકરી કેટીને એકજ સરતે આપી જાવું છું કે તેણીએ મારા મરણુ પછી ૭ મહીનાની મુદતમાંજ જાલ એદલજી ઉમરીગર નામના છોકરા શીવાય કોઇનીબી સાથ સાદીના ગાંઠથી જોડાવું. કેટી જો મારા ભાણેજ ડાકટર અર્દેશર વજીફદાર સાથ એ મુદતમાં પરણુશે તો મારો આતમાં પેલી જહાનમાં ઘણો ખુશનુદ થશે. પણુ જો કેટી મારાં મોત પછી ૭ મહીનાની મુદત અંદર લગન નહીજ કરે યાતો

જો તેટલી મુદ્દતમાં યા તે પછી જાલ ઉમરીગર સાથ પરણે તો તેણીને હું મારા વારસામાંથી બીલકુલ રદબાતલ કરી જવાને હું ફરમાવું છું. અને તેવા મામલામાં મારી સઘળી દોલતના એકલા વારસ તરીકે મારા ભાણેજ ડાકટર અરદેશર વજીફદારને હું નેમી જાવું છું."

એક ઠરેલ વકીલની કુશળતાથી ગુસ્તાદજીએ ચડચડાટ આ લીટીઓ વીજળીની ઝડપે ચીતરી કહાડી અને પાછી મક્કમ અવાજે હળવે હળવે વાંચી ગયા.

" સાહેબ એની ઉપર બે જણાની સહીઓ જોઇશે. આય બે સાહેબો કરશે તો બસ છે." એમ કહી તેવણે અદી તથા રતનજી ગમ આંગળી દેખાડી.

બેજનજીએ અદી અને રતનજી ગમ જોઇ ઇશારત કરી. તુરત અદીએ પોતાની સહી આ વીલની નીચે સાક્ષી તરીકે મુકી અને રતનજીએ પણ ડચકાં ખાતાં ખાતાં પોતાનું નામ લખ્યું. હવે માત્ર બેજનજીની પોતાની સહી થવાની બાકી હતી. પણ બીચારા બેજનજી ઉઠે શું ? છાતીમાં એવા સજ્જડ આંકરાંથી તેવણ મોચવાઇ કળવાઇ જતા હતા કે રખે સહી મેલવા વીના તેવણનો જીવ ઉડી જાય તેની ધાસ્તીથી અદી પોતે બેફામ જેવો બનીને ધડક ધડક થતી છાતીએ દાંતો પીસી પલંગની છત્રી આગળ ટીંગાઇ ઉભો.

એક મજબુત કોશેશ કરી બેજનજી આખરે પોતાના નબળા આંગળાંઓમાં કલમ ધરી કાગલની સપાટી ઉપર ગુસ્તાદજીએ દેખાડેલી જગ્યા આગળ પોતાની સહી કરવા રતનજીના હાથમાં ખડા થઇને બેઠા. દુખને મારે તેવણના ગળાંમાંથી તેમનો જીવ જે ઘડી જાય છે તેમાં ઉડી જવાની નીશાની દેખાડતો હતો. દવાનો એક નાનો દોઝ પાછો અદીએ તેવણને પાયો અને

બેજનજી સહી કરે તે માટે દમ ઘુંટીને ઇંતેજારીથી તેવણુના માથાંને ટેકો દઇ આગળ ઉભો. પણ બેજનજી કાગલપર સહી કરે તે આગમચ બાહેર ગાડીનો ખખડાટ સંભળાયો.

"ડાકટર!—તે આયોજી!—જા તેને લઇ આવ. ઓહ, જલદી લાવ,—અદી."

સહી થવા વીનાના વસીયતનામાં ઉપર એક લાંબી નજર નાખી અદી ઓરડામાંથા બહાર ધસ્યો અને ડાકટરની ગાડી આગળ ગયો. ડાકટર મેકારથી એક બાહોશ કસાયલો તબીબ હતો. તેણે આ જવાન શખ્સના મોહોડાં ઉપરથી જોઇ લીધું કે કામ બેહેકી ગયું હતું. સપાટામાં અદીની સાથે તે બેજનજી-વાળા ઓરડામાં ગયો. આ સઘળું બનવાને ભાગ્યે બે ત્રણ મીનીટ થઇ હશે—પણ કંઠે આવેલો પ્રાણ કોણુને માટે થોભે છે? ડાકટર મેકારથીએ બેજનજીનું મોહ જોતાને વાર એકદમ ભવાનો ચીલ્લો ચહડાવ્યો અને તેવણુની નાડી હાથમાં પકડી. બે ત્રણ મીનીટ સુધી ખુબ સંભાળથી તપાસવા બાદ તેને ગંભીરાઇથી મોહ ધુણાવ્યું.

"મને આવતાં મોડું થયું છે," તે અદી ગમ જોઈ શોકાતુર અવાજે બોલ્યો, "દરદી ગુજરી ગયા છે. મારૂં હવે કંઈ કામ નથો. ગુડ બાઇ!"

આમ કહી તે સેહેજ ડોકું નમાવી જેવો આવ્યો હતો તેવો મુગો ઓરડાની બાહેર જઇ ગાડીમાં બેઠો અને ફી લેવા વીના હંકારી ગયો. એકગમથી મોટે સાદે ભુમાભુમ કરતા રતનજી, બીજી તરફથી ઓરડામાં દોડી આવીને ભુમરાણુ મચાવી મેલતાં હમાયજી, સુનામાસી તથા કેટીની કલાપીત, અને ત્રીજી બાજુથી નધારેલી બલાગત માથે આવી પડવાનો ગમ અદી માટે એકદમજ ભારી થઇ પડયો. તેની આખે તબ્બર આવી ગયાં

અને ગમે એટલી કોશેશ છતાં તે પાસેની ટેબલ ઉપર ડોકું નાંખીને થોડોવાર બેહોસ થઇને પડી રહયો.

* * * *

કેટલા વખત પછી અદીએ આંખ ઉઘાડી તે તો પોતે કહી શકયો નહી. જ્યારે તેની સુધ્ધી પાછી ઠેકાણે આવી ત્યારે જેમતેમ તે લડરતો પડરતો ઉઠી ઉભો થયો. ઓરડામાં ગુસ્તાદજી કાનફટયા કે રતનજી કોઇ મળે નહી! માત્ર હમાયજી અને સુનામાસી મોટે સાદે બીછાણા આગળ બેસીને રદન કરતાં હતાં અને કેટી સામેની ખુરસી ઉપર બે હાથોમાં મોહડું દાબી ડચકાં ખાતી હતી.

અરે, પેલો વકીલ ગયો કયાં ? વીલ લઇને ગેપ થઇ ગયો ? વસીયત ઉપર મામાએ આખરે સહી મેલી કે નહી ? અધીરાઇ અને આતુરતાથી અદીના જીવપર જાણે એક પથરા જેવો મોટો બોજો આવીને પડયો. તે ઓરડાની બાહેર જઇને જુવે છે તો બાહેર સોફા ઉપર ગુસ્તાદજી કાનફટયા હાથમાં વીલનો ફારમ ગોળ વીટોળીને ઉંડા વીચારમાં બેઠેલા હતા. અદીને જોતાંને વાર તેવણ ઉભા થયા.

"હું રજા લઉં ? હવે મારૂં કંઇ કામ છે ?" તેવણે પુછ્યું.

"વીલ કાંહ છે ? સહી થઇ કે ?" અદીએ ગુંગળાતા ધ્રાડા અવાજે સવાલ કર્યો.

"ઉંહ, સહી ? સહી તો સાહેબ——"

"શેઠ, શેઠ, જલદી આવો ! વેકો, રતનજી ત્યાં એકદમ લોહી ઓકતા છે." સેનીટેરીયમના મસાલે અચબુચ ત્યાં હાંફતો હાંફતો દોડી આવી આ વધાઇ આપી.

"લોહી ઓકેછ—રતનજી ? એ શું બોલેછ ?" અદીએ

હરણફાર થઇને બુમ પાડી અને એક પળ ખોયા વીના બાવરચીખાના આગળ આવેલી રતનજીની કોટડી તરફ જીવ નાંખતો કે દોડયો.

ત્યાં ખચીત રતનજી ઉંધેમસ્તક જમીન ઉપર લોહીના નાનાં ખાબોચીયાંમાં તુટી પડેલો હતો. અદીએ જોયું તો તેણે આરસનીક પીને પોતાના જીવનો ઘાત કર્યો હતો. પોતાના પુરાણા શેઠનું મરણ આ વફાદાર નોકરથી જોઈ શકાયું નહી હતું, એટલે ગમીનો માર્યો તેણે ઘડીભરના દીવાનપણાની ઝુમમાં આ પગલું ભર્યું હતું.

ગડબડ સડબડ અને કલાબકોર વચ્ચે લગભગ મુઢ બની ગયલો અદી વધારે તે શું કરી શકે? રતનજી કયારનો પોતાના શેઠને તે દાવરની દરગામાં મળવા પુગી જઇબી ચુકયો હતો. એટલે હવે કરવાનું કાંઈ બાકી રહયુંબી હતું નહી. અદીનુ સઘળું ધક ધ્યાન પેલા ગુસ્તાદજી કાનફટીયાના હાથમાં બીંદડી થઇને પડેલાં વીલમાં ભરાયલું હતું. યા પરવરદેગાર, એ વીલ સહી થયું હશે કે નહી? તે જાણવાને માટે અદીનો જીવ તલપાપડ હતો. રતનજીને માટે કાંઇક હુકમો આપી, તે પાછો પોતાના ઓરડા તરફ મોટી મોટી ફલાંગો ભરી આવ્યો. ત્યાં ઉંબર ઉપર ગુસ્તાદજી પેલું વીલ ખુબ ધ્યાનથી ઉપરથી નીચે સુધી વાંચતા ઉભેલા હતા.

"વીલ સહી થયું કે?" તેણે હાંફતાં હાંફતાં ઘોઘારી સાદે બહુજ ઇંતેજારીથી પુછ્યું.

"હા. વીલ સહી થયું, હું તમને મુબારકબાદી આપુંછ. છ મહીનાની મુદતમાંજ કેટીબઇએ જાલભાઈ ઉમરીગર સીવાય કોઇનીબી સાથે પરણવુંજ જોઇશે. છમસી વીત્યા ઉપર એક દહાડો વધારે થયો કે તમુને તડાકો છે! છ મહીનામાં નહી

પરણે તો તમુને લેહેર છે—એટલી મુદતમાં તમારા વગર બીજો કોણ એ ફ્રાનસ લઇને સોધવા જવાની ઉતી ? આએ વીલ હું મારા કબજામાં રાખુંછ, ડાકટર સાહેબ. કાલે હું બપોરના ધીરે સાંસતે વાત કરવા પાછો અહીં આવશ. હું રજા લેઉં ?"

" જાવો, પણ મને જરા સહી જોવા દેવો."

ગુસ્તાદજીએ વીલનું કાગજ ખોલી અદીને સહી બતાવી. અલબત, મરતી વખતે સહી કરતાં બેજનજીના હાથ બહુજ ડડરેલા લાગતા હતા.—પણ અક્ષર તો તેમનાજ. ગુસ્તાદજી ચુંચી આખ્યો કરી અદીના ચેહેરા ગમ ધારી ધારીને જોવા લાગ્યા.

" સહી જરા ધુજીછ ખરી, ડાકટર સાહેબ," તેવણ ઘણાજ ધામેથી બોલ્યા, "પણ છેલ્લી ઘરીએ એમજ તો. જેવની આય એવણનું તમારીપર લખેલું કાગલ. તમે હમણા રતનજી પાસે દોડી ગયા તારે તમારાં ગજવાંમાંથી સરી પડયું, એમાં એવણની સહી આય જેવ. કેમ વીલમાંની સહી સાથ મળતી આવેછ કેની ? રતનજી અને મારા દેખતાં સહી કીધી'તી. ચાલો સાહેબજી !"

આટલું બોલી ગુસ્તાદજી કાનફટીયા પીઠ મરડીને ત્યાંથી ચાલયા ગયા.

પ્રકરણ ૨૦ મું.

" મારી હાતે ચાર ચોખા હંટાવી લાવ, મારાં કલેજા!"

જા–મુઇ પીડા પતી ! હવે ઘડીચપકો જરા જીવને નીરાંત થઇ ખરી ! ધણી મુવાનું એબીયલ ડાચું અને છાકટ ડોળા જોતાંજ શીરીનને ઓખાર ચહડી આવતી હતી. તેનો મસાણ-કાંઠેના ભુતડા જેવો ભેંકાટો સાંભળતાં એ છોકરીના ગાલ ઉપરનું લોહી પાણીબી ઉડી ગયું હતું. પણ હવે એ બદકાર બદલ-ગામ ગુસ્તાદજી કાનફ્ટીયો બે ચાર દહાડાબી મુંબઇ કહડાયો એટલે તેની કઠોર સત્તા તળે હેબતાઇ ગયલી લાખ્ખોની વારસ નચીંઇતાથી એ ઘડી દમખાવાને શક્તીવાન થઇ હતી.

બાહેર ફરવા હરવા તો કયાંથી જવાય ? ઘેરમાં ગુસ્તાદજીને બદલે પેલો માસનો અણઘડ દેગરો ચાનજી પડેરાની કાની આખ્ખો દહાડો ઓટલાના બાજટ ભાંગતો બેઠેલો હતો. પગના આંગળાં મસળતો જઇ આખે દીલે ધવડખવડ કરતો અને અવાચી ખાતો તે પોશાગીર સવારથી સાંજ સુધી ઘરના દરવાજા આગળ ભમ્યા કરતો હતો તે શીરીને માળ પરથી પોતાના ઓરડાના 'વીનીશન્સ' માંહેથી જોયું હતું. બુબખ કહો કે બદમાશ કહો, પણ આ ભત્રીજો શીરીનને મનથી કાકા કરતાં બેહેતર હતો—કારણ કે તે ગુસ્તાદજીની પેઠે શીરીનને પળેપળ ભખીને ગુંગળાવી મારતો નહી હતો, તેમજ દરેક વાતમાં તેણીને સતાવવાથી દુર રહેતો.

ગુસ્તાદજી મુંબઇ ગયા તેની બીજે દહાડે શીરીને ઉજ્જમ

પકડી અદી ઉપર એક લંબાણ પ્રીતી ભરયું કાગલ લખી કહાડયું. તેમાં તેણીએ પોતાની સઘળી મુશકેલીઓ દરશાવી અને પોતાની એકલવાઈ નીરાધાર હાલત વીસતારીને લખી અદીને કરગરીને આગ્રહ કર્યો કે વખત ખોયા વગર નવસારી આવી કાઇબી રીતે તેણીનો આ બે પોશાગીર પંચીઓના હાથમાંથી છુટકારો કરવો. આ કાગલ તેણીએ ઘણી સંભાળથી એનવેલપમાં બીડી ઉપર સરનામું કર્યું અને ચોકસાઇને માટે બેને બદલે ચાર પોસ્ટની ટીકીટો ઉપર ચોંટાડી. પણ એને ટપાલમાં કેમ નાખવું? ઘરની પાસેજ ટપાલનો એક દાબડો મોજુદ હતો, પણ ઓટલા ઉપર તો ખવડી ચાનજી પલાંઠો મારીને બુલ ડાગની પેઠે ચોકી કરતો હતો. શીરીને હળવેથી નીચે ઉતરી પાછલે બારણે સટકી પોતાને હાથે તે અગત્યનું કાગલ ટપાલમાં નાખવાનો કસદ કર્યો. કોઇ વીશવાસુ માણસબી હતું નહી. કારણ મુંબઇવાળી આયાને રજા આપવામાં આવી હતી. જેવા તેણી પાછલે દ્વારથી બાહેર પડવા જાય છે કે ઘરના ઉપરનું કામ કરવાવાળા વીરજી ડોસાં કમરે હાથ દઇ ઝીણું ઝીણું હસતાં સામે આવી ઉભાં.

"હીરાં માય, કાં ચાયલાં? બાહેર નીહરવાની હેતે મના કરેલી તે ભુલી ગીયેલાં કે?"

"ઓય આઉં, વીરબઇજી, આયં જરા કાગલ——"

"નહી મરં, લાવો મને આપો, હું ટપારમાં નાખા."

"બરાબર નાંખશો, વીરજી ડોસાં?"

"હારે મરી જાઉં, હું પોતે દાબરામાં ઓય નાખું. પણ છે તે—એક બે આના હોય તો આપ, મરં."

શીરીને પોતાના ખીસામાં બેઆની કહાડવા માટે ખુબ તલાસ કરી, પણ લાખ્ખોની માલદાર આ નસીબવંત છોકરીની પોતાની પાસે એક ચવલી વટીક ખીસાંમાં હતી નહી.

"હમણાં મારી પાસે નથી, વીરબઇ," તેણી રંજીદા થઇને બોલી, "મને કોઈ કંઈ પઇસા આપેછ કે હું તમુને આપું? પણ ચાલો—માયજી પાસથી લઇને હું જરૂર કાલે બે આના તમુને આપશ. જો આટલું મારૂં કામ બરાબર કરજો હં! તમારો ભરૂસો છે."

સેહેજ થોભરો ચહડાવી વીરલુ ડોસાં શીરીનનું પોસ્ટ કીધેલું કાગલ લઇને રાંધણીમાં ચાલ્યાં ગયાં. શીરીન નીરાશ બનીને પાછી પોતાના ઓરડા તરફ જવા ફરી; પણ જોયછે તો—ઓ માયરે! પછવાડે ખાટાબટ વાસ મારતા ચાનજીભઇ વગર અર્થે ડાચું ફુસકાવી કાંઇક અમર્યાદાથી તેણીગમ જોતા ઉભેલા હતા.

"કાકાને લયખું કે હીરાં? તેની હાતે તુને હાજો વેહવાર દેખું. મને મચક નીહ આપે પોરી? મેં હું તારૂં બગાયરૂં? રાખ, મારે તું હાતે જરીક વાત કરવાની છે. બેહ હીરીન, બેહ." આમ કહી એક દેવદારનો પેટારો ઉંચકી ચાનજીએ આગળ લાવી મેલ્યો અને પછી શીરીનનો હાથ પકડી જબરીથી તેણીને તેપર બેસાડી.

બીચારી શીરીન! આ ન ધારેલી મુલાકાતથી તે એટલી ગભરાઈ ગઇ કે ચીત ઠેકાણે રાખી ત્યાંથી ચાલી જવાનીબી સુદ્ધી તેણીને રહી નહી. માર્ગમાં અરીમધરીમ જેવો ચાનજી તેણી તરફ બેમહલાબાથી હસ્તો ઉભેલો હતો, તે દેખી તેણી અકરાટ ગભરાટમાં ઉજળા વાખ ચેહેરા સાથ મુગી મુગી બાકસની ઉપર બેસી ગઇ અને બે બાબરી જેવી બની બીધેલી આંખ્યોએ આ ફુવડ હાંડા માસ્ટરગમ જોવા પડી.

"મારો હહરીનાં બોલો પારહો કોઈ મંભઇ મહીં તારૂં માથું ફેરવી લાખતો છે, હીરાં, તે મારા હપાતામાં જો ફરી આયવો કેની તોબે......ની હડડી નીહ તોરી ભાખું? કેમ—હું

કેહ? મને દેખતાં તુને એ હું ગુંગજ વા થી આવતો છે—હેં?"

"તમુને જોઇને મને ઘણી બીક લાગેછ," શીરીને અતી દબાયલા સાદે ચાનજીને ઠંડો પાડવાના મનસુબાથી કહ્યું.

"યે હે હે હે! બીક લાગે? અરે મારી પોપટી, ઉં હું તુંને કરડતો છું કે કાચીને કાચી ચાવી જાતો છું? હીરીન, તું મને બહુ ગમે. તું આમ મારી હાતે જુદઇ રખે કર. ગુહતાદ કાકાની નોખી વાત છે. તારી હાતે એ ઢેરીનો જએણો પાધરો નીહ ચાલે તીમાં મારો હું કહુંર? તું કહે તો એ હત્યાનાશ ગીયાને ઉંચકીને કુવામાં ફેંકી દઉં. ઉં હીખેલો ભણેલો નીહ, મારાં કલેજાં, પણ માકા મદારીના તાલીમખાનામાં ખુબ કહાયલો તે તારા ડાકટર બાલીછટર પાંચેને એક છાપટે ઉરાડી લાખું—હઉવે! જો મારી કાંડી! જો આ બાજુનું ગોટલું! આ ટેટાં તો જો! હીરીન, રાંડયાંઓની હોરે હોલુ બાયલો બની જી—ઓ કરતાં મને આવરતું ની મલે, પણ તુને દેખી મારૂં દીલ બહુ ધ્રુજતું છે. મારી મેણા, તું પાધરી મારી હાતે ની ચાલહે તો હું કાંઇનું કાંઇ કરી પરા!"

ખુબ શુરથી પોહળા ચોળા હાથ કરીને ચાનજી પોતાનું સુરીયાણું ભાશણુ ગાફેલ થઇને પુતળાં પેઠે જડ બેઠેલી શીરીન આગળ આ મુજબ લલકારી ગયો. તે બદબખ્તને આમ લવારો કરતાં સાંભળી શીરીનને કંપારી છુટતી હતી. આ પોશાગીર ત્યાં લાંબુ પીજણ કરીને શું કહેવા માંગતો હતો તેબી હજી તેણી બરાબર સમજી નહતી. ક્યાંથી સમજે? તેણીના ખ્યાલમાં નહી હતું કે એટલી જલદી વાત આટલી હદ સુધી કાકા ભત્રીજાની નમુનેદાર જોડ લઈ જશે.

"તું બોલતી નથી ને ઘુવર પેઠે મારાં મોના હામુ જોયા કરે—પણુ જવાબ નીહ આપહે તો ઉં તુને ખહવા નીહ દેવાનો, મારી લાડકી! મારી હાતે ચાર ચોખા પારી લાખ, હીરીન ને—"

થડાક દેતી કે શીરીન ઉઠીને ઉભી થઇ. ધાસ્તીને મારે તેણી ઠરઠર ધ્રુજતી હતી અને મોહડાં ઉપરથી રંગનું ટીપેટીપું ઉડી ગયું હતું.

"એ શું બોલોછ?" તેણીએ હરણફાર થઇને બોખરે અવાજે બુમ મારી. "તમારૂં માથું બાથું ગીયુંછ કે? ખીસો, મને જવા દેવો."

ખીસવાને બદલે ચાનજી એક ડગલું વધારે નજદીક આવ્યો, "હેં, વરી મરડાટ આયવો કે? ગુહતાદ કાકો તુને મારે અહતક સોંપી ગીયેલો. મને કહી મુકેલું કે તું હીધેહીધી હીહામાં નીહ ઉતરે તો લગરીક તાટ હાથ રાખીને તારો રહતો કરી લાખવો. પણ નીહ, હીરીન, નીહ–તારૂં દઇત્રાં હરખું મોનુ દેખું કે હુંબી હરખો પોચો પરી જાઉં. આ પીહતાં હરીખી તું બુચી–તારીપર હું જોર કરૂં? જાણુતો છું કે તું જરા પહેલાં મચકાહે ને પછી હુદ્દમાં આવહે. લે ચાલ હવે બોલી નાચવાવારી કહબનની કાની નખરાં હાની કરે?"

એમ બોલતાં મુજી ચાનજીએ શીરીનનો હાથ જોરથી પકડી તેણીને પોતા તરફ ખેંચી.

"મને છોરો," તેણીએ ડઘાઇને મોટેથી બુમ મારી, "માયજી! માયજી!"

ચાનજી ખડખડ હસી પડયો. "કોઈ તુંને હાંભરવાનું નથી, મારી મધુરી! તારી હત્તર માયજીને બોલાવ પણ મારો જવાબ નીહ દેહે તો આજે તુને છોરવાનો નીહ. લે હવે હું જવાબ આપે? ઝટપટ બોલી દે. તું હુજીહમજીને મારી હાતે નીહ પરણહે, તો તુને ઠેકાણે લાવતાં મને હું નીહ આવરે કે? ચાલ બોલ–મને બોકી આપે કે નીહ આપે?"

લફંગા ચાનજીએ આમ કહી શીરીનને પોતાની પાસે



મુજી ચાનજીએ શારીનનો હાથ જોરથી પકડી તેણીને પોતા તરફ ખેંચી.

"મને છોડો!" તેણીએ ડધાઇને મોટેથી બુમ મારી, "માયજી! માયજી!"

(જુવો સફો ૧૭૮ મો.)

એવી તો ખેંચી કે શીરીને એક જબરી ચીસ પાડી. એક મીનીટમાં તે નાપાક આ કમજોર છોકરીની નીરાધાર એકાંત હાલતનો કેવો લાભ લેતે તે કહેવાઇ શકાતું હતું નહી. તે શીરીનની કાંડી કકડાવીને પોતાની મુથ્થીમાં પકડી રાખી ફાટે ફાટે ડોળે તેણીની ગમ એક ભુખ્યા તરસ્યા વાઘની પેઠે ફુંફારા મારતો જોતો હતો. ચોમેરથી ઘેરાઇ ગયલા એક શીકારની માફક કલવાઇને શીરીને પાછી ઉપરાસાપરી ચીસો પાડવા માંડી—પણ—

"ઓહ !"

પછવાડેથી કોઇએ એક જબરદસ્ત જાડી ડાંગનો મજબુત ફટકો ચાનજીના માથાપર એવો માર્યો કે ઘુમરી ખાઇને જમીન ઉપર તે બેભાન ચટોપાટ તુટી પડયો. ઘરડો મુસાજી છેડાયલ ભુંડની કાની ડોળા કકડાવતો વાંકો વળી તેની તરફ દાંતો કચકચાવતો જોતો હતો.

"મુસાજી!" શીરીન રડી પડીને તે ઘરડા મુંસલમીન કારભારીના હાથને વળગી પડી.

"એકદમ તમારા ઓરડામાં દોડી જાવો," તેણે હોઠ બીડીને શીરીનને કહયું. "અને આય ચંડાળને મેં માર્યોછ તે કોઇને કહેતાં ના. બીહતાં ના, શીરીનબઇ, તમારી પુઠે હું હાજર છું. આ શેહેતાનો ગમે તેવો જુલમ પાડવા માંગશે, પણ હું તેઓને ફાવવા દેવાનો નથી."

શીરીન એક બોલ બોલવા વીના ત્યાંથી નાઠી અને મુસાજી જેટલો ઝડપમાં ત્યાં આવ્યો હતો, તેટલોજ ઝડપમાં ત્યાંથી ગેપ થઇ ગયો.

પ્રકરણ ૨૧ મું.

આડે લાકડે આડો વેહ!

સુરતનો શ્રીમંત શેઠીયો બેજનજી દાવર એકાએક મુંબઇમાં ગુજર પામયો અને તેજ દહાડે તેવણના વીશવાસુ કારભારીએ ગમમાં ને ગમમાં ઝેર પી આપઘાત કર્યો, એટલે મુંબઇગરાઓમાં હોહાનું પુછવુંજ શું? મરનારના માનમાં પાયદસ્તબી જંગી મળી હતી. પાયદસ્તે જઇ આવયા પછી અદી સેનેટરીયમના વરંડા ઉપર માથે હાથ દઇ શોકાતુર મોહડે એક ખુણામાં વીચાર કરતો બેઠો હતો. બપોરનો સુમાર હશે. થોડાક દાહાડા ઉપર તો ડાક્ટર સાહેબ લક્ષાપતી કેટીને પરણવાની પુર ખાત્રીમાં ધરપર ડોક રાખતા નહી હતા, પણ તેટલાં—અફ્સોસ! આય શું ઓરનું દોર થઇ ગયું? મામાએ વીલ કરી કેટીને કબસ બાંધી લીધી ખરી પણ એ મમતી, મકકમ ઠરાવની છોકરીના ભેજામાં વાહરૂં આવ્યું તો? હુજતને મારે જો ૭ મહીનાની મુદતમાં તેણી અદીને તેમજ જાલ ઉમરીગરને બેઉને પડતા મેલી કોઈ ભલતા સાથ લગન કરી જાય તો? તો અરદેશરબા હાથ ઘસતા કોરા કકરતા બેસી રહે—બીજું શું વળી?

"અદી પોતાના આ વીચારોમાં ગુંટાયલો હતો તેટલાં ગુસ્તાદજી કાનફ્ટીયા લેહેરે લેહેરે ચાલી આવી તેની સામેની ખુરસી ઉપર ગોઠવાઈ બેઠા.

"અરદેશરજી, હું આજે રાતના નવસારી ઉપડી જાઉછ. જાઉં તે અગાઉ જરા બે ચાર વાત કરી લેવાની જરૂર છે."

અદી જરા હુશીયારી પકડી ટટાર બેઠો. "મી૦ ગુસ્તા-દજી, તમે આએ વીલ તમારા કબજામાં રાખો તે સામે મને વાંધો છે. એ તમે વાંચો તેટલાં કોઇ ભરૂસેદાર જગાએ સલામત રાખવું જોઇયે."

ગુસ્તાદજીએ સેહેજ પોતાની બોચી પસવારી, "જીહા, ને મારોબી આબાદ તમારા જેવોજ વીચાર છે. બેજનજી દાવરના સોલીસીટર મી૦ નાનાભાઇ માદનની આફીસમાં હું હમણા જતો આયો ને તેવણને હસ્તક વીલ બરાબર સોંપી આપ્યું છ, કેમ બરાબર કીધું કની ?"

અજાયબીથી આંખ્યો ઉઘાડી અદી ગુસ્તાદજીની આવી વર્તણુક વીશે વીચારમાં પડયો. વાહ, ગુસ્તાદજી જેવા ઉઠાવગીરોનો સાહુકાર આવો સીધો રસતો અખત્યાર કરે ! નવાઇજ તો !

"તમે એ ઠીક કીધું," તે જરાક નરમાસથી બોલ્યો, "એ વીલની વાત ફ્રેડીબઇને કહીશું. તમારૂં હવે કંઈ કામ છે ?"

"કાયદા પ્રમાણે વીલ વંચાતી વખત મારે હાજર રહેવું જોઇયે, કારણ નીચે મારી સહી છે. તમે કાહરે એ બાબદ ફ્રેડીબઇને જણાવવા માંગોછ ?"

"આહારમને દહાડે આસ્તેથી નાનાભાઇ એ વાત છેરશે–"

ગુસ્તાદજીએ હળવેથી અદીના ખભાં ઉપર પોતાનો હાથ મુકયો અને તેની મોટી અજાયબી વચે ધીમા સાદે બોલ્યા, "ડાકટર, તમે ધારોછ તેટલો હું તમારો મુદઇ નથી. હું તમુને મદદ કરવા તઇયાર છેઉં. મારી ઉપર વીશવાસ રાખો તો હું તમારૂં કલ્યાણ કરી આપશ."

"એટલે, તમે શું કહેવા માગોછ ?" અદીએ ગુચવાઇને પુછ્યું.

"એટલે, એમ હું કહેવા માગુંછ કે મને આએ કટોકટ બાબદમાં તમારો સાથી બનાવો. તમે ઘણા હુશીયાર થવા જઈ ફુંફાં કરશો, તો બેજનજી દાવરની દોલતમાંથી એક પઈબી પામવાના નથી. વીલ એવું કફોરૂં છે કે તમે આય કેટીબઇની તમામ દયાની ઉપર હાલ લટકેલા છેઓ. કલવકલે કામ લેવો. મારા સાહેબ, નહી તો ચોખ્ખા રવડી જશો."

અદીએ ભવાંને ચીલ્લો ચહેડાવી એકુએ મીનીટ ગુસ્તાદજીના કોઠાં તરફ ધારી ધારીને જોયા કરયું. આ કમબખ્ત લુચ્ચાનો શાહ વકીલ વળી શું ગડબડ ગોટામાં રમતો હશે!

"ગુસ્તાદજી," તે મીજાજથી બોલ્યો, "તમારા મનમાં શું છે તે સાફ સાફ કહી દેવો. વીલ તો ખોલ્લું દીવાની જોત જેવું છે."

"હા, છ મહીનાની મુદતમાં કેટીબઇએ પરણવુંજ જોઇયે—જાલ સીવાય કોઈનીબી સાથે! હવે સમજો કે એટલા અરસામાં એવણ પૈસાને ખાતર જાલને છોરી દઇ કોઇ બીજાની સાથે ચપ કરતાં ગોઠવઇ ગયાં તો તમારો શું હાલ? બા, વીસ લાખ રૂપીઆ કાંઇ નાખી દેવાના નથી."

"બીજા વરી કોણ સાથ? જાલને નહી પરણે, તો પાછી મારી સાથજ લગન કરવા વગર બીજે કાંહ જવાની છે? બેહસ્તી મામાના વસીયતનીબી એજ મતલબ ખુલ્લી દેખાયછ., છ મહીનામાં છતો હું તૈયાર છેઉં તેને મુકીને કેટી બીજા કોણને શોધી કહાડવાની ઉતી?"

"એ શું અડુગ જેવી વાત કરોછ? વીસ લાખની ખુબસુરત કેટીને પણવાને વાસતે છ મહીનામાં તો શું પણ છ કલાકમાં લાવોની તમે માગો તેટલા ને માગો લેવા જવાનયાઓ લાવી આપું. જાવો, જાઓ, કાંઇ મનમાં એમ ખાંડ ખાઇતા!

સુઝે ના રહેતા. તમારી સાથે જો કેટીબઇને બોંહોસજ લાગી ગેઇ, ને જાલ ઉમરીગરથી પોતાને જુદી પાડનાર તરીકે તમારી સામે એના દીલમાં અભાવ એસી ગીયો, તો જરૂર મનમાં વેર વરસાવીને તમુને શીક્ષા કરવાને વાસતે એ કોઇ ભુલાચુકાના માબાપ સાથ આશીરવાદ સરાવી આવશે–ને પછી મ્હોંડું ફાડીને જોયાજ કરજો."

ખચીત, અદી મ્હોં ફાડીને ગુસ્તાદજી ગમ જોયાજ કરતો હતો. આ દુનીયાદારીનો ખાધેલો વકીલ બોલતો હતો તેમાં ફેર નહી. પઇસા સઉને પ્યારા છે. ભીખારી હાલતમાં કેટીને લેવા જો જાલ અખાડા કરી જાય, યાતો દોલતને છોડી દેવા કરતાં જાલને પડતો મુકવાનું જો કેટી વધારે પસંદ કરે, અથવા કાંઇ નહી તો અદીને પાયમાલ કરવા જીદને મારે જીવપર જોરાવરી કરી કેટી વીલની સરત પ્રમાણે ૭ મહીનામાંજ કોઇ ભલતા આદમી સાથ પરણી બેશે, તો પછી થઇ ચુકું ! જાલનો વીચાર સદંતર તજી દઇ ૭ મહીનામાંજ કોઇ તરાહેત ખાવીંદ શોધી કહાડવાને કેટી ગમે એટલીબી દોલતને ખાતર કબુલ થાય એ જો કે બનવાજોગ હતું તો નહી–પણ ખાત્રીથી કેમ કહેવાય?

તેને ગુચવાતો દેખી ગુસ્તાદજી મુછમાં હસતા તથા તપકીરના સરૂકાપર સરૂકા લેતા મુગા બેસી રહ્યા.

" તમે બોલોછો તેમાં વજુદ છે, પણ બીજો ઉપાય નથી," અદી એક ઉંડો દમ ખેંચીને બોલ્યો, " હું કેટીને જીતવા અને મારી તરફ ખેંચવાની મારી બનતી કોશેશ કરશ. પછી તો એની મરજી. ૭ મહીના એને વીચાર કરવાને મલશે તેટલાં જો એ હઠે પડીને મને પઇ વગરનો ટવળતોજ કરવા ઇચ્છતી હશે તો—તો મારૂં નસીબ—"

"પણ વીચાર કરવાના છ મહીના કેટીબાઇને શું કામ આપોછ ?" ગુસ્તાદજી બહુજ ધીમેથી અદીના કાન આગળ વાંકા વળીને બોલ્યા.

ચોંકીને અદી તતણખાર બેઠો. "એટલે ? હું તમારો મીનીંગ સમજતો નથી."

"તાહરે જરા ધ્યાનથી મારો પલાન શું છે તે સાંભળો. બાપુ મારા, એવા મામલામાં આડે લાકરે આડો વેહ લીધા વગર તમારી પાસે બીજો છુટકો નથી. હું નવસારી જાઉંછ. તાંહ જઇને ઘણો સીક પરી જવશ. ત્રણ ચાર મહીના ખાટલે પરશ યા કેથે જતો રહેવશ. પછી બેજનજી શેઠની છમસીને મહીનો બે મહીનાજ બાકી રહેશે કે મુંબઇ આવી આપરે હલ્લુ ધીરેથી કેટીબાઇને વીલની વાતની ખબર કેહીશું. તેટલાં નાનાભાઇ સોલીસીટરબી કેટીબાઇને એ વીલની વાતથી વાકિફગાર નહી કરે તેનો હું બંદોબસ્ત રાખશ. તે વીશે તમારે બેફીકર રહેવું. નાનાભાઇબંદાને રૂપીઆ હજારની ફી મળી તો કામ પાકીયું થયું એમ સમજવું. કેમ, ધ્યાનમાં વાત ઉતરેછ કેની?"

ના, અદીના ધ્યાનમાં હજી વાત ઉતરી નહી. તે તો મુઢ જેવો સામે બેઠેલા પલીડરને માથાથી પગ સુધી ટીકટો પોતાના ગુચવાડામાં બેસી રહયો હતો.

"કાચ્ચા, બહુ કાચ્ચા!" ગુસ્તાદજીએ ધીરેથી ડોકું ધુણાવી આગળ ચલાવ્યું, "તમે ભણ્યા પણ ગણ્યા નહી. હવે કેટીબાઇ અને જાલ ઉમરીગર ખુશાલ પોતાના ભવીશને માટે મીઠી મીઠી વાતો કરતાં અરસપરસ અદરાઇને ફરતાં ફરશે. જ્યારે વીલની મોહકાણ કેટીબાઇજી પહેલ વહેલી જાણસે ત્યારે હાથમાં બે મહીના બાકી રહેશે. બે મહીનામાં જાલને એકાએક છોડી કોઈ અલફાતુને પરણી જવાની તેણીને ફરજ પડશે.

નહીતો તમામ પઇસા તમુને આપવા તઇયાર રહેવું પડશે. યાદ રાખજો, સાહેબ, કે જાલને છોડી દોલતને ખાતર કોઇને પરણવાને કેટી ચાહશે, તો બે મહીનાની મુદતમાં તે બીચારી અકરાટ ગભરાટમાં તમુને છોડી બીજા કોઇને શોધવા જનાર નથી, અને જો તમુને યા બીજા કોઇને નહી સ્વીકારતાં જાલનેજ પકડી રહેશે તો તમારૂં કામ પાર !"

અદી ફરાક દેતો કે ઉઠી ઉભો થયો અને મોટી ફલાંગો ભરી આમથી તેમ વરંડા ઉપર નીચી ડોકે ચાલવા લાગયો. ૨૦ લાખ રૂપીઆ ! આહ ! એ કાંઇ નાની સુની રમત નહી હતી. અને તેમાં કેટી જેવી માજનદરાનની સાથે કામ પાડવાનું ! એ અફલાતુન છોકરીની ચબરાકી અને હુશીઆરી યાદ કરતાં અદીના કપાલપર પરસેવો ફુટી નીકલ્યો. પાંચેક મીનીટ ખુબ મનમાં અકળાયા કરી તે અચણુચ લાલચોલ ચેહેરે ગુસ્તાદજીની સામે આવી ઉભો અને ધાડા અવાજે બોલ્યો—

"ઠીક છે, તમે તમારૂં સુઝયું કરો. મને કંઇ હમણા સુઝ પડતું નથી."

ગુસ્તાદજી મલકાયલે મોહોડે રૂખસદ લેવાને ઉઠયા, "મારી ફીનું પછવારેથી સેટલ થશે. પણ આય તમારૂં કામ હું કરૂં, તેના બદલામાં એક વચન તમારી પાસેથી જોઇશે. તે એ કે શીરીનબાઇ ગાંધીનો વીચાર હવે તમે બીલકુલ છોડી દેવો. દહીમાં ને દુધમાં એમ રમયા કરવામાં ફાયદો નથી, ડાકટર. શીરીને જયારથી તમારી કેટીબઇની વાત જાણી ત્યારથી તમારે નામે થુથુ કરી રહીછ. લાવો, મને વચન આપો કે તમે એ નાદાન પોરીની પુઠે હવે ભમીને હલકઇ નહી દેખારશો—પણ આએજ કેટીબાઇવાળું સદ્દર બોકરૂં જીતી જવાપર દીલ લગાડશો."

ક્રોધને મારે અદીએ દાંતેદાંત પીસી નાખ્યા. એક તીરસ્કારભરી નજર ગુસ્તાદજી ગમ ફેંકી તે કાંઇબી જવાબ દીધા વગર ધડાકાબંધ પોતાના ઓરડામાં ચાલી ગયો અને ગુસ્તાદજીના મોહડાં સામે ધડાક દેતું કે બારણું બંધ કરી દીધું.

"આહાહાહા," તે વકીલ મનમાં ખુબ ગેલથી હસી પડયો, "આય ઉલ્લુ ઠીક સપાટામાં આયોછ. બચ્ચા ગુસ્તાદ, બમે ગમની બાજી તુંને હવે ખેલવાની છે. આય બેજનજી દાવરના વીલમાંથીબી કંઈ નવો રંગ જાગશે એવું દેખાયછ તો ખરૂ! શીરીનવાળું ચીઠરૂં આબાદ કારગત લાગુંછ. તે પોટકીને કેહીયે રાન તું હવે બેઠી બેઠી તારા અદેશરના કાગળની વાટ જોયાજ કર!! એ ગધેરાંઓને ખબર નથી. કે ફારજરીઓ કરતાં કરતાંને લોકોના અક્ષર હુબહુ ચીતરી કહાડતાં મારો જન્મારો ગીયોછ. તેમ નહી હોતે તો આજે આય બેજનજીનું વીલ——એહહેહે! ને નવસારીમા ચંડાલ ચાને પેલી દુકતીને અત્યાર સુધીમાં તો નરમ બાસુદી જેવી બનાવી મેલી હોશે!"

પ્રકરણ ૨૨ મું.

તું સેર—તો હું સવા સેર!

ચંડાલ ચાનજીની ચુંગાલમાંથી પોતાને મુસાજીએ કટોકટ પળે બચાવી લીધી તે દહાડેથી બીચારી શીરીને જબરદસ્ત હેબત ખાધી. ધાસ્તીને મારે તેણી હવે સારો દહાડો 'પ્રીન્સ'

કુતરાને લઇ પોતાના પહેલા માળના ઓરડામાં બારણાંને અંદરથી કળ દઇને ભરાઈ રહેવા લાગી. ચાનજી બાને માથાં પર ગરમાગરમ ઝપેટા પડયા પછી તે ચાનધરણ તો દીસ્યાજ નહી—પણ તોબી આ બીચકી ગયલી સુંદરીએ પોતાની માતા પીરોજબઇની ગમે તેટલી સમજાવટ અને ધમકી છતાં ઓરડાની બાહેર એક ડગલું વટીક ફટકવાને ધસીને ના પાડી. પીરોજબઇ કે વીરલુડોસાં જો ઘણું દબાણ કરતાં તો શીરીન એઅખત્યાર મોટેથી રડી પડતી—એટલે આખરે તેઓએ આ છોકરીનું ભાણું, ચા વગેરે તેણીના ઓરડામાંજ લઇ જઇ આપવા માડયું. જીવ પર જોરાવરીજ તો!

ત્રણેક દહાડા આમ નીકળી ગયા હશે—કે એક દહાડો સહ્વારના સાતેક વાગતે શીરીનના ઓરડાનું બારણું ઠોકાયું.

"શીરીનબાઇ—એતો હું મુસાજી છેઉંજી—જરા બારણું ખોલશો?"

પોતાને ઉગારનાર ભલા ઘરડા મુસલમીનનો અવાજ સાંભળતાં શીરીને તુરત બારણું ઉઘાડયું. મુસાજીને જોઇને તેણીનો કરમાઈ ગયલો ચેહેરો પાછો ખીલી ગયો.

"તમે હજુ અહીંજ છેઓ—ગીયા નથી?" તેણીએ અજાયબ થઇને પુછ્યું.

"તમુને એકલાં અહીં મુકી જવામાં હવે જોખમ છે, શીરીનબઇ. લફંગો ચાન કેડે બહાર ગગડેલો છે ને પીરોજબઇ વીરલું ડોસાં રાંધણીમાં નીચે રોકાયાં છે, એટલે બાઇની ખબર પુછ્વા હું ઉપર ચહડી આવ્યો. કેમ, કેફીયત કવી છે? અંદર ભરાઇને શું કરોછ?"

"હું બહાર હવે નથી નીકળતી. પણ તમુને એ લોક જોશે બોલશે તો? બા, મને——"

"છટ! કાંઇ થવાનું નથી—બીહો નહી. લુચ્ચા ચાનજીની મુડી મારા હાથમાં છે. એ જાણેછ કે જો હું ચાહું તો આજે એને ત્રણ લાકડે ચહડાવું—એટલે મને જોતાંજ એ ગાઉ દુર નાહસ્તો ફરેછ. ને ગુસ્તાદજી——યાહ! આજે તે ખાના ખરાબ મુંબઇથી અહીં આવેછ——"

"ઓ માયરે! હવે કેમ કરૂં?—"

"ગભરાવો નહી. તે હીચકારો એકલે હાથે કંઇ કરી શકવાનો નથી. ગમે તેબી થાય પણ દીલમાં યાદ રાખજો કે મુસાજી તમારી નજદીક છે. કામ પરે તો દશ ગુસ્તાદ કાનફટયાને એક મીનીટની નોટીસમાં જવાબ દેવા મેં તૈયારી રાખી મુકીછ."

શીરીનની આંખ્યોમાં આંસુ ભરાઇ આવ્યાં. તેણીથી બોલી શકાયું નહી. પણ જે ઉપકારની ઉંડી લાગણીથી એ નીધંણ છોડી મુસાજીના મોહ ગમ જોતી હતી તે દેખી તે મુસલમાન કારભારી મમતા અને દયાથી મુછમાં હસ્યો.

"માસાલ્લાહ! તારીપર જફા પડેછ, છોકરી!" તે એક પીતાના પ્રેમથી શીરીનનો બરડો પશવારતાં બોલ્યો, "તારી સોવામણી શીકલનો આ કેવો અવતાર! હું તો કાલે તુંને જોઇને ફાટીજ ગયો. તારા ગાલપરના ગુલાબ તેં કયાં વેરી નાખ્યા? તું શું કામ આખો વખત ચાર દીવાલો વચ્ચે ચંપાઇ રહેછ? જરા એકલી કેથે બે ઘડી ફરવા તો નીકળ."

"નહીજી. મારી સાથ પેલો મુવો—"

"અડગરો ચાનજી પુઠે ઘસરાયછ, હેં? એ બેઉ લ્યાનતી કુતરાઓની ઇલ્લત બુરી છે. પણ અલ્લાહ સાહેદ છે—કે હું એ બેબુનીયાદ દગલબાજોને બરાબર પુરો પડીશ. શીરીન, બીજા થોડા મહીના આ ખેલ જોવાનો છે—જરા દીલે હીમત ધરી મુંગે મોહડે બધું ખમયા કર. ઘણું તો બીજા છ મહીના—"

" છ મહીના ! અરે ખોદાય !"

" બોલ બોલતાંમાં તેટલો વખત ઉડી જશે. તેટલોવાર હું આય ઘેરની આસપાસ ભુતની કાની ભમતો ફરૂંછ. જો સાંભળી લે, શીરીન—અબઘડી અહી પેલો જમાને ખાધેલ ધુતારો ગુસતાદ દગલ ફ્સલ વાતો સાથ પાછો આવી લાગશે. ગમે તેટલો ધરતીકંપ કરી એ તને આ ભુંડા ભત્રીજા સાથ લટકાવી દેવા માંગે, ગમે તેવીબી પહાડ ફાટે તેવી ગાળો દઇ તને કોઇ ચેક પર સહીનું બીલાડું ચીત્રી આપવા કહે, ગમે તેવીબી મારફાડ કરી એ ચશમખોર તને કોઇ કીસમનું કાગળ લખવા જણાવે-પણ, તું ડગમગતી ના. બસ મોહ બીડીને તું તારે મુંગી મંતર બેસી રહેજે ને બાકીનું હું જોઇ લેવશ—ઇસ્તિફર અલ્લાહ ! કોઇનાં પગલાં સમજાયછ ! જલદી ! તું ઓરડામાં ભરાઇ જા ને બારણાને સાંકળ દે–હું અહીં ચાલમાં પેલા પડદા પછવાડે છુપઇને ઉભો રેહુંછ. હો–હો ! આય શું–એજ ગળાંફાંસું પાપી આવી લાગોછ ! ખબરદાર, શીરીન !"

એક પકુકરી મારી મુસાજી ઝટ પડદાની પાછળ દબાઇને સંતાઇ ઉભો. ગરીબડી શીરીન તો ચાદર જેવી ઉજળી સપ થઇ જઇ નેતરનાં ઝાડ મીસાલ કાંપતી ત્યાંની ત્યાં થંભ ઉભીજ રહી. તેણીના કપાળ ઉપર ઠંડો પસીનો ફુટી નીકલ્યો હતો. મુસાજીના ફરમાવવા મુજબ ઓરડામાં ચાલી જવાનુંબી તેણીને ભાન રહયું નહી. તેણી પોતાનું ચીત સાવધ કરી શકે તે અગાઉ ગુસ્તાદજી કાનફટીયો ફડક ફડક પગલાં ભરી તેણીની સમક્ષ આવી ઉભો.

" અબઘડી હું આયો ! બધાં જણાં કાંહ સુકઇ મુવાં ? ભોંયતળીએ કારૂં કુતરૂંબી નથી. ચાનજી પીરોજ સઉ કાંહ છેરે, પોરી ?"

"હું નહી જાણુતી."

"નહી જાણુતી ? તાહરે અહીં ઉખરા જેવી એકલી ઉભી રહીને શું કરેછ ? વરી ટપાલમાં કંઇ કાગલ ટપકાવવાની વેતરણમાં હોશે. જો આય તારૂં કાગલ—ડોરા ફાડીને જો. હમણા નીચે મને વીરલું ડોસાંએ આપ્યું. તું હજુર ઠેકાણે આવતી નથી ? સીધે સીધી સમજવાનીજ નહી—કેમ ? મેં ના કેહયું'તું તોબી આય ચીથરૂં કાય પાછું પેલા સાળુ સુકાલ્યાને લખ્યું ?"

શીરીન શું જવાબ દે ? ગુસ્તાદજી તેની ગભરાયલી ચસ્મો સામે ડા૦ વજીફદાર ઉપર તેણીનું લખેલું કાગળ ધરીને વીક્રાળ ગોધાની પેઠે નાકનાં ફીફડાં ફફડાવતા હતા. હા—તેજ કાગલ કે જે તેણીએ વીરબાઇ ડોસાંને પોસ્ટમાં નાખવા માટે ખાસ મીન્નત કરીને સોંપયું હતું. ખુશાલ તે પ્રેમ પત્રીકાનું પરબીડું ફાડી નાખવામાં આવેલું હતું. ગુસ્તાદજી કાનફટીયાએ તે આખું ચીપીચીપીને વાંચ્યું તેમાં તો જરાબી શક નહી. ડાકટર અદી ઉપર ઝાર ઝાર ફરીઆદ કરીને લખેલો પોતાનો આ ખાનગી પેગામ આબાદ આયજ શયતાનના હાથમાં આમ ઉંધાડો પડેલો જોઇ શીરીન તો ફગલાઇને અવાચક જેવી થઇ ગઇ. એક નાના ઉંદરને મ્હોંમાં લઇ જેમ એક બીલાડી તેને ચુંથયા કરે તેમ તે એનવીલપને પોતાનાં આંગળાંઓમાં ફેરવતો ગુસ્તાદજી કાનફટીયો દાંતોસે દાંત કચકચવાવતો જઇ ધીક્કાર તીરસ્કારથી શીરીનને માથાંથી પગ સુધી જોવા પડયો. સવારના પોહોરમાં તે દારૂ લગાવી આવ્યો હતો કે કોણ જાણે કોઇ સાથ વધેરી આવ્યો હતો—કારણ તેની લાલ ચોલ થઇને ફાટફાટ થતી આંખ્યોમાં વેર વસી રહયું હતું અને કપટ કીનાથી તેના હોઠ મજબુત એકેકસે ચીટકીને એક નાતરસ ખુનીની તાસીર રજુ કરતા હતા.

"આહ! નહી—તું નહી સમજતી!" તે એક શ્વાસ ખેંચીને કરડા ઘોઘારી સાદે બોલ્યો. "અરે રાન ધનચક્કર! તું એ ટીનપાટીયાપર અફ્રાઇને વાજ વરેછ—પણ તે તો તુને હવે ઝાંખીને જોતોબી નથી. સાંભળ દીવાની, એ પોતાની પૈસે સદ્ધર મામાની છોકરી સાથે પણવાનો છે. કેટી—તેજ મીઠી મસકલી કેટી દાવર કે જે ખરશેદબાઇ બમનજી મેહેતાનાં ભલતા નામે 'ગુલાબવાડી'માં તુને પીયાનો શીખવવા આવતીતી. કેમ હવે હાર ગગડી કેમ ગીયાં? તું કેવી બેવકુફ—કે તે રોકડયો હરમાન મુંબઇ બીજા બે ત્રણ મહીનામાં એક પઇસાની પુતળીને પણવાની ધમચકરીમાં પરયોછ તેને તું કાગલપર કાગલ લખેછ!—"

યા ખોદા! આ વળી શું નવી આફત! શીરીન તો ડઘાઇને દસ થઇ ગઇ. શું અભાગ્યો ગુસ્તાદજી આ સાચ્ચી વાત કહેતો હશે? અદીનું કાગલબી છેલ્લા પાંચ છ દહાડા થયા આવ્યું નહી હતું! કેટી દાવરના પૈસા, ખુબસુરતી અને હુશીયારીની ઘણી તારીફ થતી શીરીને અછડતી સાંભળી હતી—તે પેલીજ ખરશેદબઇ મેહેતા! ખરેખર! ખરશેદબઇ માસ્ટરે પોતાની બાહેશીથી ડા૦ અદીને કેમ છક કરી નાખ્યો હતો તે હવે શીરીનને યાદ આવ્યું. અને અદીએ પોતાના છેલ્લા કાગલમાં પોતાના મામાની ઘડી પળ હાલતને વાસ્તે ઇસારોબી કીધો હતો. એજ ગબ્બર મામાને લીધે તે છેલ્લીવાર શીરીનને મળવાબી નહી આવ્યો! એમજ—એમજ! જીંદગીમાં પહેલીવાર આ બદકાર વકીલ સાચ્ચું બોલતો હતો. માતબર મામા મરી ગીયા હશે અને અદી તેવણની દીકરી સાથ—ઓહ! ગમીની એક હાય મારીને શીરીન લાઇલાજ જેવી ભીતને અઢેલી ઉભી. તેણીની આંખે અંધારાં આવતાં હતાં.

"લે ધર! આય ચેક ત્રણ હજારનો છે—'ગુલાબવાડી'માં

નવુ ભારૂત રહેવા ગીયુંછ તે કેટલુંક સમારકામ કરવુંછ. જલદી સહી કરી આપ—વખત થાયછ."

ગુસ્તાદજીએ એક ભરેલો ચેક શીરીનની સામે ધરયો અને શાહીની 'ફાઉનટન પેન' તેણીના હાથમાં મુકી. પણ ચેકપર પોતાની સહી કરવાને બદલે શીરીને પેન ભોંયપર પડી જવા દીધી અને નસોસ જીવે પોતાના નાના લાડકા 'પ્રીન્સ' કુતરાને જમીન પરથી ઉંચકી એકદમ પોતાના ઓરડામાં ચાલી ગઇ. પણ આમ સેહેલાઇથી છટકી જવાનું હોય તો આપદાજ શેની! એક પલકવારમાં ગુસ્તાદજી તેણીની પુઠે અંદર ગયા.

"એટલે?" તેવણે તરડાઇને મોટેથી ધાટું પાડયું. "એ તું મનમાં શું ચાહે પીએછ! સહી કરવા કેહુંછ તે સંભળાયછ કની? કાન ફુટી ગીયાછ કે! આ કંગાલ કુતરામાં ચરી ગેઇછ! તુને લાખ વખત કેહયું કે મને કુતરાંને નામની ઘણી છીટ છે. એનું ખાનું ખરાબ થાય એનું! લાવ—એનો રસ્તો કરી નાખું!"

જ્યારે બીજું કાંઇ વળ્યું નહી ત્યારે ગુસ્તાદજી વકીલે બીચારાં જનાવર ઉપર પોતાનો ખાર કહાડયો. ગુસ્સાથી તેણે શીરીનની આગળ જઇ 'પ્રીન્સ'ને અચણુચ ગળચીમાંથી પકડયો અને એક ઝટાક સમેત તેને તેણીના હાથમાંથી ઝુટવી લઇ આંખના પલકારામાં પહેલે માળની બારીએથી બાહર રસ્તાપર ઉરાડી દીધો.

દુઃખની એક નાની બુમ મારી શીરીન આંખે રોમાલ દાબી ખુરસી ઉપર ધબ કરતી બેસી ગઇ. પોતાના લાડકા માનીતા કુતરાનો આવો ફેજ આ બદમાશને હાથે થયલો જોઇ તેણી ગુપચુપ ડચકાં ખાવા લાગી.

"ચાલ હવે એ નજીસ કુતરૂં ફરીથી મને કંટાળો આપવાનું નથી. એવું 'ન્યુસંસ' મારાં ઘેરમાં જોઇતું નથી—પીરોજ! તું આવી કે? કાંહ ઉંતી?"

આ છેલ્લો સવાલ પીરોજબાઇને માટે હતો. તેવણ આ પળે ઓરડામાં આવી ઉભાં હતાં.

"રાંધણીમા ઉતી. હમણાજ આયા કે? જાબા, મારી છોકરીને વરી શું ગાંગરી? શીરાં, કાંય—આંખપાણી કાંય કરેછ?"

"હું એનાં માથામાંની રાઇ હેઠી પારવાનો ને ફૂર પારવાનો," ગુસ્તાદજી ઉસકેરાઇને કલ્લો કરી પડયા. "એ મને ગણકાવતી નથી, પીરોજ. એ રાન ડાકણ માથે સીંગરા લઇને ફરી મરેછ—ને કોણ જાણે શું ઉંડા પાણીમાં રમેછ તેની સમજ નથી પરતુ. મને વીરલું ડોસાંએ આવતાંને વાર કહયું કે આય પોરી સાથ ચાનજી એક દાહરે વાત કરતો 'તો તેટલાં કોઇ હીચકારા મુજીએ પછવારેથી જોસમાં તેના માથાંપર એક ડાંગનો ફટકો મારી તેને બેસુદ્ધ જમીનપર પારી નાખ્યો ને પછી નાશી ગીયો! ખરી વાત કે?"

"હા—ચાનજીભાઇને મેં લોહીથી ઝઝરતા પરેલા જોયા. માથાં ઉપર કોઇએ——"

"હેં! પણ તે ઉતો કોણ મુજી બચ્ચો? જો તે નાપાક હાથમાં આવે તો તેને છરી મારૂં! તેનો ટોટો પીસવા ચાન નો ધમધમી રહયો હોશે. પુછ, પીરોજ, એને મારા દેખતાં કે તે કોણ બદબખ્ત ઉતો?"

"ચાલો ગુસ્તાદજી, આપરે પછી એ વાત——"

"પછી? પહેલાં નંબરની તું ઓડાની મુઇછ. આય પોરીને એમજ બગારીને તેં ધુળધાણી કરી મુકી. તારે તે ચંડાલનું નામ કહેવુંછ કે નહી, છોકરી? તારી પાંજી આવીછ કે?"

જવાબ દેવાને ઠેકાણે શીરીન એક શબ્દ ઓચર્યા વીના ફીક્કાં ફૂચ મોહડાં સાથ રૂમાલમાં મોહડું ઢાંકી દીબો તાણતી

બેસીજ રહી. અધીરાઇ અને ક્રોધથી ખીજવઇને ગુસ્તાદજીએ જોરમાં જમીનપર પગ અફાળ્યો.

"નહી બોલાતું ?" તેણે ચીચવાઇને બરાડ મારી, "હું તારા દાદાની પાસે તે નામ બોલાવશ ! પીરોજ ! એને કહે કે હું જ્યારે છેડાઉંછ તારે સગા બાપનો થતો નથી. મારી મારીને એનો આટો લસણ કરી નાખશ. ચાલ બોલ જલદી, કોણ અહેરેમન દેવે મારા ચાનજીને માર્યો—બોલ !"

આટલું કહેતાં ગુસ્તાદજીએ પોતાના હાથમાં પકડેલી સોપારીની લાકડીની ભારી મુઠ વડે શીરીનનાં ટાંચાં ઉપર જોરમાં એક ફટકો માર્યો. શીરીને કલવાઇને એક ચીસ પાડી અને મોટેથી રડવા પડી. પીરોજબાઈ વચ્ચે પડવા ગયાં તેવણને બી બાજુમાંથી પકડી ગુસ્તાદજીએ એક આંચકા સમેત ટેબલ સાથ દુર અફાળી નાંખ્યાં.

"હુંબી જોઉંછ કે તું તે નામ આપેછ કે નહી. નહી બોલશે તો આએ લાકડીએ આજે તારો જીવ લેવશ. એકદમ બોલ કે ચાનજીને મારનાર કોણ હરામઝાદો તારૂં નવું પુછડું થઇને અહીં પેદા પરીયોછ ?"

"હું પેદા પડયોછ—હું મુસાજી પોતે !"

ચાલમાંના પડદાની પછવાડેથી બાહેર નીકળી દાબડામાંના ભુતની પેઠે મુસાજી કારભારી ચડપ દેતો કે ઓરડામાં ધસી આવી ત્રણડે જણાની સનમુખ અદબ વાળી ઉભો અને ડોળા કકડાવી ગુસ્તાદજી ગમ એકકી ટગરે જોવા પડયો. શીરીને પલક વાડમાં જોઈ લીધું કે મુસાજીની કમ્મરે એટલી વારમાં એક લાલ રોમાલ બંધાઇ ગયલો હતો અને તેમાં એક નાની કટારી ડોકયું કહાડી જોયા કરતી હતી. ગુસ્તાદજી તો હરણફાર થઇને આ નવા હમનબર્દનું ચકીત ડોળે અવલોકન કરતા તાટ થઇ ઉભા.

"એટલે? તમારૂં અહીં શું કામ છે, મુસાજી?" તેવણે તણાઇને પુછ્યું.

"કામ? તારા જેવા ચંડાલના હાથમાંથી આ નીરદોશ નીરાધાર છોકરીને બચાવવાનું!" મુસાજીએ ઠંડે કલેજે જવાબ દીધો, "તું કાહરનો આય બચ્ચાંને માર મારીને શું પુછેછ? લે હું કેહું—નાતરસ ખુની નાપેકાર! તારા ભત્રીજાને હાથે તે દાહરે આય બાળકીની લાજ લુટાઇ જતી અટકાવનાર હું મુસાજી મુસ્તફર પોતે ઉતો."

ગુસ્તાદજીના મુખમાંથી એક કંપારી છુટે એવી ગલીચ ગાળ નીકળી પડી. મુસાજી જેવા એક સાધારણ મુસલ્લા કારભારીને આમ ધીરે સાંસતે ગંભીર મોહડે કરારથી સામે ઉભો રહી આવી શેખી કરતાં દેખી ગુસ્તાદજી કાનફટીયાને મોહડે ફીણ ફીણ આવી ગયું. ખેજાલત અને ખફગીને મારે તેના હોઠ ફડ ફડ ધ્રુજવા લાગ્યા. જો કોઇ બીજો નબળો જેવો હોત, તો ગુસ્તાદજી તેજ ઘડીએ એવા બેઅદબનું ખુન કર્યા વગર કદી રહેત નહી. પણ ગમે એવોબી બુઢો દેખાતો મુસાજી લીમની લાકડી જેવો તરોને ખરો છાતો કહાડી સામે ઉભેલો હતો. વળી પેલું તેના કમરબંધમાં ખોસેલું ખંજર જોઇ ગુસ્તાદજીનાં પાણી મરી ગીયાં. તે વકીલ જાતે હીચકારો હતો. મુસાજીને અચણુચ આમ નીકળી આવેલો જોઇ ચાનજીની ગેરહાજરીમાં તુરત વેળા લોહીનો ગોટ ગળી અખાડા કરી જવામાંજ તેણે ડાહપણ વીચાર્યું.

"ઉંહ! તમે ચાનજીને ઠોકયો! ઠીક—હવે જરાક સાવચેતીમાં આસપાસ જોઇને ચાલજો. મારે તેની સાથ લેવું દેવું નથી. હું તમુને હવે એટલુંજ કેહુંછ કે આય ઘેરમાં જેવા તમે આયાછ તેવા જલદી પાછા અહીંથી ચાલ્યા જાઓ!"

"ચાલી જાઉં ? બદમાશ ! એટલી બધી તું છેક હીંમત કરેછ ! આય છોકરી ઉપર એમ જાસ્તી ગુજારવાની તને શું સત્તા છે ? મેહેરનોશજીના વીલમાં એવો જુલમ કરવા તુને ફરમાન થયું હશે, કેમ ? સાંભળ ગુસ્તાદજી કાનફુટીયા, આ છોકરીના બાલનેબી જો હવે ઇજા થશે, તો હું પાધરો જઇને પોલીસને બધી હકીકત કેહી દેવશ."

"બધી હકીકત ! એંહ ? તું કહેવા શું માગેછ—તું છે કોણ ?"

"હું ? હું તારા જીવનો જમ છેઉં ! હું આએ છોકરીપર નેગેહબાની રાખવા મરનાર મેહરનોશજી વજીફદારનો ભુત બની અહીંનો અહીં ડમકયા કરૂંછ. ગુસ્તાદજી—પીરોજબઇ ! તમારાં એઉનાં પાણી મુવેલાં છે. હેફ પડજો તમારી ઉપર ! તમારાં કરપીણ કરતુકને ખાતર આય ગરીબ નીરદોશ બચ્ચાં ઉપર જફા પાડોછ ? તે માલીકે જેહાનની દરબારમાં રોજે શુમારને દીને તમે શું જવાબ દેશો ? ગુસ્તાદ, તારૂં જોર બતાવવું હોય, તો આવ મારી સામે ! ઉગામ તારી લાકડી, જોઉં, મારી ઉપર ! બેવફા બાયલા, રૂપાંની ચલક અને તાંબાના તાપથી તારી આંખે નજલો થયોછ. હરામના પૈસા પચાવીને અટકાર મારી જવાનો તું તાગરો રચેછ—આય નીરદોશ ગરીબડી છોકરીને તારાં કરતુકનું અણજાણ ઠીકું બનાવીયુંછ—તે જોઇ મેહરનોશજીનું રૂહ પેલી જેહાનમાં ધ્રુજતું હોશે ! એક મુવેલા રફીકે તારીપર વીશવાસ મુકયો તેનો આવો નતીજો ? થુ પરી તારા જેવા દગાબાજ દોસ્તપર ! પણ ચીંતા નહી—તારાં ખવીસ ડાચાંમાંથી હું આએ બીચારીને બંચાવવા ઉભેલો છેઉં. જા હવે—લાવ તારા સો ચાનજીને લઈ આવ. પણ યાદ રાખજે કે હું અહીં એકલો નથી. કામ પરે તારે

તમારા જેવા પોશાગીરોની ખબર લેવા સારૂ મારી પાસે પુરતાં સાધનો આએ ઘરની આસપાસ ભમતાં તૈયાર છે."

આટલું બોલી મુસાજી ફોર મરડીને ચાલ્યો ગયો. ગુસ્તાદજીએ કાંઇ હુંકારોબી કહાડયો નહી. તેના પેટમાં તો કાંઇ ન સમજ પડે તેવી ધાસ્તી ભરાઇ બેઠી હતી. ફક્ત મુસાજીને ધારી ધારીને જોયા કરવા સીવાય તે કશું કરી શકયો નહી. તે અને પીરોજબાઇ એક બીજાનું મોહ જોતાં ડંગ થઇને ત્યાં ફરીઠામ ઉભાંજ રહી ગયાં.

"યા ખોદા!" ગુસ્તાદજીનાં ગળામાંથી ઘણે વારે ઘાંડો અવાજ નીકળયો "આય મુસાજી એક ભુત છે કે બલા છે? એનો સાદ તેં સાંભળયો, પીરોજ? એના આંખના ડોરા તેં જોયા? મારા જીવના કસમ! એ માણુસ આપરો જમ થઇને ભસ્તામાંથી આવેલો લાગેછ. ચાન કાહરે આવશે?"

પ્રકરણ ૨૩ મું.

ધીમુ ખુન!—એ મુસાજી છે કોણ?

ઇંગ્રેજીમાં કહેતી છે કે "વખતને કપાળપરના બાલનાં ગુછળાંમાંથી પકડો." વ્યર્થ! બાલનાં ગુછળાંથી પકડો, ગળચામાંથી પકડો કે ચાહો તેના ટાંટીઆમાંથી પકડો—પણ ગુમ ગજબનાક વખત કોઇના દાદાને માટેબી ઉભો રહેવાનો નથી. ગુસ્તાદજી કાનફુટીયાના ખટલાને માટે તો તે નહીજ ખોટી

થયો. મુસાજી સાથની છેલ્લી મુલાકાત પછી પંદર દહાડા પાણીના રેલાની પેઠે સરકી ગયા.

આ પખવાડયાંની મુદતમાં શીરીનને નીરાંતથી દમ ખાવાનો જરાક લાગ મળ્યો હતો. ગુસ્તાદજીબા કાંઇ અજબ રીતે ઠંડાગાર પડી જઇ પોતાનાં ફુંફાં તુરત વેળા ખીસાંમાં ખોસી દુરના દુર ફરયા કીધા—અને તેવણનો પેલો દુન્યા વરણનો ભત્રીજો ચાન તો કોણ જાણે ધર્તીના ક્યા વીભાગમાં અલોપ થઇ ગયો હતો. મુસાજીવાળી ડાંગની ચમતકારીક અસર પછી એ નામચીને પાછું પોતાનું મોહોડું જ દેખાડયું નહી હતું.

નખોદયા વાલી વકીલે હવે શીરીનને છેડછેડ કર્યા કરવાથી બાઝ ખાધી—છતાં તે સુંદર બદન છોકરી દહાડે દહાડે ગલાતી જઈ એવી તો ખલીર કાગડાં ઉચકી જાય એવી થઇ રહી હતી કે પીરોજબાઇ રોજ ગુસ્તાદજી આગળ તે બાબે બળાપો કરી કોઇ ડાકટરને દેખાડવા માથું ખાઇ જતાં હતાં. તો નખાઇ નહી જાય? બરાબર ખોરાક ચાલે નહી, રાત દાહાડો જીવ સીંકે ટીંગાયલો રહે અને સારો દીવસ ઓરડામાં માંદી મરઘીની માફક ભરાઇને ઝુંકયા કરે તો પછી મોહડાં પર બોટું આવે તે કયાંથી—ગાલપર લોહી પાણી ટકી રહેજ શી રીતે?

ઝીણું ઝીણું હસ્યા કરીને ગુસ્તાદજી બંદા પીરોજબાઇનું ભેજાં દુખણ આ કાને સાંભળીને પેલે કાને કાઢી નાખતા હતા. ચુંચી આંખ્યો કરી રોજ શીરીનનો નખાઈ જતો દેખાવ અને આંખ્યોમાં વધતા જતા ખાડા જોઇ તેવણ જીવ સાથ એક નાનો ખુંખાર મારતા—અને ફીલસુફ આરીસ્ટોટલ જેવું ડાચું કરી કસ્તી પાદીઆબ કરવા પડી જતા. પણ એક દહાડે પીરોજબાઇની મોટી અજાએબી વચ્ચે તેવણ શીરીનની કદર ખાવા લાગ્યા. ખુદા જાણે કોઇ દયાનો ફરેસ્તો તેવણના દીલમાં

પેસી ગયો કે શું—કારણ તે દીવસે આમનો સુરજ આમ ઉગ્યો! સાંજના સાતેક વાગે તેવણ પોતાની સાથે કોઇ હીંદુ વઇદને ઘસડી લાવ્યા. શીરીનને અને પીરોજબાઇને નીચે આગલા ઓરડામાં બોલાવી વઇદ પરભુદાસ ભંડારે સાથ તેઓની પીછાણ કરાવી.

"આએ મારી દીકરી જેવી થાય, પરભુ," તેવણ શીરીન ગમ આંગળી કરી બોલ્યા. "દહાડે દહાડે સુકાઇને સોટીઆં જેવી થતી જાયછ ને હાડકાં પાંસરાં નીકળી આયાંછ. જોની કાંઇ જીવમાં ચેત આવે એવું લખી આપની."

વઇદરાજ પરભુદાસે શીરીનની નાડ જોઇ, જીભ જોઇ, આંખ જોઇ ને પછી ધારીધારીને તેણીનું મોડહું ટીકવા પડયા. એવી તો બેઅદબી અને બેમલાહજાથી તે વાણયો શીરીનને થોડોવાર જોવા લાગ્યો કે તે બીચારી શરમાઇને નીચાં ડોકાં સાથે મુગી બેસીજ રહી. આ વઇદનું બદસુરત ડાચુંજ કોઇબી સાધારણ જોનારને કહી આપતું કે તે કોઇ આબરૂદાર માણસ તો હતોજ નહી. તેનાં સુજી આવેલાં આંખનાં લાલ ટોપચાં ને સુરણ જેવું કદરૂપું નાક અચુક ગવાહી પુરતાં હતાં કે આ વઇદ કાકાબી કોઇ ગુસ્તાદજીની બદમાશ સંફનાજ હોવા જાઇએ.

"તુંને હીસતીરયા થાય કે, છોકરી!" પરભુદાસે શીરીનને અજબ છુટ લઇ કદંગો સવાલ નાંખ્યો.

"હા. તેવું કાંઈ છે ખરૂં," ગુસ્તાદજી બોલી ઉઠયા, "જરા જરામાં બાઇ સાહેબનો ઇસટીમ ચઢી જાયછ ને તસમાં તસું ઓછું પડેછ તો રડીને ગોધયારાં એવાં કરેછ કે જાણે કોઈ એની બપઇ મમઇજ મરી ગેઇ હોય."

"બસ હીસતીરયાંજ, હીસતીરયાજ!" વઇદજીએ ડોકું ધુણાવી મત આપી દીધું, "એવણને કાંઇ ટાનીક આપવું

જોઇએ. હું જે લખી આપું છું તે દીવસમાં બેવાર ખાધા અગાઉ લેવું. મારા દવાખાનામાંથી એ ઓસડ મંગાવી લે, ગુસ્તાદ, ને તારે હાથે આ પોરીને ચોકાસીથી પાજે. લાવ કાગળ કલમ આપ."

વઇદ દવાનો કાંઇ બગરડો છગરડો લખી આપીને ચાલતા થયા અને ગુસ્તાદજીએ તે "પ્રીસક્રીપશન" સાંજે બનાવીને લઇ આવવા માટે પોતાના ખીસાંમાં મેલ્યું.

સાંજે તેવણ ઘરે આવ્યા ત્યારે લગાર ખુશ મીજાજથી હસ્તે ચેહેરે માળ ઉપર શીરીનના ઓરડા આગળ પોતેજ હાથમાં દવાનું ગલાસ લઇને જઈ પુગ્યા. બારણું ઠોકી તેવણે શીરીનને હાંક મારી બહાર બોલાવી અને પેલું ગલાસ પી જવા તેણીને કહયું.

"લે દીકરા, આટલું ગટાવી જા," તેવણ નવાઇ જેવી નરમાસથી પટાવીને બોલ્યા. "પરભુ રાસકલ ટોનીક ફરમાવવામાં એકકો છે. એક થોડા દહાડા તું એ દવા અજમાવ ને પછી જો કેવો ફેર પડેછ. તો પીજા, જોઉંછ તો—મારી ડાહી દીકરી છે!!"

કાસળ કાઢવા શીરીન તે દવાનું ગલાસ ઝડપમાં પી ગઈ અને ગુસ્તાદજીબી ખુશ થઇને ચાલ્યા ગયા.

* * * *

લાગત પાંચેક દહાડા સુધી આમ ગુસ્તાદજીએ પોતે સવાર રાત શીરીનને દવા પાવા ઉપર વેર ધકેલો ખાયા કીધો. અફસોસ! ગરીબ બાપડું આ ભોલું બચ્ચું સ્વપનેબી ખ્યાલ રાખતું નહી હતું કે હૈયાંના ફુટેલા કરપીણ દૈત્યોને હાથે તેણીનું ધીમું ખુન આ ગુપ્ત ઓસડ મારફતે રોજબરોજ થતું ચાલતું હતું. ગુસ્તાદજીની ટોળકીનાજ ગોઠીયા વૈદ પરભુદાસ ચંડાળે તેણીને "ટોનીક"ને નામે આસ્તે આસ્તે સાબુત અસર કરતું

કેવું જબુન ઝેર આપ્યું હતું તે નખાલસ શીરીન ક્યાંથી જાણી શકે? ગુસ્તાદજી તેણી સાથ નરમીથી કામ લેતા એટલે આ સુતેલા સાંપને નહી જગાડવાની ઈતિજારીમાં શીરીન મુગી મુગી ગુસ્તાદજીના હાથમાંથી તે દવા લઇને દરરોજ ઓટી જતી હતી, કારણ તેથી તેવણ રાજી થઈને ઝટ પાછા નીચે કહડાતા. પછી પોતે એકલી ઉદાસીત બેચેન આખો દહાડો ઓરડામાં ભરાઇ રહેતી—કાંઇ સોહવાતું હતું નહી. વળી હવે તો એકપુરો સાથી બીચારો "પ્રીન્સ" કુતરોબી જતો રહયો—એટલે શીરીન વધારે આતુરતાથી આ કેફી દવાની રાહ જોવાં લાગી. તે પીતાંજ માથે ઘેણ ચઢીને તેણી ભર ઉંઘમાં કલાક બે કલાક પડી રહેતી—એટલે બધું દીલનું દરદબી વીસરઇ જતું અને વખત પસાર થઈ જતો.

પણ પરીણામ? અરરે, વાચનાર! આ ખીલતા ગુલાબની એકસરખી શી અવદશા થઇ જતી હતી તે ઘાતકી ગુસ્તાદજી દાંતોસે દાંતો પીસીને રોજ મન સાથ ગોખ્યો જતો. ચાર પાંચ દહાડામાં તો શીરીનનાં ડાચાં તમામ બેસી ગયાં અને હાડપીંજર જેવી તેણી થઇ રહી. ચેહેરો ઉજળો પુની મારી ગયો અને રૂચી તદન ઉઠી ગઈ. બસ આખો દીવસ બરાબર ખાધાપીધા વગર શીરીન બીછાણે પડી રહેતી અને ઉંઘાયા કરતી. પીરોજ-બઇનો જીવ ઘણો બળતો—પણ શીરીન તો તેવણને જોતાંજ કાર મરડીને ઘરણનું ખાંધણ્યું થઇ બેસ્તી એટલે તેવણ લાઇલાજ થઇને પોતાની આ દીકરીની આવી હાલત માટે મનમાંજ મુઝાયાં કરતાં. તેવણને કાંઇ સમજબી પડતી નહી હતી કે શીરીનને શું થયું હતું. ગુસ્તાદજીને તે વીશે કહેતાં તો તેવણ વાત હસીજ કહાડતા.

"જા—જા, રાન! તુંને તો અમથો વખારો છે! એ

પોરી મારેથી બીહધુજીને નકામી ઓરડામાં ગોંધઇ રહેછ—બાકી એને બીજું કાંઈ નથી. હવે આપરે વધારે તે શું કર્યે ? નાચયે કુદીયે ? દવા તો રોજ આપયેછ—પછી એ નહીજ સમજે તો શું માથું ફોરીયે ? મારે નામે એને સુગ ભરાઇછ તેમાં હું શું કરૂં, પીરોજ ? શું હું એને ખાઉંછ—કરડુંછ ? હવે તો હું એની સાથ ઝાઝી વાતબી નથી કરતો."

આવી આવી સમજાવટથી પીરોજબઇને વાહી છેતરીને નાપાક કુકર્મી ગુસ્તાદ આ છોકરીનું કાટલું કહાડી નાંખવાની બદતર બાજી રચતો હતો. પણ——પણ——અરે પરવરદેગાર ! નીરાધાર નીરદોશ બાળકો અને કમજોર કમતાકાત જીવડાઓના ઓ તું મહાન પાળણહાર ! મુજી બદબખ્તોનાં ઘોર કર્મથી ઉગારનારો તું જનો અણદીઠ રક્ષક છાયો જો બેચાર લાચારોને સર પંથરાયલો ન હોય તો આ જુલમી જગતનો ટાળો શું રહે ? કમભાગ્ય શીરીને જો થોડા દીવસ વધુ તે કાતેલ ઓસડ પીધું હોત તો એ નાજુક ફુલ કરમાઇને ખાકમાં ખરી પડયું હોત. પણ ના—તેણીના જેવી એકલવાઇ અબળાને માથેબી એક જીવાડનાર બેઠેલો હતો.

થોડા દહાડા શીરીને ખુશીથી દવા પીયા કરી એટલે ગુસ્તાદજી પોતાની ચાંપતી ચોકકસાઇ ચુકી ગયો. પોતાનાં નેહેસ્ત બદ કર્મને આટલું આસાન કેટલાક દહાડા સુધી ફાવી જતું દેખી તેનાં પરીણામ માટે આ ચંડાલ એટલો નચીંત અને ખાત્રીપુર્વક બની બેઠો કે એક દહાડે તેને બહાર કાંઇ કામ સારૂં આખો દહાડો જવું પડવાથી દવા લઇ જઇને શીરીનને પાવાનું કામ વીરલુ ડોસાંને સોપ્યું.

વીરલું ડોસાં ઘણે દહાડે શીરીન આગળ આ કામે ગયાં—કારણ પેલું ડા૦ અદીનું કાગલ ટપાલમાં નાંખવાને બદલે

તેવણે ઠાગો કરી ગુસ્તાદજીને આપ્યું તે દાહાડેથી શીરીન તેવ-ણુને જોઇને ડોબરો ચહડાવતી હતી. તેણીએ એ દવાનું ગલાસ હાથમાં લીધું ખરૂં—પણ પછી એકાએક આ હંમેશની રાંક મુગી છોકરી ચીચવાઇને તે ડોસાં ઉપર પોતાનાં દીલનો ઉભરો ખાલી કરવા પડી ગઈ. શીરીનનો મીજાજબી હવે બીલકુલ બગડી ગયલો હતો.

"તમે મારૂં કાગલ એમજ ટપાલમાં નાંખ્યું'તું કે?" શીરીને ધસોરો કરીને મોટેથી કલ્લો પાડયો. "મુવાં તમે, એટલોબી તમારો ભરૂસો નહી કરૂં? મુવાંઓ બધાં જણાં મને મારી નાખવા બેઠાંછ? ઘરડે ઘડપણ એવું નીચ કામ કરતાં તમારે શરમાવું જોઇએ! જાવો નીકળો મારી આગલથી, તમારૂં મોહોડું જોઇને મને કંઈ થઇ આવેછ."

યા પરવર! કોઇ દહાડે નહી ને તે દહાડે શીરીન ઉશ-કેરાઇને મોટે સાદે આમ બુમાબુમ પાડવા બેઠી તે જોઇ વીરલુ ડોસાંબી ઠસ થઇ ગયાં.

"લે ચાલ મારી માય કરૂં," તેવણ શીરીનને પટાવવા લાગ્યાં. "સવારના પોહોરમાં એમ દવારો ના પાર. આટલું પીજા—બધી મરી જાઉં."

"શું પી જાય? એ આય હાથમાં શું?—હેં!"

વીરલું ડોસાં અને શીરીન ચમકીને પાછળ ફરી આ નવા બોલનાર ગમ હજી તો જુવે તેટલાં મુસાજી અચણુચ ત્યાં બેઉ જણાની આગળ આવી ઉભો. ઉભો ખરો—પણ શીરીનના ચેહેરા ઉપર નજર પડતાંજ તે ડાંય બાંય થઇને એકુ મીનીટ સ્તબ્ધ થઇ ગયો. શારીનનાં મોહોડાં ગમ તેણે ડોળા કહાડીને જોયાજ કર્યું.

"શીરીન!" હરણફાર થઇને અત્યંત અજાયબીથી ટગર

ટગર જોતા મુસાજીનાં મુખમાંથી પાછો પોકાર નીકળયો. "એ હું શું જોઉં છ? તું શીરીન! અરે, તુંને થયુંછ શું? તું શીરીન છે કે શીરીનનો પડછાયો! કે શું હું ખુવાબ જોઉં છ? અરે છોકરી, આટલાં દહાડામાં તારી એ શું હાલહવાલી? એ તું પીએછ શું, હેં?"

"જી, ડાકટરે શકતી આવવાની દવા આપીછ———"

"શકતીની દવા? યા અલ્લાહ! કીયા ડાકટરે આપીછ?"

"ગુસ્તાદજી તો કોઇને લઇ આયાછ. કહેજે કોઇ વઇદ પરભુદાસ કરીને છે તેવણે—ઓ—!"

શીરીન પોતાનો વાકય પુરો કર્યા વગર એક બુમ પાડી ઉઠી. મુસાજીએ તેણીના હાથને એક ઝટાક મારી, તેણીના આંગળાંઓમાં પકડેલું દવાઇ સાથનું ગલાસ જમીન ઉપર પટકી નાખ્યું હતું.

"પરભુદાસ! મારા બાપ, પરભુદાસ! અફસોસ, કમનસીબ છોકરી!" તે બુઢ્ઢો એક ઉંડી હાય મારી ઘોઘારી અવાજે બોલ્યો. "અરે શીરીન, આય શયતાનો તારૂં ખુન કરવા બેઠાછ. તોબાહ! પરભુદાસ વઇદ કોણ છે તે તું બીચારી શું જાણે? સબર—કેટલા દહારા થયા તું એ દવા પીએછ?"

"કોણ જાણેજી, કાંઇ યાદ નથી, પણ પાંચ છ દહારા થયા હોશે."

"પાંચ છ દહારા! નખોદ! આયજ ડોસાં રોજ દવા લાવેછ કે?" મુસાજીએ દાંત કચકચાવીને વીરલુ ડોસાંગમ ઝનુનથી જોઇ પુછ્યું.

"નહી બા, હું તો આજેજ ઉપર આવી. હું શું જાણું—"

"ખામોશ! શીરીન, ફરીથી તારે આય દવાઇનું એક ટીપુંબી લેવું નહી—ખબરદાર! તું પોતેજ શું જોતી નથી

કે તું અરધી કબરમાં તો ચાલી જઇબી ચુકીછ? આય લોક તુંને ઝેર પાએછ, પોરી. તારી પોતાની અક્કલ કહાં ગેઇ?"

બીચારી શીરીન! આ ન ધારેલી ખબર સાંભળી તેણી ધાસતીથી ઠરઠર ધ્રુજવા લાગી. તેણીની આંખમાંથી બોરબોર જેવાં આંસુ પડતાં હતાં. મુસાજી જેવા દુન્યાના ખાધેલ ઘરડા પુરૂષની છાતીમાંબી આ છોકરીને આમ સીતમના બોજા તળે ઘુંડાઇ જતી દેખી દર્દ મારી આવ્યું. લોહીનો ગોટ ગળી થોડોવાર તેણે રડતી શીરીન ગમ એક ચીતે જોયા કર્યું. પછી એકદમ કાંઇ વીચાર આવ્યો હોય તેમ ખીસામાંથી દશ રૂપીઆની બે નોટો ખેંચી કહાડી અને વીરલુ ડોસાં ગમ ફરી બોલ્યો——

"ડોસાં, તમે મારૂં એક કામ કરો તો તમુને હું ખુશીથી આય બક્ષીશ આપું. લેવો આય–જોવ, એ શું છે?"

"વીસ રૂપીઆ બા? એને લઇને—છે તે——"

"એ તમે લેવો. બોલો, હવે મારૂં એક કામ કરશો?"

વીરલુ ડોસાંના હાથમાં બે કરનસી નોટો મેલાઇ હતી, એટલે તેવણથી હસાઇ હસાઇ જવાયું.

"જી, બધી ઓવરર્ઈ જાઉં. હું શું કામ કરૂં, બાવા? હું ગરીબ મનીખ!—"

"સવાર સાંજ દવા શીરીનને પાવા ગુસ્તાદજી તમુને આપે તે ઘેરી નાંખીને હું જે શીશી આપું તેમાંની દવા એને પાશો?"

"હા, મેરૂં. હું જરૂર પાવશ—"

"હા, પણ ઘરમાં કોઇ ચલ્યાંનેબી એ વાત ખબર પડશે તો હું તમારો ટોટો પીસી નાખશ—"

"નહીરે જી ભરૂ, હું અલ્લકસે દવા ઘેરીને તમારા

વારીજ ઉપર લઇ આવશ. ખોદાયના સમ, બાવા, હું જરૂર શીરાં માયને તમારીજ દવા આપશ."

"જો ડોસાં, હું તમારા દમપરનો દમ પર છેઉં—અં! કાંઇ મારી સાથે ઠાગો કરવા ગીયાંછ તો તમે જાણોછ શું થશે તે? મને ઓરખોછ હું કોણ છેઉં તે? જો આવો, હું કાનમાં કેહું."

મુસાજીએ વીરલુ ડોસાંના કાનપર પડી કાંઇ હલ્લુસે થોડાક શબ્દો કહયા. કાંઇ જાલમ શબ્દો હશે, કારણકે સાંભળતાંજ તે ડોસાંનું મલકાયલું મોહડું ગભરાટ અને દેહેસતથી એકદમ ઉતરી ગયું. તેવણના કપાળપર પરસેવો ફુટી નીકળ્યો અને બીધેલી આંખ્યોએ તેવણે મુસાજી ગમ એક ચીતે જોયા કર્યું.

"ઓ માયરે! તમે——તમે——"

"ચુપ! ચાલો હવે નીકળો અહીંથી—મારે શીરીન સાથે કંઇ વાત કરવીછ."

વીરલુ ડોસાને આમ ખંખેરી કહાડવા પછી મુસાજીએ ખીસાંમાંથી એક નાની સીપટી કહાડી શીરીનના હાથમાં મુકી.

"આટલા દહાડા હું જરાક બેદરકાર રહયો. પણ હવે મારે છરીની ધારપર રહેવું પડશે. સાંભળ શીરીન, તું ધારેછ તેવો હું એક મુસલમીન નથી. હું એક જરથોસ્તી છેઉં. જો આય મારો સદરો ને કસ્તી. ગભરા ના!—હું તારો ખરો દોસ્ત છેઉં. હું કોણ છેઉં તે પછી તુંને કહેવશ, તેટલાં એટલીજ વાત બસ મારા ભરોસાપર ખાત્રીથી જાણ કે મેહેરનોશજી વજીફદારની તું ખરી વારસ નથી. તું શીરીન ગાંધી છે ખરી, પણ સોરાબ ગાંધીની બીજી બઇરીની છોકરી છે—ને મેહેરનોશજીએ તો પહેલી બઇરીની છોકરીને દોલત આપવા

વીલમાં ફરમાવ્યું છે. આય ગુસ્તાદજીએ ને તારાં માએ દગલબાજીથી તુંને હરામના પઇસા પહેરાવી ફસાવીછ—ને હવે તારૂં કાટલું કહારવા તે પાપી ખાઇપીને મંડયોછ. પીરોજબાઇના હાથ પગ એ ગુસ્તાદજીએ સીફતથી બાંધી લીધાછ. કોઇબી વખત હવે તારી ઉપર કાંઇ અંગત હુમલો લાવવાબા એ દેવેનામ ખુની કાકા ભત્રીજા ચુકવાના નથી. વાસ્તે જરાબી કાંઇ એવાં ચીનહો માલમ પડે કે જોરથી આય સીપટી ફુકજે. એ ગળામાં પહેરી રાખ. શીરીન. ચાલ, હું જાઉંછ. જો, વીરજી ડોસાં જે દવાઈ લાવે તે તું પીવાને ચુકતી ના. તેનો રંગ પાણી જેવો સફેદ રહેશે. જા, અંદર જઇને જરાક પોઢી જા. બીહ ના, છોકરી, હું અહીં ઘેરની આગળથી હવે ખીસવાનો નથી. તું આજથી મારી પોતાની દીકરી છે."

આમ કહી ઝપાટામાં મુસાજીનું નામ અને વેષ ધારણ કરેલો પારસી ત્યાંથી ચાલી ગયો. શીરીન એકાદ બે મીનીટ ત્યાં એક મીણના બાવલાંની પેઠે એમની એમ ઉભી રહી અને પછી તમ્મર ખાઇ ત્યાંજ ઉંબરપરજ બેસુધ તુટી પડી.

પ્રકરણ ૨૪ મું.

"હવે મને શેનો હાકો ધાકો છે?"

બેજનજી દાવરને ગુજરવાને બે આખા મહીના વીતી ગયા. ગમીનો પહેલો ઝટકો ડપટ પડયો અને ફેટી પોતાનો શોકબી સેહેજસાજ છોડતી ચાલી. માતા ખોઇ બેસી ચુકેલી એક

જવાન જોબનવંતી કુમારી અબળા પોતીકો પીતાબી ગુમાવી ધર્તીમાં ઢગલેઢેર પૈસા સાથ વાએજાન એકલી પડી જાય—માત્ર ઘરડાં ખખ માસી અને દુરના સગાઓ સીવાય માથે વાસે નજદીકનો સંભાળનાર કોઇ મળે નહી—એ શું ચીજ છે! પોતાની વીચીત્ર હાલતનું ભાણ કેટીને છેક હવેજ આવ્યું.

ગયા—બીચારા પપા પોતાના ગરમ સ્વભાવનોજ અંતે ભોગ થઇને ચાલ્યા ગયા! પોતાનો પીતા એક નેહસ્ત દર્દને આજેજ થઇને ગુજર પામ્યો—પેટે જણી એક પુરી દીકરી સાથ છેલ્લી ઘડીએ વગર ઇનસાફની તરછોડ કરી સદાની નીદમાં સુતો!—એ ખ્યાલથી કેટીનું કાળજું બળી જતું હતું. પણ તેણી એક મોટાં મનની છોકરી હતી. પોતાના બેહસ્તનશીન બાપની યાદમાં અવારનવાર હૈયે ચઢી આવતો ઉભરો અને આંખમાં ભરાઇ આવતાં પાણી દીલમાંજ સમાવી દઇ તે કીરતારની મરજીને આધીન થવા તથા સમાધાન ચેહરે પોતાની એકલવાઇ સ્થીતી સ્વીકારવાને કેટી દાવર હીમતથી કોશેશ કરતી હતી.

એકલી અટુલી! લાખો રૂપીઆની કાચી કુમારી ખુબસુરત કેટી દાવર બીલકુલ સ્વતંત્ર! સારૂં સુરત અને કુલ મુંબઈ આ ભાગ્યશાળી છોકરીને માટે ધુસધુસ કરી અકરવકરમાં પડેલું હતું. વીસ લાખ! અને હવે નહી કોઇનો હોકો ધોકો! યેહ—નીંદાના બાહુને રંગપર ચઢી તરેહવાર આકારો લેતાં હવે અટકાવ શેનો? કહેરે મોહડાં તને શું શું ભાવે છે? થોડો જગતને—અને ખુદ કેટીને પોતાને—જુદાઇએ ઝાંખો ખ્યાલબી હતો કે નાનાભાઇ સોલીસીટરની તીજોરીમાં મરનાર બેજનજીનું પેલું છેલ્લી ઘડીનું છુપું અભાગ્યું વીલ અનામત ઘડી વળાઇને જે વખત જાય છે તેમાં સઉ કોઇની ગણત્રી ઉલટાવી મારવા ખોટી થતું પડેલું હતું!

પણ જ્યાં તુલીક તે ખાનાખરાબીનું કંગાળ ચીથરૂં બાહેર પડે નહી ત્યાં તુલીક તો દુન્યા કેટી દાવરનેજ એજનજીની બીસયાર દોલતની એકલી હકદાર વારસ પોકારે એ સ્વભાવીક હતું. હા–કેટી દાવરનેબી પોતાની નવાઇ જેવી જોખમભરી હાલતનું ગ્નાન પુરેપુરૂં ન હતું. એજનજીનો માસીસો વીતવા બાદ તેણીએ નાનાભાઇ સોલીસીટરની મદદ સાથ ગીરગામ ખાતે ખાલી પડેલી કુશાદે "ગુલાબવાડી"નુ મકાન ભાડે લીધું હતું અને પોતે તથા સુનામાસી ત્યાં જઇને ઠરીઠામ થયાં હતાં. એજનજીના ગુજરવા પછી કેટીએ પોતાના પીત્રાઇ ડા૦ અરદેશર સાથે ઝાઝી વાતચીત યા ચીઠી પત્રીનો વેહવાર રાખ્યો નહી હતો. માત્ર કાંઇ સાધારણ કામકાજ માટે એકુ બે વખત સેહજ વાત કરવા સીવાય ડા૦ અદીબી હજી તુલીક તેણીથી દુરનો દુર ભારમાં રહયો હતો. જ્યારે કેટીએ તથા સુનામાસીએ મસ મોટો 'ગુલાબવાડી'નો બંગલો ભાડે લીધો ત્યારે તેણીએ જરાક નામને ખાતર અદીને તથા હમાયજીને ત્યાં પોતાની સાથે રહેવા આવવા "આફર" કરી હતી, પણ ડાકટર અરદેશરે તે માગણી ભપકામાંજ ઉપકાર સાથે ના પાડી હતી. આ પછી કેટીએબી આ મા દીકરાને ઝાઝું કાહું દીધું નહીં અને 'ગુલાબવાડી'માં કેટીને રહેવા આવવાને એક મહીનો થઇ જવા છતાં એકવારબી હમાયજી કે અદી ત્યાં "વીઝીટ" આપવા આવ્યાં નહીં.

પણ ડા૦ અરદેશર વજીફદાર પીત્રાઈ કેટીને દીલાસો દેવા અને તેણીની એકાંત ઘડીઓ સોહવાવી નાખવા આવતો નહી હતો તો શું થયું?—એક બીજો જવાન શખ્સ તો હવે લગભગ દરરોજ સાંજે ત્યાં આવતો હતો એટલે કેટીની દુન્યા સુખી હતી! જાલ ઉમરીગર બેરીસ્ટર છેલ્લા પંદરેક દહાડા થયા દોર બાંધ્યો સાંજે કાળી સાડીમાં શોભી રહેતી પોતાની દીલદાર

સાથ કલાકોના કલાકો સુધી ટાહેલાં કરવાને આવતો હતો. બેજનજીના ગુજર પામવા પછી મહીનોએક દહાડો તો જાલ કેટીથી અલ્લગ નો અલ્લગજ રહયો. વીસ લાખની વારસ બનેલી આ છોકરીની આગલી દોસ્તીનો લાભ લેવાને કાંકણું જાલને વાજબી લાગ્યું નહી. માત્ર તેણે એક રાબેતાનું દીલસોજી પત્ર કેટીને લખી મોકલ્યું અને પછી એક સુદ્ધા ગ્રહસ્થની લાયકી સાથ કેટીની નજરે પડવાથી પહરેજ રહયો.

પણ કેટીએ તેને આમ છટકી જવા દીધો નહી. જાલના દીલાસાપત્રના જવાબમાં તેણીએ ઉંડી લાગણીએ તેનો આભાર માનતાં અનંત મોહોબત અને સાચી વફાદારી, સાદી સમજ અને દુન્યારીનાં ડાહપણુથી ભરપુર જે લીટીઓ લખી તે વાંચતાં જાલની આંખ્યોમાં ખુશાલીનાં પાણી ભરાઇ આવ્યાં. કેટીના કાગળની લાઇને લાઇનમાં તે જવાન છોકરીનો મક્કમ ઠરાવ અને ઓસ્તવાર પ્રીતી ઉભાઈ જતી તેણે વાંચી.

"તારે ખાતર, જાલ મેં પપાનેબી ગણકારીયા નહીં—તારે ખાતર મેં તેવણુને નારાજ કરી એટલા ગુસ્સે થવા દીધા કે તેવણુ તેના જુસ્સામાં કમોતે મરીબી ગીયા. તારે ખાતર, મારા જાલ, મારા બાપની દોલતને ઠોકરે મારવાબી હું તઇયાર થઈ—તો હવે શું તું મને છોરી દેશે? તારા વગર મારા બધા પઇસા મારે મનથી ધુળ સમાન છે. આ કાગળ વાંચતાં જરૂર મને 'ગુલાબવાડી'માં મળવા આવજે."

જાલે હરખથી આ વહાલું કાગળ આંખ્યોમાં ચાંપ્યું અને તેજ સાંજે કેટીને 'ગુલાબવાડી'માં મળ્યો, કેવાં ખરાં સુખનો તે મેળાપ હતો! તેનું પુશ્ન વર્ણન કરવાને આ કાચી કલમમાં રામ નથી. જાણવું બસ થશે કે કેટી દાવર પોતાનો ગમ પોણો ભુલી ગઇ—પોતાની એકવાઇ સ્થીતીનો અફસોસ



જાક,–સાચ્ચે, વાહલો જાક તેણીની કમ્મર આસપાસ હાથ વીંટાળીને તેણીને કુલ જહાનથી બચાવવા પાસે ઉભેલો હતો–બસ! તેનાં ખભાં ઉપર નીરાંતે માથું ટેકવીને ઉભેલી કેટીને મનથી આ જુદી જહાનનું બીજું તમામ સુખ આ સુખની સાથ સરખામણીમાં કુચ્છ નહીં હતું. (જુવો સફા ૨૧૧ મો)

વીસરી ગઈ! જાલ—સુધ્ધો, સાચ્ચો વહાલો જાલ તેણીની કમર આસપાસ હાથ વીંટાળીને તેણીને કુલ જહાનથી બચાવવા પાસે ઉભેલો હતો—બસ! તેનાં ખભાં ઉપર નીરાંતે માથું ટેકવીને ઉભેલી કેટીને, મનથી આ જુઠ્ઠી જહાનનું બીજું તમામ સુખ આ સુખની સાથ સરખામણીમાં કુચ્છ નહી હતું.

*   *   *   *

આવી રીતે પંદર વીસ દહાડા ગબડી ગયા.—આંખના પળકારામાં ગબડીને ક્યાં ગુલ થઈ ગયા તે કેટી અને જાલ કંહી શકતાં નહી હતાં. હાલ તો અરસપરસના અણહદ પ્રેમમાં તેઓની દુન્યા સુખી હતી. આહ! એવી વેળા ભવીષ્યવાણીનો આપણને જરા સંસારોબી મળતો હોય તો પછી આપદાજ શેની? હવે નહી મળે ગુસ્સાથી ગર્જના કરતાં આકળા ભુત પપાનો અટકાવ—નહી મળે અઠાગ ગરીબાઇ, હાડમારી, મુશ્કેલીનો સામે ડોળા ધુરકતો ખ્યાલ. પોતાની મજબુત કસોટી માંહેથી પુર ખાત્રી સાથ પસાર થયલા જાલ જેવા જવાનને ખુલ્લાં જીગરથી પોતીકો પ્રાણ અર્પણ કરવામાં કેટીને હવે શેની બાધ હતી?

પ્રકરણ ૨૫ સું.

માકો મહારી—"લાલ લીસોટા"નો ચમત્કાર.

"નંબર ચઉદ, ફલા ઘાટી!"

"જી, હાજર."

"કેમ? નાને ફલીચે પેલો મેહરજી વેલાતી વકીલ રેહછ તેને ધાબરીયો કે? મેં તે કામ તુને ને સપલ આઇચાઇને સોંપ્યું 'તુ."

"હાજી—આય ત્રણ વીટીઓ અમે ઉઠલાવી લાયાછ. એની સગીના નામે ખોટા દસકતથી ચીઠી લખી સપલે બે હીરાની વીટી ઓકાવી ને હું રાતના એની કબાટમાંથી આય બીલીયાનની વીટી કાહરી લાયોછ."

"ઠીક. નંબર બાવીસ, જુસબ બકરા!"

"હાજર છેઉં, માકાજી."

"પેલા નવાબ મન્નુમીયાંના ઘેરપર લીસોટો પારી આવવાનું કામ તુને આપ્યું'તું."

"પારી આયો, સાહેબ."

"વારૂં તારે, આજે મધરાતથી ચોર આમલી આગળનાં વણમાં તારે પહારો મારવો. બચ્ચા સંભાળમાં રહેજે–મુંબઇથી બીજા બે ડીટેકટીવો આવેલા કહેવાયછ. નવાબ પાસે પાંચ હઝારની રૂમરી મુકાવીછ કે?"

"જી હા—આજે એ જરૂર ચોર આમલીમાં મુકવાનો. નહી તો કાલે એનો રસ્તો કરવાનું મારૂં કામ! પેલા હોરમસજી દેશાઇએ લીસોટાનો જવાબ નહી વારેલો તેને મેંજ ચૌટામાં છરી મારેલીને પુલીસવારા હજુન ખુની માટે માથું ફેરીયા કરે!"

"વારૂં વારૂં ચાલ, ઘણી લાહેરી નહી જોઇયે. નંબર સાત, ચાનજી કાનફૂટીયા!"

"છેઉં!"

"કેમ, તું શું ધારી આયો? લક્ષીયા કસઇને લઇને તું ગુનીમલ ઝવેરીની તીજોરી ફારવા ગેયલોની?"

ચાનજી કાનફૂટીયા તે આપણા પુરાણા મીત્ર સેહેજ

પોતાની ઓચી ખજવાડી. "તે તો નીહ ફાટેલી, ભાય," તે લગાર લજવાઇને બીહતાં બીહતાં બોલ્યો. "બે મણીકાનો ધન બબે કલાક હું અને લક્ષીયાએ મારેલો પણ તીજોરી નકરૂં ગંડાનું ચામરૂં નીકળેલું. લાંબીની પેઠે મચરાઇ ગીયેલી, પણ મારી હારીમાં એક કાપો નીહ પરેલો તો! ફુસ નીકલી ગીયેલી, માકાજી, ને હવારૂં પુચરૂં કે અમે ચાયલા આયવા."

ટેબલને માથે બેઠેલો શખ્સ જે દેખાઇતો આ મંડળીનો વડો હતો અને જે પોતાના ગોઠીયાઓને આમ સવાલો પુછી હીસાબ લેતો હતો, તેણે ચાનજીના આ છેલ્લાં દાસ્તાનથી ખીજાઇને લાલ લોહીયાર ડોળા સાથ દાંતો પીસ્યા.

"ચાયલા આયવા!" તેણે ખીજ પાડીને ઘોઘારી અવાજે બુમ પાડી, "જઇને હાથમાં ચીતલ કાંય નહી પહેરયાં? એ એક નાહલા લોખંડના બાકસને તમે બે અરીમધરીમ લદ્ધાઓ ફારી નહી શકયા? કાંહથી એવા બાયલાઓ મને મળેછ?"

"સાહેબ," લક્ષીમણ કસાઇ અત્રે ખોલાસો કરવા પડયો "ગુનીમલને કલોરોફામ સુંઘાડી તેના ટકીયા તળેથી ચાન તીજોરીની કુંચીબી લઈ આયો. પણ મેંજ તેને કર લગારતાં અટકાવ્યો. એવાં દેવસ્થાનને અરકે કોણ? પરારને સાલ જમસુ ચલ્લાનો હાથ એક તીજોરી ઉંઘારવા જતાં સીકરાઈ ગયલો તેની ફોમ છેની?"

"ચુપ!" સભાના સરદારે ટેબલ ઉપર જોરથી મુકકી થોકી બાંગ મારી. "બેઉ બુબબો જઇને ભેંસના માથાં બોરો! તમારા જેવાજ ચીતલપેહેરૂઓ જો મને બીજા થોડાક મળે તો માકા મદારીનો ડબ્બો કાલે ગુલ થઇ જાય! આય ચરબીનો લાથ્થો ચાન તો મોટા પહેલવાનમાં ખપેછ! હડતો કડતો થઇને મોહોલામાં જુવાન છોકરીઓને બીધરાવી જાણ્યું! એ નહી

ચાલશે, ચાનજી કાનફટીયા! કોઈ હીલ્લાં, સીલ્લાં, - પીલ્લાંમાં ધક ભરાયું હોય તો ફરીથી અહીં આવતો ના. માકા મદારીને તારા જેવા હીચકારાઓનું કામ નથી. કહાં મુવો પેલો પરભુદાસ વઇદ?"

સોનેરી ટોળીનું આ માજનદરાણી મેજરૂં પોતાના મુખ્યા માકા મદારીને આ પ્રમાણે ગુસ્સાથી ગર્જના કરતો જોઈ ડાંયબાંય બની ધાસ્તીને મારે ટરટરતું ચુપ થઇ ગયું. માકા મદારીનો મીજાજ ગયો હતો. લગભગ ૬૦ ની ભરતીમાં આવી ચુકવા છતાં બારેગાંઠ પુરો અને તાલીમબાજ રાઠોડી અંગ સાથનો આ ગાયકવાડી સોનેરી ટોળીનો આગેવાન સરદાર માકો મદારી પોતાની ટસટસ થતી આંખ્યો અને છોલેલાં માથાં સાથ તે દહાડે કાંઇ અજબ રીતે બીહામણો અને જોખમભર્યો દીસતો હતો. તે છેડાયલો હતો અને તેમાં ખાસ કરી ચાનજી કાનફટીયા અને વઇદ પરભુદાસ ગમ એવા તો કરડા ડોળાથી જોતો હતો કે તેઓ સરખા રજેરજના પુરા કસાયલા કાવતરાંબાજોબી અંદરખાનેની બીકથી પસીને ગરકાવ થઇ નીચી મુડીએ બેસી રહયા. મીજાજ ગયો તો બદમાશોની ટોળીનો આ વડો માકો મદારી શું શીક્ષા કરવાને શક્તીવાન હતો તે ચાનજી કાનફટીયો, પરભુદાસ તેમજ બીજાઓ બરાબર જાણતા હતા.

"અહીં આવ. કહાં છે પેલો પરભુ? અહીં આવ–(એવા તેવા)–મારી નજદીક આવ!" માકા મદારીએ જોરથી પોકાર મારી તે ધ્રુજતા વઇદને પોતાની પાસે તેડયો. "આપરી ટોળીનો શું કાયદો છે? ચંડાળ, તેં શું સપત ખાધાછ કે ઓરત જાત ઉપર હાથ ઉગામવો નહીં, યા તેને હેરાન કરવી નહીં? કેમ ખરૂં કે ખોટું?"

"જી હા, ખરૂં."

"તારે મેં સાંભળ્યું છે કે તું ગુસ્તાદજી કાનફટીયા નામના કોઇ મુજીની સાથે જઇ એક નાની છોકરીને આર્સનીક આપી આયો, ખરી વાત ?"

દેહસતને મારે પરભુદાસ વઇદ ખરીયાની જેલી પેઠે ધ્રુજવા પડયો. તેનો ચેહેરો બીલકુલ જર્દ મારી ગયો હતો. ડોકું ઉંચકીને પોતાના સરદાર ગમ જોવાનીબી તેની હીંમત ચાલી નહી.

"હેં, હવે મોહડું સીવઇ કેમ ગીયું,–બોલ ?" આમ કહી માકા મદારીએ કકડાવીને એક લપડાક વઇદ પરભુદાસના ડાચામાં મારી—એવી તો જોરથી મારી કે તે વાણીયો તો આંચકો ખાઇને જમીન ઉપર ફસડાઇજ બેઠો. માકા મદારી વધુવાર ત્યાં થોભ્યો નહી. રણપર ચહડેલા ઘેલા હાથીની પેઠે તેણે આસપાસની ખુરસી ટેબલ લાત મારીને ઉરાડી નાંખી અને મોહોડાંમાંથી બેલફેલ ગાળો દઇ ચોમેર ઝનુનથી ડોળા કકડાવતો ત્યાંથી ધડાકા સમેત ચાલ્યો ગયો. સઘળા ટોળકી-વાળાઓ થોડાવાર ફગલાઇને બીઆબાન ચુપકીદીમાં એકમેકનું મોહોડું જોતા ત્યાં બેસીજ રહયા.

* * * *

વાંચનારને જાણ માંટે કાંઇક સેહેજ ખુલાસો કરવાની જરૂર છે. આપણી વાર્તા જ્યારે ચાલે છે ત્યારે ગાયકવાડી પ્રજા એક કાફરી સોનેરી ટોળીના ત્રાસથી બેઝાર લાચાર થઇને ત્રાહે ત્રાહે પોકારતી હતી. માકા માદરીનું નામ ગોયા ગાયકવાડી સલતનતમાં તે વારે શયતાનનું નામ થઇ પડયું હતું. સતા-વાળાઓ, પોલીસ, પ્રજા, આ જાલમ લુટારાથી અને તેના સીતમગાર સાગેરદોથી હેરાન પરેશાન થઇ હારી બેઠા હતા. ભલાભલા પેહેડીવાળાઓ એ સોનેરી ટોળીના પરાક્રમથી છેત-

રાઈને આજેજ થઈ ગયા હતા, સેંકડો સદ્ધર શ્રીમંત ઘરો માકા મદારીની મંડળીને હાથે થાપ ખાઇ હજારો રૂપીઆથી ધોવાઇ ગયાં હતાં, ખાંડીબંધ વખત ખુદ ગાયકવાડ સરકારનો પોતાનો મેલ લુટાયો હતો. હથીઆરબંધ પોલીસ અને ડીટેક-ટીવોના રાત દીનના સખતમાં સખત જાપતા છતાં છડેચોક દુકાનોમાં ખાતર પડતાં, ખુનો થતાં, તીજારીઓ ફાટતી હતી– પણ માકા મદારી બંદાનો, તેના ગોઠયાઓનો કે આ નાપેકાર મંડળીની ભેગી મળવાની જગયાનો જરાબી પત્તો મળી શકતો હતો નહી. માકા મદારીને માટે આવું કહેવાતું હતું કે તે સંસાર અને આબરૂ દરકારે જડમુળથી ઉખડી જઇ તદનજ રદબાતલ બનેલા પોતાના જેવાજ આશરે ચાલીસેક ખંધારી ખવડીઓની ટોળકી સાથ ગોયા એક નાનું સરખું જુલમગાર રાજ ચલા-વતો હતો. પહેલાં માકા મદારીનું એક તાલીમખાનું નવસા-રીમાં ચાલતું હતું અને રફતે રફતે ત્યાંના પોશાગીર ચેલા-ઓએ માકાના વડપણ તળે એક સોનેરી ટોળકીમાં ફેરવાઇ જઈ લુટફાંસ, મારફાડનો પેશો અખત્યાર કર્યો હતો. દહાડે દહાડે આ ભયંકર મંડળના કારસ્તાનો અને કરતુંકો વધતાં ચાલ્યાં. કાવાદાવા અને અનેક જાતના ખુનખાર પ્રપંચો દીવસ ઉગત વધારે મોટા વીસ્તારમાં અને વધારે સાયનટીફીક ધોરણે ચાલવા લાગ્યાં–તે એટલે સુધી કે **માકા મદારીનો લાલ લીસોટો** એક નાપાક એહેરેમનના શ્રાપ મીસાલ ગાયકવાડી પ્રજાને ધોળે દીવસે ધ્રુજાવવાનું એક સાધન થઇ પડયો.

માકા મદારીનો લાલ લીસોટો! તે વળી શું? બાપરે આ "લાલ લીસોટો" શબ્દ ગમે એવાબી હીમાતવાન નોશાક-રાની છાતી ધપકાવી તનના સાંધા ઢીલા કરી નાંખવાને પુરતો હતો. સવારના પોહોરમાં ઉઠતાંને વાર ઘરને આંગણે દીવાલ

ઉપર બાહેરથી એક યા વધુ ચોકસ જાતના લાલ લીસોટા મારેલા દેખાયા કે પનોતી બેઠી! એનો અર્થ એ કે જેટલા લીસોટા હોય તેટલાં હજાર રૂપીઆ ઘરના માલેકે લુનસી કુઇવાળાં વણમાં આવેલાં એક મોટાં ચોર આમલાના ઝાડના ખાડામાં મુગા મુગા મેલી આવવા! જો આ માંગણી નહી સ્વીકારાઇ તો આજે નહી, કાલે નહી ને બાર મહીનેબી અભાગ્યા ઘરવાળાનું ઘર લુટાયલુંજ છે, અને ઘરના વડાનું ખુન થયલુંજ છે! માકા મદારીના લાલ લીસોટાના ગજબનાક ફરમાનનો અનાદર કરનારા કાંઇ સંખ્યાબંધ આદમીઓનાં લોહીથી ઝઝરતાં મુડદાં ભર ચૌટા વચ્ચે પડેલાં ગાયકવાડી લોકોએ દાંતમાં આંગળાં કરડીને ધુજતી કલેજી સાથ જોયાં હતાં. અને એ લાલ લીસોટાથી બચવાની, અખાડા કરી જઇ તેમાંથી છટકાવાની યા પોલીસની સરકારી મદદ સાથ તેની વીરૂધ થવાની સઘળી કોશેશ એક નહી પણ સો વાર વ્યર્થ ગયલી નવસારીની પ્રજાએ બરાબર જોઈ હતી. ઘરની દીવાલ ઉપર આ ખુનખાર ભેદી લાલ સીગનલ ચીટકેલી જોઇને કેટલા મરદોનાં હરૂદય દબાઈ જતાં, કેટલી ઓરતો ઉજળી વાખ મારી જતી, કેટલા શ્રીમંતો લોહીનો ગોટ ગળીને કપાળ કુટતા તેનું રંગીન વર્ણન કરવાને, અરે મહાન વોલટર સ્કોટ, કયાં છે તારી ઇતીહાસીક રસીક કલમ! જો ઘર છોડી વણાટે વાવવાની તજવીજ થઇ તો પુરૂં નખોદ! જો ડીટેકટીવો યા ચોકી પાહરા રાખી માકામદારીની ટોળકીનો કુબાલો પકડવાની જરાબી હીકમત થઇ તો કમબખ્તી! વર્ષ, દોઢ વર્ષેબી સેહેજ પણ તક મળતાં આ ઝોહાકી ટોળીનો કાઇને કોઇ મળત્યો ગમે તેવેબી છેડે ખુણેથી વટીક શીકારને પકડી પાડી ખુન—ખુનની જબુન શીક્ષામાં પોતાનું વેર લીધા વીના જંપીને બેસતો હતો નહી. સલામતીના અને સાવચેતીના

ઇલાજો તે એક માણસ કયાં સુધી લઇ શકે? જરા રતી પણ ચોકી પાહરા યા પોલીસનો જાપતો મુકયો—તો પછી સેહેજથી અગત્યનાં કામ સારૂં કેથે એકલા ફુડકયા કે જીવનો જમડો ટોટે વળગેલોજ છે! કોઇ દાખલામાં તો એ અચુક કાળ "લાલ લીસોટા" નો એહકાર કરનારા ઘરવાળાના પોતાના બાવરચી યા ઘોડાવાળાના આકારમાં ન ધારેલો નીકળી આવી, પોતાનું કામ પાર પાડી, પાછો બેમાલુમ થઇ જવા વીના રહેતો નહી. ઉપરાસાપરી મળેલા ખાત્રીપુર્વક કડવા અનુભવ પછી એવા રાત દહાડાના ધડક ધુજારામાં રહેવા કરતાં લોકો માકા મદારીના લીસોટાને નામે પોક મુકી મુગા ચોર—આમળાના ખાડામાં પોતાનો દંડ મુકી આવવામાં વધારે દુરઅંદેશી સમજતા હતા. તે ખાડામાંથી થેલીઓ ગુપ્ત રીતે કયારે કેમ અને કયાં ઉંચકાઇ જતી તેબી જાણવાની કે તપાસવાની કોઇની મકદુર નહી હતી. સતાવાળાઓની એ દીશામાં તમામ કોશેશો પાણીમાં ગઇ હતી. ચોર આમળાનો ખાડો એટલો ઉંડો અને અંધારો તળીઆં વીનાનો હતો કે તેમાં નાખેલું નાણું પાછું હાથ આવીબી શકતું નહી હતું.

માકા મદારીની મંડળી અને તેના લાલ લીસોટાની આવી ભયાનક ધાકનો આ કીસ્સો વાંચનારને ખચ્ચીત હેરત કરનારો લાગશે. પણ જયાં પારીસના અને સ્કોટલંડ યાર્ડના મોટા નામીચા ડીટેકટીવો હાર્યા—ત્યાં વાંચનાર, તારા જેવાનો શું આશરો? આ જાલમ મંડળી કયાં પોતાની સભાઓ ભરતી, તે હજી કાળાં કુતરાંનેબી ખબર નહી હતું. લોકો માત્ર અફવાઓ ઉપરથી એટલું જાણતાં હતાં કે લગભગ બુઢો થવા આવેલો માકો મદારી નામનો એક પારસી પોતાની બાંહેધરી તળે ત્રીસ ચાળીસ જાણીતા લફંગાઓને સખત "ડીસીપ્લીન"

તળે રાખી, કોઇ છુપાં ભોંયરાંમાં પોતાની બેઠકો મધરાતના ભરતો અને ત્યાં પોતાના ઘોર કર્મનું પ્રોગ્રામ ઘડી પોતાના મુરીદોને જીવલેણ કામો વહેંચી આપતો. આ ભોંયરાંમાં જવાનો માર્ગ કોઇ લંબાણ છુપી, જમીન તળેની અંધારી 'પેસેજ' મારફતે હોવો જોઇયે એમ સઉ કોઇ ધારતા હતાં, પણ તે 'પેસેજ' કોઇની બલાનેબી હજુ માલમ હતી નહી. માકા મદારીને નામે સઉ કોઇ ધુજી મરતાં, માતાઓ રડતાં બાળકોને તે નામની બીક આપી મુગાં રાખતી, પણ હજી કોઇએબી માકા મદારીને બરાબર જોયલો યા જાતે પીછાનેલો હોય એવું જણાતું નહી હતું.

શું માકાનો પોતાના શાગેર્દો ઉપર કાબુ હશે! નવસારીના કેટલાક જાણીતા પારસી, હીંદુ તેમજ મુસલમીન બદમાશો છડેચોક માકાના ચેલાઓ તરીકે ઓળખાતા હતા. દાખલા તરીકે ચાનજી કાનફુટીયો તે ગુસ્તાદજી વકીલનો નામચીન ભત્રીજો ખુલ્લી રીતે માકા મદારીનો એક આગેવાન ગોઠીઓ બોલાતો હતો; છતાં આ સોનેરી ટોળીની અંદરખાનેની વાતોનો એક હુંકારોબી પ્રજા જાણી શકી નહી હતી. ગુસ્તાદજી કાનફુટીયો નવસારી આવીને ઠરીઠામ રહયો ત્યારે તેણેબી માકા મદારીની ટોળકીનાં પરાક્રમોની વાત સાંભળી. આ ટોળકીમાં પોતાને સામેલ કરાવવા તે ચાનજીને ખુબ વળગયો—પણ ચાનજી હજીસુધી તેને ઉડાવ્યા કરતો હતો. આટલા મુરીદો છતાં અને ગાયકવાડ સરકારે રૂપીઆ દશ હજારનું ઇનામ માકા મદારી યા તેની મંડળીનો કુંબાલો પકડી આપવા માટે જાહેર કરવા છતાં કોઇબી ટોળકીવાળો હજી ફુટતો નહી હતો. મંડળીના કાનુનો ઘણાજ સખત દેખાઇતી રીતે હતા, અને તેઓની સઘળી ગોઠવણોબી ગંજાવર વીસ્તારમાં અત્યંત સીફતથી

રચાતી હતી. વળી મંડળીના છુપા કાનુનો, છુપી નીશાનીઓ અને એક છુપો ધર્મ હોવો જોઇયે, કારણ નવસારીના કેટલાંક ચોકસ માતબર ઘરો ઉપર લાલ લીસોટા પડતાજ નહી હતા, અને લોકો એવું બોલતા કે તે ઘરવાળાઓ માંહેલા કોઇને મંડળીં સાથ સીધો યા આડકત્રો સંબધ હતોજ હતો. વળી એક બે ચીજ ખાસ ધ્યાન ખેંચતી હતી—અને તે એ કે એકવાર દંડાઇ ગયલાં ઘર ઉપર ફરીથી બીજી વખત લાલ લીસોટો પડવાનો બનાવ હજી બન્યો નહી હતો, તેમજ વળી દરેક ઘરની પૈસા સંબંધી મવસરના પ્રમાણમાંજ આ "બ્લેક-મેલીંગ" છાપ પડતો હતો. વધારે શું? માકા મદારીની ટોળી કોઇ દહાડેબી ઓરત જાત ઉપર જબરદસ્તી વાપરતી હજી જણાઇ હતી નહી. એકવાર ચોટામાંથી એક લટખટ જેવા કોઇ મરાઠાનું મુડદું પડેલું લોકોએ જોયું. તેની છાતીમાં છરી ભોંકેલી હતી અને ગળાંમાં લાલ કીનારીવાલું એક સફેદ કાર્ડ બોર્ડ હતું. તે ઉપર શું લખેલું હતું?

> માકા મદારીનો મુરીદ—સ્ત્રી
> જાત ઉપર જોર કરી મંડળીનો
> કાયદો તોડનારનો આ ફેજ!

એવો માકા મદારીનો ત્રાસ અને જુલમ હતો!

પ્રકરણ ૨૬ મું.

એક અંગુઠા જેટલી પોરીને માહુત કરાતી નથી?

કાકા ભત્રીજા સામે બેસીને ઘુવડોની પેઠે એકમેકનું ડાચું જોયા કરતા હતા.

" એ શું બકેછ ચાન ? "

" હાચું કહું—તારા બાપના હમ."

" બીચારા પરભુનું ખુંન થયું ? ઓ તારો દાહરો બરે !"

" હઉવે ! ચઉટામાં હું એ પોતે એનું મુરહું દીઠેલું. લાલ ફાનારીવારૂં કાગર પોલીસવારા ઉપાડી ગયેલા. અત્તારે તે મારો હહરીનો વઇદો મહાણ કાંડે ચહરીબી ગીયેલો ઓહે !"

ગુસ્તાદજી ડઘાઇને પોતાના આ લીલા બુમલા જેવા ભત્રીજા ચાનજીગમ ટીકવા પડયા.

" અરે પણ એના બાપનો કંઈ ગામમાં ડંકા બંકા વાગેછ? આય તો જુલમ થયો ! પરભુદાસે એક છોકરીને ઝેર આપ્યું તેમાં તારા માકાના બાપનું શું લુટઇ ગીઉં ? "

ચાનજીએ પોતાના હાથના અંગોહા વડે કપાળ ઉપરનો પરસેવો ઓખવી કાહાડયો. દેખઇતી રીતે ધાસ્તીથી તેનો ચેહેરો ઉતરી ગયલો હતો.

" કાલે રાતે એને થોબરા મહી બબરચો પયરો તીવારેજ હઉવે જાયણું કે પરભુના દીવહો ખોટા. માંકા બગયરો કે કોઇના દાદાનેબી નીહ છોરે, કાકા. તારી હુજે મારોબી કોઇ દી એમજ ભુકો નીકરી જવાનો. પાંહરાં તુટી જાય તેવાં કામ એ મને હમણા હોંપતો છે. ધાન ખાવાની ફુરહદ

આપતો નથી ને જે વારે હામો મળે તીવારે ભહતાં માહેલા ભુતડાની પેઠે ડોરા કાહરે. લગરીક તે દારે તારી વાત મેં કાહરેલી તો મને કરડીજ ખાધેલો. મુંગો મુંગો મરી રેહ, કાકા, નીહતો લાલ લીહોટો તારે આંગણેબી લાગી પરહે તે પાકેલા વેંગણા પેઠે છુંદો નીકરી જાહે."

ગુસ્તાદજીનું મોહોડું જોવાજોગ હતું. માકા મદારીની ટોળીમાં સામેલ થવાના તેના સઘળાં ફાંફાં આમ વ્યર્થ જાય અને વળી ઉપરથી આવો ધસોરો! કમર પાછળ બે હાથ મેલી તે ખુબ ફ્ફડી ચટકીને ઓરડામાં આમથી તેમ ફલાંગ મારવા પડયો. એ ગોલામનો ખાધો માકો એવો તે કોણ દેવનું ડાકું પડયો કે જેણે પરભુદાસ જેવા મવાલીને જરાક કસુરને વાસ્તે પાર કરી નાખ્યો અને જેનાથી ચાનજી જેવો ખવડીબી ડઠરીને દબાઇ જતો હતો! થોડો વાર દાંત પીસીને આમ તેમ નીચી મુડીએ ફરવા પછી તે પાછો ચાનજી સામે આવીને ઉભો.

"પણ હરામજાદા, તું આટલો વખત મુવો'તો કાંહ? તું એમ સુકઇ જાયછ તારે મારી બધી ગણત્રી ઉંધી વરેછની! ચાન, તારે ખાતર આય પોરી શીરીનને હું અહીં ઘસરી લાયો ને તું અદુખરો નાહસ્તો ફરેછ."

"કપ્પાર તારૂં! તુંને એ હું વેહજું લાએગું, કાકા? એ ખલેરી તો નીહ હમજે—જાવા દે, પાતળા રૂને હું પીંજયા કરે?"

ગુસ્સા અને તીરસ્કારથી ગુસ્તાદજીના કપાળપરની નસો બી તડપી રહી. "બસ? હીંમત એટલાંમાંજ હારી ગીયો?" તેણે તરડાઇને મોટેથી બરાડ મારી, "હટ બાયલા! ચોખાની ગુણ જેટલું આંગ ઘાલી જાણ્યુંછ—બાકી એક મંકોરાના જેટલી તારામાં પહોંચ નથી. તું મરદ નથી—તું સાત પાણીએ ધોયલો—"

"અરે હું ચાર! તારી મોહકાન મંહીં મારૂ ટાલકું હેકાઇ ગીયેલું. ગુહતાદકાકા, એ હેતાનનો હહરો જેબી ઓહે તે જો મારા હપાટામાં આએવો તો બોટી બોટી કરી લાખા—હોઉવે!"

ગુસ્તાદજીએ અધીરાઇથી પાસેની ટેબલ ઉપર જોર સાથ બેચાર મુક્કી ઠોકી અને ફફડીને બોલ્યો, "શીરીનબી જબરી ખરવુસતર મુઇછ–શાન કોઇ ડાકણ છે કે બલા! આરસનીકના બાટલા ને બાટલા ઓટી જાયછ—પણ એને ધાર નથી આવતી! પરભુએ એવું ડોહચાણ આપેલું છે કે તારા જેવા ચાર દબ-રડીંગોનો ગુણ લાવરો થઇ જાય—પણ આય નાપાકની જાણીને ઝેરબી જરી જાયછ! તે દાહરે મને વેહેમ ગીયો તે મેં છુપઇને તપાસ કીધી તો બરાબર પેલી ડોહીને હાથે એ દવા પી ગેઇ! વચમાં જરા ચસીડમ જેવી થઇ ગેઇ'તી—પણ વરી પાછા હમણા બતાસા ભરાવા માંડયાછ! હવે શું કરૂં?"

"જાઇને પથર હાથ માથું ફોર! તુંબી હું હુખલા નાહેઉની ગત કરે, કાકા? એક દી પાંહરાંમાં ચટ કરતી કે છરી ભોકી લાખ કે રહતો હમો થી ગીઓ!"

"અરે પણ ઇડીયટ—એમ કાટલું કાહરતાં મારૂં ગળું દોરડીના ફાંસામાં આવી જાયછની?"

"હે હે! ખરા, એમ કરતો રખે—દોરડું અભરાઇ જાહે!" ચાનજી દુમ હીલાવી ખુબ ગેલથી હસવા લાગ્યો.

ગુસતાદજીને તો એવાં અભરુમચી આવતા હતા કે જાણે ચાલતું હોય તો ઓય આ બેઅદબ ભત્રીજાની ગળચીજ ભચડી નાખે! પણ ચાનજી સાથ એવી આસનાઇ કરવામાં સાર નહી હતો.

"મારૂં ગરી જાયછ ને તુંને ચેષ્ટા સુઝ પરેછ! એ

દુકતી ચેકોપર હમણા સહી નહી કરતી તેથી મારા હાથ પગ કેવા બંધઇ ગીયાછ તેની તું ગધેરાને શું ખબર છે! મારૂં પંદર હજારનું દેવું ચહરી ગીયુંછ ને પેલો ગુણીમલ ને બીજા મારવારીઓ રોજ મારા જીવપર આવીને ઉભા રહેછ! આહ! નથી એ પોટકી પૈસા તોલતી—નથી એ માચરો ખાલી કરતી કે નથી તું મેર દફેર એને પટાવી લેવામાં મને મદદ કરતો. જો ચાન, એને જીત! એ અંગુઠા જેટલી એક છોકરીને તું માહત નહી કરી શકે? તુને તારો ભાગ આપવા મેં—"

"ઉંહ! હું માથું ખાયા કરે!" ચાનજી કંટાળીને બોલ્યો, "મને એ ગણુકારેજ નીહ તે વારે એને હું હમજાવે—તારૂં તોરૂં? એના માથા મહીં હત્તર ખાંડી રાઇ ભરાયલી, બાપા. પવનચકકી હાદરી ફ્રાનહપર મારી હાથવારાઓ બેહે તીફ્રા લઈ જવા તે દીવહે મેં એને કીધેલું——"

"સાદરી ફ્રાનસ પર! પવનચક્કી—તારા નાભીચા સાથવાળાઓમાં? (એવા તેવા)!" ગુસ્તાદજીએ ક્રોધથી દાંતેદાંત કચકચાવ્યા.

"કાંય માથું ઝીકે, કાકા? એ હીધે હીધી મારેથી હીહામાં ઉતરે નીહ તો પછી એનીપર મારેથી હોટીઉંબી નીહી ઉંચકાય. માકો જાણે તો મને જીવવા નીહી દે. એ તો ભાય, તારે તારૂં હુંજીયું કરી લે. હું તો આએ ચાએલો.

આમ કહી ચાનજીએ આસ્તેથી ઉઠીને ચાલવા માંડયું. ગુસ્તાદજીએ તેને ઝટ સદરામાંથી પકડી થોભાવ્યો.

"ઉભો રેહ! એ છોકરી સાથ તો હું મારૂં ફ્રોરી લેવશ. પણ એક મોટી નડતર વચમાં પરીછ. પેલા મુજીને પહેલાં સવાદ ચખારવો જોઇયે. ચાન, તેને પહેલાં મારા રસ્તામાંથી સાફ કરવો ને દૂર કરવો! તેમાં તો તું મને મદદ કર."

ચાનજીએ પોતાનું ઘોલચા જેવું માથુ હલવડયું. "તેં વરી

કોણ તુને નરવા આએવો ?" તેણે પોહોળું ડાચું કરી હસ્તાં પુછ્યું.

"મુસાજી કરી મુસલમાન છે—પણ તે જો છુપા વેશમાં કોઈ પારસી નહી હોય તો મારી જમણી મુછ બોરાવી નાખું !"

"બો હો !"

"તેજ—તેજ ચંડાલ કે જેણે તુને માવા જેવો ઝપેટો મારી ભોંયપર અફારી નાખ્યો——"

"હેં ?"

માથાં પર જાણે બીજી ડાંગ પડી હોય તેમ ચાનજી ઝબકીને છાતો કાહાડી પડયો. તેના હોઠો ઉપરથી બેદાદીનું હસવું ઉડી ગયું અને કપાળ પર વળેલી કરચલીઓ સાથ તેનો બેબીયલ ચેહરો એક તરસીયા ખુનીની પેઠે કઠણ કરડો બન્યો.

"ચાન." ગુસ્તાદજી હવે અવાજ ધીમો કરી ગંભીરાઇથી બોલ્યા, "એ નવા માવલાજી મનમાં ખુબ મરચાં ખાયછ. હું એખલે હાથે તે દાહરે કંઇ કરી શકયો નહી. એણે તારી ટાલકી ફોડી નાખી ને વરી સામબો મને તાહર પછી ડબરાવવા આય ઘેરમાં ઘુસી આયો ! એને જો જેર હમણાથી નહી કીધો તો તુને ને મને કોઈ દાહરે લટકાવી મારશે—મારો બોલ યાદ રાખજે."

"પણ એ હું માગે—એ કોણ——"

"આય દુકતી શીરીનનો કોઇ મળત્યો છે. એ કાફરને પાછો પકરવો હોય તો કામ મુશકેલ નથી. છે મરજી ?"

"હાથ લાએગો તો જીવતો નીહ જાવા દેઉં."

"પણ એખલો નથી આવી મરતોની ?"

"તેમાં હું ? મારી હાથે લક્ષીયાને ને દાદા મેટકાને રાખા—તું એક ફેરી મને એ માનહ બતાવી આપની."

"ઠીક તારે—આવતી કાલે રાતના એ બે તારા દોસ્તને અહીં લાવ. આપરે ચાર જણા એ મુસાજી ફુસાજીના દાદા-ઓનેબી પુરા પરશું. એને આય ઘેરમાં લાવવાનું મારૂં કામ. તમે એક ઠેકાણે ભરઇ રેહજો—ને શીરીન ને મારી વચ્ચે ગમે તેબી થાય તોબી તમો વચમાં પરતા ના. તમારે તો બસ પેલાની સાથેજ હીસાબ રાખવો. જેવો તે આવશે કે હું બુમ પારી તમુને બોલાવ઼શ——"

"પણ તું એ પોરીને હું કરવાનો?"

"તેમાં તારા બાપનું શું જાયછ? તું ને તારા સાથીઓ છુપાઇને અમોલા રહેજો—એટલે થયું!"

ચાનજી સેહેજ મોહ મચકાવી એક બોલ બોલવા વગર ત્યાંથી ચાલ્યો ગયો.

"ધાંખરો કાલે હીરીનનો આટો લહન કરવા માગે," તે નાખુશીથી ડોકું ધુણાવી જીવ સાથ બડબડતો ચાલ્યો, "પણ મારે હું? એને હુજે તે કરવા દે—એને ટાટા મહીથી પકરીને મારો ભાગ લેવા. ને પેલા હેતાનને આખો જાતો મુકું તો ઉં માકા મદારીનો ચેલો નીહ! કોણુ ઓહે? ટોળીનો તો હોયજ નીહ—હોય તો મને મારે હું કામ? કોઇ હીરીનનો હગો ફુટી નીકરેલો! જોઇહું કાલે."

પ્રકરણ ૨૭ મું.

વીચીત્ર છોકરી—હજારમાં એક !

બેજનજી દાવરને ગુજરવાને પાંચ મહીના ઉપર થઇ ગયા. પાંચ મહીના! ઓહો—એ મુદતમાં ગમે તેવા જખુન ગમનીબી ધાર બુઠ્ઠી મારી જાય છે તો કેટીનો શોક ડપટ પડતાં શું મુશકેલ ? રોજ બરોજ જાલ ઉમરીગરની સંગતમાં ભવીસ્યના સુખનું સ્વપ્નું જોતી આ લખેશ્રી રૂપવંતીના હસમુખા મોહ ઉપર એટલી વારમાં એક અજબ જાતની નુરાની પંથરાઇ ગઇ હતી. જાલ હવે તો રોજ સવાર ને સાંજ દોર બાંધ્યો 'ગુલાબવાડી'માં પોતીકી પ્રીયાને ભેટવા આવતો હતો. એક દહાડોબી જો આવતાં જરા અડધો કલાક મોડું થતું તો કેટી દરવાજા ઉપર તેની વારેવાર જોતી ઉભી રહેતી. કોઇ વાર જો અડચણ યા રોકાણને લીધે જાલ નહી આવ્યો તો આ છોકરી બેચેન બની આખો વખત અકરવકર કર્યાં કરતી. જાલ હવે 'ગુલાબવાડી'માં એવો જાથુકનો પરોણો થયો હતો કે ગામમાં કેટી સાથના તેનાં લગનની વાત છડેચોક બોલાતી હતી. બાહરના લોકો કેટીને તેમજ સુનામાસીને મળવા આવતાં તેઓ જાલબાને હંમેશ 'ગુલાબવાડી'માં ખુટો દાટી બેઠેલો જોતાં—અને જાલબી જાણે હવે ઘરનોજ છોકરો હોય તેમ આવતાં જતાંઓ સાથ વાત કરતો અને તેઓને આવકાર આદરસ્તકાર દેતો. તે પોતે અને ખુદ કેટી સઉને મોઢે ચઢીને કહેતાં કે બેજનજીની વરસી વીતાં લગન કરવાનો તેઓએ ઠરાવ રાખ્યો છે—એટલે મુંબઇના ઘણાક પૈસાના લાલચુ

કુમારા કડકાબાલુસો, જેઓ પોતાની કેળવણી યા ખાનદાન પર મદાર બાંધી સઘળી કુમારી ગબ્બર છોકરીઓની રાત દહાડો ગણત્રીમાંજ રહે છે, તેઓએ હવે જીભ કરડીને કેટી પરથી આશાઓ ઉઠાવી, અને બીજી દીશામાં ડોકયું કરવા માંડયું.

પણ ડા૦ અદી વજીફદારે તો પોતીકી મગરૂર ડોક હજી જેમની તેમ ટટણખારજ રાખી હતી. છેલ્લા ત્રણેક મહીના થયા તે 'ગુલાબવાડી'માં એકબીવાર ફટકયો નહી હતો—તોબી ત્યાં ચાલી રહેલા તાજુલમુલ્ક બકાવલીના ખેલની ખબર તેને પડયા વગર કેમ રહે? જાલ અને કેટીનાં ગોઠવાયલાં લગનની ખબર તેણે ઘણે મોહડે લોહીનો ગોટ ગળીને સાંભળી હતી. અદેખાઇ અને અપમાનથી જળી બળી જવા છતાં વખત આવે ત્યાં સુધી મુગે મોહડે ધીરજ રાખી તમાશો જોયા કરવા સીવાય બીજો ચારો નહી હતો. વચમાં એકવાર જ્યારે ઘણુંજ પાકી આવ્યું ત્યારે અદીએ પોતાની પીત્રાઇને એક કાગલ લખી પોતાની અને કેટી વચ્ચેની "ગેરસમજુતી"નો દમામદાર લંબાણ ભાષામાં ખુલાસો કર્યો—તેણીની દોસ્તી અને માન પાછું જીતવા પોતે કેટલો ઇંતેજાર છે તે જણાવ્યું—કેટીને વાસ્તે પોતાને કેવું ઉંચુ મત હતું તે વીસ્તારીને દરશાવ્યું—બેહેસ્તી બેજનજી મામા બંને પીત્રાઇઓનાં જોડાણ માટે, કેટલા ખાએશમંદ હતા તેની કેટીને યાદ આપી—અને બેહેસ્તીની છેલ્લી ઇચ્છાને નમવાની બંને બચ્ચાંઓની કેવી પવીત્ર ગંભીર ફરજ હતી તે બાબે પોતાની "વહાલી પીત્રાઇ"ને ડા૦ અદીએ એક શુભાખીત લેખીત ભાષણ આપ્યું.

પણ આ સઘળાં ચાર પડનાં લાંબાં લચ કાગળનો કેટીએ શું ઉત્તર વાળ્યો? વાંચો:——

ડા૦ અરદેશર વજીફદાર.

સાહેબ,

તમારાં કાગળ વાસ્તે ઉપકાર થયો. મારાં સુખને ખાતર તમુને ચીંતા કરવાની જરૂર નથી. મારી શું ફરજ઼ે છે તે હું બરાબર સમજું છું.

લા૦ કેટી.

થઈ ચુકયું ! કયાં જાય અદીનો મીજાજ ! સમજાવટ અને નરમાસથી તેણે કામ લેવા માગ્યું, તેનો આવો નતીજો ! કેટીની આવી દેખઈતી તોછડાઈથી તે ગુસ્સાને મારે ફીણ ફીણ થઈ ગયો. ભુંડા થવા વગર મેમસાબને સીધાં સીધાં ઠેકાણે લાવવાની તેની સેવટની ઉમેદોને આવો અપમાનભર્યો ફટકો લાગ્યો તેથી અદીની રગે રગમાં કેહર વેર વસી રહયું. હવે બમણા, ત્રમણા જોશ સાથ તે કેટીને માહત કરવાને હરડતા સોગંદ ખાઈ પડયો આહ ! પૈસાને ખાતર એ બીલ્લુ પકડવા જેટલો તે અધીરો હતો તેના કરતાં વધારે તલપાપડ આ મીજાજી તુંદ છોકરીની ગરૂરીને પગ તળે કચડવા માટે હવે અદી થઈ બેઠો.

"તું કાંહ જવાની છે—મીજાજની કુત્રી !" તે હોઠ મજબુત કરડીને જીવસે બબડ્યો. "પેલા જાલના પાસાંમાં તું ભરાઈને લખ્ખોની ખુમારીમાં એટલી બધી ફુંફાં કરેછ—પણ બીજા મહીના દાહાડામાં હુંજ તુંને તારા ગુઠણપર લાવીને મારે પગે પરતી મારી બૈરી બનાઉ નહી તો હું મારા બાપનો બેટો નહી."

ડા૦ અદી આમ મનમાં મદીલો જમતો, મુછને વળ દેતો પાછો મુગો થઈ ગયો.

સંભાળ—સંભાલ, ડા૦ અરદેશર વજીફદાર ! તું હજી તારી પીત્રાઇ કેટી દાવરને બરાબર પીછાનતો નથી.

* * *

સવારના સાતેક વાગતાનો ઠંડો પોહર હતો અને 'ગુલા-બવાડી'ના વીશાળ બગીચામાં એક ગીચ લીલોતરીના મનોહર માડવા તળે એક ગામઠી બાંક ઉપર તે સુખી જોડું હાથમાં હાથ મેળવી મોહોબતની મધુર ગુફતેગોમાં મશગુલ હતું. જાલ તુર્તનો ઘોડા ઉપર આવ્યો હતો—અને કેટીએ તેને માટે ચા બીસકીટ વગેરે એક ટીપાઇ ઉપર ત્યાં અગાઉથી તૈયાર રાખ્યુ હતું. પાસે એક બીજી નાની ટેબલપર સેતરંજનું પાટીઉં અને સોટકાં પડેલાં હતાં—અને કેટી તો તેની એક અથંગ ઉસ્તાદ રમનાર હતી.

પરોઢીયાંની ખુશ લેહેકીમાં કેટીના બાલના ઝુલફાં તેણીના કપાળ ઉપર વીખરાઇને ઉડતાં હતાં ત્યારે—ઓ ! કેવી ખુબ સુરત કેવી ચીત્ત ચોરી લેનારી તેણી દેખાતી ! જાલ તેણીનો હાથ પોતાના હાથમાં લઇ પ્યારથી પસવારવા લાગ્યો.

"કેટ !" તે ખરી લાગણીથી બોલ્યો, "આટલું બધું સુખ મને મળશે એવી મેં આશા નહી રાખીતી. તારી પાસે બેસીને બે ઘડી સુખ દુઃખની વાત કરૂંછ તે મારે મનથી જાણે બેહેસ્તમાં જાઉંછ."

કેટી સેહેજ હસીને ચાહે રેડવા ઉઠી, "જાલ, મારી પાસે પૈસા નહી હોય તો એ તારૂં બેહેસ્ત એવુંજ રહે કે ? હું ગરીબ માણુસ—એક પૈ વગરની—આજે થઇ જાઉં તો તું મને હમણા જેવો તો નહીજ ચાહે. ખરૂં કેની, ડીયર ?"

"હમણાથી વધારે ચાહી શકું તો જરૂર તેમ કરૂં. તું જો ગરીબ બને તો મારા આશરા અને પ્યારની તુંને વધારે અગત પરે, મારાં મોતી !"

"હાસ્તો! મારા બધા પૈસા જો આજે જતા રહે તો પછી આપુને એક નાહલો ગરીબરો માળ ભારે લેઇને રેહવું પરે. આપરે તરત લગન કરીને કોટમાં કેથે સસ્તાં ભારાંના ઓરડા શોધી કાહરીયે—"

જાલ હલવેથી ખડખડ હસી પડયો, "તરત તો પછી કાંહથી પરણાય, જાની? મારા બાપાને તાહરે સમજાવવા જરા કહણુ પરે. હું એકાદ બે વરસમાં કંઇ કમાતો થાઉં તાંહ સુધી તો થોભવુંજ પરે તો."

કેટીએ જરાક મોહ મચકાવીને હાથમાંનું પ્યાલું રકાબી ટીપાઈ ઉપર જોરમાં મુકી દીધું.

"હું તો બા નહીં થોભું! થોભતાં થોભતાં તો હવે મુવો કંટાળોબી આવી ગીયો. તારી સાથ પરણીને ગરીબ-ઇમાં વહીતરૂ કરવાબી જો તું મને કેહ 'કની તો હું તો પાંચ મીનીટમાં તૈયાર થઈ જાઉં. જાલીબા, તુંબી એમ નહીં કરે—જે વરી મને ખરૂં કેહની?"

જાલ તો બાંક ઉપર અટેલીને ખડખડ હસી પડયો. તેની વહાલી કેટી ભવાં ચઢાવીને ખરે મને આવું "નોનસન્સ" બકબક કરતી હતી તે દેખી તેને ઘણી રમુજ ઉપજી. તેણે ચુંચી આંખ્યો કરી ચશમામાંથી પોતીકી માશુક ગમ હસ્તે ચેહેરે થોડોવાર જોયું, અને તેણીની કમર આસપાસ હાથ વીંટાળી ખરા પ્યારથી તેણીને પોતાની પાસે ખેંચી.

"ડારલીંગ, કોઈ વખત તું અજબ ફીલસુફ બની જાયછ. એવી ગાંડી ઘેલી વાત શાની કરવા પરી ગેઇ? કુદરતે તુંને એક ગરીબરા મારપર વહીતરૂં કરવા સરજેલી નથી, મારાં જીગર!"

કેટીના ચેહરાપરનો નાસીપાસી નારાજીનો છાપ નરમ

મીઠાસમાં પાછો બદલાયો. ગંભીરાઇથી સેહેજ હસી તેણીએ જાલના ગળાં આસપાસ પોતાનો હાથ નાખ્યો અને આસ્તેથી બોલી.—

"એ ગાંડી ઘેલી વાત નથી, જાલ. કાલ કેવી છે તે કોણ જાણેછ? તું જો મને તરત પણવા ના કહે ને મને થોભવા જણાવે તો હું શું કરૂં તે તું જાણેછ?"

"થોભે—વરી બીજું શું કરે?"

"નહી." તેણી ડોકું ધુણાવીને બોલી, "હું તો નહી થોભું. તારે તો હું જે માણસ મારી સાથ પહેલો પણવા માગે તેની સાથ પરણી જાઉ—હા, ફક્ત પેલા અદેસર ડાકટર સીવાય! ખરૂં કેહુંછ, જાલ, મારા જીવના સમ! તું જો મને પણવાને થોભવા જણાવે તો હું ગમે લુલા ભુલાની સાથે જરૂર પરણી બેશું—પછી ગમે તેવાબી આખી જીંદગી હારમાર દુખી થાઉં તોબી——"

"ચાલ, ચાલ!" જાલ હડાક દેતો કે ઉભો થયો, "એવી વગર અરથની ટકટક ના કર, ડીયર. તું કોઇ વખત એમજ ચેરી થઇ જાયછ. જે નહી બને તેની વાત કેવી કરવાની? લે આવ, કેટ, જરા ચેસનો દાવ માંડયે. તારે હાથે રોજ હું માહત થાઉંછ—પણ તોબી તારે હાથે તેમ થવામાં ઓરજ મજાહ છે. આવ, તારી બકબક કરતાં એમાં મને વધારે સોહવાશે."

કેટીના ભવાંપરથી પળકવારનો ચીલ્લો બીલકુલ ઉતરી ગયલો હતો. ઝડપમાં જાલની પાંખડી વળગી તેણી શેતરંજની ટેબલપર ગઇ અને બંને ત્યાં સામસામી ગોઠવાયાં.

"જો વરી વજીર કે હાથી આપી ના દેતો, હ કે, જાલ. ખુબ ધ્યાનથી ચીપી ચીપીને રમજે જોઉંછ તો!"

આશુક માશુકની જવાન દીલપઝીર જોડ સેતરંજના દાવમાં મશગુલ થઈ. પયાદાં અને મોહરાંને આમથી તેમ

મુખ પર લગાર તીરસ્કારના
દેખાવ સાથ ડા૦ અલી તે રમત
તપાસતો ઉભો.

(જુવો સફો ૨૩૩ મો).



મુગામંતર ખીસાડ મુક કરતાં બંને જણા તે દાવમાં નીચી મુડીએ લીન બની જઇ આસપાસનું ભાણુજ જાણે ભુલી ગયાં. ખાસ્સી પંદર વીસ મીનીટ નીકળી ગઇ. જાલને શેહપર શેહ આપી કેટી તે બાપડાને ખુબ દબાવતી હતી. રમત શુરપર ચઢી હતી, અને જે વખત જાય છે તેમાં જાલની નક્કી માહત થવાની વકી હતી. કેટી ખુબ ઉલટમાં આવીને એક અગત્યનું મોહરૂં પેચવા જતી હતી—તેવામાં પછવાડેથી કોઇનો અવાજ સાંભળી તેણી ભડકીને અટકી ગઇ અને પીઠ પાછળ જોયું.

ડા૦ અદેસર વજીફ્દાર ત્યાં કમરે બે હાથ ટેકવીને રમત તપાસતા ઉભેલા હતા.

"ઘણું સરસ ચેસ રમોછ?" તેણે લગાર ભપકાથી જરા ડોકું કરીને પુછયું. "ચલાવો.—તમારી રમત ચલાવો— મારે લીધે અટકી ના જાવો."

જાલ અને કેટીએ આ ન ધારેલા પરોણાને પાછું સેહેજ ડોકું નમાવી સલામ કરી. એક શબ્દથી બોલવા વગર કેટીએ દાવ ચલાવ્યો અને પોતાના વજીરથી જાલના પાદશાહપર શેહ આપી. ખોટી તે ચાલ હતી—કારણ જાલનાં ઉંટે તે વજીર ચડપ દેતો કે મરી ગયો. મુછપર લગાર તીરસકારના હસવા સાથ ડા૦ અદી તે રમત તપાસતો ઉભો.

કેટીએ એક નાની ભુમ સાથ રમત ચાલુ રાખી. પણ ખલાસ! બસ તેણીને કોણ જાણે શું એકાએક થઇ આવ્યું હતું કે ચપાચપ એકેક પછી એકેક તેણીનાં મોહરાં જાલ ખાતોજ ગયો. પાંચ મીનીટ વધારે અને કેટીની માહત થઇ!

એક નાનો આંચકો મારી તેણીએ સેતરંજનું પાટીઉં ખીસાડી નાખ્યું અને ખુબ ખભરીને હડાક દેતી ઉભી થઇ ડા૦ અરદેસર ગમ ફરી.

"આય તમારી મોહકાણુ જોઇ, ડાક્ટર? પેહલી વાર મારી જીંદગીમાં જીતતો દાવ હું હારીને માહત થઇ!" તેણી રોંહ-સાભેર આમ બોલીને ધબ કરતી પાસેના બાંક ઉપર બેસી ગઇ.

પ્રકરણ ૨૮ મું.

" મારા જાલ ને બધા જી! તું જખ શું મારેછ?"

જાણે તુચ્છકાર અને દયાથી મુછમાં હસ્તો ડાક્ટર અરદેશર વજીફદાર કમરે બે હાથ દઇ પોતીકી પીત્રાઇની સામે લગાર તોરમાંજ ઉભેલો હતો.

"મારી મોહકાણમાં તમે માહત થયાં—મારી મોહકાણમાં? ખોદા ખેર કરે!" ખુબ ખભરાટથી દાંત્યાં પીસીને તે ઘોઘારી સાદે બોલયો. "મારેથી એમ સેહલઇમાં તમે માહત થતાં હોવ તો બીજું શું જોઇયે? જરા બંગલામાં મારે તમારી સાથે પાંચ મીનીટ ખાનગી વાત કરવીછ—આવશો?"

"જે કહેવું હોય તે અહીંજ કહો," કેટી થોબરો ચઢાવીને બોલી, "જાલથી કંઇબી વાત છુપાવવાની જરૂર નથી."

અદીએ જાલ ગમ એક ઉડતી નજર નાખી. પોતાની સહવારની "કોર્ટશીપ"માં આમ ખલલ પડી તેથી જાલનું પાકીને પલેઠર થઇ આવ્યું હતું અને તે અદી ગમ આવડા આવડા ડોળા કાહડીને એક છેડાયલા બુલડોગની માફક ઘુરકયા

કરતો હતો. તેના દેખતાં કેટી સાથ કંઇબી વાત કરવી એ શરફ હેમાકાત હતી એમ અદીએ એક તડાકામાં જોઈ લીધું.

"નહી—આપરા વચ્ચે જે વાત થાય તેનું સારાં ગામમાં દાંડીઉ પીટાવવાની મારી મરજી નથી," તે દમામથી ભવાં ચઢાવી બોલ્યો. "હું અંદર સુનામાસી સાથ ટાહેલાં કરૂંછ. તમારી વાત એવણ સાથ પુરી કરીને અંદર આવશો તો મેહેરબાની થશે. મારે કાંઇ ઘણુંજ અગતનું ખાનગી કેહેવાનું છે."

કશાબી જવાબની રાહ જોવા વીના ડાકટર અદી પીક મરડી જાલને સલામ અકરામ કરવા વીના ત્યાંથી 'ગુલાબ-વાડી'નાં મકાનમાં ચાલી ગયો.

તેના જવા પછી જાલે માથે પોતાનું ઇંગ્રેજી ટોપું પહેરયું અને રૂખસદ લેવા ચાહી. "મને લાગેછ કે એનું ભેજું પોચુ પરવા માંડેછ, કેટ," તે હસીને બોલ્યો. "વરી તારી સાથ કોણ જાણે શું વેંહચી લેવા આયોછ! હું સાંજના પાછો આવું તારે કેહજે, લવ—હમણા તો સાહેબજી. !"

"હું ઇચ્છુંછ કે તું આજે આખો દહાડો અહીં રહે, જાલ," કેટી તેની સાથે દરવાજાપર જતાં બોલી. "આય ઘરણનું ખાંધણીયું કોણ જાણે કાંહથી સવારના પોહોરમાં ફુટી નીકળયું? એનું ધુખરાયલું ડાચું જોઉછ કે મને બસ મુવાં પેટમાં ધુજરાંજ છુટેછ. હમણાબી મને બીક બીક લાગેછ."

જાલે કેટીનો હાથ પોતાની બગલમાં વધારે ચાંપીને પકડયો, "બીક? ઘેલી, બીક શાની લાગેછ? એ તુંને શું કરવાનો છે?"

"કરે શું—કંઇબી નહી; પણ મને બસ એમજ દીલમાં અભત લાગ્યા કરેછ કે એ કંઇ પણ સનાનના સમાચાર લઇને આયોછ."

"ડીયર, એ હવે જખ મારેછ. ગભરા ના, એ તારા બાલનેબી અડચણ કરી શકવાનો નથી. તુને એક આરો સખુ-નબી કેહશે તો હું એની ફેંટ પકરશ."

"ઠેંક યુ, જાલીયા. સાંજે જરૂર આવશે કેની?"

"જરૂર, વાહલી, પણ તું એમ ખોટા ખોટા ધખારા ના રાખ. આજે સવારની તું એમ ઘેલાં કહારયા કરેછ. વરી ઘણું તો અદી પાછો તારા હાથની માંગણી કરવા 'તેરા કુત્તા મેરી કોહડારી લાયા' કરતો આયો હોશે. જા જઇને સાંભળ તો ખરી કે શું કહેછ. ચાલ, ગુડબાઇ."

તેણીનો ઠંડો ધુજતો હાથ મોહબતથી ચાંપી જાલ પોતાના ઘોડા ઉપર સ્વાર થઈ નીકળી ચાલ્યો. એક ગમખાર નીસાસો નાખીને કેટી બંગલામાં ગઇ. ત્યાં ડરોઇંગ રૂમમાં ડાકટર અરદેશર વજીફદાર સુનામાસીની આગળ બેસી ઘણાજ ગંભીર મોહોડે કાંઇ ધુસધુસ ચલાવતા હતા.

કેટી તેની નજદીક એક ખુરસી ઉપર જઇને મુગી મુગી બેઠી.

"પેલા મી૦ જાલભાઈ ઉમરીગર જો ગીયા હોય તો હવે મને જરાક પાંચ મીનીટ વાત કરવાની રજા આપશો?" અદીએ સેહજ સાદ નરમ કરી નાખી કેટી તરફ વાંકો વળીને પુછ્યું.

સખ્તાઈ વાપરી કેટીને ખુણે દાબી પોતાનું કામ કહાડી લેવા કરતાં નરમી અને સમજુતીથી તે છોકરીને જીતવાની તેણે એકવાર વધુ કોશેશ કરી. ગરીબ બીચારો! તે થોડું જાણતો હતો કે કેટી તેની તરફ નાખુશી અને અભાવની ઉંડી લાગણી સહીત મનમાં જાલ સાથ તેનો મુકાબલો કરતી ત્યાં બેઠેલી હતી. આહ! તે મુકાબલામાં અદી કેવો હેઠો ગબડી પડેલો હતો! તોરમાં આંખ જમીન તરફ ઠેરવી રાખી કેટી તદન ચુપ બેસીજ રહી. અદીએ એક મીનીટ થોભીને પાછું ચલાવ્યું.

"મીસ કેટી, મેહેરબાની કરી થોડો વખત તમારાં દીલનો બધો અણગમો બાજુએ મુકો અને ધ્યાનથી મારૂં કહેવું સાંભળો. મારા દીલમાંબી કંઇ લાગણી છે, કેટી. હુંબી એક જીગર ધરાઉંછ——"

"હોશે! તેમાં મને શું? પેલી શીરીન ગાંધીને વાસ્તે તે અનામત રાખી મુકો."

"છટ, મશકરી કરવાનો હમણા વખત નથી. કેટી, શીરીનનો ખ્યાલબી હવે મારા મગજમાં નથી. હવે હું તુને ચાહતાં શીખ્યોછ. હું જાણુંછ કે તું મને ધીક્કારેછ. પણ રફ્તે રફ્તે હું તારી લાગણી ફેરવી નાંખી શકશ, એવી મને પુરેપુરી આશા છે. જો જરાક ગંભીરપણે બેહેસ્તી મામા–તારા મુરબ્બી બાવા–ની ખાએશનો ખ્યાલ કર. મારી નાદાની, મારી ભુલો મને માફ કર. હું ખરે મને પસતાઉંછ, કેટી, કે મેં અંજાણતાં તુને ઘણું અપમાન કીધું. પણ હવે બની તે બની. ગેઇ ગુજરી આપણે ભુલી જઇશું. બસ મને છેવટનો જવાબ આપ. કંઇબી જવાબ આજે લીધા વગર હું જવાનો નથી."

"તમુને સેવટનો જવાબ જોઇયેછ?"

"હા, કેટી. તારા જવાબપર આપરાં બેઉનાં સુખનો આધાર છે. પછવારેથી તું દુખી થઇને મને કદુવા દે તો મારૂં અંતઃકરણ મને જીંદગી સુધી દંખયા કરે કે મેં તુને એક "ચાન્સ"બી નહી આપીયો. નહી, કેટી–ભવીષમાં જેબી પરીણામ નીપજે તેની બદનામી લેવા હું માગતો નથી. હું તુને ખરી ખંખારીને આય છેલ્લી વખત શાદાની પવીત્ર ક્રીયામાં મારા હાથની 'આફર' કરૂંછ. હું તુને ફરીથી પુછી નહી શકશ, કેટી—હમણાજ મને તારો સેવટનો જવાબ હા કે ના જોઇયેછ."

"તારે સાંભળી લેવો કે હું તમારી સાથે મરી જતાંબી

પરણી શકવાની નથી. બરાબર સાંભળયું, ડાકટર ? મને કાપીને કટકા કરશો તોબી નહી. મારાં જીગરથી હું તમુને ધીક્કારૂંછ."

બસ થઇ ચુકયું! છેલ્લો જવાબ મળ્યો! ભેજાંની કડક આ કુમારીકા અંતે સમજાવેલી પટાવેલી ઠેકાણે નહીજ આવતી હતી. ખેજાલતને મારે ડાકટર અદીએ જોરથી પોતાનો હોઠ કરડયો. આવી એકદમજ મજબુત તીરસ્કાર ભરી "ઝાડુ"ની તેણે વકી રાખી હતી નહી. તેનો ગોરો ચેહેરો લાલ લાલ થઇ આવ્યો. કેટી દાવરની તરફ પ્રેમ જેવી લાગણી તો તે ધરાવતો હતોજ નહી, પણ તેણીના આ સેવટના અપમાનભરેલા જવાબથી તેની રગેરગમાં એ છોકરી તરફ કેહર પસરી વળ્યો.

"મને એટલો બધો છેક ધીક્કારોછ તેથી મેહેરબાની થઇ—પણ તમુને તેથી કપાઇને કટકા બુકલા થઇ જવાની કંઈ જરૂર નથી, મીસ કેટીબાઇ દાવર! તમુને આખાં ભર્યાંપુર્યાં ઉપાડી લેવાને જાલભાઇ ઉમરીગર તદન હડતા કરડતા બેઠેલા છે. તમે તેની સાથ પરણવાનાં છેઓની?"

"હા—હા. તમારી રજા સાથે કે તમારી રજા વગર! સારૂં ગામ તે વાત જાણેછ."

અદીએ અત્યંત ક્રોધથી બે હાથ જોરમાં મસળાયા. "ત્યારે ગમે તેવાંબી પરીણામની તમુને દરકાર નથીજ?—તમે મારી માગણી બસ છેલ્લીવાર ઉરાડી નાંખોછ?"

"પચાસ વખત તો કહયું. કેટલી વખત બોલાવોછ? બીજું કંઈ પુછવું નહી હોય તો હવે હું જાઉં?"

ચીચવાઇને અદી કાંઈ કઠોર શબ્દો બોલી પડવાની અણી પર હતો. અરે! તેની મગરૂરીને આ કેવો ફટકો! ઉસકેરણીથી તેનું આખું બદન જાણે કાંપતું હતું. એક ખુરસીને પકડી તે કેટી ભણી વાંકો વળ્યો અને બીહામણા ગંભીર અવાજે બોલ્યો,

"મામાની છેલ્લી મરતી વખતની મરજીનો તમારો આય જવાબ છે—પણ કેટીબાઈ, તમે સમજોછ કે એમાંથી શું પરીણામ આવશે? તમારા બેહેસ્તી બાવાની ખાએસથી ઉલટાં ચાલવામાં કેટલો જોખમ છે તેનો વીચાર કીધો?"

કેટીએ ઉઠીને ત્યાંથી ચાલવા માંડયું. "મારે વધારે તકરાર કરવી નથી. હું તમુને જવાબ દઈ ચુકીછ અને વધારે વાર તમારી સાથ મારૂં માથું દુખવવા માંગતી નથી," તેણીએ તરડાઇને મીજાજથી કહયું.

"ઉભાં રહેવો, એક મીનીટ જરા ઉભાં રહેવો. પોતાની મરતી વખતની ઇચ્છા પાર પાડવા સારૂ તમારા બાવાજીએ ગોઠવણ કરેલી અધુરી નહીં ઉતી. કેટીબઇ, તમારી સુદ્ધાં ઠેકાણે લાવવાની કરામત આજની ઘડીએબી તેવણ ધરાવેછ—સમજ્યાં?"

જાણે એકાએક લકવાથી અંગ જડ થઇ ગયું હોય તેમ કેટી ચાલતાં ચાલતાં અટકી ગઇ અને હરણફાર બની પાછી ફરી અદી ગમ જોવા પડી.

"એટલે? તમે શું કહેવા માગોછ?" તેણીએ ધીમા બાધેલા સાદે પુછ્યું.

"એજ, બાઇ સાહેબ, કે એક વીલ મળી આયુંછ."

પાસેના સોફા ઉપર કેટી ઓચીંતી બેસી ગઇ. તેણીનાં મોહોડાં ઉપરથી રંગનો છાંટછાંટો ઉડી ગયો હતો.

"વીલ? તમે આજે ભાંગબાંગ લઇ આયાછ કે? શાનું વીલ? કાંહથી મળ્યું?"

"તમારા બાવાજી તે મારા મામા બેજનજી દાવરનું વીલ! કોણને મળયુંછ ને કાંહથી મળયુંછ તે વાત પછી થઇ રહેશે. હું તો આજે તમુને એટલુંજ કહેવા આયોછ કે જો તમે પેલા નામીચા બારીસ્ટર જાલભાઇ ઉમરીગર સાથ પરણો, તો તમારા

બાવાજીની તમામ અસક્યામત અને મીલકતમાંથી તમે રદ બાતલ થાવો અને તેનો એકલો વારસ હું ડાકટર અરદેશર વજીફદાર થાઉં."

અદીએ જોયું કે કેટીનો ચેહેરો બીલકુલ જરદ મારીને ઉતરી ગયો. ટેકાને ખાતર તેણીએ સોફાનો હાથો કચકચાવીને પકડયો અને બહુજ ઉંડી એક હાય મારી.

"ગરીબ બીચારો જાલ!" તેણી બડબડી. "આય ખબર સાંભળીને તે કેટલો દલગીર થશે!"

અદીએ આ શબ્દો સાંભળયા. કાઇ જુદાજ સખુનો કેટીને મોહડે સાંભળવાની હવે દર પળે તેણે આશા રાખી હતી પણ તેને બદલે તો આ કમબખ્ત ટીનપાટીઓ જાલ વળી પાછો વચમાં આવ્યો! લોહીનો ગોટ ગળીને તે કેટીની હજી એક ડગલું નજદીક ગયો અને હોઠ બીડીને ખરાં ઝનુનથી બોલ્યો.–

"ગરીબ બીચારા જાલને દારદોધીમાં નાખોજી, પણ મારી વાત પુરેપુરી તમે સાંભળી નથી. મામાના વીલ પ્રમાણે તમારેથી એની સાથ પરણાય નહી—એટલુંજ નહી, પણ ૭ મહીનાની મુદ્દતમાં તમારે કોઇબી બીજા માણુસ સાથ પરણવુંજ જોઇયે. નહી પરણો તોબી તમે વારસામાંથી દુર થઇ જાવો. હજુર તમે મારો હાથ ના પાડોજી કે, કેટીબઇ?"

અદીના આવા તુંદ સવાલ અને તેના મોહડાં ઉપર ફેલાઇ રહેલા ફતેહ તેમજ અપમાનના છાપગમ કેટીએ ઝાંખીને જોયું બી નહી. તેણી પોતાના મનહરણ લાંબાં પાંપણ ઢાંકીને જમીન તરફ જોતી બેસીજ રહી. ભરાઇ આવેલો દીલ છોડી દઇને રડી પડવાને તેણીનો જીવ ટપુટપુ થતો હતો–પણ આવા નાકદર, નાતરસ અદી આગળ પોતાની હાર આવી રીતે કબુલ કરવી? તેણીએ હોઠ બીડીને મહા મુસીબતે પોતાની લાગણી બોભાવી.

"એ વીલ કાંહ છે? મારે તે જોવું'છ."

"અલબત, તે તમુને દેખાડવામાં આવશે. નાનાભાઇ સોલીસીટરે મામાનાં ઓચર્યાં'ઓમાંથી તે શોધી કહાર્યુ'છ. કાલે તેવણ ને તે અહીં લઇ આવવા હું લખશ. તમારા હાથમાં વીચાર કરવાના હજુર તો ખાસ્સા ૧૮ દહાડા બાકી છે."

એક નાનો આંચકો ખાઇ કેટી ખડી બેડી. ખરેખર, બેજનજીની છમસીને ૧૮ દહાડાજ બાકી રહેલા હતા. પણ હવે તો નવ્વાણું ત્યાં ભર્યા સો.! બહુજ મીજાજ અને ઢસ્સાથી તેણી ઉઠીને ઉભી થઇ.

"૧૮ દહાડા વીચાર કરવાને બાકી છે?" તેણી અદીગમ જોવા વીના ગંભીર અવાજે બોલી. "ઠીક છે. એટલી બધી મુદત મને વીચાર કરવા જોઇતી નથી. વીલ ફીલ જેવું તમે કહેવોછ તેવું કંઇ બરેલું હોશેજ તો કાલનો કાલ મારો જવાબ તમુને મળશે. મારા જાન ઉપરથી પચાસ વખત એવી દોલત ઓવારી નાખવા તૈયાર છેઉં. તે મને ભીખારી હાલતમાં લેવા વધારે ખુશી થશે—કારણ કે તે તમારા જેવા પૈસાનો ભુખરીબારસ નથી. ખુશી થાઓ, ડાકટર અરદેશર વજીફદાર, મારા બાવાની લખ્ખો રૂપીઆની દોલતના તમે વારસ છેવો. જાવો, હવે મેહેરબાની કરીને અહીંથી ચાલી જાવો." આટલું કહી તેણી ઠણકાથી પીઠ ફેરવી સપાટામાં અંદર ચાલી ગઇ.

અતી ઘણા ખોફથી અદીએ પોતાના હાથમાંની વોકીંગ સ્ટીક પોતાનાજ પગ ઉપર ફરાફર મારી—"માઇ, ગોડ!" તે બબડતો બબડતો ધસારાબંધ બાહેર ચાલ્યો, "આય પોરીને ભીખારી હાલતમાં બઇરી બનાવવા જો પેલો જાલ કાલે હા કહે તો હું મારા બાપનો બેટો નહીં. કેટી દાવર, તું મનમાં શું ચાહે પીયેછ? તારા બાપના પૈસા સાથ હું તુનેબી જો નહી

જીતું, તો મારી ઉપર લયાનત પડે! તું મારા સપાટામાં આવીછ! પેલો ઉજબખ બારીસ્ટર જો તુને ગટરમાંથી ઉંચકી લેવા નાજ કેહ તો પછી—પછી ગજવામાં એક ફુટી દમડી વગર તું નાશી નાશીને જવાની કાંહ છે?"

પ્રકરણ ૨૯ સું.

ઓ દાદારે! એ મુસો તો અમારા જીવનો કાળ નીકળ્યો.

ચઢાઉ તાડી અને બટેરાનો બાહકાટ આખે ઓરડે મઘ-મઘી રહેલો છે. ચાર ચંડાલોની તે અફલાતુન ચોકડીનો દેખાવજ ગમે તેવી નખાલસ છાતીમાં દેહેસત બેસાડવાને પુરતો છે. જુવો ત્યાં બેઠેલો પીલતન પેશાનીનો મલંગ ઠેંગ દાદો મેટકી—જુવો અહીં ભોંયપર અરડાઇને તાડીની ઝુમમાં એલફેલ બકતો બરાડ જેવો લક્ષમણ કસાઇ! અહીં પડેલો છે ખવડી બાંધાનો ખરવસ્તર ચાનજી કાનફટીયો અને પેલીમેર અકરૂં બેસીને ઘડીયે ટાંસ મારતો રહયો છે મુજી ગુસ્તાદ વકીલ. ચાર ચસમચોર દોસ્તે અઝી-ઓની આ ટોલકી કરતાં વધુ નપેનર ગળાંફાંસુ પોશાગીરોનું જોડાણુ કયું થઇ શકે તે કલ્પી શકાતું નથી.

"લે લક્ષીયા ઉઠ," ગુસ્તાદજીનો મોટો એબીયલ અવાજ ઓરડાની ચુપકીદી વચ્ચે ધમધમી રહયો, "એમ આલસુ પાડાની કાની અરડાઇને અડકાર શાનો ખાયા કરે? એહ!

તાડી તો એવી છે કે નકરૂ માનું દુધ! દશ વાગી ગીયા. ચાલેછ કે નહી?"

ખુબ કલવાઇને અવાચી ખાઇ લક્ષીયો ઉઠીને એક બીહામણા દેવતાની પેઠે છાતો કહાડી ઉભો થયો.

"ચાલ ભાઇ, જે તે હવે રસ્તો કહારી નાખ. હું, ચાન ને દાદો પહેલે માળે વખારવાલી ઓરડીમાં બેસીયેછ. તું તારો હીસાબ ચુકતે કર ને પેલો આવે કે તાબરા ફેરજે. પછી એ... ... ...જીવતો પાછો અહીથી નાસે તો માકા મદારીના સાગેરદો અમુને ના કહેતો."

એક બોલ બોલવા વીના એ ત્રણ જાલમ હરડતા બદમાશો માળપર ગયા. ગુસ્તાદજીએ સહેજ મોહ મટમટાવીને તેઓની જબરદસ્ત પોહળી પીઠ તરફ નજર નાંખી. બાપરે! અકેક જણ એક છાપટે ચાર સાધારણ આદમીઓને ચટાપાટ ભોયપર નાંખી દેવાને સામર્થવાન હતા. દાદા મેટકીની એકલાની જબરદસ્ત બાજુ જોઇ ગુસ્તાદજીએ જીવ સાથ ગાંઠ વાળયો કે આ ભયંકર ત્રગડીના હાથમાંથી મુસાજી જો છટકે તો કળજુગજ આવ્યો સમજવું—કારણ ત્રણુડે બદબખ્તોની ઓટીમાં એકેકી નાની તીણી કટાર ખોસેલી ગુસ્તાદજીએ પોતે નજરે જોઇ હતી.

"આહ! હવે કંઇ નવું જુનું થશે ખરૂં!" તેના મુખમાંથી કચકચ થતો ભયાનક અવાજ નીકળી પડયો, "મુસા, હરામઝાદા મુસા! જોઉંછ, આજે તું કેમ આય મરગરજાન દદાની મદદે આવેછ? તારા દસ સોબતીને લાવ, પણ આય ખંધારી ખવીસો આજે ખુનપર ચહડયાછ. લેઉં, એનો જીવ લેઉં. બસ હવે છોરૂં તો મારી જાતણુનીયાદપર હેફ પરજો. રાન વંત્રીએ મને ઘણીવાર તોવાવ્યા કીધોછ."

બાજુએ મેલેલી એક મોટી બળતી મસાલ હાથમાં લઇ ગુસ્તાદજી તેનાં ભભુકા ગમ ખુનખાર તરસીયા ડોળાએ જોવા પડયો.

"આય આતશનો પલીતો મારૂં કામ પાર પારશે. એક દહારો વધારે મારેથી હવે થોભાવાનું નથી. લક્ષીયો, દાદો ને ચાન પેલાઓ સાથ પોતાનું હાણશે તેટલાં હું એ છોકરીનો બરાબર રસ્તો કરશ. બચ્ચા ગુસ્તાદ, એક વખત જરાક છાતી મજબુત કરી કામ લેવાનું છે. આ ફેરી કામ આસાન ઉતર્યું તો પછી——પછી——!"

* * * *

પોતાના ઓરડામાં નવજવાન શીરીન પોતાની મા સાથ બહુજ ઉશકેરાઇને ગરમાગરમી ઉપર આવી ગયલી હતી. કોઇ દહાડે પોતીકી માતાને એક આડો સખુન નહી કહે તે રાંક છોકરી આજે કાંઇ અસાધારણ જુસ્સાથી તપી જઇને પોતાનો નાજુક જીવ તાણીને તોડી નાંખતી હતી. પીરોજબાઇને ગુસ્તાદજીએ ખામખા એક કોરો ચેક આપી શીરીનની સહી તેપર લાવવા મોકલયાં હતાં તે ભોળી ઘણુ બેવકુફ ઓરત આ બદમાશનો તાગડો સમજયા વીના છેક રાતના દશ વાગતાને સુમારેબી પોતાની પુત્રીને સમજાવી ફુસલાવી આ જોઇતી સહીનું બોલાડું ચેકપર ચીત્રાવી લેવાની આશામાં ત્યાં આવી હતી. પણ પોતાની કોશેશમાં ફાવવાને બદલે પીરોજબાઇ કયારનાં ત્યાં શીરીનના ધસોરા સાંભળતાં અને તેણીને ઠંડી પાડવાની ફોકટ વેતરણ કરતાં બેઠેલાં હતાં.

બેશક તે એક ગુસ્તાદજીનો સીફ્તથી રચાયલો તાગડોજ હતો. ને બરાબર જાણતો હતો કે મરતાં કદી શીરીન ચેક ઉપર સહી કરનાર નથી. તેને બદલે પોતીકી મા સાથ એ

છોકરી રોખરૂં મચાવ્યા વીના રહેનાર નથી એમ ગુસ્તાદજીની બરાબર ગણત્રી હતી—અને જ્યારે ગડબડ વધી પડે ત્યારે પોતે પોતાનું અઘોર કર્મ કરવા માટે એક અચ્છું બહાનું લઇને ત્યાં બળતી મસાલ સાથ જઇ પુગે એવી આ હૈયાં ફુટા હેવાનની દોજખી ગોઠવણ હતી.

"શરમ છે, માય, શરમ છે તમુને!" શીરીને કળવાફને મોટે સાદે બુમરાણ કરી મેલ્યું, "તમે મારાં માય નથી, તમે મારાં મુદઇ છેવો. એ હું કાંય આય બધી જફા ખમવાને વાસ્તે જીવયા કરૂંછ? હું કાંય નહી મરી જતી! મુઇ હું, મને એક વખત કાંય નહી મારી નાંખતાં કે નીકાળ આવી જાય? તમે જાવો બસ, મારી આગળથી જાવો. મને તમારૂં મ્હોંનું જોવા નથી ગમતું."

"શીરાં, શીરા! આજે તારૂં માથું ગીયુંછ? જો બધી મરી જાઉં દીકરી, ગુસ્તાદજી હમણા ઘણાજ કુહુરેલા છે, તે તે તું સહી નહી કરશે, તો આપુને આજે મારી નાંખશે—"

"સહી! ચેકપર સહી! મારી પાસ તમેબી માંગોછ! તમુને લાજ નથી આવતી, માય? તમે જાણોછ તોબી આગળ રહીને તમે મારી પાસે એવું પાપનું કામ કરાવોછ? હું શાની સહી કરૂં? મને એ પઇસાપર હકજ શાનો છે? ખોદાયને બારનો તો જરાક ડર કરો! તમે બેઉ જણે ગુનાહ કીધોછ તેમાં મનેબી સંડાવવા માંગોછ? હું મરતાં તુલીક એવા હરામના પઇસાને આંગળી લગારવાની નથી ને તમુને આંગળી લગારવાબી દેવાની નથી——"

"અરે આસ્તે બોલ, આસ્તે બોલ, દીવાની!"

"શું કરવા આસ્તે બોલે? હું હવે કોઇથી બીહતી નથી. જોઇયે તો મને કાપીને કડકા કરી નાખો. મેં બે કાગલ

તો ડાક્ટર અરદેશર વજીફદારને લખીને પોસ્ટમાં નાખવા મુસાજીને આપયાં. તેમાં મેં સાફ બધી ખરી વાત તેને કહી દીધીછ. હજુર જવાબ નથી આયો—પણ યાદ રાખજો કે તે પોતાનો લુટાયલો હક માગવા કોઇબી વખતે આવીને તમારા જીવની ઉપર ઉભો રહેશે. હું, હું આગળ રહીને તેને તમારાં બધાં કારાં ધોરાંની વાત કહી દેવશ——"

"કહી દેશે? કસકુનમ ડાકણ, તું તે કહી દેવા જીવતી રહેવાનીજ નથી. તું તારા મનમાં સમજેછ શું? તું શું મને છેકજ એટલો નબળો સમજેછ? કર આય ચેકપર સહી, નહી તો તારો જીવ આજે લેઉંછ."

ગુસ્તાદજી કાનફટીયા એકાએક ઓરડામાં ધસી આવ્યા હતા. હાથમાં ધગધગતી મસ મોટી મસાલ પકડેલી હતી અને ઉપલા શબ્દો બોલતી વેળા તેમનો ચેહેરો તે બળતા આતશના લાલ ઉજાશમાં એક મનુશયના કરતાં એક શયતાનને વધારે મળતો આવતો હતો.

જખમી થયલી એક હરણી પોતાના શીકારીઓથી નાસતી ખાહીને કીનારે આવી પુગતાં જેમ જીવપર આવી જઇને અંતની ઘડીએ પોતાની જીંદગીના કાળની સામે લડવા શીંગડાં ટાંકી સામી બચાવમાં ઉભી રહે છે તેમ શીરીન આ અચાનક ત્યાં ઓરડામાં ધસી આવેલા ગુસ્તાદજી કાનફટીયાની સામે એક દેવસ્થાનની દેવી પેઠે ફુંફારા મારતી ચક ચક થતી આંખ્યો સાથે ટટણુખાર ઉભી રહી.

"આય તુને છેલ્લી વખત કેહુંછ, નહી તો ખોદાના કસમ તુને અબઘડી જીવતાં જીવત આય મસાલથી બારી નાખશ. સહી કરી મર એકદમ, ઝટપટ! કર તારી સહી. બીજી એક મીનીટ હું થોભવાનો નથી."

એમ કહી તે નાપેકાર બદકાર શીરીનનાં આંગ ઉપર બળતી મસાલ સાથ લગોલગ આવ્યો અને એક હાથે ખવાસની માફક ઝનુનથી શીરીનની કાંડી ફકડાવીને પોતાની મુઠ્ઠીમાં પકડી.

આંખના એક લેહેજામાં શીરીને ગુસ્તાદજીના ડોળાઓમાં કરપીણ જખુન ખુમ વાંચી લીધું. નક્કી તે વાલી વકીલ મક્કમ નીશ્ચય કરીને તે દહાડે શીરીનને જીવતી બાળી નાખવાજ આવ્યો હતો. એક છાતી ફાડી નાખનારી ચીચારી મારી પીરોજબાઇ, ગુસ્તાદજીના હાથને વળગી પડયાં, પણ જોરથી તેમને ઝટાક મારી તે વકીલે આ હીણભાગ્ય માતાને બાજુએ જમીન ઉપર ફેંકી દીધી.

શીરીનબી જીવપર આવી ગઇ હતી. જીવ ઊપર એક માણુસ જયારે આવી જાય છે ત્યારેજ તેની સઘળી સમયસુચકતા તેની મદદે ધાઇ આવે છે. એક તડાકામાં તેણીએ પોતાને ગળે ઓળવેલી પેલી મુસાજીએ આપેલી સીપટી હોઠમાં પકડીને પોતાનાં બની શકતાં સઘળાં જોરથી વગાડી. તે સીસોડીના તીણા તીક્ષણ અવાજથી આખો ઓરડો ધમધમી રહયો.

એકજ બીજી પળ—અને દોજખી દેવ ગુસ્તાદ વકીલે તેણીની સાડીની કલ્લીને બળતી મસાલ લગાડી સળગાવી મેલી હતી. આતશના સોલા ભકભક ચહડી સાડી અંગારમાં લપેટાઇ ગઇ હતી. પીરોજબાઇ તો ધમ દઇ ભોંય ઉપર બેભાન તુટી પડયાં. આંખ ઉઘાડીને ડઘાયલી શીરીન શું આફત વરસી હતી તે બરાબર સમજી શકે તે અગાઉ કોઇ ધડાકા સમેત ઓરડાની બારીમાંથી અંદર કુદી પડયું. ગુસ્તાદજીના ડાચામાં એક કકડાવીને મુક્કી મારી તેને જમીનપર ચટોપાટ તોડી પાડી મુસાજી મુસ્તફ્રૂર પેલા અલાદીનના ફાનસવાળા જીનની પેંઠ શીરીનની સામે આવી ઉભો.

એક શબ્દ ઓચરવાનો શીરીનને વખત મળ્યો નહી—એક નાની ચીચ્યારી પાડવાનોબી અવકાશ તેણીને મુસાજીએ આપ્યો નહી. આંખનું એક પાપણુ હાલે તેટલામાં તો તે ઘરડા મુસલમાન કારભારી એ ઘોલીયાપરની ચાદર ખેંચી કહાડી શીરીનની આસપાસ ઝડપમાં વીંટાળી દીધી અને તેણીનાં દીલપર ઉઠેલા આતશના સોલા બુજાવી નાખવા તેણીને ચાદરમાં વીટાળેલી રાખી જમીન ઉપર ખુબ આમથી તેમ ગબડાવ્યા કીધી. એક મીનીટમાં સળગી ઉઠેલાં કપડાં બુજાઇ ગયાં. શીરીન બેસુદ્ધ થઈ ગઇ હતી—પણ તેણી મોતના ડાંચામાંથી સટોસટ છટકી ગઇ હતી.

જાણે કોઇ અદભુત ખ્વાબમાં એક ભસ્તાંનો યા દેવસ્થાનનો જાદુ ચમતકાર પોતે જોતો હોય તેમ ગુસ્તાદજી કાનફટીયો કાનપર પડેલી મુક્કીની અસરથી ચકભમ થતો જમીન ઉપર ફસડાઇ પડીને ફાટે ડોળે આ મુસાજીગમ જોયા કરતો હતો. મુસાજીએ શીરીનને કટોકટ કેમ બચાવી તે તેણે હરણફાર થઇને બેએક મીનીટ જોયા કર્યું. મુસાજી તેની સાંમે હાંફતો, ધ્રુરકતો, ફીણ ફીણ થતો આવીને ઉભો અને એક તડાકામાં પોતાને માથેની મુસલમાનની પાઘડી તથા દીલ ઉપરનો અંગરખો કહાડી નાંખી ભોંય ઉપર પટકયો. ગુસ્તાદજીની ફુગલાઇ ગયલી હેરત થયલી આંખ્યો સામે સદરા, લેંગા અને વાસકુટમાં એક પારસી ત્યાં કમરે હાથ દઇને ઉભો હતો !

હવે ગુસ્તાદજીનું ભાણુ ઠેકાણે આવ્યું. ઝડપમાં તે ઉઠીને કુદકા સમેત ઉભો થયો અને જોરમાં તાબડા ફોડયા. બીજીજ પળે ઓરડાનું બારણું ધડાકા સમેત ઉઘડી ગયું અને સંતાઈ રહેલા ત્રણ જણા—ચાનજી, દાદો મેટકી અને લક્ષીયો કસાઇ—ભુખ્યા વરૂઓની પેઠે અંદર ધસી આવ્યા. ત્રણુંડેના હાથમાં

નાગી કટારી પકડેલી હતી. ચાનજી તો લગોલગ પેલા પારસીના અંગપરભી જઈ પુગો હતો, દાદો તેની પુઠેજ જડબું પીસીને ધસ્યો આવ્યો હતો અને લક્ષીયો સઉથી છેલ્લે આવ્યો હતો. તેઓ ધસ્યા આવ્યા ખરા–પણ–પણ, ઓ———!—

અચબુચ ત્રણુંડે જણાને કાંઇ ચમક વા થઈ આવ્યો. પેલા પારસીના અંગ ઉપર ધસી પહોંચેલો ચાનજી કાનફટીયો જાણે એને ન ધારેલી વાઇ થઇ આવી હોય તેમ તેના પગ આગળ ધપ દેતો કે ફસડાઇને તુટી પડયો. દાદો મેટકી ઓરડાની અધવચેજ લકવા પેરે તાટ થઇ જઇને નેતરની માફક ટર ટર ધુજતો ઉભો રહી ગયો, અને લક્ષીયો એક આંચકો ખાઇને દીવાલની સાથે જોરમાં અથડી પડયો.

પેલો પારસી તો હાલ્યા ચાલ્યા વગર પુતળાંની મીસાલ આ ત્રણુંડે જણને જોતો ત્યાં ઠરીઠામ થઇને ઉભેલોજ હતો. ગુસ્તાદજી કાનફટયો તો ભોંય ઉપર પડયો પડયો સ્તબધ થઇ-નેજ આ તમાશો જોવા પડયો. અરે ? આ એકાએક થઇ શું ગયું ? ખુદ શયતાનથી નહી ડરે તેવા આ દેવેનામ દઇત્યોને અચબુચ શું ચમક થઇ આવી ? તે કંઇભી આગળ વીચારી શકે તે અગાઉ પેલો પારસી આસ્તેથી કોર મરડી જેવો આવયો હતો તેવો બારીએથીજ બાહેર પડી ત્યાંથી જતો રહયો.

ખાસ્સી પાંચ દશ મીનીટ સુધી ઓરડામાં બીયાબાન ચુપ-કીદી પથરાઇ રહી. આખરે ગુસ્તાદજીજ ઉઠીને ભોંય ઉપર પડીને ધમણની પેઠે હાંફતા પોતાના ભત્રીજા નજદીક ગયા.

"શું થયું શું ?" તેણે પુશકળ અકળાઇને ચાનજીને પુછ્યું.

ચાનજીએ ડોળા ઉઘાડી ગુસ્તાદજી ગમ જોયું. કાપવા કહાડેલું એક બકરૂં છરીની ધાર તળે કમકમીને કેમ પોતાના હાંસકોસ ઉરાડી નાંખે છે તેમ ચાનજીના ચેહેરાપર મોતનો અચુક છાપ ગુસ્તાદજીએ જોયો.

"શું છે? અભાગ્યા, થયું શું જરા તે તો કહે!"

"મારો! મારા બાપ, મારો મદારી!" ચાનજીના ચીપટાઇ ગયલાં ગળામાંથી માત્ર આટલા શબ્દો નીકળી શકયા.

ગુસ્તાદજી એક ફુટ જેટલો જમીન ઉપર ઉછળી પડયો.

"મારો! કોણ—કાંહ—"

ઉતરમાં ચાનજીએ માત્ર બારી તરફ આંગળી કરી. તે વધારે બોલી શકયો નહી. ટાઢનું લખલખું આવતું હોય તેમ તે માથાથી પગ સુધી ખડીયાની જેલીની માફક હરહર ધ્રુજતો હતો.

પ્રકરણ ૩૦ મું.

વફાપર જફા!

વફાની ઉપર આ શી જફા—હાયરે જમાના! એ ઘાતકી પીતા, તેં ગુસ્સાના આવેશમાં આ શું કર્યું? જે શખ્સને કેટી જીગરોજાનથી ધીક્કારે તેનીજ સાથે જીંદગી સુધી જોડાવાની તેં ફરજ પાડી! એકપુરી દીકરી—એકલી હકદાર વારસ—નાં મનને ગમતો માટી મેળવવા દેવા સામે આ કેવી સીતમગાર બાધ? પૈ વીનાની ઓવાર નીવાર! સલામ, ખુશબખ્તીના ખ્યાલોને છેલ્લી સલામ! જાલની સાથે ધન દોલતનું સુખ જોવાનું સ્વપનું હવે સદાનું ઉડી ગયું! અફસોસ—કરસ બેજનજી દાવર મરતી વળા પોતાને પેટે જણ્યાં બચ્ચાંને મારી ગયા. ખરેજ મારી ગયા—કારણ કે કેટી દાવર હાથમાં અવસ્તા લઇને હરકતા

સોગંદ લઇ પડી હતી કે ડા૦ અરદેશર સાથ પરણુવા કરતાં તેણી એક બબરચી સાથ પરણુવાનું વધારે પસંદ કરશે.

આણીગમ જેવો ડા૦ અદી વજીફદાર પોતાનો પાયમાલીનો પેગામ પુગાડીને 'ગુલાબવાડી'માંથી બાહેર પડયો કે કેટી દાવરની છાતીમાં ઘેરાઇ રહેલો ગમ એક ઉછાળા સમેત ઉભાઇને નીકળી પડયો. પૈસા ગયા તેના કરતાં વધારે દુઃખ તો કેટીને બીજું લાગતું હતું-અમસો પોતીકો બાપ પોતાનો બોલ ઉપર રાખવને સારૂ આવું જુલમગાર વીલ કરીને તેણીને ખાકમાં રગડોળી ગયો! પોતાના આવી હાર અને અદીની એવી જીત! બુઢાં સુનામાસીની ગરદને વળગી કેટી કલાકેક સુધી ડુસ્કે ડુસ્કે ખુબ રડી. તેણીએ ઉશકેરાઇને પરવરદેગારના કસમપર કસમ ખાધા કે જાલને મરતાંબી તેણી છોડી દેવાની નથી. આફ્રીન, કેટી! મોહબતને ખાતર એ ફેરાવન છોકરી લાખ્ખોનો બાપીકો વારસો એક તડાકે છોડી દેવા બસ દાંત પીસીને તૈયાર થઇ રહી હતી. સુનામાસીએ તેણીને ઘણીબી સમજાવી, ઘણીબી પટાવી, ઘણીબી ધમકાવી—પણ વ્યર્થ! જાલ—જાલને ખાતર આટલી દોલત તો શું, પણ એક મોટા શેહેનશાહતની ગાદીબી ગરજ પડે તો ઉરાડી નાખવા કેટી દાવર એક પગે રાજી હતી. મનમાં તનમાં, માયા મધુરીનો વાસો એવોજ હોય છે. પૈસા નથી તો શું થયું?-પ્રીતી તો છે! મોટા મેહેલની અમનચમન નથી તો શો મુજાકો? નાનાં ઝુપડાંનું સંસાર સુખ તો છે!

ગરીબ બીચારી કેટી! જાલ ઉપરની ફીદાગીરીમાં તેણીને એક બાબદનું કશું ધ્યાનજ રહયું નહીં. જાલ સાથે પરણીને ગરીબાઇમાં સુખ જોવાનો દ્રઢ ઠરાવ બધો બરાબર હતો--પણ મુફલેસ કેટીને પરણુવા જાલ પોતેજ ના કહે તો? તો પછી શું? કેટીને એ સંજોગનો ઝાંખામાં ઝાંખો ખ્યાલબી આવ્યો

નહી. જાલ તેણી સાથ પરણવા હવે ના કહે! અને તેબી બરાબર જ્યારે પૈસા વગર તેણીને ઉપાડી લેવાનો વખત આવ્યો ત્યારેજ! છટ એવી જાતનો વીચાર કેટીના મગજમાં જુદાઇએ વટીક આવ્યો નહી. જાલની વફાદારી અને દીલદારી માટે તેણી એટલી ખાત્રીપુર્વક હતી કે એક પળવારબી તેણીને બીજા સંભવોનું ભાન આવ્યું નહી.

સાંજના વચન મુજબ જાલ ખડે પગે પાછો પોતાની પ્રેમદાને મળવા આવી ઉભો. આહ—જવાન જુસ્સાઓથી ધડકતી તેની છાતીમાં શું શું લાગણી, શું શું ગણત્રીઓ, તે વારે પસાર થતી હતી! તેના મનના તરંગ કેવી મોટી માટી ઉમેદોના ઘોડા ઉપર ઉડયા જતા હતા! અંતકાળ સુધીનાં સુખ દુ:ખમાં કેટી જેવી એક બાહોશ ભાગ્યણ પામી, પૈસે ટકે સુખી રહી, રફ્તે રફ્તે જાતી હુશીયારીથી પોતાના ધંધામા અને જાહેર જીંદગીમાં આગળ વધી નામ કહાડવાની મોટી મોટી આશાઓ, મુરાદો ઉપર જાલ હાલને કાજ તો જીવતો હતો. બીજા ત્રીજા જુદાચોરો—જેઓ ખાલી પૈસાને જોરે કે બાપીકા લાગવગથી જાહેરમાં વગર કારણનું માન અકરાંમ ખાટી જઇ "જાણીતા" આદમીઓમાં ખપે —તેઓ કરતાં પોતાનામાં કેટલું વધારે સંગીન પાણી હતું તે જાલ મનમાં બરાબર સમજતો હતો. તેનું કાયદાનું જ્ઞાન સારૂં હતું અને પોતે એક અચ્છો બોલનાર હતો—એટલે પાછલથી એક બેરીસ્ટર તરીકે યા તો કારપોરેશનમાં કે કૌનસીલમાં એક જાહેર પુરૂષ તરીકે કાંઇ થોડું ઘણું બજાવી દેખાડવાની પોતાની શક્તી માટે જાલના દીલમાં કાંઇ અજબ ઉલટ અને વીશવાસ હતો.

મનની એવીજ કાંઇ ખુશાલ સ્થીતીમાં હરખ, પ્રેમ, અને આશાથી તડપતાં જીગર સાથ જાલ હસ્તો રમતો પોતાની દીલ-

દારને તે સહવારના સમાચાર પુછવા આવ્યો. કેટીબી હવે તદન શાંત બનીને તેને માટે તૈયારજ બેઠેલી હતી. જાલનાં પાસાંમાં ભરાઈને જાણે પોતે એક બહુ સાધારણ નજીવી હકીકત કહેતી હોય તેમ આ પ્રીતમની પુતળીએ સાબુત અવાજે અને લગાર હસ્તે મોહોડે પોતાની સત્યાનાશીનો સંદેશો તે જવાનને કહી સમજાવ્યો. પોતાના અને જાલના હવાઇ કીલ્લાઓ કેમ કરરર ભુસ થઇ ગયા—ડા૦ અરદેશરને પોતે કેમ ઝંઝેરી હટકારી હડધુત કરી નાખ્યો—જાલ સાથ પરણીને હવે ગરીબાઈમાં જન્મારો ગુજારવાની કેવી મજાહ પડશે—પોતાની મકસદમાં બેહેસ્તી બેજનજી અંતે કેવા નીશફળ નીવડશે—એ સઘળું દાસ્તાન કેટી દાવરે ગેલથી અને ખુશ મીજાજથી હસ્તી જઈને જાલ ઉમરીગરના ડઘાઇ ભખાઇ ગયલા કાનોમાં કહયું.

જાલે સાંભળ્યું—આ અદભુત માશુક પોતાના સુખના વળેલાં સાવ નખોદનું આમ ઠઠ્ઠા મશકરીથી જે લેહરે લેહરે બ્યાન કરતી હતી તે તેણે થોડોવાર હન્ણફાર થઈને એક ચીતે સાંભળ્યા કર્યું. અરે—કેટી તો નચીંત જીવે જાણે એક બડી ગમ્મતની વાત કહેવા બેઠી હતી! તેણીના મુખમાંથી નીકળતો એક એક શબ્દ તે પ્યારી છોકરીનું કાળજું ઝેરી તીંરની માફક વીંધી નાખતો હતો. પણ તોય કેવે ઠંડે જીવે, કેવા મીઠાસથી કેટલી સમાધાની સાથ તેણી આ જબુન આફતને સ્વીકારી હસ્તાં હસ્તાંમાં લાખ્ખો રૂપીયાની માલ મીલકતને ઉપર ઉપરથીજ છંછેરી નાખતી હતી! જાલ તો ફગલાઈને ફાટે ફાટે ડોળે આ અસાધારણ છોકરીના પ્યાર તર્ફ એક 'મેસમેરાઇઝડ' થયલા આદમીની માફક ટીકવા પડ્યો. એક નાજુક અબળા જાતીમાંથી છેક આટલી બધી હદ સુધી બહાદુરી વફાદારી તથા ઓસ્તવારી હોઇ શકે છે એ તેણે જીંદગીમાં પહેલીજવાર જાણ્યું.

પોતા જેવા એક નાચીઝ શખસને ખાતર આ બેમીસાલ રૂપ-સુંદરી પોતાના ગંજાવર વારસાને ઠોકરે મારવાની કરારને જીવથી વાત કરતી હતી તે જોઇ જાલને ગળે કાંઇ ન સમજ પડે તેવી કાચકી બાઝી. ખુદ પોતાની મનની ઉંચી ઉમેદોનો કોટ એક કડાકા સમેત જમીનદોસ્ત થઇ ગયો તેનું ખ્યાન તો જાલને રહયુંજ નહીં—તે તો ફક્ત વખાણ, હરખ અને અજાયબીથી ફાટી જઇને આ મોહબતના માચડા ઉપર પોતાનો ભોગ આપતી મનોહર દેવીનું ધારી ધારીને અવલોકન કરવા લાગ્યો.

ઓ, આ છોકરીને પોતે કેવો ખરાં અંતઃકરણથી સાચ્ચી અણહદ લાગણીથી ચાહતો હતો! પણ કેટીના આ છેલ્લા હીમતી બીનએકલપેટા ઠરાવ પછી જાલ તો તેણીની ઉપર જાણે દેવાનોજ થઇ ગયો. કેટીનો ભયાનક નીશ્ચય ફેરવવાને સારૂં બે ચાર શબ્દો બોલવાનેબી પહેલાં તેની જીભ ઉપડી નહી. 'પ્રોટેસ્ટ'ના કાંઇ સખુનો તેનાં ગળામાંજ ગુંગળાઇ ગયા. તેના આંખ્યોમાં હરખનાં પાણી ભરાઇ આવ્યાં અને કેટીનો હાથ પોતાની છાતીએ દાબીને તે ધડક ધડક થતાં દીલે પહેલાં થોડો વખત નીચી મુંડી સાથ બેસી રહયો. હે કીરતાર! આવાં એક બેમુલ રત્નને જીતવા જેટલો ભાગ્યશાળી થવા તેણે પોતે પેલા ભવમાં શું સવાબનાં કામો કર્યાં હશે?—લાખમાં એક એવી નમુનેદાર સુંદરીનું દીલ હરી લેવા જાલ પોતે એટલો બધો તે શું લાયક હતો?—તે સુગંધી મનમોહક નાજુક કળીને તેના દરખત પરથી તોડીને ખુવારીની ખાહીમાં ગબડાવી નાંખવાને તેને હકજ શું હતો?

જ્યારે જાલની જીભ ઉપડી ત્યારે તેણે કગળીને કેટીને આગ્રહ કર્યો કે આવી ગંભીર જીવ સટોસટ બાબદમાં એકદમ ચુકાદાપર આવી જવું નહી. પણ નહી.—કેટીએ તેને આમ લાંબો

વખત મુઝાવા દીધો નહી. હસમુખી બોલકણી પોતાની રીત મુજબ પટપટ કર્યાં કરીને જાલના દીલમાંનો તમામ વસવસો તેણીએ અંતે દફે કર્યો. ડા૦ અદી સાથ યાતો કોઇબી બીજા લાયક જવાન્યા સાથ ૧૮ દહાડામાં પરણી જઇને બાપની દોલત હાથ કરવાના કરતાં પોતે રસ્તામાંના ઘરડા ખોખા, આંધળા પાંગળા, લુચ્છા લફંગા, રગતપીત્યા કોહડીયલ કોઇ ભીખારડા સાથેજ પરણીને પોતાની જાથુકની બરબાદી કરવાનું વધારે પસંદ કરશે એમ તેણીએ બલતા ચેરાગ ઉપર હાથ મેલીને જાલની આગળ હરડતા સોગંદ ખાધા! બસ જાલની તકરાર કરતી જીભલી હવે થંભ થઇ ગઇ. તે જ્યારે સાંજે મોડેથી પાછો ઘર જવા ઉઠયો ત્યારે તેના મનમાં જરાબી આનાકાની બાકી રહી નહી હતી.

"મારા જીવના હાર!" તે તેણીના બંને હાથો પોતાની આંખ્યોમાં ચાંપીને મીનતજારીથી બોલ્યો, "તારે લાયકનો થવા હું મારો જીવ પટકીને કોશેશ કરશ. તારા પૈસાનો મેં પહેલાં-થીજ ઝાંખો વીચારબી કીધો'તો નહી—કેટ, તું પહેલાં જ્યારે ફકત મારી ગરીબડી ગામરીયન ખોરશેદ ઉતી તાહરે શું મેં મારૂં દીલ તુને દોલતને આધારે આપ્યું"તું? હમણાં હૂં આટ લોબી દગમગું છ-તે તારા પોતાના સુખના વીચારથીજ. પણ જાહરે તું બસ મારે ખાતર પૈસા ટકાના સુખને લાત માર-વાજ માગેછ તારે, મારા જાન, મારી આંખને જોરે હું તુને દાળરોટલીપર સુખી રાખવા તઇયાર છેઉં."

કેટીએ હરખથી જાલનાં ગળાં આસપાસ બંને હાથો વીંટાળ્યા. "બીહતો ના, જાલુ," તેણી હસ્તે ચેહરે બોલી, "હુંબી પીઆનો માસ્ટર અને ફ્રેન્ચ માસ્ટર તરીકે પચીસ પચાસ કમઇ લાવશ. મારા પૈસા ગીયા—પણ મેં લીધેલી કેળવણી તો રહેલી છે."

"લેવા દે પેલા અદીને એ પૈસા, વહાલી કેટ,—આપરે કઇ છેકજ નાંગાં ભુખાં થઇને રસ્તે શેરીએ ભીખ તો નહી માગશું." જાલે તેણીને છાતીસે ચાંપીને ઉંડી લાગણીથી જવાબ દીધો, "મારો બાવાજી પાસે ખોદા રાખે કંઇ જરારતી છે–ને હું મારી બાજુને જોરે કમાતો થાઉં તાંહ સુધી તેવણ આપુને સાચવી લેશે. બીહ ના—મારી ડારલીંગ, આજે રાતના હું એ વાત એવણ આગળ સફાઇથી છેરશ. રોજ તારે તાંહ આવુંછ જાઉંછ ને હું તુને કોલ આપી ચુકોછ તે તેવણ જાણેછ. તારા બેહસ્તી બાવા સાથ એવણને કંઈ મોટી દુશમની જેવું ઉતું–પણ બેજનજી ગુજરી ગીયા એટલે એવણ પોતાનાં દીલનો કેહેર વીસરી ગીયેલા લાગેછ. તારી સામબે મને હજુર જરા એવણે એક તુકારોબી કહયો નથી—ને હવે તું ડીયરને એવણના આશરાની જ્યારે ખાસ વધારે જરૂર પડશે ત્યારે તેવણ મને ના કેહ એમ કદી બનવાનું નથી."

બંને જવાન જીવો ખુબ પ્રીતીથી એકમેકને દીલાસા, હીમતના સખુનો કહી તે સાંજે તો છુટાં પડયાં. બીજે દહાડે તો ડાકટર અદી પેલું વીલ લઇને આવવાનો હતો અને કેટીનો સેવટનો જવાબ લઇ જવાનો હતો. સવારના પોહોરમાં બડી ગજજરે કેટીની બાજુએ પાછો આવીને ઉભો રહેવાની કબુલાત આપી જાલ ભારી જીગરે ચાલ્યો ગયો. બીચારો જાલ! ચોવીસ કલાકનાં પેટાંમાં શું સમાયલું હતું તેની તેને થોડીજ ખબર હતી!

* * * *

એદલજી ઉમરીગર, જાલના બાપ, એક વીચીત્ર પ્રાણી હતા. ગાંઠે બે પઇસાની પુંજી બાંધીને કુરૂમ કુરૂમ પોતાનો સંસાર એક બુઢાં ધણીઆણી અને બે બચ્ચાં—નીજુ તથા

જાલ—સાથ ગુપચુપ તેવણ ચાલાવ્યા જતા હતા. તોબી ગામમાં જેઓ એદલજી ઉમરીગરને ઓળખતા તેઓ એ ડોસાજીને નામે અંદરખાનેથી ખભળતા. સાઠીમાં આવી ચુકેલા એદલજી બડા "દાદાબળીયા" હતા, આટલી ઉમ્મર છતાં તેવણ સીધા સોટા જેવા, ટટણખાર, એક ૩૦ વરસના છોકરાને હઠાવે એવી મજબુત કાઠીના હતા. ધરમ ધ્યાન, દરાણદમશેદમાં એદલજીનું ચીત વધારે હતું ખરૂં—પણ જેઓ તેવણની કેટલીક બાતેનની વાતો જાણતા તેઓતો અલ્લકસે નાકનું ટીચકું ચંહડાવી એ "ધાંખરા" માટે લગાર ભેદભરી રીતે ડોકું ધુણાવતા. પઈસાના જબરદસ્ત લાલચુ તરીકે એદલજીબાનો સાખો સઘળે મશહુર હતો. કેટલીક કંપનીઓમાં જ્યાં એદલજી ઉમરીગરે હાથ નાખ્યો હતો, ત્યાંથી તે એમનો એમ ચોખ્ખો સફાઈદાર પાછો તેવણે બાહેર કહાડેલો નહી હતો એવી કેટલાક જાણકારોમાં પસગવત ધુસધુસ ચાલતી હતી.

તેવણ વળી સ્વભાવે બહુજ કફોડા હતા. ઘેરમાં તેમનો ત્રાસ વીશેષ હતો. બનતાં સુધી તેવણ ખુદ ઘેરમાંબી છોકરાંઓ સાથ ઝાઝી વાત ખુલાસાથી કરતા હતા નહી—અને તેમના ઓળખીતાં પાળખીતાં, સગાંવહાલાં, દોસ્ત આસનાવોમાં તો એક જાથુકની ફર્યાદ હતી કે એદલજી ઉમરીગર મતલબ આવે ત્યારે બહુજ મગરૂર અને અહંકારભર્યા બની ભલા ધનેતરનેબી અપમાન કરવાને ચુકતા હતા નહી. કોઈ પાસેથી જો કાંઈ કામ કહાડી લેવું હોય તો એદલજીબા લેહેપના બની જઈને તેની સાથ ડાહી ડાહી અને મીઠી મીઠી વાતો કરતા પણ જો જરાબી તલમાં તસુ ઓછું પડયું તો સામો ધણી ગમે એટલીબી સલામ કરે તોય એ એદલજી ખામખા ધરણનું ખાંધણીઉ બની પેલાની તરફ જોયુંજ નહી હોય તેમ જુલાબી ડાચું રાખીને અખાડા કરી ચાલ્યા જતા.

આવી તેમની ચાલને લીધે એદલજી ખુદ તેમના પોતાના કેટલાક દોસતો અને સગાઓમાં અળખામણા થઇ પડયા હતા. બેજનજી દાવર અને એમની વચે ડોળે દીઠું બનતું નહી હતું તેમાં કશી નવાઇ નથી. જાલ જેવો એક નમાનો સમજુ છોકરો બી બનતાં સુધી પોતાના આવા કફોડા બાપને ઝાઝો છેડ છેડ કરતો હતો નહી. કોઇ વેળા તો બાપ દીકરા વચે દહાડાના દહાડા સુધી એક બોલબી વાત થતી નહી અને કાંઇક ઘણુંજ અગતયનું કામ પડે નહી ત્યાં સુધી જાલબી તેવણની સાથ વાતચગત કરવાનું માંડી વાળી દુરને દુર ફટકયા કરતો હતો.

એદલજી ઉમરીગર બરાબર પુરેપુરી રીતે જાલ અને કેટી વચેનો સંબંધ જાણુતા હતા. બેજનજી દાવરની છોકરી સાથ પોતાનો જાલ પરણે તે કરતાં એક ચીનાઇ વાંદરી સાથ તે પરણે તે એદલજીને મનથી બહેતર હતું, એદલજીના દીલમાં વસેલું કુતરાં બીલાડાંનું કુટુંબી વેર બેજનજીના મરણથી કોઇ પણ પ્રકારે જાલ ધારતો હતો તેમ ડપટ પડયું હતું નહી. પણ તોબી જયારે એદલજીએ જાલ અને કેટીના અદરાવાની વાત સાંભળી ત્યારે તેવણ જાણે કાંઇ જાણુતાજ નહી હોય તેમ બેહેલીગુરદા બની ફીલસુફી રોબથી મુંગાજ ગગડી રહયા હતા. પઇસા, હા યારો પઇસા!! વીસ લાખ રૂપીઆ! અધધધ! કેટી દાવર નાપાક અંધરેમેન્યુશની પોતાની દીકરીબી કાંય નહી હોય, પણ પાસે ૨૦ લાખ રૂપીયાની ગાંસડી હતી, એટલે એદલજી ઉમરીગરને મનથી બીજી ગણત્રી રદ હતી.

* * * *

બાપ દીકરા કોઇ દહાડે નહી ને આજે રાત્રે દીવાનખાનામાં સામ સામે બેસીને કાંઇ ઉંડી ગંભીર ગોફતેગોમાં રોકાયલા હતા. જાલ રાતનું ખાણું લીધા પછી તુરતનોજ ડરોઇંગ

રૂમમાં પોતાના પીતાની સાથ કાંઇ ખાનગી વાત કરવાની રજા માંગી ત્યાં ગોઠવાયલો હતો. એદલજી પોતાની રીત મુજબ ડોબરો ચહડાવી જીજ્ઞાસાથી સેહેજ કાંસતા જઇ પોતાના ગુચ્છાને એક હાથે સમારતા રહી દીકરાજી વળી શું કહેવાના હતા તે સાંભળવા તરા ને તરા બેઠેલા હતા.

"બાવાજી, ઘણી અગતની વાત તમુને હું કહેવા આયોછ. બેહેસતી બેજનજી દાવરનાં દીકરી કેટી સાથ હું અદરાયલો છેઉં, તે તો તમે જાણુતા હોશોજી."

જવાબમાં એદલજીએ જાલગમ જોવા વીના સેહેજ ડોકું હલાવ્યું.

"મને આશા છે કે તમે મારી એ પસંદગીથી ખુશી છેવો. એ છોકરીની સામે તમુને કાંઇ વાંધો નહી હોશે?"

એદલજીએ નાનો ખંખાર માર્યો. "ઉંહ! હવે શું કહેવા માંગેછ તે ભસી દેની? પણુવાનો હોય તો પણુની જા. અમકું પીજાણ શું કર્યા કરેછ?"

'તમારી એવી રજા વાસ્તે હું ઘણો ઉપકારી છેઉં બાવાજી." જાલ ધીમેથી ગંભીરાઇથી બોલ્યો. "પણ મને માફ કરો તો હું પુછું કે એની સાથે મારૂં કાજ તુટી જાય તો તમે ખુશી થાવો કે દલગીર થાવો?"

એદલજીએ પહેલીવાર જરાક ચમકીને. જાલના મોઢાં સામે જોયું. "કાજ તુટી જાય? એટલે?"

"નહી સાહેબ, કદાપી બેહેસતી બેજનજીને વાસતે તમુને——"

"જો બા, મારૂં ભેજું ના ખા. તે મરવાનો ઉતો તે મરી ગીયો. હવે છોકરી સાથે શું લાગે વળગે? તું તારે મુગો મુગો તારૂં કામ કર. મેં તુને એક બોલમી ના કહયોછ?"

ખુશાલીને મારે જાલનું મોહું ખુલી ગયું. આહ! આખરે પીતાએ રજા આપી ખરી.

"બાવાજી, તમારો ઘણો મોટો ઉપકાર થયો. પણ બીજા પંદર વીસ દહારામાં મારી ધણીઆણીને આએ ઘેરમાં હું લાવવા માગુંછું. જરાક નવઇ જેવું છે તો ખરૂં, પણ તેમ કર્યા વગર છુટકો નથી. એના બાપનાં વીલ પ્રમાણે નહી તો પછી એ બીચારી કાંહ જાય?"

"બાપના વીલ પ્રમાણે? એટલે? વરી વીલ શાનું કરી મુવો? તે કાંહ જાય વરી? ઢગલેઘેર પૈસા છે તો એક બીજો જુદો બંગલો લઇને તમે લોકો રેહવો."

ઠડાક દેતોકે જાલ ઉઠી ઉભો થયો.

"ઓહ! તારે તમે વીલ મળી આયુંછ તે વાત નથી જાણુતા? હા—ખરા, તમે કાંહથી જાણો બાવાજી? મેં આજેજ સાંભરયું કે બેજનજીનું એક છેલ્લી ઘડીએ કીધેલું વીલ મળ્યુંછ. તેમાં લખ્યુંછે કે જો કેટી મારી સાથ પરણે તો વારસામાંથી બીલકુલ રદ બાતલ થાય."

એદલજી આસ્તેથી પોતાની ખુરસી ઉપર અધેલાઇને બેઠા. તેવણુની મુછપર સેહેજ તીરસ્કારનું હસ્વું ફરી વળયું હતું.

"હું તો પહેલેથી કેહતો'તો કે એ બેજનજીનું માથુ ગીએલું છે. જાવો બા, મારૂં માથુ ના ખાવો."

"તાહરે બાવાજી, હું બધી ગોઠવણ કરૂંછ—"

"ઉંહ—ગોઠવણ? શાની ગોઠવણ, બા?"

"અમારા લગનની ૭. ૧૮ દહાડા પછી કેટી ઘેરબાર વગરની થઇ જાય તો તે બીચારી કોણુને આશરે જાય?"

"ઝાનમમાં જાય! જઇને કુવો કાંય નહી પુરે! તેમાં આપુને શું? લગન કંઇ થશે નહી, જાલ—"

"બાવાજી !" એક નાની બુમ સાથ જાલ પાછો ધપ દેતોકે ખુરસીપર બેસી ગયો. તેનાં મોહોડાં ઉપરથી રંગનો છાંટેછાટો ઉડી ગયો હતો.

"એ નાપાક દુકતી પાસ પઈસા ઉતા તાહરે જુદી વાત ઉતી. હવે એ બીખારડીને ઘેરમાં હું ઘાલું ? કંઇ તમારી અક્કલ બક્કલ ગેઇછ ? એ દાવરનું કુટુંબ આપુને એટલું હીણે તેની છોકરી હું લેઉં ? જાવો, જાવો, કંઇ સુઝમાં રેજા બોલતા ના."

જાલના ઉજળાં મારી ગયલાં મોહોડાં ઉપર પાછો રતાશ ફરી વળયો. ધાસતી અને નાસીપાસીનો પહેલો ઝટકો હવે ખતમ થયો હતો—ગુસ્સા અને મગરૂરીએ તે જગા લીધી હતી.

"હું દલગીર છેઉં, બાવાજી, પણ તમારી મરજી પ્રમાણે હું ચાલી શકતો નથી. હું વચન આપીને બંધાઈ ગીયોછ ?"

"તે એ હું કાંઇ સમજતો નથી. એવી ભીખારી છોકરી સાથ હું તુને કબી પણવા દેવાનો નથી. તુને તો માગે તેવા પઇસાવાળા કુટુંબની છોકરી મળશે——"

"પણ મને પઇસાવાળા કુટુંબની છોકરી જોઇતી નથી," જાલ તરડાઇને મોટેથી બોલી પડયો "મારે લીધે કેટી પોતાની દોલત છોડી દેવા કબુલ થઇછ,—હવે હું ના કેહું તો કેવું શરમભરેલું, કેવું નામોશીભર્યું લાગે, બાવાજી."

"ગમે તે થાય, હું કંઇ સાંભળવાનો નથી. તમે દેવાલ સાથ માથું ફોરીને લોહી કહાડશો તોબી હું એ દુકતીને અહીં લાવવા દેવાનો નથી. એવી ચીબાવલી, ઇતરાતખોર, નાદાન છોકરી————"

"બસ! એની સામે એવા બોલો હું તમુંને બોલવા નથી દેવાનો, બાવાજી." જાલ ગુસ્સાથી વચમાં પોકારી ઉઠયો. અણુહદ

ક્રોધથી તેનો ચેહેરો લાલચોળ થઇ આવ્યો હતો અને ખીજાજથી તેનાં નાકનાં ફીફરાં ઉડતાં હતાં. "તુમારે ને બેજનજીને દુશમનઇ ઉતી તેને લીધે બીચારી એક નીરદોશ છોકરીની સાંમે એવા અણુઘટતા હુમલા કરવાનો તમુને હક નથી. એ છોકરી જેવી ડાહી અને સાચી લાગણીવાળી બીજી કોઇજ મેં જોઇ હોશે."

એદલજી ઉઠીને ઉભા થયા. "ઉંહ !—મને વધારે ટકટક સાંભળવી નથી," તેવણે ખબરીને તરડાયલે સાદે કહયું. "હું એ લગન મરી જતાં કરવા દેવાનો નથી. ને જો મને નાફરમાન થઇ તમે એની સાથે પણવાનાજ હોવો તો સુખે મારા ઘેરમાંથી બહાર જઇને પરણજો—ફરીથી મને તમારૂં મ્હોંનું દેખારતા ના."

આટલું કહી એદલજીએ તો ઓરડાની બાહેર ચાલવા માંડયું. જાલ તો રડમશ થઇ ગયો.

"એ શું વાજબી છે, બાવાજી? જો વીચાર કરો." તે અત્યંત કગલીને બોલ્યો.

"મેં બધો વીચાર કીધોછ. ને મારો છેલ્લો જવાબબી મેં તમુને આપ્યોછ. તમે જો એ છોકરી સાથ પણવાના હોવો તો મારા ઘેરમાં એક મીનીટબી હું તમુને ઉભા રાખવાનો નથી. ને સાંભલી લેવો કે મારી હઇયાતીમાં ને મારી હઇયાતી બાદ જો તમે કંઇ મારી મદદની યા મારા પઇસાની વકીમાં રહેવાના હોવો, તો હું સોગંદ ખાઇને કેહુંછ કે હું એક પઇએ પઇથી તમુને ઓવારનીવાર કરશ. હું બધું એકલી નાજુને આપી જવશ. હું એક પઇબી તમુને આપું, જો ફરીથી તમારૂં જરા મ્હોંનુંબી જોવું તો આંય કસ્તીના મને સમ છે. જાવો હવે, એ છોકરી સાથ પણવું હોય તો મારા ઘેરમાંથી બહાર જઇને પરણો."

આમ બોલી એદલજી ઉમરીગર ત્યાંથી ડોળા ધ્રુરકતા જેસમાં ચાલી ગયા. જાલ ત્યાં દીવાલને અઢેલીને પથ્થરનાં બાવલાં મીસાલ થંભ હવામાં જોતો ઉભોજ રહી ગયો. તેનું ભાન કોણ જાણે કયાં ઘાસ ચરવા ગયું હતું! તે પોતે ઉભો તે લગભગ અરધો પોણો કલાક સુધી એમનો એમ ઉભોજ રહયો. તેને લાગ્યું કે તેની જીંદગીનો સુરજ અસ્ત પામી ચુક્યો હતો. તેની છાતીમાંથી જીગર જેવી ચીજ જાણે કાંઇ અદભુત ગેબી શકતી જબરીથી ખુંચવી જતી હતી. તેના ભેજાંની નસો જાણે તણાઇને તુટી જતી હતી!

ઓહ! જાલને લાગ્યું કે તે જાણે દીવાનો બની જતો હતો.

પ્રકરણ ૩૧ મું.

"તમે મારાં માય છેઓ કે મારાં મતરઇ?"

એક જીવલેણ અકસ્માતમાંથી કટોકટ બચી જવું એ શું ચીજ છે! તે તો પોતાના બીછાણા ઉપર ગરમ બંદુસમાં વીંટળાઇને નસોસ પડેલી શીરીન ગાંધીનું મનજ જાણે. નક્કી મોતમાંથી બચી! જીવના જાલમ કાળ ગુસ્તાદજીએ જરાબી શક વગર તેણીને જીવતી સળગાવી મેલવાની ખુની તજવીજ કીધી. પેલો મુસાજી વખતસર આવી પહોંચ્યો નહી હતે તો શું પરીણામ આવતે? તેનું સ્મરણ કરતાં શીરીનનું ઓખારથી ધગધગતું આંગ ધ્રુજવા લાગ્યું.

મુસાજી પાછો આવ્યો—સીસોડીની તીણી સીપટી સાથેજ

પાછો દોડયો આવ્યો! શીરીનને માટે એટલી બધી જંજાળમાં પડવાની એ મુસલમાનના વેસમાં સંતાયલા ભેદભર્યા પારસીને શું ગરજ પડી હશે? અને અરે, ગુસ્તાદજી તેણીના લોહીને માટે એટલો તરસ્યો કાં થઇને બેડો હશે? પીરોજબાઇ માએ આ વેરસી વાલી વકીલને કાં એટલી બધી મચક દેતાં હશે? પોતીકી માતાની અવ્વલથી આખર સુધી વર્તણુકનો વીચાર કરતાં બીચારી શીરીનનાં મુખમાંથી એક બહુજ ગમગોસાર નીસાસો નીકળી પડયો. ગુસ્તાદજી જેવા એક ચંડાલ, કરપીણુ પાપી સાથે પીરોજબાઇ આટલો ઘાડો સંબંધ રાખે—તેનાથી ધ્રુજી ધડકીને ખુદ પોતાની દીકરીનેબી આગળ રહી મરી જતી જોયા કરે—ઓ, એ નામોશી તે કેમ ખમાય! આવા એક મુજીની સંગાતે એક મોટું કાવતરૂં રચી અદીનો હક ડુબાડવા જેટલી હદે તેવણ ઉતરી જાય—હે જમાના, સઘળોજ રંગ એકદમ શા માટે ઉલટાઇ ગયો હશે?

અદીનો હક—અફસોસ! તેજ તેજ અદી કે જેની મુરતી શીરીનનાં મગજમાંથી એક ઘડીબી હજી તુલીક દફે થઇ નહી હતી. પઇસાને ખાતર તે બેવફા થયો, કેટીને ખાતર શીરીનને તજી દીધી, ઉપરાસાપરી કાગલોની પોંહચ સ્વીકારવાની વટીક લાયકી તેણે બતાવી નહી—છતાં શીરીન તેને ભુલી શકી હતી નહી. સોબત ગમે તેવી વીખુટી પડી જાય, પણ મોહોબત મરતી નથી. શીરીનના જીગરમાં સઉથી મોટો હાયઅફસોસ એજ હતો કે તેણી દાગાથી આજેજ થઇને ફરજયાત આટલો વારબી અદી વજીફદારના પઇસા પચાવી બેઠી હતી. બીજા કોઇનાબી બાબમાં આવું તરકટ થયું હોત, તો શીરીનને એટલું દુઃખ લાગત નહી. હવે અદી તેણીને માટે શું વીચારશે? તોબાહ!

બીચારી ગરીબ શીરીન! તેણી અંદર ખાનેથી બહુ મુઝાતી હતી. પણ કરવુંબી શું? આ ગુસ્તાદજીનાં તરકટ વીશે તેણીએ અદી ઉપર એક મેલી ત્રણ ત્રણ કાગજો લખી કહાડી પોસ્ટમાં નાખવા માટે મુસાજીને સ્વાધીન કર્યા હતાં. પણ કીસમતની ઠઠ્ઠા મશકરી એવીજ હોય છે! મુસાજીએ તે કાગલો પોસ્ટમાં નાંખવાને બદલે ઘરે જઇ ચુલામાં સળગાવી મેલ્યાં હતાં, તે બાપડી શીરીનના જાણવામાં કયાંથી આવે? એ નીરદોશ છોકરીના સ્વપનામાંબી શી રીતે હોય કે તેણીની કલમથી લખાયલી એકબી લીટી ગુસ્તાદજીની દગલબાજીને લીધે અદીના હાથમાં જવા પામીજ નહી હતી—એટલું નહી, પણ વળી એજ ચંડાલે શીરીનના અક્ષરની ફારજરી કરીને અદીના હાથમાં તેણીના નામથી લખાયલું એક એવું તરકટી બનાવટી ઘાતકી કાગલ મેલ્યું હતું કે જેથી છેત્રાઈ ભોળવાઇને મગરૂર અદીએ પોતાનાં દીલની આ ખરી મહાબુબને માટે બાહેરથી ઇંતેજારી દેખાડવાનું યા તેણી ઉપર કાગલપત્ર લખવાનું મોકુફ કર્યું હતું!

અને અધુરામાં પુરી રાત દીવસની ચીંતા! કે ઇબી પળે ગુસ્તાદજી આવીને હવે છરી મારે એમાં જરાબી નવાઇ ન હતી. પેલો પારસી કયાંસુધી મદદે આવ્યા કરવાનો હતો? ખરેખર—આવા ધડકધુજારાથી અધમુઇ જેવી બની ગયલી શીરીનને લાગ્યું કે એકવાર આવીને તેણીનો અંત જો એ ગળાંફાંસુ ગુસ્તાદજી લાવી મેળે, તો બલા ગઇ! કારણ, રાત દીવસ ધાસ્તીથી ઠઠરયા કરવાના કરતાં—આવા હરામના પઇસા ઉપર જીવ્યા કરતાં—એકવાર મરવું હઝાર દરજજે બેહેતર હતું.

શું કરવું? ઘર છોડીને નાસી જવું યા બારીએથી નખાવી દઈ જીવપર કરવું? કોઇ સહાય થનાર, કોઇ સલાહ આપનારબી મળે નહી! હળવેથી ઉઠીને તેણીએ પોતાના

ઓરડાની બારીની બાહેર ડોકયું કર્યું અને નીચે રસ્તા સુધીના પચીસેક ફીટના અંતર ઉપર શોકાતુર નજર ફેંકી. ફકત એકજ—એકજ—વખત જરા દ્રઢ મન કરીને ઝીપલાવી દીધું કે—પછી ખલાસ! બધી પંચાતીનો નીવેડો કેવો આવી જાય! તાઢના એક લખલખાં સાથ શીરીન કાંઇ આગળ વીચાર કરે તેટલાં———

બારણું ઉઘાડી પીરોજબાઇ ઓરડામાં દાખલ થયાં. સગી માને જોતાં દીકરીના ચેહરા ઉપર નાખુશી અને અણગમાનો સ્પષ્ટ છાપ ફરી વળ્યો. તેણીએ મોહડું ફેરવી નાખ્યું અને પીરોજબાઇના કેટલાક માયા ભર્યા સવાલોના જવાબબી દીધા નહીં. પોતાની દીકરીનો ખરાં હેતથી બરડો પસવારી પીરોજ-બાઇએ ગમે તેટલુંબી વાહલ દેખાડયું—પણ કોર મરડીને કોથું આપવા વીના શીરીન ઉભીજ રહી. પોતાની સગી માને વાસતે આ છોકરીના દીલમાં હવે એક એવી શરમીંદગી અને અવી-સવાશની લાગણી પેદા થઇ હતી કે માત્ર લાયકીને ખાતરબી કાંઇ ઉત્તર દેવાની તેણીની જીભ ઉપડી નહી.

"તું એમ કાંય કરેછ, શીરા?" પીરોજબાઈ દબાયલે રડમેશ અવાજે બોલ્યાં, "તું તારી માયને એમ હીણેછ? એમાં હું શું કરૂં, દીકરી? એમાં મારો કાંઇ ચારો છે? ગુસ્તાદજી એવા દાહાબરીયા થઇ ગીયાછ તે હું એકલે હાથે કાંહ મરૂં? તું મારી સાથ બોલતી નથી તેથી મારૂં લોહી બરીજરી જાયછ. બોલ શીરાં, મને કંઇ કેહ, હું શું કરૂં?"

અભાગણી માતા! પોતાનાં પેટે જણ્યાં એક પુરાં વાહલાં બચ્ચાંને આમ તરછોડ કરતું જોઇ તેણીનું કાળજું ચીરાઇ જતું હતું. ખરેખર રંજીદા બની પીરોજબાઇ પોતાની ભીણા-યલી આંખ નુછવા લાગ્યાં. કુદરત—કુદરત! આખરે શીરીનનું

ભલું દીલ જરા પીગળ્યું. મા ગમ ફરીને તેણી લગાર કચવાટ અને ગમગીનીથી બોલી.

"તમે આય માણુસ સાથે એક ઘેરમાં એમ રહોછ? જગની નીંદાની તો જરા કનવાર કરો! શું તમારામાં શરમ લાજનો હવે કતરો બી રહયો નથી? મારૂં મોત થઇ જાયછ, માય. તમે આય ગુસ્તાદજી સાથે આટલો બધો છેક અતલગનો વેહવાર———"

"બસ, બસ—શીરાં, બસ!" પીરોજબાઇ કમકમીને શીરીનનાં મોહડાં ઉપર એકદમ હાથ દાબી બોલ્યાં. "તું જાણ્યા જોયા વગર ના બોલ. અમારા વચ્ચે શું સંબંધ છે તે તું જાણતી નથી. એ ગુસ્તાદજી તારા શું——ઓહ! પણ હું તુને કેમ બધી વાત કેહુ? અરે શીરાં, એક બોલબી બહાર નહી કહેવાના એવણે મને સોગંદ આપ્યા છે. એવણ જો જાણે કે મેં તુને બધું કહયું, તો મને જીવથી મારી નાંખે. હમણા એવણ છેકજ હેણ જેવા થઇ ગીયાછ—દારૂ પી ને આવેછ ને ચીહરાં ફારીયા કરેછ. કાલે મારી સાથે પંચાતી કરીને મને કેમ તમાચે તમાચે મારી તે હું શું કેહું, દીકરી! પણ ખોદાય જાણેછ કે એવણની સાથે રહેવામાં હું કંઇબી ખોટું કરતી નથી. બસ, મને વધારે ના પુછ."

આટલું કહી પીરોજબાઇ ધોલીઆ ઉપર માથું નાંખી દઇ ખુબ કલવાઇને ડુસકે ડુસકે રડવા લાગ્યાં. તેવણ શું કહેવા માગતાં હતાં તે બેધ્યાન જેવી બની ગયલી શીરીન બીલકુલ સમજી શકી નહી.

"માય," તેણી હવે પોતાનો ધ્રુજતો સાદ જેમ તેમ સાબુત કરીને કગળતાં બોલી "એમ રરી તતરીનેજ તમે પહેલેથી બધું કામ બગાડી નાખ્યુંછ. જો, હજુરબી સમજો.

બરજહાનમ ગીયા મુવા એ નજીસ પઇસા! ચાલો આપરે બેઉ જણાં કેથે નાસી જઇયે—પાછાં અહમદનગર જઇયે. ખાના દેવો આય મુવા વકીલને બીજાંની દોલત. અરે તમે આગળ રેહીને મારૂં ખુન કરાવોછ—તમે મારાં માય છેઓ કે મારાં મતરઇ છેઓ? સમજો માય—તમે આય ગુસ્તાદજી આગળથી મને ખીસારશો નહી તો હવે હું જરૂર જીવપર કરશ. હું તો જીંદગીથી કંટાળી ગેઇછ."

પીરોજબાઈ પોતાની દીકરીને ગળે વળગી બહુ મીતે-જારીથી દીઓ તાણવા લાગ્યાં.

"શીરાં, મારી દીકરી, હવે બીહ ના. હું ગુસ્તાદજી સાથ ગેઇ કાલેજ ઘણી મરઇને આખરે એવણ પાસે કબુલ કરાવી આવીછ કે આપરે બેઉ જણાંઓએ એવણથી જુદાં કેથે ગરગામરાંમાં જઇને રહેવું. કાલના કાલ આપરે દમણ એક નાહલી બેઠી બંગલીમાં જઇને તેવણથી છુટાં રહેવાનાં છઇયે. આપરી સાથે વીરજી ડોસાંબી આવશે."

જાણે છાતી ઉપરથી એક મોટો પથરો ઉંચકાઈ ગયો હોય તેમ શીરીનની આંખ્યો એકદમ ખુશાલીને મારેં ચમકવા માંડી અને તેણીએ છુટકારાનો એક લાંબો શ્વાસ ખેંચ્યો.

"ખરેખર, માયજી?"

"હા શીરાં, સાચ્યું કેહુંછ. કાલે દશ વાગે આપરે અહીંથી ચાલી જઇશું. ગુસ્તાદજી તો કામસર મુંબઇ જવાના છે. તાંહ આપુને નરવા એવણ નથી આવવાના. ચાલ, મારી દીકરી કરૂં, જરા હવે પોહોરી જા. બોલ બોલ કરીને તું થાકી ગેઇછ."

પોતાની દીકરીને ચાંપીને પીરોજબાઇએ કોટી કરી. જડ પુતળાંની માફક બેસી રહી શીરીને તેવણને તેમ કરવા દીધું.

બીજી કોઇ ફેરી તેણી કદી પોતાની માને આમ ગળે વળગવા દેતે નહીં—પણ હમણા ગુસ્તાદજીથી અંતે જુદા પડવાના ખ્યાલે તેણીને એટલી ખુશ કરી મેલી હતી કે તુરત વેળા તેણી પોતાના દીલનું સઘળું દરદબી વીસરી ગઇ હતી.

પ્રકરણ ૩૨ મું.

"ધ્રુજ! ચંડાળ, મને જોઇને ધ્રુજ!"

દમણની તે એક નાની હાલહવાલ ઝાવલાંની ઝુપડી હતી. ઉપલા પ્રકરણમાં વર્ણવેલા બનાવને બીજે દીવસે નવસારીથી પીરોજબાઈ, શીરીન અને વીરજી ડોસાં સવારના ૧૦ વાગે ઉપડેલાં આ દમણના છાપરાંમાં જ્યારે આવી પુગ્યાં ત્યારે સુમારે બપોરના એએક વાગતાનો અમલ થયો હશે. પીરોજબઇના જણાવ્યા મુજબ આ બે ત્રણ નાની ઓરડીવાળું બેઠું ઝુપડું ગુસ્તાદજીએ ખાસ તાર કરીને તેઓ ત્રણે જણા માટે ભાડે લીધું હતું. ખડખડ પાંચમ કામઠાંઓનું તે એક ગરીબડું કોહરું હતું તોબી શીરીન ગાંધીને ખરેખર તે એક માનબર મેહેલના જેવું દીલ પસંદ લાગ્યું. કારણ—કારણ હવે પેલા બદકારથી બીહ ધડકીને રોજનું શેર લોહી સુકાવવાનો અહીં સંભવ હતો હતો નહી. ગુસ્તાદજી આ ત્રણ જણીઓની સાથે દમણ આવ્યા હતા નહી એટલે શીરીનથી આખો વખત ટ્રેનમાંબી હસાઇ હસાઇ જવાયું હતું.

દમણની આ ઝુપડીમાં ઠરીઠામ થતાંજ શીરીને પોતાના અલાહેદા ઓરડામાં ખાટલી ઉપર બરડો નાખી પહેલીવાર કરા-

રને જીવથી જરાંક ઉંઘ કહાડી ઉઠવાનું મન કર્યું. તેણીનાં માથાં ઉપરનો બોજો ઉચકાઈ ગયો હતો અને વળી તેણીની નબળી પડેલી દેહ ને દાહડાની થાકવી નાખનાર મુસાફરીને જવાબ દઈ શકી નહી હતી—એટલે પાંચેક વાગતે તો આ રાંક છોડી પોતાના ઓરડામાં ભર ઉંઘે નચીંત થઈને પોઢીબી ચુકી હતી.

કેટલોવાર તેણી આમ ઉંડી નીંદમાં લપેટાઈને પડી તેનું તેણીને પોતાને ભાણબી રહયું નહી. જ્યારે તેણીએ આંખ્યો ઉઘાડી ત્યારે ઓરડીમાં બીલકુલ અંધારૂં હતું. દેખઈતી રીતે રાત પડવા આવી હતી. પોતાની આવી ઉંઘણસી હાલત માટે સેહેજ મનમાં હસીને શીરીન પોતાની આંખ્યો ચોળી ઝપકીને ઉઠી.

"મરેરે મનેબી શું થયું છ! કેમ દોરની કાની ઉંઘઈ! ઓરડામાં મુઈ એક બતીબી નહી મળે! માયજી સઉ કાંહ ગીયાં? માયજી, કાંહ છેવો, માયજી!"

એક પળ જવાબને માટે શીરીન કાન ઉંચા કરીને થોભી, પણ પીરોજબાઈ તરફથી પાછો સંસારો આવ્યો નહી. ઓરડામાં આસપાસ કાંઈ દેખાતુંબા નહી હતું. લગાર ગભરાઈને નંટોસ્તી નંટોસ્તી શીરીન ઓરડીના બારણા તરફ ગઈ, પણ—અજાયબીની અજાયબી!—બારણું તો બાહેરથી બંધ હતું!

પહેલ વહેલી વાર કાંઈ ભયાનક વીચારો શીરીનના મગજમાં ધસી આવ્યા. અરે! બારણાને બાહરથી કળ કોણે મારી? માયજી વીરલુ ડોસાં કાંહ જતાં રહયાં? અંધારા કીલ ઓરડામાં તેણીને આમ બંધ કોણે કરી મેલી? એ નવી આફત વળી શું હતી? સુકડી ઝાવલીના ,બારણા ઉપર જોરથી ઠોકાઠોક કરીને શીરીને પીરોજબાઈ માયને મોટેથી હાંકો મારી—

પણ ચોમેર ચુપચાપ અને બીઆબાન અંધારૂં ફેલાયલું હતું. કસારીના તીણા અવાજો સીવાય બાજું કાંઇ સંભળાતું હતું નહી. હેબતી જઇને ઉજળાં સપ મોહડાં સાથ શીરીન પાછી પોતાની ખાટળી ઉપર ફસડાઈ પડી ટરટર કાંપવા લાગી.

પાંચેક મીનીટ આવી છાતી બેસાડી નાંખનારી ચીંતાતુર હાલતમાં શીરીન પથ્થરની માફક લાઇલાજ બેસીજ રહી. અંતે આસ્તેથી તે ઓરડીનું બારણું ઉઘડયું અને ઝબકીને શીરીન જુવે તેટલાં તો હાથમાં કાકરાનો બળતો પીનળનો ડબ્બો લઇ કોઇ અંદર દાખલ થયું.

"ગુસ્તાદજી."

એક જબરી ચીચારી સમેત આ નામ પોકારી શીરીન છલાંગ મારીને કુદી ઉભી થઇ અને એકદમ ઓરડાને નાકે જઇ કાદવથી લીપેલી કામરાની દીવાલ સાથ અથડી પડી.

"હા, હુંજ ગુસ્તાદજી કાનફ્રીયો" તે બદમાશનો બીહામણો અવાજ નીકળ્યો. "હવે જોઉંછ તારો માંકો મદારી કેમ તારી મદદે આવેછ? દમણ કંઇ નવસારી નથી."

ગુસ્તાદજી આ છોકરીની અંડાઅડ બળતા દીવા સાથ જઇને ઉભો. એક પળમાં શીરીનને લાગ્યું કે હવે તેણીનું આવી બનયું હતું. વળી પાછો આ દુષ્ટ માણસ તેણીને દઝાડી નાંખવા આવ્યો હતો તેમાં જરાબી શક હતો નહી. હવે અંતની ઘડીએ કાંઈ હીમતથી જો તેની સામે ટકાયું નહી તો જીવવાની આશા ફોકટ. બે હાથે પોતાની ધડકતી છાતી દાબી શીરીને તેના ખુનખાર ચેહેરા તરફ એક નજર ફેંકી.

"તમે શું માંગોછ?" તેણીનાં ગળાંમાંથી મહા મુસીબતે ગગળાતા શબ્દો નીકળયા. "મને મારી નાંખવા માંગતા હોવો તો મારી નાંખો. એમ રીબાવ્યા શું કામ કરોછ?"

ગુસ્તાદજીએ એક જંગલી હેવાનની પેઠે દાંતો કચકચાવ્યા. "તુંને મારી નાંખું?" તે ભયાનક ઉચ્ચારે તેણીના કાનપર વાંકો વળીને બોલ્યો, "પછી મારા લોહીથી ખરડાયલા હાથો સાથ દુનીયામાં કેમ ફરૂં? પણ તોબી આજે તુને છટકવા દેવાનો નથી. તારી માય ને પેલી વીરલુ ડોસી હવે તારી મદદે આવવાનાં નથી. અહી કોઈ કારૂં કુતરૂંબી આસનેપાસ નથી."

શીરીન આ સખુનો સાંભળી બીકને મારે હાંફતી ગાફેલ જેવી થઇ ઉભી.

"માંય કાંહ ગીયાં?" તેણીએ દબાઈ ગયલા અવાજે પુછ્યું.

"ઝાહનમની ખારમાં! તુંને અહીં ફુસલાવી લાવવાનો આય મારો તાગડો આબાદ ઉતર્યોછે. હવે મને વધારે ટકટક જોઇતી નથી. મારૂં કહેવું હવે કરવુંછ કે નહી? નહી તો નક્કી જાણ કે તારૂં મોત આવી લાગુંછ."

જીવપર આવી જઇને શીરીને પોતાના આ ખુનીના ડગલાની બોંહે કચકચાવીને મુથ્થીમાં પકડી.

"તમુને શું બધા પઇસા જોઇયેછ?" તેણી ઉશકેરાયલે સાદે કરગરી પડી. "પૈએ પૈ લેવો. હું કહેવોતો લખી આપું ને પછી મને જવા દેવો."

"ચુપ! જવા દઇને પછી મારૂં કાટલું કહારવા તુંને દેઉ! જા, જા, બેવકુફ, એટલો બધો ગુસ્તાદજી કાનફટીયો કાચ્ચો નથી."

"પણ તારે તમે માંગોછ શું?" તેણીએ લોહીનો ગોટ ગળી બોખરા સાદે પુછ્યું.

"એજ કે કાલે સવારના પોહોરમાં મારા ભત્રીજા ચાનજી કાનફટીયા સાથે તારે લગન કરી નાખવાં."

તે બીજા બદલગામનું નામ સાંભળતાંજ કમકમીને શીરીન એક ડગલું પાછળ હઠી. "કદી નહી !" તેણી ચીચવાઇને મોટેથી બુમ પાડી ઉઠી. "મને જોઇયે તો અહીં કાપીને કટકા કરી નાખો. હું મરી જતાંબી તેમ કરવાની નથીં."

"બસ આય છેલ્લો જવાબ છે ?"

"હા–નીકળો મારી આગળથી. તમારે ગમે તે કરો. હું મરવાને હવે બીહતી નથી."

"અં—ઠીક છે ! જાણો, શીરીનબઈ ગાંધી કે હું ખોટો ડફાંસ્યો નથી. તમારી છેલ્લી બંદગી કરવી હોય તે કરી લેવો. એક કલાક પછી તમે જીવતાં રહેવાનાં નથી !"

આટલું કહી પીઠ ફેરવીને ગુસ્તાદજી બાહેર ચાલ્યો ગયો. શીરીને જોયું કે તેણે બાહેરથી બારણાને પાછી કળ મારી. એક જીગર તુટી જાય તેવી હાય મારીને શીરીન ભોંય ઉપર ધપ દઇને ફસડાઇ બેઠી. આવી બન્યું ! તેણીને ચકકર આવતા હતા, કારણ કે જે પળ ઉડી જતી હતી તેમાં અંત ઘડીનો જમડો તેણી સામે ડોળા ધુરકતો આવી ઉભો રહેવાનો હતો એમ તેણી બરાબર જાણુતી હતી.

મજબુત હોઠ કરડી બંધ આંખ્યો સાથ શીરીન બે હાથોમાં મોહોડું ઢાંકી જમીન ઉપર થંભ પડી રહી. લાંબો વખત તેણી આમ ત્યાં પડી હશે, કારણ કે જ્યારે તેણીને આસપાસનું ભાન આવ્યું ત્યારે જાણે કાંઇ નહી સમજ પડે એવી રીતે તેણી ખુલ્લી હવાને માટે ગુંગળાતી, અકળાતી અને મુશકેલાઇથી દમ લેતી અફડા તફડી કરતી હતી.

ઓહ ! એ શું ? આખ્ખી ઓરડી ધુમાડાથી ચીકાર ભરાઇ ગઇ હતી. જાણે ગરમ ગરમ હવામાં શીરીન લગભગ ભુંજાઇ જતી હતી. બેભાન જેવી સ્થીંતીમાં બી તેણીએ નસોસ ડોળા

ઉઘાડીને અહીં તહીં જરાક નજર કરી મોહોડાં ઉપર જોરથી હાથો વડે પવન નાંખી સ્વચ્છ હવા માટે તરફડયાં માર્યાં. પણ નહી—ઓરડાનું ખુણેખુણું ગીચ કાળા ધુમાડાના ગોટે ગોટાથી ભરાઇ ગયલું હતું. મહા મુશ્કેલીએ શીરીન પોતાના પગો ઉપર ઉઠીને ઉભી—અને હે કેરદેગાર! નજર સામે દેવાલપર આતશના સોલા ઉઠતા હતા!

આગ—આગ!

બચ્ચીત, ઝુપડું આતશના ભભુકાઓમાં લપેટાઇ ગયું હતું. છાપરૂં ભડભડ બળતું હતું. શીરીનને તમ્મર આવી ગયા. તેણી ધપ દઇને જમીનપર તુટી પડી.

એકજ બીજી પળ અને ઓરડીની એક બાજુની કામરાંની દેવાલ બાહેરથી કડાક દેતી કે તુટી પડી. કાનના બેહર ફાડી નાખે એવી એક ચીચીયારી શીરીન મારી રહે તે અગાઉ તો છેડાયલા વાઘની પેઠે માકો મદારી અંદર કુદી આવી બેહોશ બનેલી શીરીનને એક નાનાં બચ્ચાંની પેઠે બગલમાં ઉઠાવી બાહેર રસ્તાપર ધસ્યો. તે કટોકટ ઘડીએ આવી પુગ્યો હતો. એક મીનીટ જો તેને મોડું થયું હોત, તો કદાપી શીરીનના નીરદોશ નાજુક જીવની ઘાત જરૂર થઇ ગઇ હોત. પોતાના બોજા સહીત જેવો તેણે ઝુપડીના ઉંબરની બાહેર પગ નાખ્યો કે એક મોટા ધડાકા સમેત આખ્ખું ઝુપડું જમીન દોસત થઇને આગના ભભુકામાં વીંટળાઇ ગયું.

હા, વાંચનાર—એક નીરદોશ નીરાધાર જીવડાને માટે પરવરદેગારે પાછો આ બચાવનાર વેળાસર મોકલી આપ્યો હતો. બહાદુર માકો મદારી કોણુ જાણે ક્યાંથી ઠેઠ દમણમાંથી ભુતની પેઠે શીરીનનો જીવ ઉગારવા ફુટી નીકળ્યો હતો એક ફુલની માફક શીરીનને ઉંચકી તે બહાર ઉંઘાડી જગ્યામાં ધસ્યો અને

હળવેથી તેણીને જમીન ઉપર સુવાડી. તેણીનાં માથાં આગલ ઘુટણે બેસી પોતાના લાલ રેશમી રૂમાલ વટે તેણે શીરીનને પવન નાંખ્યો અને કમ્મરેથી એક નાની ચામડાની મસક ખેંચી કહાડી તે બેફામ પડેલી છોકરીનાં મોહોડાં ઉપર પાણીના ફટકા માર્યા.

શીરીન થોડા વખતમાં સાવધ થઇ. ચકભમ થયલા ફાટા ફાટા ડોળાએ બીચારી આ કમનસીબ છોકરી પોતાના પાલણુહારના ચેહેરા ગમ જોવા લાગી. માકો મદારી વાંકો વળી એક પીતાના વહાલથી તેણીનું માથું પસવારી તેણીના વીખરાઇ ગયલા બાલો સરખા કરતો હતો. તે આમ રોકાયલો હતો તેટલાં—ઓ!

કોઇએ પછવાડેથી એકદમ ત્યાં છેડાયલાં ભુંડની પેઠે ધસી આવી માકા મદારીની તાળકીપર કકડાવીને મુકકી મારી તેને ચટોપાટ પાડી નાંખ્યો.

"હરામખોર, મુજી! મારા કામની વચ્ચે આવવાનો લે આથ સવાદ! તું મનમાં સમજેછ શું!"

આમ કહી નાકના ફીફડાં ફડફડાવતો, ખુની પેઠે ડોળા ચમકાવતો અને હાથમાં મસ મોટી ઉઘાડી છરીનું પાનું માકાની તરફ ટાંકતો ગુસ્તાદજી કાનફટીયો ત્યાં સામે છાતી કહાડીને ઉભો. શીરીન તો એટલી કમતાકાત બની ગયલી હતી કે જમીન ઉપરથી ઉઠવાને વટીક તેણી અશકત હતી. તેણીએ જોયું કે માકો મદારી નામનો તેણીનો જીવ ઉગારનાર પારસી જરાબી ઉશકેરાયા વગર જમીન ઉપર પડયો પડયો સ્થીર આંખ્યોએ અને શાંત દેખાવે ગુસ્તાદજી કાનફટીયા તરફ એકજી ટગરથી જોયા કરતો હતો.

"મને ઓરખછ તું, ગુસ્તાદ કાનફાટીયા?" તેણે થોડીક પળ પોતાના હમનબદ સામે તીરસ્કાર અને દમામથી જોઇ આખરે મક્કમ અવાજે પુછ્યું.

"હા, હા—તું એવો કોણ સેતાનનો સાળો આગ્યો કે મારી ને આય નાપાક પોરીની વચમાં આવે? માકો મદારી થયો તો તારે ઘેરનો! અહીં તારી હુશીઆરી ચાલવાની નથી. હું જીવપર આયોછ. મુગો મુગો ઉઠીને અહીંથી ચાલ્યો જા, નહી તો તું મારે હાથે જીવવાનો નથી!"

જવાબ દેવાને બદલે માકો મદારી તુચ્છકારીથી સેહેજ મુછમાં હસી આસ્તે રહીને જમીનપરથી ઉઠયો.

"દોજખી કુતરા!" તેણે ડરામણા સ્વરે ગુસ્તાદજીના આંગ ઉપર જઇને બાંગ મારી, "હું મુસાજીબી નથી ને માકો મદારીબી નથી. જો, ડોળા ફારીને જો હું કોણ છેઉં તે—!"

આમ બોલી ચડપ દેતી કે તે પારસીએ પોતાની ખોટી ભુરી દાઢી ખેંચી કહાડી અને એક ભુતડાની પેઠે તે વકીલની સામે ઘુરકતો ટટણખાર ખડો ઉભો.

"મેહેરનોશજી વજીફદાર!"

એક મોટો પોકાર મારી જબરદસ્ત આંચકા સમેત ગુસ્તાદજી એ ચાર ડગલાં પાછળ હડીને ભોંય ઉપર અફળાઇ પડયો. તેના હાથમાંની છરી બે ત્રણ વારને છેટે ઉડી પડી. જમીન ઉપર પડયો પડયો ખડીયાની જેલી પેઠે ધ્રુજતો જઇ તેણે આ મુસાજી ઉરફે માકા મદારી લકબે મેહેરનોશજી વજી-ફદાર નામના અદભુત શખ્સ તરફ જોયા કર્યું.

મેહેરનોશજી તેની નજદીક ગયા અને જોરથી તેનાં પાંસરાંમાં પોતાના ભારી બુટ વડેજ એક લાત મારી.

"ઉઠ હીચકારા, ચંડાલ! માર હવે છરી મને—હુંબી જોઉંછ!" આટલું કહી પોતાનાં બદીયાનના અંદરના ખીસામાંથી એક નાની રીવોલવર ખેંચી કહાડી મેહેરનોશજીએ ધ્રુજતા ગુસ્તાદજીના માથાં ગમ ટાંકી. "કેમ, હવે સાદ દબાઈ કેમ



“મેહરનોશજી ! અરે તું મેહરનોશજીનો ભૂત છે કે કોણ છે ? યા ખુદા ! એ હું શું જોઉં છું !”

(જુવો સફા ૨૭૭ મો.)

ગીયો ? કાંહ ગઇ હવે તારી લતરાજ ! બોલ નહી તો અબઘડી ભેજું છુંદી નાંખશ."

ગુસ્તાદજીનું ગળું દેહેસતને મારે જાણે ચીપટાઇ ગયું. "મેહેરનોશજી ! અરે તું મેહેરનોશજીનો ભુત છે કે કોણ છે? યા ખોદા—એ હું શું જોઉંછ !" તે હરણફાર થઇને પીસ્તોલના "મઝલ" તળે કાંપતાં બોલ્યો.

મેહેરનોશજીએ ભોંય ઉપર પાછી બેસુદ્ધ તુટી પડેલી શીરીન ગમ આંગળી દેખાડી, "આય છોકરી કોણ છે?" તેણે ડોળા કકડાવીને એક બરાડ મારી પુછયું. "ચશમ ચોર કંગાળ ખુની ! તું મેહેરનોશજી વજીફદારને શું ઓળખતો'તો નહી કે આવો દાગો રમ્યો ? સાંભળ ગુસ્તાદજી કાનફટીયા, આજથી એ છોકરી મારી પોતાની દીકરી છે. એની ઉપર ફરીથી એક આંગળીબી ઉંચકીછ, તો તારૂં લોહી હું પીવશ. ઉઠ, ને કારૂં કર હવે અહીંથી તારૂં ?"

લડરતો પડરતો ગુસ્તાદજી જમીનપરથી ઉઠયો અને વીહલે મોહડે એક ચોરની પેઠે આ અકલાતુન પારસી ગમ જોતો ત્યાંથી સટકી ગયો.

પ્રકરણ ૩૩ મું.

જોઇયે છે – ૩૦ લાખની કેટીને માટે એક બુઢ્ઢો ખખ ભરથાર !

"હજુર નહી આયો ? સારા સાત થઇ ગીયા—ઓય આવતો હાશે ! મરે આજે મને શું થયુંછ ! શહવારની પાંચ વાગતાની આબરખોબ્રામાં પરીછ !"

'ગુલ્લાબવાડી'નાં વીશાળ બગીચામાં પરોઢયાંને ઠંડે પોહરે ગુલાબ ગુલછરીનો કેવો મીઠો પમરાટ ઉડી રહયો છે—વાહ! સહુવાર સુંદર લેહકીમાં કુદરત શાંત છે—પણ ખુશબોદાર કયારાઓ વચ્ચે નીચી મુડીએ લટાર મારતી કેટી દાવરના મનને નીરાંત નથી. આસ અને પાસ મન મોહક લીલોતરીની વસ્તી છે—ઝાડે ઝાડ ચલ્લી ચલ્યાંઓની મસ્તી છે—પણ ઓહ! બેતાબ બેચેન જીવે અહીં તહીં ડમકતી આ સુંદરીની સુરત હસ્તી નથી. નજર જઇ જઇને બસ દરવાજાપર દોડે છે. કયારે આવશે—જાલ કયારે આવશે?

"આજે રાતના એક પલકબી આંખ લાગી હોય તો નહી!" તેની દરવાજાના મોટા થાંભલા સાથ અઢેલી મનસે બોલી, "આખી રાત એનો એ મુવો ધખારો આવીયા કીધો! બીજા દશ પંદર દહાડામાં અહીંથી મને ખાલી ફરવું પડશે. તરત વેળા જાલને તાંહજ રહેવાનુંજ તો! મરેરે, મારાં નસીબમાંબી કેવી જાતનાં લગન! જાલ આજે——ઓ લેવો! જી ભરૂંજ આવી લાગા——"

આખમાં ખુશાલીનાં ચમકાટ સાથ કેટી ગંભીરાઇથી હસીને ઉંચે જુવે તેટલાં તો પોતાનાં મસ્તાન ઘોડા ઉપર દોડી આવી જાલ તેણીની સનમુખ એક કુદકા સમેત ખડો ઉભો. એક મીનીટમાં તેના હાથ કેટીની નાજુક કમ્મર આસપાસ વીટલાઇ ગયા અને મોહડેથી એક સખુનબી બોચર્યા વગર જોડાઇ ગયલાં બંને જીગરોની આંખ્યોએ એકમેકને પ્રેમપુર્વક સલામ કરી.

કેટીનો સાદ પહેલાં નીકળ્યો, "વાર જોતાં ડોરાબી બધા તણુઇ આયા, જાલ. તેં તારા બાવાને પુછયું કે?"

જવાબ દેવાને બદલે જાલે પોતાના પાસાંમાંથી કેટીને

આસ્તેથી છુટી મુકી અને નજદીકના બાંક ઉપર ધપ કરતો બેસી ગયો. અંદરખાનેના કેવા ગમથી તેનું મોહડું કુમળાઈ જતું હતું તે કેટીએ એકજ પળમાં જોઇ લીધું. ઉજાગરા અને ઉદાસીથી તે દેખાતો નખાઇ લેવાઇ ગયલો હતો. તેણે એક ઉંડો શ્વાસ ખેંચી પોતાનો રૂમાલ બંને આંખ્યોમાં દાબ્યો. કેટી પાસે બેસી ગઇ અને તેની ગરદન આસપાસ પોતાના હાથો વીંટાળ્યા.

"જાલ ડીયર, તું એમ શું કરેછ! તારૂં મોહડું કેટલું ઉતરી ગીયુંછ! શું છે, કંઇ ખરાબ ખબર છે? કંઇ નહી, જે હોય તે મને કેહ."

"કેટ," જાલે બહુ ધીમા અવાજે હવે કહ્યું, 'ગેઇ રાતે હું એક મીનીટબી સુતો નથી, તેથી જરાક આજે જીવને સારૂં નથી. ડારલીંગ, એક નાખુશ ખબર કહેવાની છે. આપરાં લગન કંઇ નહી તો બીજું એક વરસ તો થોભાવવાંજ પરશે."

કેટીનું મોહડું અચબુચ ઉતરી ગયું. તેણીએ જાલનાં ગળાંપરથી પોતાના હાથ કહાડી નાખ્યા અને આંખોના પાપણ ઉંચકી નીરાશી તથા કાંઇક વીસ્મય સાથે જાલના મોહડાં ગમ જોયા કર્યું.

"એક વરસ લગન થોભાવવાં પડશે! કાંય?" તેણીએ ડઘાયલે અવાજે પુછયું.

જાલે તેણીના બંને હાથો પાછા પોતાના હાથમાં લઇ આંખ્યોસે ચાંપ્યા અને લાગણી સાથ બોલ્યો. "મારી કેટ, બાર મહીના બોલ બોલતામાં નીકળી જશે—તેટલાં હું જરા-રતી કમાતો થવાની આશા રાખુંછ. આપરે બે જણાં થોરાં ઘણાંબી આબરૂ દરકારથી રહી શકયે તેને વાસ્તે દર મહીને કંઇ નહી તો ઓછામાં ઓછા સો રૂપીઆ તો જોઇયે? હમણા તો

મારી પ્રેક્ટીસનું ઠેકાણું નથી. મહીનામાં કોઇ વખતે એકુ બ્રીફ ઉંચકી ચુંચકી હાથ લાગે ને પચ્ચીસ ત્રીસ રૂપીઆ મળે તો મળે, પણ ઘણું ખરૂં તો તેનાબી વાંધા! વાસ્તે થોરે વાર થોભી જા. મારાં મોતી—મારે ખાતર તું એટલું નહી કરશે?"

કેટીને જાણે કાંઇ ઓચીંતો ચમકવા થઈ આવ્યો હોય તેમ તેણી ખડી બેસી ને એકચીતે સાંભળતી હતી. જરાબી હીલ્યા ચાલ્યા વગર એક મીણનાં પુતળાની માફક મોહડું સ્થીર રાખીને તેણીએ જાલની કાકલુદી સાંભળી. સેહેજ વારમાં તેણી પામી ગઇ કે જાલ શું મોહકાણના સમાચાર કેહેવા માગતો હતો.

"જાલુ ડીયર, મને કેહ—તારા બાવાએ આપરાં લગનને વાસ્તે સાફ ના કહ્યું?"

જાલે તે હાથોમાં મોહડું નાખી એક નીસાસા સાથ ડોકું ધુણાવી હા પાડી

"અંહ, તારે મારા પઇસા ગીયા તેથી હવે એવણનાં મનમાં હું હલકી પડી હોવશ! જાલ—મારા સમ!—સાચ્ચુ કેહ, તુંબી એમજ ધારેછ કે?"

"કેટી!" અકળામણના એક આંચકા સમેત જાલ ચોંકી ખડો થઇ બેઠો. "એ શું બોલેછ, કેટી?"

"તાહરે ડીયર, જો તુંબી મને હવે હીણુતો નહી હોય તો આપરાં પંદર દહારામાંજ લગન કરીને તારો પ્યાર પુરવાર કર."

"કેટ, કેટ!" જાલ હવે ઠડાક દેતો ઉભો થઈ લગાર ઉશકેરાયલા સાદે બોલ્યો. 'તું બોલેછ પણ તેનો વીચાર કરતી નથી. પંદર દહારામાં જઇને આપરે રહીયે કાંહ?—ગજવામાં ફુટી પઇ વગર શાપર સંસાર ચલાવ્યે? મારી વહાલી, જરા

ધીરજથી ખ્યાલ તો કર કે આપરાં જેવા બે જુવાન નાદાન જીવો પરણીને શા ઉપર જીવીયે?—"

"હવા ઉપર! તું એમ નાહીમત શું થાયછ, જાલીયા?" કેટીએ રીસાઇને મોહ મચકાવ્યું, "મને શું પચીસ તીસની ચાકરીબી માસ્ટર તરીકે નહી મલશે?"

મુછમાં દલગીરીથી હસીને જાલે ડોકું હલાવ્યું.

"તું ઘેલાં કાહરેછ, જાની! એટલા વખતમાં તુને ચાકરી શું મળે ને મને કેસીસ શું મળે? ને પહેલા થોરા મહીના આપરે કંઇ કમઇ નહી શકીયે તો તારી ને મારી શું હાલત થાય? તું–તું લક્ષાપતીની લારમાં ઉઘરેલી છોકરી! અરે તુંને મારે ખાતર એકદમ જંજાળમાં ને મુફલેસી, ગરીબાઇના કંગાલ ગારમાં હોમાઉં! નાદાન ના થા, કેટી–બાર મહીના થોભવામાં શું ગીયું? મારા બાવાની ઉપર આશા રાખવાની નથી. એવણ એવા જીદ્દી અને એક બોલના માણસ છે કે જરૂર પોતાની ધમકી પાર પાડશે. તુને મારી ધણીયાણી બનાવ્યા પછી એવણ પાસેથી મને એક પઇનીબી વકી રાખવાની નથી. તેવણે સમ સોગંદ ખાઇને મને સાફે સાફ ગઇ કાલે રાતે ના કહી દીધુંછ. થોડો વાર થોભી જવા વગર છુટકો નથી. કલેજા! જાંહ સુધી તુને મારીપર ભરૂસો છે તાંહ સુધી તુને બીહવાનું શું છે?"

આ પ્રમાણે ઉંડા જુસ્સાથી જાલ જ્યારે બોલતો હતો ત્યારે તેની આંખો પાણીથી ભરાઇ આવી હતી. તેણે જોયું નહી કે સામે માથાંને હાથનો થેબો દઇ બેઠેલી કેટી ઉજળી વાખ બની ગઇ હતી.

"જાલ," તેણીએ બહુ કડવાશ અને ઠપકાભર્યા અવાજે પુછ્યું, "તું, તું મને આય પ્રમાણે કેહછ! અરે જાલ, તું

મારી સાથ લગન કરતાં બીહેછ? ઓ ખોદાય! હું શું સપનો જોઉંછ કે જાગુંછ!—"

"તારી સાથ લગન કરતાં બીહું! નહી, મારા જીવના હાર, તુંને ભુખે મરતી ને હારમારીમાં સબરતી જોવાના વીચારથી બીહુંછ."

"પણ આપરે ભુખે નહી મરશું. હું તુંને ખાત્રી આપુંછ કે મહીને દહારે ત્રીસ ચાલીસ રૂપીઆ સુધીબી હું જરૂર કમઈ લાવશ."

બે ત્રણ મીનીટ બેઉ જણા મુગાં ઉભાં. તે એક છાતી ફાડી નાખનારી ભયંકાર ચુપકીદી હતી. જાલે પાછું મ્હેં કુમળાવ્યું.

"પણ એટલી બધી ઉતાવળ અને હુલરાઇ કરવાની કંઇ જરૂર, લવ? કંઇ નહી તો છ મહીના થોભની? તેમાં શું ફેર પરવાનો છે?"

બહુજ કચવાઇને નાખુશીથી કેટીએ પોતાનો નાજુક પગ જમીનપર જરાક ઠોકયો. "ફેર પરવાનો છે? તું વીસરી કેમ જાયછ, જાલ, કે પંદર દહારા પછી હું ઘેરબાર વીનાની નીરાધાર રસ્તામાં પડેલી એક ભીખારી છોકરી થઇ જવશ. છ મહીના થોભું—પણ હું રેહું કાંહ? જાઉં કાંહ!"

"કાંહ વરી—આય ગુલાબવાડીમાંજ. અદી એટલો બધો કાંઇ ઘાટકી હેવાન નથી કે તુને હમણાને હમણાજ હાંકી કહારે."

એક અત્યંત તીરસ્કારનું કડવું હસવું કેટીના બંને સફેદ મારી ગયલા હોઠોપર ફરી વળ્યું. "તાહરે તું ડાકટર અદીને ઓળખતો નથી," તેણીએ રંજીદા થયલા અવાજે જવાબ દીધો, "પંદર દહાડા એક ધણી પસંદ કરવા મારા હાથમાં હજુર રહેલા છે. તે મુદત વીતી ગઇ કે એવાણુ અખઇ રહયા પોતે

અહીં આવીને રહેશે; અને પછી તું શું એમ કહેવા માંગેછ કે તેની સાથ હું અહીં એક છાપરામાં ઓશીયારી હાલતે રેહું ? તારૂં કંઇ માથું બાથું ગીયુંછ, જાલ ? તું કંઇ આજે સવારના દારૂ બારૂ પી આયોછ ? તું એમ કેમ કરેછ? મને પરણીને ગરીબાઇ શેહેવતાં તુંને બીક લાગતી હોય તો કહી દે. તું એવો હીચકારો કાહરે ઉતો ?"

બેજાલત અને અધીરાઇને મારે જાલે જોરમાં પોતાના હાથમાંનો રાઇડીંગ વ્હીપ પોતાના પગ ઉપર ફટકાવ્યો.

"હીચકારો-બાઇ જોવ!" તે દાંતોસે દાંતો બીડી અકળાઈ બોલ્યો, "કેટ. કેટ, એમ ના બોલ. મારી પ્યારી તું આગલ પાછલનો વીચાર કરતી નથી. હું જો હીચકારો થતો હોઉં તો તારેજ ખાતર બનુંછ. તુંને પરણીને સદાની ખુવાર કરી નાખું ? નહી-નહી ! વહાલી, કોઇબી રીતે થોરોવાર આપુને થોભી જવુંજ જોઇશે. મારી ઉપર વીશ્વાસ રાખ, કેટ, ઉતાવળે પરણીને તુને ફરસુદે પશતાવા દેવા હું માંગતો નથી. છ મહીના થોભ, હું માંગી લેઉછ."

કેટીના મુખમાંથી એક હાય નીકળી પડી. તેણીએ પોતાની સાડીના છેડાથી પોતાનું મોહડું ઢાંકયું. પોતાની કાકલુદી અને મીનતજારીમા જાલ એક આજકાલનો ઉછાછલો હુલડ જવાનયો નહી પણ એક ડહાપણ વાળા ઠાવકા દુનીયાદારીમાં ઘડાયલા માટીડાની પેરે આ શીખામણ દેતો હતો તે તેણીએ જોયું નહી. ત્યાં ઉભેલો એ નવજવાન પોતાની દુરઅંદેશીમાં પોતાના કીસમત માટે અફસોસ કરતો કેવો સોહામણો ત્યાં દીસ્તો હતો એબી તેણીએ દીઠું નહી. બસ તેણીની મગરૂરીને એક મોટો ફટકો લાગ્યો હતો. કચડાઇ ગયલી મગરૂરી તળે મોહબત તુરત વેળા દબાઇ બેઠી. એક જાતના ગુસ્સા અને એક જાતની નામોશીના

મારે કેટીથી લગભગ રડાઈ પડાયું. જાલને ખાતર તેણી આટલું કરવા તઇયાર થઇ તેનો આય નતીજો! તેણીની ભીખારી હાલતમાં ત્યારે અંતે જાલબી તેણીથી દુર નાહસવા માંગતો હતો—અફ્સોસ! એ વીચારથી જાણે કેટીનું મગજ ફાટીને બે ટુકડા થઇ જતું હતું.

"ઓ, મારૂંબી શું નસીબ છે!" તેણી ગગળતા ધીમા અવાજે જાણે એકલે જીવે બોલી, "ગેઈ કાલેજ મેં અવર વાણી કહારી તે આજે મુઇ બોલેબોલ ખરી પરેછ. મારા જેવી અભાગણી બીજી કોણ હશે! મેં કાલે તને શું કહયું' તું, જાલ, કે જો તું મારી સાથ લગન કરવા હમણા ના કેહ, તો હું શું કરૂં?——"

"ચાલ, ચાલ કેટી, ચેરાં ના કાહર—ખોદાયને ખાતર જરા હુશીયારી પકર—મજાક મશકેરી કરવાનો હમણા વખત નથી, મારી વહાલી."

"મજાક મશકેરી હું નથી કરતી. હું તદન ગંભીર બનીને સાચુંજ તુને કેહુંછ. તું મને જો દશ પંદર દહારામાં પણવા માંગતો નહીજ હોય તો હું ફરીથી ખોદાયના કસમ ખાઇને કેહુંછ કે રસ્તામાં પરીયો ખરીયો લુલો લંગરો જેબી હોશે તેની સાથે હું પરણીને મારી જીંદગી ધુરધાણી કરી નાખશ.—"

"છટ! તું આજે સારા મીજાજમાં નથી, કેટ," જાલ કચવાઇને વચ્ચે બોલી પડયો, "આપરે હલ્લુ ધીરે એ વાત કાલે કરશું. ચાલ, આજે તો હું જાઉંછ—"

આટલું કહી જાલે શેકહેંડ કરવા હાથ લાંબો કર્યો. શેકહેંડ કરવાને બદલે કેટીએ ઉઠી ઉભી થઇ જાલના ડગલાની બાંહે પોતાની મુઠ્ઠીમાં મજબુત પકડી અને ખરા જોસ્સાથી બોલી—

"જો જાલ, હું માથાની ફેરાવણ્ છેઉં. હું તુંને વીચાર કરવાને વાસ્તે દશ મીનીટ આપુંછ, પછી સદાની વાત હાથથી જતી રહેશે. તું મારી સાથ ગરીબઇમાં સુખ જોવાને બીહતો નહી હોય, જો તું એક ભીખારડી બઇરી લાવવાને શરમાતો નહી હોય, તો દશ મીનીટમાં મને કેહ, જાલ, કે આઠ દશ દહાડામાં તું મને તારી ધણીઆણી બનાવવા તઇયાર છે. આપરે કાંદા અને રોટલીપર અરધાં ભુખાં રહીશું. તું જો ના કહેશે તો હું જરૂર માનશ કે તારા દીલમાં મારે વાસ્તે ખરો પ્યાર છેજ નહી, ને ખરા પ્યાર વગર તુંને હમણા કે પછી—આજે કે વરસ દહારો રહીને—દલ દેસરીમાં લાવી નાખવા હું પોતેબી માંગતી નથી.

હવે જાલ શું કહે? તે તો બાપડો દીગમુઢ બનીને આ જીવપર જોરાવરી કરતી રૂપસુંદરીના ઉશકેરાયલા હાંફતા ચેહરા ગમ ટીકવાજ લાગ્યો તેણે તેણીનો હાથ પોતાના હાથમાં લેવાની તજવીજ કરી, પણ કેટીએ લગાર રોહસાથી તે હાથ પાછો ખેંચી લીધો.

"તું જવાબ આપશે નહી તાંહ સુધી હું તારી સાથ વાત નથી કરવાની, જાલ," તેણી ધાડા દુઃખ ભર્યા અવાજે મ્હોડું ફેરવી નાખીને બોલી, "જો, પાછો વીચાર કર ને મને છેલ્લો જવાબ દે."

ગરીબ બીચારો જાલ! તે બીલકુલ ભખરાઇ ગયો હતો. અરે! આ પ્રીતમની પુતળીને હવે કેમ સમજાવવી! અનંત પ્રેમનાં આંધળાપણામાં તેણી શું જીવ સટોસટ પગલું પોતે ભરવા અને જાલ પાસ ભરાવવા માંગતી હતી! તેનું માથું ઘુમવા લાગ્યું. કેટી કેવી મકકમ મનની, દૃઢ ઠરાવની અને

પોતાના વીચારો માટે હમેશાં મુસ્તાક રહેનારી છોકરી હતી તે જાલ જાણતો હતો. પણ ખીસાંમાં એક પાઈ વગર દમડી વીનાની આ રૂપવંતીને આઠ દસ દહાડામાં પરણી બેસી આગળથી કેમ ચાલવું તે જાલને સુઝતુંજ નહી હતું. તેણે વગર શકે જોઇ લીધું કે કેટી કાંઇ ખોટી ભપકી કરતી નહી હતી. જો એક ફેરી તેણીને છુંદાયલી મગરૂરીથી પોતાના ભવીષ્યની બરબાદી કરવા છોડી દીધી, તો આ જીવ કરતાં વધારે પ્યારી છોકરીને સદાની ખોવા વીના બીજો કશો સંભવ હતો નહી. ખુદ પોતાની જીંદગી જાલને ખાતર સદકે કરવા તઇયાર થતી આ માશુકને માટે તે જવાનના જીગરમાં હદ બાહેર પ્યારનો ઉભરો જેવો આ ઘડીએ ઉભરી નીકળ્યો તેવો અગાઉ કવચીતજ થયો હશે. ચીરાઇ વીંધાઇ જતાં મન સાથ જાલ હજી તો પોતાનું તપી આવેલું માથું બે હાથોમાં દાબી રહે તે અગાઉ એક નોકર રૂપેરી ટ્રેમાં એક કાર્ડ લઇ આવ્યો અને કેટી સામે ધર્યો.

"મી૦ ગુસ્તાદજી કાનફટીયા!" તેણી નામ વાંચતાં ભવાં ચઢાવી બોલી, "એ વરી કોણ છે?"

"જી, હાલમાં બેઠેલા છે," લાલીયા નોકરે જવાબ દીધો. "ને કેહતા છે કે ડાકટર અરદેશર વજીફદારથી અહીં મળવા બોય આવવાના છે."

ડા૦ અદીનું નામ સાંભળતાંજ કેટીના મુખપર ધીક્કાર તીરસ્કારનો છાંયો ફેલાઇ ગયો. "ઓ—હવે સમજી!" તેણી ગળામાં થતું દરદ જેમ તેમ દબાવીને બોલી. "પેલું પપાનું વીલ લઇ આયા હોશે! જા, જીવણ તેવણને બેસવા કેહ— અબઘડી હું આવુંછ. મીસટર જાલભઇ ઉમરીગર, આય વકીલ આપરાં—છે તે, મારાં—સુખના સત્યાનાસનું વારંટ લઇને

આયોછ. મેહરબાની કરી તમેબી તાંહ હાજર રહેશો ?"

આમ કેહતાં કેટી ઝપાટામાં પીઠ મરડી બંગલામાં ચાલી. જાણે ફાંસીને લાકડે ચઢવા જતો હોય તેમ લઠરતો પઠરતો જાલ પુઠે ગયો.

ડ્રાઇંગરૂમમાં આપણા ઇષ્ટ મીત્ર ગુસ્તાદજી કાનકૂટયા, પ્લીડર મજેહથી એક પોચી ગાદીની ઇઝીચેરપર અરડાઇને બેઠેલા હતા. તેવણ ત્રેંશઠ, પાસઠ વર્ષની ઉમરના હતા—પણ આજે તો તેવણ છેકજ જીઠરા પીદરા અવતાર બેઅવતાર હાલતમાં કોણ જાણે કયાંથી ભુલા પડી આવેલા હોવાને લીધે ખાસ્સા સીતેર, પંચોતેર વર્ષના ખવાઈ વવાઇ ગયલા દીસ્તા હતા. તેમની બેઠ્ઠી એબીયલ પીખાઇ ગયલી દાઢી લગભગ સફેદ મારી ગઇ હતી. કોઇ ભુતડો જાણે ભસ્તામાંથી ભાગી આવ્યો હોય તેમ ગુસ્તાદજીનો દેખાવજ પહેલી નજરે કોઇ-નેબી ધીકકાર છુટે એવો હાલ હવાલ હતો. માથું પાંચેક દીવસનું બોડેલું નહીં હશે—કારણ મેલી અબેતર પાઘડી છતાં-બી તેમની ટાળકી ઉપર ઉગી નીકળેલા સફેદ બાલનાં ઠુમ-કાંઓ દેખાઇ આવતાં હતાં. અંગમાં એક જરી પુરાણા કાશીનનો ફાટોતુટો ધીલો કોથરા જેવો ડગલો તથા કાંઇ આઠેક દહાડાની વાતપર બદળેલો લેંઘો અને પગમાં ખર વસતર એબલગામણા જુના પેટાવા! ગુસ્તાદજીનો તે વારનો દેખાવ જેવાજોગ હતો. દારૂથી તેવણના ડોળા ટસટસ થઇને લોહીયાર બની રહયા હતા. અધુરામાં પુરૂં જાણે કાંઇ અસા-ધારણ આફત યા ચીંતા તળે કચડાઇને તુર્તનાજ આવ્યા હોય તેમ તેવણ કમરમાંથી વાંકા વળી ગયલા હતા અને તેવણનાં કદરૂપાં ખાઉંકરકુ જેવા મોહડાંના ડાચે ડાચાં બેસી ગયલાં હતાં.

ઉંબરપર પગ મેલતાંને વાર આ કંગાળ બુઢ્ઢા ઉપર કેટીની નજર પડી અને એક પળ તેણી ખરા કમકમાટ સાથ ત્યાંજ અચકી ઉભી. ગુસ્તાદજીનો દેખાવજ એવો એક હરડતા ભામટા બદમાશનો ખ્યાલ આપતો હતો કે જો પછવાડેજ જાલ આવી લાગ્યો નહી હતે તો કેટી જરૂર ત્યાંથી બીહને નાહસી જતે. પણ જાલના પગલાં પીઠની પાછળ સંભળાતાં તેણી હીમત ધરીને દીવાનખાનામાં દાખલ થઇ.

ગુસ્તાદજીએ પોતાના ખવીસ જેવા વીકાળ ડોળા ફાડીને તેણીગમ જોયું—પણ જરા પોતાની ફરાગાત ખુરસીપરથી હીલ્યા કે ચાલ્યા નહી. આખરે કેટીએ દુરની દુરજ ઉભી રહીને સવાલ નાંખ્યો—

"તમે કોણ છેઓ, ને શું માંગોછ?"

"હું ગુસ્તાદજી કાનફુટયા પ્લીડર—તમારા બાવાનું વીલ લાયોછ, કેટીબાઇ," ગુસ્તાદજીએ ભેંસાસુર અવાજે ઉત્તર વાળ્યો. 'પેલા અરદેશર ડાકટર કાંહ છે? આજે એવણે નાનાભાઇ સોલીસીટરને વીલ સાથ અહીં મળવા લખ્યું 'તું—પણ નાનાભાઇ સીક પરી ગીયાછ તેથી હુંજ આયોછ.

કેટીએ એક પળ જાલ ગમ ઉડતી નજર નાંખી. તે નીચી ડોકે દેવાલને અઢેલી અદબ વાળીને ઠંભ થઇ ઉભો હતો.

"છેક રેહીને બારમે કલાકે તમે આય વીલ કાંહથી શોધી કાહરયું—જરા સમજાવશો?" તેણીએ લોહીનો ગોટ ગળીને ગુસ્તાદજીને પુછયું.

તે ઘરડા ચંડાલે ઘડીભર પોતાની ઠુમકી ઘોળી દાઢી ઘવડી.

"જી, વીલ મેં કીધેલું. છેલ્લી ઘરીએ તમારા બાવાએ મારી પાસે લખાવ્યું. સીલ મારી સહી સાખ કરીને મેં નાનાભાઇ સોલીસીટરને સોંપયું ને મને કામસર જંગબાર તરત ઉપરી જવું પરીયું. તાંહ હું સખત તાપે પટકઈ પરીયો— જોવોની મારા હાલ થયાછ તે! આય વીલની બાબદ તદન ભેજાંમાંથી ખીસી ગેઇ. હું પરમદાહરેજ અહીં આયો તારે અચંબુચ મને તેની ફેમ આવી ગેઇ તારે હું ડા૦ અદેશરની આગળ દોડયો ને પછી—પછી તમુને બધી વાત જણાવી."

જરાબી અચકવા કે અટકવા વગર એવી સીલ સીલ્લા-બંધ રીતે તે ચશ્મચોર મુજી તમામ બોલેબોલ જુઠો, ગલત અને બનાવટી આ ખુલાસો બોલી ગયો કે જાલ યા કેટીના મનમાં એક કતરા ભારબી તેની સચાઇ વીશે વેહેમ ઉપજયો નહી. ગરીબ બીચારાં! તેઓ બંનેનાં મોહોડાં ઉપરથી રંગનું ટીપે ટીપું ઉડી ગયું હતું.

"જરા મને વીલપરની સહી જોવા દેશો, મી૦......?"

"ગુસ્તાદજી! મારૂં નામ ગુસ્તાદજી કાનફટયા! હાજી— બેલાશક જોવોની તમારા બાવાની સહી. લેવો આય રેહયું વીલ!"

ધુજતે હાથે કેટીએ તે કંગાળ ચીથરૂં ગુસ્તાદજી કનેથી લીધું અને લીપાઇ ગયલી આંખ્યોએ તેને છેડે લખેલી પોતાના મરનાર પીતાની સહી જોઇ.

"હા, પપાનાજ અક્ષર છે!" તેણીએ ખોખરા સાદે કહયું, "જરા સહી ધ્રુજીછ—પણ મોતને બીછાણે બીચારાએ કરી તેથી એમ હાથ હીલ્યોછ. લેવો—જરા એ વીલ આય મારા દોસ્તદાર મી૦ જાલભાઇ ઉમરીગરને વાસ્તે મોટેથી વાંચશો?"

આટલું બોલી તેણીએ ગુસ્તાદજીના પગ આગળ તે કાગળ્યું ફેંકયું અને હોઠ બીડીને ચાદર જેવા સફેદ મ્હોંડાં સાથ સોફા કોચનો હાથો પકડી રાખી બારીની બાહેર જોતી ઉભી.

એક અડધી મીનીટ ગુસ્તાદજીએ જાલના ચેહેરા ગમ આંખ્યો ઠેરવીને જોયા કર્યું—પછી એક નાનો ખંખાર મારી સ્પષ્ટ અવાજે વીલનો નીચલો ભાગ વાંચી ગયાઃ—

"અને હું સુરતનો રહીશ બેજનજી ફકીરજી દાવર મારી પુર સુધ્ધી બુધ્ધીમાં મારા મોતના બીછાણાંપર મારા વહાલા ભાણેજ ડાકટર અરદેશર વજીફદાર અને મારા પુરાણા વીશવાસુ નોકર રતનજી પોસ્ટ-વાળાની હાજરીમાં મારૂં વસીયત કરી જાઉં છું કે મારી તમામ માયાપુજી, દોલત તથા અસકયામત અને મુંબઇ, સુરત વગેરે ઠેકાણેની સ્થાવર અને જંગમ મીલકતોની એકલી વારસ મારી એકપુરી દીકરી કેટીને એકજ સરતે આપી જાવું છું—કે તેણીએ મારાં મરણ પછી છ મહીનાની મુદતમાંજ જાલ એદલજી ઉમરીગર નામના છોકરા સીવાય કોઇનીબી સાથ શાદીના ગાંઠથી જોડાવું. કેટી જો મારા ભાણેજ ડાકટર અર-દેશર વજીફદાર સાથ એ મુદતમાં પરણશે તો મારો આતમાં પેલી જેહાનમાં ઘણો ખુશનુદ થશે. પણ જો કેટી મારાં મોત પછી છ મહીનાની મુદત અંદર લગન નહીજ કરે યાતો જો તેટલી મુદતમાં યા તે પછી જાલ ઉમરીગર સાથ પરણે તો તેણીને હું મારા વારસમાંથી બીલકુલ બાતલ કરી જવાને ફરમાવું છું અને તેવા મામલામાં મારી સઘળી દોલતના એકલા વારસ તરીકે મારા ભાણેજ ડાકટર અરદેશર વજીફદારને હું નેમી જાવું છું."

વીલ વંચાઇ રહયું કે ગુસ્તાદજીએ આસ્તેથી તે ઘડી

વાળી પોતાના દબરડીંગ ડગલાના ગજવામાં પાછું ઠેસવી દીધું અને પછી કેટીપરથી જાલનાં અને જાલપરથી કેટીના મોહડાં ગમ પોતાના એબીયલ ડોળા ફુટકાવ્યા.

બંને જણ ડાંએઆંએ બનીને મુંગા મંતરજ ઉભાં હતાં. બંનેનો કઠણ શ્વાસો શ્વાસ ઓરડાની બીયાબાન ચુપકીદી વચ્ચે ખુલ્લો સંભળાતો હતો. અંતે કેટીનો દબાયલો, ખોખરો, જાલનું કાળજું વીંધી નાખનારો સાદ નીકળયો.—

"જાલ, મેં તુને આપેલી દશ મીનીટ ખાલાસ થઈછ. તારા જવાબને વાસ્તે હું ખોટી છેઉં. બીજી પાંચ મીનીટ જોઇયે તો હું——"

"બસ, કેટી, બસ!" આવા કઠોર શબ્દોથી જાલને ખરેખર હવે કંપારી છુટતી હતી. તેણે કગળીને હાથ લાંબો કરી આ અતેરૂં કરતી છોકરીને આગળ બોલતાં અટકાવી, "ઓ કેટ, આપરાં આવાં દુઃખ વચ્ચે તુને એમ ઠઠ્ઠા કરવાબી કેમ ગમેછ?"

"ઠઠ્ઠા?-ઠઠ્ઠા શાની?–મને તારો સેવટનો જવાબ હમણા જોઇશેજ. જાલ, હું આય છેલ્લી વાર પુછુંછ. તું બાયલો નહી હોય તો હજુરબી હા કેહ. બોલ–અરે, બોલ–તું મને બીજા આઠ દશ દાહરામાં પરણવા રાજી છે કે નહી?"

ઓ દયાહીણ સવાલ! પુછનાર અને સાંભળનાર બંનેનાં જીગર આસપાસ જાણે તે વેળા એક તાવેલાં લોખંડનો પટો સીકડાઇને પડયો હતો! કેટીના આવા કમનસીબ કફોડા સવાલથી જાલની બાકી રહેલી ધીરજ અને શાંતી બીલકુલ હવામાં ઉડી ગઇ—

"તું મને આજે ખાઇ પીને ઇનસલ્ટ કરવા બેઠીછ!" તે લગાર ચીરડાઇને દબાયલે નાખુશ અવાજે બોલ્યો, "તારે

ગમે તેમ મને કેહ—પણ, કેટી, મારે પોતાને હાથે તારૂં સદાનું સત્યનાશ વાળવા હું કબુલ થવાનો નથી. તું હમણા ઉસકેરાઇને ફાડું ફાડું બકેછ—પણ હું જાણુંછ કે કાલે ઠંડી પરીને તું વધારે ડાહપણથી વીચાર કરશે. એવી ઘાટકી મશકરી ના કર, કેટ, મારી છાતીમાં કંઇ થઇ આવેછ. બસ મારૂ માન—ને છ મહીના ઓછામાં ઓછા થોભી જા—"

"ઓ–તારે તમારો એ છેલ્લો ઠરાવ છે? ઠેંકયુ, મી૦ ઉમરીગર–મારાં ભવીષને વાસ્તે આટલી બધી દરકાર રાખોછ તેથી ઘણી મેહરબાની થઇ!" તેણી અણુકાથી જરા નમીને ફાટેલા અવાજે બોલી. "અને હવે, મી૦ ગુસ્તાદજી કાનફટયા, મારે—છે તે–પંદર દાહરામાં એક બીજો ધણી પરણવાને વાસ્તે શોધી કાહરવાનો છે, કેમ? આપરે શામાં જાહેર ખબર છપાવીયે?—'જામે જમશેદ'માં આપીયે તો કેમ! જોઉં વારૂં, કેમ છપાવીયે? 'જોઇયે છે, એક—"

"કેટ!" જાલ મોટેથી બુમ પાડી પડયો, "તું શું મેડ બેડ થઇછ!"

"એક્ષક્યુઝ મી, મી૦ ઉમરીગર—મેં તમુને મારો કેસ સોંપ્યો નથી." કેટી હવે જાણે કાંઇ નાટક ભજવતી હોય તેમ ગંભીર મોહડું કરી મક્કમ સાદે બોલી, "મારા કાયદાના મદદગાર મી૦ કાનફટયા છે. પ્લીઝ ફરીથી વચ્ચે બોલી ઉઠીને મને ગુચવાવતા ના. હં તાહરે, મી૦ કાનફટયા, લખોની જોઉ; 'જોઇયે છે—વીસ લાખ રૂપીઆની વારસ, જવાન ખુબસુરત બાહોશ મીસ કેટી બેજનજી દાવર માટે, એક ભાડુતી ધ્વરડો ભરથાર——"

"માઇ ગોડ! કેટ! તુને આજે થયુંછ શું?" જાલે ફગલાઇને બુમ પાડી.

"મી૦ કાનફટીયા, તમે બસ મારીપર ધ્યાન આપો," કેટીએ જરા જાલ ગમ જોવાબી વગર મકકમ મોટા સાદે ગુસ્તાદજી કે જેવણ ડંગ થઇને સઘળો કરૂણારસ ફારસ જોતા હતા તેવણને હુકમ કર્યો, "હું લખાઉં તેમ જાહેર ખબર લખો, મી૦ ગુસ્તાદજી; 'એક ભાડુતી ઘરડો ભરથાર'—હા, ઘરડો—ઘણોજ ઘરડો જોઇશે. ને—છે તે—પગાર શું આપ્યે? લખો 'પગાર—દર માસે રૂપીઆ ૧૦૦૦. ખાસ સરતો—૧. પરણનાર ધણી ૬૦ વર્ષથી વધું ઉમરનો હોવોજ જોઇયે; ૨. લગન આઠ દહાડામાંજ કરવાં જોઇશે; ૩. આશીરવાદ સરાઇ રહેતાંને વાર પરણનાર શખ્સે દુર દેશાવર એકદમ જાથુકનું જતું રહેવું પડશે.—ઘરડા ખમ અરજદારોએ 'ગુલાબવાડી' ગીરગામ અરજ કરવી."

જાણે કાંઇ ગુપ્ત ગેબી અસર તળે મેસમેરાઇઝડ થઇ ગયા હોય તેમ ગુસ્તાદજી એઉ ડોળા ફાડી આ અદભુત ઓરત ગમ જોતા ગયા અને તેણીના લખાવ્યા મુજબ ચપોચપ કાગળપર ટપકાવતા ગયા. જાલ તો માથે હાથ દઇને મુદ જેવો એક બારી આગળ થસ થઇ ઉભો હતો.

"લખ્યું કે, ગુસ્તાદજી?"

"જી, હા"

"વાંચી જવો બધું પાછું!"

ગુસ્તાદજી મકકમ ધીમા સાદે તે જાહેર ખબર પાછી વાંચી ગયા—

જોઈયે છે—

વીસ લાખ રૂપીઆની વારસ

જુવાન ખુબસુરત બાહેશ
મીસ કેટી બેજનજી દાવર

માટે

એક ભાડુતી ઘરડો ભરથાર.

પગાર—દર માસે રૂપીયા ૧૦૦૦.

ખાસ સરતો—

૧. પરણનાર ધણી ૬૦ વર્ષથી વધુ ઉમરનો હોવોજ જોઇયે.

૨. લગન આઠ દહાડામાંજ કરવાં જોઇશે.

૩. આશીરવાદ સરાઈ રહેતાં ને વાર તુર્ત પરણનાર શખ્સે દુર દેશાવર એકદમ જાથુ-કનું જતું રહેવું પડશે.

ઘરડા ખખ અરજદારોએ
"ગુલાબવાડી" ગીરગામ
જાતે અરજ કરવી.

લગભગ ત્રણેક મીનીટ પાછી હૈડું ચીરી નાખે એવી ડરામણી ચુપકીદી પંથરાઇ. ખચીત-તે એક કંગાળમાં કંગાળ નેહસ્ત ઘડી હતી. ઓરડા માંહેલા ત્રણુડે જણાનો જીવ જાણે સીકે ઓળવાઈ રહયો હતો. અને ત્રણુડેના હોઠ જાણે રૂંધાઇ ગયા હતા!

પ્રકરણ ૩૬ સું.

હુ કોણ?—હું મીસીસ ગુસ્તાદજી કાનફુટયા!

ઘરડો ભાકુતી ભરથાર—ફકત નાંમની મોહરદાર—બારસો એકો પગાર-દર મહીને રૂપીયા એક હઝાર!

અફસોસ! કમનસીગ કેટી જીવપર આવી ગઇ હતી. ફટાંઉ અને ફેરાવણ માણસોના બાબમાં શું આમ જીંદગીમાં એકવાર નથી બનતું? ઘેલાપણાની તુર્તવેળાની ધુણમાં તેઓ આંધળાંભીત બનીને કાંઈ એવું ભયંકર પગલું ભરી દે છે કે જેની ગંભીરતાનો તેઓને પુરેપાધરો ખ્યાલબી હોતો નથી.

કેટી અને જાલના મોતનું દોજખી વારંટ એક શયતાની દારોગો જાણે લઇને આવ્યો હોય તે મીસાલ પોતાના ધુજતાં આંગળાંઓમાં પેલી અફલાતુન જાહેર ખબરની કાપલી ફફડાવતો નાપેકાર ઘરડો ગુસ્તાદજી એબલગામણું ખવીસ ડાચું ફાડી ચકીત ડોળે આ બે પ્રેમ-ઘેલાં નાદાનોના ચેહેરા ચીતારતો બેઠેલો હતો.

"ગુસ્તાદજી !" કેટીનાજ રડમેસ અવાજે પાછું શરૂ કર્યું. "એ જાહેરખબરના જવાબો આવશે કેની? આપરે ચાર પાંચ દાહરા રોજ એ જાહેરખબર——"

"કેટી! ખોદાને ખાતર જરા અકકલ પકર !" જાલ ગભરાઇને મોટેથી પોકારી ઉઠ્યો. "તું એ શું હુલરઇ કરેછ! તારૂં માથું કેમ ખીસી ગીયું, કેટ? એવી સ્ટુપીડ જાહેર ખબરનો જવાબબી કોઈ આપવાનું છે?—"

"ચુપ રેહો—મને તમારૂં મત જોઇતું નથી. મી૦ કાનફૂટયા, મને કેહો; તમારા ધ્યાનમાં કોઇ એવો ઘરડો ડોસો છે?"

ગુસ્તાદજી હવે હળવેથી ઉઠીને ઉભો થયો. તેના સરીખો એક હરડતો પાપી બદકારબી આ છોકરીની હેબતનાક વર્તણુ-કથી ખરેખર અકળાઈ ગયો હતો.

"મારા તમે ઠઠા કરોછ, કેટીબઇ! હે–હે–હે!"

"નહી–ગુસ્તાદજી! પાક પરવરદેગારના સમ! હું તદન ગંભીર છેઉં. મને એક ભારૂતી બુઢ્ઢો વર શોધી લેવોજ જોઇયે—આય વીલ જોયું કેની?"

જાલે એક સ્પષ્ટ હાય મારી. ગુસ્તાદજી ડઘાઇને ધારી ધારી કેટીનું કોડું ટીકવા લાગ્યા. આ પોરી મેડ તો નહીં થઇ હોય?

"યેહ–પણ તારે ફાંફાં કાંય મારોછ?" તેવણે અચર-તીથી ઠસ થઈ પુછ્યું, "આય તમારો પીત્રાઇ ડા૦ અદેસર છતો છે તેને મુકીને ગામમાં સા... દેર ફજેતા કરવાની કંઇ જરૂર? જાઓ–જાઓ! તમે અમુને બનાવોછ!"

"નહી! ડા૦ અદેસર સીવાય બીજો કોઇબી! હું કપઇને બે ટુકરા થઇ જાઉં તોબી ફકત એજ એક આદમી સાથે

પરણવાની નથી. મને તો હઝાર રૂપીયાનો કોઇ પગારદાર નામનો વર જોઇયેછ—આશીરવાદ સરાવીને બસ ફરીથી મને મોહનું નહી દેખારે. કોઇ તમારાં ધ્યાનમાં છે?"

ખરાં અંતઃકરણની એવી તો ઓજરખ્વાહીથી અને ખરા મનસુબાની એવી તો લાગણીથી શાંત ગંભીર મ્હોંડે અને સ્થીર અવાજે કેટી આમ વાત કરતી હતી કે ગુસ્તાદજી તો ફુગલાઇને તાટજ થઈ ગયા.

"અરે તારી! તમે ખરેખર બોલોછ કે મજાખ કરોછ! સાચુ કેહો, કેટીબાઇ! એ કાંઇ રમતની વાત નથી."

કેટીએ ચીરડાઇને જોરમાં ટેબલપર મુક્કી થોકી અને કપાલનો ચીલ્લો ચહાવ્યો.

"કેટલી વખત કેહું?" તેણીએ મોટેથી કલ્લો કર્યો. "બેહરા છેઓ કે? હું તદન ગંભીર છેઉં—મને એક ભારૂતી વર જોઇયેછ!—"

"તાહરે મારો એક ભત્રીજો છે—ચાનજી કાનફટીયો—ઉમર ત્રીસ પાંત્રીસની છે—"

"છટ! મને બુઢો ખખ જોઇયેછ. જુવાન નહી ચાલશે!" કેટી જાણે એક દીવાની ઓરતની પેઠે હવે ઘાંટુ તાણી, ડોળા કાહડી નાકના ફીફરાં ફડકાવી બોલતી હતી. "તમે આંધરા તો નથી? મારી જાહેરખબર વાંચી કેની? કોઇ પાંસઠ સીતેરનોજ ઘરડો ભરથાર જોઇયેછ!—કોઇ નજરમાં હોય તો બોલી દેવો ઝટપટ!"

ગુસ્તાદજીએ માથાંપર પોતાની પાઘડી દાબીને પેહેડી અને પછી ઓરડામાં લાંબી લાંબી ફલાંગે બે આંટા માર્યા. કેટી જાણે ઉંઘમાં આ ભયંકર "ત્રેજડી" ભજવતી હોય તેમ સુક્કી ટસ ફાટી ફાટી આંખ્યો અને ધ્રુજતા હોઠોએ તેવણના

ધરડા ખોખા આકાર ગમ જોતી ત્યાં પુતળાંની પેઠે થંભ થઇ ઉભી. જાલ તો ધડાક દેતો પાસેની ખુરસી ઉપર ફસડાઈ તુટી પડયો.

પાંચેક મીનીટ પાછી આમ જાલમ ચુપચાપ વચ્ચે પસાર થઇ ગઇ. અચબુચ ગુસ્તાદજી કાનફટયા પીઠ પાછળ બંને હાથો રાખી ધડાક દેતા કે કેટીની સામે આવી ઉભા.

"તમે લગન જાહેર રીતે નહી કરશોની?" તેણે ઘોઘ્રારી અવાજે પુછ્યું.

"નહી—તદન, તદન ખાનગી! અહીંજ મોબેદોની જોર આવી ને આશીરવાદ છાંટી ગુપચુપ ચાલી જશે."

"ને કોઇબી–કોઇબી–બુદ્ધો ચાલશે, હેં?"

"હા—હાઆઆ–હાઆઆઆ!"

"તારે તમે માંગોછ તેવો એક જણ મારી નજરમાં છે. હું–મકુંજે–હું પોતે એ જાહેરખબરનો અરજદાર છેઉં——"

"તમે!!"

માથાંથી પગ સુધી કમકમીને મહા મુસીબતે કેટીએ આ શબ્દો ગળાંમાંથી કાહડયા.

"હા, તમારી સરત પ્રમાણે હું તમારી સાથે–મકુંજે–પરણુવા તૈયાર છેઉં!"

"યુ બ્રુટ! એ તું બકેછ શું!"

એક ધરતીકંપનો જબરો આચકો લાગ્યો હોય તે મીસાલ જાલ એકદમ ખુરસી પરથી ફુટ જેટલો ઉછળીને ઉપર મુજબ બુમ પાડી પડયો. આંખ્યોના ખાડામાંથી જાણે તેના ડોળા બાહેર નીકળી પડતા હતા. હવામાં બે હાથ ઉંચકી જાણે પોતાની ઉપર કાંઇ આફત તુટી પડતી તે અટકાવવા

માંગતો હોય તેમ ને એ ડગલાં હઠી જઈ ફાટે ફાટે ડોળે ગુસ્તાદજી સામું ટીકવા પડયો.

ગુસ્તાદજીને બદલે કેટીએ તેને ઉત્તર વાળ્યો.

"એવણ મારી સાથે હજાર રૂપીઆને પગારે પરણવા માંગેછ. તમારો શું હવે વીચાર છે, જાલભઇ?"

"બસ, બસ!' જાલે ચીંચવાઇને બાંગ મારી, "આય કંગાળ ફારસ અહીંજ પુરો થવો જોઇયે. કેટી, એવી હલકી મશકેરી તુંને છાજતી નથી. આય ડોસાને અહીંથી ચાલી જવા કેહ નહી તો હું એને ધકકા મારીને બાહેર કાહરશ."

પણ કેટી તો એક કોતરી કહાડેલાં બાવલાં મીસાલ જડ થઇને ઉભી હતી. તેણીની મોટી આંખ્યોમાંથી જાણે આતશના ભભુકા નીકળતા હતા. બે દાંતો વચ્ચે હોઠ કરડી રાખી, પડી નહી જાય તે માટે સોફા કોચનો હાથો કકડાવીને પકડી તેણી આ ધરતીની એક નાજુક અબળા નહી પણ કોઇ ભુતખાનાની વંત્રી હોય તે માફક જાલની નજરસે નજર મેળવી ત્યાં ઉભી હતી.

"મી૦ ઉમરીગર!" તેણીનો ડરામણો અવાજ નીકળ્યો, "એવણ ઉપર એક આંગળીબી ઉંચકવાની તમારી મકદુર નથી! એવણનો શું વાંક? મારી જાહેર ખબરનો એવણ ફક્ત જવાબ આપેછ! કોઇ બીજો ડોસો ને આય ગુસ્તાદજી ડોસા! એવણ ચાલશે કેની? તમારી શું સલાહ છે?"

"ઓ ખોદા!" જાલ હેબતાઇને બોલ્યો, "એ હું શું સાંભળુંછ? કેટી, તું મેડ થઇછ કે હું મેડ થયોછ?"

"આપરે બેઉ જણ! મેં તુને કહ્યુંતું કે તું જો મને પણવા ના કહેશે તો પછી જેબી કોઇ રસ્તે શેરીનો ભીખા-

રડોબી હોશે તેની સાથ પરણીને મારી જીંદગીનો ઘાણ કહારી નાંખશ. જાલ———!"


આટલું કહેતાં કેટી એકદમ જાલની નજદીક જઇ તેના પગ આગળ ફસડાઇ બેઠી. તેણીથી વધારે બોલી શકાયું નહી. તેણીનો દીબો હવે વધુ વાર સમાઈ શકાયો નહી. આંખમાંથી બોર, બોર જેવાં આંસુ ટપકી પડયાં અને તેણી હવે જાલના બંને પગોને વળગી બેઅંદાજ ડુસ્કે ડુસ્કે રડી પડી.

સુનોબાવરો જેવો બનેલો જાલ તેણીની આગળ ગુડણે પડી ગયો અને પોતાના રૂમાલથી તેણીની આંખ્યો લુછવા લાગ્યો. દીલાસા તરીકે તેનાથી કાંઇ બોલીબી શકાયું નહી—એટલો તેનો જીવ રંજીદા થઇને ગુંગળાઈ આવ્યો હતો.

બે ત્રણ મીનીટ આમ ગઇ હશે કે સીડીપર લેહેરે લેહેરે ચહડીને ડાકટર અરદેશર વજીફદાર પોતાની પાતળી વોકીંગ સ્ટીક ગોળ ફેરવતા અને મોહડેથી સીસોડી ફોડતા ડ્રોઇંગ રૂમમાં દાખલ થયા.

કેટી ભોંયપર ફસડાઇ બેઠેલી, જાલ ગુડણે બેસીને તેણીને મમતાથી ઠંડી પાડતો રહેલો અને ગુસ્તાદજી સામે અઇવર જેવા ઉભેલા! અજી વાહ! બાજી તો આબાદ રંગમાં ઉતરતી હતી! એક પળકારામાં અદી સમજી ગયો કે દોલત ખોઇ બેસવાના ગમથી કેટી ફસડાઇ પડીને હવે હીંમત તદનજ ખોઇ બેઠી હતી!

ડ્રોઈંગરૂમના ઉંબર આગળ ખુબ ઠસ્સામાં કમ્મરે હાથ દઇ અદીબા ઉભા અને ડોકાનો લેહેકો કરી ચુંચી આંખ્યોએ મુછમાં ફતેહથી તથા તીરસ્કારથી સેહેજ હસ્યા જઇ જમીન ઉપર પરાજ્ય થયલી આ બીજાજી પીત્રાઇ ગમ થોડોવાર જોયા કર્યુ.



"ક્યારનાં આય બે જણાં ટીંગલી ગુણવાનો ફારસ કરયા કરે છ ! મારા ભાઇ, જરા જલદી આવ્ય કેની !"

(જુવે સફો ૩૦૨ મે)

"શું છે?" તેણે દમામમાંજ ગુસ્તાદજીને પુછ્યું.

"કાંટાનું કટેસર! કેવારના આય બે જણાં ઢીંગલી ગુડીયાંનો ફારસ કરીયા કરેછ, મારા ભાઇ, જરા જલદી આવ્યે કેની!"

અદી બેએક ડગલાં કેટીની વધારે આગળ ગયો. તેની છાતીમાં હવે જીતનો જુસ્સો માયો સમાતો નહી હતો.

"ઉઠો મીસ કેટીબઇ દાવર! જમીનપર બેસીને ફોક મુકયાથી કાંઇ બેહેસ્તી મામાનું વીલ બદલાવાનું નથી, ને જાલની પાસે આંખો નુછાવ્યાથી કાંઇ ગયલી દોલત પાછી હાથ આવવાની નથી!"

એવી તો ટેંહકરાઇભરી તુમાખી રીતે તે આ કઠોર દયાહીણ શબ્દો બોલ્યો કે પોતાના ગમમાં ગીરફતાર થયલી કેટીએબી જરાક ડોકું ઉચકી અજાયબી સાથ ભીનાયલી આંખ્યોએ તેની ગમ જોયું. અરે, ભોંયપર કચડાઇ પડેલી એક નાજુક સ્ત્રી ઉપરબી આવી તાણાજાણી! અદીની ગરૂરી માટે કેટીના દીલમાં જાણે કેહેરના ધીકકારના જબુન કારી તીર વાગ્યા. પણ અરદેશર ડાકટર તો ફતેહની ખુમારીમાં મુંછમાં હસ્યાજ જતા હતા. હારજીતની બાજીમાં હોકમનું ચઢતું પાનું તેના હાથમાં સાબુત પકડાયલું હતું, અને સઘળો કીસમતનો તાળો એક બાકસની પેઠે આબાદ તેની તરફેણમાં બંધ બેસી જતો હતો.

"આજે ખરૂનરૂં કરી નાખવું પરશે." તેણે દમમાંજ મુછના આંકડાઓને વળ દઇ ખુબ મીજાજથી છાતો કાહડીને કહયું, "આખી જીંદગી સુધી તમારાં બુટ ચાટવા હું તઇયાર નથી. મામાના સેવટનાં ફરમાનને માન આપવા વાસતેજ આય સઉથી છેલ્લી વખત હું પુછુંછ કે તમે મારી સાથ પરણવા માંગોછ કે નહી? જો નહી મરજી હોય તો આગળ શું રસ્તો

લેવો તે આપરે બેઉ જણ જાણીયેછ. મી૦ ગુસ્તાદજી, મી૦ જાલ! હું તમો બેઉ જણના દેખતાં આય કેટીઅઇને ખરી ખંખારી ગાઇ વજારીને કેહુંછ કે એવણુને પોતાને વાસતે મને એક તણખાંભારબી દરકાર નથી. પહેલેથાજ મારા મનમાં એવણ વાસતે ઉંચો વીચાર ઉતોજ નકી. હા, જે ખરૂં છે તે આય ઘડીએ ખોલ્લે ખોલ્લું કહી દેવું જોઇયે. પણ તોબી મારા મરહુમ મામાની છેલ્લી મરજીને માન આપવાની મારી ફરજ છે. તેથીજ જો રસ્તામાં ભીખારી હાલતે નીકળી જવા એવણુને ગમતું નહી હોય, ને એવણુની પોતાની સાત વખત ગરજ હોય, તો હું એ લગન કરવા કબુલ છેઉં. હું એવણુને વીચાર કરી જવાબ આપવા બે મીનીટ આપુંછ."

આટલું બોલી અદી ભપકામાં ડોક ઉંચીને ઉંચી રાખી ઓરડામાં લટાર મારવા પડયો. પૈસાની ગરમી તેના માથાંપર એવી ચડ્ડી હતી કે તે ગુસ્તાદજી, કેટી કે જાલ કોઇનીબી ગમ જોતો નહી હતો. યાહ! બીસ્તુ હવે તેના હાથમાં સપડાયું હતું, અને એ ખુશ વીચારથી આવી ગંભીર જીવ સટોસટ ઘડીએબી તેનાથી મલક મલક હસાઇ જવાતું હતું.

પણ કેટી?

કેટીનાં આંસુઓ હવે સુકાઇ ગયાં હતાં. અજબ છોકરી! તેણીની ઉથલાતી છાતી હવે શાંત થઇ ગઈ હતી. અદી બોલી રહયે કે તેણીએ જમીન ઉપર લાઇલાજ મ્હોંડું હાથમાં ઢાંકીને ફસડાઇ પડેલા જાલના કાનમાં વાંકી વળી કાંઇ પુછયું. પણ જાલ તો બેહોશ જેવો જવાબ આપવા વગર ત્યાં ઢીમરાંની માફક બેસીજ રહયો હતો. કેટીએ તેને બે ત્રણ વખત ખભાંમાંથી હલાવીને કાનમાં ફરી ફરીથી કાંઇ પુછયું—પણ જાલે જવાબ દીધો નહી. તે બસ ઢગલો થઇને બેફામ સરખો મુગો પડીજ રહયો. બે ત્રણ મીનીટ પાછી ચુપચાપ પસાર થઇ.

"લેવો ચાલો—શું કેહોછ, કેટીબઇ? હું મોટી થાઉંછ— મને તમારો જવાબ જોઇયેછ."

કેટી હવે આસ્તેથી જમીન ઉપરથી ઉઠી ઉભી થઇ. "તમુને શું જવાબ આપું? હું તો એનગેજ થઇ ચુકેલી છેઉં." તેણીએ દબાયલા પણ મક્કમ અવાજે જવાબ વાળ્યો.

અદીએ અરધી ખુશાલી અને અરધી ખેઝાલતથી દાંતો પીસ્યા. "અંહ!" તેણે ઘણીજ તોછડાઇથી કહયું. "હું પહેલેથીજ જાણુંછ કે તમે સાત ચક્રમનાં એક ચક્રમ છેવો. ઠીક છે, તમે તમારૂં ભોગવી લેવો. આજથી ચઉદમે દહારે હું મારો હક મારે સવાધીન લેવશ. અહીંથી ખાલી કરી જવાની તઇયારી કરો. મામાનાં વીલની સરતો પ્રમાણે આપુને ચાલવું જોઇયે."

"હાસ્તો! એક બાજી રમો તારે તેના કાયદા પ્રમાણે ચાલવુંજ જોઇયે તો!" કેટી જરાબી ઉશકેરાયા વગર ધીમેથી બોલી.

"સારૂં! એ તમારૂં ડહાપણ થોરા વારમાં બધું અવરૂં નીકળી જશે. કીયે દાહરે તમે ગોલાબવાડીમાંથી બાહાર નીકળી જવા માંગોછ તે જરા કહેશો?"

કેવો કમનસીબ સવાલ! કેટી દાવર જેવી છોકરીને માટે આવો બેઅદબ અમર્યાદાભર્યો સવાલ મોત કરતાં નપેતર હતો. અદીને જો એક ઝાંખામાં ઝાંખોબી ચાન્સ હતે, તો તે આ કફોડા બેહુંદા બીજાજી પ્રશ્નથી બીલકુલ ઉડી ગયો. કેટીના જીગરમાં એકલી લાગણી હવે ડા૰ અદી ગમના અનંત ધીકકાર અને કીનાની હતી. તેણીની જીંદગીની એકલી નેમ હવે આ બીજાજના પાજી કુતરાને શીક્ષા કરવાની હતી. જાલે તો ફરીફરીથી નાને ના પાડી તેણીની મગરૂરીને છુંદી નાખી હતી. હવે પછી જીંદગીમાં મજાહબી શું? ગમે તેવાંબી પરીણામોનો વીચારજ શું!

"તમે શું પુછ્યુંજી?" તેણીએ અત્યંત નખાઈ ગયલા સાદે સેહેજ ડોકું નમાવી અદીને પાછો સવાલ નાખ્યો.

"હું પુછુંછ કે તમે ગુલાબવાડીમાંથી હવે કાહરે ખરતી લેવોછ?" અદીએ મોટેથી તરડાઇને બાંગ મારી.

"હું? હું ગુલાબવાડીમાંથી ખરતી લેવા માંગતીજ નથી."

"અં! તમે નથી માંગતાં તો હું તમને ખરતી લેવરાવા માંગુંછ. મારાં છાપરાં તળે તમુને રાખવાની મારી ઇચ્છા નથી. પંદર દહાડા પછી તમારે ગમે તેની સાથે જઇને રહેજો," આટલું કહી અદીએ જાલની ઉપર એક નજર નાંખી.

"ગમે તાંહ જઇને રેહવું? નહી, ઘણું કરીને હું અહીંજ રેહવશ. પણ હા ખરા—ડાકટર અરદેશર, તમે મારા ધણીને હજુર 'કોનગ્રેચ્યુલેટ' નથી કીધા," કેટી બહુજ ઠંડે કલેજે સહેજ હસીને બોલી.

અરદેશરે પોતાનો મઘમઘતો રૂમાલ કહાડી પોતાનું મ્હોંડું નુછયું. "જાલ," તે જાણે બહુજ દયાથી અને અણકાથી બોલ્યો, "તમુને મુબારકબાદી જોઇતી હોય, તો તે હું આપુંછ. કેટી દાવર જેવી મગજની સાબુત ધણીઆણી કાંઇ બધાનેજ મળતી નથી!"

કેટીના ગળાંમાંથી એક બીહામણો હસ્વાનો સાદ નીકળી પડયો. તે છોકરી ખરેખર તુર્ત વેળા દીવાનીજ થઇ હતી.

"નહી ડાકટર અરદેશર, તમે જરાક સેહજ ભુલ કરોછ. મી૰ ઉમરીગરે મને પોતાની ધણીઆણી બનાવવા ના કહયું. અમે 'એનગેજડ' તો ઉતાં, પણ મારા પઇસા જતા રહયા તેથી હવે એવણ મને પરણતાં શરમાયછ।"

"ઓ કેટ! કેટ! તું શું મેડ થઇછ, કેટી?" જાલ બહુજ કરગરીને બોલી પડયો.

"નહી, તદન સાવધ છેઉં. આપણા ચાર જણુમાં મેડ તો આય ડાકટર અરદેશર છે. જોવની હજુરબી એવણ મારા ધણીને ઓરખી નથી શકતા. ડાકટર સાહેબ, બીજા આઠ દહારામાં મારી સાથ આય ગ્રહસ્થ લગનના ગાંઠથી જોરાશે. જે વખત જાયછ તેમાં હું મીસીસ ગુસ્તાદજી કાનફટીયા થવશ!"

આમ કહી કેટીએ નાટકી ઢપમાં ગુસ્તાદજી કાનફટીયા ગમ હાથ લાંબો કરી આંગળી બતાવી. તે ઘરડો બદબખ્ત મુજી હરણફાર થઇને ચું કે ચાં કરવા વગર ખુણામાં અદબ વાળી સઘળો ભયાનક તમાશો જોતો ઉભો હતો.

જાલના મુખમાંથી જીગર તુટી જાય એવો નીસાસો પાછો નીકળયો. અને અદી ?——પહેલી એક બે મીનીટ તો આ માથાંની ગયલી છોકરી શું કહેવા માંગતી હતી તે ફુલી ફાટી ગયલા એ ડાકટરને સમજજ નહી પડી. તેણે ભવાં ચહડાવીને કેટી ગમ શકની નજરથી થોડોવાર જોયું.

"શુંઉઉઉ? કોણની સાથ તમે પણવાનાં છેવો?"

"આય પારસીની સાથે—આય મી૰ ગુસ્તાદજી કાનફટીયા પ્લીડરની સાથે. આઠ દહારામાં! મારા પપાના વીલને માન આપવુંજ જોઇને."

ડોકું ઉંચુ કરી અદી મોટેથી ખડખડ હશી પડયો.

"હે હે હે! ગુસ્તાદજી કાનફટીયા સાથે! હા હા હા!"

"હસવાનું કાંઇ નથી. આજે સનીવાર થયો. આવતા સોમવારે પરમ દાહરે—અહીં મોબેદની એક જોરી આવીને અમુને આશીરવાદ સારી જશે. મહેરબાની કરીને ફરીથી તમે મને તમારૂં ધીક્કારભર્યું મ્હોંડું દેખાડતા ના. લગનની સરટી-ફીકેટની કાપી હું તમુને મોકલી આપશ. એમ વંડોરાંની કાની હસ્યા કરવાની કંઇ જરૂર નથી. હું જે કેહુંછ તે ખરૂં કેહૂંછ.

મારાં બેહેસ્તી મમા પપાના સોગંદ ખાઇને કેહુંછ—મારા સદરા કસ્તીના સમ ખાઇને કેહુંછ—કે આવતા સોમવારે હું આય ગુસ્તાદજી કાનફટીયા સાથે પરણવાની છેઉં."

એક છેડાયલા જખમી થયલા ચીત્તની પેઠે ઉછળી અદી ગુસ્તાદજીના આંગપર એકદમ ધસી ગયો અને તેવણને ખભાંમાંથી પકડયા.

"યુ સ્કાઉંડરલ!" તેણે મોટેથી કળવાઇને બરાડ મારી, "તું આય છોકરી સાથ પરણવાનો છે, હેં?"

ગુસ્તાદજી બુઢ્ઢો હતો, પણ બદમાશીમાં ગંઠાયલી તેની હાથની રાઠોડી કાંડીઓએ હજુર પોતાનું આગલું તેજ ખોયું ન હતું. અદીને છાતીમાં આંચકો મારી આ ઘરડાએ તેને પોતાની આગળથી દુર હડસેલી મેલ્યો.

"અલબત! કાંય નહી પરણું? તારા બાપની ચોરી છે શું?" તેણે સતો થઇ ડોળા કકડાવ્યા અને સામા અદીના આંગપર ધસી મોટેથી ધાંટો તાણ્યો.

અદીને પોતાની ભયાનક હાલતનો પહેલ વહેલી વાર હવે કાંઇ ખ્યાલ આવ્યો. યા પરવર! આ શું સુલટાનું ઉલટું થઇ જતું હતું! મામાના વીલ પ્રમાણે હવે પઇએ પઇ કેટીનેજ મળશે એ વીચાર આવતાં તેના હોસકોસ ઉડી ગયા. તે તદન ઘેલા જેવો થઇને ઝનુનથી પાછો પોતીકા બુઢા હમનબર્દની અડોઅડ ગયો.

"તારો જીવ લેવશ!" તે ગુસ્તાદજી ગમ મુક્કી બતાવી લાલચોળ ચેહેરે ફુંફારા મારતો બોલ્યો. "ચશમખોર કંગાલ ભામટા! તું મનમાં સમજેછ શું? તું કેટી સાથ પરણે! અરે તું? તું ઘોરમાં જવાનો થયો તાહરે? ચંડાળ, તારો ટોટો—"

"ખબરદાર!"

ગુસ્તાદજીના આંગપર અદીને ઘસ્તો અટકાવવા માટે કેટી એક છલાંગ મારી વચ્ચે પડી. તેણીનો બાગે બુલંદ પોકાર આખા ઓરડામાં જાણે ધુજી રહયો.

"એ હવેથી મારો ધણી છે, દુર રેહવો. જાલ! ડાકટર અરદેશર! તમે બેઉ જણાઓએ આગળ રહીને મારી પાસ આય કામ કરાવ્યુંછ. ધીક્કાર છે તમો હૈયાંફુટા માટીડાઓપર! મને મારી નાંખી—તમો હીચકારાઓએ મારૂં ખુન કીધુંછ! તમે મને શું સમજોછ? અમે છોકરીઓ તે તમારે મનથી રમવાની ઢીંગલી હોઇશું! નીકળો હવે મારી આગળથી! તમારૂં બેઉનું મ્હોંનું જોઇને મને કંઇ થઇ આવેછ! ઓ હું મુઇ, હું મરી ગેઇ! માસી, માસી! મને અહીથી લઇ જાઓ. બધા મુવા માટીડાઓ એવાજ છે. ઓ, હું મુઈ!—"

આવી અસાધારણ ગડબડ અને પોકાર સાંભળી સુનામાસી બીચારાં ધુજતાં ધડકતાં ત્યાં ગભરાઇને દોડી આવ્યાં. તેવણને જોતાંનેવાર કેટી તેમની આગળ દોડી ગઈ અને ગળે વળગી છાતી ફાડી નાખે એવી રીતે ધસાધસ મોટેથી રડવા પડી. સુનામાસીની છાતીપર માથું નાખી તેણીએ આમ બે ત્રણ મીનીટ જીગરો જાનથી ખુબ કળાપીટ કરી. આખરે તેણી રડતી અચબુચ બંધ પડી ગઇ—સુનામાસીએ તેણીનું માથું આસ્તેથી ઉંચકીને જોયું તો કેટી દાવર ત્યાં બેસુદ્ધ થઇ ગઇ હતી.

ઓ કમીની કલમ! કુટુંબી કલેશને લીધે કેટલીકવાર નીર્દોશ બચ્ચાંઓના સુખનું સત્યાનાશ કેમ વળેછે, તે ચીતારતાં તું એટલાંમાંજ કમકમે છે કેમ? હજી તો તને ઘણું આઘે જવું છે!

પ્રકરણ ૩૫ મું.

ઓરતની એક ભુલ તે જીંદગીની ધુળ!

બે મહીના! બે મહીનામાં તો બધું નવું જુનુંબી થઇ ગયું. સખત 'બ્રેન ફીવર'થી પછડાઇને મહા મુસીબતે કેટી દાવર—યાને મીસીસ ગુસ્તાદજી કાનફટીયા—મોતમાંથી જીવતરમાં આવવા પામી હતી.

અરે કીરતાર! એક હસમુખી બોલકણી, ચટપટીના ખવાસની દીલસોજ છોકરી ઉપરથી આ કેટી હવે એક નખાઈ ગયલી બરીયલ, ઉદાસીત ઓરત બની ગઇ હતી. બસ ઝાઝું બોલવું યા હસવું નહી, સારો દહારો ઓરડામાં ભરાઇને ચોપડીઓ સાથ માથાં—દુખણ કર્યા કરવું, બાહેર જવું આવવું નહી, કોઇને લખવું મુકવું નહી!—વીસ લાખની વારસ કેટીનો એવો બદઅવતાર હતો. ગુસ્તાદજી કાનફટયા પ્લીડરની સાથે જોડેજોડ બેસીને તેણીએ 'ગુલાબવાડી'માં મોબેદો પાસે આશીરવાદ સરાવ્યા—શાદીની પુરેપુરી ક્રીયાઓ કરાવીને તે વકીલની હકદાર પરણેતર બની—ખુદ પોતે લગનની સરટીફીકેટપર સહી કરી—સાક્ષીઓ તરીકે ગુસ્તાદજી તરફથી કોઇ અંજાણ્યો માણસ અને કેટી તરફથી પાસેની બેઠી બંગલીમાં તુરતનોજ રહેવા આવેલા કોઈ નવો ઘરડો પાડોશી નામે મનચેરજી વાણીયા ઉભા રહયા——ઓહ! આ સઘળુ કેવું એક ભયાનક સ્વપના મીસાલ ખરેખર બની ગયું! દીવાનાપણાંની એક પળવારની ઝુમમાં એવી શીહા 'ત્રેજડી' ભજવતાં પોતે ટકીબી કેમ શકી તેનો તાજુબીથી વીચાર કરવાનો વટીક તેણીને અવકાશ મળ્યો

નહી—કારણ કે લગન પછી બીજેજ દહાડે તેણીને બોખાર ચહડી અને મોટો તબીબ આવી પુગે તે આગમજ તો સુરતની આ મશહુર લક્ષાપતણ "બ્યુટી" ભેજાંની તાવથી ખળખળી રહીને લવારો બકારો કરવા પડી ગઇ.

સ્ટેંપના કાગળ ઉપર કરેલાં 'એગ્રીમેટ' મુજબ ગુસ્તાદજી કાનફટીયા તો આશીરવાદ સરાવતાંને વાર ખીસાંમાં એક હજાર રૂપીઆના ચેક સાથ કોણ જાણે ધર્થીના કયાં ખુણા ખાંચરામાં પાર થઇ ગયા હતા. ઘરડાં બોખાં એક બીચારાં સુનામ સી સીવાય આગળ પાછલ કોઈ મળેબી નહી! કેટીની જોખમભરી બીમારી જાણવા છતાંબી ડાકટર અદી વજીફદારે 'ગુલાબવાડી' ના ઉંબર ઉપર પગ મુકવાને અનેકવાર ધસીને ના પાડી હતી. જાણીતા લશકરી તબીબ સરજ્યન કરનલ મેનીંગ અને મુંબઇના જાણીતા પારસી તબીબ ડાકટર કોલાહની ચાંપતી સારવાર તળે અને ત્રણ ત્રણ અથંગ નર્સોની કાળજીભરી સંભાળ હેઠળ એકલી અટુલી પડી ગયલી આ કમનસીબ સ્ત્રીએ લગભગ એક આખ્ખો મહીનો મરણતોલ બીછાણા ઉપર બોખારની બેભાનીમાં પસાર કર્યો. જાલ ઉમરીગર એકાદ બે વખત ચુપચુપ બાહેર દરવાજા ઉપરથીજ ખબર પુછી ગયો હતો—પણ કેટી દાવરની બલાનેબી આ દુનીયાની માયાનું કાંઇ ભાન હતું નહી.

પણ કીસ્મતની ગતી ન્યારી છે! અંતે કુદરતના ક્રોધ ઉપર માણસાઇ હુનર ફાવ્યો.જાલમ કાળમાંથી કેટી દાવરે પહેલીવાર સલામત છટકી જ્યારે ફાટી ફાટી આંખ્યોએ ઓરડામાં આસપાસ જોયું ત્યારે તેણી એક જુવાન ખુબસુરત જીવતી સ્ત્રીના કરતાં એક ઘોરમાંથી ખણી કહાડેલાં તાજાં મુડદાંને વધારે મળતી આવતી હતી. ખાસ્સો એક મહીનો ઉપર પોતે બેહોશીમાં બે જેહાનો વચ્ચે ડોળા ખાતી પડેલી

હતી એમ તો તેણીએ બીલકુલ માન્યુંજ નહી. જાણે કલાક બે કલાકની ઉંઘ પોતે કહાડી ઉઠી હોય અને એક બીહામણો નેહેસ્ત ખ્વાબ જોઇને ચમકી ઉઠી હોય એમ તેણીને લાગ્યું. જેમ જેમ દીવસ ઉગતાં આંગમાં તાકાત આવવા માંડી તેમ તેમ તે અભાગણીને આગલા બદબખ્ત બનાવોનું ઝાંખું સ્મરણ થવા માંડયું પંદર વીસ દહાડા આમ અર્ધ સુધ્ધીમાં ગબડી ગયા—અને પછી જ્યારે તેણીને પોતાની પરણેલી જીંદગીની યાદ પુરેપુરી આવી ત્યારે———!

બળી ગઇ જીંદગી–જળી ગયું એવા પૈસા ટકાનું સુખ! પોતાના હૈડાં ઉપર જાણે એક જબરદસ્ત મોટો પથરો બાંધી કેટી હવે રાત દહાડો મ્હોંડું ખોલ્યા વગર એકાંતમાં નીચી મુડીએ પોતે જીંદગીની કેવી ભયાનક ભુલ કરી હતી તેનો અફસોસ કરવા પડી. ડાકટરોએ હવે રૂખસદ લીધી હતી–નર્સોને રજા આપવામાં આવી હતી. આખી ધંગધાર જેવી 'ગુલાબ-વાડી'માં માત્ર એકલ ડોકલ ડોસાં સુનામાસી અને કેટી દાવર ઉપરાંત એક આખ્ખો દહાડો ઉપરનું કામ કરવા આવતી જવાન પારસી છોકરી હતાં. પાસેની બેઠી બંગલીમાં મહીનો એક દહાડો થયોજ રહેવા આવેલા નવા ભાડુત ઘરડા મનચેરજી વાણીયાની દીકરી શેહેરાંને કેટીની આગળને આગળ રહેવા તથા તેણીનું ઉપર ઉપરનું કામ કરવા અને તેણીની એક 'કમપેનીયન' તરીકે વખત સોહવાડવા ૨૫) રૂપીઆને પગારે છેલ્લા પંદરેક દહાડા થયાજ રોકવામાં આવી હતી.

પણ આ રૂપાળી નવી કારભારણ શેહેરાં સાથે કે કોઇની બી સાથે મુખ ખોલી વાત કરવા જેટલો ઉજમ કેટીને હવે કયાં હતો? આગલી કેટી દાવરનો માત્ર હવે એક બીહામણો પડછાયો આ દુન્યામાં પોતાની હસ્તી પુરી કરવા માટેજ જાણે

નીભી રહયો હતો. તેણી કોઇ કદાપી માત્ર ફરજને ખાતરજ સુનામાસી યા શેહેરાં સાથ બે બોલ બોલતી અને પછી વળી પાછી કલાકો સુધી ગુંગજ થઇને ઓરડામાં ભરાઇ બેસ્તી. ડાકટરોએ તેણીને હવા ફેરબદલ કરવા જવાની સખત ભલામણ કરી—પણ કેટીને જીંદગીજ અકારી પડેલી હતી, એટલે કાંઇ સારી સલાહ તેણી સાંભળતીજ નહી હતી. તેણીનું જીગર તુટી ગયું હતું—વાંચનાર, તેણી પોતાની હેતવંતી છાતીમાં હવે હ્રદયને બદલે એક પથરો લઇને ફરતી હતી. કોઇ કદાપી જો 'ગુલાબવાડી'માં કોઇ મળવા ભેટવા આવતું તો કેટી બનતાં તુલીક તેઓથી દુર નાસીને ભરાતી સંતાતી—યા તો આખો વખત તેઓ સામે નીચીજ મુંડીએ મૂંગી મંતર બેસીને ઝુંક્યા કરતી.

બસ એ હીણભાગ્ય છોકરીને હવે કોઇની ગંધજ ગમતી નહી હતી. સુનામાસી જો વધારે બજીદ થઇને બોલાવ બોલાવ કરતાં તો તેણી છેડાઇને રડમેસ થઇ જતી. તેણીના માનીતા પીયાનોફોર્ટ ઉપર તો આજે બે મહીના થયા એબીયસ ઓધ્રણ ચહડેલુંજ રહેતું હતું—અને એકવારબી કેટીએ તે ઢંકાયલાં 'ઇનસ્ત્રુમેંટ'' તરફ ઝાંખીને જોયું પણ હતું નહી. તેણીનો સુકાઇને છોડીયાં સરખો બનેલો જીવ વેરવા કોઇ સગું વાહલુંબી નજદીક મળે નહી—કે જરા રતી તેની આગળ પોતાનું દુ:ખ રડી કેટી પોતાની ગુંગળાઇ ગયલી છાતી હલકી પાડી શકે. બીચારા શુનામાસીનો દીલાસો રદબાતલ હતો. હમાયજી ફુઈ તો મોઢુંજ દેખાડતાં નહી હતાં, તેમજ કાંઇ અજબ મમતથી ડાકટર અદીએબી ગુલાબવાડીમાં પોતીકી પીત્રાઇને જરા મળવા આવવાની વટીક દરકાર કરી હતી નહી. અને જાલ—

... આહ જાલ ! કેટીની હાલત જ્યારે એક બે વખત છેકજ

ચીંતાતુર થઇ ગયલી હતી ત્યારે જાલ માત્ર દરવાજા ઉપરથીજ ખબર અંતર પુછી પોતાનો કાર્ડ મેલીને કચડાયલાં હઇડાં સાથ ભીણી આંખ્યો લુછતો ચાલ્યો ગયો હતો. જ્યારે કેટી જોખમમાંથી મોકળી થઇ ત્યારે તેણે એક બહુ લંબાણ દીલાસાનું, પોતાની લાગણી અને ઉભરાઓ દરશાવનારૂં તેમજ ફીરતારની શુક્ર ગુજારી કરનારૂં એક કાગલ તેણી ઉપર માણસ જોડે હાથો હાથ પહોંચાડયું હતું.

યા પરવર! જુદાઇના જખમથી તફડતી એક ઓરતને માટે તે કેવો સીતમગાર રૂકેકો હતો! કેટીએ આ કાગલ અત્યાર તુલીકમાં બરાબર એએક ડજન વખત વાંચ્યું હશે અને એક નાના બાળકની પેઠે તેની ઉપર બોર બોર જેવાં ગરમ આંસું એરવ્યાં હશે. પણ મોડું—બહુ મોડું! ઝનુનનો પહેલો ઝટકો ડપટ પડયો અને ઉશકેરણીના અકળાટને બદલે સમજદારીની શાંતી ફેલાઇ—પણ હવે તે શા ખપની? હવેજ અસુરેથી તેણીને બધો મામલો તેના ખરા આકારમાં કાંઇક ધ્યાનમાં આવ્યો. સાચી મોહબતનેજ ખાતર જાલે કેવી બહાદુરી અને ઓસ્તવારીથી કેટીને ભીખારીપણામાં લપસી પડતી બચાવવા માટે ખુદ પોતાના સુખનોબી ભોગ આપ્યો હતો, તેનો ખરો ખ્યાલ હવેજ કેટીની ધીરજવંત સમાધાન ઘડીઓમાં પુરેપુરો આવવા માંડયો. જાલને અગાઉ કરતાબી તેણી હવે વધારે જોસ સાથ ચાહવા લાગી. પણ—પણ હવે થઇ ચુકયું! એકજ ઘડી ભરની ભુલથી તેણીએ જીંદગાનીની ધુળ કરી મેલી હતી. જાલ અને પોતાની વચ્ચે તેણીએ પોતાના હાથે સદાનો એક પહાડ જેવો મુશકેલ પડદો નાખ્યો હતો. જાલનાં કાગલનો જવાબ હવે તેણી વાળીજ કેમ શકે?

નહી, નહી, તે હવે અશકય હતું. એકવાર જ્યારે દીલનો ડંખ નહીજ ખમાયો ત્યારે કેટીએ ઘેલી ગાંડી જાણે બનીને

જાલનું કાગલ ચુલામાં બાળી નાખ્યું. પણ વળી પાછું બીજે દહાડે જેનું તે! બીજી સવારે પાછો ઉભરો થઇ આવતાં તેણીએ જાલને માટે એક લંબાણ પ્યારથી ભરપુર અનંત પશ્ચાતાપનું તેમજ પોતીકા બેહદગમ વીસ્તારનારૂં આઠ પડનું કાગળ લખી કહાડયું. એનવીલપમાં તેને સીલ કર્યું, તે ઉપર પુશકળ ચુમીઓ કરી અને પછી—પછી વળી પાછો કાંઇ વીચાર આવતાં તે ફાડી તોડીને કકડા ભુકલા કરી નાખ્યું! આમ કેટીએ કાંઇ ડજનેક કાગળો લખી કહાડયાં હશે, પણ તેમાંનું એકબી જાલના હાથમાં જવા પામ્યું નહી. પોતે લખેલો કોઇ બી રૂકકો પોસ્ટ કરાવવા કેટીની હીમ્મતજ ચાલતી નહી હતી. છેલ્લી ઘડીએજ બેજાલત અને શરમીંદગીથી તેણી એટલી આજેજ થઈ જતી કે મહા મેહેનતે લખેલાં કાગળો પોતેજ છાતી ફાટી જાય એવા નીસાસા સાથ ફાડી નાખ્યા કરતી હતી.

અરે! જાલને આ નાશ પામેલાં કાગલો માંહેલું સઉથી ઓછું પ્રેમવંતુ કાગલબી જો મળયું હતે! કાંઇક ગેબી બસારતથી તેને જો માત્ર કેટીની અંદરખાનેની લાગણીનો જરા ભાસબી મળયો હતે, તો તેણે પસાર કીધેલા કંગાળ બે મહીના કેવી જુદીજ રીતે ચાલ્યા ગયા હતે! કેટીને ત્યાંથી બે મહીનાની વાત ઉપર ગયા પછી—ન્યુસપેપરોમાં લગનોની ટીપ મધે કેટી અને ગુસ્તાદજીનાં લગનની નોંધ લીપાઇ ગયલી આંખો સાથ વાંચવા પછી—એ નવજવાનને મનથી આ બેકદર દુનીયામાં જીવવુંબી ના રવા હતું. પોતાના અફસોસથી તે ગળાઇને દાંડા જેવો થઇ ગયો હતો. વાડી, ગાડી અને કલબ તેણે છોડી દીધાં હતાં. માત્ર જાણે કાંઇક ચાવી આપેલું એક લોખંડનું યંત્ર ચાલતું હાલતું અને ખાતું પીતું હોય તેમ તે જીંદગીમાં કાંઇ પણ રસ લેના વીના એક સમાધીમાં પડેલા આદમીની પેઠ પોતાના દીવસો ગુજારતો હતો.

કેટી છેક આટલી બધી બદલાઇ ગઇ એ તેનો સઉથી મોટો અફસોસ હતો. હે જમાના! એક મીઠ્ઠી મોહોબતવંતી દીલદાર એટલી બધી કઠણ હઇડાંની ઘાટકી નારમાં ફેરવાઇ જાય એવી એક નસીબદેવીનો ચમત્કારજ હતો. કયાંથી તે બીચારાને ખબર હોય કે જાલને એક લીટીબી લખતાં કેટીનું મોત થઇ જતું હતું? તેણે એ છોકરી ઉપર બએવાર કરગરીને કાગલો લખ્યાં—પણ કાંઇ જવાબ મળ્યો નહી. આથી જાલને બહુજ જખમ લાગ્યો. તે હવે પોતાનાં જીગરમાં જાણે તાવેલું સીસું રેડી પોતાનાં કામ કાજ ઉપર વળગવા લાગ્યો. પરવરની મેહેરથી તેને એકાદ બે મોટા અગત્યના કેસો મલ્યા એટલે તેનું ચીત સેહેજસાજ રોકાયલું ને રોકાયલું રહેવા લાગ્યું.

અને ડાકટર અરદેશર વજીફદારનું કેમ? તેની તો કમબખ્તીજ થઇ ગઇ. બેજનજી મામાની લખ્ખોની દોલતની ગણત્રી ઉપર તેણે છેલ્લે છેલ્લે લગાર છુટે હાથે ખરચ કરવા માંડયો હતો અને ગુસ્તાદજી કાનફટીયા પાસે ઉછીના લીધેલા પાંચ હજાર રૂપીઆ ઉપરાંત બીજું દશેક હજારનું કરજ તો તે કરી ચુકયો હતો. તેણે પોતાનો ખરચ વધારી દીધો હતો અને સાથે સાથે પોતાનો મીજાજબી કેટલીએક ડીગ્રી ચહડાવી મુકયો હતો. પણ જયારે સઘળું ઓરનું દોર થઇ ગયું, કાકા મેહેરનોશજી વજીફદાર તરફની બધી આશા ભ્રષ્ટ થઇ, મનની માશુક શીરીનેબી હડધુત કીધો, કાતર્યાંની ઘસેલી પીત્રાઇએ દગો દીધો. લખ્ખોને ઠેકાણે દમડી વીના કીસ્મતે તેને રઝળતો કર્યો—ત્યારે હવે અદીબાની પનોતી બેડી. કેમ હવે કરવું તેબી તેને સુઝતું નહી હતું. ભુલી ચુકી પ્રેકટીસમાં મહીને દહાડે કાઇ કદાપી ત્રીસ ચાલીસ રૂપીઆ મળતા તેમાં પોતીકી માતા હુમાયજીની સાથે ટટુ કેમ ચલાવવું તેના રોજીંદા હાયસોસારામાં

તે આકળો બાવરો જેવો બની ગયો હતો. કેટીની ઉપર તો તે બહુજ ખફા હતો અને ગમે તે થાય તોપણ તેણીનું મ્હોડું બી પાછું નહી જોવાના તેણે કસમ લીધા હતા.

પ્રકરણ ૩૬ મું.

ગુલાબવાડી'માં નવી કમપેનીયન—ગમગીન શેહેરાં.

'ગુલાબવાડી'નો મામલો નરમ ગરમ એમજ ગમીની ગીરફતારીમાં ગબડયો જતો હતો. બીમારીમાંથી તદન ફારેગ થવાને લગભગ મહીનો થઇ જવા છતાં એકવારની હસ્તી રમતી કેટીએ પોતાનો જોગણનો અવતાર હજી છોડયો હતો નહી. દૈવ-યોગે આ શેઠાણીને એક એવી મદદનીશ મળી હતી કે જેણી પોતીકી બાઇ કરતાં ચાર ચાસણી વધારે અસુખી, ઉદાસ અને ગમગીન દેખાતી હતી. મડમના જેવી સોનેરી બાળવાળી આ ગોરી ધટમારી નવી કારભારણ શેહેરાં સાથે હજુ ઝાઝી વાત-ચીત કેટીએ કરી હતી નહી. જુવાન શેહેરાંબી વળી કાંઇ ઓર તરાહની એકમાર્ગી થોડું—બોલું પોરી હતી. પોતાના બુઢા પીતા મનચેરજી વાણીયા સાથે તેણી ગરીબ સંસારે 'ગુલાબવાડી' પાસેની બેઠી બંગલીમાં રહેતી હતી. મનચેરજી વાણીયાએ પોતે ત્યાં થોડાજ વખતપર આવી રહેવા પછી તુરતજ સુનામાસીને મળી પોતાની દીકરીને કેટીની આગળ મદદગાર 'કમપેનીયન' દાખલ પચીસ રૂપીએ રખાવી હતી. શેહેરાંને ત્યાં ચાકરીએ રહયાને દોઢેક મહીનો ઉપર થઇ ગયો હતો—અને તેણી રોજ

સવારે નવ વાગતે 'ગુલાબવાડી'માં આવી ઉપર ટપકેનું સીવવા ભરવાનું, ચીઠ્ઠીચપાટી લખવાનું, ઉપર નીચે જરા ફેરા આંટી ખાવાનું બજાર હાથ ઉપર દેખરેખ રાખવાનું વગેરે પરચુરણ કામ કરી રાતે સાત વાગતે પાછી પોતાના ઘરડા પીતાની આગળ હાજર રહેવા પાસેની બંગલીમાં જતી રહેતી હતી.

કેવી ડાહી, સમજુ, નમાની ને તાબેદાર છોકરી શેહેરાં નીકળી હતી! સુનામાસી તો શેહરાંના મુંગે મોઢેના ઉપયોગી કામ અને ધ્યાન સલુકની ચબરાકી જોઇ ખુશ ખુશ હતાં. કેટીનેબી શેહેરાંનો ગંભીર, દલગીર અને ઉદાસ જેવો ખુબસુરત ચેહેરો ઘણો ગમતો હતો. પોતાના દુઃખમાં મરી રહેલી આ જવાન શેઠાણીએ જોકે હજી પોતાની નવી કામદાર સાથીની સાથ છુટથી વાત વગત કરી હતી નહી—તોયે શેહેરાંની ચાલચલણ, તેણીનો નરમાસભર્યો તાબેદાર સ્વભાવ, તેણીનો ગમગીન નમાનો દેખાવ અને ખરા દીલની નોકરી કરવાની ઉલટ દેખી કેટી તે 'કમપેનીયન' તરફ દહાડે દહાડે વધારે ખેંચાતીજ જતી હતી. કાંઈ છુપા અફસોસથી જાણે શેહેરાં ઝુમાઇ જતી હોય તેમ હમેશાં તેણીનો મુખડો શાંત અને શોકાતુર રહેતો. તેણી જવલેજ હસ્તી અને કેટીની સાથે ધાડી પીછાનમાં આવવા માગતી નહી હોય તેમ બાઇજીથી દુરની દુર રહેતી. પોતીકા ગમમાં ડુબેલી કેટીની આગળ આવી એક રૂપાળી મુઝવણની મુરતી હાજર રહે એ એક વીચીત્ર સંજોગ હતો, કારણ શેહેરાંનો ગમગીન ઉદાસ સ્વભાવ કેટીના પોતાના દુઃખમાં અજબ રીતની રાહત આપતો હતો.

પણ વળી એક બીજી મુખ્ય ચીજ જે આ શેઠાણી અને નોકર વચ્ચે ખેંચાણ જારી રાખતી હતી તે શેહેરાંનો કાંઈ બહુ જ ઓળખાણમાં આવતો ચેહેરો હતો. અનેકવાર કેટીએ ધારી

પ્યારીને શેહેરાંના શોકાતુર મ્હોંગમ જોય કાંઇ કાંઇ આગલી વાત યાદ કરવાનો પ્રયત્ન કર્યો હશે. શેહેરાને પોતે એકવાર કેહે જોયલી હોય એમ કેટીને લાગ્યા કર્યું, પણ ક્યારે અને ક્યાં જોઇ હતી તેજ તેણી નકકી કરી શકી નહીં. શેહેરાંનો અત્યંત લેવાઇ ગયલો ચેહેરો, તેણીની ઉદાસીન ગંભીર આંખ્યોનો લેહેંકા તેણીના એક યુરોપીયન સ્ત્રી જેવા સોનેરી બાલ—આ સઘળું નવું હતું. પણ તોબી કેટીને બસ એમજ લાગ્યા કર્યું કે ગરીબ મનચેરજી વાણીયાની આ ગરીબડી છોકરીને અગાઉ તેણીએ કેથે જોઇ હોય—તેમજ એ પોરીનો અવાજ કેથે સાંભળ્યો હોય.

હશે ! કેટીએ એ બાબદ ઉપર વધારે માથું દુખવ્યું નહી. બીજા અનેક ગમખાર તુરંગોથી તેણીનું મગજ પુરતુ ચીરાઇ વીંધાઇ જતું હતું. વળી પોતા ઉપર પડેલા ફટકાથી માથું કેવું ગુંચવાઇ ગયું હતું—આગલા ખ્યાલો કેવા ભેલ સેલ થઇ ગયા હતા—તે યાદ કરી કેટીએ પોતાની નવી કાર-ભારણ માટે ઝાઝી ખણખોટ કરવા માગી નહી. એકવાર તેણીએ શેહેરાંને બોલાવી કાંઇક તેણીનાં કુટુંબ વીશે, તેણીની માતા બાબે, તેણીની આગલી પાછલી સંબંધી સેહેજ પુછપરછ કરવા માંડીબી હતી—પણ શેહેરાંએ તો 'સમમ બકમ' બની જઇને એવા તો ભાંગા તુટા, વાંકાટીકા જવાબો આપ્યા કર્યા કે વધારે દાબીને પુછપરછ કરવાનું કેટીને દરૂસ્તબી લાગ્યું નહી.

આમ કયાં સુધી ચાલ્યા કર્યું હોત તે કહેવાઇ શકાતું નથી, પણ કુદરતની કરામત કાંઇ ઓર છે! શેહેરાં ચાકરીએ રહ્યાને દોઢ મહીનો ઉપર થઇ ગયો હશે કે એક દીવસે કેટી દીવાન-ખાનામાં બેસી નીચી મુડીએ કાંઇ ચોપડી વાંચતી હતી તેવામાં અચબુચ 'ગુલાબવાડી'ના બગીચાની બાહેર દરવાજા આગળ

કાંઇ ગડબડ સાંભળી તેણી ચોંકીને બારણા આગળ જઈ ઉભી. બગીચાના દરવાજા આગળ લોકોનું એક નાનું જેવું મેઝરૂં એકઠું થયું હતું અને લોકો આમ તેમ દોડી કાંઇ ગુમાગુમ કરી રહયાં હતાં. તુરત કેટીએ માળીને દોડાવી શું થયું તે પુછાવ્યું. એક મીનીટમાં માળી ખબર લાવ્યો કે કોઈ પારસી શેઠને ગંભીર અકસ્માત થયો હતો.

કેટી એકપળ ગભરાઇ ગઇ. પહેલો વીચાર તેણીને કોણનો આવ્યો? જાલ તો નહી હોય? હજી તો તેણી આ બેહુદો વીચાર મનમાંથી કહાડી નાખી શકે તે અગાઉ લોકોનું એક નાનું ટોળું બગીચાની અંદર દાખલ થઈ 'ગુલાબવાડી' તરફ તેણીની સામેજ ચાલી આવ્યું. સુનામારસી અને શેહેરાં તો બીજે માળે એક કબાટ ગોઠવવામાં રોકાયલાં હતાં—એટલે કેટી મોટા અંદેશામાં પડી. બે પારસીઓ એક કોઇ સખત ઇજા પામેલા જવાન શખ્સને ઉંચકીને ઓટલા ઉપર ઘસડી લાવ્યા.

"જી એવણુની બાઇસીકલ વીકટોરીયા ગાડી સાથ અથડી પડીને એવણ ભોંયપર અફરઈ ગીયાછ. ઘણું વાગુંછ. લોહી જાયછ ને બેસુધ્ધ થઇ ગીયાછ. જરાક ઉપર લાવવા દેશો?" એક જણ કેટીને જોઇને બોલ્યો.

કેટીએ તુરત ઇશારત કરી તે બેભાન માણસને દીવાન-ખાનામાં લાવી સોફાપર સુવાડવા કહયું. અકસ્માત થયલો તે જવાન પારસી ઇંગ્રેજી પોશાકમાં હતો, એમ તેણીએ જોઇ લીધું. તે બીચારાના ગુંઠણુ આગળથી પુષ્કળ લોહી જતું હતું અને પાટલુન તે બાજુએથી બીલકુલ લોહીમાં તરબોળ થયલું હતું.

આદમીઓએ હળવેથી તેને ઉપાડી ડ્રોઇંગ રૂમના સોફા

ઉપર સુવાડયો અને એકાદ જણ જીવ નાંખી ડાકટરને બોલાવવા દોડયો. કેટી બીહતી બીહતી તેની આગળ ગઇ અને સેહેજ વાંકી વલીને ત્યાં પડેલા બેહોશ શખ્સનું મોહડું જોયું. જોયું–અને એક મોટી બુમ મારી બે ચાર ડગલાં પાછળ હટી ગઇ–

અકસ્માત થયલો તે શખ્સ કોઇજ નહી પણ ડાકટર અરદેશર વજીફદાર હતો.

એક બે મીનીટ કેટીને ચકકર આવી ગયા. નસોસ થઇને તેણી પાસેની ખુરસી ઉપર બેસી ગઇ. ડાકટર અદીને આવો ગંભીર અકસ્માત! ડાકટર અદી અહીં 'ગુલાબવાડી'માં! આખરે કેટીનાંજ છાપડાં તળે! બીજા કેટલા દાહડા સુધી તેને ખીસડાઇબી શકાય એમ નહી હતું! કીસ્મત, કીસ્મત! તારી ટોકરબાજીનોબી કાંઇ પાર નથી! નીચે ગડબડ સાંભળી સુનામાસી અને શેહેરાં ઉતરી આવ્યાં. એકાએક ત્યાં આવી ગડબડ જોઇ તેઓ બંને પહેલાં તો ગભરાઇ ગયાં. કેટીને તેઓએ પુછ્યું પણ તેણી કાંઈ બોલી શકી નહી. લોકોને સેહેજ ખીસાડી ટીંગાઇને શેહેરાંએ બીધેલી આંખ્યોએ ત્યાં પડેલા ધણી ગમ જોયું——

"અદી!"

એક જબરી ચીચીયારી આ નામ સાથ શેહેરાંના મુખમાંથી ઓચીંતી નીકળી પડીં અને હજી તો સુનામાસી અને કેટી તેણીની ગમ જુવે તે અગાઉ તો ધમ્મ દેતી કે આ પગારદાર 'કમપેનીયન' પોરી ઢગલો થઇને ભોંય ઉપર બેફામ તુટી પડી!

પ્રકરણ ૩૭ મું.

"તું સારી દુનીયાને ઠગ–પણ મને તું શું ઠગી શકશે?"

પંદર દહાડા તો બોલ બોલતાંમાં પસાર થઇ ગયા. ચીત્તના ચકભમપણામાં એક પખવાડયું કેમ ગબડી ગયું તેનું બી ધ્યાન ડા૦ અદી વજીફદારને રહયું નહી.

તેના ડાબા પગનું હાડકું સજ્જડ તરખાયું હતું. બાઇસીકલ ઉપરથી ઉડી જઇ જોરમાં જમીન ઉપર ટપકાઇ પડવાથી તેને બેસુધ્ધીમાં 'ગુલાબવાડી' માંહે કેમ ઉપાડી લાવવામાં આવ્યો તે આપણે જોઇ ગયા છીયે. ડાકટરોની દોડ આવી પહોંચી અને કેટીએ તુર્ત ચીઠી સાથ ગાડી મોકલી અદીનાં માય હમાયજીને બોલાવી મંગાવ્યાં. ચીસ પાડીને જમીનપર પડી ગયલી શેહેરાંને ઝટપથી સાવધ કરવામાં આવી અને ગડબડ સડબડમાં મનચેરજી વાણુયા તેણીને 'ગુલાબવાડી'માંથી ઘરે લઇ ગયા. તેણીના જવા પછી છેક દોઢ બે કલાકે અદીબી હોંશમાં આવ્યો. ડા૦ કોલાહે ખડે પગે આખો વખત પાસે ઉભા રહીને પોતાના આ પ્રોફેશનલ ભાઇબંધને હુશીયાર તો કર્યો—પણ બીજા થોડા દહાડા તે બીમારને ત્યાંથી ખસેડવા દેવા સાફ ના પાડી.

અદી પોતે એક તબીબ હતો એટલે આ ફરમાનનું વજન સ્વીકારતાં તેને વાર લાગ્યો નહી. ભાગેલાં હાડકાં સાથ ગીરગામથી કોલાબા સુધી ગાડીમાં આંચકા ખમતા જવાનો જોખમ એક ડાકટરને બેવાર સમજાવો શું પડે? લોહીનો ગોટ ગળીને 'ગુલાબવાડી'માંજ તે પોતાના બીછાણા ઉપર તાસવીસ કરતો

ફરજ્યાત રહયો. કેટીનો આશરો આમ લેતાં તેના જીવપર આવ્યું—પણ બીજો ઇલાજ ન હતો.

પંદર દીવસ આ રીતે નીકળી ગયા. રોજ ડાકટર કોલાહ આવ્યા કરતા અને હમાયજી ઉપરાંત બીચારાં સુનામાસીબી અદીની આગળનાં આગળ રહી તેની બરદાસ્ત કરતાં. કેટી કોઇ કદાપી સાંજના અડધો એક કલાક બીમારના ઓરડામાં હાજરી આપતી—પણ અદીબા તો તેણીને જોતાંજ ઘરણનું ખાંધણ્યુ બની ઢીમરાંની કાની હીલવા ચાલવા યા બોલવા વગર પડી રહેતા. કેટી બીચારી શું કરે ? પોતાના સુખની આડે આવનાર આ ફુઇના દીકરા ઉપર એક જખુનમાં જખુન વેર લઇને ધરાઇ જવા પછી—જીવ સટોસટ ઉશ્કેરણીના આંધળાપણામાં ચોગરદમ સત્યાનાશી ફેલાવી નાખવા પછી—હવે અદી ડાકટર તર્ફનો તેણીનો અભાવ એક જાતના બળાપામાં બદલાઇ ગયો હતો. તેણીની છાતીમાં હવે અનંત ધીક્કારને ઠેકાણે શાંત ગમખ્વારી જડ ઘાલી બેઠી હતી. ખાસ કરી જયારે આ પીત્રાઇ અકસ્માતથી લાઇલાજ પછડાઇને લોહીથી ઝઝરતો તેણીનાંજ છાપડાં હેઠળ બેભાન ઉચકાઈ આવ્યો, ત્યારે દુખી દર્દીઓ માટે ઓરત જાતની કોમળ છાતીમાં હરદમ ધબકતી પેલી ફરેસ્તાઈ લાગણી—દયા—કેટીના દીલમાં જરા જરા વેહેતી થઇ અને તેણી તુટેલે જીગરે અદી ગમ નરમ આંખ્યોએ જોવા લાગી.

શેહરાં તો પોતીકા બાપ સાથ અદીને અકસ્માત થયો તેજ રાતે પાસેની બંગલીમાંથી નીકળી જઇને કેથે જતી રહી હતી. મનચેરજી વાણીયા તેણીને લઇને કોઇને કહયા કારવ્યા વગર કોણ જાણે કયાં પાર થઇ ગયા હતા. બીજે ત્રીજે દહાડે કેટી ઉપર શેહરાંનું કાગલ પોસ્ટમાં આવ્યું ત્યારેજ 'ગુલાબવાડી'ની શેઠાણીએ પોતાની 'કમપેનીયન' જતા રહેવાની વાત

જાણી. શેહેરાંએ પોતાનું સરનામુ આપવા વગર માત્ર એટલુંજ લખ્યું હતું કે "બાવાને અગતનાં કામ સારૂ ઉપડી જવું પડયું છે અને પંદર વીસ દહાડામાં અમે બેઉ જણાં જરૂર પાછાં ગીરગામ આવશું." આ ગરીબડાં બાપ દીકરીના વીચીત્ર ખવાસનો આ એક વધુ દાખલો હતો—પણ કેટી તુર્ત વેળા ચોમેરના અકળાટ ગભરાટ તેમજ બળાપા ઝુરાપાથી એટલી બેબાખરી જેવી થઈ ગઇ હતી કે શેહેરાંની આવી વર્તણુકની તેણીએ ઝાઝી ખણખોડ કરી નહી અદીને ભાંગેલા પગ સાથ 'ગુલાબવાડી'માં પડેલો જોતાંજ શેહેરાં એકાએક ચીસ પાડીને તેનું નામ પોકારી બેફામ તુટી પડી—એ બીના તો કેટીના ધકમાંબી હતી નહી. તે વેળા કેટીને પોતાને આંખે તમ્મર આવતા હતા અને તેથી શેહરાંની બેહોશી તેમજ ચીસ તેણીના બાઇના જોવામાં કે સાંભળવામાં આવી નહી હતી. આવી હોત તો.........પણ નહી. એબી નસીબનાં નખરાંજ હતાં!

આણી ગમ શેહરાં ગઇ અને દહાડે દહાડે અદી ટટાર થતો ચાલ્યો. અકસ્માત પછી સોળમે દીવસે તેણે પોતાની શ્રીમંત મામાની દીકરીની પરોણાગત છોડી—કેટીના ઘણા આગ્રહ છતાં તેણે એકબી દહાડો વધારે 'ગુલાબવાડી'માં રહેવાની ચોખ્ખી ના પાડી. ગંભીરાઇથી કેટીનો મોટો ઉપકાર માની અદી પોતાની મા સાથ કોલાબે પોતે એક નાનો માળ ભાડે લીધો હતો ત્યાં હંકારી ગયો. બદકીસમતીના ઉપરાસાપરી સખત ફટકા પડયાથી એ તામસી નવજવાનનો મરડાટ ઘણે અંશે તુટો હતો—પણ દોરડી બળી જવા છતાં હજી વળ કયાં છુટતો હતો? અદીની રગેરગમાં પસરી રહેલી મગરૂરીએ તેને વધારે વાર કેટીને "માથે પડતાં" અટકાવ્યો. તે ગયો—અલબતાં અગાઉ કરતાં જરા ઓછો મીજાજી અને ઓછો તુમાખી બનીને ગયો.

કુદરત પોતે જાણે તેના માથાંમાંની રાઇ હેઠી પાડવા ખાઇ પીને મથેલી હતી. લખ્ખોના આંકડાઓની ગરમી ભેજા ઉપરથી ઉતરી ગઇ——દોલતના ડુંગરો પર ચઢવાના સ્વપના છંછેરાઇ ગયા—મોહબનમાં હાર મળી —જીંદગીમાં માર ખાધો! એક હીણાયલો, તજાયલો, દોઢીઆં વગરનો તેને ફીસમતે અંતે ભોંયપર પછાડી નાખીને કેટીનાજ આધારે મેલ્યો. ડા૦ અદી જ્યારે વ્હીલે મોઢે પોતીકી પીત્રાઇ સાથ 'શેકહેન્ડ' કરી છુટો પડયો ત્યારે તેની આંખ્યો શરમથી સેહેજ ઝંખવાણી હતી અને તંગડી અગાઉ કરતાં દેખઇતી નીચી હતી.

* * * *

બધું પાધરું વગેસગે થઇ ગયું હતું. અદીના જવા પછી બરાબર બીજેજ દહાડે સવારના પેલી દલગીરીની દેવી શેહેરાં અધ્ધર જેવી આવીને 'ગુલાબવાડી'માં ઉભી અને ગુપચુપ પોતાને કામેકાજે પાછી વળગી. કેટીએ તેણીને કાંઇ પુછયું નહી અને શેહેરાંએ કશો ખુલાસો કર્યોબી નહી.

શેહેરાં પાછી નોકરીએ આવીને વળગવાને ત્રણેક દહાડા થયા હશે. સવારનાં સાડાનવનો અમલ હતો. નીચે દીવાનખાનામાં તેણી સાડીની કોર ટાંકતી એકલી બેઠેલી હતી—કેટી અને સુનામાસી પહેલા માળપર રોકાયલાં હતાં. ડ્રાઇંગ રૂમના મોટા દરવાજા ગમ પીઠ કરીને એક નીચી ખુરસી ઉપર બેસી નમાવેલી ડોક સાથ ટાંકા મારવામાં શેહેરાં મશગુલ હતી તેવામાં———

"જી, કેટીબઇ કાંહ છે?"

પછવાડેથી અચણુચ કોઇ માટીડાનો ઓળખીતો સાદ સંભળાયો. માથાંની ટાળફીપર જાણે કોઇએ પાછળથી આવીને એક હથોડાનો મજબુત જબ્બર માર્યો હોય તેમ આચકો ખાઇને

શેહેરાં ટકાક દેતી કે ઉઠી ઉભી અને ફરીને પાછળ જોયું. તેણીનું ગોરૂં મોહડું એકાએક લાલચોળ બની ગયું અને થર થર ધ્રુજતા હાથોમાંથી સાડી કોર સઉ છટકીને ભોંયપર પડયું.

તે મળવા આવનાર શખ્શ ડા૦ અરદેશર વજીફદાર હતો.

"કેટીબઇ-ને સુનામાસી કાંહ........માઇ ગુડનેસ!! કોણ—**શીરીન**!———"

ડો૦ અદીનો ચેહેરો જોવાજોગ હતો. પોતાની સામે ઉભેલી જવાન ઓરત ગમ તે એક ઘેલા આદમીની પેઠે ડોળા ફાડીને એકકી ટગરે જોવા પડયો. સારી દુન્યાને છેતરી શકાય છે—પણ એક આશકની આંખ્યો કયારે ઠગાય છે?

શીરીન—(અલબત, શેહરાંના છુપાં નામ તળે એ છોકરી શીરીન ગાંધીજ હતી)—શીરીનને તો જાણે અંગે લકવો થઇ આવ્યો હતો. મીણનાં પુતળાંની પેઠે તેણી ભોંય ઉપર નજર ઠેરવી રાખીને આંખનું પાપણબી હીલવ્યા વગર સ્થીર ઉભીજ રહી. અરે, આ તે કેવો એતેફાક! જે જવાન શખ્સથી દુર રહેવાની તેણીએ આટલી બધી જંજાળ વેઠી તેનેજ મ્હોંડે મ્હોંડું થઇ જવાની આ કેવી સરજત! અને આણીમેર વળી એજ ડાકટર અદીને જોતાં તેણીનાં બદનમાં એકાએક કેવા હરખના સોળા ઉઠી રહ્યા! એવી હાલતમાં બોલાય તે કયાંથી—હીલાય તે કયાંથી! મીનીટ એક સુંધી મુશકેલીથી દમ લઇ આખરે અદી તેણીની અડોઅડ આવી ઉભો.

"શીરીન, તું અહીં? યા પરવર! હમણા એ બધું ડાહચાણુ થાયછ શું! તું અહીં કાંહથી? અરે તારા બાલ સુનેરી કેમ થઇ ગીયા?" તેણે ઉસકેરાઇને પુછયું.

"જી, હુ શીરીન નથી—મારૂં નામ તો શેહેરાં છે."

અદીએ કપાળનો ચીલ્લો ચહડાવી વળી પાછું અરધીએક મીનીટ આ છોકરીના મુખડાગમ ધારી ધારીને જોયું.

"શેહેરાં! એ શું બકેછ? કંઈ મને મેટમેટ સમજેછ, શીરીન?—અરે પણ ખરા! શીરીનબઇ, એઅદબી માફ કરો. તમે મને તમારી સાથ વાત નહી કરવા સાફ લખ્યુંતું તે હું ભુલી ગીયો. સાહેબજી, કેટીને કેહજો હું આવી ગીયો," આમ કહી આસ્તેથી મોહડું ફેરવી ડાકટર અરદેશરે ત્યાંથી ચાલવા માંડયું.

"અદી!" આ નામ એક રડમેશ નીસાસા સાથ શીરીનના હોઠમાંથી નીકળી પડયું. ઉંબર ઉપર અદી આ છોકરીગમ જોતો અટકી ઉભો.

"શીરીન એ બધું શું ઉંચુ ચતું છે? મને લાગેછ કે હું ઘેલો થઈ જવશ. ખોદાય જાણેછ કે મેં પુરતું ખમયુંછ. તું આય અવતારમાં અહીં કેમ? કેહ મને શીરીન, ખોદાયને વાસ્તે કેહ."

આટલું બોલી તે શીરીનની લગોલગ પાછો ગયો અને ખરા જોસ્સાથી તેણીનો એક હાથ પોતાના હાથમાં લઇ બીજા હાથે તેણીને કમ્મરમાંથી પોતાની પાસે ખેંચી સોફા કોચ ઉપર બેસાડી.

"અદી તું જાણતો નથી, હું તો એક ડગારી લુચ્ચી ગુનેહગાર છેઉં. હું ખરી શીરીન ગાંધી નથી. મને તરકટથી તારા પઇસા પચાવી પારવાની એ લોકે ફરજ પારી——"

"એ લોકે! કોણે?"

"પેલા ગુસ્તાદજીએ અને મારાં માએ."

"હેં!——પછી? તું શીરીન ગાંધી નથી તારે તારૂં નામ શું? એ હું શું સાંભળુંછ! તારે તેં મને આજ સુધી અંધારાંમાં કાંય રાખ્યો?——"

"મેં તુંને બએ ત્રણ ત્રણ કાગલ લખ્યાં. પણ તું મને જવાબજ કાંહ મોકલતો'તો?"

ઝટ દેતો અદી ઉભો થયો. "મને બે ત્રણ કાગલ લખ્યાં? વોટ ડુ યુ મીન? મને કંઇ મલ્યાં નથી. શીરીન ઉલટું તારૂં એક કાગલ મને મલ્યું તેમાં તેં મને હરધુત કરીને સાફ લખેલું ઉતું કે મારે ફરીથી તુંને એક આંકરોબી નહી લખવો. માઇ ગોડ! આપરા બેની વચ્ચે કોણ સ્કાંઉડરલ આય બધી ઠગાઈ રમ્યોછ!"

* * * *

બીજી દશ મીનીટના અંતરમાં જેટલા ખુલાસા અને વાતો અરસપરસ થવાની હતી તે આ બંને જવાન જીવડાઓ વચ્ચે થઇ ચુકી. ગુસ્તાદજી કાનફટીયાની ઠગાબાજીથી શીરીનપર શી શી જફા પડી હતી, મેહેરનોશજી વજીફદારે તેણીને એક બાપ કરતાં વધારે મમતાથી કેમ ઉગારી મેલી હતી, શું શું સંજોગો વચ્ચે તેઓ બંને વચ્ચેનાં કાગલપત્રોનો વહેવાર તોડી નાંખવામાં આવ્યો હતો, કાંઇ રસાયણી દવાથી મેહેરનોશજીએ શીરીનના બાલ કેવી રીતે સોનેરી બનાવી નાંખ્યા હતા, અદીને ગુલાબવાડીમાં બેસુદ્ધ આવેલો જોતાં મેહેરનોશજી તેણીને કેમ તેજ રાત્રે ત્યાંથી વાંદરા ખાતે ઘસડી લઇ ગયા હતા, ડાકટર અદીથી દુરની દુર રહેવાને મેહેરનોશજીએ કેમ તેણીને સખત તાકીદ કરી હતી, અદીને મળેલું શીરીનનું કાગલ ચંડાળ ગુસ્તાદજીની કેવી ધોળે દીવસની એક ફારજરી હતી—આ સઘળી હકીકત ધીમે ધીમે પણ ભાંગેલા શબ્દોમાં હરણફાર થયલા અદીના કાનમાં શીરીને રેડી. જ્યારે પોતાનું કરૂણારસીક દાસ્તાન તમામ થયું ત્યારે અદીનાં ગળાંની આસપાસ બેઉ હાથો વીંટાળી તેની છાતીપર પોતાનું નસોસ માથું નાંખી દઇ



(જુવો સફો ૩૬૨ મો).

એઉ જણા આવી હાલતમાં એકમેકને વળગી બાજી ખાસ્સી પંદરેક મીનીટ બેઠાં હશે.

શીરીન ડીઓ તાણી તાણીને રડતી હતી. કાંઇ નહી સમજ પડે એવી તીક્ષણ ઉલટા સુલટી લાગણીમાં ઉછલાતી છાતી સાથ તેણીનું માથું પસવારતો ત્યાં બેઠેલો અદી એક દયા ઉપજાવવા જોગ ચીત્ર હતું.

બેઉ જણા આવી હાલતમાં એકમેકને વળગી બાજી ખાસ્સા પંદરેક મીનીટ બેઠાં હશે મનની એવી હાલતમાં સેકંડો અને મીનીટો કેમ ઉડી જાયછે તેનું આશક-માશુકને ભાન થોડુંજ રહે છે. જ્યારે સામે એક ખુરસી ઉપર સહેજ ખડખડાટ સંભળાયો ત્યારે અદીએ ફાટી ફાટી આખોએ ડોકું ઉંચકી જોયું તો—તો ફેડી દાવર ત્યાં હળવેથી આવીને કોણ જાણે કયારની બેઠેલી હતી!

પ્રકરણ ૩૮ મું.

ગુસ્તાદજીની બદબખ્તી ચેકનું ઠેકાણું નથી!

"ખાણું ખરાબ થાય એનું! આય પોસ્ટમાંબી ચેક નહી! એ ખસેરી કહેવા શું માંગેછ! બીજો મહીનો ને દશ દાહરાબી તો ઉપર થયા!"

વલસાડ ખાતે પારસીવાડમાં આવેલાં એક કંગાલ હાલ-હવાલ ઘરના બીજા મજલા ઉપર એક ફુવડ ઓરડીમાં આમથી તેમ છેડાયલાં ભુંડની પેઠે ફલાંગ મારીને જીવ સાથ ફફડતો ચટકતો ગુસ્તાદજી કાનફટીયો કયારનો પોતાના ગુસ્સાનો સ્ટીમ ખાલી કરતો હતો.

પહેલે મહીનેનો એક હઝાર રૂપીઆનો ચેક મળ્યો—પણ

બીજો મહીનો અને દશ દાહડા ઉપર થયા તોબી કેટી દાવર તરફથી બીજા ચેકનું તો ઠેકાણુંજ નહી! રોજ સવારના બારીએ ટીંગાઇને પોસ્ટનો સીપાઇ આવવાની કાગને ડોળે વાટ જોતાં વહીસ્કીથી ટસટસ થતી ગુસ્તાદજીની આંખ્યોમાં કાજળબી પડી આવી હતી. શીરીન ગાંધીવાળી બાજી સદંતર હાથથી ગઇ. તેની તરફના મળતા બસો રૂપીઆબી બંધ થયા. પેલો નાપાક મેહેરનોશજી વજીફદાર દોજખમાંથીબી પાછો જીવતો ફુટી નીકળ્યો. બધું તરકટ જણાઇ ગયું અને તે દીશાએથી હવે એક પાઇબી મળવાની આશા બાકી રહી નહી. એ સત્યાનાશ ગયલાંઓના ભરૂસા પર તો ગુસ્તાદજીએ પોતાનો વકીલાતનો ધંધોબી છોડી દીધો હતો. અરરર! જો આ કેટી દાવરના માસીક હઝાર રૂપીઆ કટોકટ વખતે હાથ લાગી જતે નહી, તો ગુસ્તાદજીની બદબખ્તીના પારાવારજ હતા. છેલ્લે છેલ્લે જુસબ ફાંસીગરના જુગારખાનામાં તેણે યાહોમ બાર છ-ચોકપર મારો ચલાવ્યો હતો, અને અવળું નસીબ બસ છેડે સુધી અવળુંજ રહયા કરયું હતું. બીજા થોડા દહાડામાં કાંઇ નહી તો ત્રણ હઝાર રૂપીઆ જોઇયે, કારણ કે જુગારી લફંગા તેના ખુની દોસ્તદારો પોતાનું માગુ વસુલ કરવા માટે તેનું લોહી પીવા દીવસ અને રાત તલપી રહયા હતા.

આજે આવશે કાલે આવશે કરતાં ગુસ્તાદજીની ધીરજબી ઉડી ગઇ. પેલો નાપાક ચાનજી ભત્રીજોબી કોણ જાણે કયાં ગુલ થઇ ગયો હતો! નવસારીમાં માકા મદારી સાથ મોહડે મોહડું થઇ જવા પછી ચાનજી, લફ્લીયો કસાઇ અને દાદો મેટકી જીવ લઇને કેહે નાસી જઇ ભરાઇ બેઠા હતા. હવે કરવુંબી શું? આણીગમ પાસો સવળો પડેજ નહી અને કેટી દાવરના ચેકનું ઠરઠેકાણુંજ નહી. ગુસ્તાદજીએ તેણીને ત્રણ ત્રણ રેજીસ્ટર કાગળો

લખીને યાદ આપી હતી, પણ તે બીજાજની વંત્રી તરફથી ચેક તો શું પણ જરાક સલુકના જવાબની એક લીટી સરખીએ મળે નહી!

બસ હવે ગુસ્તાદજીની ધીર વધુ વાર રહી નહી. તે દહાડે પોસ્ટમેન પાછું ડોકું ધુણાવીને ચાલ્યો ગયો એટલે ગુસ્તાદજી કાનફટીયાની ગલીચ જબાંમાથી એક કમકમાટ ઉપજાવનારી ગાળ નીકળી પડી. જોરથી લાત મારી તેણે પોતાની ખાટલીને ભીંત સાથ અફાળી નાખી, અને દાંત્યાં પીસી તેણે ઝડપમાં આંગપર કપડાં પહેરવા માંડયાં. બસ હવે એક દહાડોબી વધારે થોભાય નહી. ત્રણ ત્રણ મહીનાનું ભાડું ચહડી ગયું હતું અને કણીયાના આંકડાઓના ચોડા ચહડી તેનું રોજ શેર લોહી સુકવી નાખતા હતાં. ડુંગર જો તેની પાસે ચાલી નહી આવતો હતો, તો હવે તેને પોતાને ચાલીને ડુંગરની પાસે જવા વીના છુટક નહી હતો.

પોતાના સુરીયાણા ચીથરેહાલ કપડાંમાંજ એ ભામટાએ નાપાક અંગ્રેમેન્યુશનું નામ મોહ ઉપર લઇ મુંબઇ તરફ જાણે ખુનના આવેશમાં ચાલુ મેલ્યું હતું. કેટીને મોહડે મોહડું મળી પોતાનો હકદાર એક હઝારનો ચેક સીધે સીધી રીતે યાતો આડી અવળી રીતે પણ લઇ આવવાના તેણે હરડતા કસમ લીધા હતા. વાહ, એ તે કેવો દગો! શું પોતાના કંટ્રાકટથી આ પોરી આમ કરારને જીવે ફરી જાય?

* * * *

જ્યારે ગુસ્તાદજી કાનફટીયો—કેટી દાવરનો પરણેતર ધણી—ગીરગામ 'ગુલાબવાડી'ના બગીચામાં પેઠો ત્યારે સાંજના આશરે સાડા ૭ પોણા સાત વાગતાનો સુમાર હશે. તે એક ચોરની પેઠે પગનાં અંગુઠા ઉપર ચાલતો ઝાડીમાં છુપાતો બંગલા ભણી ચાલ્યો. ગામમાં થાળી પીટાવી નકામી હો હા કરવાનો

તેનો મનસુબો નહી હતો. ગુપચુપ કેટી દાવરને મોહોડે મોહોડું મળી તેણીની પાસથી મેળવેલો હઝારનો ચેક ખીસાંમાં ઠસાવી દઇ પાછો પોતાનો વંજો માપવાનો તેણે નીશ્ચય કર્યો હતો.

તે આમ ભરાતો સંતાતો ભાગ્યે દશેક કદમ બગીચામાં ચાલ્યો હશે કે ત્યાં આવેલા માંડવાની અંદર બે જણાનો કાંઇ લગાર તણાઇને વાત કરવાનો અવાજ સાંભળી તે ચોંકીને અચકી ઉભો.

કોઇ બે માટીડાઓ મોટે મોટે જાણે એક બીજા સાથે હોજાતોજીપર આવતા હોય તેમ આમનસામન તરારા કરતા હતા. માંડવાની પછવાડે ઝાડીમાં ગુસ્તાદજી સંતાઈ ઉભો અને કાન ઉંચા કરી સાંભળવા માંડયું.

બાપજી મારા! ડા૰ અરદેશર વજીફદાર અને તેના ઘરડા કાકા મેહરનોશજી ખુબ શુરપર ચઢીને એકમેકની સામે બુમ બરાડા પાડતા હતા!

પ્રકરણ ૩૯ મું.

ખુન! ખુન!!

યારો! જમાને ફીલસુફો કહી ગયા છે કે મહોબતનો માર્ગ હરગેજ સરળ હોતો નથી. જીંદગાનીનો એ જોખમભર્યો તબકકો જો અવ્વલથી આખર તુલીક લીસો હોત તો આજે ઇતીહાસ, સાહીત્ય, નાટક, કાવ્ય અને કથામાંથી પોણો રસ સુકાઇ જઇ મનુષ્ય માત્રની હઇયાતી બેકસ થઇ પડી હોત.

જાલ અને કેટીના પ્રેમ વચ્ચે કેવો પથરો પડયો તે તમે જાણો છો—ડાકટર અદી વજીફદારના પ્યારનું પ્રકરણુબી ખટકણથી નીરાળું હતું નહી. ગુસ્તાદ કાનફટીયાને ઝાડને ઓથે છુપાઇ મેહેરનોશજી વજીફદાર તથા તેના ડાકટર ભત્રીજા વચેની હોજાતોજી સાંભળતાં હાલ તુરત છોડી આપણે બે ઘડી જરાક આગળ પાછળ નજર નાખી જઇશું.

'ગુલાબવાડી'માંથી સાન્જે થઇને બાહેર જવા પછી થોડા દહાડામાં અદી પોતીકી પીત્રાઇ મેહેમાનનો ઉપકાર માનવા જ્યારે પાછો મુલાકાતે આવ્યો ત્યારે ઓચીંતા એતેફાકથી શેહેરાં યાને શીરીન ગાંધીને તે કેમ મળી ગયો, પોતીકી પ્રીયાને તેણે કેમ પીછાણી, કેટીએ બધી હકીકત કેમ જાણી લીધી–તે આપણે જોઇ ગયા છીયે. બસ ત્યાર પછી અદીનો પગ હલકો થઇ ગયો. તેની ગમની ગીરફતારીમાં આ માશુકનો આવો ન ધારેલો મેળાપ થઇ જતાંજ તેનો જીવ હેઠો પડયો. સઘળી જીવ ગુમાવી નાખનારી આગળી પાછળી ગેરસમજુતીઓ સફા થઇ ગઇ એટલે અદીનો થોબરો ઉતરી ગયો. ગમે તેવો મીજાજનો પાજી અદી હતો, પણ તે પોતાના આકળા વીકળા ખવાસ મુજબ સઘળાં જોસથી શીરીનને ચાહતો હતો. એ છોકરીને પોતાના પાસામાં ચાંપી તેણે ખુલેલાં મુખડાંથી અને ખુલ્લાં દીલથી કેટી આગળ તે બીનાનો એકરાર કર્યો. એકરારની શી જરૂર હતી? તે જોવાને કેટીની બે ચગોર આંખ્યો શું કમ હતી? તેણીએ આ જવાન બે જીવડાઓની અરસપરસ જાનફેશાની ગમ કાંઇ અજબ મમતા અને માયાથી જોયું. પોતાના સુખનું સત્યાનાશ વળ્યું અટલે હવે તેણી અદી–શીરીનના સુખને માટે બમણી ઈંતેજાર બના. શીરીન તેણીને ખરેખર ગમતી હતી. તે છોકરીને હવે પોતાની 'કમપેનીયન' તરીકે નહી પણ પોતાની સઇ,

પોતાની બેન તરીકે ખરાં વહાલથી પોતાને ત્યાં રાખી તે બીચારીના કરમાઇ ગયલાં જીગરને નવા કાંઇ ઉમંગથી પાછી તાજગી બક્ષવાને કેટી અંતઃકરણથી કોશેશ કરવા પડી. ઓ! અદી જ્યારે આવતો ત્યારે શીરીનના મોહોડાનો ફેરવાઇ ગયલો કલ્લો, તેણીની આંખ્યોમાં ઉભરી આવેલું ખુશાલીનું નુર દેખી કેટીને પોતાને એક કેવો મીઠો દીલાસો, એક કેવી મધુર યાદ મળ્યા કરતી!

ત્યારે એ મુજબ 'ગુલાબવાડી'માં ડાકટર અદી હવે લગભગ રોજ સાંજે આવતો જતો થયો હતો. કેટી અને તેની વચ્ચેનો મીનાકેસો હવે સદંતર દફે થયો હતો પોતાના મામાની દીકરી તરફ જરાબી તોછડાઇ બતાવવાનું અદીએ હવે મોકુફ કર્યું હતું. તે બીચારીનો હંમેશનો શાંત નખાઇ ગયલો, શોકાતુર ચેહેરો દેખી અદીને પણ અવારનવાર દીલમાં હવે દયા લાગતી હતી. આણીગમ શીરીનના ગાલોપર દહાડે દહાડે સુરાખી પાછી આવવા માંડી હતી. આઠેક દહાડા આમ સઘળાઓના પુર સંતોશ સમાધાનીમાં નીકળી ગયા હશે—પણ—પણ—

નહી, ખચ્ચીત મોહોબતનો માર્ગ સેહેલ તો નથીજ. શીરીનમાં થતો ચમત્કારીક ફેરફાર મેહેરનોશજી વજીફદારના જોવામાં નહી આવે એ કેમ બને? આ લેવાઇ નખાઇ ગયલી પોતાની દલગીર દત્તકને આવી અસાધારણ રીતે પાછી ખીલી નીકળતાં, તેણીના ગાલના બતાસા પાછા ભરાતાં જોવાને તેવણને લાંબો વીલંબ લાગ્યો નહી. આંઠેક દાહડા તો શીરીને તેવણની ચટપટ તથા પુછપરછને હસવામાંજ ઉડાવ્યા કરી—પણ અંતે એક દાહડે જ્યારે ખતી ખતીને તેવણે ઘણા દબાણથી શીરીનને આ ફેરફારનું કારણ પુછ્યું ત્યારે ઘણી આનાકાનીએ તે છોકરીએ પોતાના મુરબ્બી બાપ તોલના આ વાલીને શરમાઇ

શરમાઇને આંખમાં હરખના આંસુ સાથે બધી ખરી હકીકત કહી દીધી. અદી તરફ પોતાની બેશુમાર પ્રીતી તેણીએ બીહતાં બીહતાં મેહેરનોશજીને જણાવી. હા, બીહતાં બીહતાં જણાવી—કારણ મેહેરનોશજીનો પોતાના ભત્રીજા તરફનો અભાવ કેટલો જણુન હતો તે તેણીને બરાબર રોશન હતું. પણ એ અભાવ તો શીરીનના ધારવા કરતાંબી વધારે ઉંડો અને અણહદ નીકળ્યો. શીરીન તરફ હંમેશાં હેત, નરમાશ અને માયાથી વરતનારા મેહેરનોશજી પહેલવહેલીવાર આ રાંક ગરીબડી પોરી ઉપર ખરે મને છેડાઇ પડયા. વણે શીરીનને ખુબ ધમકાવી ખખડાવી અને કલાબંકાર સાથે સમસોગંદ ખાઇને તેણીને અદીની અડાસે નહી જવાની તાકીદ કરી. તેવણે એ ગુણ-સુંદરીને તુર્તવેળા 'ગુલાબવાડી'માંબી જતાં અટકાવી દીધી અને બની શકે તેટલા કડવાસથી એ "ભુખરીબારસ, મીજાજી, તરકડા દુકતા"ને પોતે જાતે મળી કાલનો કાલજ બધું તડને ફડ કરી નાંખવાનો પોતાનો મકકમ વીચાર જાહેર કર્યો. પરીણામમાં બીજે દહાડે સાંજે ડાકટર અદી 'ગુલાબવાડી'માં જ્યારે રાબેતા મુજબ સાડા છ વાગતે આશાથી અને ખુશાલીથી ધડકતી છાતી સાથ શીરીનને મળવા આવ્યો ત્યારે મીઠ્ઠી માશુકને બદલે બાહેર બગીચામાંજ સામને રણપર ચહડેલા ગોધ્ધાની પેઠે ડોળા કકડાવતા અને નાકનાં ફીફડાં ફફડાવતા તેના કાકા કમ્મરે બે હાથ દઇ છાતી કહાડી ઉભેલા તેને મળ્યા! તેજ—તેજ દહાડે કે જ્યારે પેલો શેકસ્તે સેતાનનો શાગેર્દ ગુસ્તાદજી કાનફુટીયો અચણુચ ત્યાં આવી લાગી ગીચ ઝાડીની પડખે સંતાઇ કાકા ભત્રીજાને ક્યાકચી કરતાં સાંભળતો ઉભેલો હતો. ખુબ તણાઇને મેહેરનોશજી અને ડા૰ અદી—બેઉ જણા—જણે પોતાનો સઘળો જીવ કહાડી નાંખતા હતા.

"પણ તમે ખાઇપીને મારી સાથ એમ તરછોર શાની કરોછ? મેહેરનોશજી કાકા, મેં તમારૂં એટલું બધું તે શું બગારીયું?———"

"મારે તારી પતરાજી સાંભળવી નથી. બસ કાલ સુધીમાં પેલા ગુસ્તાદજી કાનફટયાએ તુને ધીરેલા મારા રૂપીઆ પાંચ હજાર જો તું ભરી નહી દેશે તો તુરંગમાં માકર મારવા જવું પડશે!"

આટલી બધી છેક તાણાજાણી! આવું ગેરવાજબી અપમાન! અદીનાં માથાંમાં ચીઢને મારે થોંસા લાગતા હતા. મેહેરનોશજી કાકાના થોબરાંમાં એક કકડાવીને મુક્કી લગાવી તેવણનું બેહકી ગયલું ડાચું રંગી નાખવાનો તેનો જીવ ટપુટપુ થતો હતો—પણ નહી! લોહીનો ગોટ ગળી તેણે પોતાનો ગુંગળાઇ આવતો જીવ જરા માર્યો.

"કાકા! જરા અક્કલ ઠેકાણે રાખીને વાત કરો." તેણે હોઠ બીડીને બહુ કડવાસથી કહયું, "ઉમરને લીધે તમારૂં મગજ પોચું પરવા માંડયુંછ. નકામો મને શું કામ ઉસકેરોછ? સંભાળીને બોલો, મારૂંબી માથું ઠેકાણે નથી——"

"નથી તો ભીંત સાથ અફારીને પાછું સીધું કર! તારે જોઇએ તો જઇને કુવો પુર—પણ મને મારા રૂપીઆ કાલે જોઇશે———"

"અરે પણ હેમક છેઓ! રૂપીઆ લાઉં કીયા ચુલા-માંથી?" અદીએ ચીચવાઇને મોટેથી બરાડ મારી.

ગડબડ સાંભળીને 'ગુલાબવાડી'નો ઘરડો માલી અને બે ઘોડાવાળાઓબી ત્યાં દોડી આવ્યા—પણ મેહેરનોશજી તો તે દહાડે બસ જાણે પોતાના ભત્રીજાને એકદમજ ખુણે દાબી નાખવાનો ઠરાવ કરી આવ્યા હતા.

"રસ્તે ગલીએ જઇને ભીખ કાંય નહી માંગતો?—મને શું કેહછ?" તેવણ ઘાંટો તાંણીને બોલ્યા. "પઇસા જોઇતા હોય તો હાથમાં કાટલી લઇને ઓટલે ઓટલે ધક્કા ખા. તારી મકદુર શું કે મારી શીરીનપર પાછો ડોળો ચોંટાડી તે બીચારી ભોળીને ફાંદામાં સપડાવે! ચંડાલ, નીચ કુતરા!"

"ખામોશ! એ તમે દારૂની ઝુમમાં શું બકોછ? મેહેરનોશજી કાકા, મોહડુ સંભાળીને બોલો. ખોદા જાણેછ કે હું મારો ગુસ્સો કેટલો થોભાઉંછ! તમારી બધી કમકમાટ ભરી ગાળગલોચ હું એમની એમ પાછી તમારાં ગંધીલાં એબીયલ મોહનાં પર છુટી મારૂંછ. આહ—શું કરૂં—શીરીનને ખાતર મને તમારીપર હાથ ઉંચકવા ગમતા નથી——"

"અરે બેસ બેસ! તારા જેવા મકાઇ બુકાઓ મેં ઘણા જોયલા છે. પેલી કટી દાવરની બાજી હાથથી ગઇ કે હવે આય મારી શીરોનપર નવો દાવ લગાવવા માંગેછ? હું તુંને સાફ કેહુંછ કે પઇસાપર ભમતા તારા જેવા નીચ ટુકરાચાટુ લાલચુ કુતરાથી એ છોકરીના ભવીશનું નખોદ વળવા હું કદીબી દેવાનો નથી એવા ભીખારી ભામટાઓ આવેછ કાંહથી કોણ જાણે!"

આ તો હવે હદ થઇ! એક ઘોડાવાળો દોડી જઇને બંગલા અંદરથી ઘરના કારભારી આદરજીને તથા પારસી બબરચી પેસતનજીને બોલાવી લાવ્યો હતો. આ સઘળું નોકર માણસોનું મેજરૂ ડઘાઇને જુવાન ડાકટર અર્દેસર શેઠ અને મેહરનોશજી વચેની સુખનદરાઝી સાંભળતું ડાંએબાંએ બની ઉભેલું હતું.

અદીની છાતી જાણે ગુસ્સાથી ફાટી જતી હતી. ક્રોધને મારે તેના ડોળા આંખના ખાંચામાંથી નીકળી પડતા હતા. પણ એ જવાન્યાએ છેલ્લે છેલ્લે ગમે તેમબી કરીને પોતાની

લાગણીને કાબુમાં રાખવાનો મક્કમ ઠરાવ કર્યો હતો. તેણે એવા તો જોરથી પોતાના હોઠ કરડયા કે લગભગ તેમાંથી જાણે લોહી બી ધાઈ આવ્યું

"બાઇ જોય ! મેહરનોશજી ! શું તમે આજે મને ખામખા છેરવાજ માંગોછ ? કાકા, હું તમુને ફરીથી ચેતાવુંછ કે તમારી ગલીચ જબાન થોબાવો——"

"અરે ધુટ ! તું સરખા લાલચુ ભીખારડાના ઝેરી પંજામાં મારી શીરીન પડે તે કરતાં હું તેને મુવેલી જોવશ. એક નીરદોશ ભોળી છોકરીપર એવો ઠાગો રમતાં તુને શરમ નથી આવતી ? બેશરમ ! તું મનમાં ખાન ના ખા કે તારી ગત કોઇ સમજતું નથી. બે બદામના મીજાજી ગધેરા, પઇસાનો તું કેટલો ભીખારી છે તે હું પહેલાંથી જાણુંછ. જાહરે મારી દોલતની આશા ગેઇ તાહરે તારા મામાની પુઠે તું લાગો ને તેમાંબી છકકર ખાધી તારે હવે રડીપડી આય શીરોન ? ધીકકાર છે તારીપર ! તારા જેવો મારો એક ભત્રીજો છે તેથી મને શરમબી લાગેછ—"

"ને તમારા જેવા મારા એક કાકા છે તેથી મારૂં મોત થાયછ," અદી કળાઇને મોટેથી તરડાઈ ઉઠયો, "મેહેરનોશજી તમે મનમાં સમજોછ શું ? તમારાં કારાં ઘોરાં મને બધાં ખબર છે. તમારી રખડેલ નજીસ જીંદગીની વાતો સાંભળતાં મારૂં આંગ કમકમેછ. તમારા જેવા એક બાલેબાલના રસીયનના હાથમાં મારી શીરીન છે તે વીચારથીજ હું ધ્રુજુંછ."

એક ખવીસની પેઠે દાંત કચકચાવી મેહેરનોશજી અદીના આંગપર ધસ્યા અને તેને ખભાંમાથી પકડયો. પણ તે છેડાયલા જવાને એક ધકકો મારી તેવણુને પાછા હડસેલી દીધા અને આસપાસનાં ઝાડોબી ધ્રુજે તેવી બરાડ મારવા લાગ્યો. બસ, હવે તેની સબુરી ખુટી ગઇ હતી. આસપાસ હરણુકાર

થઇને આ સઘળી ફજેતી જોતાં ઉભેલાં આદમી લોકનીબી તેણે તુંભા કરી નહી. તેનો મીજાજ હવે કાબુમાંથી સદર બદર છટકી ગયો હતો.

"યુ ઓલ્ડ બ્રુટ! વોટ ધી ડેવીલ ડુ યુ મીન?" તેણે ઉશ્કેરાઇને બીહામણા અવાજે જબરી બાંગ મારી, "શું તું મારાં કમનસીબ ઉપર મજાક કરવા આયોછ? ચસ્કેલ ઘરડાં ધુવડ! તારૂં માથું ફોરી નાખશ! ડામીસ બુઢ્ઢા! તાહરી શું મકદુર કે જાણી જોઇને તું મને એટલું ઇનસલ્ટ કરે? તું મનમાં ચાહે શું પીયેછ? તુને એ શીરીનપર હકજ શું છે? તું થાયછ કોણ? ઝાઝી પત્રાજી કરશે તો હું તારી નેહેસ્ત આગલી પાછલી વાતો ખોલ્લી કરી દેવશ."

"ચંડાળ! એટલી બધી તારાં ભેજાંમાં રાઈ છે?"

"હા—એટલી અને એથીબી વધારે! સાંભળ, બદમાશ ડોસા, કે હું તારા જેવા ભેજાના ગયેલા હરડતા ગળાંફાંસુ પોશાગીરના આણુગમા કે નાખુશીને ઠોકરે મારૂંછ. તારી ઓંહોશપર હું આય મારી પુતલીને ઉઠાવી જવશ. તારા પૈસા— તારા પૈસાપર હું થુકવાબી માંગતો નથી. એ નજીસ, હરામ ગલીચ પાપી પૈસા તેં કેવી બેઇમાનીયાદી, કેવી લફંગઇ, કેવી બદમાશી, ખુના મરકી, લુટફાંસથી મેળવ્યાછ તે હું બરાબર—"

"હરામખોર! એટલી બધી લતરાજી મારી સામે તું કરેછ! તું મને ઓળખતો નથી? લે, આય તેનો સવાદ ચાખ!"

આમ કહી મેહેરનોશજીએ કકડાવીને એક લપડાક અદીના ડાચામાં મારી. એક જાલમ તે લપડાક હતી. અદીનો ડાબો ગાલ લાલચટાક બની ગયો અને તેની અસર તળે થોડોવાર તે જવાન તબીબ પછવાડે એક ઝાડ સાથ અથડી પડીને ઘુમરી ખાવા લાગ્યો.

પણ માત્ર એક મીનીટ. બીજીજ પળે તે એક ચીત્તાની પેઠે ઉછળી પોતાના કાકાના ટોટે વળગ્યો અને જાણે ખુનપર આવ્યો હોય તેમ તેવણુની ગળચી ભચડી નાખી માથામાં અને છાતીમાં અને પેટમાં લાત તેમજ મુક્કી મારવા પડયો. બંને જણા એકમેકને વળગી મોટે સાદે ધાંટો તાણી બુમાબુમ કરતા હતા. જાણે બે બીલાડાઓ ખુના મરકીએ ચહડયા હતા. મેહેરનોશજી ધરડા હતા પણ બાવળની ગાંઠ જેવા ટટણખાર હતા એટલે અદીની જવાન બાજુઓ તેવણુ ઉપર ઝાઝી ફાવી શકી નહી.

વાત તો છેકજ ચકાસી ગઈ. બેઉ કાકા ભત્રીજા બસ ખુન પરજ ચહડયા હતા. કારભારી આદરજીએ અને બબરચી પેસતને મહા મુસીબતે વચ્ચે પડી જોર જબરાન કરી આ એકમેકને તોટે વળગેલા બે શેઠીયાઓને છુટા કર્યા. બબે ત્રણ ત્રણ જણાએ મેહેરનોશજીને તથા અદીને બાજુમાથી ધરી રાખ્યા અને એકમેકના આંગપર ધસી કાંઇ ઓરનું દોર કરતાં અટકાવ્યા. નોકરો પડયા એટલે આ શેઠ લોકોને સમજાવે પટાવેબી શી રીતે! ખુબ તપી આવેલો અદી હાંફતાં હાંફતાં કાંઈ બોલી શકે તે અગાઉ કેટી બંગલામાંથી દોડતી કે ત્યાં ગભરાયલે મોહોડે આવી લાગી. એક માણુસ ઝડપમાં જઇને તેણીને બોલાવી લાવ્યો હતો.

આંખના પલકારામાં તેણીએ મામલો જોઇ લીધો અદીની આગળ જઇ તેને બાજુમાંથી પકડી કેટી તેને પટાવવા અને ઠંડો પાડવા લાગી.

"અરદેશર, આય શું ફેરસ્તા! મેહેરનોશજી એ શું કરોછ! ચાલો, અરદેશર, જરા અંદર આવો."

"હું આય ઓલ્ડ બીસ્ટનો જીવ લેવશ. એ મને ડબરાવવા માંગેછ! કેટી, એ જો ફરીથી મારી અને મારા કામની

વચ્ચે આવશે તો હું એનું ખુન કરશ. નીકળ મારી આગળથી યુ ઇનફરનલ સ્કાઉંડરલ! તારૂં અગલી ડાચું જોઇને મને તાપ આવેછ. એને જવા કેહ, કેટી, નહી તો મારા હાથે આજે કાંઇ આરૂં અવરૂં થઇ જશે."

મેહેરનોશજી એકવાર ફરીથી ઝનુની જંગલીની પેઠે અદી ગમ વધ્યા. તેવણુની આંખ્યોમાં ખરેખર ભયંકર આતશ સળગી રહયો હતો. પણ કેટી એ હાથો પોહોળા કરી વચમાં પડી.

"બસ કરો! મારા કમપાઉંડમાં એવી મારામારી હું કદી થવા દેવાની નથી." તેણીએ મોટેથી બુમ મારીને કહયું. "આદરજી, પેસતન! આય મેહેરનોશજીને જરા બાજુએ રાખો. અરદેશર ચાલો, બસ મારી સાથ અંદર ચાલો. મુવા એવા દેર ફજેતા તો મેં કોઇ દહારો નહી જોયા હોશે. ચાલો અંદર!"

આમ કહી કેટી અદીનું પાંખડું પકડી પોતાનાં સઘળાં જોરથી તેને અંદર ખેંચી ગઈ.

આણીગમ અદી બંગલાની અંદર ગયો કે ખુબ મીજાજ અને દમામથી તરારા કરી મેહેરનોશજીએ બધાં માણસોનેબી પોતાની આગળથી મોકલી દીધાં. તેવણનું મગજ એકદમ ઉશ-કેરાઇને તપી આવ્યું હતું અને થોડોવાર એકાંતમાં બેસી પોતે શાંત થવા માંગતા હતા. બધાં માણસો જવા પછી મેહેરનો-શજીએ એક લાંબો દમ ખેંચ્યો અને પીઠ પાછળ બે હાથ કરી નીચી ડોકે સેહેજ આમ તેમ બગીચામાં લટાર મારવા માંડી. તુરતની સખત ઝપાઝપીથી તેવણનું લોહી ગરમ થઇ આવ્યું હતું અને છાતી ધડક ધડક થતી હતી.

"એ નાપાક દુકતાને હું જોઇ લેવશ," તેવણ લગભગ મોટે સાદે દાંત પીસીને બબડયા. "પહેલાં પેલા કાફર ગુસ્તા-

દનો બરાબર ઘાટ ઘડું ને પછી આય અદીની વાત! એ ચંડાલ મારા સપાટામાંથીં કાંહ છટકવાનો છે?"

મેહેરનોશજી પોતાના ગુસ્સાભેર તુરંગોમાં અંધારે અંધારે બાગના કયા ખુણામાં એલાહી ટપ્પે ડમકતા હતા, તેનું તેવણને ભાનબી નહી હતું. ચાલતાં ચાલતાં તેવણ એક ગીચ ઝાડીવાળા ભાગમાં આવી પુગ્યા.

"મેં આય ગુસ્તાદની બધી નેકનામી ઇનસપેકટર સ્વાનને આપીછ તો ખરી. એ હરામઝાદો પ્લીડર હમણા કાંહ હોશે! હમણ હોશે કે નવસારી મુવેલો હોશે?—"

"નહી, અહીં તારી પાસેજ ઉભેલો છેઉં!"

ઝાડીમાંથી તે જાણીતો અવાજ મેહેરનોશજીને કાને પડયો અને તેવણે અટકી જઇ તારાઓની બહુજ ઝાંખી રોશનીમાં પોતાની સામે ગુસ્તાદજી કાનફુટીયાના આકારને એક ભુત મીસાલ ઉભેલો દીઠો.

"ગુસ્તાદ કાનફુટીયો? આજે લફંગા ધુતારાઓનાજ કાંહથી વાહણ ફાટાંછ! તું—તું—અહીં! 'ગુલાબવાડી'માં ખાતર પાડવા આયો હોશે? કે ધણીઆણીને મળવા આયોછ?" મેહેરનોશજીએ બંગાલી વાઘની પેઠે ડોળા ચમકાવી હોઠપર ધીક્કારના સહેજ હસવા સાથ તે પોશાગીર પ્લીડર ગમ માથાંથી તે પગ સુધી ટીકતાં પુછયું. મેહેરનોશજી વજીફદાર જેવો બારે ગાંઠ પુરો કસાયલો "માકો મદારી" આવી રાતની વખતેબી ગુસ્તાદજી જેવા સાહુ ઉહાવગીરથી જરાબી બીયે એમ તો હતુંજ નહી.

"હું? હું બીજા કોઇને નહી પણ તુનેજ મળવા આયોછ, મેહેરનોશ," ગુસ્તાદજીનો ધીમો ઘોઘારી અવાજ નીકળ્યો.

"આપરો આગલો પાછલો હીસાબ હવે અહીં ચુકતે કરી દેવો જોઇશે——"

"હા, ચુકતે તેબી વરી કેવો! મારી સાથની દગલબાજી, શીરીન સાથનું તરકટ, કેટી સાથનાં લગનનું કાળું કરતુક અને એવી બીજી સેંકડો ચીજ! ચાલી ચલાવીને મારા સપાટામાં આયોછ તો હવે, દોજખી દેવ, હું તુને પાછો આખાં હારકાં સાથ જવા દેવાનો નથી. પોલીસ તારી પાછલ ભુખાં વરૂની માફક લાગેલી છે. મુગો મુગો અંદર ઓરડામાં ચાલ, નહી તો બુમ મારીને માણસો બોલાવશ. તારાં પાણી ભરાઇ ચુકાંછ, ગુસ્તાદ! તું આજે એક અવર ઘડીએ મને મળી ગીઓછ અને હવે હું તુને મરતાંબી જતો મુકવાનો નથી. આવ મુજી!"

આમ બોલી મેહેરનોશજીએ ગુસ્તાદજીને ગરદનમાંથી પકડવા માટે તરાપ મારી. પણ પેલીમેર તે બદબખ્ત ખુની પોતાની તઇયારીમાંજ હતો. ખુબ જોરથી કકડાવીને મેહેરનોશજીનાં કપાળપર તેણે એક મુક્કી લગાવી. એક ઝોંક ખાઇને મેહેરનોસજી ઉંધે મસ્તક જમીનપર તુટીં પડયા. ગુસ્તાદજીએ એવો તો જોરથી તે મુકકો લગાવ્યો હતો કે તે પ્લીડરના જમણા હાથમાં પહેરેલી પાનાની ડાયમંડરોકી વીંટાનો છાપ મેહેરનોશજીના કપાળ ઉપર છેક ઉંડાણથી પડી ગયો અને તેમાંથી ધરધર લોહી નીકળવા લાગ્યું.

"લે—સેતાનના જણ્યા!" ગુસ્તાદજી જમીનપર પડેલા શખ્સ ઉપર વાંકો વળી ખુનખાર રીતે દાંત કચકચાવી બોલ્યો, "હવે કોણનો અંત આયોછ, તારો કે મારો? જા, પેલી ઝાનમમાં તું તારા દોસ્તદાર સેતાનને મળવા જા. તુને તાંહ પહોંચાડવાનો સામાન હું મારા ગજવામાંજ લાયોછ."

આમ કહી તેણે પોતાનાં ખીસાંમાંથી એક લાંબી ધારવાળી છરી ખેંચી કહાડી અને ભોંય ઉપર તરફડયાં મારતા મેહેરનોશજી જરા બચાવમાં હાથબી ઉંચકે તે અગાઉ તેવણના બરડામાં ઠેઠ મુઠ સુધી ભોકી દીધી.

* * * *

સાડા સાતેક થવા આવ્યા હશે. બગીચામાં સઘળું અંધારૂં હતું. 'ગુલાબવાડી'નાં મકાનમાંથી ડાકટર અદી વજીફદાર લગાર ઠંડો પડી પોતાને ઘર જવા પાછો હળવે હળવે પોતાની બાઇસીકલપર સ્વાર થઈ બગીચાના રસ્તા ઉપરથી ચાલ્યો આવતો હતો. કેટીએ તેને સોડા આઇસ વગેરે પાઇ બહુ ઠંડો કરીને મોકલ્યો હતો—છતાં અદીએ પોતાની લમસ્ડન હેટ છેક કપાળવેર દાબીને પહેડી હતી અને એક બહુ છેડાયલા ચીરડાયલા વહેલા આદમીની પેઠે છાતીપર ડોકું નાખી દઇ પોતાના ખીજવાટમાં મશગુલ બની તે બાઇસીકલ ધીમેધીમે ચલાવતો જતો હતો પણ——

"આહ માઇ!"

બગીચાને છેડે દરવાજા આગળ આવી લાગતાં એકાએક અંધારામાં તેની બાઇસીકલ ભોંયપર પડેલી કાંઇ ચીજ સાથ અથડી પડી અને તેના આંચકા સમેત ડાકટર અદી પોતાનાં મશીનપરથી ઉથલાઇ જઇને નીચે ઝીખાઈ ગયો.

જમીન ઉપર વચમાં આડીતીડી પડેલી તે ચીજની ઉપરજ આબાદ અદી જઇને પડયો. અદીના મુખમાંથી એક નાની બુમ નીકળી પડી. તેને પહેલાં કાંઈ સમજ પડયું નહી. એક કડવાસભર્યો શ્રાપ ઓચરી તે કુદકો મારી પાછો ઉભો થયો

અને ભવાં ચહડાવીને તે જમીનપર લાંબી થઇ પડેલી જીણસ તરફ જોયું.

યા પરવરદેગાર! તે કોઇનું મુવેલું લોહીથી ગગરતું માણસનું મુડદું હતું.

અદીનાં આંગમાં એક તાઢનું લખલખું ભરાઇ આવ્યું, તેના આખા આંગે એકદમ ધાસ્તીનાં ઝરાં ફુટી નીકલ્યાં. દાંતો વચ્ચે મજબુત હોઠ કરડીને રૂંધેલા દમ સાથ તેણે જમીનપર પડેલી પોતાની બાઇસીકલનાં લેંપની રોશની વડે તે સુતેલા શખ્સની તપાસ કીધી. તે આદમી ઉંધો પડેલો હતો અને તેના બરડામાં એક છરી આખી ભોકાઇ ગયલી એમની એમ હતી.

કમકમીને અદીએ પોતાના બાઇસીકલ હાથમાંથી છોડી દીધી અને ગુઢણે બેસી જઇ ઝટ પેલી છરી તે હીણભાગ્ય આદમીનાં શરીરમાંથી ખેંચી કહાડી. તબીબી પ્રેરણા બુદ્ધાના આવેશમાં તેણે આ હથીઆર ખેંચી કહાડયું અને પેલો શખસ મુવેલો હતો કે જીવતો તે જોવા તેનું શરીર બે હાથોથી ઉચકયું———"

"મારા ખોદા! મેહેરનોરાજી!" તેણે ફગલાઇને એક જબરી બુમ મારી અને ધમ દેતો કે પોતાના હાથમાંનો મુવેલો બોજો પાછો છોડી દીધો.

ડાકટર અદીની આંખે ચકકર આવતાં હતાં. તેણે આંખ્યોના ખાડામાંથી નીકળી પડતા ડોળા સાથે તેણે જોયું કે તેનો પોતાનો જમણો હાથ તમામ લોહીથી ખરડાઇ ગયો હતો અને ડગલો તેમજ પાટલુન લોહીનાં લાલ ધાબાંઓથી રંગાઇ ગયલાં હતાં. ડાબા હાથમાં પકડેલી છરી છોડી દેવાનું બી ધ્યાન તેને રહયું હતું નહી—એટલો તે ફગલાઇ ગયલો

હતો. જ્યારે વાડીનાં ઝુપડાંમાંથી માળી નીકળી આવીને તેની સામે તાટ થઈ ઉભો ત્યારેજ ડાકટર અદીને પોતાની ભયંકર જોખમભરી હાલતનું કાંઇ ભાન આવ્યું. એ અભાગ્યા જવાનની સમયસુચકતા બીલકુલ આવા જીવ સટોસટ વખતે ઉડી ગઇ હતી. કાંઇ બોલવાને બદલે એકદમ ફુગલાઇ ગયલા ચેહેરા સાથ તે લોહીથી ખરડાયલા પોતાના હાથમાં છરી સાથે માળીને ટીકતો લાકડાં મીસાલ થંભ થઇ ઉભો.

એક નાની ચીસ પાડી માળી જીવ નાખતો કે બંગલા ભણી દોડયો અને એક મીનીટમાં પાછા ત્યાં આદરજી, પેસતજી તથા ઘોડાવાળાઓ અકળાતા ગભરાતા હાંફળા ફાંફળા દોડી આવ્યા.

થઇ ચુક્યું ! અદીનું માથું આવી ભયંકર પળે એકદમ બસ ખસીજ ગયું. તેણે પોતાની સુધ્ધી બુધ્ધી જાણે ખોઇ દીધી. આસપાસ હેબત ખાઇને ઉભેલા નોકર આદમીઓ કાંઇ બોલે યા કરે તે આગમજ અદીએ એક તરાપ મારી પોતાની બાઇસીકલ જમીનપરથી ઉચકી અને ધડાક દેતો કે તેની ઉપર સવાર થઇ પવન વેગે પેડલ મારતો ત્યાંથી નીકળી નાઠો.

અફસોસ અદી ! એ તેં આ શું કર્યું !

*　　　*　　　*　　　*

બીજે દહાડે 'જામે-જમશેદ'માં નીચલા ફકરાએ આખાં મુંબઇને બીચકાવી મેલ્યું:——

એક જવાન પારસી તબીબે પોતાના કાકાનું કરેલું ખુન.

મુંબઇમાં થઇ રહેલી ચકચાર.

ગીરગામ ખાતે આવેલા ગુલાબવાડીના મકાનના બગીચામાં ડાકટર અરદેશર વજીફદાર નામે એક જવાન પારસી તબીબે પોતાના બુઝોરગ લક્ષાપતી કાકા મી૦ મેહેરનોશજી વજીફદારનું ખુન સાંજે ૭ કલાકે કર્યાથી તે લતા ઉપર અને આખી મુંબઇમાં ભારે ચકચાર ચાલી રહી છે. કહે છે કે 'ગુલાબવાડી'ના માણસોએ નજરો નજર જવાન ડા૦ અરદેશરને હાથમાં લોહીયાર છરી ધરીને ઉજળાં સપ મોહડાં સાથે બુમ મારતાં અને મરનાર મેહેરનોશજીના મુવેલાં શરીર આગળથી એકદમ નાશી જતાં જોયો હતો. તેનાં કપડાં અને હાથ લોહીથી ખરડાયલા હતા અને કાકા મેહેરનોશજી સાથ એ જવાન તબીબને એક જવાન ખુબસુરત છોકરીના સંબંધમાં મોટો અણબનાવ ઉઠેલો હતો. ડા૦ અરદેશર નાસી ગયો છે. પોલીસ પુઠે લાગેલી છે.

પ્રકરણ ૪૦ મું.

ભલો કે ભુંડો પણ આખર કરેને તું મારી કેડ્રીનો પીત્રાઇ!

એકલો! બેમરવત દુન્યાથી ધરાઇ જઇ જાલ ઉમરીગર હવે એકલે જીવે ઝુરીયા કરતો હતો. કેટી સાથનાં કારજમાં તેના પીતાએ પથરો માર્યો ત્યારથી જાલે ઘરબાર અકારૂં કરીને બાપીકાં છાપરાંનો આશરો છોડી દીધો હતો. તે આજ કેટલુંક થયું મોટે કોલાબે દરીયાના કાંઠાપર એક નાનકડાં ઘરને પહેલે માળે બે ઓરડા ભાડે લઇને જુદો રહયો હતો. એદલજીએ તેને ઘણુંબી સમજાવ્યો, જાલનાં માય અને નાજાંએ તેને આંખમાં આંસુ સાથે ઘણોબી પટાવ્યો—પણ જાલ એકનો બે થયો નહી. બસ તેનું દીલ આ દુન્યાની માયા મોહોબતપરથી ઉડી ગયું હતું. તુટેલાં હૈડાં સાથ તે પોતાના માતપીતાથી જુદો જઇને એકલો રહયો, એટલુંજ નહી—પણ બાપ તરફથી એક દોઢીઉં બી પોતાના જીવે કબુલ રાખવા તેણે મક્કમપણે ના પાડી. મહીને દહાડે ઉંચકીચુંચકી પચાસ સાઠ રૂપીયા જાલને કોઇક કેસોમાંથી મળતા તેની ઉપર મુસ્તાક રહીને તેણે પોતાના સંગ દીલના પીતા સાથનો તમામ સંબંધ છોડી નાખ્યો. ઘરડે ઘડપણ એદલજીને આ કાંઇ જેવો તેવો ફટકો નહી હતો—પણ કરેબી શું? એકલે હાથે પોતાનું ફોડી લેવાના દૃઢ નીશ્ચયમાંથી જાલને હવે મનાવી લેવો મુશકેલ હતું.

રાતના આઠ વાગવા આવ્યા! આસપાસ કોઇ કદર ખાનારૂંબી નહી મળે! દીલાસો દેનારો કોઈ બીરાદર નહી,

હીંમત આપનારો પેદર નહી, હેત ખાનારી બેહન યા માદર નહી! તદન એકલો અટુલો–ફક્ત એકલ ડોકલ એક જુવાન વીશવાસુ મુસલમાન ચાકર સીવાય આગળ પાછળ સોબતી તરીકે કોઇ કાળું કુતરૂં હોય તો નહી! આ મુસલમાન પોયરો અબદુલ જાલને એક ખરેખરો કીમતી નોકર મળ્યો હતો. અબદુલ હાલ પચીસેકની ઉમરનો હશે–પણ જ્યારે તે આઠ વર્ષનો એક નાનો છોકરો હતો ત્યારથીજ તે એદલજીને ત્યાં નોકરીમાં ઉધરેલો હતો. જાલ અને તે બચગીમાં સાથે રમેલા હતા અને મોટપણમાં આ ચંચળ અબદુલ પોતાના જાલ શેઠ ઉપર જીવ કહાડી આપતાં શીખ્યો હતો. જ્યારે જાલ પોતાના પીતા સાથ રીસાઇને જુદો જઇ રહયો ત્યારે અબદુલ પોતાની રાજીખુશીથી નોકર તરીકે પોતાના જવાન માનીતા શેઠની પુઠે પાળેલા કુતરાની પેઠે ચાલ્યો આવ્યો હતો.

જુવો—હાથમાં વાંચવાની ચોપડી સાથે નીચી ડોક એક ઝાંખી બતી આગળ મુંગો મુંગો પોતાનું હાણ્યા કરતા આ જુવાન બેરીસ્ટરને જુવો! ચબરાક અબદુલે પોતાના આ શેઠને માટે પાસેના ઇરાનીને ત્યાંથી ભાણું લાવીને કયારનું ઢાંકી રાખ્યું હતું—પણ જાલને રૂચીજ કયાં હતી? જ્યારે અબદુલે ચઉદમી વખત ઠંડાં પડી જતાં ભાણાંની યાદ આપી ત્યારે મ્હોડું કચવાવીને જાલ તે ગરીબડાં ખાણાંને ચુંથવા બેઠો.

કોળીયો તેને ગળે ઉતરતો હતો નહી. ધકધ્યાન બધું જાઇ જઇને 'ગુલાબવાડી'માં ભરાતું હતું. કેટી. કેટી! આ તેં શી જીવપર જોરાવરી કરી! જાલને પોતાને સદાની મુઝવણમાં રીબતો નાંખ્યો તો ધુળ નાંખી, પણ તારા પોતીકા કાજગરા જીવનું આ શું નખ્ખોદ વાળ્યું! રે પરવર, જો પેલો ડાકટર અદી વચ્ચે આવ્યો નહી હતે તો—તો કદાપી——! પણ નહી.

દીલમાં ખોટો ક્રેહેર રાખી કપટથી તે ઉપર વાગોળ્યા કરે એવો જાલનો ખવાસ નહી હતો. તેમાં બાપડો અરદેશર ડાકટર શું કરે? તેણે પોતીકો પાસો ફેંકી જોયો અને તે અવળો પડયો તેમાં તેનો શો દોશ? કેટીનોબી શું કસુર? બસ, એ બધો તકદીરનોજ વાંક!

ડાકટર અદીને 'ગુલાબવાડી'માં સાઇકલનો અકસમાત થયો હતો તે ખબર જાલને પડી ચુકી હતી. આ અરદેશર પોતીકી પીત્રાઇને મળવા હવે આવતો જતો થયો હતો એ બીનાબી જાલને રોશન હતી. પણ તે વીશે વધુ ચાવાચીવી કર્યા કરી અદીના યા કેટીના સુંઘારા લેવા સારૂ જાલમાં હવે ચેત હતું નહી. તેની કોર્ટો ભલી, તેની ચોપડીઓ ભલી, તેના ખોપટાં જેવા બે ઓરડાઓ ભલા. ભાગ્યે એકાદ બે બુક જાલે મોહમાં માર્યા હશે કે તેણે અધીરાઇથી રકાબી હડસેલી મેલી. તે રાત્રે કાંઇ વીચીત્ર રીતે તેનો જીવ બેચેન હતો.

"નહી અબદુલ, આજે તો નહીજ ચાલતું. લે રકાબીઓ ઉંચકી જા—પણ—સબુર!—એ દાદરપર કોણ ચહરેછ? આય વખતે?"

જાલ અને તેનો નોકર અબદુલ બંને કાન ઉંચા કરી સાંભળવા લાગ્યા. કોઈ જબરી મોટી ફલાંગે દાદરની ઉપર ચઢી તેમની તરફ ધસી આવતું હતું.

ડોળા ઉંઘાડીને બેઉ જણા જોય તેટલાં તો કડાક કરતું બારણું ઉઘડી ગયું અને એક જવાન માણસ એક શીકારી કુતરાની માફક હાંફતો ધસારાબંધ તેઓની સમક્ષ દોડી આવી જાલના પગ આગળ ધરર કરતો કે ફસડાઇ પડયો.

"અરદેશર!"

જાલના મ્હોંડાંમાંથી મોટેથી બુમ પડાઈ ગઈ. હા—તે



"જાલ! હું મર્યો ગીયો!—અરરર—મારથી—ઝબરકો થઇ ગીયો—ઓ મને બચાવ—હું મુવો, જાલ!"

(જુઓ સફો ૩૪૯ મે.)

ડાકટર અરદેશર વજીફદારજ હતો. લોહીથી ખરડાયલાં કપડાં અને લાલ લોહીયાર હાથો સાથ ત્યાં એક ભસતામાંના ભુતડાની પેઠે તે અભાગ્યો જવાન એકાએક ધસી આવ્યો હતો.

"જાલ! હું મરી ગીયો!—અરરર—મારાથી—છબરડો થઇ ગીયો—ઓ મને બચાવ—હું મુવો, જાલ!"

પણ જાલની બોલવાનીબી સુદ્ધી બુધ્ધી ક્યાં રહી હતી! તે તો વાંકો વળી ફાટ ફાટ થતે ડોળે જમીનપર પડેલા તે જવાન તબીબના બદતર દેખાવ ગમ અકળાઇને જોવાજ પડયો. શું અદી મેડ થઇ ગયો હતો? ઝટ. પોતાના હીણુ ભાગ્ય જવાન મીત્રની આગળ ગુંદણમડીએ પડી જઇ જાલે તેને ખભાંમાંથી પકડી જરા હલાવ્યો.

"એમ શું કરેછ, અદી? શું થયું?" તેણે બીધેલે અવાજે પુછયું.

"જલદી કર, જાલ! મારી પુઠે—હમણા પોલીસ આવશે. નીચે—મારી બાઇસીકલ છે તે—તેને—સાંતી દે."

અદીના મુખમાંથી આ શબ્દો બાહેર પડયા કે અબદુલ જીવ નાખતો કે ચાર ચાર પગથયાં કુદતો નીચે દોડયો. પાપણના એક પલકારામાં આ મુસલ્લો નોકર મામલો ચેતી ગયો હતો. જમીનપર પડેલી અદીની બાઇસીકલને ઝપાટામાં ઉંચકી તેણે પાસેનાજ કુવામાં ટપકાવી દીધી. આ કામ કરીને હજી તો તે માળપર જવા પાછો ફરે છે તેટલાં તેણે દુરથી ઘોડાનાં પગલાં પોતાની તરફ આવતાં સાંભળ્યાં. સાચો વીશવાસુ અબદુલ વીજળીની પેઠે પાછો ઉપર દોડયો.

"શેઠ, તે લોક આવેછ!" તે હાંફતાં હાંફતાં બોલ્યો. "એક પળ ગુમાવશો નહી, જલદી કરો! આવો અરદેશરજી, ઝડપ કરો, આમાં બેસી જાવો!"

આટલું બોલી તેણે એક મોટી દેવદારની પેટી ધડાકાબંધ ઉઘાડી નાખી અંદરથી મેલાં કપડાં ખેંચી કહાડી બાજુએ દાબ્યાં અને અદીનું પાંખડું પકડી તેમાં તેને ઘુસાડી દઈ ફટ કરતું કે પેટીનું ઢાંકણું ઢાંકી દઇ તાળું મારી દીધું.

જાલ તો સુનો બાવરો જેવો બની અબદુલના આ ઢંગ તરફ ડચાઇને જોતોજ ઉભો.

" વેકો એકદમ ! બેસીને વાંચવા પડી જાવો, જાલ શેઠ !" અબદુલે બહુજ ધીમે સાદે તેના કાનપર પડી કહયું.

જાલે ખુરસીપર બેસી જઇ ચોપડી હાથમાં લીધી અને અબદુલ એક કુદકા સમેત ઓરડાના ખુણામા જઇ લાંબો થઇ ખરેખર ઘોરવા પડયો.

હજીતો અબદુલનું ઘોરવું શરૂ થાય તેટલાં ઓરડાનું બારણું ઉઘડયું અને એક કાનસટેબલ તથા એક પોલીસ જમાદાર દાખલ થયા. આ કટોકટ ઘડીએ જાલે સમયસુચકતા રાખી એક નાની અવાચી ખાઇ લગાર નવાઇથી પોલીસના માણસોગમ જોયું.

"એક શખસ નામે ડાકટર અરદેશર વછીફદારને બાઇસીકલપર અહીં દોડી આવતાં લોકોએ જોયાછ," કાનસ્ટેબલ નમનતાઇથી બોલ્યો. " તેવણ અહીં છે ?"

" ડાકટર અરદેશર વછીફદાર અહીં ! દોડી આયા ? અહીં તો કોઇ નથી આયું. પણ શું છે શું, મી૦ કોનસ્ટેબલ ?"

" તેવણે પોતાના કાકાનું ખુન કીધુંછ——"

" એ શું બકોછ ?"

" ખરૂં કેહુંછ, સાહેબ. હું વખત ગુમાવતો નથી. તમારે તાંહ એ શખસ નથી આયો ?"

" મારે તાંહ ? તમુને એમ બોલતાં સાંભળીને હું અજબ છેઉં. આય મારા બે ઓરડા ! તમે જોઇ લેવોની !"

કાનસટેબલે અંહી તંહી બંને ઓરડામાં જરા ઝડપી નજર ફેંકી. પોતાના શીકારની બીલકુલ ત્યાં ધનનસલ તો હતીજ નહી.

જાલે સુતેલા અબદુલની આગળ જઇને તેનાં પાંસરાંમાં એક લાત મારી.

" અબદુલ, અબદુલ ! ઉઠ ગધ્ધા ! ઉંઘાયછ શાનો ? ડાકટર અરદેશર વછ્છફદાર આજે અંહી આયાતા કે ? આપરે છે–તે કાહરે ખુન થયું, કાનસટેબલ ? મને કંઇ સમજ નહી પરતું."

જોરથી આળસ ખાઇ અબદુલ ઉઠયો અને આંખ ચોળી ગભરાયલે ચેહેરે કાનસટેબલ અને જમાદાર ગમ જોવા લાગ્યો.

" આજે અહીંયાં કોઈ આયું'તું, અબદુલ ?"

" નહી સાહેબ, આયું 'તું તો કોઇ નહી." અબદુલે જાણે ભોળોભટાક થઇને ગુચવાયલે ચેહેરે ઉતર વાળ્યો.

" પેલો ડાકટર અરદેશર કંઇ અહીંયાં આગો'તો, બાઇસીકલપર ?"

" ઓહ, કોણ પેલા સેનેટરીની પાસે રહેતા છે તે પારસી ડાકટર ? તેવણ અહીં તો નહી આયા'તા–પણ થોરા વખતપર તમારૂં ભોણ્ણું લાયો તાહરે તેવણ એકદમ જોરમાં બાઇસીકલપર આય રસતેથી આણીમેર દોરી તો ગીયા."

કોનસટેબલનું મ્હોડું કુમળાઇ ગયું "તે અહીંથી કેટલોકવાર થયો ગીગો ?" તેણે અબદુલને પુછયું.

" પાએક કલાક થયો હોશે, સાહેબ."

કાનસ્ટેબલે પોતાનું ભીજાયલું કપાળ નુછયું. "ખુની

અંહીથી દરીયાને કીનારે પુગી બોટમાં સટકવા માંગેછ," તે બોલ્યો. "'એક્ષક્યુઝ મી,' મેં તમુને 'ડીસટર્બ' કીધા."

આમ બોલી કાનસટેબલે તેમજ જમાદાર ઝપાટામાં નીચે ઉતરી ગયા. તેઓના ઘોડાઓનાં પગલાં દુર જતાં સંભળાયાં કે જાલે ઓરડાનાં બારણાંને અંદરથી સાંકળ મારી અને પેટી ઉઘાડી લગભગ ગુંગળાઇ ગયલા અદીને બાહેર ખેંચી કહાડયો.

અદી તે દીવસના ભયંકાર બનાવથી, લાંબે છેટે સાઇકલ ઉપર દોડી આવવાની થાકથી અને પેટીમાં ગોંધાઈ રહેવાથી લગભગ અધમુવો જેવો બની ગયો હતો. જાલે તેને પેટારામાંથી બહાર કહાડયો, પણ તે બીચારાને ફેર આવતા હતા. જાલનાં ગળાંની આસપાસ બે હાથો નાખી તેની છાતીમાં પોતાનું મોહડું દાબી અદી પાંચ દશ મીનીટ સુધી એક મુડદાંની પેઠે ઉજળો વાખ જેવો ઉભો.

* * * *

પ્રકરણ ૪૧ સું.

"'ગીલ્ટી'!"

ગામમાં ખરેખર હોહા થઇ રહી હતી. રાતોરાત ઠેઠ મલબાર હીલથી કોલાબા સુધી ચકચાર ચાલી રહી કે એક જવાન પારસી તબીબ પોતાના પઇસાદાર કાકાનું ખુન કરી નાસી ગયો છે અને પોલીસ પુઠે લાગી છે. પોલીસની દોડ અને ન્યુસપેપરોના રીપોર્ટરોની ધરફડીનું પુછવુંજ શું ! જેઓ મેહેરનોશજી વજીફદારને અને અદીને ઓળખતાં હતાં તેઓ પસ-

ગવત તરેહવાર નીરદય ટીકા કરી "એક ચાકલેટ કાનના ચાક-લેટ ભત્રીજાના દીવાનાપણાં" વીશે ખુબ રસ લઇ લઇને વાત કરતાં હતાં.

ડાકટર અરદેશરે મેહેરનોશજીનું ખુન કર્યું તે વીશે તો કોઇના મનમાં એક કતરા ભારબી સંદેહ રહયો હતો નહી. કોરોનરની જુરી બેઠી ત્યાં કેટીએ, ઘોડાવાળાઓએ, બાવર-ચીએ અને કારભારીએ કાકા ભત્રીજા વચેની અફલાતુન ત્રણ પાંચ વીશે નજરે જોયલી વીગતોની જે જબાની આપી અને માળીએ હાથમાં છરી સાથે ડાકટર અદીને મેહેરનોશજીનાં શરીર આગળ લોહીથી લપટાયલો ખરડાયલો જોવાની સાક્ષી આપી તથા તે પછી કેટલાંક લોકોએ અદીને યાહોમ બાઇસીકલપર નાશી જતાં જોયો તેઓની ગવાહી નોધી લેવા પછી "ખુન" ની 'વરડીકટ'પર આવવા માટે જુરીને બીજું શું જોઇએ ? મેહેર-નોશજી અને અદી વચેના લાંબા વખતના બગાડ, કાકાએ ભત્રીજા ઉપર રૂ. ૫૦૦૦ ની કરેલી ચાંપતી ઉઘરાણી, બેઉ જણાઓ વચે થયલી ઝનુની મારામારી, કાકાનો જીવ લેવાની અદીએ ઉપરાસાપરી આપેલી છડેચોક ધમકી, તેના ખુદ હાથમાં ધરેલી તીક્ષણ છરી, તેના લોહીથી ખરડાયલા હાથ અને કપડાં, માળીને જોતાંજ અદીએ પાડેલી બુમ, તેનું ઉતરી ગયલું મ્હોડું તેનું નાશી જવું—આ સઘળાંનો દીવાની જોતની પેઠે અદીનો અપરાધ પોલીશને કે પ્રજાને સાફેસાફ દેખાઇ આવતો હતો.

બુઢા કાકાને જવાન ભત્રીજાએ માથામાં મારેલી મુકકીથી જે વીટીના પાનાનો એક ચોકસ જાતનો છાપ મેહેરનોશજીના કપાળપર પડયો હતો, તેની પ્લેસર ઓફ પેરીસની ઉપર છુપી પોલીસ ખાતાંના ડીટેકટીવ રામચંદરે આકરૂતી ઉતારી લીધી હતી. તે ઉપરાંત જે એક બીજી નસીબવંતી ગવાહી પોલીસને

હાથ લાગી હતી, તે મરનાર મેહેરનોશજીની મજબુત કકડાવીને ચપટ વાળેલી મુઠ્ઠીમાંથી મળી આવેલો કાળાં ડગલાનાં એક ફાટેલાં કપડાંનો કડકો હતો. બેશક ખુન થતી વેળાએ જીવપર આવીને મેહેરનોશજી અદીને વળગ્યા હશે અને હોજાતોજીમાં અદીના ડગલાનો એક ભાગ તેમનાં હાથમાં ફાટીને રહી ગયો હશે. એક સરખી સઘળાઓની જબાની પડી હતી કે અદીએ તે રાત્રે કાળોજ ડગલો પહેર્યો હતો.

પોલીસ સરજ્યન ડાકટર બલેકીએ જબાની આપી કે મેહેરનોશજીના બરડાપર પડેલો ઉંડો મરણતોલ ઘા કોઈ મજબુત બીજા ધણીનાં હાથેજ થઇ શકે એવો હતો. મરનાર ધણી પોતે પોતાના હાથે એવો જખમ કરી શકે એ બનવાજોગ નહી હતું.

આખાં મુંબાઇએ ખુનના અપરાધ માટે ડાકટર અરદેશર વજીફદારને 'ગીલ્ટી' ઠરાવ્યો અને પોલીસે ખુનીનો પતો મેળવવા માટે સારૂં ખુણેખુણું ખુંડાવી માર્યું. કોરોનરની જુરી દરમ્યાન 'ગુલાબવાડી'ના બગીચાની અંદર અને બહાર લોકોની ઠઠમાર ગીરદીનું પુછવુંજ શું ? જુરીનો અભીપ્રાય મળતાંજ જમાવ થયલાં લોકોએ ખુની તરફ તીરસ્કાર વરસાવવા માંડયો અને ખુબ શુરથી તકરાર કરતાં છેક મોડી રાતે તેઓએ વીખેરાવા માંડયું.

આ એકઠાં થયલાં ટોળાંની અંદર એક અંજાણ્યો જેવો કોઇ લફંગો દેખાતો પારસી બહુજ ઇંતેજારીથી ડોકાં તાણી તાણીને જુરીનું કામકાજ અને સાક્ષીઓની જબાની સાંભળતો એક ખુણામાં ભરાઇ ઉભો હતો. "ખુન" શબ્દ સાંભળતાંજ આ ચંડાળના કચકચાવેલા દાંતોમાંથી ખુશાલીનો એક પોકાર નીકળી પડયો. નાનો ખંખાર મારીને શંતાપથી ફસકાઈ જતાં ડાચાં

સાથ જેવો આ ધણી ઝપાટામાં લોકોની ઠઠ વચ્ચેથી બાહેર નીકળી જવા બે ત્રણ ડગલાં ચાલ્યો કે રાતના અંધારામાં તે કોઈ ડબરડીંગ મોટી કુમના બીજા પારસી હાંડા માસ્તરની સાથે અથડી પડયો.

"એહ તારી—એંહ ! કોણ ? ચાન ?"

"ગુહતાદ કાકા !"

પ્રકરણ ૪૨ મું.

"જેસેકુ મીલા તેસા !"

સઘળું સુમસામ ! રાતના અગ્યાર વાગીબી ગયા—મેહેરનોશજી વજીફદારના શરીર ઉપરની કોરોનરની જુરી ખલાસ થઇ અને અડધું મુંબઇ વગેસગે થઇ ગયું. પણ નવે મોદીખાને દરીયે કીનારે પથ્થર બંદર ઉપર એક કંગાલ ઘરને ભોંયતળીયે એક હાલહવાલ નાની ખોપટાં જેવી કોટડીની અંદર કાંઇક ઘુસ–ઘુસ ગુફ્તેગોમાં ચકચુર થયલી એક જાલમ જોડી હજી વગેસગે થઇ ન હતી. ઓરડીને અંદરથી કમાડ વાસી ઘાસલેટના એક ઝુંફતા ડબ્બાની રડકંડી રોશનીમાં સામસામા બેસીને એકમેકના કાન કરડતા એહરેમનના એ બે અધીકારીઓ કોણ હતા? આપણા નેકનામ ગુસ્તાદ કાનફુટીયાજી અને તેનો ઘોતાલ ભત્રીજો ચાન ! મધ્યરાત થવા આવ્યા છતાં આ માયા માધવોની વાત હજી પુરી થઈ ન હતી.

ગીરગામ 'ગુલાબવાડી' આગલની ધધુખરમાં આ લોકડે માકડાંનો ઓચીતો મેલાપ થઇ જતાંજ તેઓ બંને ઝપાટામાં લાંબી ફલંગો ભરતા ત્યાંથી નીકળી આવી આ ચાનજીની ઓરડીમા તુર્તનાજ દાખલ થયલા હતા. ગુસ્તાદજીએ પોતાના દીલપરનો કાળો ડગલો કાઢી નાખી એક બાજુએ ખુણામાં કુચો કરી દાબ્યો હતો અને બંને કાકા ભત્રીજા એક બાટલીમાંથી જરા જરા બેવડાની ટાંસ મારતા જઈ ગળાં કપાઇ જાય તેવી કાંઇક વાતો હલુસે કરતા બેઠેલા હતા.

"લે કાકા, લગરીક બીજો પેટમાં લાખ," ચાનજી બેવડાની પેંટ પસાર કરતાં બોલ્યો, "છાતીમાં જરીક હરેટો પરહે તીવારે કંઇ હુજબી પરહે. છે તે—એ પેલા અદુખરા ડાકટરે હું રપુચકકર કરી મેયલું—મને કંઇ હમજ નીક પરેલી ભાય?"

ગુસ્તાદજીએ બાટલીમાંનો બાકીનો દારૂ ઓટી જઇને એક બંખાર માર્યો.

"કમબખત, તુને શું ચીજ સમજ પરીછ કે આય પરે? સારૂ થયું, ચાન, કે આપરે બેઉ જણા અંધારે અંધારે તાંહથી જલદી ખરતી માપીને અહીં વટી આયા. એક તો મારા આય ડગલાને હાથ દાબીને તેમાંથી ગબતરૂં નીકલ્યુંછ તે સાંતતાં સાંતતાં હું મરવા પડેલો ઉતો—તેમાં તું દેરાનો બાધો એવું મોટેથી મારૂં નામ દઇને બુમાબુમ કરવા પરીયો કે કાલનો દુકાલ આજે પરતે! સત્યાનાશ ગીયા, તું બોલેછ તાહરે હંમેશ એવો રાગરો તાણેછ કે જાણે બીજાઓ બેહેરા ભીતજ હોય! પણ બોલની—તું અહીં મુંબઇમાં કાંહથી ફુટી નીકલ્યો, હેં? એટલો વખત કાંહ સુકઇ મુવો'તો—તે પહેલાં મને કેહ."

"તે દીવહે નવહારીમાં તારે તાંહ માકાના ઝપાટામાં આયવો તીવારથી દાદા ને લહીયા હંગાત પગમાં પુહરૂં બોહી ઉં ઇઘાં

ભાગી આવેલો. આ ઓરડું ચાર રૂપીએ ભારે રાખેલું ને ઇરા-
નીને તાંહ ખાતો છું. પણ હવે મારા પાનહો રૂપીઆ કાહરે આપે,
કાકા? મને હમણા જોઇતા છે. તુને મહીનાની બોલીએ ઉછીકા
મેં આપેલા——"

"છટ! તે પછી, રૂપીઆને હમણાં કાંહ ચરેછ! મકુંજ—
સારૂં થયું કે તું મને મળી ગીયો નહી તો આજે રાતના હું
પાછો વલશાડ જતો રહેવાનો ઉતો. પેલી ઘરડી તાંહ
એખલી છે——"

"પેલી તારી પીરોજબાઇ! કાકા, તુનેબી હું એ મેલુ
લફરૂં વરેયગું? પણ એની પોરી હીરીનનું હુ થીઉં? તારા
હમ—એનો ચેહેરો મારી આંખ મહીથી ખીહે નીહતો. બાપા,
હું તો હવે હુધરી જવા માગું—એ મારફારના રહતા છોરી
દેવા ને ફાકુંજ કઇ ચાકરી મલહે તો ગોઠવઇ જવા—"

"વારૂં ચાલ, મને એવા લબ્ભાસ નહીં જોઇએ. બીલ્લી
સો ચુવા ખાકે વરી હજકુ ચલી! બચ્ચા, પેલી બરોડા ગાય-
કવાડી બેંકની તીજોરી ફારીને તું રોકરા રૂપીઆ સાથે દસ્તા-
વેજો ઉંચકી લાવેલો તે ઓચરયાંનું બંડલ હજુર મારી પાસે
હાલું ઉંચું મેલેલું છે—સમજ્યો કે?"

ચાનજીનું ડાચું એરંડયું પીધા માફક કુમળાયું. "તેની
હું વારે વારે ફોમ આપીયા કરે, કાકા!" તે નાખુશીથી બોલ્યો.

"એ ફોમ ને બોમ! તું હરામઝાદા ને દાબેલો નહી
રાખું તો કાલે મારોજ ટોટો ભચરે! એ બંડલ મેં તારી
પાસેથી દારૂની ઝુમમાં પરાવી લીધું તે દાહરથી તારી ચોચી
મારા સપાટામાં છે. એ કાગલ્યાંઓ સાથ તારા સુરીયાના અક્ષ-
રનું મારીપર લખેલું એક કાગજબી છે જેમાં તેં ગધેરાએ
ઉકમાઇથી મને બેંકની તીજોરી ફારવાની વાત લખીછ! ચાન.

પોલીસના હવાલામાં એ બંડલ જે ઘરીએ હું મુકું તે ઘરીએ તું બટંએ જાય! પણ નહી—હજુર સુધી મેં તુને ફસાવ્યો નથી. કારણ કે હું જાણુંછ કે તું નાપાક મને ઘણો કામનો છે. જો ચાન, જરા હવે મગજ ઠેકાણે રાખીને સાંભળ–મારે તુને ટોપલા ભરીને વાત કહેવાની છે. એ બધી સુધરી બુધરી જવાની ગરબર છોરી દે. આ દુન્યામાં ભલાઇ કરીએછ તો જીવાતુંજ નથી——"

ચાનજી તો ડોળા કાઢીને પોતાના કાકાના ખાઉં કરડું જેવાં કોહાં અને ચમક ચમક થતી આંખ્યો ગમ એક ચીતે જોવાજ પડયો હતો.

"યે? એ હું તું પીજન કરયા કરે?" તે અધીરો બની બોલ્યો, "તું કેહેવા હું માંગે—કહી દેની?"

"એજ કે મને તારી મદદની હમણા ઘણી જરૂર છે. જો ઇસ્ટુપીટ! આજે આય ગીરગામમાં શું બધું રોખરૂં થઇ ગીયું તેનું કંઇ તુંને ધ્યાન આવેછ?"

ગુચવણથી સેહેજ ભવાં ચઢાવી ચાનજીએ ડોકું ધુણાવી ના પાડી.

"મેર મુવા ડફેર! તારાં માથામાં કંઇબી બાબદ ઉતારવા સારૂં એક હથોરી ને છીણી જોઇયે," ગુસ્તાદજી ચીરડાઇને પાછું બોલ્યો. "પણ હું તુને બધું કેહેવશ—તું મારા સકંજામાં છે એટલે મારી સાથ દગો રમી શકવાનો નથી. અહીં આવ, ચાન,—જો સાંભળ———"

આમ કહી ગુસ્તાદજીએ ચાનજીને ખભાંમાંથી પકડી પોતાની લગોલગ ખેંચ્યો અને તેના કાનમાં કંઇ કહયું. એક મોટી બુમ સમેત ચાનજી ઉઠી ઉભો થયો.

"ઓ તારો બાપલો મરે. કાકા! એ તે હું કયરૂં!"

ગુસ્તાદજીએ ખીજાઇને ચાનના ડુમમાં એક ફાંસો લગાવ્યો. "ચુપ!—આસતે બોલી મર, નહી તો ડુમચું ફેરી નાખશ! જીવ શાનો પચારેછ? કામ પાકાયું થઇ ગીયુંછ—ને વચમાં પેલો મારો સસરીનો અરભંગ અદેશર નકામો ત્રણ લાકરે લટકઇ જશે. પણ વરી બીજું શું? આય મેહેરનોશજી વજીફદાર જે પાર થઇ ગીયોછ તે બીજો કોઇજ નહી પણ તારો નામીચો મામો મદારીજ છે! ચમક ના—ચાન, બંદાએ એનો આગલો હીસાબ આજે વ્યાજ સાથ ચુકવી આપ્યો—હવે તુને માંદી મરઘીની કાની ધ્રુજવાનું કંઇ કારણ નથી."

પણ ચાન તો ખરેખર માંદી મરઘીની માફકજ ધ્રુજતો હતો. પોતાના આ બદબખ્ત ખુની કાકાને નીરાંતે મામા મદારી જેવા દેવેનામ દેવને સાફ કરી મેલવાની હકીકત મ્હોં મટ-મટાવીને કેહતાં સાંભળી ચાનજીનાં કપાળપર પરસેવાનાં જાડાં ટીપાં ફુટી નીકળ્યાં.

'મામો માએરો ગીયો!—એ હું બકે? મારા બાપ!' તેણે ડઘાઇને દબાયલે અવાજે બુમ પાડી.

"તેં બુખબે જુરી આગળ પરેલાં રવાનનું મોહનું જોવાની મેહેનત લીધી હોતે તો તુંજ એ નામચીનને ઓરખી શકતે. પણ આપોઆપ મેહરનોશની બધી આગલી પાછલી નેકનામી હવે બહાર આવશે. એ બધી લંબાણ હકીકત છે—તે હું તુંને ધીરજથી પછી કેહવશ, તેટલાં એટલું જાણ કે એ મુજીએ મારી અને મારી આય પોટટી શીરીનની વચમાં હંમેશ આવીયા કરીને મને કાયર કાયર કીધો'તો. એ જો બાજુ ગગરી રહયો હોતે તો—આહ! પણ નહી—સખ્ખ ખાતાં એને ગોંસાઇ નડીયો! છેલ્લે શીરીનને ઉઠાવીને અહીં લઇ આવી દર પરીયો તારે હરામઝાદો ધરાયો."

"પણ કાકા એ પોરી હવે તો ફરીને તારી હોરે આવવાની—મારી હાત એને——"

"નહી—એ દુકતી સીખી સજુક મારે તાંહ પાછી આવે એમ હવે લાગતું નથી. એ હમણા મારી બૈરી સાથે રેહછ—બધું વાજું તાંહ 'ગુલાબવાડી'માં એકઠું થયું છ."

"તારી બૈરી !" ચાન વચમાં પોકારી ઉઠ્યો, "એ આજે તુંને થીયેલું હું. કાકા?—તારી બૈરી વરી કોણ મુવેલી? પેલી ઘરડી હાથે દાણા પાયરા કે હું?"

"નહી—નહી—નહી—હેમક !" ગુસ્તાદજીએ ખુબ ખભરીને જવાબ દીધો. "મારી ધણીઆણી તો જુવાન ખુબસુરત વીસ લાખના સાહુ શેઠાણી છે. આય 'ગુલાબવાડી'ની કેટીબાઇ દાવર કરીને આજે કારોનર આગળ સાક્ષી જે ફાંકરી પોરીએ આપી તે - તે મારી બૈરી?—"

"જા—જા—કાકા! તું તો ફાડું ફાડું લવે!"

"હવે તું ઉજબખને કેમ સમજાવું! બાપુ, હું કેહુંછ તે ખરૂં—નહી માનતો હોય તો સામબો કુવો છે, જઇને પુર! મને તારા માનવા કે નહી માનવા સાથ કામ નથી—મને તો હવે તારી મદદ સાથ કામ છે જે એ છોકરી સાથે મારાં લગન એવી સરતે થયાં કે હું પરણીને રાતોરાત સીધો વલસાડનો રસ્તો લેઉંને એમને મળીને દાહરે એક હજાર રૂપીઆ આપે—સમજ્યો?"

જાણે એક ખરી બનેલી નહી પણ એક જાદુ કોતલની વાત ગુસ્તાદજી કહેતો હોય તેમ તેનો ભત્રીજો જરા રમુજથી હસતો જઇ, જરા ગુચવણથી ગુંગળાતો જઇ શંકાશીલ મ્હોડાં સાથ પોતાના કાકાને ટગર ટગર ટીકતો ત્યાં બેસી બધું સાંભળતો હતો.

"અત્યાર સુધીમાં મને એક ચેકનું ચીટરૂં મળ્યું, ચાન." ગુસ્તાદજીએ આગલ ચલાવ્યું, "પછી બધું આજની ઘરી સુધી સુતમ સુતા! એ ચોટ્ટી બીલ્લારી તરફથી કંઇ ફુટીયાં પાકે તો તારા પાંનસો રૂપીઆ તે ઘરીએ પાછા આપી દેઉં—પણ રાન કસકુનમ દોહરીયાંની વાતજ નથી કરતી! મેં ઘણુંબી લખ્યું—ઘણીબી યાદ આપી—પણ સા...એ મને મચક આપી નહી. જારે મારેથી નહીજ રહેવાયું તારે આજે હું આ દદાને જાતે મળી મારાં નાણાં કહરાવવા અહીં ઉતરી પરીયો–ને–એનું સત્યાનાશ થાય! બધું ઓરનું દોર થઇ ગીયું!',

ચાનજીએ પોતાનું તામરાં જેવું ડોકું એક જાતના અ-સંતોષીપણાથી હલાવ્યું, "એ બધું ઓહે, ભાય—મારે હું? મને મારા પાંનહો રૂપીઆ તો આજ કાલ જોઇહે. તું મારો વહાલો એમ હું હથેલીપર ચાન દેખારે—"

ગુસ્તાદજીએ ફ્ફડી ચટકીને ચાનગમ એક રણપર ચઢેલા ગોધાની માફક જોયું.

"અરે તારી———!" તે દાંત્યાં પીસીને બખાળ્યો. "લે આય મારી લીલાં પાનાની વીટી ધર! હવે તારો જીવ જરા ધરાશે! નખોદ જાય તારૂં! જાણે હું નાહસી જતો હોઉં તેમ દોડાદોડમાં પરી મુવોછ!"

ગુસ્તાદજીએ પોતાના જમણા હાથની આંગળીમાંથી પોતાની ડાયમંડ રોકાં લીલાં પાનાની વીટી સેરવી કહાડીને ચાનજીનાં આંગપર ફેંકી. ચાનજીઆએ મુંગે મોઢે તે પોતાના પપરડા જેવા આંગળામાં ઠેસવી દીધી. થોડોવાર કાકા ભત્રીજા એકમેકને બોપતા મુંગા બેઠા. ચાનજીના મગજમાં તેના કાકાએ કરેલું બધું જીન પરીયાંનું દાસ્તાન કાંઇ પાધરૂં ઉતર્યું નહી હતું, એટલે તે ગુસ્તાદજી ગમ વેહમની નજરથી બાડી આંખે જોતો

મુંગોજ બેઠો. થોડેવારે ગુસ્તાદજીએજ પાછું શરૂ કર્યું. તે જાણે ચાનને સંભળાવવા નહી પણ પોતાના જીવ સાથે હવે બબડતો હતો.

"શીરીનબી તાંહજ ગગરેલી છે. આય અદીપર ચોકકું આબાદ બેઠુંછ—હવે તો એમબી ને એમબી બધું કામ પુરૂં કરીનેજ જવું. કેટીબઇ પાધરેપાધરાં નહી ઉતરશે તો આપરે જોઇ લેઇશું. ચાન, થોરા દહારા હું અહીં તારી કોઠરીમાં લાધવા માગુંછ. બચ્ચા, તુને શીરીન જીતવીજ હોય તો એમ પોતીયાં ઢીલાં કરવાનો આય વખત નથી. પેલી કેટી દાવરને ઠેકાણે લાવવી જોઇશે—ને તે હું એકલે હાથે કરી શકું એમ નથી. એ બાઇ સાહેબ જો વીસ પચીસ હજારનો ઉંચકો આપી દેની તો સેવક તો હોઇયાં કરી જઇને એનો પીછો છોડવા કબુલ છે. એક સારી જેવી રકમ એની પાસથી ઓકાવવામાં તું મને હાથ લાગ—ને, દીકરા, પેલું બંડલ તુને પાછું આપી દેઉં!"

"પણ તું કરવા શું માગે?"

"તે હું વીચાર કરીને પછી કેહવશ. સીધે સીધાં મડમ રસ્તે નહી ઉતરશે તો આપરેબી હવે છેલ્લે પાટલે બેહાછ. ચાલ હવે જરા બરડો નાખતે–કોપરાં જોખાયછ. ને જો–આય ડગલો છે તેને કેથે સંભાળીને ખુબ સંભાળથી ચાંપી મુકજે–નહી તો એમાંથી જે ગાપચું નીકળીને પોલીસના હાથમા આયુંછ તે મારૂં ગરૂં ચીપટાવી મુકશે."

પ્રકરણ ૪૩ સું.

"ડીરકટીવોના દાદાઓથી તારા બાલને ઈજા કરી શકવાના નથી."

આફત વરસે છે ત્યારે તે ઝીણા છાંટાઓમાં ઝરમર ઝરમર પડતી નથી. પણ મોટાં સખત ઝાપટામાં ધોધમાર માથાં ઉપર તુટી પડે છે. ડાકટર અદી વજીફદારની એજ અવરદશા થઇ હતી. જો વાંચનાર—એક મુસલમીન પાયજામા, અબદુલની કસબી બંદી અને એક લાલ મોગલ ટોપીમાં સજ થઇને જાલને ત્યાં તે જવાન બારીસ્ટરનાં બુટને પાલીસ લગાડતો આ એકવારના તુમાખી તબીબને તું જો. તેણે પોતાની મુછ અને દહાડી બીલકુલ બોડાવી નાખ્યાં છે અને તેની લગાર ગોરી ચામડી એક જાતની રંગની રસાયણી મેળવણીથી સામળી મારી ગઇ છે. આંખપર તેનો રાએતાનો આઇગ્લાસ નથી, મ્હોં ઉપર હંમેશનું જવાનીનું જોસ નથી. ઓ કીસમતના કેહેર! ચોમેરથી આ તારી કેવી કરડી ક્રુર શીક્ષા! ઇંગ્રેજીમાં કહેતી છે કે "નાશની આગમજ ગરૂરી દોડે છે." નાશ—સત્યાનાશ—તેબી વળી કેવું! તકદીરની તાસીરે એકવારના મીજાજી અદીને હવે અંતે કેવી દયા કરવાજોગ હાલતે ગજબના ગારમાં પછાડી નાખ્યો હતો તેની ગવાહી એ અગાઉના મારતેમીયાં મગરૂર તબીબના હવે બીલકુલ ઉતરી જઇને લાઇલાજ થઇ ગયલા મુખડા, ધાસ્તી અને લાજથી ગળગળતા તેના નખાઇ ગયલા સાદ, હીણુપસ્તી અને હાડમારીથી તેનાં ઝુમી ગયલાં ડોકાં ઉપરથોજ પહેલી નજરે પુરેપુરી મળતી હતી. જવાનીની ઝુમનો આગલો તુંદાઇભર્યો તોર હવે હવામાં

ઉડી ગયો હતો. કુદરતના મારે અદીને નરમ ઘી કેટલી હદ સુધી બનાવી મેલ્યો હશે કે તે એક સાધારણ મુસલ્લમાન ચાકરનો લેબાશ સજી ભોંયપર બેઠોબેઠો એકવારના પોતાના હરીફનાં બુટ સાફ કરવાની પંકતીએ વટીક ઉતરી પડવાને કબુલ થયો હતો.

"અદી!" જાલનો બહુજ ધીમો સાદ નીકળ્યો, "કાંય ફાંફાં મારેછ, દોસ્ત? હમણા કોઇ આવવાનું નથી. તારો દેખાવ એવો ફેરવાઇ ગયો છે કે સગો બાપબી પહેલી નજરે ઓળખી નહી કહાડે. ગઇ કાલે રાતના કોરોનરની જુરીમાં તુને 'ગીલ્ટી' ઠરાવ્યોછ, પણ બાપ જનમમાં પોલીસને આય જગાએ સુંઘારા લેવાની શુધ્ધી આવવાની નથી. ઉઠ અદી, એ લોક તો એમજ હજુર સુજમાં રોજા ખોલેછ કે આપુને બે જણાને કુતરા બીલારાનું વેર છે ને તેથી હું તો સાંમો લાગ ફાવે તો તારો ખીલો ઉપાડ કરવા વગર રેહુ નહી. જો હમણા છ વાગવા આયા ને સુરજ અસ્તબી પામ્યો. અબદુલ, આપુને આજે નવ વાગે હોરીમાં બેસીને તારાં મોદીખાનેનાં ઘેરમાં જવાનું છે, નહી?"

"હાજી, બોટ આએ કીનારે તઇયાર છે." સાચા વફાદાર અબદુલે જવાબ દીધો. "અરદેશર શેઠ, એમ હીમત નહી હારી જાવો, મારૂં મોદીખાનેનું ઘેર તદન સલામત છે. અહીંથી આપુને નીકળી તો જવુંજ જોઇયે. થોરા દાહરામાં પોંડીચરી સટકી જવાય તેટલાં એ મારાં મોદીખાનેનાં મકાનમાં તમુને કોઇ કારૂં કુતરૂં પુછવા આવવાનું નથી."

અદીએ એક હાય મારીને હાથમાંનાં બુટ ફેંકી દીધાં અને ખુણામાં જમીનપર ફસડાઇ પડી પોતાના બે હાથોમાં મ્હોંડું ઢાંકયું. નક્કી ડાકટર અરદેશરે સદંતર પોતાની હીંમત

છોડી દીધી હતી. તે અભાગ્યો ત્યાં બેસીને ખરે મને ડચકાં ખાતો હતો.

જાલ જઇને તેની આગળ ગુઠણમંડીએ બેઠો અને તેનો બરડો પસવારવા લાગ્યો. "ચેરાં શું કહારેછ, અદી!" તે બહુજ માયાથી પટાવીને બોલ્યો. "એવી વખતે એમ આપણે નાહીંમત થવું નહી જોઇયે. ઉઠ દોસ્ત, તું મારીપર ભરસો રાખ. જો મારો અબદુલ તુંને બચાવવાવાળો કેવો છે! અમે તારા બાલને ઇજા નથી આવવા દેવાના, અદી. તું બેગુનાહ છે એટલે થોરા દાહરા જરાક એમ સાવચેતીમાં રહીશું તો ખોદા કરશે તો હું તારૂં નીરદોશપણું જગતને પુરવાર કરી આપશ. મને તારો પોતાનો ભઇ સમજ, અદી. બને તાંહ સુધી હું તુને બચાવશ—પણ ખોદાયને ખાતર હમણા જરા હુશીયારી રાખ. ને લે, સવારનું કંઇ મોહનાપર મુંક્યું નથી. આટલી બીસકીટ છે તે ખા."

નીમકહલાલ અબદુલ એક બાજુએ ભીતને અઘેલી અદબ વાલીને શોકાતુર ચસ્મોએ આ બે જવાન શેઠો ગમ જોતો હતો. ખરેખર તે નોકર આદમી નહી પણ એક હીરા જેવો કીમતી મદદગારજ આ જીવલેણ ઘડીએ જાલને તથા અદીને થઇ પડ્યો હતો.

"આજે સવારના પોલીસ ચોકીપર હું પેલા ડીટેકટીવ રામચંદર પાસેથી મરી ગયલા આદમીનાં કપાળપર વીંટીનો છાપ પરયોછ તે જોઇ આયો, સાહેબ," તે હળવેથી બોલ્યો, "એક થોરા દાહરા જો આપુને દમ ખાવાના મળે. તો ઘણું કરશું—પણ તેટલાં અરદેશર શેઠ પકરાવા નહી જોઇયે. પકરાયા તો પછી કામ મુશકેલ થશે. એમાં થોરા પઇસા ખરચને સારૂં જોઇશે, જાલ શેઠ, પણ તે તો આજ કાલ હું ડેડીબઇ દાવર પાસેથી લઇ આવશ———"

ફરાક દેનો કે જાલ એક બીધેલી હરણીની પેઠે કુદી ઉભો થયો.

"કોણ પાસથી!" તેણે અકળાઇને લગભગ બરાડ મારી. "એ શું બોલી મરેછ? વરી ચકાસ્યો કે, અબદુલ? ખબરદાર,–"

"બેઅદબી માફ છે, જાલ શેઠ." અબદુલ મુછમાં હસી હીમતથી બોલ્યો, "આય બાબદમાં મને મારો રસ્તો લેવા દેશો તો ફાયદો છે. મારો બાપ પોલીસમાં પંદર વરસ જમાદાર ઉતો તે તમે જાણોછ ને ખુનના જેવા એક મુકદમામાં પઇસાની કેટલી જરૂર પડેછ તેનો મને કંઇ ખ્યાલ છે. એ કામ મને સોંપો ને તેમાંથી કંઇબી આરૂં થાય તેનો જોખમદાર હું છેઉં."

આટલું બોલી જાલ કે અદી તરફના 'પ્રોટેસટનો' એક બોલબી સાંભળ્યા વીના ઝડપમાં અબદુલ ઓરડો છોડી ધડાકા સમેત નીચે ઉતરી ગયો.

* * * *

અંધારી કીલ રાતના સાડાનવેક વાગતાને સુમારે તારાઓની અચોકસ અપુર્ણ રોશનીમાં એક નાનું કોટીયું મોટા કોલાબાના કાંઠા આગળથી નીકળેલું ધીમે ધીમે પાલવા બંદર આગળથી હેરીયું લઇ પથ્થર બંદર તરફ પાણી કાપતું આવતું હતું. દરીયો લગાર તાણુપર હતો. કોટીયામાં બેઠેલા ત્રણ જણા ઓસ્તવારીથી હલ્લેસાં લગાવી આમથી તેમ ડોળા ખાતી બોટને સમતોલ રાખવાની મહા મેહનતે પેરવી કરતા હતા.

"પાંચ મીનીટ બીજી! જરા ધીરજ રાખો, અરદેશર સેઠ," અબદુલ બહુજ ધીમેથી બોલ્યો, "મોદીખાને એકદમ કીનારે મારૂં ઘર આવેલું છે એટલે બોટમાંથી ઉતરતાંજ અંદર આપણે પેસી જઇશું. પણ ખુનની રાતે તમે પહેરેલાં

કપરાંનું બંડલ આપરે સાથે લઇ લીધુછની—તે કાંહ મુક્યું ?"

"આય શું—મારા પગ આગળ નીચે છે. અબદુલ એ કપરાં કાંય સાથે લીધાં હોશે ? નકામી એ પીરા શું કામ માથે હોરી ? અંદર અદીના વીઝીટીંગ કાર્ડ છેની ! પણ શું છે અદી ? એમ વાંકો ટીકો થઇને ટીંગાયા કાંય કરેછ ?"

"અરરર ! અહીં કોઇ માણુસ પાણીમાં તફરયાં મારેછ !" અદી ધારી ધારીને પાણીની સપાટી ઉપર તરતા માણસના એક કાળો આકાર ગમ જોતાં બુમ મારી ઉઠયો "જો, જો, કોઇ બીચારો તણુઇ આવેલો લાગેછ. સબુર, સબુર,—મને તરતાં આવરેછ——"

આમ બોલી હજી તો જાલ કે અબદુલ તેને બાજુમાંથી પકડી થોભાવે તે આગમચ અદીએ એક ઝોંક મારી બોટમાંથી દરીયામાં નખાવી દીધું. તેના આમ કુદી પડવાના આંચકાને લીધે બોટ તો જાણે વાંકી ચુકી થઇ જઇને ઓય ડુબી જવાની હોય તેમ ઉછળવા લાગી. પણ અબદુલ એક અથંગ ખલાસી બચ્ચો હતો. તેણે ઘણી કુનેહથી બોટની બીજી બાજુએ કુદકો મારી તે મછવાને સમતોલ બનાવ્યો. જાલ દમ ઘુંટીને આંખ્યો તાણી તાણી બલતવારીથી પાણી કાપતા અદી ગમ જોતો ત્યાં અકડી જઇને સાવજ જેવો બેસી રહયો.

ખરેખર ! દરીયાની તોફાની સપાટી ઉપર કોઇ હીણભાગ્ય આદમીનું શરીર ચતુંપાટ પડી આમથી તેમ મોજાઓની સાથે સાથ ઉછાળા મારતું હતું. જોરમાં વામના હાથો મારી અદી બે મીનીટમાં તે આકારની લાગોલગ પહોંચ્યો અને એક ચુનંદા તરનારની સીફતથી તે માણસને એક હાથે બગલમાં મારી બોટની આગળ ચાલ્યો. અબદુલ અને જાલને હવે કહેવું પડે તેમ ન હતું. તેઓએ પોતાના સઘળાં જોરથી અદીગમ હલેસાં

મારી બોટ હાંકી અને એક મીનીટમાં તો અદી તેમજ તેનો પેલો ડુબી ગયલો બોજો બોટની અંદર આવી પડયા.

"એ જીવેછ કે?' જાલે હોડ બીડીને હાંકતાં હાંકતાં ઈંતિજારીથી પુછ્યું.

પોતે થાકીને લુસ થઇ જવા છતાં અદીએ વાંકા વળી પેલા ડુબેલા શખ્સની નાડી જોઇ અને છાતીનો ધપકારો તપાસ્યો.

"નહી," તે નાસીપાસ થયલા અવાજે હળવેથી બોલ્યો. "એ તો કાહરનો મરી ગેયલો લાગેછ. ગરીબ બીચારો! કોઇ તદન જુવાન પચીસ તીસ વરસનો પારસી છે. જાલ—આય કસ્તી સદરો જોયો કેની?"

જાલે છેક વાંકુ વળી ઘણુંજ ધ્યાનથી તે મુવેલા જુવાન જરથોસ્તીનો ચેહેરો જોવાની કોશેશ કીધી. બારાંની ઝાંખી રોશનીમાં ત્રણુંડે જણાઓએ શું જોયું? તોબાહ! તે કમભાગ્ય પારસીનો ચેહેરો કાંઇ એવી તો ખરાબ રીતે છુંડાઇ અફળાઇ ગયલો હતો કે બીલકુલ મોહોડું તો ઓળખતુંજ નહી હતું. ત્રણ મીનીટ આ વીચીત્ર નવા પરોણા સાથ બોટને હલેસાં મારતાં તેઓ આગળ વધ્યા.

અંતે અદીના ઘાડા ખોખરા સાદે ચુપકીદી તોડી.

"આય તો ઉલટું તદન ખોટું થઇ ગીયું!" તે રડમેસ સાદે બોલ્યો. "એને બચાવા જતાં ઉલટા આપરે ફસી ગીયા! એ તો વળી પાછું પોલીસનું ને જુરીનું કોફરસ્તાન થશે! હવે કેમ કરીયે? પાછો એને પાણીમાં ટપકાવી દેઇયે?"

"નહી સાહેબ," તે મુસલમાન નોકરનો પરગરો અવાજ નીકળ્યો. "એ તો ખોદાયને ઘેરથી આપરી મદદે ઉતરી આયોછ. અરદેશરજી, તમે એક મુરદું બચાવ્યું નથી. તમે

તમારો જીવ ઉગારનાર એક ફરેસ્તો બચાવ્યોછ. કેમ જાલ શેઠ, ખરૂં કેની!"

આટલું બોલતાં અબદુલે હાથમાંનું હલ્લેસું બાજુએ મેલી દીધું અને તરાપ મારી જાલના પગ નીચેથી પેલું કપડાનું બંડલ ખેંચી કાહડી ઝડપમાં ખોલ્યું. પછી અદીના ટુકા કાળા ડગલાને અંદરથી બાહેર કહાડી જાણે પોતે દીવાનો થઈ ગયો હોય તેમ તેનો એક છેડો હાથમાં પકડી થોરો ટુકડો ચીરીને ફાડી નાંખી છુટો કરયો અને દરીયામાં ફેંકી દીધો. પાછો ડગલો તે બંડલમાં ઘુસાડી તે ગાંસડી તેણે પાછી બાજુએ મેલી.

જાલ તો ભખરઈને અબદુલનું મ્હોંડું જોવા પડયો. "શું છે અબદુલ? ઝટપટ બોલી દેની!" તેણે કચવાઈને અધીરાઇથી પુછ્યું.

"જોવો જાલ શેઠ, અર્દેશર ગોરા છે અને આય માણુસ બી ગોરો છે. અર્દેશરજી કરતાં જરાક વધારે ઉંચો છે, પણ તેની ફીકર નહી—એનું મોહડું તદન બીગડી ગયલું છે—"

"એ તું બકેછ શું, અબદુલ? આજે તારૂં માથું ઘુમેછ?" જાલ ઘણોજ વીસમય પામીને મોટેથી તરડાઈ પડયો.

"નહી, શેઠ મારા. થોરો વખત અરદેશર શેઠની પુઠે પોલીસને લાગતાં આપરે અટકાવવા છે કેની? તો બસ, આય મુવેલો માણુસ આપરી તે મકસદ પાર પાડશે. લોકોને સમજવા દેવો, સાહેબ, કે અરદેશર શેઠ ખુન કરીને દરીયામાં નાસવા જતાં આય પરમાણે——"

"મારા ખોદા! હવે હું સમજયો," અદી પોકારી ઉઠયો. "આય બીચારા માણુસને મારા તરીકે તું પસાર કરવા માંગેછ!"

"જી, હા. બસ તમે એને મારે તાંહ લઈ ચાલો. ખુન-વાળાં દીવસે તમે પહેરેલાં કપરાં એને પેહરાવી ગજવાંમાં

તમારો કાર્ડ કેસ રાખી એને પાછો રાતે પાણીમાં તરતો મુકી દઇશું—અટલે પછી કંઈ વાંધો રહેવાનો નથી. મોહડું નહી જોવો, સાહેબ. મારી ઉપર વીશવાસ રાખો. તમારા ડગલાનું કપરૂં મેં થોરૂં ફારી નાખ્યું છે—ડીટેકટીવોના દાદાનેબી હવે શક જવાનો નથી."

પ્રકરણ ૪૪ મું.

"અજબ ગજબ જબુન"—કમબ્ખતીના કાસદો.

યા ઇલાહી—પલકવારની રમતમાં આ શુંનું શું થઇ ગયું! ગમમાં ડુબેલી 'ગુલાબવાડી' ઉપર ખુનને ત્રીજે દીવસે સવારના સુર્યનો છાયો નહી પણ ધોયા શોકનો સીહા સાહયો પંથરાઇ રહેલો હતો. નીચે ભોંયતળીએ મોબેદોનાં ભણતરના ભયભીત ધમધમાટ સીવાય ગંધાર સરીખું તે આખું મકાન ફાળ ખાઇને જાણે ચુપકીદીમાં નસોસ પડેલું હતું. આ શો ગંભીર ગજબ! ઓચીંતી આફ્ત વરસી તેને છત્રીસ કલાક વહી ગયા—જાણે એક બીહામણા સ્વપના મીસાલ એટલો વખત પસાર થઇ ગયો. મેહેરનોશજી વજીફ્દારની મરણ ક્રીયા થઈ ચુકી હતી અને હવે "ગુલાબવાડી"ને બીજે માળે એક ઓરડામાં બીચારી એકળવાઈ ચાર અબળાઓ નાહીંમત નામુરાદ બની દુઃખી જીગરે સહીત સરજતને શરણ થઈ બેઠેલી હતી.

મેહેરનોશજીના ખુનને બીજે દહાડે સવારના તેવણની પાયદસ્ત નીકળી કે તેજ વખતે કેટીની મરજી મુજબ પાથરણું

ઉંચકી નાખવામાં આવ્યું હતું તથા ઓટલો કાહડી નાંખવામાં આવ્યો હતો. આવા એક ગમખાર ગભરાટના વખતમાં આસપાસના ઓળખીતાં પારખીતાંઓને મળવા મુકવાબી "ગુલાબવાડીના વૈરાંઓ"એ ના પાડી હતી–એટલે ત્રીજે દાહડે પરોઢયાંમાં તો આ "વાડી" સુમસામ બીયાબાન બની ને મુંગી માહેતમમાં ઝુકતી પડેલી હતી.

બે રાતોનો ઉજાગરો કરીને ઝુમાઇ ગયલી બીચારી ચાર દુખી સ્ત્રીઓની હાલત દયા ખાવા લાયક હતી. રાતના સુતું હતું કોણ? ખુન કરી નાસી ગયલા એક નવજવાનની મા, માશુક અને પીત્રાઇને ઉંઘ જેવી ચીજજ કયાંથી હોય? બબે રાત અને એક આખો દહાડો ચારો જણાંઓ–હમાયજી, સુનામાસી, કેટી, શીરીન–રડી રડીને પોતાની આંખ્યો સુજાવી રહ્યાં હતાં. ગરીબડી શીરીન! હોઠની અડોઅડ આવેલો સુખનો પ્યાલો એકવાર પાછો જમીન પર છટકી ગયો અને આ વળી નવી જફા! કુમળાઇ સુકાઇ ગયલો જીવ બસ હવે વધારે વીલાપ કરવાનેબી ના પાડતો હતો—અને ગમનો ઝરો છુટી ગયલો હતો. એક જાનવરની પેઠે સુધ્ધ બુધ્ધ ગુમાવીને એક ખુણામાં ઉજળા સપ હોઠો સાથ આખો વખત તેણી ખાધાપીધા વગર પડી રહી હતી. સુનામાસી બીચારાં આંખપાણી કર્યા કરી સુનાબાવરાં જેવાં બની બેઠેલાં હતાં અને કશોબી દીલાસો સાંભળવા ના પાડતાં. હમાયજી–

આહ! એક માતાની લાગણી તું શું સમજે છે! ગરીબ બીચારાં હમાયજીની તું કદર ખા, વાંચનાર. એકપુરા ઓવાર્ઇ નવાઇના બેટા ઉપર આ માતાની કેટલી મદાર હતી—અને તકદીરે તેને એક મગતરાં મીસાલ કેમ કચડી નાખ્યો! ખુનનો આરોપ! હંમેશના તામસી સ્વભાવનો આ પોર્યો

અક્કલ ખોઈ દઈને ગુસ્સાના આવેશમાં આખરે એક માણુસનો જીવ લઇનેજ દર પડયો ! પોતાના વાહાલા દીકરા—પોતાની એકલી આશા—નો ફાંસીએ ચઢવાનો અંતે ફેજ ! અરેરે, બીજાનાપર પછડાઈને હૈયું ફાટી જાય એવી કલાપીત કરતાં હમાયજીને સધીયારોબી કેમ આપવો તે ફગલાઇ ગયલી કેટીને સમજ પડતું નહી હતું. ફૈર કુદરત બાપડા અદી સાથ પહેલે ઘરથી કેવો દગો ફટકો રમી—કીસમતે તેને મોટી મોટી ઉમેદોમાં ઉછેરી આયંદે કંગાળ પાયમાલીમાં કેવો પછાડી નાખ્યો !

સદાના ઉછાછળા આકળા અદીએ એક અશુભ ઘડીએ મીજાજનો કાબુ સદંતર ખોઇ દઇ પોતાના કાકાપર છરી ઉગામી—એ વીશે તો ચારો જણાના મનમાં હવે કતરાભારબી શંકા ન હતી. શું શું સંજોગો વચ્ચે અદીને છેક ખુન કરવા જેટલી પંકતીએ ઉશકેરાઇ જવાને દાઢાબળ્યા મેહેરનોશજીએ કારણો આપ્યાં હતાં તે કેટીએ કાનેકાન સાંભળયાં હતાં અને નજરોનજર જોયાં હતાં. કમભાગ્ય કાકાને આ અભાગ્ય ભત્રીજો ઘર ફરતી વેળા પાછો મ્હોંડે મ્હોંકું થઇ ગયો હશે અને મેહેરનોશજીએ તેને ફરીથી એકદમજ ખુણે દાબ્યાથી તે જીવપર આવી ગયો હશે—અદીનો ઉછળી આવેલો પીતો વધુ વાર સમાઇ શકાયો નહી હશે—અને મેહેરનોશજીને દબરાવવા જતાં તેનાથી છરી આડીઅટારી ઉગામી દેવાઇ હશે. આ સઘળું "ગુલાબવાડી" ના એકકે એક માણસને મનથી દીવાની જોત મીસાલ ખોલ્લું હતું. ગમે તે સબબોથી અદીએ હુલ્લડાઇ કરી—પણ ખુનના ભયાનક આરોપ માટે તે તકસીરવાર હતો એ વીશે તો હમાયજીને કે શીરીનને કે કેટીને વકીલ જરાબી વેહેમ નહી હતો. કારોનરની જુરી આગળ જે જે જબાની પડી ત્યાર પછી વેહેમ હોયજ શું ?

અહી એક ખુની તરીકે ગુનેહગાર ઠરયો એ એક અફ્સોસ—અને કાયદાની કીનાખોર ચુંગાલમાંથી છટકવા માટે ઘરબાર, સગાવહાલાં છોડી ભુખો પ્યાસો, લાચ.ર નીરાધાર એક કંગાળ શેકારની પેઠે તે ખુણે ખંટોલે કુત્રાં માફક નાહસ્તો સંતાતો ફરી પોતાની જીંદગીને શ્રાપ દેતો થયો એ બીજો અફસોસ.

કેટી દાવરનું દીલ પોતાના પીત્રાઇને માટે દગદગી જતું હતું—પણ હવે અફ્સોસ કર્યામાં હાંસલ શી ? લાઇલાજ બનીને તેણી સુક્કી ટસ શોકાતુર આંખ્યોએ સામસામી માહેતમ કરતાં હમાયજી તથા શીરીન ગમ જોતી માથે હાથ દઇને એક સોફા ઉપર પડેલી હતી. ભાગ્યે સાડા સાત આંહનો અમલ થયો હશે. ઓરડાનું બારણું અલગું હતું. બાહેર ઉંબર આગળ કેટીની તેણીની માનીતી જુવાન આયા અમીના ફસરડા મારીને બેઠેલી હતી. જયારથી કારભારણ શેહરાંની ખરી હાલત જણાઇ ગઇ ત્યારથી કેટીએ પોતાને ત્યાં એ દુખીયારીને પોતાની એક બેહન તરીકે ખરાં હેતથી રાખી હતી—અને તેણીને બદલે ઉપર ઉપરનું કામકાજ કરવાનું આ મુસલમાન આયાને સોંપી આપ્યું હતું. દેખાવળી ચપળ અમીનાએ થોડા દહાડામાં પોતાનું નવું કામ ઘણુંજ અચ્છી રીતે ઉપાડી લીધું હતું. પણ પોતાની નવી 'ડયુટી'પર તેણી ઠરીઠામ થાય તેટલાં તો આ ન ધારેલી હોનારત બની ગઇ—અને અમીનાઓ પોતાની શેઠાણીઓની માફકજ ડઘાઇ ભખાઇ જઇને ઓરડાની બાહેર ભોંયપર બેઠી બેઠી પરમ દહાડાની રાતે વીતી ગયલા બનાવ ઉપર ગોર કરતી હતી.

પોતાના ખ્યાલોમાં અમીના મશગુલ છે તેવામાં દાદર ઉપર કોઇના જોરમાં ચઢવાનાં પગલાં સાંભળી તેણી ચમકીને

ઉઠી ઉભી થઇ. એક મીનીટમાં હાંફ્તા હાંફ્તા કોઇ લોફર જેવા બે પારસીઓ ધભર ધભર દાદર ચઢી તેણીની ગભરાયલી ચસ્મો સામે આવી ઉભા.

"તારી બાઇ કાંહ છેરે?" એક જણે દમમાંજ કમ્મરે હાથ દઇ છાતો કહાડીને પુછ્યું.

"અંદર છે. કોઇને મળવાનાં નથી. તમે શું માગોછ?" અમીનાએ લગાર બીહને પુછ્યું.

"અમુને અગતના કામસર એવણુને મળવું છ—જા, જઇને કેહ કે ગુસ્તાદજી કાનફ્ટીયા તાબરતોબ મળવા માગે—"

"ને હંગાથે ચાનજીબી આવેલો, હઉવે!" બીજાએ ટાપસી પુરી.

અલબતાં સહવારના પોહરમાં ઉતરી પડેલા આ બે અણગમતા પરોણાઓ પેલી કાકા ભત્રીજાની નમુનેદાર જોડી—ગુસ્તાદજી અને ચાનજી—હતા. અમીના આ બંને કોચીના સાહુકારોને આમ ધાંધલ કરતા આવેલા જોઇ જરા ગભરાઇ ખરી, પણ તે પોરીમાં મુસલમાન ખમીર હતું. બંધ બારણાની આડે બે હાથ પોહળા કરી તેણી હીમતથી ઉભી રહી અને મોટેથી બોલી,

"નહીજી—આજે બાઇ સારીકાની નથી. અંદર નહીં જવાય—તમે ચાલી જાઓ. બીજી વખત આવજો——"

"ચે? એ કાંહ મરે! અરે બીહની—નીહતો એક ફુંક મારા તો બારીવાટે ઉડી જાહે!" આમ કહી ચાનજી કાનફ્ટયાએ અમીનાને ખભાંમાંથી પકડી એક તણખાંની માફક બાજુએ બીસાડી મુકી.

અમીના ખુબ ફ્ફડીને મોટે મોટે બુમ પાડવા મંડી—પણ તેણી શું બખાળતી હતી તે ગુસ્તાદજીએ કે ચાનજીએ

સાંભળ્યું નહી, કારણ કે તેજ પળે બારણું આસ્તેથી ઉઘાડી કેટી દાવર ઉંબરપર આવીને ઉભી રહી હતી.

એક પરસ્તાનની હુરીની પેઠે કાળી સાડીમાં સજ થયલી આ સુંદરી એવા તો ટેક અને ઠસ્સાથી કમ્મરે બે હાથ દઈ પોતાની કાળી ભમ્મર આંખ્યો એઉ મુજી બચ્ચાઓ ઉપર ફેરવી રાખીને ત્યાં ઉભેલી હતી કે ખરૂં નરૂં કરી નાખવાના મનસુબાથી આવેલો ગુસ્તાદજીબી એક પળ જરા ઝંખવાઈ ગયો.

"તમે શું માગોછ?" કેટીએ દમામ સાથ પોતાના મનોહર પાંપણ નમાવી હળવેથી તોરમાંજ પુછ્યું.

"એ ચીજ—પૈસા ને પેલી હરામખોર દુકતી શીરીન!" ગુસ્તાદજીએ તેવાજ મીજાજથી ઉતર વાળયો, "મને મારી સરત પરમાણેના ચેક મલ્યા નથી. મેં તમુને એક મુકીને ચચ્ચાર રેજીસ્ટર કાગજ લખીયાં, પણ તમે અખારા કરી જાઓછ. મારી પરણેતર ધણીઆણી પાસથી મારા હકના રૂપીઆ લેવા આજે હું પોતે અહીં આયોછ."

કેટીના ડોળામાંથી જાણે ધીક્કાર અને કમકમાટનો આતશ ખરી પડતો હતો. જોરમાં હોઠ કરડી રાખીને તેણીએ એકુ મીનીટ પોતાની લાગણી થોભાવી.

"ને આય માણસ શું માગેછ?" તેણીએ તીરસકારથી ચાનજી તરફ નજર ફેંકીને ગુસ્સાભેર દબાયલા સાદે પુછ્યું.

"એ?——એ મારો ભત્રીજો થાય. પોતાની અદરાયલી બઇરી જે નાસી આવીને અહીં ભરાઇછ તે માગવા આયોછ. મારી સાથ એટલી તરછોર શું કામ કરોછ? અમે સીધે સલુક કામ લેવા માંગીયેછ——"

"બસ બસ!" કેટીનો ખોખરો નાખુશ અવાજ આસ-

પાસની ચુપચાપ વચ્ચે ગણુગણી રહયો, "તમુને ને તમારા ભત્રીજાને હું બરાબર હવે ઓળખુંછ. આવે વખતે અહીં ઉખરા જેવા બે જણા ચાલી આયા—તમુને જોઇનેજ મને ધ્રુજરાં છુટેછ!"

ગુસ્તાદજીએ કેટીના ગમગીન મક્કમ ચેહેરાપર એક નજર ફેંકી અને એક લોહીનો ગોટ ગળ્યો.

"ઓહો! બાઇ સાહેબ, એટલાં બધાં મીઝાઝમાં મરી રહેલાં છેઓ? એ બધી ગરબર જરાક થોરો વાર ઉંચી મુકો ને કોણુની સાથ તમુને કામ લેવાનું છે તે યાદ રાખો કેટી-બઇ, કંઇ નહી તો તમારા પરણેલા ખાવીંદને જરાક ઓરડામાં દમ ખાવા તો દેઓ."

કેટીના બદનમાંથી એક લખલખું પસાર થઇ ગયું. "પરણેલો ખાવીંદ!" યા દાદાર અહુરમઝદ! આ કઠોર શબ્દ તેણીના કાનમાં તાવેલાં સીસાંની પેઠે રેડાયા.

"ગુસ્તાદજી કાનફુટયા! તમુનેબી કોણ સાથ કામ લેવાનું છે તે જરા વીચારીને આગળ ચાલો," તેણી દાંત પીસીને જાણે હીસ—હીસ કરતી અને એક દેવસ્થાનની ડાકણ પેરે ડોળા ચમકાવતી બોલી, "હું કંઈ શીરીન ગાંધી નથી—સમજયા? માથાંથી પગ સુધી હવે હું તમ્રને અને આએ લુચ્ચા પોશાગીરને ઓળખુંછ. મારી તરફથી પૈસા તમુને મલતા શું કામ બંધ થયા તે બોલવાનેબી મારી જીભ શરમાયછ. જાઓ—મારા પોતાને ખાતર હું તમને તમારી સજાએ પોહોં-ચારવા અટકી જાઉછ. હાથમાં પૈસા આપી તમુને દોજખના ગારમાં વધારે ઉંડા હોમાવા હું સાફ ના પારૂંછ. ને શીરીન ગાંધીને વાસતે સેહજમાં ચેતી જાઓ કે તે બીચારીની ઉપર તમે જે જે દુઃખો પારશાંછ તેજ તમુને જીંદગી સુધી તરીપાર

મોકલવાને પુરતાં છે. બસ કાલું કરો હવે અહીથી--નહી તો મારા માણસો તમુને ધકકા મારીને બહાર કહાડશે.”

બાપજી આવો! એવા તો ઉશકેરાયલા સાદે અને લાલચોળ તપી આવેલા મુખડાએ કેટી ઉપર મુજબ બોલી ગઇ કે થોડો વાર ગુસતાદજી અને ચાનજી બંને જણા તેણી તરફ ટગર ટગર જોતા ડંગ થઇ ઉભા રહયા. એક રતી ભારબી નમી જવાની કેટી નીશાની દેખાડતી નહી હતી. એ દીવસ ઉપર બનેલા બનાવથી અકળાઇ ગયલી આ માથાંની ફેરાવન છોકરી ખરેખર હવે છેલ્લે પાટલે બેસીને તડને ફડ કરી દઇ પોતાના દીલમાં ભરાઇ રહેલો ઉભરો ખાલી કરવા તયાં મકકમ મને દાંત કચકચાવતી ઉભેલી હતી.

“તારે તમે તમારી સરતો રદ કરવા માંગોછ?” ગુસતાદજીએ થોડીક પળની ચુપકીદી પછી આખરે પુછયું.

“તમારા જેવા કંગાળ કુતરા સાથે મેં સરત કીધી તે વીચારથીબી મારૂં મોત થઇ જાયછ.”

“ને તમારાં પગલાંનો બધો જોખમ લેવા તમે તઇયાર છેઓ?”

“હા, મને તમાંરી સાથ વધારે વાત કરવી નથી. અમીના, માણસોને બોલાવીને આય લોકને અહીથી બાહાર કાહર.”

આટલું બોલતાં પીઠ ફેરવીને કેટીએ બારણું પાછું આ કાકા ભત્રીજા સામે બંધ કરવા માંડયું.

“સબર કરો,” ગુસ્તાદજીનો ખવડી રાગડો નીકળ્યો, “સાંભળો કેટીબઇ દાવર, એક ધારવાળી તલવાર સાથે એમ ચેરાં કહારવામાં સલામતી નથી. બે દહારાની વાતપર હું અને ચાન આય અમારી વાજબી માગણી શયાણુ સલુકે કરવા તમારી પાસ આવતા’તા–પરમ દાહરે રાતના છએક વાગે અમે અહીં

દરવાજા સુધી આવીબી પુગા—પણ તેટલાં પેલા અર્દેશર ડાકટરે પેલા બુઢા મેહેરનોશજીને છરી મારી એવું રોખરૂં કરી મુકયું કે અમુને પાછું જતું રહેવું પડયું. આજે અમે આવીને તમારી પાસ અમારો દાવો માગીએછ તારે તમે અમુને હરઘુત કરી સાંબાં સતાં થાઓછ! તો ઠીક છે. જ્યારે તમે અમુને દુશમન તરીકેજ ગણોછ તો પોલીસમાં જઇને અમે નજરે નજર ડાકટર અરદેશર વજીફદારને છરી ઉંચકી પેલા ઘરડા બુઅખના બરડામાં ભોકી દેતાં જોયાછ તે વાત કહી દેતાં કોઇ ચીજ અમુને અટકાવતી નથી."

કેટી ઓરડીમાં દાખલ થતી થતી ઉબરપરજ અચકી ઉભી. ગુસ્તાદ કાનફટયાએ આ વળી શું નવો ધડાકો તેણીને કહયો હતો? શું એ બદમાશ ખરૂં બોલતો હશે? જો એમજ હોય તો અદીને કપાલે કલંકની તીલી ચોંટાડવા માટે આખરે બે નજરે જોનારા સાક્ષીઓબી નીકળી આવ્યા! અરે રે! પછી બીચારાં હમાયજી અને શીરીનનો શું અવતાર?

તેણીએ એક ઉંડો નીસાસો ખેંચ્યો અને અરધી મીનીટ ગુસ્તાદજીનાં કંગાલ ડાચાં સામે ધારી ધારીને જોયું. કાંઇ ઝાંસીને આ પોશાગીરનું મોહડું દાબ્યું હોય તો કેમ? કંઈ નહી તો અદીનો ગુનાહ સેવટનો સાબેત થયા વીના તો રહે? પણ નહી. માત્ર અડધીજ મીનીટ તેણી આ લાલચને આધીન થઇ. બીજી પળે તેણીનો મગરૂર ખવાસ પાછો સર્વોપરી થયો.

"તમારી પાંજી આવી હોય તો જાઓ," તેણીએ ચાચવાઇને દાદર તરફ આંગળી કરી બુમ મારી "જાઓ, હમણાને હમણા પોલીસમાં જઇને તમારી વાત કેહો, ને ફરીથી મને તમારૂં કંગાલ મોહડું દેખારતા ના."

આટલું કહી કેટીએ ગુસ્તાદજીનાં મ્હોંડાં ઉપર ધડાક કરતું કે બારણું જોરમાં અફાળી બંધ કર્યું.

મીનીટેક સુધી કાકા ભત્રીજા એકમેકને ટીકવા પડયા ને પછી એક બોલ બોલવા વગર બંને જણા સપાટામા રોંહસાભેર દાદર ઉપરથી ઉતરી બાહેર ચાલ્યા ગયા.

"ઓઇરે મારા બાપ." ચાનજી લાંબી લાંબી ફલાંગ ભરતાં બોલ્યો, "પોરી હું મરચાં ખાય, કાકા!"

જવાબમાં ગુસ્તાદજીએ ફાટી ફાટી આંખ્યોએ પોતાના ભારી ફાટેલાં બુટ ગમ જોયું.

"ચાન," તે દાજખી ધીમા સાદે બોલ્યો "મને લાગે કે સીધે સીધું આ સુનેરી ચલ્યું આપરા હાથમાં ઉડી આવવાનું નથી. એ રાન કાભા બરાબર જાણેછ કે આપરે પોલીશના ઉંબર આગળબી ફટકી શકવાના નથી–તેથી આજે આપુને દાંતમાં ખાસરૂં પકરાવ્યું. ઠીક છે–તું હમણા તો ચાલ. એ વાંકી આંગળી વગર ઘી નહી નીકળવાનું."

બને જણા 'ગુલાબવાડી'ના બગીચામાંથી ઝપાટામા બાહેર પડયા. જેવા તેઓ દરવાજા આગળથી દુર થયા કે પાસેની ઝાડીમાંથી અબદુલ એક કુદકો મારીને બાહેર આવ્યો અને એક ઝાડને ઓથે અદબ વાળી આ ચાલ્યા જતા બે જણાની પીઠ ગમ ધારી ધારીને જોતો થોડોવાર વીચારમાં સ્થીર ઉભો.

"ઓહ–હો!" તે ભવાં ચહઢાવી જીવ સાથ બબડયો "બાજી અહીં બધી મંડાયલી દેખું! માલી કેહજે બે પારસીઓ ઉપર ગીયાછ તે હું જાણું કે કોણ હોશે! કેથા આય બે નંગો ઉતરી પડેલાં! ગુસ્તાદ અહીં! યા અલ્લાહ! એ વળી શું નવો ગરબર ગોટો છે?"

થોડોવાર ગુચવાઇને અબદુલે બે હાથે પોતાનું માથું

દાબ્યું અને પછી કંઇ અદભુત ખ્યાલ તેના મગજમાં પેસી ગયો હોય તે મીસાલ તેના ડોળામાં એક અસાધારણ જાતનો ચમકાટ ફરી વળ્યો.

જાલના વીશવાસુ નોકર તરીકે અબ્દુલ અગાઉ ઘણીવાર પ્રેમના પેગામો લઇ 'ગુલાબવાડી'માં આવતો જતો હતો. જવાન કેટી દાવરને પોતાના શેઠની માશુક તરીકે તે સારી તરેહથી પીછાની જાલના જેટલુંજ માન આપતો હતો. કેટીએબી અબ્દુલને પોતાના સુખી દહાડાઓમાં અવારનવાર હસ્તે મોહોડે આખા ને આખા ચળકતા રૂપીઆ અલ્લગસે આપી દઇ તેને રાજી રાજી કર્યો હતો. પણ જ્યારે પાછળથી જાલ અને કેટી વચેનો સંબંધ તુટી ગયો ત્યારે અબ્દુલબી પોતાની આ મેહેરબાન શેઠાણીની મુલાકાતે આવતો બંધ થયો હતો. જાલની મોહોબતમાં કેમ ખતરો પડયો આ પ્રીતીવંતું જોડું સંધાતાં કેમ અચકી ગયું અને વચમાં આ બદમાશ ગુસતાદ કાનફટયો કેવી રીતે નડવા નીકળી આવ્યો એ સઘળું અલબતાં અબ્દુલને અણીથી પણી સુધી રોશન હતું. જો કે ગુસ્તાદજી કાનફટયા સાથ માત્ર નજરે ઓળખવા સીવાય અબ્દુલને વધુ કશી પીછાન નહી હતી—જો કે ગુસ્તાદજીએ તે મુસલમાન નોકરને જનમમાં જોયો નહી હતો—તે છતાં અબ્દુલના પીતાના પોલીસ સાથના સંબંધને લીધે આ નામચીન પ્લીડર અને તેના નામાંકીત ભત્રીજાની નેકનામીઓથી તે થોડો ઘણો વાકેફ તો હતોજ. એજ કારણને લીધે આજે જ્યારે તેણે ઓચીંતા આ બદબખ્ત કાકા ભત્રીજાને 'ગુલાબવાડી'માંથી છેડાયલા ગોધાઓની પેઠે ફુંફારા મારતા બાહેર નીકળી જતા જોયા ત્યારે તે ચમકીને થોડોવાર પોતાના વીચારોમાં ચકભમ બની ઉભો રહયો.

પાંચેક મીનીટ પોતાના તુરંગોમાં ગુંગળાઇ તે બંગલામાં જીવ નાખતો કે બમે કુાંદયા કુદતો ઉપર ચઢી ગયો.

પ્રકરણ ૪૫ મું.

આશાનાં પહેલાં કીરણો.

ધડાકા સમેત અબદુલ દાદર કુદાવતો બીજે માળે એવા તો જોરમાં ધસી આવ્યો કે ત્યાં બારણાની બાહેર બેઠેલી અમીના ચોંકીને ઝટ ઉભી થઇ. આજે બધી આવતીજ વરણ હતી. પેલા બે ઢેગરા જેવા પારસીઓ રોખરૂં મચાવી ગયા તેની પુઠેજ આ જાતભાઇ બરમુછીયા મુસલમાનને હાંકતો હાંકતો ચહડી આવેલો દેખી અમીના ગભરાટમાં પડી.

"બાઇ કાંહ છે? ઘણાં તાકીદના કામ સારૂં મને મળ વું છ," અબદુલે પુછયું.

અમીનાના ચેહેરાપરથી ચીંતાનો ચીલ્લો ઉતરી ગયો. આ જવાન શખ્સનો નરમાશભર્યો સાદ અને ખુલ્લો પ્રમાણીક ચેહેરો તેણીને પ્રથમથીજ ઘણો ગમતો હતો. તેણીએ બારણું ઠોકીને હાંક મારી. બે ત્રણ વખત ટકોરા મારવા પછી આખરે કેટીએ બહુજ કંટાળેલાં મ્હોંડાંએ બારણું ખોલ્યું.

"શું છે, વરી શાની ઠોકાઠોક કરેછ?—ઓ! એ કોણ! તું—અબદુલ!"

એક બોલ બોલ્યા વગર અબદુલે પેલું પરબીડું તેણીનાં હાથમાં મેલ્યું. એનવીલપની ઉપરનું સરનામું વાંચતાંજ કેટીના નખાઇ ગયલાં મોહડાં ઉપર રંગ ધાઇ આવ્યો.

'મારાં કમનસીબ માયને મારી વ્હાલી પીત્રાઇ બેન કેટીને અને મારાં જાન કરતાં પ્યારી શીરીનને હાવું પુગે."

અરે! આય તો ડા૦ અદીના અક્ષર! કેટીનો શ્વાસોશ્વાસ કઠણાઇએ ચાલવા લાગ્યો અને તેણીના હાથ ધુજવા લાગ્યા.

"અબદુલ!" તેણીનાં ગળાંમાંથી મહા મુસીબતે સાદ નીકલ્યો. "એ કાંહથી લાયો? કોણે——'

"બાઇજી આ કાગળ જરાક ધીરજથી વાંચશો? મને પછી ખાનગી તમો સાથે જરા વાત કરવાની છે."

કેટીના ગાલ ઉપર રતાસ ચહડી આવ્યો હતો. જાલનો આ માનીતો નોકર એકાએક ત્યાં કાંઇ ખાનગી ખબર લઇને આવ્યો—અદીના દસકતનું કાગલ લાવ્યો—તે દેખી હીમતી કેટીના દીલમાંબી જાણે એક જાતની ધુજરી થવા માંડી. તેણીએ પોતાનો હોઠ કરડેલો રાખી વાંચવા માંડયું—

મારાં વહાલાંઓ,

હું નીરદોશ છેઉં તેની તમુને ખાત્રી આપવાની શું જરૂર છે? અરે હું અભાગ્યાની ઉપર નસીબ રૂઠયું છ. મારો સેતારો કાંઇ વખત થયો આરો પરેલો છે. ખુલાસાથી લખવાની મારી મકદુર નથી, કારણ એક ભુલમાં ખોટો આંકડો લખઇ જતાં કદાચ હું પાછો સપરઇ જાઉં. પરવરદેગારના સમ ખાઇને હું કેહુંછ કે જે અજીમ ગુનાહ થયોછ તેનો હું તકસીરવાર નથી. પણ શુકરાના તે કીરતારના કે મારા ભાઇ કરતાં વધારે વાહલા અને સાચ્ચા એક દોસ્તના આશરામાં હમણા હું સલામત છુપાયલો છેઉં. ઓ મારાં હેતવંતા માએજી અને તમો શીરીન અને કેટી—હીમત રાખજો. કારાં વાદળાંઓબી આસમાન ઉપરથી કોઇ વખત વીખેરાઇ જાયછ. હમણા થોરોવાર તો મને દુનીયાથી

છુપાઇને રહેવુંજ પડશે. કારણ કે મારી સામેની જબાની કાંઈ અજબ તરાંહની મજબુત થઇ ગેયલી છે. પણ આ ચીઠી લાવનાર મારો વીશ્વાસુ બહાદુર અબદુલ્લ થોરા વખતમાં તમો વાહલાંઓ સાથ મને મેળવવાની કબુલાત આપેછ ને આશા આપેછ કે ચંદરોજમાં હું મારાં કપાળપરથી કલંકની ટીલી ધોઈ નાંખી બેગુનાહ ખલક સનમુંખ પાછો ઉભો રહી શકશ. તેટલાં તમે એ અબદુલની ઉપર પુરેપુરો વીશ્વાસ મુકજો અને જો હું અભાગીયાને વાસ્તે તમારાં દીલમાં જરાબી રહેમ હોય, તો એ જેમ તમુને કેહ તેમ કરજો. ખોદા તમુને સલામત રાખે કાગળ વાંચીને ફાડી નાખજો.

અર્દી.

કાગલને છેડે આવી પુગતાં કેટીના મુખડા ઉપર ફરી વળેલો રંગ બેવડો મજબુત થયો. અર્દી દેખઇની રીતે જાલની પનાહ હેઠળ સલામત હતો અને વળી તે બેગુનાહ હતો એ વાંચતાંજ તેણીનાં ગળાંમાં કાંઇ અજબ જાતનો ભુક પકડી આવ્યો. ઓરડાની અંદર બેઠેલાં શીરીન તથા હમાયજીને ખુશાલીથી હાંક મારી આ સારી વધાઇ આપવાનેબી તેણીનો સાદ નીકળ્યો નહી.

ગુસ્તાદજી અને ચાનની મુલાકાતથી ઉકળી આવેલું તેણીનું લોહી હજી તો ઠંડુ પડે તે અગાઉ, યા પરવર, આ કેવો પેગામ! અને તે લાવનારબી જાલનો નોકર અબદુલ!

"એવણ—એવણ કાંહ છે અબદુલ?" તેણીએ બહુજ ધીમાં ગગળતા સાદે અબદુલને પુછયું.

"કોણ? જાલ શેઠ?"

"નહી–નહી! અર્દેશર—મકુંજે—એવણ—"

"તે થોરા વખતમાં તમે જાણશો. પણ હમણા એ

જણા કોણ આવી ગીયાજી ?"

કેટીએ શરમથી પોતાનું ડોકુ નીચું કર્યું. જાલનો માણસ આ સવાલ પુછતો હતો તેથી લાજને મારે તેણીનો દમ જાણે ગુંગળાઇ આવ્યો. ઠાવકા અબદુલે તે જોયું, અને સેહેજ મુછમાં તે લુચ્છો જરા હસ્યો.

"ફીકર નહી બાઇ, એ લોક કાંહ રહે છ—ખબર છે ?"

કેટીએ ડોકું ધુણાવી ના પાડી.

"વારૂં એ લોકો શું કહેતા'તા ? જરાક મને કહેવો, ઘણું અગતનું છે."

બહુજ ટુકમાં કેટીએ તે બંને લફંગા કાકા ભત્રીજાની તે દહાડે આવવાની મકસદ, તેઓની નફટાઇ ભરેલી માગણી અને સેવટે તેઓએ નજરે અદીને ખુન કરતાં જોયલો તે બાએની વીગત અબદુલને કહી સંભળાવી. તેણીએ ઝપાટામાં પોતાની વાત કહી, કારણકે અંદર જઇને બીચારાં દમાયજી તથા શીરીનને પોતાના હાથમાંનું ખુશ વધાઇનું કાગળ દેખાડવાને તેણીનો જીવ તલપાપડ થતો હતો.

"ગભરાશો નહી, બાઇ," અબદુલ આસપાસ જોઇ હલુસે બોલ્યો, "પણ આજે બપોર સુધીમાં અરદેશરજીનું શરીર દરીયામાંથી પોલીસને મળી આવશે. તે અરદેશરનું નહી પણ કોઇ બીજાનું છે. પણ તમે લોકો થોરો વખત લોકોને એમજ જણાવજો કે ડાકટર અરદેશરે તો આપઘાત કીધો. તે માણસનું મુરદું અંહી લઇ આવે તે તમે અરદેશરના તરીકેજ ક્રીયા કરાવી તમારાં દખમાપર ચહરાવજો. બસ વધારે પુછશો નહી. ને એમ બીહો ના. જાલ શેઠ ઉપર અને મારી ઉપર તમે ભરુસો મેલો."

કેટીએ અચબુચ અબદુલના ખભાંપર હાથ મેલચો. "જો અબદુલ," તેણી કરગરીને બોલી, "એ બીચારાને બચાવ, પછી તું જે માંગશે તે તુને આપશ."

"અલ્લાહ ચાહશે તો તેમ થશે, બાઇજી સાહેબ. થોરો વાર આપણે પોલીસને અંધારામાં રાખવી જોઇયે. તેટલાં હું આય એ બદમાશો ગુસ્તાદજી અને ચાનજીની પછવારે લાગુંછ. એ ચંડાલોએ તમુને આજે જે ગલત વાત કહીછ તે એ લોક કદી પોલીસને કહી શકવાના નથી."

"પણ અબદુલ, તમે લોક અદીને કેમ બચાવી શકશો? એની સાંમે એવો મજબુત——"

"બેફીકર રેહવો. અરદેશર શેઠ તદન બેગુનાહ છે, તેમાં ફરક નથી. મારી પુરેપુરી ખાત્રી છે કે એ ખુન આય ચંડાલે ગુસ્તાદે કે તેના ભત્રીજાએ કીધુંછ. હું બેઉ જણાનો પત્તો એક બે દાહરામાં મેળવશ. તેટલાં તમે અદેશરજીના માતે અને પેલાં બીજાં શીરીનબાઇ કરીને બાઇ છે તેમને સધ્યારો આપજો. પણ બાઈ, એક બીજી અરજ છે. તમારી મને અમ્માજી વાતમાં મદદ જોઇયેછ. હું કદીબી તમારી પાસથી માંગતે નહી ને મારા જાલ શેઠબી જો જાણે તો મારી ઉપર બહુ ખફા થાય પણ મને તે મદદની બહુ જરૂર છે. જો તમે—"

"હા, અબદુલ—બોલની, શું છે? મારેથી બને તેટલી મદદ હું જરૂર આપશ."

"તો બાઇજી. આજે મને એક હજાર રૂપીઆ જોઇશે. માફ કરજો બાઇ, પણ આય બાબદમાં પઇસાની ઘણી જરૂર છે. હું મારા શેઠની પાસે માગતે, પણ જાલ શેઠ બીચારા—"

"બસ અબદુલ, હું જરૂર તે તઇયાર રાખશ. સાંજ સુધીમાં આવીને લઇ જજે. ને કોઇને કહેતો ના. બીજું કંઈ?"

"બીજું કંઈ નહી. બાઇજી તમારી ઘણી મેહેરબાનીથઇ. હું હવે જાઉં છ. ખોદા તમુને સલામત રાખે. શલામ આલે-કુમ, બાઇ."

અબદુલ ઝપાટામાં ત્યાંથી ઉતરી ગયો અને કેટી બને તેટલું ધીમેથી પોતાના સારા સમાચાર હુમાયજી અને શીરીન આગળ કેહવા ઓરડામાં પાછી ગઇ.

અબદુલ 'ગુલાબવાડી'માંથી બાહેર પડતાં બગીચાના દરવાજા નજદીક આવેલી માળીની કોટડી આગળ એક નાના પાંચેક વર્ષના બાળકને ભોંયપર ફસડાઇ બેઠેલું દેખી જરાક અટકી ઉભો. તે બચ્ચું માળીનું હતું અને ત્યાં ભોયપર બેઠું બેઠું તે પોતાના હાથમાં એક પોસ્ટ કાર્ડ સાથે રમતું હતું. અબદુલે વાંકો વળી તેના હાથમાથી હળવેથી તે પોસ્ટ કાર્ડ તાણી લીધો અને ઉપરનું સરનામું વાંચ્યું:—

પીરોજબાઇ સોરાબજી ગાંધી.

પારસીવાડ, વલસાડ

બીજાં પડ ઉપર માત્ર પાંચ છ લીટી તેજ અક્ષરની ઝડપમા લખાયલી નીચે પ્રમાણે હતી:—

"પીરોજ, આજેજ આવી પુગો. કાલ પરમ પાછો આવી લાગા. આ લખવાની મકસદ કે મારી પેટીની કરમાં હું કુંચી ભુલી આવેલો છેઉં તે ઠાવી ઉંચી મેલી છાંડજે લખતંગ ગુસ્તાદજી."

અબદુલને થોડું થોડું ગુજરાતી વાંચતાં આવડતું હતું એટલે તે આ ભાંગાતુટા અક્ષરનો પોસ્ટ કાર્ડ જરા મુસીબતે ઉકલાવી શકયો. નીચે કીધેલી સહી ઉપર આવી લાગતાં તેનો ચેહેરો હરખથી જાણે ઉઘડી ગયો. પેલાં રડતાં બચ્ચાંને એક

સોપારી ખીસાંમાંથી કહાડી આપી તે બગીચામાં માળી કામ કરતો હતો ત્યાં દોડયો.

બીજા ત્રીજા પહેલાં જરા સટાકા હાંકી સીફ્તથી પેલો પોસ્ટ કાર્ડ તેણે કહાડયો.

"રાવ સાહેબ, તુમચા બાબાચા હાથામદી એ હોતા. તુમીબી કાગલ પતર લીવતો—વાહ!"

માળીએ બેદરકારીથી તે પોસ્ટ કાર્ડ ગમ જોયું. "અમી કુઠે લીવું હો? તે દીવસાની ઇઠે ગરબર ઝાલી ટીકરે પરલેલા હોતા તે ઉચલુન અમી પોરગે લોકલા દેલા. હેલા કાય કરતોસ?"

"કાય નાય, ઉગીચ—ચલા રામ રામ."

અબદુલ ત્યાંથી નીકળી ચાલ્યો. તેના હાથમાં એક સખ્ધર મુદ્દો આમ ન ધારેલો આવી ગયો હતો તેથી તેનાથી રસ્તે ચાલતાં હસાઈ હસાઇ જવાયું. બદકાર ગુસ્તાદજી કાનફટયો તે રાત્રે ખુન વેળા 'ગુલાબવાડી'માં હાજર હતો એ બીના આ નાનકડા વગર પોસ્ટ થયલા પોસ્ટ કાર્ડ ઉપરથી પુરવાર થતી હતી. પોતાના ડગલાના ગજવામાં એ લખેલો પોસ્ટ કાર્ડ ટપાલમાં નાંખવા સારૂ ગુસ્તાદજી લઈ આવેલો અને મેહેરનોશજી સાથની કચાકચીમા તેના અંજાણપણામાં તે ભોંય પર ઉડી પડેલો. વાહ કીસ્મત! શું એટલું જલદી કામ રંગ ઉપર આવી જવા માંડતું હતું?

* * * *

તે દહાડે સવારના દશેક વાગતે મોદીખાના આગળનાં બંદર આગળ તો લોકોની દોડાદોડી અને ગીરદી થઇ ગઇ હતી. દરીયામાં એક પારસીએ નખાવી દઇ આપઘાત કર્યો હતો. તેની લાસ બધી અફળાઇ જવાથી તેનું મ્હોંડુ કમકમાટભરી રીતે છુંડાઇ ગયું હતું. તેનું મુડદું બારાંના કેટલાક ખલાસીઓ કીનારે ખેંચી

લાવ્યા હતા—અને—તે માણુસ કોઇજ નહી પણ પેલો ખુન કરીને નાસી ગયલો જવાન પારસી ડાકટરજ હતો! એ વાત તે ભાગ તરફ એક મ્હોંડેથી બીજે મ્હોંડે તડાકાબંધ પંથરાઇ ગયલી હતી.

કોરોનરની જુરી ફીનારે લાવેલાં તે માણુસનાં શરીર ઉપર બેસીને ઉઠીબી ગઇ હતી અને તેનો એકમતી અભીપ્રાય છાપાના રીપોરટરોએ પોતાની નોટબુકોમાં બરાબર ટપકાવી લીધો હતો કે ડાકટર અરદેશર વછીફદાર નામના જવાન પારસી તબીબે પોતાના ગુનાહથી નાસભાગ કરતાં યાતો જીવપર આવી જઇ દરીયામાં પડી આત્મઘાત કર્યો હતો કે યા તો ખુનના આરોપમાંથી છટકવા માટે પુઠે લાગેલી પોલીસથી નાસવા જતાં દરીયામાં ઝોંકાવી દઇ અકસ્માતીક મોતને તે શરણ થયો હતો.

આખી મુંબઇ તે દહાડે આ બનાવપર ગણગણી રહી. ત્યારે અંતે ચોકસ ડાકટર અરદેશર વછીફદારનો ગુનાહ સાબેત થયો. શંકાનો સેહેજભારબી કતરો બાકી શું હવે રહેલો હોય? તે મરનાર ધણીનાં કપડાં પોલીસે અને ડીટેકટીવોએ તુરત ડાકટર અરદેશર વછીફદારનાં કપડાં તરીકેજ પીછાણ્યાં. 'ગુલાબવાડી' ના માણસોએ તેજ કપડાં અદીએ ખુનની રાત્રે પહેરેલાં હતાં એમ પોતાની સાક્ષીમાં જણાવ્યું અને જાણે વધુ ગવાહી જોઇતી હોય તેમ મરનારના ડગલાના ગજવામાંથી ડાકટર અદેશર વછીફદારનો કાર્ડ કેસ તેના નામના છાપેલા કાર્ડો સહીત મળી આવ્યો!

મરનારનું રવાન 'ગુલાબવાડી'માં તે દહાડે બપોરના પોલીસે ત્યાં રહેતી બાઇઓને સપુરદ કર્યું અને અલબતાં તેજ સાંજે કેટીબાઇ દાવરના ખરચે તેને ઘટતી ક્રીયા સાથ અવલ-મંજલ પહોંચાડવામાં આવ્યું. પોલીસે હવે પોતાની શોધખોળ

પડતી મેલી, ડીટેકટીવોએ આ કેસ ઉપરથી હાથ ઉઠાવ્યો અને એક બે દહાડામાં તો સઘળું સમાધાન થઇ ગયું.

ત્રણ ચાર દહાડા ગુપચુપ નીકળી ગયા અને આપણા બેકદર લોકોની ખાસીયત મુજબ 'ગુલાબવાડી'ના 'ખુંન'ની ચકચાર જેટલી જોશમાં ફાટી નીકળી હતી અને જેવી સખ્તાઇથી નીંદા ઉડી રહી હતી તેટલીજ ઝડપે લોકો એ વાત ભુલીબી ગયાં. થોડી નીખાલસ દુનીયાને ખબર હતી કે જે "ગુનેહગાર ડાકટર અદી"ને તે મુવેલો માનતી હતી તેજ અદી મોદીખાને અબદુલનાં ઘરમાં એક ઓરડામાં ગોંધાઇ કેદ પડેલા એક જનાવરની માફક પોતાનાં નીરદોશપણામાં તકદીરને શ્રાપ દેતો આમથી તેમ અધીરો આકળો ફલાંગ મારતો હતો.

રાતના સુમારે સાડાનવ એક વાગતાનો અમલ હતો. અદી તે દહાડે ઓર વધારે ઉશકેરાયલો અને સુદ્ધ બુધ્ધ ગુમાવી દીધેલો જેવો ઓરડાની દીવાલોની પ્રદક્ષીણા કર્યો જતો હતો. એક ખુણામાં દેવદારની એક પેટી ઉપર અદબ વાળી તથા ભીંતને અઢેલી અબદુલ છાતીપર ડોકું નાંખીને વીચારમાં લીન થઇને બેઠેલો હતો.

"શું થયુ અબદુલ? હજુર કેમ નહી એ લોક આયાં? હવે તો હું બાહર દોરી જવશ. ધીરજ કાંહ સુધી રાખું? ખરેખર કેહની, આજેજ બચીતજ આવવાનાં છે કની?"

"અબઘડી આવતાં હોશે, અબઘડી—મારા શેઠ, જરાક ધીરા પરો."

"ધીરો પડું! બચ્ચા ધીરો પરતાં પરતાં હવે તો અત્ર મારી છાતી ફંડી ગારબી પરી જશે. અરે અબદુલ, આવી આફત માથે ટીંગાયલી હોય તે વખતે મારાં માયને અ મારી શીરીનને લાંબે વખતે મળવાની આશા તે શું ચીજ છે તે તું

કાંહથી સમજે! મારાથી હવે બોલાતું નથી. જો એ લોકનો મને વીચાર નહી હોતે તો આય બધી મારી કમનસીબીનો મેં કયારનો છેડો લાવી મુકયો હતે."

અબ્દુલ ધીમેથી હસ્યો.

"અરદેશર શેઠ, ઉતાવળા થઇને તમે બધું કામ બગાડયું ને આટલું દુ:ખ ખમોછ તોબી તમારો સ્વભાવ ઉતાવળોજ છે. જોવો શેઠ, એક બંદીખાના કે ફાંસીનાં લાકડાં કરતાં તો આય ઓરડો બેહેતર છે. તમારો જીવ જો બેતાબ હમણા પડલો છે, તો સેહેજ વખતમાં એ લોક આવશે ને તમે દુ:ખ ભુલી જશો. જાલ શેઠને તાંહ જઇને એવણુની સાથે આવવાનાં છે તેથી જરા વાર લાગો હોશે. શીરીનબાઇ ને તમારાં અમ્માજાન આવતાંજ——ઓહ! હું ધારૂં છ કે આવી લાગાં! ખબરદાર! ઉશકેરાઇને કાંઇ બુમ પારશો નહી."

અબદુલે હળવેથી બારણું ઉઘાડયું અને દરવાજાની બાહેર ઉભો. દાદરપર ત્રણ જણા આસ્તેથી ચહડીને ઉપર આવ્યાં. તેઓ હમાયજી, શીરીન અને જાલ હતાં. કેટીની તો તબીયત છેલ્લી ઘડીએ એકાએક બગડી આવવાથી તેણી આવી શકી હતી નહી—કાંઇ નહી તો આ કારણ હમાયજી, શીરીને જાલને આપ્યું હતું. બંને બાઇઓએ કાળી સાડી પહેરીને માથા ઉપર શાલ ઓઢેલી હતી. જાલના હાથનો ટેકો લઇ આ બીચારી બંને નાતવાન અબળાઓ જાણે ધ્રુજતી ધડકતી ફીકકાં ફચ મોહડાં સાથ ત્યાં આવી ઉભી. અબદુલ વચમાં આડો પડયો.

"જાલ શેઠ," તે બહુજ ધીમેથી બોલ્યો, "આ બાઇઓ પાસે પહેલાં વચન લેવું જોઇયે કે અંદર જઇને તેઓ કાંઈ બુમાબુમ નહી કરે."

"એ લોકોએ મને કબુલાત આપીછ, અબ્દુલ,—તેનો હું જોખમદાર છેઉં. જો હમાયજી માય, તમારે ભરૂસે અમે છઇયે. જરાબી અંદર ઘોંઘાટ કરશો તો તમારા દીકરાનું કામ તમે બગાડશો. શીરીનબઇ, સમજોછ કે? ખોદાયને વાસ્તે જરાબી મોટેથી અવાજ કરતાં ના જાવો હવે અંદર—અબ્દુલ ખીસ."

હમાયજી તો દીઓ જેમ તેમ દાબી રાખીને આંખમાંથી ટપકતાં બોર બોર જેવાં આંસુ સાથ દીગમુદ જેવાં ત્યાં ઉભેલાં હતાં અને શીરીન પોતાને મોહડે રૂમાલ દાબી ગાક પાંદડાંની પેઠે કાંપતી તેવણને વળગી રહી હતી. જાલે ધીમેથી બારણું ઉઘાડયું અને બંનેને અંદર દાખલ કરી બાહેરથી અડગરો માર્યો.

અહીં થોભ, વાંચનાર! જે ગમખ્વાર મુલાકાત વખતે હાજર રહેવાનું ખુદ જાલે વટીક દરૂસ્ત વીચાર્યું નહી ત્યાં માથું ખોસવાનો આપણનેબી હક નથી.

પ્રકરણ ૪૬ મું.

સંભાળ બચ્ચા ગુસ્તાદ! તારી પુઠે જમડો હવે વળગ્યો છે

રાતના આઠ વાગ્યા છે. મોદીખાને બેહરામ હોરમઝદ ઇરાનીની મોટી દુકાનમાં તરેહ તરેહની વાણીઓનો સોડમ નાકનું ફીફરું ફાડી નાંખે છે. પટેટાની સલીમાં મરઘી, મટન-ચાપ, તાજા તળેલા બમણા—બીસમીલ્લા! નાની નાની ગોલ

મારબલની ટેબલોપર છુટા છુટા ગોઠવાઇને લગભગ વીસ પચીસ જણા બટાકા મારતા બેઠેલા છે. બેહરામ ઇરાની પાવલી એકમાં એવું તો સ્વાદીષ્ટ પેટ ફાટી જાય એટલું ખાણું આપે છે કે તેની દુકાનમાં રોજ રાતે જમવા આવનારાઓની ઘધુખર ઝાઝી રહે છે.

બબે, ત્રણ ત્રણ, ચચ્ચારની ટોળકીમાં જુદી જુદી ટેબલોપર ડબુસા મારતા અહાકોમાં આજ રાત્રે એક ત્રગડી આપણું વીશેશ ધ્યાન ખેંચે છે. ખાસ્સી પાંચ છ એક વાણીઓથી આખી ટેબલ ચીકાર લચલચી રહી છે—પાસે એક ઉંચા અનીનાસના મોવડાંની બાટલી ચોમેર પોતાનો બાહકાટ પાંથરી મેળે છે—અને ખુશ મીજાજે બચક બચક બુકકા મારતા ગુસ્તાદજી કાનફટ્યા અને તેનો ભત્રીજો ચાન પોતાના કોઇ નવા હૈદરાબાદી દોસ્તદારને પૈસે લેહર ઉડાવી તે સખ્ધર બીલ્લુને મનમાં દુવા દે છે.

હા—કાકા ભત્રીજા નાઓને હાથ આ કોઇ અચ્છું બોચીયું આજ ત્રણ ચાર દહાડા થયા લાગી ગયું છે. તેઓનો નવો મીત્ર કોઇ દેખઇતો પૈસાદાર નવાબનો છેકેલ ઉડાઉ લેહરી મોજીલો છોકરો છે. પોતાની સામે બેઠેલા જુવાન બરમુછ્યા અબદુલ્લાખાનની ગમ બાડી આંખ્યોએ જોઇ ગુસ્તાદજીથી મુછમાં હસવા વીના રહેવાતું નથી. એ ગભ્બર નવાબઝાદા સાથે ત્રણ ચાર દહાડાની વાટપર એજ ઇરાનીની દુકાને ઓચીંતી કાકા ભત્રીજાને ઓળખ પડી ગઇ છે. ધડોધડ છુટે હાથે તે પોતાના બે નવા પારસી દોસ્તોને ખવાડવા પીવાડવા પાછળ પૈસા વેરવા મંડયો છે અને બે દહાડામાં તો ગુસ્તાદજી અને ચાનજી સાથે અબદુલ્લા તો જાણે જીવે જાનનો દોસ્તદાર થઈ પડયો છે! આજ ચાર દીવસ થયા રોજ રાતના એજ છેલ

છબીલો પણ ભોળોભટાક મુસલમાન પોતાને પૈસે કાકા ભત્રીજાની મેહેમાનદારી કરે છે, અને—કોણુના બાપની દીવાળી!—ખાઇ પી ધરાઇને રંગ ઉડાવતા ગુસ્તાદજીઆ તથા ચાનજીભાઇ પોતાની આ સોનેરી ચલ્લીને જેમ વેતરાય તેમ વેતરવા પડયા છે.

ચેહ! મારા બાંકે જવાન અબદુલ્લા ખાનની શું વાંકી ચીલમનો તાપ! શું ફીસબી બંદીનો ઠાઠ! પાન સુપારીથી લાલ થયલાં મોહડાં સાથ ઝીણી ઝીણી ચુંચી આંખ્યો કરી મુછમાં સેહેજ હસ્તો જઇ પોતાના બે નવા પારસી મીત્રો સાથ ધુસ ધુસ કરતો અને તે બે નાપાકો પાછળ કાંકરાની પેઠે પઇસા વેરી તેઓની સાથ દર મીનીટે વધારે ધાડા સંબંધમાં આવતો આ છેલ છબીલો કોણુ છે તે, વાંચનાર, શું તું નથી જાણુતો? શું તેં હજી અટકળ કરી નથી? તે આપણો મીત્ર અબદુલ-જાલનો વીશવાસુ નોકર અબદુલ છે!

અબદુલે આ ચંડાલ જોડીનો પત્તો ધુંડી કહાડીને ઇરાનીને ત્યાં તેઓ સાથ રફતે રફતે અંગત દોસ્તીનું નાતું પાડી દીધું છે. બાપુ, રૂપજી કરે ઉછાળા તો—ઇ૦! ગુસ્તાદજી તથા ચાનજીને અબદુલે પોતાની તરેહવાર ખાનગી વાતો કહી એવા વીશવાસમાં લઇ લીધા છે કે બબ્બાના બાહારમાં એ બંને દેવેનામ દેવાએબી તરેહવાર ભાંગરા વાટયા છે.

“બચ્ચા અબદુલ્લ,” ગુસ્તાદ એક મરઘીનું ફારચું સોહરતાં બોલ્યો, “તારા બાપ સાથ વઘેરીને તું હેદરાબાદથી નાસી આયો, પણ ઘાંખરો અજબ છે કે તુને મુગો મુગો ફુટયાં ઝાંસેછ. મહીને દહારે કેટલા ઓકાવે, લાલા?”

અબદુલ સોડાનું ટંબલર ગટાવી મોટે સાદે હસયો. “માસાલ્લાહ! બંદે અબ્બાજાનનો એકપુરો લડકો એટલે ખુદાજી

બીચારા ના નથી કહેતા. અંદેરી એક એકાંત બંગલો લઇને પરચોછ. તારા જેવા દોસ્તો મળે તેની સાથ ખાવું પીવું ને મજાહ ઉડાવવી—"

"પણ ચાયલો ચાયલો અંધેરી કાંહ ગગરેલો, હેં!" ચાનજીએ પુછ્યું.

અબદુલે ચાનજીનો ડાબો હાથ ખુબ મીત્રાચારીથી પોતાના હાથમાં લીધો. તે હાથના ચોથાં આંગળાં ઉપર પેલી બલુ પાનાની વીટી પપરડા જેવી આંધળાનેબી દેખાય એવી બીરાજેલી હતી. અબદુલે ચાનજીનો હાથ પકડવાને મસે એક મીનીટ ધારી ધારીને તે વીટી ગમ જોયું. અલબતાં મોવડાંની ધુંધ ગુસ્તાદજી તેમજ ચાનજીને મગજે પુરતી ચહડેલી હતી એટલે તેઓને આ છુપા એમેચ્યુર ડીટેકટીવ વીશે એક રતી ભારબી શક ઉપજેજ શી રીતે!

"અંધેરી શું કામ રેહુંછ?" અબદુલે ચાનજીના જવાબમાં ઉતર વાળયો. "હે હે, બેરાદર! જો એક છુપી વાત કેહું, કોઇને કહે તો નહી? ઘણીજ ખાનગી છે."

"નહી, કોઇને નહી કહીયે, તારા સમ. શું છે, અબદુલ?" ગુસ્તાદજીએ અજાયબીથી ડોળા ઉંચકી પુછ્યું.

"તો જો ભલા. હેદરાબાદથી હું સટકી આયો તેનો સબ——પણ જો મને ફસાવશો નહી, હં!——મારે હાથે અંજાણતાં મારા એક સગાને આરી અટારી છુરી લાગી ગઇ. અમારી કલબમાં બોલાચાલી થઇ ને તે કમબખ્તે મને ઉશકેરયો ને ચીડમાં આવી મેં ટેબલપરથી છુરી ઉગામી. મારી ખાતરી છે કે અત્યારમાં તો તે સતયાનાશ ગીયો કબ્રસ્તાન પુગી ગયો હોશે. તેજ રાતે હું જીવ નાખતો અહીં ભાગી આયો. હવે તમે તો મારા દોસ્તદારો થયા એટલે કેહુંછ, બાકી

પુલીસને જો જરાબી વાસ આયો તો મુવા છુટા. એટલા વાસ્તેજ હું અંધેરી બહુજ એકાંત ખુણામાં આવેલી એક બંગલીમાં છઠે ખુણે પડેલો છેઉં. પણ ચાન દોસ્ત, આય તારી વીટી સુમારે કેટલાની હશે?"

ચાનની આંખ ખુશાલીથી જરા ચમકી. આ સદ્દર બીલ્લુ કોઇ જબરો ભોટ હતો એટલે તેને આ વીટી મ્હોં માગયાં દામે ઠેરવી દેવાની આ તક ચાલી ચલાવીને આવી હતી. તેણે ગુસ્તાદજી સામે એક ઉડતી નજર નાંખી. ગુસ્તાદજીએ આંખ મારી ઇશારત કરી એટલે ચાનજી બોલ્યો,

"પાંચહો છહોની હોહેજતો. પણ ઉંતો એ વેચવાનો નીહ, ભાય."

અબ્દુલ જે હવે વાંકો વળીને ધારી ધારીને વીટી જોતો હતો તેણે ડોકું ધુણાવ્યું. "છટ છટ. તું મફત આપે તોબી એ મારે નથી લેવી, દોસ્ત," તેણે કહયું. "મરદને લાયકની વીટી નથી. તારી કોઇ માશુક હોય તેના કાનને માટે એરીંગ બનાવવા લાયક પા ; છે. બાકી વીટીમાંતો શોભતું નથી. ભલા પછી તારી પેલી માશુકની વાત તું કહેતો' તો તેનું શું થયું? દોસ્ત, મારી મદદ એમાં જોઇયે તો હું આપવા તઇયાર છેઉં."

"તારી મદદ? તું શું કરવાનો?" ગુસ્તાદજી બોલી ઉઠયો "અબદલ્લા, બચ્ચા જો મારી ઓરત આજે સમજે તો હું રૂપીઆની ચાદરપર આળોટયાં મારૂં. પણ એ સત્યાનાશ ગેઈ મને કુતરાની કાની હારમાર કરીને હંફાવેછ. તેની સુઝે પેલી શીરીન રાન તણાઇ મરેછ."

અબદુલે ગુસ્તાદજીના બરડાપર આસ્તેથી હાથ મેલયો અને વાંકો વળી ધીમા સાદે બોલ્યો, "એક દાહરો એ લોકને ઉડાવી કાય નહી જતા? એક બે દાહરા કેથે ગાંધી મુકશો,

તો પોતાની મેરે રૂ મીસાલ પોચી પડી જશે. એ ઓરત લોકની સાથે તો એમજ કામ લેવું જોઇયે. બીરાદર, તુને જોઇયે તો મારો અંધેરીનો બંગલો બે ત્રણ દાહારા વાપરવા લે."

ગુસ્તાદજીએ સહેજ પોતાની બોચી ખજવાળી. કેટી અને શીરીનને એમ અંધેરી ઉઠાવી જવાં એ કાંઈ બચ્ચાંની રમત હતી નહી. દાઢી હીલાવીને અબદુલે એ સુચના કરી, પણ તેને અમલમાં મેલવાનું કાંઇ ખાવાનું કામ નહી હતું.

ખાનું ખલાસ થતાં તે રાત્રે આ ત્રણ જીવે જાનના મીત્રો દરીયે કીનારે બેઠા બેઠા મોડી રાત સુધી ખુબ ઉંડી ગોફ્તેગોમાં મશગુલ થઇ ગયા. અબદુલ્લા મીયા તો પોતાની જાતનાજ કોઇ ચોખ્ખા નંગ નીકળયા એવું ગુસ્તાદજીએ અને ચાનજીએ જોઇ લીધું હતું. નવાબનો તે કમબખ્ત નબીરો હેદરાબાદથી ખુન કરીને નાસી આવેલો હતો પણ તોબી એક નાદાન ભોળાં બચ્ચાં જેવો તે ભડભડયો ને કાચ્ચો હતો. વળી હાથનો તદન છુટો હતો એટલે ગુસ્તાદજી અને ચાનજીએ ખુલ્લાં દીલથી બેફીકર પોતાનીબી આગલી પાછલી નેકનામીઓની વાત રસ લઇ લઇને સાંભળતા અબદુલના કાનમાં ઉકમાઇ સાથે રેડી. વલસાડ અને નવસારીમાં પોતે શું શું કાળાંધોળાં કર્યાં—નાપેકાર ચાનજીનાં પેલાં બેંકનાં ઓચરીયાં કેમ પોતે પોતાના કબ્જામાં રાખી મેલ્યાં—અને મુંબઇમાં માકા મદારીનું કાટલું કહાડી નાખી કોઇ ડાકટર અરદેશર નામના ઉજબખને માથે બધો ટોપલો કેમ ધોળવયો તે જરાબી આનાકાની વગર ગુસ્તાદજીએ દારૂની ઝુમમાં અબદુલને વીસ્તારીને સમજાવ્યું. જુવાન પણ ગબ્બર આ હૈદરાબાદી નવાબઝાદાને કાકા ભત્રીજાએ પોતાના સદંતર વીશ્વાસમાં લઇ લીધો હતો- અબદુલેબી તેઓને પોતાના પૈસાથી અને બીજી દરેક રીતે કેટી તથા શીરીનને

ઉઠાવી લઈ જવામાં મદદ કરવાને સમસોગંદ ખાઇ કબુલાત આપી—અને એના સંબંધમાં કંઇ નકકી ગોઠવણ શું કરવી તે આવતી કાલ ઉપર મુલતવી રાખીને તે રાત્રે આ બે જીગરેજાન દોસ્તદારોની જોડીને સલામ અલેકુમ કરી અબ્દુલ છુટો પડયો.

પ્રકરણ ૪૭ મું.

ચાનજીની દીલદાર થવા વીના છુટકો નથી.

ઉપલો બનાવ બન્યાને બીજે દીવસે હજી તો સવારના પોહોરમાં 'ગુલાબવાડી'ના કાગડાઓ પાંખો ફફડાવી નવો દહાડો શરૂ કરે તે આગમજ અમીનાએ કેટી અને શીરીનના સુવાના ઓરડાનું બારણું ઠોકી ખબર આપી કે પેલો મુસલમાન નોકર અબ્દુલ તાબડતોબ કેટીબાઇને અને શીરીનબાઇને એકાંતમાં મળવા માંગેછે.

એટલો સકારેથી અબ્દુલ વળી શું સમાચાર લાવ્યો હશે, તે માટે અરધા ગભરાટમાં, અરધી ખુશાલીમાં, અરધાં ઇંતિજારીમાં બેઉ જણીઓએ વહેલાં વહેલાં કપડાં આંગપર એ.ળવી લઇ, હાથ મોહોડું ધોઈ પહેલે માળે અબ્દુલને એક ખાનગી ઓરડામાં બોલાવ્યો. અબ્દુલ હસ્તે મોહોડે ઓરડામાં દાખલ થયો કે કેટીએ તેને પોતાની સામે એક ખુરસીપર બેસવાની ઇશારત કરી.

ખચીત આ વફાદાર પોરયો હવે એક હલકા નોકરની

પંકતી ઉપર નહી પણ એક વીશવાસુ છુપા ડીટેકટીવ, એક ઉપયોગી મદદગારની પંકતી ઉપર 'ગુલાબવાડી'માં દરજ્જો ભોગવતો હતો. બધાં જણા હાલ મુગે મ્હોંડે અબદુલ ઉપર સઘળી આશા બાંધીને બેઠેલાં હતાં. સઘળું તેના વીશવાસ ઉપરજ છોડયું હતું. તેની દયા ઉપર હાલને કાજ તો અદીની જીંદગીનો આધાર હતો અને ખરેખર અબદુલે અત્યાર સુધી જીવતોડ મેહેનત કરી જે કરી દેખાડયું હતું તેથી સઘળાને તેની ઉપર પુરો ભરૂસોબી બેસી ગયો હતો.

"બેસ અબદુલ," કેટી નરમાસથી બોલી, "સવારના પોહોરમાં વરી શું કહેવા આયોછ? સઉ—અરદેશર સારીકાની તો છેની?"

"જી હા, બાઇ, તદન સારીકાની છે. હું તો એક ઘણા અજબ જેવાં કામે આયોછ ને તે આજનું આજ થઇ જવું જોઇયે. બાઇ સાહેબ, હું જે કેહુંછ તે કરવું પરશે. મારા કહયા મુજબ કરો, તો પંદર દહારામાં અરદેશર શેઠનો છુટકારો કરવાનું હું માથે લેઉંછ."

શીરીનની આંખ્યોમાં હરખનાં પાણી ભરાઇ આવ્યાં અને કેટીબી આતુરતાથી ખડી બેઠી.

"તાહરે તુને કંઈ પતો મળ્યોછ ખરો. શું છે? જો વરી અમુને કેહ." કેટીએ ગળગળાતા સાદે પુછ્યું.

"પતો મળ્યોછને તેબી સાબુત મળ્યોછ, બાઇજી. જો થોરા દહારા આય ગુસ્તાદજી ને ચાનજી કાનફટીયાને મુંબઇમાં થોભાવી રાખી શકાય, તો આબાદ છટકામાં ઉંદર હું લાવી આપું. જો કેટીબાઇ, હવે ખોટી શરમથી હાથ આવેલી બાજી ગુમાવવાની નથી. તમે આય બે જણાને હાંકી કહાડયા તો કદાપી એ લોક કાલ ઉઠીને મુંબઇથી કેથે જતા રહેશે, તો

પાછી તાલ હાથ આવવી મુશકેલ. જે પછી હું અરદેશર શેઠને વાસ્તે જોખમદાર નથી."

"ઓ માયરે! તારે એ લોકને કેમ અહીં અટકાવી રાખ્યે? મુવાઓને ઘેરમાં ગાંધીયે?"

"નહીજી, એક રીત છે. તે શીરીનબાઇને બહુ નાપસંદ લાગશે, પણ અરદેશરને ખાતર તેમ કરવુંજ પરશે, કેટીબાઈ તમે સમજુ છેવો. મને વચન આપો કે હું જે કહેવું તે શીરીન બાઇને કરવાની ફરજ પાડશો"

"ઓ વાય! પણ શું છે તે તો જરા——"

"નહી, પહેલાં મને વચન આપો કે હું ગમે તેવુંબી કામ સોંપું તે તમારે કરવું. તમુને શું મારીપર વીશ્વાસ નથી, બાઇ?"

કેટી એક બે મીનીટ વીચારમાં મુગી બેઠી. જે જુસ્સાથી અને ગંભીરતાથી અબદુલ આ પ્રમાણે બોલતો હતો, તેપરથી તેણી પામી ગઇ કે સાચ્ચા અબદુલને ઘણીજ અગત પડી હશે ત્યારેજ તે આમ આગ્રહ કરતો સવારના પોહોરમાં દોડી આવેલો હતો. શીરીનના કાનપર પડી તેણીએ પાંચ દશ મીનીટ કાંઇ મસલત કરી. અબદુલ અદબવાળીને મુગો મુગો ખુરસીની કોરપર બેસીજ રહયો. આખરે કેટી અબદુલ ગમ ફરી.

"શીરીન તો મારી ડાહી દીકરી છે," તેણી બોલી. "એ મને કબુલાત આપેછ કે અદેશરને ખાતર પોતાથી જેટલું બને તેટલું કરવા એ તઇયાર છે. અલબત અબદુલ, કંઇ નહી બની શકે એવું તો તું કહેવાનોજ નથી."

"બેશક નહી. તમે કેટીબઇ આજે હમણા ને હમણા એક લંબાણ ચીઠી લખી ગુસ્તાદજી ઉપર ડાવા માણસ પાસે મોકલો. તેમાં લખો કે છેલ્લી વખત કાકા ભત્રીજાની વાત હટકારી કહારવા પછી તમે પાછો લાંબો વીચાર કીધોછ ને

એવા ઠરાવપર આયંછ કે ગુસ્તાદજી યાને તમારા ખાવંદની માંગણી કેટલેક દરજ્જે વાજબી છે. જરા મારૂં સાંભરી લેવો, બાઇ પછી વચમાં બોલજો. તમે વધારે એમ લખો કે ડાકટર અરદેશરના ખુનની વાત જો ગુસ્તાદજી છુપી રાખી મુકે તો તેવણુને ચહડેલા માસના ત્રણ હજાર રૂપીઆ તમે આપશોજ. હવેથી એક હજાર બરાબર વખતસર મોકલ્યાં જશો. કેમ બાઇ એમાં તો કંઇ ઘણું નથીની?

"નહી એમાં શું, એ તો હું જરૂર કરશ, પણ તે ચીઠ્ઠી કાંહ મોકલું?"

"તમારાં માણસને મારી સાથ મોકલો, હું છુપાછુપ ઘેર બતાવશ. ચીઠીમાં લખજો કે તમે માહ મેહેનતે એ લોકનું સરનામું શોધી કાહરેલું છે. અને એમબી લખજો કે શાંત મગજે વીચાર કરતાં તમે અને શીરાનબાઇએ ચાનજીભાઈ કાન-ફૂટીયાની માગણી દરૂસત ધારીછ અને જો ચાનજીભઇ કાનફૂ-ટીયા તમારા એટલે કેટીબાઇના 'ગુલાબવાડી'ના કારભારી તરીકે બસો રૂપીઆની ચાકરીએ રહી આબરૂદાર બની જાય અને બરાબર કપરાં લુગરાં પેહરીને ફરે, તો શીરીનબાઇ તેની સાથ નેકા કરવા રાજી છે—"

'ઓ માયરે! એ શું બોલેછ! નહી બા, હું મરી જાઉં તોબી—'

"છટ! શીરીનબાઇ તારે તમે મારી મતલબ સમજતાં નથી. બાઇજી એમ કરીને આપરે આ બે પોશાગીરોને હમણા તદન બેદરકાર બનાવી નાખવાછ ને અહી આપરી આગળ રાખી મુકવાછ. જરા હીમત પકરો, શીરીનબઇ, અમે તમારી પુઠે છઇએ. કેટીબઇ, ખોદાને વાસ્તે એવણુને આટલું કરવા કેહો."

અબ્દુલ ઉભો થઇને ખરે મને કેટીની આગળ આમ કર-

ગર્દીને બોલતો હતો. તેણે જોયું કે માત્ર આ એકલી રીતે અદીને છટકાવવાનો સંભવ હતો. પણ જો શીરીન ખોટી બીક રાખીને કહ્યા મુજબ નહી કરે તો સઘળી આશા ફોકટ હતી. કદાચ ગુસ્તાદજી અને ચાનજી જીવપર આવીને કેટી શીરીનને હેરાન કરી કેથે ગેપ થઈ જાય તો અદીને બેગુનાહ પુરવાર કરવું અશકય થઈ પડે.

એ હાથ મોહડાંપર ઢાંકી કમકમતી શીરીન ગમ કેટીએ ઘણાજ વીચારવંત મોહડે થોડોવાર જોયું. એક બે પળ અને પછી તેણીએ જાણે દ્દઢ નીશ્ચય કર્યો હોય તેમ તેણી ઉઠીને ઉભી થઇ.

"બરાબર છે, અબદુલ. તું કેહછ તેમથવુંજ જોઇયે. હમણાજ હું એક કાગલ લખુંછ. તું બેફીકર રહે. શીરીન સમજુ છે. થોરોવાર જીવપર જોરાવરી કરીને એ પેલા મુવાને વાહયા કરશે. બસ, એને વાસ્તે હું તુને ખાત્રી આપુંછ, અબદુલ. પણ કેટલા દાહરા એ કંગાળ નાટક આપુને ચલાવ્યા કરવો પડશે?"

"પાંચ છ દાહરા, બાઇ. બસ, વધારે નહી. તેટલામાં તો શીરીનબાઇ કંઇ તાલ તલાવતથી આય ચાનજી કાનફટીયાને આંગળેની વીટી કહરાવી લઇ શકશે. પણ તે કેમ કરવું તે હું પછી કેહવશ. હું રજા લેઉંછ, બાઇ. બપોર સુધીમાં તમારાં માણસને ચીઠી સાથે જરૂર મારે તાંહ મોકલજો. બાકીનું હું જોઈ લેવશ."

આમ બોલી અબદુલ નમીને ઝપાટામાં ઓરડો છોડી ગયો. જેવો તે બાહેર પડયો કે શીરીન કેટીને વળગી પડી ડુસ્કે ડુસ્કે રડવા લાગી.

"ઓ કેટી, એ તેં શું કાધું? તું ના લખતી, તારે પગે લાગું. એ મુવાની અરાસે હું મરી જતાં નથી જવાની."

કેટીએ મમતાથી શીરીનને પાસાંમાં લીધી અને તેનુ માથુ પસવારવા લાગી.

"શીરાં, આવી વખતે આપુને જરાક જીવ મારીને હીમત રાખવી જોઇયે. એમ છેક નખાઇ શું જાયછ! જો વીચાર કર. એક બે ચાર દહારા આપુને એમ ખમવું પડશે, પણ પછી આપરો અદી હસ્તો રમતો છુટી આવશે તાહરે કેવું મજાહનું લાગશે! ચાલ મારી માય કરં, હું જેમ કેહવું તેમ કર ને તુને જરાબી અલવલ નહી આવે તેની હું જોખમદાર છેઉં. એક મીનીટબી હું તુને વીહલી નહી મુકશ, શીરાં, ને કામ પરે તો આય અબદુલ ને આપરાં માણસો પાસેના પાસેજ છે કેની?"

પ્રકરણ ૪૮ મું.

છટકાંમાં ઉંદર સપડાયલો લાગે છે ખરો!

સવારનો તડકો હજી તો પુરો પાધરો ઉપર ચહડે તે અગાઉ "ગુલાબવાડી"ને બીજે માળે એક ઓરડામાં બે ચાર જણાં કયારનાં શું ઘુસ ઘુસ કરતાં બેઠેલાં છે? કેટી દાવરના કમાનદાર ભવાંનો ચીલ્લો અને દમામદાર પાંપણુનો કલ્લોજ કહી આપે છે કે તેણી ઘણા ગંભીર મીજાજમાં કાંઇ અત્યંત અગત્યની વાત કરતી બેઠેલી છે. પાસેજ દબાઇને બેઠેલી શીરીનના લાલ ટસ ડોળા અને ઉતરી ગયલો ચેહેરો તેણીની છાતીમાં ઉઠતા અગનના સોલાનો કાંઇક ખ્યાલ આપે છે. સામે

બેઠેલા ગુસ્તાદજીનાં મોહડાંપર લગાર ઠસ્સાનો છાપ એક તડાકે ગવાહી પુરે છે કે આજે તેવણ જરા ભપકામાંજ કેટી દાવરની ચીઠીના જવાબમાં ત્યાં મસલત કરવા આવેલા છતાં અંદર ખાનેથી તો તેવણથી હરખને મારે હસાઇ હસાઇ જવાય છે. અને તેવણની પડોશમાં બેસીને પોતાના ઉંઘાડા મેલા પગનો સુરણના કડકા જેવો અંગુઠો મસળતો ચાનજી——હે હે! બીચારો આવી ન ધારેલી ખુશબખ્તીથી એટલો ગુચવાઇ ગયો છે કે ભુખ્યા ભુંડ જેવા ડોળા ફાડીને શીરીન ગમ ટગર ટગર જોયા કરવા સીવાય બીજું શું કરવું તેબી તેને સુઝ પડતું નથી!

કાકા ભત્રીજા આજે જરા રાબેતા કરતાં વધારે ઠાવાઠોવા થઇને આવેલા છે. અબદુલ્લાખાન નવાબઝાદા (!) એ ભેટ આપેલાં પીળાં ચામડાંના વીલાયતી બુટ લટકાવી ગુસ્તાદજી પોતાની તુર્તની "ટ્રીમ" કરાવેલી બેટ્ટી દાઢી સાથ લગાર અલબેલા બન્યા છે. ચાનજીએ સહવારના પોહોરમાં ચોંઇ હજામ પાસે બબ્બે વાર પોતાના માથાંપર અસ્રો ફેરવી એક રૈનકદાર "કલ્લાઇ" કરાવી છે. તથા ગુચ્છાને સેલેડ તેલ લગાડીને લચલચ બનાવી ખુબ સંભાળથી હોરીયા છે! નીચી મુડીએ બેઠેલી શીરીન પોતાની આંખ્યો આગળનો રૂમાલ ખીસાડતીજ નથી–કારણ આ બે જણાઓની ગમ જોતાંજ તેણીના બદનમાં ટાઢનું એક લખલખું પસાર થઇ જવા વીના રહેતું નથી. પણ બચારી શું કરે? વાહાલા અદીની જીંદગીની આ જીવ સટોસટ રમત છે-અને એણીમેર હીમતી બહાદુર કેટી આ ધીકકાર, ભય અને જોખમભરી બાજી ખેલવાના પોતાના દૃઢ ઠરાવમાં એકની બે થતી નથી. ગુસ્તાદજી જેવાની હાજરીમાં ચાનજી જેવા સાથ પોતાના પરણવા અદરાવાની વાત થતી સાંભળતાં

શીરીનની છાતીપરથી જાણે દરેક શબ્દે એકેકું લોહીનું ટીપું ટપકે છે–પણ કેટીની જીદ આગળ તેણી નાચાર છે.

"વારૂ, તાહરે એ તો બધું નકકી થયું," કેટી બોલી. "આપરે બધાં ગેઇ ગુજરી ભુલી જઇને હવે જરાક છુટે જીવે નીરાંતમાં રહીશું. ગુસ્તાદજી, મને આશા છે કે મારી આય શીરીનપર હવે તમે માયા રાખશો."

"માયા? અરે મારો તો જીવ હંમેશ એને વાસ્તે બરતો' તો. પણ લેવો ચાલો, થયું તે થયું. ચાન, આય પોરીને સુખી કરવાનું તારા હાથમાં છે, દીકરા. 'શીરીન—શીરીન' કરીયા કરતો તો તે લે હવે આય શીરીન તુને આખરે મળી. પણ ગદ્ધા! એમ ધુખરાયલાં છાનાં જેવું થોભરૂં શાનું કરી બેઠો! આવી સુના જેવી બૈરી મળેછ તેથી જરા હસી તો મર."

જેક પુડીંગ જેવું પોડોળું ડાચું કરીને ચાન કાનફટીયો ખસ્યાણો જેવો અમથો અમથો જરા હસ્યો. તે ગધેડાને આવી વેળા શું બોલવું યા કેમ વરતવું તે આવડતું ન હતું.

"ચાનજીભાઇ," કેટીએ તેની તરફ જોઇ ઘણા ગંભીર-મોહડાંએ આસતેથી કહયું, "શીરાં તો સમજુ ને નમાની છોકરી છે. તમારી એવી તાબેદાર હેતવંતી ને ભલી બઇરી થઇ રહેશે કે તમેજ જોશો. ફકત એને બીચારીને ઘણી સતાવતા ના. એના દીલમાંનો ગમ હજુર તો તાજો છે તેટલાં કદાચ એ અગાઉની કાની હસે બોલે નહી તો જરા ચલાવી લેજો. ગુસ્તાદજી, તાહરે તમે આપરી અગાઉનીજ ગોઠવણ મુજબ લગન પછી પાછા વલસાર જશો. મેં તમુને ત્રણ હજાર રૂપીયા તો આપયા, ને દર મહીને બસ તમે મારી તરફથી ચેકની ખાત્રી રાખજો. ચાનજીભાઇ, તમે અહીં ગોલાબવાડી

માંજ મારા કારભારી તરીકે રહેશો ને હું તમુને ૨૦૦ રૂપીયાનો પગાર આપશ."

"બહુ હારૂં. હીરાંપર તો મારો જીવ કાહરી લાખા," ચાનજીબા પોતાના બે હાથો એકમેકસે મસલીને મલકાયલે મોહડે બોલ્યા, "ને બાઇજી તમારૂં બધું કામ કરા. ચીઠી ચપાટી હંધુ જે કેહો તે—"

"ચુપ, ઇસ્ટુપીટ ! કેટીબઇ તો તુને વધારે મોટા કામપર રાખવા માગેછ. કેમ શીરીનબઇ, તમે કંઇ બોલતાં નથી ?"

નીચે મ્હોંડે શીરીન કેટીની પાસે ચંપાઇને આટલો વખત તદન મુગી મંતર બેઠેલી હતી. તેણીએ આ સવાલથી જરાક ડોકું ઉંચકી નીચે જોયું.

"હું શું બોલું ?" તેણીએ લાલ લાલ થઇને અત્યંત દબાયલા સાદે જવાબ દીધો. "કેટી જેમ કહે તેમ હું કરશ."

"હા, શીરીનને હું બેઉ જણ ઠરાવપર આયાંછ કે બીચારા અદીના નામપર ડાઘ સદાનો રહી જાય એવી વાત પોલીસમાં તમે કહેવો તે કરતાં આપરે સંપીસુજીને ચાલીયે તો વધારે સારૂં." કેટીએ ટાપસી પુરી, "અદીના ગુજરવા પછી હવે શીરાને તમારા ચાનજીની સાંમે કંઇ ઘણોજ વાંધો રહયો નથી. ચાનજીભાઇ, તમે આય છોકરીપર હેત રાખશો કેની ?"

"હેત ! અરે મારૂં જીવતર આપા. મારો આંખનો દોરો કરીને તુને રાખા—મારી કલેજાંની કટકી બનાવી તુને મારા પેટમાં દાબા—તારીપરથી હું હદકે જાવા—"

"બસ, બસ ! ખોદાને વાસ્તે એમ ના બોલો," શીરીન કમકમીને કરગરી પડી.

"બરાબર છે, ચાનજીભાઇ," કેટીએ બાપડી શીરીનને ખરેખર કગળતાં જોઇ ટેકો આપયો. "આવે વખતે પ્યાર

બ્યારની ઘણી વાત ના કરો. પણ જોવો, ગુસ્તાદજી, આય તમારા ભત્રીજાને કેહવો કે મારી સીલ્લુ આજ સુધી ઘણી દુખી થઇછ ને હવે આય ચાનજીભાઇ કંઇ ફરી બરી તો નહી જાય ?"

"ફરી જાય ! એ હું બકો ? મારા જીવના હમ——"

"નહી બા—તમે માડીડાઓનો ઘણો ભરૂસો નહી," કેટી મોહડાને હાથના ઓંથો કરી બોલી. "કાલ ઉઠીને વરી ચાનજીભઇ ચટ દઇને ફરી બેશે તો શીરાં પુરી ભખરઇ જાય. એના સુખને વાસ્તે ખાત્રીપુરવક ઉપાયો લેવાની હવે મારી ફરજ છે."

"પણ તમે શું કરાવો ?"

"આપરે તાંહ આટલો શોક છે તેથી જરાબી ગડબડ કે ધામધુમ હું થવા દેવાની નથી. લગનની વાત હમણા કરતાજ ના—પણ તદન ગુપચુપ બે જણાને જલદીથી અદરાવી મુકવાનો મારો વીચાર છે."

"હાઆઆઆ ! અમારે કાંહ ના છે ?" વરરાજાના કાકાએ ડોકાંનો લેહકો કરીને પોતાની સમતી આપી.

"ઠીક—બે ચાર દાહરામાં તમે બેઉ જણ પાછા આવજો ને આય બે લોકને વીટી પેહેરાવીને એટલી વાત પાર પારશું. શીરાં તરફથી તમારા ચાનજીભઇને વાસ્તે બીલીયાનની વીટી હું તૈયાર કરાવી રાખશ. ચાલો હવે જાઓ. શીરીનને આગલી પાછલી વાતો યાદ આવેછ તેથી હમણા એ એમ રડમેસ થઇ ગેઇછ, બાકી બે ચાર દાહરામાં તો એ હુશીયાર થઇ જશે."

આમ કહી કેટી ઉઠીને બારાણું ઉંઘાડી આ નામચીન કાકા ભત્રીજાને ત્યાંથી ચાલી જવાની વાટ જોતી ઉંબરપર જઇ ઉભી. આવા સાણુત હુકમ પછી વધુ વાર ત્યાં બેસાય એમ નહીં

હતું–એટલે આટલું જલદી ચાલી જવાની પોતાની આનાકાની છતાં ગુસ્તાદજી અને ચાનજી ચાટ જેવા ઉઠ્યા અને જરા હસ્સામાંજ ત્યાંથી ખરતી લીધી.

જેવા તે લોક દાદરપરથી નીચે ઉતરયા કે કેટીએ પાસેના ઓરડાનાં બંધ બારણાપર ત્રણ ચાર ટકોરા મારર્યા, કે પેલી મેરથી સાંકળ ઉંઘાડી અબદુલ અને "ગુલાબવાડી" ના બીજાં ત્રણ માણસો બાહેર આવ્યાં.

"શાબાશ, બાઇજી સાહેબ !" બીજાં માણસો બાહેર ગયા પછી અબદુલ ખુશ મીજાજે બોલ્યો, "અચ્છી બજાવી! બહુ મેહેરબાની થઇ. બીજા થોડા દાહડા ચલાવો પછી હું છું ને એ લોક છે. ફકત આય ચાનજીની વીંટીની ખુબ યાદ રાખજો. હવે હું જાઉં, બાઇ ?"

"હા, પણ કંઈ ચાહ બાહે લેની ? સહવારના કંઇ મોહના ગમ—"

"નહીજી મને ઉતાવળ છે. આય લોક પાછા કાહરે આવવાના ?"

"કોણ જાણે ?—હું બોલાવું ત્યારેજ આવે તો. કાહરે બોલાવીયે, અબદુલ ?"

"જુવો બાઇજી—એમ કરો," અબદુલ એક મીનીટ વીચાર કરીને બોલ્યો, "પેલી વીંટી ચાનજી પાસથી પડાવી લેવો તેવારે આય શયતાન ગુસ્તાદજી પાસે નહી હોય તો સારૂં–એટલા વાસ્તે કાલે રાતના નવ વાગતે બેઉને અહીં બોલાવો."

"નવ વાગે ! રાતના ? ઓવાય, કાંય ?"

"કાલે રાતના પુર ચાંદની છે એટલે બગીચામાં તમે શીરીનબાઇ આય ચાનજીને લઇને સેહલથી સીસામાં ઉતારી

શકશે. વળી રાત પરી એ ખાનેખરાબને રાબેતા કરતાં જરા વધારે શરાબથી ભીજવીને હું મોકલશ."

"હા પણ—પણ ગુસ્તાદજી—?"

"તે અહીં કાલે નહીં આવે તે મારૂં કામ છે. એને હું મારી સાથે નાટકમાં લઇ જવશ. તમે એ ચાર તમારાં માણસો આસપાસ બાગમાં ફરતાં રાખજો, એટલે બસ. સલામ બાઇ—હું રજા લેઉંછ; સલામ શીરીનબાઇજી!"

"હા આવજે બા, અબદુલ"

પેલી ગમ રસ્તે ચાલતા ગુસ્તાદજીની છાતીમાંથી ખુશાલીનો કુચો જાણે ઉંચકાઇ ને મ્હોંમાં ઉછળી આવતો હતો.

'હત તેરી! સુરજ હમણા કેઇ બાજુથી ઉગે! સાળું બધું હમણા સીધે સીધું ચટ ને પટ પાર ઉતરે! ચાન! દેરાના ખાધા, તુબી જબરો નસીબ વારો! તારા જેવા ઢેફસાં સાથ પેલી મટુકલી પરણવા તેયાર થઇ—વાહ, મને લાગેછ કે ગમથી ને ગભરાટથી આય એ પોરીનાં માથાં ખીસી ગીયાંછ. પણ જો બચ્ચા જરાબી કામ હવે બગારીયું તો આય આંગળાં ભોકીને પેટમાંનો પચકરો કાહરી નાખશ."

ચાનજી જે લાંબી લાંબી ફલાંગ ભરીને ચાલતો હતો તેના હાથી જેવા પગ જાણે જમીન પરથી હરખને મારે ઉડી ઉડી જતા હતા!

"કાકા—હીરીનની પેલી મા પીરોજ આજે આવવાની—તે છે તે—"

ગુસ્તાદજીએ અચબુચ ચાલતાં ચાલતાં અટકી જઈ ગુસ્સા અને નીરાશીને મારે પોતાની દાઢીના બાલેબાલ પીખ્યા.

"હા ખરા!" તે ખવીસની પેઠે દાંત પીસીને બડબડયો, "એ ઘરડાં ડોબરાંને મેં નકામું બોલાવયું! હું મકું

આય પોરીઓને ઠેકાણે લાવવા સારૂં અંદેરી લઇ જવી પરે તો એ પીરોજ કામ લાગે. વળી સાથે તારાં પેલાં ઓચરીયાં મેં મંગાવ્યા કે તું જરાબી લાહેરી કરે તો તરત તુને લટકાવી દેવા કામ લાગે. પણ હવે—છી છી! એ રાન નકામી અહીં કવાબમાં હારકું થઇ પંરશે. પણ કંઇ નહી, ચાન, એને પાછી ઢકેલી આપશું—હમણા તો ચાલ."

એમજ છે—એમજ છે! પૈસાની લાલચ અને ઇશ્કની બીમારી ચબરાકમાં ચબરાક મગજોનીબી પથરના ટુકડા જેવાં રદબાતલ કરી મેલે છે!

*　　　*　　　*　　　*

ઉપલા બનાવને ૩૬ કલાક વીતી જતાં શું વીલંબ લાગ્યો? બીજે દહાડે રાતે નવ વાગતે 'ગુલાબવાડી'ના દીલખુશ બાગ ઉપર રૂપેરી ચંદની પોતીકી ચાદર પાંથરી રહી હતી. છુટાં છવાયાં વાદળાંઓમાંથી બેફીકર બાહેર નીકળીને હસ્તી માહતાબ ત્યાં બગીચામાં જોડેજોડ બેઠેલી મનમોહન સુંદરીઓના ચીંતાતુર ચેહેરાઓ ઉપર જાણે પ્રીતી અને મમતાથી પ્રકાશતી હતી. હાથમાં હાથ ભેરવીને કેટી તથા શીરીન જે ઘડી જાય છે તેમાં કોઇના આવી પુગવાની વાટ ધડકતી છાતી સાથ જોતી બેઠેલી હતી. તે રાતે ચાનજીભાઇ "જી–ભરૂ" પોતાની માશુકની ખાસ મુલાકાત કરી વીંટી પહેરવા આવનાર હતા. ચંદની ઘોરતાંજ સામે શયાલ ઓઢીને હમાયજી તથા સુનામાસી લગભગ ઝુકતાં ફરાગાત પોચી ગાદીની ખુરસી ઉપર પડેલાં હતાં. બાગનું કંઇ ખોદકામ કરવાને મસે માળી અને ઘોડાવાળાઓ નજદીકમાંજ દમકયા કરતા હતા.

દશ પંદર મીનીટ ચારો જણાનો આખો ગૃપ મુગોમંતર પોતાના વીચારોમાં સ્થીર બેસી રહયો. દરેકના માથા ઉપર

ચીંતાનો નાખુશ બોજો તેઓના હોઠ સીવી લેવાને પુરતો ભારી હતો.

"ઓ! કોઇના પગલાં સંભળાયછ ખરાં." કેટી ખડી બેસીને કાન ઉંચા કરી બોલી ઉઠી, "દરવાજામાં કોઇ દાખલ થયું—શીરાં, હવે ટટાર બન, હં કે! લેઓ, પેલોજ મુવો આવેછ!—આવો, ચાનજીભાઇ!"

ચાનજીભાઇ ડુમ હીલાવતા હીલાવતા સ્ત્રીઓનાં તે કુંડાળાં આગળ ચાલી આવ્યા. તેવણુના છોળેલાં માથાં ઉપર લગરીક વાંકી થઇ ગયલી પાયલી જેવી પાઘડી અને તેવણુનાં લટર પટર થતા ટાંટીયા ઉપરથી કેટીએ એક પળકારામાં જોઇ લીધું કે એ પાપી પદેરાને "તૈયાર" કરીને મોકલવાની અબદુલે આપેલી કબુલાત સારે અંશે પાર પાડવામાં આવેલી હતી.

"આવતાં જરા મોડું થયું, ચાનજીભઇ," કેટીએ વાત છેડી, "પણ તમે આયા તે સારૂં થયું, અમે લોક કાહરની તમારી વાર જોઇયેછ. કેમ ખરૂં કેની શીરીન?"

"હા." શીરીને માત્ર એક હુંકારો પુરી ડોકું ધુણાવ્યું.

"હું ચંદની પરે!" ચાનજી પુનમના આખા ચાંદગમ ડોળા ફાડીને જોઇ બ્રાંડીની લેહેરમાં બોલ્યો. "હીરાં, તારો મુખડો બોલા ચાન જેવો હાજો છે. તેં મને હુખી કીધેલો, મારી પોપટી, હવે તારી અરાહે કોઇ......જો આવહે તો મારી મારીને તેનો છુંદો કાહરી લાખા. કેટીબાઇ, એ મારી હાથે કંઇ વાત નીહ કરતી છે—એ એમ હું કરે? રાખો, ઉં એની હોરે લગરીક બેહું."

આમ બોલી ચાનજીએ પોતાની ખુરસી શીરીનની ખુરસીની અડોઅડ લાવીને મેલી. તે પોતાની મોહબતે દીલરૂબામાં એવો મસ્ત થઇ ગયો હતો કે પાછવાડે ઝાડીમાં સેહેજ કાંઇ

ખડખડાટ થયો તે તેના સાંભળવામાં આવ્યો નહી. તેમજ બીજાં કોઇએબી તે સાંભળ્યો નહી, કારણ કે દરેક જણ તે ઘડીએ દમ ઉંચો રાખીને ઉશકેરાયલી હાલતમાં ત્યાં બેઠાં હતાં.

ચાનજી એક અણઘડ "બ્રુટ"ની માફક અસભ્યતાથી શીરીનનાં ફીકાં મ્હોંડાં ગમ એકીટગરે જોવા પડયો. શીરીન આંખ્યોનાં પાપણ નમાવી આઇસ જેવા ઠંડાગાર હાથો સાથ ત્યાં જડ થઇને બેસી રહી. અચણુચ ચાનજીએ તેણીનો એક ગોરો હાથ પોતાના ખરવસ્તર પંજામાં પકડયો અને હદ બાહેર પ્યારના જાણે-જુસ્સામાં વાંકો વળી તે ઉપર બચ દઇને ચુમી લીધી.

એક નાની બુમ સાથ શીરીને પોતાનો તે હાથ ઝટ ખેંચી લીધો અને બીધેલે મ્હોંડે તથા રડમેસ આંખ્યોએ કેટી ગમ જોયું. એક પલકમાં કેટી તેણીની સામે આવી ઉભી.

"ચાનજીભઇ, એ હમણા કીસબીસની વાત માંડી વારો—"

"હું કામ માંડી વારે? નારા બાપની ચોરી તો નીહ કરતો છું?" ચાનજીએ દારૂની ઝુમમાં પોતાની અક્કલ ખરચી દીધી. "મારી બઇરી થાતી છે તો ગમે તે કરા. લે આવ હીરાં, બીજી બકી આપ." આમ બોલી ચાનજીએ વળી પાછો શીરીનનો હાથ પોતાની મુંઠ્ઠીમાં પકડયો.

પછવાડે ઝાડીમાં વળી પાછો ખખડાટ થયો. આ ફેરી કેટીએ તે સહેજ અછરતો સાંભળ્યો અને ચમકીને પછવાડે જોયું, પણ તુરત પાછું સઘળું ચુપાચાપ થઇ ગયું. તેણીએ ચાનજીનો હાથ પકડી જોરમાં પોતા તરફ તાણીને શીરીનને છુટી કરી.

"તમે એમ હમના ઘેલાં કહારશો, તો શીરીન બીહ જશે." કેટી ચાનજી ગમ જોઇને બોલી, "તમુને એક વખત કહયું કે હમણાં દોરાદોરી કરવાની જરૂર નથી. લેવો, આય

વીટી. શીરીન તમુને પહેરાવેછ તે પહેરો. લે શીરા, આય એવણુને આંગળે પહેરાવ."

પોતાના ખીસામાંથી કહાડેલી એક બીલીયાનની વીટી કેટીએ શીરીનના ધ્રુજતા હાથોમાં મેલી. ખચીત શાકર જેવડો મોટો તે હીરો ચંદનીમાં આંખને થેરવી મેલે તેમ ચકચક થતો હતો. શીરીને મહા મુસીબતે તે વીટી ચાનજીના ડાબા હાથની ચોથી આંગળીમાં પહેરાવી. આવો કીમતી દાગીનો અચબુચ આ રૂપવંતીના હાથે પોતાના આગળાંમાં પોવાઇ ગયલો દેખી ચાનજીબાની બબાથી તરતી આંખ્યોમાંથી હરખના જાણે પાણી ભરાઈ આવ્યાં. તે કાંઈ બહુ શુરથી ઉપકાર અને પ્યારનું પીજણ લલકારવા ગયો, પણ તેની છાતી ખુશાલીથી એવી તો ભરાઇ આવી હતી કે તત–પપ થઇ ગયું.

"ઓઇરે મારી–છે તે–લારકી–આપરે હું બકુએ–"

"છટ–છટ!" કેટી વચે બોલી પડી, "શીરીને તો તમુને વીટી પહેરાવી, હવે તમે એને કંઇ વીટી પહેરાવો. આય બધાં લોકના દેખતાં, માળી ઘોરાવાળા, અહીં આવો બધા જણા. લેવો ચાનજીભાઇ વેકો તમે એને તમારી તરફથી એક વીટી પહેરાવો એટલે અદરાવાની ક્રીરીયા ખલાસ થશે. વાહ, આય તમારા જમણા હાથપર લીલાં પાનાની વીટી કેવી મઝાહની ચલકેછ! શીરીનને જરા મોટી પરશે, પણ કંઇ નહી, પછવારેથી આપરે ગારો નાલ્લો કરાવશું. શીરાં, લાવ તારી આંગળી એવણુને દેખાર."

કેટીએ શીરીનનો હાથ પકડી ચાનજીની સામે તેણીની આંગળી ધરી. છાકટ ધુન થયલા તે બુબખે ગેન્નમાં આવી જઇ પોતાને આંગળેની પેલી ગુસ્તાદજીવાળી લીલાં પાનાની વીટી–તેજ કમબખ્ત વીટી કે જેણે મેહેરનોશજીના કપાળ ઉપર પેલો ખુન-

બાર છાપ પાડયો હતો, અને જે છાપની પોલીસે પછવાડેથી પ્લાસ્ટર ઓફ પેરીસમાં આકરૂતી લઈ લીધી હતી—તે ચડપ દેતી કે ખેંચી કહાડી અને શીરીનની નાજુક આંગળીમાં સેરવી દીધી.

પણ અહીં ચાનજીની છાતીમાં ઉભરાઇ આવેલો જુસ્સો હવે સમાઇ શકાયો નહી.

"મારા જીવના હમ! તેં મને ઘેલો બનાવી લાખેલો! મારી નુરી, આવ મને એક કોટી કર. બહ, આજે કોટી કરવા વીના પાછો નીહ જાવાનો, હઉવે. આવ હીરીન, મારૂં દીલ બહુ તારે વાહતે તલપે. બહ આવ!"

આમ બોલવા સાથ તે નાપાકે ઉઠીને શીરીનને એક ખવીસની પેઠે બાજુમાંથી કકડાવીને પકડી અને કેટી યા બીજાઓ કાંઇબી કરી શકે તે અગાઉ અછાડપછાડ કરતી અને ચીચીયારી મારતી તે છોકરીને પોતાની નેહેસ્ત બગલગીરીમાં પકડી. રાખી પણ એકજ પળ——

પછવાડેની ઝાડીમાંથી કોઇ ધડાક દેતું કે કુદકો મારી એક ગોળી લાગેલા વાઘની પેઠે તેઓ સનમુખ ઉછળી પડયું —અને સઘળાઓ ડોળા ઉઘાડીને જોઇ શકે તે આગમજ ડાકટર અરદેશર વજીફદારે કકડાવીને એક મુકકી ચાનજીના કાનપર લગાવી તે બદબખ્ત માસના ડુંગરને જમીન ઉપર ચતોપાટ પછાડી નાખ્યો.

બઇરાંઓએ ચીસાચીસ કરી મુકી અને સઘળાં માણસો ત્યાં દોડી આવ્યાં. શીરીન કેટીને વળગી ઠરઠર નેતરની પેઠે ધ્રુજવા લાગી. જમીનપર અફળાઇ પડેલા ચાનજીએ ડોળા ફાડી એક મીનીટ ત્યાં ટટણખાર ઉભેલા, પોતાના હમનબરદ ગમ જોયું અને પછી ——

"ભુત! મારા બાપ!"

તેણે એક ધ્રોધારી બરાડ મારી અને જમીનપરથી છલાંગ સમેત ઉઠી આગળપાછળ કાંઇબી જોવા વગર તે એક ઘેલા હાથીની પેઠે જીવ લઇને ત્યાંથી નાઠો.

હા—ત્યાં મુછ દાઢી બોરી નાખીને મુસલમાનના પોશાકમાં ફુટી નીકળેલા ડાકટર અદીને ચાનજીએ ઓળખ્યો ખરો, પણ નક્કી ભુત સમજ્યો. રાતના આવી વખતે દોખમે ચહડી ચુકેલો એ અદી ત્યાં જીવતો નીકળી આવે? ખરેખર, કેટી, શીરીન, હમાયજી, સુનામાસી વટીક પહેલી થોડીક મીનીટ તો હરણફાર થઇને તેની ગમ મુગે મોંહડે ટીકવા પડયાં.

"અદી!"

કેટીનો પહેલો ગગળતો હેબતાઇ ગયલો સાદ નીકળ્યો.

"હા, હું અદી છેઉં. હું જીવતો જાગતો બત્રીસ દાંતનો બેઠેલો છેઉં તે આવા હરડના ચંડાલને હાથે મારી શીરીનને ઇનસલ્ટ થવા દેવા જીવતો નથી. તમે લોકો આય શું કરોછ?"

"અરે પણ અદી, એ આય તેં શું કીધું? તું અહીં કાંય આયો?"

"કાંય આયો? ઓ કેટી. મને શું કંઇ તમે લોક પથ્થર બથ્થરનો સમજોછ? પેલા ઉજબખ અબદુલે મને આસ્તે રહીને કહયું કે આજે રાતે આય નાપાક મારી શીરીનને મળવા આવવાનો છે. અબદુલ બહાર ગગરેલો ઉતો તેટલાં હું અહીં જીવના જોખમે ચાલી આયો. શીરીન, માયજી! હું ફાંસી જવશ, હું કુતરાને મોતે મરશ પણ હું બાયલાની કાની છે ખુણે બેસીને આવો રકાસ જોયા કરવાનો નથી!——"

* * * *

પ્રકરણ ૪૯ મું.

ચોરને ઘેર ચોર પહુરાણો?

ચાઆઆઆઆહ!

અવાચીતો એવી આવતી હતી કે ગુસ્તાદ કાનફટયાનું જાણે ડાચુંજ લચકાઈ જતું હતું. ગઇ રાતના નાટકનો ઉજાગરો અને વળી સાથે લાગ્યો પેટમાં ખાસ્સી બાટલી એક એવડાનો ચચડાટ—એટલે આંખ્યોના ટોપચાં સહવારના મોડેથી ઉઠતાંબી વીચાઈ વીચાઇ જતાં હતાં. ઘવડ ખવડ સાથ બગાસા પર બગાસાં ખાતો જઇ ગુસ્તાદજી પોતીકા મોદીખાનેની ઓરડીમાં સામે બદીયાનપરજ સીવતી બેઠેલી પીરોજબાઇ ગમ છેડાયલા બળદયાની પેઠે જોયા કરતો હતો. હતા! જ્યારે ગુસ્તાદજીની તકદીરનો તાળો ઘડીયાળના ચક્કરની પેઠે આસપાસના સંજોગોમાં આબાદ બંધ બેસી જઇ સીલસીલાબંધ ચાલવા માંડતો ત્યારેજ આ ડોહી ડગરી નડવા નીકળી પડી! કેટી દાવર જ્યારે પોતાની મેળે ઠેકાણે આવી ગઇ ત્યારે આ પીરોજબઇ વલસાડ વેરથી મુંબઈ તણાઇ આવી—એ ખ્યાલથી ગુસ્તાદજીબા આજે સહવારના ખાંઉ કરૂં જેવા થઇને ઉઠેલા હતા.

"પીરોજ! તું પેલાં ઓચરીયા લાવેલી કે?"

"હા—આપુ?"

"નહીં રાખ–પછી માગા. નાપાકનો જણીયો ચાન કાંહ મુવોછ? ગેઇ રાતે તારી પેલી પોરીને મળવા જવાનો ઉતો–પાછો આંવેલોજ નહીં, હે?"

"નહીં હજુર આયા તો નથી."

"કાંહ મુવો? પીરોજ, તારો જમાઇ થવાનો તે હવે મારો હહરીનો ધડપર ડોક નહી રાખે! તું આય કાગલીયાં લાવી તો ઠીક થયું. પાંચ પાંચ મીનીટે એને ચમકાવવો પરશે! મકુંજે હવે આજે રાતના તું પાછી જા, પીરોજ તારૂં અહી કામ નથી—"

"ઓવાય, તારે બોલાવી કાંય?"

"જખ મારવા! બસ મને વધારે પંચાત નહીં જોઇયે. આજે બપોરની ગારીમાંજ—ઓ, લે! ચાન આયો!—કેમરે, તું આખી રાત કાંહ ગગરેલો ઉતો? યેહ! એમ બપાવો ધપી ગીયો હોય તેમ રરતા ચણાવાલા જેવું ડાચું શાનું કરેછ?"

ખરેખર! ચાનજીનું કોહું ધુખરાયલુંજ હતું. જાણે કંઇ ધાસ્તી ખાધી હોય તેમ તેનું મોહડું ઉતરી ગયલું હતું અને સારી રાત જાગ્યા કર્યો હોય તેમ તેની આંખ્યો સુજી આવી હતી. ગુસ્તાદજીના સવાલનો ઉતર દેવાને બદલે તેણે પાધરો તેના આંગ ઉપર જઈ પોતાના કાકાને ખભાંમાંથી પકડયો અને ઝપાટામાં ઓરડાની બાહેર ખેંચી ગયો.

ચકરમ ચાનજીનું આ વળી નવું સ્વરૂપ હતું. વીશમય પામી ગુસ્તાદજી તેની સાથ બાહેર ગયો.

"હેં! આજે એમ શું ઘેલાં કાહરે, ચાન?"

ચાનજીએ કકડાવીને ગુસ્તાદજીની કાંડી પોતાની મુઠીમાં પકડી અને પછી તેના કાન ઉપર છેક ટીંગાઇને બહુજ ધીમેથી કાંઇ કહયું.

"એ શું બોલેછ?" ગુસતાદજી હરણફાર થઇને બરાડી ઉઠયો.

"મારા જીવના હમ! મેં મારી નજરે દીઠેલો. ઝારી-

માંથી નીકળી આવી મને જમીનપર પારી લાખેલો, કાકા. ભુત નીહ હોય તો મારો હાથ કાપી લાખું !"

"અરે પણ બેવકુફ ગધેરા, તું છેક એટલો બધો અદુખરો તો નથી કે ભુત પરીયાંની વાતો માને. ડાકટર અદીનો—તારી ખાત્રી છે ?"

"ઉં હોગન ખાતો છું કાકા. તું કેહ તેવા હમ."

એક મીનીટ ગુસ્તાદજી અદબ વાળીને ટગર ટગર ચાનજીના ચેહેરા ગમ ટીકવા પડયો. શું વીચારવું અને શું બોલવું તેબી તેને તુરતવેળા સમજ પડયું નહી. તેના કપાળ ઉપરની નસો જે રીતે તડકી રહી તે ઉપરથી દેખાઇ આવતું હતું કે ગુસ્તાદજી કાનફટીયો બેજાલત અને નાસીપાસી, ધાસ્તી અને ગુચવણને મારે લગભગ ગુંગળાઈ જતો હતો.

"ઓહો, તારે એમ છે !" તે આખરે એક લાંબો દમ ખેંચી બીડેલા હોઠ સાથ બડબડયો. "વાહ ! વાત તો રસપર ચઢી હોય તેમ દેખાયછ ! ચાન ! તારાં કંગાલ ડાચાંની ઉપર એવી બરાબર મુક્કી મારનાર એક ભુત હોય તે બચ્ચેઆળાની વાત મારી આગળ ચાલવાની નથી. યાતો તું આખી રાત દારૂ પીને હમણા તેની ધુનમાં ફાટું ફાટું બોલેછ કે યાતો તે મુકી મારનાર જીતો જાગતો પેલો ડાકટર અરદેશર વજીફદાર પોતે હોય. બચ્ચા, મારી સાથ તું કંઇ દગો તો નથી રમતો ? જો ચાન, આય ઘરીએ પેલાં બેંકનાં ચીથરાં મારી પાસ આય ઓરડામાં અનામત પરેલાં છે. પીરોજ તે વલસારથી લઇ આવીછ—"

"હજુર કાકા ! હત્તરહોમી વખતનો તું એ ધમકી આપી ચુયકો. હવે એ કાગરીયાં મને પાછાં આપી દે, નીહ તો તારી હાતે છેરા છોરવી લાખા. હા, હાફ કેહતો છું."

"એટલે ? તો બાકી તું શું કરવાનો ?"

"હું કરવાનો ? એકવાર જે તે ખરૂં નરૂં કરી લાખો. પોલીહને છુપી ખબર આપો કે તું એ—"

"બસ બસ, તારી પત્રાજી હવે જાણી. ચાન, આય આજે તું જે નવી ખબર લાયોછ તે પછી આપુને પંચાતી કરવી જોઇતી નથી. જો ગધેરા, સાંભર ! આય બે પોરીઓએ આપુને હાથતાલી આપીછ. એ ભુતબી નથી ને કોઇ જીનબી નથી. પેલો બુબખ ડાકટર હડતો કડતો જીવતો બત્રીસ દાંતનો બેઠેલો છે એમાં જરાબી શક નહીં. બચ્ચા આપરે સજ્જડ બન્યાછ ! એ પોટ્ટીઓના હાથપર વેચાયાછ ! પણ ફીકર નહીં. એક નનામું કાગળ પોલીસ કમીશનર ઉપર ટપકાવી દીધું કે ખલાસ ! ને પેલી બે નાપેકાર રાંડોને હવે નહી છોરૂં. ચાન, અબદુલ્લા પાસે પેલી અંધેરીની વાડીની એક દાહરો રજા મેળવ. તું આટલી છેલ્લી વખત મને મદદ કર. આય કેદી પાસેથી એક સારી રકમ ચીકાવી આપરે ફુદ્દોસ માપી જઇશું. જા દીકરા, એટલું મારૂં કામ કર ને હું વચન આપુંછ કે પેલાં ઓચરીયાં તારા હાથમાં મુકી દેવશ. જેબી કંઇ મને એ ઢુકતીઓ પાસથી મલે તેમાં પા ભાગ તારો. વેક ચાન ! હું પેલું કાગળ પોલીસમાં નાખવા લખી કાહરૂંછ. તું કંઇબી કરીને અબદલ્લાને કહી અંધેરીની રજા લાવ."

કાંઇ સેહેજ મનમાં બબડી ચાન જેવો છેખરાયલો આવ્યો હતો તેવોજ નીચી મુડીએ ત્યાંથી ચાલ્યો ગયો. ગુસ્તાદજી ઓરડામાં પાછો પીરોજબાઇ બેઠી હતી ત્યાં ગયો.

"નહી પીરોજ, વરી મારો વીચાર બદલાયોછ." તે ભટ દેતો કે એક ટેબલ આગળ બેસી જઇ કાંઇ કાગલપર ચીતરતાં બોલ્યો, 'બીજા તન ચાર દાહરાની રમત હજુર આપુને કરવાની છે તેટલાં મુંબઇમાં મને તારૂં કામ છે."

પોલીસ કમીશનર ઉપર ગુસ્તાદજીએ ચડચડાટ ચીતરી કહાડેલાં નનામા કાગળનાં ચારેક પડ ભરાઇ ચુકયાં હતાં. છેલ્લી થોડીક લીટીઓ ઘડી કહાડવામાં તે નીચી મુડીએ મશગુલ હતો તેવામાં ફડક કરતું કે બારણું ખોલી નવાબઝાદો અબદુલ્લાખાન હસ્તે મ્હોંડે અંદર ચાલ્યો આવ્યો.

"કેમ બેરાદર!" તે ગુસ્તાદજીના ખભાં ઉપર હાથ મુકી ખુશ મીજાજે બોલ્યો. "એ શું બગરડાનો છગરડો લખેછ? તારી માશુકને કંઇ મોહબતનો રૂકકો લખેછ, કેમ?"

"અબદુલ્લા, દીકરા તારૂંજ કામ છે," ગુસ્તાદજી પોતાના જવાન મીત્રને ડગલીમાંથી પકડી બોલ્યો. "બધું રફુચક્કર થઇ ગીયુંછ, યાર! આય કાગલ પોલીસ કમીશનરને હું લખુંછ. દોસ્ત, પેલો ઘેલસપ્પો ડાકટર અદી તો જીવતો મુવેલો દેખું! ગઇ કાલે રાતના ચાનજીને અચણુચ ગોલાબવારીમાં એવી થોબર ફરાક મારી—"

"યા એલાહી! એ શું બોલેછ, રફીક?"

"મશકેરી નહી, ખરૂ કેહુંછ! અબદુલ દીકરી, મેં ચાનને હમણા પા કલાકની વાટપર તારી આગળ મોકલયો કે તારી પાસે જલદી તારાં અંધેરીના બોપતાંની રજા માંગી લાવે. તાંહ આય પોટ્ટીઓને અંતે પુરવીજ પરશે. તુંને ચાન હમણા મળયો કેની?"

"ઉં? ચાન? હા, હમણાજ મને મળયો, ને તેથીજ હું તારી આગળ આયો 'તો!"

"મારો ડાહયો દીકરો!" ગુસ્તાદજી અબ્દુલની પીઠ પંપાળીને મલકાયલે મોહડે બોલ્યો. "બેટા, આય વખત મને તારીબી મદદ જોઇશે. આય બે જણીઓ મળીને કંઇ નહીં તો નાંખી દેતાં ૨૫-૩૦ હજાર રૂપીઆ આપરે પટકાવવા ને

પછી હુમ પકડીને જાંહ નહસાય તાંહ વહી જવું. મેં ચાન-નેબી મારો સખુન આપયોછ કે એમાં જો એ મને મદદ કરે તો એના પેલાં બેંકના ઓચરયાં, જેના નામથીજ એ ધ્રુજી ધરકી પરેછ તે પાછાં એને બક્ષીશ આપી દેવાં."

અબદુલ ખુબ ગેલથી હસ્યો. "હત તેરી! તાહરે આખરે આય ઓરતાંઓને તું મારે તાંહ અંધેરી ફુસલાવી લાવવાનો કેમ?"

"તે મારૂં કામ!"

"તો ઠીક, તુંને મુબારક. એક મુકીને દશ દાહારા મારી ગરીબની ઝુપરી તારી સેવામાં હાજર છે. પણ ગુસ્તાદ, આય તાહરા ભત્રીજા ચાન વગર આપુને નહી ચાલશે, હં! એ તો આપુને જરૂર જોઇશે. તું કંઇબી કરીને એને ટાહરો મીઠો રાખ, ભાઇ!"

"અરે હારે. ચાનબી જરૂર તાંહ આવશે. ચાન વગર કંઇ ચાલે! મારી આય પીરોજબી તાંહ—"

"ખરૂં, પણ ચાન હમણા છરી લાવ નાક કાપું જેવો થઇ રહયોછ! જોની હમણા તે મળયો તે મને કહેજે તારો બે મીનીટનો ભરૂસો નહી. એ તો સાફ મારી આગળ રડી ઉઠયો કે તું એની પાસ કામ કરાવી પાછો એને લટકાવી દે, તો એ કોણને પુછવા જાય?"

"અરે એનું સત્યાનાશ જાય! તાહરે એ શું માગેછ શું?"

"એજ કે તું પેલાં ઓચરયાં પહેલાં એને આપે, તોજ એ તુંને મદદ કરે."

"એંહ! ને નહીં તો?"

"નહી તો બધું જઇને પેલીઓને ફુકી દે."

દાંત્યાં કચકચાવી ગુસ્તાદજીએ થોડો વાર ચુંચી આંખ્યોએ

અબ્દુલ્લા ગમ જોયું. પણ અબ્દુલ્લ બંદાનું એક પાપણુંબી શું કામ હાલે?

"ગુસ્તાદ, મારૂં કહયું માન." તે સમજાવતભર્યા સાંદે બોલ્યો. "એ બોચર્યા તું મને આપ. તારૂં કામ પુરૂં થાય તાંહ સુધી હું મારી પાસે રાખશ ને પછી ચાનજીને આપશ. ચાનજીની પોતાનીબી એવીજ ખુશી છે."

ધારી ધારીને ગુસ્તાદજી અબ્દુલના ચેહેરા ગમ જોયા કરતો હતો. એ આય જવાન મુસલ્લો શું સઘળી ગોળા લડઇ કરતો હતો તે તેને એકાદ મીનીટ સમજ પડી નહી.

"ચાનજીનીબી એવીજ મરજી છે! કેમ, બચ્ચા અબદુલ, તુંબી હવે ઘરડા ગુસ્તાદજીને હડેલીપર ચાન દેખારાવા આયોછ. હેં? હું કેમ જાણું કે ચાનજીનીબી એવીજ ખુશી છે?"

અબદુલ ખડખડાટ મોટેથી હસી પડયો.

"હે હે હે! મેં ચાનજીને એમજ કહયું. હું જાણુતો-તોજ કે તું મારા જેવા દોસ્તનોબી વીશ્વાસ કરવાનો નથી; અને તેથીજ—જો બીરાદર, ઇધાણી તરીકે ચાનજીની આય વીટી તુને દેખરાવવા હું લઇ આયોછ."

આટલું કહી અબદુલે ચડપ દેતી કે પોતાના ડગલાના ખીસામાંથી પેલી લીલાં પાનાની વીટી ખેંચી કહાડી ગુસ્તાદ-જીની ચશમો સાંમે ધરી

ગુસ્તાદજીના મનમાં જે જરાબી શકનો કતરો હતો તે હવે સમુળગો દુર થયો. ફફડી ચટકીને ચાનજીને બેચાર નજીસ ગાળો ચોપડી કહાડી તે ઉઠયો અને પીરોજબાઇ પાસેથી કુંચી લઈ પોતાની પેટીમાંથી પેલું ચાનજીનો ગુનાહ પુરવાર કરનારૂં બંડલ કહાડી અબદુલના દીલપર ફેંકયું.

"લે ધર! આય પેલા ચંડાલને આપ. હવે એનો જીવ

હેડો પરશે. ને હવે એને કેહજે કે આવતી પરમ દહાડે અંધેરીની તારી બંગલીમાં રાતના ૭ વાગતે જરૂર આવે. જો નહી આવી મરશે, તો માથું છુંદી નાખશ ! ને અબદુલ્લા, તુંબી બચ્ચીત આવજે હં, દીકરા—તારી મદદ હું ભુલશ નહી. ફકત એક કલાકનું કામ છે."

"જરૂર, જરૂર. ચાલ સલામ."

પ્રકરણ ૫૦ મું.

દગો!

"બાઇ, તાર આયોછ."

કેટી હાવર 'ગુલાબવાડી'ના ડરોઈંગ રૂમમાં ફરાગાત સોફા ઉપર પડી પડી "જામે જમશેદ" વાંચતી હતી. તેણીએ અચબુચ ચોંકીને ઉંચું ડોકું કરી અમીના ગમ જોયું.

"તાર ! મરેરે, આપુને કોણનો તાર? શીરાં, જરા સહી કરી આપની. હવે તો કંઇ તારબાર આવેછ તાહરે મુવા હાથજ ધ્રુજેછ."

શીરીને ઝટ સહી કરી આપી અને ઓરડામાં બેઠેલાં હુમાયજી તથા સુનામાસીબી કાન ઉંચા કરી, તારની વીગત સાંભળવા ખડાં બેઠાં. લગાર ધ્રુજતે હાથે કેટીએ તે ભુરૂં પરબીડું ઉખેડયું અને ભવાં ચહડાવી તે તાર મનમાં વાંચ્યો. બીજીજ પળે તેણીના હાથમાંથી તે કાગલયું સરી પડયું અને ચાદર જેવાં સફેદ મ્હોંડાં સાથ તેણી સોફા ઉપર અટેલાઇ પડી.

"ઓ માય, હવે કેમ કરૂં !" તેણી ગગળતા દબાયલા સાદે નીસાસો નાખીને બોલી.

શીરીન કેટીની આગળ દોડી આવી. "શું છે કેટ ? જાબા, એમ શું કરેછ! શું છે, અમુને કેહની!"

"અરે—એને—અકસ્માત થયો !" કેટી મહા મુસીબને બોલી, "ઘણું વાગુંછ—ઓ—હવે કેમ કરૂં! શીરાં, માસી,–"

"અકસ્માત થયો ? કોણને ?" હમાયજી એક નાની બુમ સાથ ઉઠી ઉભાં થયાં અને કેટીની આગળ દોડી આવ્યાં.

"જોની શીરીન, વાંચની ! કોણને અકસ્માત થયો–કોણને વાગુંછ? મરાં હારેહાર ધુજેછ—"

શીરીને તે ટેલીગ્રામ ઉંચકીને ઉંજળા સપ હોઠો સાથ વાંચ્યો.

કેટી દાવરને એદલજી ઉમરીગર
ગીરગામ. તરફથી અંધેરી.

મારા જાલને ખરાબ અકસ્માત થયો છે. ઘોડા ઉપરથી પડી ગયો છે, ઘણું વાગું છે. અંધેરી બજાર આગળ "બેલ-વ્યુ" બંગલામાં હાલ છે. ડાકટરો કેસ ખરાબ ધારેછે. જાલ તમુને મળવા માગેછે. તાબડતોબ આવો. ટાંગા સ્ટેશન પર તૈયાર.

આંખે રૂમાલ દાબી કેટી થોડો વાર તો ગુપચુપ નસોસ જેવી પડી રહી. શીરીને, હમાયજીએ અને સુનામાસીએ તેણીને ઘણો દીલાસો દઇ પટાવી, ત્યારે દીલમાં કાંઇ મુદત થઇ ભરાઇ રહેલો ઊભરો તેણીએ છડેચોક ખાલી કરી દીધો અને ફુસ્કે ફુસ્કે તેણી રડવા લાગી.

"આખરે તેમજ થયું. શીરાં" તેણી કકળાટથી ડચકાં ખાઇ બોલી. "બીચારો દીલની ઉમેદ દીલમાં રાખીને એમ મારગ લાગો. હમાયજી, એણે આપુને આય અદીના કેસમાં

કેવી મદદ આપી'તી. ઓ હવે હું શું કરૂં !"

"કેટ, જરા ધીરજ પકર," શીરીને તેણીનું માથું પસવારી હેતથી કહ્યું. "એમ હીમત હારી શું જાયછ ! ખોદાય સઉ સારૂ કરશે."

"નહી, નહી, એ હવે જીવવાનો નથી મેંજ એને મારી નાંખ્યો—ઓ હું મુઈ—હું મુઇ."

પાંચેક મીનીટ ઓરડામાં ચુપચાપ થઇ ગયું. ચારો જણના જીગરો ભારી હતાં.

અચણુચ કેટી ઉઠીને લાલ બોટાં જેવી આંખ્યો સાથ ઉભી થઇ.

"તે મને બોલાવેછ," તેણી બોખરા રડમેસ અવાજે બોલી, "મારે જવું જોઇયે."

"ઓવાય–પણ કેટી એખલી !" સુના માસી બોલી ઉઠયાં.

"અમીના મારી સાથ આવશે. મને બીજું કોઇ જોઇતું નથી. તાંહ અબ્દુલ તો હોશેજ કેની."

"નહીબા, તું એખલી અમીના સાથે અંધેરીવેર કાંહ સાંજપરી જાય ? જોની હમણા છ તો વાગવા આયા—ઓય અંધારૂં થશે. કાલે જજેની, કેટ."

"કાલે !" કેટી ચીચવઇને બોલી. "તમે એમ કેમ બોલોછ, હમાયજી ! કાલે તો દુશમેનને શુને શું થઇ જશે ! હું તો હમણાજ જાઉંછ. દેર અમીના, મને ગ્રાંટરોડના સ્ટેશનપર લઇ જવા બરૂમ ગારી જોરાવ ને તુંબી તઇયાર થા."

આમ બોલી કેટીએ કપડાં બદલવા માળપર જવા માંડયું. પુઠે શીરીન ઉપર દોડી આવી.

"કેટ, હુંબી તારી સાથ આઉંછ."

"તું, શીરાં! રાતને વખતે શું કામ? રહેવા દે. હું એખલી જવશ. મારે લીધે તું કાંય નકામી—"

"નહી બા, મને તારી સાથ આવવા દે. તુને એખલી જવા દેવાનો મારો જીવ નહી ચાલતો. જો મને સાથે આવવા દે, મારી માય કરૂં!"

શીરીન ખરે મને કાલાવાલા કરીને સાથે જવાની રજા માગતી હતી. તેણીના મકકમ ઠરાવ અને જીદ આગળ કેટીએ લાચાર બની, પોતાની સાથે આવવાની પરવાનગી આપી. દશ મીનીટમાં તો બંને જણીઓ કાળી સાડીમાં સજ થઈ બરૂમ ગાડીમાં અમીના સાથે સ્ટેશન તરફ હંકારી ગઇ.

અરે તે કંગાળ મુસાફરી! ગ્રાંટરેડથી અંધેરીનો છેટો કાપતાં બંને જણીઓના જીવપર જાણે આવ્યું. આગગાડી તે દહાડે ખામખા જાણે એ અબળાઓને પજવવા માંગતી હોય તેમ ગોકળગાયની ઝડપે ચાલતી હોય અને દરેક સ્ટેશને જાણે એકેક કલાક અટકીને ઉભી રહેતી હોય એમ તેઓને લાગ્યું. જેમ તેમ મહામુસીબતે તે મંજલબી પુરી થઈ. આખે રસ્તે શીરીન તથા કેટીએ ઝાઝી વાતબી કરી નહી. જયાં દીલ ઉચાટ હોય અને જીગર રડતું હોય તયાં વાતબી શું થઇ શકે?

અંધેરીના સ્ટેશન ઉપર ટરેન આવી ઉભી ત્યારે રાતના ૭॥ વાગતાનો અમલ થયલો હતો. રસ્તામાં અંધારૂં ઘોર હતું. સ્ટેશન ઉપર એક ભાડુતી ટાંગા સીવાય કોઇબી લેવા આવ્યું હતું નહીં. એ શું સારી નીશાની કે ખરાબ! પોતાના જીવ સાથ એવો સવાલ પુછવાનીબી કેટીની હીમત ચાલી નહી. ત્રણુડે જણીઓએ ઝડપમાં તૈયાર ઉભેલા ટાંગામાં બેસી જઇ બજારમાં "બેલવ્યુ" બંગલા તરફ હાંકવાનો હોકમ આપયો.

"જી, આપ કેટીબાઈ દાવર?" ગાડીવાને પાછું ભવાં ચહડાવીને પુછયું.

"હા–હા! અમ કેટીબઇ દાવર—ચલો, જલ્દી હાંકો," કેટીએ દુઃખી અવાજે અધીરાઇથી કહયું.

"મુવો ઘરીઘરી નામ શાનો પુછીયા કરેછ?" શારીનબાં ફફડી. અલ્લાહીટખ્પે બજારમાં બે ત્રણ આંટા અંહી તંહી ખાધા પછી ગાડીવાળાએ આખરે કોઇ લંકાને નાકે છેલ્લા ખુણામાં આવેલાં એક ભાગાં તુટાં ઘરની આગળ ગાડી ઉભી રાખી.

બાહર કોઇ માળી જેવો બેસીને ઝુંફતો હતો, તેનાથી પુછતાં ખબર મળી કે તેજ બંગલો 'બેલવ્યુ' હતો. આ ઘર બે જુદા જુદા "બ્લોકસ"માં વહેંચાયલું હતું. બંનેના જુદા ઓટલા હતા અને બંનેમાં દાખલ થવાના જુદા દરવાજા હતા. માત્ર જમણી બાજુના ખંડમાં પહેલે માળે એક ઝુંફતી બતી બળતી દેખાતી હતી, જયારે ડાબી બાજુનો ખંડ તો બીલકુલ અંધારામાં એકબી બતી વગર પડેલો હતો.

"બેલવ્યુ"નો આવો રંગ જોઇ કેટીની છાટીમાં દેહેસ્ત ભરાઇ આવી. અરે ખોદા! ત્યારે જાલની હાલત કાંઇ ખરેખર વધારે ગંભીર થયલી હોવી જોઇયે. બીચારો તે માળપર ઘડીપળ પડયો હશે અને તેથીજ ઘરમાં આમ સઘળું ચુપચાપ અંધારૂં ઘોર અને બીયાબાન હોવું જોઇયે. પોતાના ઠંડાગાર હાથોમાં શારીનનો હાથ પકડી કેટી ફાટી જતાં જીગરસાથ તે 'બેલવ્યુ' બંગલાના જમણા ખંગમાં દાખલ થઇ. અમીનાએ ગાડીવાનને ભાડું ચુકવી આપી તેને રૂખસદ આપી.

કેટી અને શારીન દાખલ થયાં તો ખરાં પણ ભોંયતળીયે પગ મેલતાંજ તેઓના દીલમાં કાંઈ અજબ જાતની ચીંતા પેઠી. આસપાસ કોઇ કાળું કુતરૂંબી નહી હતું. મજબુત હોઠ કરડીને ત્રણે જણીઓ માળપર ગઇ. પહેલે માળે એક સમ-



બહારથી કોઈએ ધડાક દેતું કે બારણું બંધ કરી દીધું અને ત્રણે હરણકાર થયલી સ્ત્રીઓએ ૨૫૯ બારણાની કળ ફરવાનો સાદ-સાંભળ્યો!

નક્કી દગો થયો હતો!

(જુવો સફો ૪૨૭ મો.)

ચોરસ ઓરડામાં માત્ર સેહેજસાજ ફરનીચર, એકાદ બે ખુરશી અને ઝાંખો કેરોસીનનો દીવો હતાં. ઓરડાને માત્ર એકજ બારણું હતું. બે બારીઓ હતી ખરી, પણ બંનેને લોખંડની ગરાડ જડેલી હતી.

અચકાતાં અચકાતાં કેટી તથા શીરીન તે ઓરડામાં દાખલ થયાં. અમીના તેઓની પુઠે અંદર આવી. જેવી તેણી અંદર પગ મેલી રહી કે બહારથી કોઇએ ધડાક દેતું કે બારણું બંધ કરી દીધું અને ત્રણુડે હરણફાર થયલી સ્ત્રીઓએ સ્પષ્ટ બારણાની કળ ફરવાનો સાદ સાંભળ્યો!

નક્કી દગો થયો હતો! ખુલ્લે ખુલ્લી રીતે કાંઇ ભયંકર દાગો રમાયો હતો! એક નાની ચીચ્યારી મારી કેટી તે બંધ બારણા ગમ ધસી, પણ વ્યર્થ! ગમે તેવુંબી અફાળયા છતાં તે બંધ બારણું ઉઘડયું નહી!

અંધેરીનાં તે ઉજડ બીહામણાં શક ભર્યા કંગાળ ઘરમાં આ ત્રણ એકલવાઇ જુવાન સ્ત્રીએ કોઇ મુજીઓના દગા ફટકાથી તે બંધ ઓરડાની અંદર બંદીવાન થઇ પડેલી હતી!

પ્રકરણ ૫૧ મું.

છટકાંમાં—અને છટકાંની બાહેર.

"ઓ માયરે!"

પવનના એક સુસવાટા સમેત ઓરડાનો ઝાંખો દીવો ગુલ થઇ ગયો અને અંધારાં કીલમાં એક ભયભીત ચુપકીદી

વચ્ચે કેટીનાં મુખમાંથી ઉપલા સખુનો હેબતનાક અવાજ સાથ નીકળી પડયા. બારણું ખખડાવીને તેણીએ રોખરૂં કરી મેલ્યું, પણ બહેરથી કોઇ બદમાશોએ તેને અડગરો મારેલો એટલે તે ઉઘડીજ કેમ શકે? કેટીનો હાથ પકડીને થરથર કાંપતી શીરીનનું મોહડુંબી કયાંથી દેખાય—પણ તેણીના આઇસ જેવા ઠંડાગાર હાથોપરથી તેણીના દીલનો ગભરાટ કેટીને તુરત સમજાઇ આવ્યો. અમીનાબી કોણ જાણે કયાં ઉભી હતી તે ઘમઘોર અંધકારમાં દેખાતું હતું નહી. ત્રણે જણીઓને ગળે દેહેસ્તની કાચકી બાઝી હતી. કેટીએ કાંઇક બોલવા માગ્યું, પણ—પણ તેણીના હોઠજ જાણે ધાસ્તીને મારે અકડાઇ ગયલા હતા.

પોતાની છાતીએ એક હાથ દાબી બીકથી ધ્રુજતું દીલ તેણીએ થોભાવવાને એક મીનીટ હિંમતથી કોશેશ કરી. હમણા સમયસુચકતા ખોઇ દેવાની વેળા હતી નહી. ચીસાચીસ પાડીને તે લત્તો ગજાવી મેલવાથીબી કાંઇ વળે તેની કયાં જામીનગીરી હતી? ઓ, બદબખ્ત ડરામણી તે ઘડી કેટીને તેણીની જીંદગીમાં ઘણાં ઘણાં વર્ષો સુધી પાછળથી યાદ રહી ગઇ—પાછલાં વર્ષોમાં ઘણીવાર તેણી તે બીયાબાન અંધારા ઓરડાનું કેદખાનું ખ્વાબમાં જોઇ ધાસતીથી ફાળ ખાઈ ઉઠયા કરી.

દશ મીનીટ કે અરધો કલાક, કોણ જાણે કેટલો વખત પસાર થઇ ગયો તેનું ચંડાળોના હાથમાં ફસી પડેલી આ બીચારી ત્રણ સ્ત્રીઓને ભાન હતું નહી. ઓચીંતી આફતથી તેઓ એટલી હેબતાઇ ગઇ હતી કે શું કરવું યા શું વીચારવું તેબી થોડો વાર તો તેઓને સુઝયું નહી. માત્ર જ્યારે થોડે વારે કોઇએ બારણું બાહેરથી ખોલ્યું ત્યારેજ તેઓનાં ફાળ ખાઇ ગયલાં જીગરમાં કાંઈ જરાબી જીવ આવ્યો.

એક પારસી ઓરત અંદર હાથમાં ધીમો ઝુકતો દીવો

લઈ આસ્તેથી દાખલ થઇ અને કોઇએ વળી પાછી બારણાને બાહેરથી સાંકળ મારી. તે આવનાર સ્ત્રી કોઇ અધોર ઉમરની હતી, પણ સોડ છેક કપાળ સુધી તેણીએ ખેંચેલી હોવાથી અપુર્ણ રોશનીમાં તેણીનું મોહડું બરાબર દેખાતું નહી હતું. તેણીએ હાથમાંનો દીવો પાસેની ટેબલપર મુંકયો અને પછી કાંઇબી બોલવાને બદલે ડોકું નીચું કરી માથે હાથનો થેબો દઇ મુગી મંતર ઉભીજ રહી. થોડોવાર તો ડાંયબાંય બની શીરીને તથા કેટીએ તેણીની ગમ જોયા કીધું. આખરે જ્યારે નહીજ થોભાયું ત્યારે કેટી તેણીની નજદીક એક ડગલું ગઇ અને ખભાંમાંથી લગાર ગુસ્સાથી તેણીને હલાવી.

"તમે કોણ છેવો? અમુને હંઈ કોણે ફસાવ્યાં? બોલો ડોસાં, અરે ખોદાયને ખાતર જરા બોલો!"

પણ તે પારસણ ડોસી તો જાણે આ ત્રણ છોકરીઓના ગભરાટમાં વધારો કરવાનેજ આવી હતી. તેણીએ પોતાની માથે તાણેલી સોડમાંથી થોડીક પળ ટીકી ટીકીને સામે ઉભેલી બે જવાન નારો ગમ જોયું અને પછી જાણે કાંઇ વારૂં થઇ આવ્યું હોય તેમ એક તરાપ મારી દીવો પાછો ઉંચકી તેઓ બંનેનાં આંગપર ધસી ગઇ.

"અરે,—એ કોણ? એ તો——"

"પીરોજબઇ!" એક નાની ચીસ સમેત કેટીએ આ નામ બોલી દીધું અને જમીનપર ભટ કરતી કે બેસી ગયલી શીરીન તરફ પોતેબી બે ડગલાં પાછળ હટી ગઇ.

"તમે! તમે અહીંયાં! અરે ખોદાય, એ બધી શું ગડબડ છે!—પીરોજબાઇ?——"

પણ પીરોજબાઇ તો વાંકી વળીને જમીનપર નસોસ તુટી પડેલી શીરીન ગમ ડઘાઇને ટગર ટગર જોયાં કરતાં હતાં.

"શીરાં, મારી શીરાં! એ તું આવી? તું મને નહી ઓરખતી? મારી ગમ જો, શીરાં."

"ખીસ્તાં રેહવો, ખીસ્તાં રેહવો. મને અરકો ના," શીરીન કચવાઇને બોલી

અરે દાદાર! પોતાની સગી માતાથી આ છોકરી કમ-કમીને હવે દુર થવા ઇચ્છી કેટીના પાસાંમાં વળગતી હતી. એક જીગર તુટી જાય એવો નીસાસો ખેંચી પીરોજબાઇ પોતાની દીકરીની પાસેજ ભોંયપર ફસડાઇ પડયાં અને બીજીજ પળે ઓરડાનું બારણું ખોલી બાબરા ભુત જેવા બે જણા—ગુસ્તાદજી અને ચાનજી—માંહે ચાલી આવ્યા.

ગુસ્તાદજીના ડોળામાં ખુન ભરેલું હતું અને ચાનજી કાનફટીયોબી દારૂથી ભારોભાર હતો. એ જોઇ લેવાને માટે એકજ નજર એ બદકારોના ચેહેરા ગમ ફેંકવી બસ હતી.

ગુસ્તાદજીએ આવતાંનેવાર ઝટાક મારી પીરોજબાઇને ખભાંમાંથી પકડી એક હેવાનની પેઠે જોરમાં બાજુએ પછાડી નાંખી.

"ચાલ, ખીસ !" તેણે ક્રોધારી બરાડ મારી "મેં તુને એમ નાટક કરવા અંહી મોકલીની નહી. કેટીબાઈ! હવે શું કેહવોછ? તમે અત્યારસુધી મને બહુ ઢીંગલી ગુરીયાંનો નાચ નચાવ્યોછ. હું કસમ ખાઇને કેહુંછ કે હવે તમુને અમે જતાં મુકવાના નથી. વાણીયો કંઇ ઘરી ઘરી ગોર આપતો નથી. જો આય વખત મને પાછી હાથ તાલી આપવા જશો તો જીવથી જશો—યાદ રાખો!"

કેટી દાવર જાતે એક હીંમતવાન છોકરી હતી. પણ આ વેળા આ બે નાપેકારોનો ત્રાસદાયક દેખાવ, ચાનજી જેવા

પેશાગીરના દારૂથી તરતા ડોળા, ગુસ્તાદજીની મુઠ્ઠીમાં ચમકતી નાની બીહામણી છરી, અને રાતને વખતે છટ્ઠે ખુણે અંધેરીનાં જંગલમાં પોતાની એકલવાઇ નીરાધાર સ્થીતીથી તેણીને આંખ અંગે ધાસ્તીનાં ઝરાં છુટી આવ્યાં. બહાદુરીથી ખડી ઉભી રહી એ મુજીને રામબાણ જવાબ આપવાની તેણીની આગલી મકદુર થોડીક મીનીટ જતી રહી. આણીગમ એકદમ ઓરડાને ખુણે ચંપાઇને કાંપતી અમીનાનો ઉતરી ગયલો ચેહરો, પેલી ગમ જમીન સાથ માથું અફળાઇ જવાથી લગભગ બેભાન જેવાં ભોંયપર તુટી પડેલાં પીરોજબાઇનો દેખાવ અને પોતાને પગે વળગીને બીકથી રડતી શીરીનનું ઉજળું વાખ જેવું મ્હોંડું એ સઘળું કેટીનેબી લાઇલાજ બનાવી મેલવાને પુરતું હતુ. ટેબલનો ટેકો લઇ તેણીએ ડોળા ફાડીને એકાદ બે મીનીટ આ પાપીઓ તરફ જોયા કર્યું. ગુસ્તાદજી બસ તે દહાડે દહી ખાઇને આવ્યો હતો.

"મને વધારે તમારી હુશીયારી જોઇતી નથી, સમજ્યાં!" તે એકદમ કેટીનાં આંગ તરફ વધીને કઠોર સ્વરે લાલ તુટી જેવા ડોળા ચમકાવતો બોલ્યો, "લેવો આય કાગલ-અબઘડી એની ઉપર સહી કરી આપો. જો પંચાત કરશો તો તમે જાણો. લે ચાન, આય પોરીને જમીનપરથી ઉઠાર, એનીબી સહી આપુને જોઇશે."

ચાનજીએ શીરીનની કાંડી પોતાના ખરવસ્તર પંજામાં ચડપ દેતી કે પકડી એક ડાંખલી ઉચકે તેમ તેણીને એક ધાતકી ઝોંક સમેત ઉંચકીને ઉભી કીધી. કાનમાં કસારી બોલે તેવી એક શીરીને ચીચીઆરી પાડી. કેટીએબી જોઇ લીધું કે આવી બન્યું હતું. આ દગલબાજોનાં સકંજામાં એઓ સપડાય હતાં એટલે હવે છટકવાનો માર્ગ હતોજ નહી.

"એ શું કાગલ છે?" તેણીએ હરણફાર થઇને જેમ તેમ પોતાના સુકાઇ ગયલાં ગળાંમાંથી સાદ કહાડયો.

"જે હોય તે. વધારે માથાકુટ્ખણુ ના કરો. અંહી તમારી સહી કરો. ચાલો વેકા જલદી! લેવો આય રહી પેલી ટેબલ-પર સહી ને કલમ."

"એ શું છે તે પહેલાં જાણ્યા વગર હું મરતાંબી સહી નથી કરવાની." કેટીએ હવે જીવપર આવી, ચીચવાઇને બુમ મારી. "તમે હુસ્સા જેવા બે હીચકારાઓ અમુને છોકરી લોકને એમ ગભરાવોછ શાના? એમ ઠગાઇ કરતાં તમુંને શરમ નથી આવતી? દુર ઉભા રહેવો, પહેલાં મને આય કાગલ વાંચવા દેવો."

નાકનાં ફીફ્ડાં ફફડાવી એવા તો ગુસ્સાથી કેટીએ આમ તણાઇને તરારો કીધો અને જમીનપર પોતાનો નાજુક પગ એવા તો ઠસ્સાથી ઠોકયો કે એક ઘડી ચાનજી વટીક જરા બીચકીને બે ડગલાં પછવાડે હઠયો. પણ ગુસતાદજી હવે કાંઇ ઓરનું દોર કરી નાખવાનો ઠરાવ કરીનેજ આવયો હતો. તે તો પાછળ હઠવાને બદલે સામો એક પગલું ઓરબી વધારે કેટીની નજદીક ગયો.

"એ તમારી લાહેરી ગોલાબવાડીમાં મુકી આવજો. અહીંયાં ગડબડ કરવા જશો તો—યાહ! હું તમુને વખત ખોવા દેવાનો નથી. વાંચો, વાંચવું હોય તો, ને પછી જલદી સહી કરી આપો."

જોરથી પોતાનો હોઠ કરડેલો રાખી કેટીએ ધ્રુજતાં આંગળાંઓએ પેલું નેહેસ્ત કાગલીઉં ઉંચકી વાંચ્યું. તે કેટીના સોલીસીટર નાનાભાઇની ઉપર માત્ર બે ત્રણ લીટીમાં લખેલી ચીઠી હતી કે ઘણાજ જરૂરના કામ સારૂં કેટીને મોટી નાણુંની

રકમ જોઇતી હોવાથી તુરત તે ચીઠ્ઠી લાવનાર માણુસને હજાર હજારની ૫૦ નોટો ગણી આપવી.

કેટીએ આ જાલમ કાગલ વાંચ્યું અને પછી એક લોહીનો ગોટ ગળગ્યો, ચંડાળ ગુસ્તાદજી તેણીને આમ ફસાવી તેણીની પાસથી ૫૦ હજાર રૂપીઆ નીચવી જવાનો આ નીચ તાગડો રચતો હતો. પઇસા લઇને અલબતાં કેથે ગુમ થઇ જવાની તે મુજીની ગણત્રી હોવી જોઇયે. કેટીની નસેનસમાં આ દેવેનામ દેવ તરફ ધીક્કાર ફરી વળ્યો. તેણીએ એક પળ એ ખવીસના વીકાળ મ્હોંડા ગમ જોયું.

"હું આય સહી કરૂં તો પછી તમે અમુને તરત જવા દેશો?" તેણીએ રોંહસાથી પુછયું.

"નહી, બે દાહરા તમુને અહીંજ રેહવું પડશે. કાલે સવારના તમે સહી નામુકર જાવો તો હું કાંહ તમુને પકરવા જાઉં?"

બે દાહડા રહેવું પડશે? એ ખ્યાલથીજ કેટીનાં હાડકે હાડકાંમાં લખલખું ભરાઈ આવ્યું. પણ ત્યારે કરવુંબી શું? દરેક પળે ગુસ્તાદજી વધારે તલપાપડ બનતો હતો.

"તમે સહી કરોછ કે નહી? હું છેલ્લી વખત પુછુંછ," તેણે હવે તો છેડાઇને બુમ મારી.

"ને નહી કરૂં તો?"

"તો તું અહીંથી જીવતી બાહેર જવાની નથી. હું તારો ધણી છેઉં—ને અહીં રાખી તારીપર મારી મરજી ચલાવવાનો મને હક છે. અહીં આવ ચાન, આય પોરી એમ સીધેસીધી—"

"સબુર કરો!" કેટીએ હવે અંતની ઘડીએ વાત આવેલી જોઇને જરાક નરમ પડી ગગળતા સાદે કહયું. "તમે થોડો વખત બાહેર જાવો—મને ને શીરીનને જરાક વીચાર કરવાનો વખત આપો. હું ધારૂંછ કે અમે અહીં સહી કરશું. પણ

પંદર મીનીટ બાહેર જશો તોજ કરશું—નહી તો માથું ફોરીને મરી જશો તોબી તમારૂં કંઇ વળવાનું નથી."

ગુસ્તાદજીએ ડાચું એવી રીતે મચકાવ્યું કે જાણે કેટીને કાચી ને કાચી ખાઇજ જાય. તે માઝનદરાણી પોરી છેલ્લી ઘડી સુધી આવી અડ કરતી હતી, તે દેખી તેને ખુબ• ચીદ ચહડી. પણ કેટીની માગણીમાં ઝાઝો દમ નહી હતો–એટલે નકામો વખત વધારે નહી ગુમાવવા તે ભપકામાંજ ચાનજીનો હાથ પકડી બાહેર તાણી ગયો અને બાહેરથી પાછું બારણું બંધ કર્યું.

કાકા ભત્રીજા બારણાની પેલીમેર એકમેકનું કોડું જોતા થોડોવાર તરા ઉભા

"શું એનો મીજાસ છે, ચાન?" ગુસ્તાદજી દાંત કચ-કચાવીને બોલ્યો, "પણ રાખ, જે વખત જાયછ તેમાં એને રૂના જેવી પોચી કરી નાખુંછ. એ લોક હવે કાંહ જવાનાં છે? ચાન, બસ આજે રાતના અહીંથી પાર થઇ જવું. તું તારે રસ્તે જા ને હું મારે રસ્તે જાઉં———"

"મેં તુને કીધેલું કાકા કે આ વંત્રી એમ હીધેહીધી રહતે નીહ આવવાની. પણ લે હવે હું કેહ——પેલાં ઓચયરાં આપે કે નીહ? આજે લેવા વના નીહ રેહઉં. તેં કબુલાત આપેલી તે લાવ હવે. એ તારાં હીલ્લાંબીલ્લાં હવે નીહ ચાલે, હઉવે!"

ચાનજી કાનફટીયાએ ખરેખર તે રાત્રે જોઇયે તે કરતાં વધારે ટાંસેલો હતો. તેના ટાંટીયાજ લટરપટર થતા હતા. કોઇ દહાડે ગુસ્તાદજીનાં દીલને તે હાથ લગાડતો નહી હતો, પણ આજે તો બસ કાંઇ અજબ રીતે સતો થઇ તેણે પોતાના

કાકાને ખભામાંથી કકડાવીને પકડયો—એવાં જોરથી પકડયો કે ગુસ્તાદજી જેવાથીબી જરા બુમ મરાઇ ગઇ.

"અરે પણ રાખ, ગધ્ધા!" તેણે બુમ મારી. "એમ આંગપર આવીને કેમ વાત કરેછ? બધી ફૂરેકાર વાસેવાસ મારેછ—હટ!" આમ કહી ગુસ્તાદજીએ જોરથી એક કકડધસ મુક્કો ચાનજીની છાતીમાં મારી. છાકટ ધુન તે પોશાગીર ભત્રીજો હવે ખરે મને છેડાયો. પીધેલાની બાહારમાં તેણે ઉશકેરાઇને ગુસ્તાદજીને ઓરબી જોરથી ગલચીમાંથી પકડયો.

"એ તારી ગત ઉં હવે નીહ હમજવાનો!" તેણે શ્રોધારી બુમ મારી. "લાવ હમણા ને હમણા મારાં પેલાં ઓચયરાં લાવ—નીહ તો તારો જીવ લેવા. તું હમજે હું? એવડીવાર મને ભમાવેલો. હવે તારૂં આ કામ પાયકું કયરૂં તો લાવ તે કાગરીયાં—— - —"

પોતાથી બની શકતાં જોર વડે અછાડપછાડ કરીને ગુસ્તાદજીએ ચાનજીનો રાઠોડી પંજો પોતાનાં ગળાં ઉપરથી છોડવ્યો.

"હેમક! આજે તું ભારોભાર થયોછ તેથી એ શું કરી મરેછ?" તેણે ચકીત થઇને ચાનજીનાં ખુનખાર મ્હોંડાં ગમ જોઈ બુમ પાડી. "મારૂં જરા સાંભરતો ખરો."

"હું હાંભરે હું! ઉં કંઇ હાંભરવાનો નીહ, હા લાવ મારાં ઓચયરાં!"

"અરે પણ ઓચર્યાં? ગધેરા—ઓચર્યાં તો તુને મેં પાછાં આપ્યાં કેની! એ એમ શું આજે ફાંફાં મારેછ?"

"ફાંફાં બાંફાં કાંઇ એ નીહ. એ તું એ ઉડાવાની વાત રેમ કર. મને હમણા અબધડી નીહ આપહે તો તારો આટો લહણ કરી લાખા!"

હવે ગુસ્તાદજી ખરે મને બીધો. ચાનની આંખ્યોમાંથી

વરસતો આતશ અને તેના મ્હોંડાપર તડપી રહેલી નસો જોઇ ગુસ્તાદજીના પહેલી વાર હાંજા ગગડયાં. ચાનજીની નીશાનીઓ કંઇ સારી નહી હતી. ધીમો પડી તેણે ભત્રીજાને પટાવવા માંગ્યો.

"ચાન, ચાન! તારૂં આજે ઠેકાણું નથી. ઓચર્યાં તો તેં અબદુલ પાસે મંગાવ્યાં તે મેં પાછાં આપ્યાં કેની?"

જાણે પછવાડેથી બરડામાં ગોળી લાગી હોય તેમ ચાનજી જમીનપર ઉછળીને ગુસ્તાદજીના દીલ ઉપર તુટી પડયો અને એક દીવાના આદમીની પેઠે ફરીથી પોતાના કાકાનો ટોટો મુઠીમાં પીસીને પકડયો.

"એ બોલે છ?" તેણે દાંત્યાં ભીડીને એકદમ ઝનુનથી પુછયું. "તેં મારાં ઓચયરાં આપી દીધેલાં?–હેં! મને દગો દીધેલો! હેં!"

ગળાં ઉપરનો તે મરણતોલ મજબુત સીકંજો છોડવવાને ગુસ્તાદજીએ સઘળી અફડાતફડી કરી, પણ ચાનજીનો જાલમ હાથ ત્યાંથી ખસ્યો નહી. બીલકુલ છાકટા થયલા તે ભત્રીજાએ નક્કી માની લીધું કે તેના કાકાએ તેને સબરદબર ફસાવ્યો હતો. નીશાની ઝુમમાં તે વીકાળ બની ગયો અને ગુસ્તાદજીને કાંઇ ખુલાસો કરવા દેવાનીબી તક આપી નહી. એવાં જોરથી અને જંગલી ઝનુનથી એકદમ ખુનપર આવી જઇ તેણે ગુસ્તાદજીનું ગળું ભચડવા માંડયું કે લાઇલાજ થઇને ગુસ્તાદજીએ બુમાબુમબી કરવા માંડી. પણ વ્યર્થ! આખરે જયારે એ નાપાક પંજાનું દબાણ તામોશ નહીજ થઈ શકયું ત્યારે!—

"ઓ! ઓ ઓ ઓ."

સુના બાવરા બની ગયલા ગુસ્તાદજીએ અતી ઝનુનપર આવી જઇ, જોરમાં પોતાના હાથમાં પકડેલી છુરી ચાનજીની

ડ્રુમમાં છેક મુઠ સુધી ચલાવી દીધી હતી. મરણતોલ હથીઆર પેટમાં પેવસ થતાંનેવાર ચાનજી ધમ દેતો કે જમીનપર અફળાઇ પડયો અને તેની સાથે ગુસ્તાદજીઓ તેની ઉપર તુટી પડયો. જમીનપર પછડાવા સાથ ચાનજીનો હાથ ગુસ્તાદજીનાં ગળાંમાંથી છુટો. જમીન પડયો પડયો ચાનજી એક ઘાયલ થયલાં જાનવરની પેઠે ઘુમાઘુમ કરતો હતો.

થોડીવાર પછી ગુસ્તાદજી હાંફતો હાંફતો જ્યારે જમીનપરથી ઉઠી ઉભો થઇ પોતાના ઘાયલ થઇ મરવાની અણીપર આવેલા લોહીથી ગગરતા ભત્રીજા ગમ જોયું ત્યારેજ પોતાની હાલતનો તેને કાંઇક ખ્યાલ આવ્યો કાકાને હાથે ભત્રીજાનું ખુન થયું હતું ! ચાનજી હવે બચવો મુશ્કેલ હતો. તે બદબખ્તને જો ગુસ્તાદજી આમ મારતે નહી, તો ગુસ્તાદજીનો તે જરૂર આંકો લાવી નાખતે. પણ હવે એક પળની વ્યર્થ ગુમાવવાની હતી નહી. જીવ સાથ કાંઈ બહુજ ભયાનક શબ્દ ઓચરી ગુસ્તાદજીએ ઠરાક દેતું કે પેલી છોકરીઓવાળા ઓરડાનું બારણું પાછું ઉઘાડયું અને માંહે એક રણપર ચહડેલાં ભુંડની પેઠે હાથમાં ઉંઘાડી છરી સાથે યાહોમ ધસ્યો.

* * * *

અંદેરીના "બેલવ્યુ" બંગલાના ડાબા વીભાગને ભોંયતળીએ બીલકુલ અંધારામાં બે જવાન્યાઓ માત્ર અડધો કલાક થયો આવીને ભરાયલા હતા. વાંચનાર, આ બે જવાનોને તું તદન બરાબર ઓળખે છે. એક છે ઈંગલીશ ડ્રેસમાં આપણો દોસ્ત જાલ ઉમરીગર, બારીસ્ટર—એટ—લો; અને જમીનપર દેવદારનાં બાકસ ઉપર ફસરડો મારીને તેની સામે મુસલમાન કપડાંમાં બેઠેલો છે આપણો બીજો મીત્ર ડાકટર અરદેશર વજીફદાર એલ. એમ. એંડ એસ.

સેહેજ ખુલાસો કરવાની જરૂર છે. આ બે જવાન મીત્રોના જીવ સીંકે ટંગાઇ રહેલા છે. રાતોરાત તેઓ અબદુલના મોદીખાનેનાં ઘરમાથી નીકળી પડી અંહી આવી ભરાયલા છે. કારણ? અબદુલે તે દહાડે અકરાટ ગભરાટમાં દોડી આવી તેઓને ખબર આપી કે જે ઘડી જાય છે તેમાં પોલીસવાળાઓ અબદુલનાં ઘરની ઝડતી લેવા આવી પુગશે એટલે આ બે જણાઓ જીવ નાખના કે ત્યાંથી નીકળી અબદુલે આપેલી ઇશારણી પ્રમાણે તુરતવેળા અંહી અંધેરીના બંગલામાં આવી તે રાત કહાડી નાંખવાના મનસુબાથી બેઠા છે.

"નસીબ એક ડગલું આગળ ને આગળ, જાલ!" અદી ગળાગળી પડયો "બસ હવે મારા જીવવાની આશા ફોકટ છે. તમુ લોકને અમથાં વેહમ લાગાંછ. મારૂં નસીબજ ફુટેલું છે—ફાંસીને લાકડે ચહડવાનું મારૂં તકદીરજ છે."

"નાઉ નાઉ, અદી! એમ ફુલીશ ના થા."

"અરે શું યાર, જાલ! પેલા અબદુલની સુઝે આટલો વખતબી મેં નકામો ઘરકઘુજનરામાં કંગાળ રીતે કહાડયો. એવી જીંદગી કરતાં તો હજુર મોત આવેલું ભલું. બસ હું તો હવે બીલકુલ કંટાળી ગીયોછ, જાલ. હજુર પહેલેથીજ હું હમણ નાસી ગીયો હોતે——ઓ, એ ચીચયારી કોણે હમણા પારી!"

જાલબી ફડક દેતો કે ઉઠીને ઉભો થયો હતો. કોઇની તીક્ષણ ચીસ બેઉ જણાના કાનપર એકજ વખતે પડી અને બેઉ જણા વીસ્મય પાંમી એક બીજાનું મ્હોડું જોતા કાન ઉંચા કરી સાંભળતા ત્યાં ઉભા.

"માઇ ગોડ!" જાલ હળવેથી બોલ્યો. "તેં સાંભરયું કે, અદી? એ રાતની વખતે બઇરાંના જેવી બુમ મને તો લાગી!"

"પાસેના ગાળામાંથી આવી હોય તેમ મને લાગું. ઓ માઇ! આય તો કોઇ બઇરાંનોજ સાદ છે! એ, આય શું! પાછી બુમ!"

નક્કી પાસેના ગાળામાં પહેલે માળે કોઈ ઓરત યા ઓરતોપર જુલમ ગુજરતો હોય તેમ મોટેથી બુમ પાડવાના અવાજ આ બંને જણે કાન તાણી તાણીને પાંચેક મીનીટ સાંભળયા. જાલના કપાળ ઉપર પરસેવાનાં મોટાં ટીપાં ફુટી નીકળ્યાં અને અદ્દી તો હાંફળોફાંફળો બની ઓરડાનાં બારણાં આગળ કાન ધરીને હવામાં મેડની કાની ધુરકતો તદન જડ થઇ ઉભો. બેઉ જણાનો દમ મુશકેલાઇએ ચાલતો હતો. રાતની આવી ઘમઘોર વખતે કોઇ એકલવાઈ નાજુક અબળાઓ ઉપર આમ સીતમ નાકના દાંડા આગળ ગુજરે એ વીચારથી બેઉ જવાનોનું લોહી ઉકળી આવતું હતું.

બીજી પાંચેક મીનીટ પાછું બધું સુમસામ થઇ ગયું. અદ્દી અને જાલનો તણાઇ રહેલો જીવ હજી તો જરાક ડપટ પડવા માંડે તેટલાં કોઇ બે મરદોની કચાકચીનો સાદ કાને પડયો. ખુબ બે જણા કાંઇ હોજાતોઉપર આવીને બુમ બરાડા પાડતા હોય અને જાણે એકમેકની સાથ મારામારી કરતા હોય તેમ નીચે સંતાઇ ઉભેલા બે જણાને લાગ્યું. બે ત્રણ મીનીટ વધારે અને ધમ દઇને જમીન ઉપર કાંઇ અફળાઇ પડવાનો સાદ તથા કોઇ જાણે મરતા આદમીની મોટી બીક લગાડવા જેવી બુમો સાંભળી જાલ તથા અદ્દી હેબતાઈજ ગયા. પાસેના ગાળામાં કાંઇ ખુના-મરકી ચાલતી હતી એમાં તો કાંઈ જરાબી શક નહીં હતો. એકદમ અદ્દી બારણાંની બાહેર ધસી માળપર દોડવા ગયો, પણ બીજીજ પળે જાલે તેને બોહેમાંથી પકડી થોભાવ્યો.

"એ શું કરેછ. અદ્દી? તારૂં માથુંબાથું ગીયુંછ?"

"ઉપર કોઇને મારી નાખે છે! છોર જાલ, મને છોર" અદી હાંફતાં હાંફતાં ખેંચતાણ કરીને બોલ્યો.

"સબુર, જરાક થોરો વાર સબુર કર. અબદુલ કેહતો'તો કે આપરી પછવારે તે આવવાનો છે. અબઘરી તે આવી લાગશે—તેટલાં જરા થોભ, અદી."

અદીના પગ અટકી ગયા. જાલ કેહતો હતો તે ખરૂં. કોઇને બચાવા જતાં પોતેજ લટકાઇ જાય તે શું કામનું! બારણાંની અંદરથી આવતા ચંદનીના પ્રકાશ વડે તેણે જાલના મ્હોંડાં ગમ એક નજર નાખી. હમેશનો જાલનો શાંત, ઠંડો, નમાનો મુખડો અચણુચ કાંઈ અજબ જુસ્સાથી કઠોર, ભયંકર બની ગયો. અદીએ જોયું કે જાલે પોતાના ખીસામાંથી એક ભરેલી રીવોલવર કહાડીને પોતાના હાથમાં મજબુત પકડેલી હતી.

ભયાનક ઈંતેજારી અને ચીંતાતુર ચુપકીદીમાં પાંચ દશ મીનીટ બીજી ગબડી ગઈ. પાછી સ્ત્રીઓની બે ત્રણ મોટી ચીસો સંભળાઇ અને તુરત નાજુક સાદે બુમરાણ કરી મદદ માગવાનો અવાજ આવ્યો. દમ રૂંધીને બેઉ જણાએ અરધી મીનીટ સાંભળયું.

"ઓ કોઈ આવો! અમુને મારી નાખે છે! મદદ! પોલીસ!—"

જાણે અદીને અને જાલને કાંઇ જાદુ કોતલ થયું હોય તેમ બેઉ જણા સામટા એકી વખતે એક મોટી બુમ પાડી ધસારાબંધ બાહેર દોડી પાસેના ગાળામાં પહેલે માળે ત્રણ ત્રણ ફાંદીયાં કુદાવતા ધસ્યા. ઉપર તે બુમાબુમના અવાજવાળા ઓરડા આગળ જંગલી પાડાની પેઠે દોડતા બેઉ જણા આવ્યા કે બારણાં નજદીક લોહીમાં લપટાઇને પડેલા ચાનજીની ઠોકર



(જુવો સફો.૪૪૧ મો.)

"ચંડાલ! એક ડગલું બી ખીસ્યોછ તો તારૂં માથું ફોરી નાખશ!"

લાગતાંજ અહી તેનાં દીલપર તુટી પડયો. જાલ હાથમાં પીસ્તોલ સાથે એકદમ ઉઘાડે માથે ઓરડાની અંદર ધસી ગયો. બીજીજ પળે તેણે ગુસ્તાદજી જે ચીસ પાડતી કેટીનો ડાબો હાથ પોતાની મુઠ્ઠીમાં પકડી મરડી નાખતો હતો તેના માથામાં જમણે હાથે એક મુક્કી મારી તથા ગળાચીમાંથી તેને પકડી એક આંચકા સમેત કેટીથી છુટો કરી ડાબે હાથે તેના માથા ગમ પોતાની રીવોલવર ટાંકી.

"ચંડાળ એક ડગલુંબી ખાસ્યોછ તો તારૂં માથું ફોરી નાખશ!" દાંત્યાં પીસીને હાંફતાં હાંફતાં ખુનખાર ડોળે જાલ તે ખુનીનું એક હાથે ગળું ભચડેલું રાખી તેને દુરનો દુર રાખી બોલ્યો. ગુસ્તાદજીના હાથમાં હજી પેલી છરી ચમકયા કરતી હતી.

એક કાનના બેહેર ફારી નાખે તેવી ચીચીયારી સમેત કેટી જાલના હાથને વળગી પડી. ચોમેરના ગભરાટની વચ્ચે અહી અંદર ગાંડા ઘેલા જેવો ધસી આવ્યો. ઓરડામાં પગ મેલતાં તેના પહેલીજ નજર શીરીનપર પડી એટલે ધપ કરતો કે તે તેણીની આગળ જમીનપર બેસી તેણીનું માથું પોતાના પગપર ટેકવી તેણીને સાવધ કરવાની વેતરણમાં પડયો.

ગરીબ બીચારી અમીના! તેણી એટલી ગભરાઇ ગઇ હતી કે અંદર આ બે જણા કોણ દોડી આવ્યા હતા, તેબી જોવા તેણી ઉભી રહી નહી. કોઇ બીજા બદમાશો ઓરડામાં દોડી આવ્યા એમ તેણી સમજી કે શું, કારણકે મોટે મોટે બુમો પાડતી તેણી એકદમ પવન વેગે ઓરડામાંથી બાહેર નાઠી. તેણી બાહેર દોડી પણ ત્યાં બારણાનાં ઉંબર આગળ બે જણા ઉભેલા હતા તેઓને જોઇને એકદમ ચોંકી. એક કાનસ્ટે-

બલ અને એક હવાલદારની જોડે અબદુલ ત્યાં કમ્મરે બે હાથ દઈ ઉભલો હતો.

"કયું અમીના, ઇતના કયું ગાભરતી ?" તેણે આસ્તેથી હસીને પુછ્યું.

"અબદુલ મીયા !"

એક ખુશાલીની કે છુટકારાની બુમ સમેત આ નામ પોકારી અબદુલના પગ આગળ અમીના ફસડાઇ બેઠી અને તેના પગને વળગી એ ગરીબ બીચારી બીધેલી છોકરી ડુસ્કે ડુસ્કે રડવા લાગી.

પ્રકરણ પર મું.

"મરતી વખત હવે મને મારો હીસાબ ચુકવવા દેઓ."

"એક ડગલું ખીસ્યોછ તો માથું છુંદી નાખશ !"

રે પરવરદેગાર ! આમ બોલનાર ચેહેરાપરનો ધાસ્તીભર્યો ભયંકર ચીલ્લો જોઇ કેટીબી એ ઘડી હરણફાર થઇ ગઈ. એજ પેલો અગાઉનો નમાનો ગરીબ મીલનસાર જાલ કે કોઇ બીજો ? એજ પેલો પૈ વગરની કેટીને પરણતાં બીહ ગયલો "હીચ-કારો' (!) જાલ ઉમરીગર કે કોઇ જુદો ? ખચીત ! એક ઘરના પાળેલા "બુલડોગ" ને પોતાના શેઠના બચ્ચાંના ખોળા-પર માથું ટેકવીને નચીંત પડી રહેતો જુવો—અને તેજ ભયાનક કુતરાને એક જંગલી પાડાંની પુઠે લાગતો જુવો. તેવોજ અવ-

તાર હાલ એકવારના મોહબ્બતવંતા આઇસ જેવા ઠંડા જાલનો હતો.

જીવલેણ ઝગડામાં પ્રાણઘાતક હથ્યારો સાથ બે પુરૂષોને અઠડી પડતા જોવા એ એક નાજુક અબળા માટે શી ચીજ છે!

ગુસ્તાદજીના કપાળ સામે ભરેલી રીવોલવર ટાંકી રાખી બીજે હાથે તેનો ટોટો ભચડતાં જાલ ઉમરીગરબી જાણે ખુન પરજ ચઢયો હતો. તેના જવાન હાથની જોરાવર પકડમાંથી મુકત થવા માટે પેલો ઘરડો નાપેકાર હાથમાં ઉંઘાડી છરી સાથે એવી ધરફડી કરતો હતો કે કેટી દાવરે તુર્તવેળા તો પોતાની સુદ્ધ બુદ્ધ ગુમાવી દીધી. ઘેલી ગાંડી બની જઇ તેણી એક ચીચયારી સમેત જાલના જમણા હાથ પર ટીંગાઈ પડી.

"એની આગળ ના જા! જાલ! ઓ, માય! હવે શું કરૂં! કોઇ આવો રે—"

પણ જાલ સાંભળતો કયાં હતો? સઘળાં જોર સાથ તે તો પોતાના હયાં ફુટા હમનબદને પોતાના અંગથી દુર દેવાલ સાથ દાબેલો રાખવામાં એટલો લીન બની ગયલો હતો કે આજુબાજુ શું બનતું હતું તેનું તેને ભાન નહી હતું. જીવ સટોસટ તે ઘડીમાં ગુસ્તાદજીના ગળાંપરનો સકંજો જો એક ઘડીબી ખીસાડયો તો બીજીજ પળે જીવપર આવેશો તે લોહીનો તરસ્યો મુજી જાલનાં પાસાંમાં છરી ખોસી દેવાને જરાબી આનાકાની કરે એમ નહી હતું. એવા વખતમાં તેના ભરેલી પીસ્ટલવાળા હાથને વળગી કેટી કકળાટ કરતી હતી!

"ખીસ–ખીસી જા!" જાલે કેટી ગમ જોવા વીના હોઠ બીડીને હાંફતાં હાંફતાં બુમ પાડી, "મને છોડી દે, કેટ! અદી, અદી! જલદી અહીં આવ—"

જાલના મુખમાંથી હજી તો આ શબ્દો પુરા નીકળી રહે

તે આગમજ ડા૦ અદીએ એકદમ ગુસ્તાદજીના આંગ ઉપર તુટી પડીને તેને જમીનપર દાબી નાખ્યો અને પોતાના સઘળાં જોરથી તેનાપર બંને પગના ગુઠણ દાબી તેને ભોંયપર જકડી રાખ્યો. તુર્ત જાલે પોતાના હાથમાંની પીસ્તોલ ફેંકીને આપી દીધી અને એક જાતના ઝનુની જોસથી ગુસ્તાદજીની મુઠીમાંથી પેલી છરી ખુંચવી લીધી.

પળકવારમાં આ સઘળું બની ગયું. સર્વે કોઇનો દમ ખાવાનો વખત મળે તે અગાઉ ઓરડામાં અબદુલ તથા કોનસ-ટેબલ અને હવાલદાર ચાલી આવ્યા.

"ઠીક, જાલ શેઠ! હવે ફીકર નહીં બાજુએ જાઓ– ઉઠો, અદેશરજી, અમે હવે છૈયે."

અલબત અબદુલનો તે સાદ હતો. તેણે જમીનપર ચંપાઇ પડેલા ગુસ્તાદજીની આગળ આવી જાલને હળવેથી બાજુએ ખીસાડયો અને તેજ પળે કોનસ્ટેબલે વાંકો વળી તે હીણભાગ્ય પ્લીડરની કાંડીઓપર લોખંડી બેડીઓ ચઢાવી દીધી.

પોતાના મુદઇના બંને હાથો બેડીમાં બંધાઇ ગયલા જોતાંજ અદી તેને છોડી બાજુએ થઇ ગયો. ગુસ્તાદજી ધીરેથી લડડતો પથરતો ઉઠયો અને ફાટે ફાટે ડોળે આસપાસ જોયું. સઘળું રંધાઇ ગયું હતું તે તેણે એક તડાકે જોઇ લીધું અને તુર્ત તેનું મ્હોડું દયાજનક રીતે ઉતરી ગયું. થોડીક પળ તેણે ધારી ધારીને અબદુલના ચેહેરા ગમ જોયું. તે મુસ્લ્લો જવાન એક અઠંગ દગો રમ્યો હતો તે સમજી જતાં ગુસ્તાદજી જેવા સાહુ ઉઠાવગીરને કેટલી વાર?

"બસ? તું ધરાયો હવે?" અબદુલના ગમ જોઈ ચક ચક થતે ડોળે ધોધારી અવાજે તે બોલ્યો. "પણ નહી––થઇ ચુકું! કાનસ્ટેબલ, હું શરણ થવા તઇયાર છેઉં. મારા નસીબે

આય વખત મને યારી આપી નહી એટલે હવે તકદીરની સામે લડવામાં સાર નથી. મેહરનોશજી વજીફદારને મારનાર હું છેઉં. આય ચાનનો આજે જીવ લેનારબી હુંજ–હુંજ ગુસ્તાદ કાનફટયો છેઉં."

ગુસ્તાદજીએ આ એકરાર એક એવા તો દોજખી ડરામણા સાદે કર્યો કે ઓરડા માહેલા સર્વે માણસોના દીલમાં જાણે કંપારી છુટી. કેવી નેહસ્ત કંગાલ ખુનખાર ઘડી! ગુસ્તાદજીને મોહેથી આવા વચનો નીકળતા જોઇને જાલ તથા અદીનાં ગળાં તો જાણે ચીપટાઇજ ગયાં.

બધે ખુન–ખુનનોજ વાસ હતો. બાહેર બારણા આગલ જખમી થયલો ચાનજી અંતની ઘડીની ખેંચતાણ કરતો હતો. તે મોતને બાર અછાડ પછાડ કરતા અભાગ્યાએ એક ઉંડી બુમ મારી. કાનસ્ટેબલ, અબદુલ, જાલ અને અદી તે ભણી ધસ્યા. ચાન પ્રાણ છોડવાની અણીપર હતો. અબદુલ ઝટ તેની આગળ ગુડણ મંડીને પડયો.

"શું છે, ચાનજી?" તેણે ધીમા સાદે પુછયું, "તુને કંઇ કેહવુંછ?"

અબદુલને જોતાંજ ચાનજીએ ઉઠવાને માંટે જરા જોર કર્યું. પણ ઉઠાય કયાંથી? એક ફળ ખાઈ ઉંડા નીસાસા સાથ તે પાછો પટકાયો.

"મને ગુહતાદે માયરો," તે મહા મુસીબતે મરતાં મરતાં બોલ્યો "મને ફહાયવો—અબદુલ—પણ અવે હું—એ કરવાનો?—ઓઇ!—ઓલાં ઓચયરાં તુને આયપાં—તે—"

"ચાન, તું હવે જીવવાનો નથી." અબદુલે પટામણે સાદે પુછયું "જો સાચ્ચું કહે, પેલી જેહાંનમાં જતી વખત

આય કાનસટેબલના દેખતાં ખરૂં કેહ—મેહેરનોશજી વજીફદારનું કોણે ખુન કીધું ?———"

"ગુહતાદ કાકાએ કરેલું. ઓલા ડાકટર અદેહરને—હું કરવા મારો ? ગુહતાદનો ફાટેલો ડગલો—મોદીખાને અમારે તાંહ લાકરાંના બાકહમા—ઓહે ?—હું મરી—જાઉં—આય—ઓ—ઓઓ !-"

સમાપ્ત ! ચાનજીનો જીવ કંઠમાંથી ઉડી ચાલ્યો ગયો. એક બુજાતી મીણબતીની પેઠે બહુ લાંબો મોટો શ્વાસ ખેંચી તેણે દમ લેવાનું બંધ કીધું.

શોકાતુર મ્હોંડે સર્વ જણ પેલા ઓરડામાં પાછા ગયા. મરતી વખતના એકરારથી ચાનજીએ ડા૦ અદીને નવે જીવતરે જાણે પાછો જીવાડયો હતો—છતાં માત્ર અડધા કલાકની રમતમાં જે અદભુત ફેરફાર થઇ ગયો અને જે લોહી ઉશકેરનારા બનાવો બની ગયા તેથી એ જવાન ડાકટર એટલો તો દબાઇ ગયો હતો કે ઓરડામાં જઇને તે ભટ કરતો એક ખુરસી પર ફસડાઇ પડયો.

શીરીન જે હવે સાવધ થઇ હતી તે અદીને જોતાંજ તેની પાસે દોડી ગઇ અને તેનાં ખભાંપર પોતાનું ડોકું નાંખી તથા ગળાંની આસપાસ પોતાનો કોમળ હાથ વીંટાળી ફુસ્કે ફુસ્કે રડવા લાગી. ગુસ્તાદજી અદબ વાળીને નીચી ડોકે તદન ચુપ એક ખુણામાં ઉભો રહેલો હતો. તેણે નકકી હવે કીસમતને ગુપચુપ આધીન થવાનો નીશ્ચય કરેલો દેખાતો હતો. જીગર ચાક કરી નાખનારી તે ચુપ પળ હતી. સઉ કોઇનાં દીલ દુઃખી હતાં. એવો કરૂણારસ સમય લંબાવવામાંથી શું સાર ?

અબદુલે જાલના ડગલાની બાંહે ખેંચી તેના કાન પર પડી કહયું—

"શેઠ, હવે બાઇ લોકનું અહીં કામ નથી. મને ને અર-

દેશરજીને પોલીસ પર સાથે જવું પડશે. નીચે ટાંગા તઇયાર છે. જાઓ સાહેબ, એ લોકને લઇને તમે ચાલી જાઓ—તમને સાડા નવની ત્રેન મળશે."

"વારૂં હું જાઉં છ—જેવા તમે લોક પરવારો કે 'ગુલાબ-વાડી'માં આવજે અબદુલ—બચ્ચા—આય વખત તેં અમારી એવી નોકરી—"

"બસ જાલ શેઠ," અબદુલે સેહજ હસી તેને આગળ બોલતાં અટકાવ્યો. "હજુર તો અરદેશર શેઠ સામેનું વોરંટ પેહલાં ખેંચી લેવાડવું પડશે તેને વાસ્તે કાલે તમને પોલીસ કોરટમાં હાજર થઇને બોલવું પડશે. પછી ગુસ્તાદજીની સેશન-સમાં ખબર લેવાની છે. જાઓ મારા શેઠ, અદેસરજી હવે તદન સલામત છે. બધો મુદ્દો હવે મારા નખમાં છે—બીહો નહી."

એક લાંબો દમ ખેંચી મુંગે મોહડે જાલ કેટીની પાસે ગયો. આવા ભયાનક સંજોગો વચ્ચેથી અદી સલામત છટ-કયો, ખરો ગુનેહગાર સપડાયો—અને—અને તેમાં વળી ગુસ્તાદજી સપડાયો—કેટીનો પરણેતર ધણી—એ વીચારજ જાલની છાતીને એક જાતના અસાધારણ હરખથી ધકધકાવી નાખવાને પુરતો હતો. ઓ ખુદા! ગુસ્તાદજી જો ફાંસીને લાકડે ચઢે તો—તો—! આહ! થોડીજ મીનીટ પર એક વીકાળ જંગલી ભુંડની મીસાલ હાથમાં રીવોલવર સાથ ગુસ્તાદજીનું ભેજું છુંદી નાખવા તલપી રહેલો જાલ હવે અજબ રીતે શાંત અને ઠંડો પાછો થઇ ગયો હતો. તેણે કેટીનો હાથ પોતાના હાથમાં લીધો.

"કેટ!"

"જાલ! મને અહીંથી લઇ જા—હું શું કરૂં!—"

કેટી આખર કરે ને એક નીર્બળ સ્ત્રી હતી. છાતીમાં ઘેરાઇ રહેલી તેણીની લાગણી આટલોવાર તેણીએ ખરેખર

બહાદુરીથી સમાવી રાખી હતી; પણ હવે તો જાલને આમ પાસે આવીને મીઠાસથી બોલાવતાં જોઇ તેણીથી ગડગડ રડી પડાયું. મુછમાં હસી જાલે તેણીની કમર આસપાસ પોતાનો હાથ વીંટાળ્યો અને બોલ્યો—

"આવ, આપરે જતાં રહીયે. ચાલો શીરીનબાઇ, ચાલ આયા અદેસર, અબદુલ કાલે આપુને આવી મળશે."

એક બોલ વધુ બોલ્યા વગર ચાર જણા ઓરડો છોડી તે બદતર મકાનમાંથી ચાલ્યાં ગયાં.

*　　*　　*　　*

જાલ, કેટી, શીરીન અને અમીનાના જવા બાદ તાબડતોબ અબદુલે ડા૦ અદીનાં ખભાં ઉપર ધીમેથી બે આંગળી થોકી.

"લે ઉઠો શેઠ—હવે વધન વીતી ગયું. એમ એટલાંમાંજ શું ઢીલા પડી ગયા? હજી તો લાંબો હીસાબ આપવો છે. આવો આ બીચારી બાઇ કેવારની બેભાનીમાં પડીછ તેને ટટાર કરો."

ખરેખર! કયારનાં પીરોજબાઇ એક ખુણામાં બેસુધ પડી રહેલાં હતાં તેનું તો બધું ગડબડમાં કોઇને ભાનજ રહયું નહી હતું. ગુસ્તાદજીએ ઘાતકી ઝનુનથી તેવણને જમીનપર અફાળી નાખ્યાથી પીરોજબાઇનું માથું કોબાવાળી ભોંયપર સજજડ ટપકાયું હતું અને તેની અસરથી તેવણ બેભાન થઇને ત્યાં પડીજ રહેલાં હતાં.

એક દુખી માણસની મદદે આવવા સારૂં ડા૦ અદીને બે વાર કહેવું પડે એમ નહી હતું. અબદુલે તેનું ધ્યાંન પીરોજબાઇપર ખેંચતાજ તે પદુકરી મારીને ઉઠયો અને પાણી છાંટી તથા અબદુલ પાસ નીચેથી કાંદો મંગાવી તેણે તે કમનસીબ સ્ત્રીને સાવધ કરવાને ખરે મને મહેનત કરી.

ઘણેવારે અંતે પીરોજબાઇએ આંખ્યો ઉઘાડી અને ટસ ટસ થતે ડોળે ચોમેર જોયું.

"ઓ માય! માથાંમાં ધડાકા મારેછ." તેણી નસોસ અવાજે બોલી! હું કહાં છેઉં—ગુસ્તાદજી!"

"મુવો તારો ગુસ્તાદજી!—મારૂં આવી બન્યું, પીરોજ!" ગુસ્તાદજીએ રડમેસ જીવે છાતીપર ડોકું નાખી દઇ જવાબ આપ્યો.

"આવી બન્યું? અરે ખદાય! એ શું મારી શીરા કાંહ છે?— —"

"બસ, પીરોજ, બસ! જા હવે તારી લક્ષાપતી દીકરીને તાંહ મજામાં રહેજે. મુવો હું તારો ધણી થાતો—મેં તુને ઘણી સતાવી—મને માફ કરજે, પીરોજ. ડા૦ અરદેસર, આય ઓરત મારી પરણેલી ધણીઆણી છે. એ—"

"પરણેલી ધણીઆણી હેં? શું—શું પાછું બોલ?—"

"આય બાઇ પીરોજબાઇ તે તારી શીરીન ગાંધીની માય મારી સાથ બીજી વખત દાણા પડી ગેઇછ. એ મારી પરણેતર ઐરી થાય. એમાં ચમકો ના, ડાકટર, પીરોજ પાસ અમારા લગનની સરટીફીકેટ છે. અમે અહમદનગરમાં છુપાછુપ પરણેલાં. હા—તમારી પીત્રાઇ કેટી દાવર સાથ મારાં લગન થયાં તેની અગાઉથી પરણેલાં. મારાં કેટીબઇ સાથનાં લગન તે કારણસર તદન રદબાતલજ છે—"

"યુ સ્કાઉનડરલ!" અદી હેબતાઇને બરાડ મારી ઉઠ્યો. "તારા કરતુકનોબી કાંહ છેરો છે?—"

"છેરો હવે આવી લાગોછ, ડાકટર" ગુસ્તાદજી દડ કલેજે બોલ્યો, "એમ ઉશકેરઇ ના જાવો. ખુવાર બનેલા માણસપર ચીરડાઇને હવે શું કરોછ? હવે બધું સમાધાન થઇ જશે.

મારે મરવા અગાઉ હજુર આય દુન્યામાં બનતી ભલાઇ કર લેવાની છે. હું મારો બધો એકરાર પોલીસને લખી આપશ હા, ને એટલુંબી મારી મરતી વખતના સોગંદનામામાં જણ વશ કે મારી સાથના કેટીબઇના લગન રદ ગણાવાને સબ એજનજી દાવરના વીલ મુજબ કેટી દાવરે છ મહીનામાં લગ કીધેલાં નહીં ગણાવા છતાં તમુને બધી તમારા મામાની દોલ મળતી નથી—"

"ચુપ—ચુપ! તુંને અમારી વાતમાં વચ્ચે પડવા કોણ કેહછ—"

"ખોદાને બારનો અવાજ મારી જીંદગીની આખેરીએ ખરા હકદારનો હક બક્ષી ઇનસાફ આપવા મને કેહછ. ડા અદેસર, અબદુલ, મી૦ કાનસ્ટેબલ, સાંભળી લેવો—કેટી દાવ પોતાના બાપના વીલ મુંજબ છ મહીનામાં પરણેલી નહી હોવ છતાં તેણીનેજ બધી બાપની દોલત મળવી જોઇએ—આ અરદેશરને નહી."

"પણ કેમ? તેનો ખોલાશો, ગુસ્તાદજી?" અબદુલે ચકીત થઇને પુછયું.

"ખુલાસો એજ કે એજનજીનું વીલ કાયદાપુર્વક સહી થયલું હતુંજ નહી. સહી કરવાની અગાઉ એજનજી ગુજરી ગીય —ને હું દાદારને હવે હાજર નાજર જાણીને કેહુંછ કે વીલપર મેં પોતે એજનજીને નામની ખોટી સહી કરી ફારજરી કીધી'તી."

પ્રકરણ ૫૩ મું.

સઉ સારૂં જેનું સેવટ સારૂં.

"ગઇ યક બ યક હવા પલટ—નાહી દીલકો મેરે કરાર હય!"—અંદેરીથી પાછી મુંબઇની ત્રેનમાં મંજલ કાપતાં કોણના દીલને કરાર હતો? તે દીવસના ભયંકર બનાવોથી ધ્રુજી રહેલાં હાડકાંને શાંત સમાધાન થવાને હજી પુરો વખતજ કયાં મળ્યો હતો?

ઓ! કેવી ધડકતી છાતી સાથ કેટી મુંગી મંતર નીચી ડોક જાલની પાસે બેઠેલી હતી! કેવા તરેહવાર વીચારોથી વીંધાઇ જતાં મગજ સાથ જાલ પોતાની મુછને મરડી ચરડી નાખતો હતો! કેવાં બેચેન બેકરાર જીગર સહીત શીરીન માથે હાથનો થેભો દઇને ફર્સ્ટ કલાસના ખુણામાં ચંપાઇ બેઠી હતી. નસોાસ આંખ્યોએ બારીની બાહેર ડોકયું કહાડી અમીના કેવી પુતળાંની કાની સ્થીર થઇને બેઠેલી હતી!

સાંજના જ્યારે કેટી અંદેરી આવવા ઉપડી ત્યારે કેવા સંજોગો હતા—અને હવે ઘર જતી વેળા કેવા થઈ ગયા! ઘડીપલ પડેલા જાલને મળવા જવાની દલદર મુસાફરી કયાં અને હવે એક દગલબાજના ખુની ફાંદામાંથી બચી તેજ જાલ – સલામત તનદરોસ્ત જાલ—ના વહાલાં પાસામાં ભરાઇ બેસી પાછું ઘેર આવવાની ચુપ શોકાતુર મુસાફરી કયાં! ખુશાલી અને ઉસંકેરણીને મારે પોતે રડવા માંગતી હતી કે હસવા માંગતી હતી તેબા કેટીને સમજ પડતું નહી હતું.

જાલ અને કેટી ફર્સ્ટ કલાસના એક ખુણામાં પાસે પાસે

બેઠાં હતાં. સામેની સીટપર બીજે નાકે શીરીન અને અમીના હતાં. ટ્રેન ઉપડતાંજ જાલે એક લાંબો દમ ખેંચી કેટીનો હાથ પોતાના હાથમાં લીધો હતો અને તે આખે રસ્તે પકડી રાખ્યો હતો. છેક દાદર આવ્યું ત્યારે તેનો જરા અવાજ ઉપડ્યો.

"કેટ!"

"જી."

"સેહેજમાં આજે કંઈ સીરીયસ થઈ જતે, ડીયર" જાલ કેટીનો હાથ પસવારતાં હળવેથી ગમગીન સાદે બોલ્યો. "પણ વખ્ત વીતી ગયું ને અદી બીચારો છુટો. પેલો મુજી હવે આપુને વધારે હેરાન કરી શકવાનો નથી."

જવાબ દેવાને બદલે કેટીએ માત્ર પોતાની ભીની આંખ્યો પર રૂમાલ દાબ્યો.

જાલે તેણીને ઘણાંજ પ્યારથી પોતાની પાસે ગોદમાં ખેંચી, "શું છે–ડારલીંગ, હવે દલગીર શાની છે? જીવને સારૂં તો છે કેની? મારી ગમ જોની, કેટી."

"ઓ જાલ!" કેટી દગદગી પડી, "હું--મારૂં–મોત થઈ જાયછ! તું મને કેમ માફ કરશે—"

"બસ, મારી કેટી, બસ! હમણા કંઇ ના બોલ. જરા ઠંડી પડ–આપુને અસ્તો ઘણી વાત કરવાની છે."

આમ કહી જાલે પ્રીતીથી કેટીની ભીની આંખ્યો પોતાના રૂમાલ વડે લુછી અને——ગાંડી છોકરી! જાલના ખભાંપર માથું નાખી વળી પાછી કેટી ધસાધસ ડીબો તાણવા પડી.

વાંચનાર! એ ખરાં સુખનું રડવું હતું કે પશ્ચાતાપનું?

* * * *

બીજી સવારના 'ગુલાબવાડી'ના બગીચામાં સક્કારેથી એ

એ જણ કોણ હાથમાં હાથ ઝાલી ક્યારના ધીમે કદમે ક્યારાઓની વચમાં લટાર મારે છે? તું જાણેછે તોબી ડાહ્યો થઇને પુછેછે શેનો?—એ બે જણા તો જાલ અને કેટી છે.

જાલ ગઇ રાતે "ગુલાબવાડી"માંજ સુતો હતો—આખી રાત તેણે બેચેન ઉંઘ વીના તફડતફડ કરીને પસાર કરી હતી સહવારૂંજ પડતાંજ તપી આવેલાં માથાંની ઠંડી લેહેરીથી તાજગી આપવા તે બગીચામાં ઉતરી પડ્યો હતો. કદાચ તેણે કોઇને ત્યાં મળવાની વકી રાખી હશે —કદાપી કોઇ મધુરીની ત્યાં એકાંતમાં વધારે ખુલાસાથી જીગર ખોલીને વાત કરી શકવાની તેણે ગણત્રી કરી હશે. ગમે તેમ હોય, પણ જાલને બાગમાં માંડવા તળે જઇ બેસવાને હજી તો દશ મીનીટ ભાગ્યે થઇ તેટલાં કેટી ત્યાં પછવાડેથી ધીમે ધીમે ચાલી આવી, અને તેના ખભાપર પોતાનો નાજુક હાથ મેલ્યો.

"જાલ! અહીં એકલો બેસીને શું કરેછ?"

"જરા બહાર ખોલ્લાંમાં હવા ચોરૂ છ, કેટ. આવ બેસ મારી પાસ."

જોડે જોડ એકમેકની પડખે દબાઇને આ બે જવાન જીવોએ કલાકેક સુધી પોતીકાં જીગરો ખાલી કરતાં શું ગુફતેગો કરી તેની ચાવાચીવી કરવાની આપણને શી જરૂર છે? એટલું જાણવું બસ છે કે આંખમાં આંસુ સાથે કેટીએ પોતાની આગલી ચુકને માટે જાનોનીસાર પસ્તાવો કીધો અને ઘેલાપણાંની ધુનમાં પોતે જીવપર જોરાવરી કરી જાલને દુખી કીધો તે સારૂં કરગરીને તે સાચ્ચા વહાલા જવાન પાસે માફી ચાહી. એટલું જાણવું પુરતું છે કે બેઉએ પરવરદેગારને હાજરનાજર જાણી સોગંદ ખાધા કે હવે ભવીષ્યમાં જીંદગીના છેડા સુધી કોઇબી રીતની ગેરસમજુતીથી નાદાન્યત યા હુલ્લડાઇ કરી

તેઓ એકમેકથી વીખુટાં પડશે નહીં. એટલું જાણવું ઘણું છે કે જ્યારે આખરે જાલે અનંત પ્રેમથી કેટીના ગોરાં કપાળ ઉપર કીસ લીધી ત્યારેજ તેણી જરા શાંત પડી અને જાલ સાથ બાગમાં અહીંથી તહીં ધીમે ધીમે લટાર મારવા તૈયાર થઇ.

* * * *

પાંખડી વળગીને તેઓ બગીચામાં કેટલોક વાર ડમકયાં કીધાં—કોણ જાણે! બંનેને વખતનું ભાન રહેજ શી રીતે? જ્યારે દરવાજાપર એક ભાડેની વીકટોરીયા આવી ઉભી રહેવાનો ખડખડાટ સંભળાયો ત્યારે જાલ અને કેટી પોતાના બેહદ સુખના સ્વપનામાંથી ઝબકી આસપાસની દુન્યાદારીનો કાંઇ વીચાર કરવા મંડ્યાં. બંને જણાં ઝટ દરવાજા ભણી દોડયાં.

ત્રણ જણાં ગાડીમાંથી ઉતરી બગીચામાં દાખલ થતાં હતાં--અદી, પીરોજબાઈ અને અબદુલ!

"કેમ, અદી?"

"જાલ! ડીયર બોય! બધું ખલાસ થયું. મારી મુસીબતનો છેડો આયો, કેટ."

"થેંક ગોડ!" જાલે એક નીસાસો નાખ્યો.

"જાલીયા—મારો જીવ તારેથી ને આય મારા બહાદુર અબદુલથી બચેલ્ડ પોલીસ કમીશનર આગળ અબઘડી અમે જઇ આયા———"

"પછી?"

"અબદુલે બધો મુદ્દો તેના હાથમાં આપ્યો—પેલી ચાનજીવાળી વીટી, ગુસ્તાદજીનો ફાટેલો ડગલો, પેલો પોસ્ટ કાર્ડ અને બેઉના લેખીત એકરાર આપ્યા કે મને મારા હાથ મચકડા લઇ અહીં આવવા દીધા—"

"આજે અગ્યાર વાગે માજીસ્ટ્રેટ આગળ કેસ આવશે ને અદેશર શેઠ સામેનું વારંટ ખેંચી લેવાશે. આપુને ત્રણ જણને પોલીસ કોર્ટમાં જવું પડશે, સાહેબ." અબદુલે ઉમેર્યું.

"પણ ગુસ્તાદજી ? તેને કાંહ મુકી આયા ?"

અદી ગમગીનીથી સહેજ મુછમાં હસ્યો, "ગુસ્તાદજી ? તે તો બીચારો છુટો !"

"છુટો !"

"હા—ખરેખર છુટો. જાલ-કેટી-આપુને ખુશી તો નહી થવું જોઇએ, પણ તોબી એક રીતે એ સારૂંજ થયું છ. ગુસ્તાદજીએ ઝેર પીને આપઘાત કીધો છ—!"

"બાઇ જાવ !"

"ગઇ રાતોરાત એણે પોતાનો એકરાર લખી કહાડ્યો ને પછી આજે સવારના એના બીછાના આગળ એને જોયોછ તો કાળો દણક મારી ગયલો. ઝેરની શીશી કેથી એણે સંતારી રાખેલી—પણ ટેક કેર, કેટી ! જાલ, એનો જીવ ફરેછ—એને પકડ——"

ખરેખર કેટીનું મોહ ઉજળું સપ મારી આવ્યું હતું અને લપેરા ખાતી હતી. તેણીને પોતાના હાથપર ઝીલી લઇ જાલ અંદર ચાલ્યો. લડરપદર કરતાં પીરોજબાઇનેબી બાજુમાંથી પકડી અબદુલ પુઠે ગયો. અદી વેહેલો અંદર હમાયજી તથા શીરીનને મળવા દોડ્યો.

મા દીકરા અને આશુકમાશુકના તે મેળાપનું વર્ણન—અરે !—ક્યાંથી થશે ? એકગમથી અડધું હસ્તાં જઇ બીચારાં હમાયજી પોતાના એકપુરા દીકરાને કોટી કરતાં હતાં અને

બીજી મેરથી શીરીન અદીને ગળે ટીંગાઇને હરખનાં આં
એરવતી હતી.

જાલ એક બાજુ કેટીની આગળ બેસી તેને પવન નાખ
હુશીયાર કરતો હતો, અને એક ખુણામાં પીરોજબાઇને કોલા
નવાટર સુંઘાડી ટટાર કરવાને સુનામાસી રોકાયલાં હતાં. અ
દુલ આવી વેળા બાહેર ઓટલાપરજ અદબવાળીને ઉભો રઈ
અમીના સાથ ઘુસ ઘુસ કરતો હતો.

અંતે કેટલેવારે જયારે સઉ કોઇના ઉશકેરાયલા જી
જરા સમાધાન થયા કે અદી શીરીનનો હાથ પોતાની બગલમ
લઇ તેણીને પીરોજબાઇ આગળ લઈ ગયો.

"શીરીન–આય તારાં માયને મળ. બસ હવે ગેઇ ગુજર
ભુલી જા, મારી જાની—એવણ બીચારાંએ કંઇ ઓછું સોસ્યુ
નથી. ઉઠો, પીરોજબાઇ–આય તમારી દીકરી શીરીનને કોટ
કરો."

પીરોજબઇએ બે હાથોમાં પોતાનું મોહડું ઢાંકયું. શીરી
તેવણના પગ આગળ ભટ કરતી ગુહણમંડીએ બેસી ગઇ અ
તેવણની ગરદન આસપાસ પોતાના હાથો વીંટાળી તેવણ
ચાંપીને કોટી કરી.

"શીરાં–માયજી!" અદી ગંભીર સાદે બોલ્યો, "મે
જાલ કેટીને તો કહયું–પણ તમુ લોકોને નથી કહયું. ગુસ્તા
જીએ ઝેર પીને અપઘાત કીધોજી."

"ઓ માય!"

"હા–ફાંસી જવાની નાલેશીમાંથી બચ્યો એ માટે ખુદાન
શુકરાના કરો. કેટી, તું શું કામ એટલી અકળાયછ? એ કાં
તારો વર ઉતોજ નહી–એ તો આગે પીરોજબાઇનો પરણેલે
ખાવીંદ ઉતો!"

એક નાની ચીસ પાડી શીરીન એ ડગલાં પાછળ હટી ગઈ—અને તેજ વેળા એક બુમ સમેત કેટી ઉઠીને ખડી બેઠી. જાલ ડોળા ફાડીને અદીગમ ગભરાટમાં જોવા પડયો.

"માઇ ગુડનેસ! તારૂં માથું ભમેછ, અદી? એ તું શું બોલેછ?—"

"હું સાચ્ચું બોલુંછ, જાલ. જો આએ લગનની સરટીફીકેટ. કેટી સાથ એ ગુસ્તાદજીએ લગન કીધાં તે એના પાપમાં એકનો ઉમેરો કીધો. કેટી, તારાં એ લગન ગણાયજ નહી—ગુસ્તાદજીથી જીવતી બૈરી કાયદાપુર્વક થઇ શંકજ નહી. આવ સરટીફીકેટપરથી તું જો કે તારી સાથ એ પણવા બેઠો તેની અગાઉનાં એનાં લગન અહમદનગરમાં પીરોજબાઇ સાથ થઇ ગયલાં ઉતાં."

થોડીક મીનીટ ઓરડામાં એક જાતની ભયંકર ચુપકીદી ફેલાઇ. અદીએ ઉપરાસાપરી આપેલી ખબરથી જાણે સઉ કાંઇ હેબતાઇ ગયું હતું. માથે હાથ દઇ જાલ વીચારમાં એમનો એમ થંભ થઇને બેઠેલો હતો. આખરે તે આસતેથી ઉઠીને ઉભો થયો અને અદી આગળ જઇ તેને શેકહેંડ કરી.

"અદી—મારાં જીગરથી હું તુને મુબારકબાદી આપુંછ. બેજનજી દાવરનાં વીલ પ્રમાણે કેટી છ મહીનામાં પરણેલી કહેવાય નહી તેથી બધી દોલતનો તું એકલો હકદાર વારસ છે. તુને તે મુબારક હો, મારા દોસ્ત——"

"ને હુંબી તુને ખરાં દીલથી 'કાનગ્રેચ્યુલેટ' કરૂંછ, અદી," કેટી પોતાના પીત્રાઇની નજદીક આવી તેના ડગલાનાં બટન સાથ રમતાં ખરેખર આગ્રહથી બોલી "મારી શીરાં ને તું ઘણાં સુખ જો જો ને—-"

"સબુર કેટ—સબુર જાલ!" અદી મુછમાં હસી બોલી

ઉડયો. "એમ મારી કુટીને તમે મને એ પૈસા પહેરાવવા માંગશો તે મને પચવાના નથી. જો સાંભળો—ગુસ્તાદજી પોતે પોતાના એકરારમાં સાફ લખી ગીયોછ કે એજનજી મામાએ વીલપર સહી કીધીનીજ નહી.'"

"હેં?—વોટ ડુ યુ મીન!"

"જાલ—સહી કરવા અગાઉ મામા ગુજરી ગીયા. ને આસપાસ કોઇ ઉતું નહી એટલે ગુસ્તાદજીએ તેપર તેવણનાં નામની ફારજરી કીધી. મામાની સહી આપુને ધ્રુજતી લાગી તેનું કારણ હવે સમજ પરેછ."

કેટીએ એક ઉંડો નીસાસો નાખ્યો, "ગરીબ બીચારા પપા! મેં તેવણુને કેટલો ગેરઇનસાફ કીધો!"

અદીએ કેટીનો હાથ પોતાના હાથમાં લઇ એક ભાઇના ખરાં હેતથી પોતાની આંખમાં ચાપ્યો.

"કેટી—મારી વહાલી બેહન," તે ગલગલતા સાદે બોલ્યો, "તારી જોડે મેં આટલી નાલાયક ચાલ ચલાવી તે છતાં તેં મારી સાથ કેટલી ભલાઇ કીધી! અરે, તારો ઉપકાર હું કેમ ભુલશ ખોદા તુને સુખી રાખે, કેટી!—જાલ, આય હીરા જેવી મારી બેહનને હવે તું સુખી કર—સુખી થવાનો એને હક છે. એના બાપનો હકદાર પૈસો એને મુબારક! આવ જાલ,—મારી જીંદગી બચાવનાર ભાઇ! મને કોટી કર—અદી હવે બદલાઇ ગયલો માણસ છે.'

અદી જ્યારે આમ બોલતો હતો ત્યારે તેની આંખ્યોમાં પાણી ભરાઇ આવ્યાં હતાં. બચીત આગલો તુંદ મીજાજી મગરૂર ડા૦ અદી તદન ફેરવાઇ ગયલો એક આદમી બન્યો હતો. તેનાં મ્હોંડાપરજ હવે નરમાસ, નમનતાઇ પ્રગટી નીકળી હતી. જાલે સેહેજ હસીને ખરાં વહાલથી તેને કોટી કરી—

"હવે ગઇ ગુજરી ભુલી જવાની, અદી," તે ધીમેથી બોલ્યો, "જીવપર જોરાવરી ખલાસ થઇછ. પણ ખરા—મારો અબદુલ કાંહ છે? અબદુલ—અબદુલ!"

"જી સાહેબ!"

અબદુલ બાહેર ઓટલા પરથી આવીને પોતાના શેઠની સામે ઉભો. જાલે તેનો એક હાથ પકડયો અને બીજે હાથે તેનો બરડો ઠોકયો.

"શાબાશ, મારા અબદુલ શાબાશ! તેં તારા શેઠનું નીમક હલાલ કીધું. તારા વગર અમે લોક શું કરતે—અમારૂં શું થતે? તારી સેવાનો બદલો અમારેથી બરાબર કેમ અપાશે! પણ જો અબદુલ, મારી કેટીએ સહવારના મને એક ખુશાની ખબર તારે વાસ્તે કેહીછ–તુ એ પોતાની એસટેટોનો વડો મેનેજર બનાવવા માંગેછ—મહીને દાહડે તુને ત્રણસો રૂપીઆ પગાર મળશે તું એ ઓધ્ધો કબુલ રાખેછ?"

અબદુલ અદબવાળી નીચું ડોકું કરી મુંગોજ ઉભો હતો.

"બોલ અબદુલ, મારી નોકરીમાં તું રહેશે કેની?" કેટીએ પાછું પુછયું.

"મારા જાલ શેઠની નોકરી સીવાય બીજે કેથે હું જવા નથી માગતો, બાઇ," અબદુલે આસ્તેથી જવાબ દીધો.

અદી હસી પડયો.

"અરે ઘેલા—જાલની અને કેટીની ચાકરી બધું હવે એકનું એક થશે. પણ લે ચાલ તું એ મોટી જગાપર જાયછ તેની ખુશાલીમાં હું તુને એક નાહની પ્રેઝંટ આપવા માંગુછ. લે શીરીન તારે હાથે આય ઘડીયાળ છેરો તું મારા જીવના ઉગારનાર સાચ્ચા અબદુલને આપ."

તે અદીનું સોનાનું મોઘું દાટ ઘડીઆળ અને ભારી

સોનાનો છેડો હતો. શીરીને હસ્તે મોહડે તે અદીના હાથમાંથી લઇ અબદુલને આપ્યો. અબદુલના હાથ ઉપકાર અને ખુશાલીથી ઠરઠર ધ્રુજતા હતા. તે માત્ર બએ હાથે નમીને સલામ કરી શકયો.

"ને આય મારી તરફથી તુને ભેટ છે," કેટી અબદુલના આંગળાંમાં એક કીમતી જબરદસ્ત મોટા હીરાની વીટી પહેરાવતાં બોલી, "તારી વફાદાર ચાકરી જોતાં એ કંઇ નથી."

પ્રકરણ ૫૪ મું.

કીસ્સો તમામ !

ઉપલા બનાવને છ મહીના ગબડી ગયા છે—આંખના પલકારામાં જાણે સુખશાંતીમાં ગબડી ગયા છે—અને આજે સાંજે "ગુલાબવાડી" એકકી વેળા સામટાં ત્રણ લગનોની ધામધુમથી ગાજી રહી છે. જાલ અને કેટીને પાસે પાસે બેસી ગંભીર ચીતે મોબેદોના આશીરવાદ સાંભળતાં જો—અદી અને શીરીનને લગનની ક્રીયાથી ધણીધણીઆણી બનતાં જો—પેલી ગમ બગીચામાં એક માંડવા તળે અબદુલ અને અમીનાની શાદી એક કાઝીને હાથ થતી જો ! પરવરદેગાર તેમને હસતાં રમતાં સંસાર જીંદગીમાં સુખી રાખે—એ તારાં જીગરનું આજે ચાહવું હશે.

હા—આજે પરણતાં જવાન જીવોના મોંહડાંપર અનંત સુખનો છાપ છે. જાલ અને અદી એ બેઉએ તે દહાડે પારસી ધરમખાતાંમાં મોટી રકમ સખાવતમાં આપી છે.

આવતી કાલે જાલ અને કેટી હનીમુન ગુજારવા મહાબલેશવર જનાર છે અને અદી તથા શીરીને માથેરાંન બંગલો લીધો છે. અમીના ને અબદુલ તો હમાયજી તથા સુનામાસી આગળ



એ મારાં વાહલાંઓથી રજા લેતાં મારી કલમ અટકે છે—પણ ખેર! (જુઓ સફા ૪૯૧ મો).

'ગુલાબવાડી'ની પડોશનીજ પોતાની બંગલીમાં રહેવાનાં છે. આ બંગલી રૂપીઆ આઠ હજારે વેચાતી લઇ કેટીએ પોતાની માનીતી દાસીને રીતમાં બક્ષેશ આપી છે.

* * * *

ઓ વાંચનાર !

મારી 'જીવપર જોરાવરી' પુરી થઇ છે. આશા છે કે એ પુરી કરતાં તને પોતાને જીવપર જોરાવરી તો નહીંજ કરવી પડી હશે. જો વીચાર કર—મારી આ વાર્તાના ક્યાં પાત્રે જીવપર જોરાવરી નથી કરી? કેટલાંકોએ પોતાની રાજી ખુશીથી—કેટલાં-કોએ બીજાંની જોર જબરીથી—પોતાના જીવપર જોરાવરી થવા દીધી છે. તે સઘળાં દાસ્તાનમાંથી તું ધીરજ સાથ છેડે સુધી ચાલી આવ્યો તે માટે તારો ઉપકાર માનું છું. "પ્યારનાં બીજનો" ને હદમાં રાખી મારી નાકેશ શક્તી મુજબ મેં અહીં જવાન અને વૃદ્ધ "કેરેકટરો" ચીતારવાની પેરવી કરી છે— તેમાં કેટલો ફાવ્યો છું તે તો તારો જીવ જાણે! એક સરાસરી જવાન પારસી નાર આજે **કેવી છે** તે મેં શીરીન ગાંધીમાં તને દેખાડ્યું છે. અને મારા વીચાર મુજબ એક નવજવાન પારસી બાનું **કેવી હોવી જોઇયે** તે મેં મારી "ideal" કેટી દાવરમાં દરશાવવાનો યત્ન કર્યો છે.

એ મારાં વહાલાંઓથી રજા લેતાં મારી કલમ અડે છે—પણ ખેર !

સમાપ્ત.